ધર્મરત્નનાં અજવાળાં

'ચિત્રભાનુ'

[મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજી મ. ના
ધર્મરત્ન પ્રકરણ વિષેના
પ્રવચનો

મુકુન્દ શાસ્ત્રી
આનંદનિવાસ

: [illegible] :

[illegible]

[illegible]

[illegible]

[illegible] :

[illegible]

[illegible]

તિમિર ભેદતો પ્રકાશ

[પ્રાક્કથન]

જગજાણીતા ચિંતક અને આધ્યાત્મવેત્તા મુનિરાજ શ્રી ચંદ્રપ્રભસાગરજી એમની સાહિત્યિક સૌરભથી હવે અમારા વાચકોને ચિરપરિચિત છે શ્રી જીવન-મણિ સદ્વાચનમાળા પોતાનાં ૭ વર્ષ પૂરાં કરે છે પ્રત્યેક વર્ષ તેઓશ્રીની એક એકને ચઢે તેવી કૃતિઓથી પુનિત થયેલ છે અમને તે વિષે આનંદ અને મદ છે આનાથી વધુ સદ્ભાગ્ય કયું !

સમર્થ મુનિપુંગવે પોતાનાં બન્ને ચાતુર્માસ મોહમયી મુંબઈ નગરીમાં કર્યાં અને પોતાના વાણી-પ્રકાશથી મોહમયીના મોહ-તમને દૂર કરવા યથાશક્ય પ્રયાસ કર્યો. પોતપોતાની યોગ્યતા પ્રમાણે સહુએ એમનાં વ્યાખ્યાનોનો લાભ લીધો ને પોતપોતાની યોગ્યતા પ્રમાણે એ તેજ ઝીલ્યું. અનેરા ધર્મ-ઉત્સવના એ દિવસો !

એ અમર વાણી પ્રકાશ જેમ હતા અને છે તેમ—અંધારા આકાશમાં સહુ વાસ્તે માટે ચમકતો વેરી, ભાગ્યશાળી કો વ્યક્તિને પ્રકાશનો પંથ આપી અનંતમાં વિલીન થઈ જાય. પણ એ વેરાતા પ્રકાશને પોતાની કલમ-પેટીમાં સંગ્રહિત કરી, તેજમંજૂષા (પેટી) તૈયાર કરનાર સદ્ભાગ્યે એક છીપી લાવી ગયો. એ છીપી તે આ ગ્રંથના સંપાદક—સંશોધક શ્રી. જમુભાઈ દાણી !

શ્રી. દાણીભાઈએ આજન્મ જહેમત લઈ ને કોઈ નાગરાજના દીપની જેમ અને કોઈ ચંદ્રના પ્રકાશ સમી વહેતી મુનિરાજશ્રીની વાણી-સુધાને દિવસો સુધી ઝીલીને અભ્યાસ કરી ને પરિણામે આ ગ્રંથનો જન્મ થયો.

પૂ. મુનિરાજશ્રીના તો અમે સદાના ઋણી છીએ પણ આ ધર્મકાર્ય અનન્ય સહાયક શ્રી. દાણીભાઈના પણ ખાસ આભારી છીએ.

વાચકો આ વ્યાખ્યાનોમાં નાહે અને જીવન-તિમિરને દૂર કરે એ જ આશા રાખીએ છીએ.

અજવાળાંની આરાધના

[સંપાદકીય]

પ્રકૃતિના જે મધુર અને મનોહર પ્રભાતે, આકાશના પૂર્વ ખૂણેથી સુવર્ણની પાંદડીઓ વેરતી અને સ્મિતથી અજવાળાં પાથરતી ઉષા ધરતી પરથી બધે ફરી રહી હોય, સરિતાનાં નિર્મળ નીર આનંદ કરતાં વહી રહ્યાં હોય, અને જે વનરાજિઓથી પક્ષિઓનો મધુર ગુંજારવ ધ્વનિ પુલકિત કરી દેતો હોય અને ભાવથી ભરેલ આ હૈયાની સ્વર્ગીય, સુગંધિત પુષ્પો જેવા પરિમલથી અંતરમાં ઊતરી જઈ અનેરો આહ્લાદ જગવી, મીઠી સ્મૃતિથી હૈયું ભરી દે અને અંતરમાં ચેતનનો નવ સંચાર જગવી [illegible]-જેવું મોહક રસ-ભરપૂર, મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજીના પ્રથમ દર્શન-પરિચયે મેં અનુભવ્યું સ્મૃતિની એ આછી રેખાઓ અંતરમાં ઊંડી જડાઈ ગઈ અને થયું કે આ છે તો કોઈ આધ્યાત્મિક આત્મા, આત્માના ભક્ત, પ્રતિભાના પ્રતિભા, અમારા મુનિરાજ

પાંચ છ વર્ષ પહેલાંનો એ પ્રસંગ છે. જૈનોના મંદિરમય મધુ-પુરીનગરનું ધામ, પાલીતાણાનો સમય હતો. ગાડી ઊતરી છાપરામાં બેસી આગળ ચાલ્યાં પ્રવેશ્યા. એક સામાન્ય દેખાતા મકાનમાં પગ મૂક્યા. ઉપર ચઢી ગયો જોયું તો જૈન સાધુની મધ્યમાં પ્રાતઃકાળમાં પડ-ચાલતી બેઠી હતી. અમને જોઈ, અમારી આંખ એ ત્યાં ઉપર ઊતરી અને આનંદ થયું. એમના મોં હતા, ત્યાં જ વખત જોતાં આમંત્રણ આપ્યા સ્વાગત પણ પ્રેમપૂર્વક ઉમળકે કરતા મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજી

અને બીજા હતા યૌવનકાળ અને અપ્રમત્ત આચારી શ્રી મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજી

પ્રથમ મુનિશ્રીએ દેવાનું હેત વહાવી અમારું આતિથ્ય કર્યું. બીજા મુનિશ્રીએ જ્ઞાનની મીઠી ગોઠડીમાં અમને રમી લીધાં. સાધુતાનો એમનો સ્વાદ ક્યાં આદરથી સ્નેહભીની આત્મીયતા ! આદર્શ સદ્ભાવ ! અમારો આત્મા પ્રસન્ન અને પુલકિત બની ગયો. અનૌપચારિક પરિચયની એ પ્રથમ પળોમાં, હસતી અને સાધુતાની ઠીક ઠીક ગાઢતા ને મૂકતા અમને સ્પર્શી ગઈ સાધુજીવનની ધન્યતાની અમે ત્યારે મધુર અનુભૂતિ પામ્યાં.

પછી તો વિશ્વો બાદ અમે જાણ્યું કે સાધુની એ બેઠકી એટલે સંસારીઓના જિજ્ઞાસુ અને સાધુઓના મુમુક્ષુઓ ! ભાવનો રાગ તજી બેઠેલાએ ત્યાગનો પંથ સ્વીકાર્યો. સંસારની સગવડો તજી સાધુતાએ હૈયાને રમી લીધું. એકે ધર્મક્રિયાની આરાધના આદરી બીજાએ જ્ઞાન પૂજાની પરબડી માંડી. બે રીતની જેની એ સુખવાદી ધર્મસાધના ! પ્રેમ અને પ્રકાશનો કેવો રૈણી, સુભગ અને વિરલ મુમેળ ! સંસારનાં સ્વજનો આમ ધર્મપથે અધ્યાત્મયાત્રા આદરે એ કેવું રમણીય ને મસ્તીભર્યું સ્વપ્નચિત્ર છે !

પ્રથમ ભાવનગર અને પછી ગુજરાતના પાટનગર અમદાવાદને ધર્મધ્યાનનો રંગ લગાડી મુનિશ્રી મુંબઈ પધાર્યા. ૧૯૬૬ના મે માસમાં હું એમને મળી આવ્યો. ચિત્તપ્રસન્નતાની ભારે તાજી નિવૃત્તિ બાદ હું કાર્યની શાંત પ્રવૃત્તિમાં વિહરતો હતો. મેં સાંભળ્યું કે મુનિશ્રી ચાતુર્માસ કરવા નમિનાથજીના દેરાસરમાં પધારવાના છે અને પ્રવચનો આપવાના છે. સાંભળીને મને અતિ આનંદ થયો.

એ સમે હું ખૂબ ત્યાં જવા લાગ્યો. સંવત ૨ ૧૬ના ચાતુર્માસ પ્રવચન—વ્યાખ્યાન માટે, ઘણા શ્રાવકોએ વર્ષ જૂનો એવો એક મંચ—ધર્મસ્થાનક પસંદ કરવામાં આવ્યો હતો. પ્રતિક્રમણ પછી, પ્રાર્થના અને મૈત્રીભાવના બાદ, મુનિશ્રી પ્રવચન આપતા અને વિશાળ સમુદાય

ના વિચારો. જૈન અને જૈનેતર, સૌ એમાં સરખો રસ માણતા. પ્રવચન બાદ હું જોતો કે શ્રોતાઓનાં અંતરમાં કેટલાં અજવાળાં, એમની આંખે અને મુખે આછી આછી ઝબકી જતાં.

એમના જ્ઞાન-અનુભવના પ્રતાપે, મારે માટે આ પ્રથમ પ્રસંગ હતો. અને પ્રવચનમાં અપૂર્વ આનંદ આવવા લાગ્યો. વહેતી-જતી રેલ મુજબ, પ્રવચનમાંના કોઈ વિચારો તો કોઈ દૃષ્ટાંતો કોઈ અવતરણો તો કોઈ અનુભવ કથનો, હું મારે માટે નોંધતો ને આનંદ લેતો. ક્યારેક મારા મિત્રો અને મુનિશ્રીના ભક્તો એ નોંધ જોતા અને વાંચીને આનંદ વ્યક્ત કરતા. કેટલાકોએ સૂચન કર્યું કે જેઓ પ્રવચનમાં આવી શકતા નથી, એવા જિજ્ઞાસુઓને પણ લાભ મળે એ માટે તમે પ્રવચનોની પૂરી નોંધ લ્યો તો? ક્યારેક છપાવી પણ શકાય. અને તો આમાં મારા નિત્ય શ્રવણનો સદુપયોગ થશે અને મારી પૂરી પામવાની ઈચ્છામાં વધારો મેં સ્વીકાર્યું.

આમાં નહિ ટૂંકલિપિમાં લખી લેવાની આવડત, કે નહિ લંબલિપિમાં ઝડપથી લખવાની શક્તિ! છતાં, અધૂરું રહ્યું તે અધૂરું સમજાયું તો ય ન થયું અને આમ શ્રોતાની નોંધોની મદદથી જાતે રોજનાં પ્રવચનો આખરે મેં તૈયાર કરવા માંડ્યાં, પણ આ કામ ઉકેલ કેમ ન રહ્યો. અને ક્યાં મુનિશ્રીનું ધ્યાન અને જ્ઞાન, ક્યાં એમની પ્રાસાદિક વાણી, ક્યાં એમના વિચારોનું ઓજસ, ક્યાં એમનાં દૃષ્ટાંતોની રસિકતા—અને ક્યાં મારી ટપકી કલમ!

શ્રી વાચકો કે મુનિશ્રીના વિચારોને ન્યાય મળશે ખરો? અલબત્ત હોમ કાજે મેં મારા પ્રયત્નો મેં એમને આપ્યાં. જ્ઞાનીઓ તો અલ્પાક્ષરને નહિ, પણ આ રસના અર્થને જ જુએ જેવા હોય છે ને! મુનિશ્રીએ પણ ઉદારદિલે એમાં, કાંઈ નહિ તો આ કાર્ય જોઈ ને સિંચનને અને સંમતિ આપી. એમનાં આ પ્રોત્સાહન અને સંમતિ બદલ હું અને શ્રોતા-વર્ગ ખૂબ જ આભારી છીએ.

પ્રત્યેક ચાતુર્માસે જૈનેતરોમાં યે ધર્મમન્થનું વાચન, ભાવિક માનવોમાં અને મહાજન ભાઈઓમાં ભક્તિની પુનર્જાગૃતિ જગવી જાય છે અને જીવનમાં આવતાં તેને, નવસર્જનીથી ભરી દે છે પણ મુનિશ્રીના પ્રભાવશાળી પ્રવચન–વ્યાખ્યાનમાં કંઈક વિશિષ્ટતા અને ચમત્કારી સુગંધ હતી. વર્ષો પહેલાંના આ મનનમાંના વિચારો આજે અને ભાવનાને એમણે નવયુગની ભાષા, નવનિરીક્ષણ, નવીન વિચારધારાની રજૂઆત તથા કલ્પનાની કાવ્યમય શૈલીથી રજૂ કર્યા. એ પ્રાચીન મંત્રને, એમનાં પ્રવચનોએ નવયુગના નવજીવનની એક સુગંધ બનાવી દીધી, ધર્મભાવનાને સર્વાંગી જીવનમાં મૂર્તિમંત કરવાની તમન્ના અને ઝંખના શ્રોતાજનોમાં જગવી દીધી.

ધર્મસ્નાન પ્રાર્થનાના આ મંત્રને, એના મર્મને મુનિશ્રીએ નવો સર્વધર્મ સમભાવ સભર અને ચેતનવંતો બનાવી, વ્યક્ત અને જીવંત કરી દીધો. એમનાં એ પ્રવચનોમાં સર્વધર્મ સમભાવ ભાવ છે. માનવ માત્ર પ્રત્યેની સ્નેહભરી કરુણા છે. ભાષામાં ભાવવાહી મધ્યમ માર્ગની સુવાસ છે. અને સરળ શૈલીની તાજગીભરી છે. એમના ઉપદેશમાં નવનીતની કોમળતા છે. એમના વ્યાખ્યાનોમાં વેધકતાની ઝીણવટ છે. શ્રોતાવર્ગને, વાચકવર્ગને એમની આ કૃતિઓ સ્પર્શી જાય છે કેમકે તેમાં ધર્મ જીવનની ઝંખના પ્રગટાવે છે.

મુનિશ્રી પોતે પ્રવચનના સાથે મનોવૈજ્ઞાનિક પણ ત્યાગી છે. આ શ્રોતાવર્ગને કેમ, ક્યારે કેવું અને ક્યાંથી પણ એની સુરખ એમને છે એટલે, ક્યારેક રમૂજ કરાવી, ક્યારેક કલ્પનાઓથી ક્યારેક મધુર દૃષ્ટાંતથી તો ક્યારેક ઊર્મિભરી પણ અમૂલ્ય ઉક્તિથી, ક્યારેક મર્મભરી વાતે તો ક્યારેક વ્યાખ્યાને, ક્યારેક સાહિત્યની ચાતુરીભરી વાતોમાં તો ક્યારેક તત્ત્વની મોતીમાં, ક્યારે જીવનની કસોટીમાં ધ્યાન કરાવી–રમાડીને તો ક્યારેક અંતરના ઊંડાણમાં ડોકિયું કરાવીને સૌને એ ધર્મસ્નાનસરિતામાં ઝીલાવે છે અને ધર્મના અને જીવનના અંતરના પાઠો સરળતાથી ભણાવે છે

આત્મીયતાની ભાવનાથી સૌને આનંદમસ્ત કરી દે છે.

સ્વામીજીનો આ ગ્રંથ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપનું રુચિકર અને પ્રેરક આલેખન જ માત્ર નથી કરતો. પણ એમાં બતાવેલ એકવીસ ગુણ-સોપાનના સોપાન અને સમ્યક્ દર્શનથી ધર્મ જાણવી માટે એ આચારની એક ગ્રંથ પ્રકારે છે.

સમ્યગ્ દર્શન જણાવે છે કે જે સાચો ધર્મ છે તે તેમાંનતીના પ્રત્યેક આચારમાં વિચાર, વાણી અને વર્તનમાં પ્રતિબિંબિત થાય છે. ધર્મ એ કોઈ વાંચવાનો કે બોલવાનો વિષય નથી. પણ એ તો જીવનના આચારની આરાધના છે. સમ્યગ્ પ્રત્યેક સોપાન, છઠ્ઠાનું વિશિષ્ટ અને વિશદ તથા સરળ-આત્મલક્ષી સ્વરૂપ બતાવે છે અને ધર્મતત્ત્વથી સુશોભિત મંગળ મંદિર પ્રત્યેના પ્રવાસની કરેલ આલેખની નવી ભાવ અને જ્ઞાના પ્રભાવે છે. તેમાં આનંદમાં પાથરે છે.

આજે જ્યારે માનવસમાજમાં ભૌતિક સુખાકાંક્ષા ત્યાગી વિમાર્ગે વળી રહ્યો છે ત્યારે તેને સુપથમાં વાળવાની આશા બે મંગળ ઉપર અવલંબે છે. એક છે ધર્મોપદેશકોની અને બીજી છે જિજ્ઞાસુઓની.

સમ્રુતિઓનો વિચાર, અનુભવથી જણાય છે કે માનવસમાજને પ્રગતિનું માર્ગદર્શન અને નવપ્રેરણા આપવાનું કામ આજ સુધી ધર્મે અને ધર્મોપદેશકોએ તથા ચિંતકો અને આત્મમુમુક્ષુઓએ કર્યું છે અને એમ કરી માનવની પ્રગતિમાં પ્રોત્સાહન પૂર્યું છે. આજના વિજ્ઞાનયુગમાં એ બે મંગળનો આ વિષય પણ બની ગયો છે.

ભક્તિની ધર્મ આપણું વિશ્વ આજે અભૂતપૂર્વ રીતે વિકસી રહ્યું છે. આજનો નવો ધર્મ માત્ર મંદિરોમાં ને મૂર્તિપૂજામાં, પૂજા-પાઠમાં અને ક્રિયાકાંડોમાં, કથાઓમાં અને વ્યાખ્યાનોમાં, વાચનમાં અને શ્રવણમાં પૂર્ણ થઈ જતો નથી. જૂના કાળમાં આવતો મંદિર ધર્મ પામી આવતા. આજે હવે કામ મંદિરોએ અને સાધુઓએ ધર્મની એ મંગળમય ભાવનાને, માનવીને કામ માટે પ્રોત્સાહન આપવાની રીતે, માનવસમાજને

વિવિધ ક્ષેત્રે પ્રયોગો ધર્મના વહેણને વહેતા રાખવા પડશે. આ તો આ કાળધર્મ છે આપદ્ધર્મ છે

મુનિશ્રીના સ્વાધ્યાય અને રસપૂર્ણ પુસ્તકોએ એક અતિ વિશાળ વાચકવર્ગ ઊભો કર્યો છે એમાં નવ-દસ વર્ષમાં એમણે ગુજરાતના ખૂણેખૂણામાં મંગળપ્રવચનોની પ્રેમપ્રસાદી ધરી ગુજરાતી સાહિત્યને અને ધર્મભાવનાના સાહિત્યને સુસમૃદ્ધ બનાવ્યું છે

જીવનના વિવિધ પ્રશ્નપુષ્પોનો પરિમલ પામતું સૌરભ ધર્મધનના મર્મોમાં દૃષ્ટિ દેતું ભવનું ભાતું ... ને માનવી સુખમાં પોતાનાઓને યાદ કરતું હવે તો જાગો ! માનવી માનવી આગળ ઊભી બનાવતું કલ્પદીપ જીવાત્માને પરમાત્માના દર્શન કરાવતું 'બિંદુમાં સિંધુ' વિચારરત્નોથી દેવને કરતું 'પ્રેરણાની પરબ' અને ઊર્ધ્વસ્પર્શી વિચારધારાથી ભરેલું જીવનમાં રસ — એમના આ સપ્તકની નામાવલિમાં આ નવા મણકો ઉમેરો આ ધર્મકર્મનું એક મંગલાષ્ટક પૂરું થાય છે

અને ત્યારે પ્રભુ ! મુનિશ્રી ! મોટેરાને આપે ઘણું આપ્યું છે અને ઘણાંના દેવનિ કર્યાં છે પણ હવે આપણા દેશની ભાવિ આશા સમા બાળકોને અને યુવક-યુવતીઓને સંસ્કારપોષક અને સદાચારપ્રેરક સ્વાધ્યાયસાહિત્ય આપ નહીં આપો ! એમના દેવા ને કાજ, શું આપના સર્જનસાહિત્ય વગર ખાલી રહેશે ! ભાવનાભરી એ ભાવિ... વળી, હું આપની પાસે આ નવા મંગળ શુભ દિને આ વાંચ્છના નાખું છું

અને, આ ત્યાગની આ આરાધનાના અંતરમાં એવા હાર્દિક આભાર-ઉદ્ગારો પ્રેરણાની પરબનાં પાણી પીને મંત્રમુગ્ધ અનુભવતા વિશાળ વાચકસમુદાયના પ્રેમાદરથી મુનિશ્રીના પ્રેરક અને પ્રભાવક પ્રવચનોનો મારી અપૂર્ણતાને કારણે કાજ અધૂરો, પણ મુનિશ્રીના પ્રાણ-પ્રવચનોથી અધૂરો અનેરો આ ગ્રંથ સંપૂર્ણ કરતાં મારો આત્મા પુલકિત થાય છે આવી મંગળ કૃતિઓનો અધિકારી હું છું એમાંની સુંદરતાનો અને મૈત્રતાનો યશ મુનિશ્રીને છે. ભાષાંતરની જે વિચાર-પ્રવચનમાં એમણે ઉપદેશ્યું તેને જરાક લાગીને હું એમાં જ મ

છું કે મુનિશ્રીના ધર્મજ્ઞાનભંડારમાંથી શોધી કરીને પાવાનું જ મળે તો આમાં પુસ્તક દીધું છે અને એની વિશદ ને ધન્ય તક માટે ઉપકૃત છું

એવલ છે કે મનુષ્યજાત જ્યોતિ અંધકાર ભર્યો હેલ છે માનવજાતિના ઇતિહાસમાં આ? આ અંધકાર જીવનનાં સર્વ ક્ષેત્રે કેમ રીતે પ્રસરી રહ્યો છે આજે જ્યારે માનવીની આંખ આગળના રસમાં ખૂંચી રહી છે જ્યારે મન ભરકતામાં ભટકાતું નાશકારી શોધો રચ્યું છે જ્યારે હૈયામાં હેતનું પાવનકારી ઝરણું સુકાઈ રહ્યું છે જ્યારે માનવીની માનવતા પરવારી રહી છે જ્યારે જ્ઞાનની જડતા અને અહંતાનો અહમ્, આદમના અવળાનેમ ઝૂખી રહ્યો છે જ્યારે માનવી વામણો ને ત્યાગમણો બની, શાંતિ સમાધિતા અને સ્નેહની વાતો તરછોડી રહ્યો છે જ્યારે વિજ્ઞાનસંશોધનના નિષ્ણાતો માનવ-જાતને મરવાના પ્રશ્નો સારે આવી ઊભા છે ત્યારે—ધર્મનું આ કલ્યાણકારી અને સર્જનકારી ઝરણું જ માનવીનું એક આશ્વાસન રહ્યું છે અંધારામાં અટવાતા માનવીને ધર્મના માર્ગમાં જ નવચેતના અર્પી શકે એમ છે સહારા સવાયમાં સજ્જનની સુરક્ષા રાખવી શકે એમ છે આજનું જગત આવા ધર્મશ્રદ્ધાને, પ્રેમધર્મના સંનિષ્ઠ-ને ઝંખે છે આજના સંતો ઉપદેશકો, ચિંતકો અને જિજ્ઞાસુઓને આ? અનાથ અનેક માનવઆત્માની આ એક હાક આજનું છે

ધર્મતત્ત્વની પ્રાપ્તિ માટે સાધના અને આરાધના આવશ્યક છે એને દેવે બતાવ્યો આપેલ પ્રદીપ પ્રગટ્યો છે અને જ્યાં ભક્તિના સ્નેહનું સિંચન છે તે ગ્રંથ ધર્મજિજ્ઞાસુને આજથી ધર્મતત્ત્વનો, તત્ત્વપિપાસુને જ્ઞાનતત્ત્વનો તો અન્યને જીવનનાં કર્મ કર્મ જાણવાની વાસ્તે એની અને ભાવ છે આ ગ્રંથની પ્રાકૃતિક સત ધર્મજનને એક આદર્શની સિદ્ધિ પ્રતિ, ધર્મ મંદિર પ્રતિ વળે ત્યાં એ જ ભક્તિભરી, સ્નેહભરી મારી આરાધના છે

કાર્તિક પ્રતિપદા ૨ ૧૯ —ચતુરભાઈ શાહ
તા. નવે. ૧૧



[ગુટી કરેલાં પ્રકરણો ૨૧ આગુણ દામને છે]



અને ત્યાગના ધામ જેવા છે તે ભગવાન શ્રી મહાવીર સ્વામીને કરવામાં આવ્યું છે

જીવનમાં નમ્રતા અત્યંત આવશ્યક છે બીજું જેવું જેનું હૃદય ન હોય તે દુનિયાને બીજી એવી નરમ નહિ બનાવી શકે

નમ્રતા અને વિનય માણસમાં ન આવે તો એનો સંસાર બગડી જાય છે તમારાં ઘરોમાં માતા પિતા પ્રત્યે અને કુટુંબની વ્યક્તિઓ પ્રત્યે જો આ નમ્રતા હશે તો જીવનમાં ધર્મ ધીરે ધીરે આવતો જાય છે

પણ આપણે યાદ રાખવાનું છે કે—સંસારમાં તો "નમન નમનમેં ફેર હૈ, બહુત નમે નાદાન." એવો ઘાટ ઘડાયેલો છે તમારી પાસેથી જે માણસ કાંઈક પડાવવા માગતો હશે, જે ઈજારદાર હશે, એ વધુ નમતો—ભમતો રહેશે. એવા લોકોથી ચેતજો. જ્યારે કોઈ તમને વધુ પડતું માન આપે અને સત્કાર કરે ત્યારે જોજો કે એની પાછળ એનો સ્વાર્થ તો નથી ને?

સ્વાર્થની ભાવનાથી કરેલું નમન એ નમન નથી પણ વ્યાપાર છે

આ પ્રકરણના લેખકનું નમન તો ત્યાગીને છે; ગુણોના ધામને છે; હજારો વર્ષ પહેલાં પાવાપુરી અને રાજગૃહીમાં વિહરેલી ચેતનાને છે જે ચેતનાની પાવન પગલીની ધૂળ પણ ધન્ય છે પ્રભુ શ્રી મહાવીરની ચરણરજમાં આજે પણ એવી શક્તિ છે કે હૃદયમાં ગુણોનું સ્થાન કરાવી શકે આપના

પલકારમાં જીવનની અનુભૂતિ કરાવી શકે

જે મહા વિભૂતિ કાળપ્રવાહને તરી ગઈ છે જે ગુણોનો ભંડાર છે એવા ભગવાન શ્રી મહાવીર પ્રભુને લેખકનું નમન છે આવા નમનમાં પણ એક જાતનો આત્મિક ભાવ જરૂરી છે

આ ગ્રંથમા આત્માનો અમૂલ્ય ખજાનો છે આ ખજાનાના સાચા સ્વામી એટલે ભગવાન મહાવીર.

એમની પાસે વૈભવ હતો બધુ પુત્રી અને પત્ની સર્વસ્વ હતુ છતા એમને એ બધુ નશ્વર લાગ્યુ

નશ્વર વસ્તુ આત્માની તૃષા છિપાવી શકતી નથી આત્માની તૃષા કોઈ દુન્યવી વસ્તુથી સંતોષાતી નથી એમને અમૃતતત્ત્વની પિપાસા લાગી હતી, આથી બધુ છોડીને એમણે ત્યાગનો માર્ગ લીધો.

આત્માની તૃષા એ ધન અને સત્તાની તૃષા નથી પણ આત્મિક શાન્તિ – પરમપદની તૃષા છે એ કોઈ ભૌતિક વસ્તુથી શાંત થાય ?

એમણે આના ખાતર સાડા બાર વર્ષ સુધી અડોલ તપશ્ચર્યા આદરી, ઘોર ઉપસર્ગોને હસતા મુખે સહન કર્યા અને અંતે એમણે શુ મેળવ્યુ ? રત્નનો ખજાનો; શાશ્વત ખજાનો.

આનંદઘનજીએ પણ આ કહ્યુ છે કે હુ જે પ્રાપ્ત કરવા માગુ છુ તે જીવનનુ અમૃત છે. મે જગતમાં

વિષના કટોરા પી લીધા છે હવે આત્માની તૃષા છિપાવવા માટે મારે અમૃત ધ્યાનના પ્યાલા પીવા છે

ચેતનાની આ શક્તિ છે એ, કણને સુમેરુ સુધી વધારી શકે અને સુમેરુને એક કણમાં સમાવી શકે, પણ તે શરીર નહિ ચેતના શરીર અને ચેતના બે જુદાં છે ચેતના જાય એટલે શરીર ખોળિયું માત્ર બની જાય છે આ ચેતના એટલે આનંદઘન.

આપણા બધાની અંદર પણ એ જ ચેતના છે એને ધ્યાનદ્વારા જાગૃત કરવાનો છે પોઢેલાને જગાડવાનો છે

આપણે આ ગુણ-રત્નો જાણવા અને પામવા ટેક રાખવી પડશે. સમય કાઢી આ ધર્મ-રત્નના વાચન અને સમજણની પાછળ સમય ખર્ચો પછી તો જ આ ગ્રંથનાં સૂત્રોમાં શી અમીધારા ભરી છે એ તમે જાણી શકશો.

સમય પ્રમાણે ઉપદેશની રીત, તર્કો દલીલો બદલાઈ શકે પણ મૂળસૂત્રો કાંઈ બદલાતાં નથી કેટલાક કહે છે કે એ સૂત્રો જૂનાં છે અમારે તો નવી જાગતી-જીવતી વાતો જોઈએ. પણ એ લોકો જાણતા નથી કે આ સૂત્રો પચીસસો વર્ષે તો શું પણ ભલે લાખ વર્ષે પણ એની ચિનગારીથી પ્રેરણા આપનારાં રહેવાનાં

આ રત્નો જેઓ મેળવવા માગે છે તેમને માટેનાં છે જેને આ ઉપદેશની જરૂર છે તેને જ એ આપવામાં આવે છે

આત્માના વિકાસ માટે આપણે જ્યાં ધર્મની ધારા વહેતી હોય ત્યાં જવાનુ છે એ માણસ રત્નો માટે જ એ છે એ જ એની કિંમત કરી શકે છે બાકી તો એને જરૂર નથી એવાને એ દેવા જઈએ તો આની કિંમત એને કોડીની લાગશે. માટે ધર્મ-રત્ન' અધિકારીને અને યોગ્ય હોય તેને જ અપાય; ગમે તેને નહિ.

આપણે એવા અધિકારી થવાનુ છે આ ધર્મને રત્નોની ઉપમા આપી છે કારણ ઉપમા હંમેશા શ્રેષ્ઠની જ હોય. વિશ્વની બધી વસ્તુઓમા રત્ન જેમ કિંમતી છે તેમ ધર્મ નવ રત્નોથી પણ કિંમતી છે આ શ્રેષ્ઠ ધર્મને સમજવા આપણે દૃષ્ટિ કેળવવાની છે એના અધિકારી બનવાનુ છે તો જ આપણે એ ધર્મરત્નને પામી શકીશુ આ ધર્મ-રત્ન પામવા કઈ કયા સામગ્રી?

૩૦-૧-૧

ધર્મકથા

શાસ્ત્રમાં રાજકથા ભક્તકથા દેશકથા અને સ્ત્રીકથા આ ચાર જાતની કથાને વિકથા કહેવામાં આવી છે

સ્ત્રીકથામાં પ્રત્યેક માણસને રસ પડે છે વૃદ્ધ અને યુવાન સૌ સ્ત્રીકથામાં મગ્ન બને છે ભોજનકથામાં પણ માનવ-સમાજ જીવનનો ઘણો સમય વેડફી નાખે છે

અને આ જ પ્રમાણે દેશકથા અને રાજકથા પણ માનવ જાતમાં એટલી જ પ્રચલિત થઈ રહી છે વેગવાન બની રહી છે જ્યા સુધી પૃથ્વી ઉપર માનવી છે અને તેનો સંસાર છે ત્યા સુધી સંસારમા રાગદ્વેષ તો રહેવાના અને તેના પ્રતીક રૂપે રાજ્યો પણ રહેવાનાં.

રાજકથા અતિ પ્રાચીનકાળથી ચાલી આવે છે જે માણસને કંઈ નથી આવડતુ એ પણ જગતની અને રાજકારણની સમીક્ષા કરવા બેસી જાય છે એ જ રીતે એ દેશકથાની (જુદા જુદા દેશના રીતરિવાજ વગેરે અંગે ની વાર્તા) પાછળ પણ મનને લગાડીને, માણસ પોતાનો સમય વેડફી રહ્યો છે, ભવપાર જીવનની ચિંતા ભૂલવા પ્રયત્ન કરી રહ્યો છે

પણ આ બધું જીવનને શું સહાય થવાનું છે?

આજે માણસને પોતે હોવું છે તેની જ ઓળખાણ સહી નથી, માટે તો એને ધર્મકથાની જરૂર છે એનાથી માણસને પોતાના આત્માની ઓળખાણ થશે

આજે માનવી આત્માને સમજતો નથી એટલે પોતે શું ગુમાવી રહ્યો છે એનું એને ભાન નથી અને દુન્યવી-ક્ષણિક સુખોની પાછળ ઉતાવળી દોટ મૂકી રહ્યો છે

આજનો માનવી અજ્ઞાન દશામા રહેલા બાળક જેવો છે પોતાના પિતા પાસે લાખોની સંપત્તિ છે એ ન જાણનાર નાદાન બાળક જેમ એના રક્ષક પાસેથી એક રૂપિયો મળતાં સંતોષ માને એવી કરુણ દશા માનવાની છે જગતના સંસારી સુખો પાછળ એ આત્મિક સંપત્તિ લૂંટાવી રહ્યા છે પૌદ્ગલિક ભૌતિક સુખોના મોહમા એ જીવનનુ સર્વસ્વ ગુમાવી રહ્યા છે

માટે જ્ઞાનીઓએ કહ્યુ છે કે માનવી! તું તારી જાતને ઓળખ તારી સંપત્તિને ઓળખ જોતાં અને શોધતા આવડે તો આત્માનો આ ખજાનો અણમોલ છે અમૂલો છે રાગ-દ્વેષ અને જગતની જંજાળથી જે મુક્ત હોય છે તેને જ આવું આત્મિક-સાચું સુખ મળે છે આ રીતે જોતા વિષય-કષાયમુક્ત સાધુને જે સુખ હોય છે તે ચક્રવર્તી રાજાને પણ નથી હોતું આત્માની સ્વભાવ દશામા જે સુખ છે એનો અંશ પણ દુન્યવી સુખમા નથી એ આપણે સમજી લેવું જોઈએ.

લૌકિક સુખના પરિસ્થિતિમાંથી માત્ર સુખ હોય છે તેથી જ તે સાચો સુખી બની શકે છે. માણસ જ્યારે એના જીવનમાં પ્રવેશેલા રાગના ક્રિયામાંથી મુક્ત બને છે લોક–વ્યવહારમાંથી અલિપ્ત બને છે ત્યારે એને આત્મા અને પરમાત્માના મિલનના આનંદની ઝાંખી થાય છે અને ખરી શાન્તિની અનુભૂતિ થાય છે

પ્રભુના સ્મરણમાં જ્યારે માનવી પોતાના ચિત્તનો લય કરી શકે છે ત્યારે જ એને નૈસર્ગિક સુખનો આનંદ મળે છે બાકી તો આ જેને લોકો સુખ ગણીને લેવા દોડે છે એ સુખ નથી, ફક્ત સુખનો આભાસ માત્ર છે.

જગતના કોઈ સુખમાં જે આનંદ નથી, એ ધર્મ–કથામાં રહેલો છે ધર્મ–કથાથી આત્માનું કંચન અને એનો પ્રકાશ બહાર આવે છે જીવનમાં ભીંસે થાક ન લાગે એવું અમૃત તત્ત્વ આ ધર્મ–કથામાં રહેલું છે

આ માની વાતો એટલે સ્વ–રસની વાતો એનો આનંદ અલૌકિક છે અહંત જેમ જેમ પચાતું જાય છે તેમ તેમ ભીતરમાંથી વધુને વધુ સુગંધ પ્રગટે છે, તેમ આત્મા આવી ધર્મકથામાં—આ કથામાં લીન બને છે તેમ એના જીવનમાંથી સુવાસ પ્રગટ થવા માંડે છે વધવા માંડે છે

પણ આ ધર્મકથા કોને પીરસાય? જેને એમાં રસ હોય તેને જ તે આપી શકાય. આત્માનો અર્થી હોય તેનામાં જ આ વાતોની તમન્ના જાગે. અને એકવાર એનો રસ જામ્યો કે પછી એ વસ્તુને છોડે નહિ, એના વિના ચાલે નહિ.

માણસને ઘણાં પ્રિયજનો અને સ્વજનો હોય છે છતાં એનુ મૃત્યુ થતાં સૌ સગાં-વહાલાં એને સ્મશાન-ભૂમિમા મૂકી આવે છે અને ચિતા સળગાવતાંય પોતાનો હાથ દાઝી ન જાય એની કાળજી રાખે છે માનવ-જીવનની આ નિંદ્યતા તમે કદી વિચારી છે?

જેને માટે જેના શરીર માટે માણસ આટલી કાળજી રાખતો એ / સ્વજનના શરીરને પોતે જ ચિનગારી મૂકી જલાવી દે છે અને ત્યા જ એની સાથેનો સબધ પૂરો કરી નાખી નાખે છે આમ ? દેહ છેવટે તો આપણને છોડીને જવાનો છે તેને માટે જિંદગીભર પાપ કરવાના?

આપણી આ કાયા છે તે અશુચિની ભરેલી છે સમાર્ડ કોઠે તવી છે તથી તો તમે એની દુર્ગંધ ઢાકવા લાખો ફૂલોનો કચ્ચરઘાણ વાળી એનુ અત્તર કાઢી શરીરે લગાવો છો દેહનો આટલો મોહ! આટલી માયા!

માટે ભગવાને કહ્યું કે તું માત્ર તારા આત્માને સમજ, અરે તું જગત અને પરમાત્માને સમજી શકીશ. જગતમા વખોડવા લાયક કે વખાણવા લાયક કોઈ જ નથી વ તુ માત્ર પરિવર્તનશીલ છે પ્રાજ્ઞ માણસનુ તો કામ એ છે કે જોયા કરવું અને જાણવું कतृत्व नास्य भावानाम् साक्षित्व अवशिष्यत॥ અટલે ક આત્મા વસ્તુના કર્તા નહિ, પણ દ્રષ્ટા સાક્ષીરૂપ છ આ વાત સમજાય તો જ ધમકથા સાંભળીને ધમના પથ પર સમજણપૂર્વક આનંદ લઈ શકાય.

ધર્મનો આરાધક

આ અપાર એવો જે ભવ–સાગર છે એમાં સૌથી દુર્લભ મનુષ્યભવ છે મનુષ્ય–ભવ મેળવવો અત્યંત મુશ્કેલ છે આ મનુષ્યભવની સાધના શક્ય, તો જીવનમાં બધું શક્ય.

બાળક જન્મે છે ત્યારે એની જન્મોત્રીમાં સૌથી પ્રથમ એનું આયુષ્ય કેટલું છે તે જોવામાં આવે છે એ આયુષ્ય હોય તો જ સંસારની કીર્તિ ધન વગેરેની પ્રાપ્તિનો અર્થ છે

આપણા આ ભવરૂપી મહાસાગરની ગહનતા એવી છે કે મોટામાં મોટા તત્ત્વચિંતકો પણ એની પૂરી ગહનતા પામી શકતા નથી

ધનિકને દરિદ્રીનાં દુઃખોની કલ્પના આવી શકતી નથી, તેમ અજ્ઞાનીને આ માનવભવની મહત્તા સમજાતી નથી વસ્તુના દર્શન વગર એનું જ્ઞાન થવું ખૂબ જ મુશ્કેલ છે.

માનવ–જીવનની મહત્તા જ્ઞાની માનવી સમજી શકે છે પશુઓનું જીવન યાતનામય હોય છે પણ એની એ વ્યથા એ કોને વર્ણવી શકે ! પણ માણસને જ્યારે કોઈ ઘાવ તો પણ એ પોતાનું દુઃખ હળાવપૂર્વક વર્ણવવાનો.

પશુ મૂક બની સહન કરે છે માનવી ફરિયાદ કરી શકે છે દુઃખ દૂર કરી શકે છે માનવને આ કેવી સેજ છે? જીવનનું દર્શન કરવું હોય, માનવને સુખના જે સાધનો મળ્યા છે તેની મહત્તા સમજવી હોય તો આપણાં કરતાં જે ઊતરતી કક્ષામાં છે એવાં પશુઓનું જીવન જુઓ અને તમને આની ખાતરી થશે.

પણ આજ તો માણસ નીચે જવાને બદલે ઊંચે જ દૃષ્ટિ રાખે છે અને મનમાં બળ્યા કરે છે બીજાનું સુખ જોઈ એને બળતરા થાય છે પરિણામે જીવનમાં જે સુખ મળ્યું છે એને ભૂલી, જીવનને એ દુઃખનું ધામ બનાવી મૂકે છે

જિંદગી સુખમય બનાવવી છે કે દુઃખમય તેનો આધાર માનવીના પોતાની દૃષ્ટિ પર રહેલો છે વસ્તુમાં સુખ કે દુઃખ રહેલા નથી ? છે તે મનના ભાવમાં જ છે એક વસ્તુ એના મનને સુખ આપે છે અને તે એને પ્રિય બને છે બીજી એને દુઃખ આપે છે અને તે એને અપ્રિય ગણે છે ગઈ કાલે જે મિત્રની વાતો આનંદ આપતી હતી તે મિત્ર સાથે ઝઘડો થતાં આજે એના વાતોથી અંતરમાં ક્રોધની જ્વાળા ભભૂકવા માંડે છે આમાં તમે જોયો કે વસ્તુ બદલાની નથી, માનવીના મનનો એ પગના ભાવ જ બદલાય છે

જીવનના સુખ અને દુઃખ ક્યાં રહેલા છે તે વિચારો એ વસ્તુમાં નથી પણ એને માટે માનવીના મને રહેલા

ભાવોમાં રહેલ છે મન એ શાંત હોય અને વ્યવસ્થિત હોય તો ફૂલનું સૌંદર્ય જોઈ એની આંખમાં હર્ષનાં બે આંસુ આવી જાય છે, પણ મનમાં જ્યારે વિચાર ભરેલો હોય તો આનંદને સ્થાને એ જ વસ્તુથી શોક છવાઈ જાય છે

કેટલાક ઘણી વખત કહે છે કે 'હું મૂડમાં નથી.' એટલે કે એનું મન—જીવન—ત્યારે અવ્યવસ્થામાં છે એવા માનવીને સ્વસ્થતા ક્યાંથી હોય ! જેમ અંદરનું યંત્ર બરાબર હોય તો જ ઘડિયાળના કાંટા યોગ્ય સમય બતાવે છે એમ આપણા ચિત્તમાં પ્રસન્નતાની સપાટી હોય તો જ શાંતિ મળે.

જીવનમાં સુખ અને દુઃખ બેઉ આવવાનાં, બેઉને સત્કારો, આવકારો ! જીવનમાં સંયોગ અને વિયોગ બેઉ રહેવાનાં છે માટે મનને બેઉ સમયે યોગ્ય સ્થાનમાં રાખો.

દુનિયામાં એક પણ વ્યક્તિ એવી દેખાય છે કે જેને જીવનમાં માત્ર સુખ જ હોય છે? જીવનમાં બન્નેનું સ્થાન છે કેરીના મધુર રસની સામે કારેલાની કડવાશ જ વધુ આનંદ આપે છે વધુ પડતાં સુખોથી માણસ સડી જાય છે અને વધુ પડતાં માનવીએ માનેલાં દુઃખોથી નિચોવાઈ જાય છે સુકાઈ જાય છે એટલે બેઉને યોગ્ય સ્થાને રાખી, જીવન જીવવા પ્રયાસ કરો

મનુષ્યને ખરો આનંદ આપનાર તત્ત્વ એના અંતરમાં-એના આત્મામાં જ રહેલું છે મહાન ચિંતક ટૉલ્સ્ટૉયે કહેલું છે કે દુઃખ તો કેરીને પાકી એમાં મીઠો રસ પૂરનાર તાપના જેવું છે એ તાપથી જ કેરીમાં મીઠાશ પુરાય છે

એ જ પ્રમાણે સુખની સુખતા સમજવા માટે દુઃખના અનુભવની આવશ્યકતા છે કેરીની માફક આપણા જીવનના ખાટા રસને મીઠા કરવા માટે, દુઃખ પરિસહ સહાયક છે, સુખ અને દુઃખ બેઉ જીવનનાં પોષક તત્ત્વો છે માટે હારો નહિ, થાકી ન જાવ; હિંમતવાન બનો.

માનવીના જીવનમા સંપત્તિ અને વિપત્તિ બેઉનુ સરખુ સ્થાન છે ચોમાસા પછી શિયાળો અને તેની પછી ઉનાળો આવ્યા જ કરે છે કુદરતનો એ ક્રમ છે માનવીના જીવનમાં સીધી કડુતા નહિ તો ખાંડ ચઢાવેલી (સ્યુગરકોટેડ) કડુતા જરૂરી છે એકલી મીઠાશ તો જીવનને મારી નાખશે. મીઠાશનુ ખરુ મૂલ્ય સમજવા કડુતાનો અનુભવ આવશ્યક છે

કહેવાય છે કે સુખમા સોની સાભરે; દુઃખમા રામ. જિંદગીની સંધ્યા જ્યારે આવે છે જ્યારે વિપત્તિના ઓળા પથરાય છે ત્યારે અનંત શાંતિના ધામસમા પ્રભુ યાદ આવે છે આમ વિપત્તિ-દુઃખ જ પ્રભુનુ સ્મરણ કરાવે છે

દુનિયામાં સુખ કે દુઃખ કોઈ કાયમના બેસી રહેતા નથી જીવનરથના ચક્રનો એક ભાગ ઘડીમા નીચે જઈ ધૂળમા રગદોળાય છે અને એ પાછો ફરી ઉપર આવે છે જિંદગીનાં સુખ-દુઃખ આવા જ છે સુખ અને દુઃખ જીવનનાં બે અંગો છે જે સિક્કાની બેઉ બાજુ સલામત હોય છે તે જ ચલણી નાણુ બને છે માણસના જીવનમા સુખ અને દુઃખનુ આ સ્થાન છે. બેઉ પરિસ્થિતિમાં માણસે ધીર બનવાનુ છે સમતા કેળવવાની છે એમા જ એની મહત્તા છે

આજે દોલત પાછળ માણસ ગાંડો બન્યો છે પણ એ જાણતો નથી કે એ દોલત તો માણસના જીવનમાં રોનક લાવનાર છે દોલત આવે છે ત્યારે એ માણસને આગળ લાત મારી અક્કડાઈવાળો બનાવે છે અને માણસ છાતી કાઢી ચાલે છે પણ દોલત જાય છે ત્યારે બીજી લાત પાછળ વાગે છે અને એને બેવડ વાળી દે છે

આને માટે વૃક્ષનો દાખલો લ્યો આવા પ્રખર તાપમાં પણ ઝાડ લીલુંછમ કેમ રહે છે? કારણ... એનાં મૂળ ધરતીની શીતળતામાં રહેલાં છે માનવીના જીવનમાં પણ એ જ પ્રમાણે ઉપરથી જીવનની તપશ્ચર્યા અને અંતરના મૂળમાં ભક્તિની શીતળતા આવશ્યક છે આમ બને તો માનવ-જીવન સદાય લીલુંછમ રહે.

જ્યાં મનુષ્ય પોતાના જીવનને જ શાંતિ નથી આપી શકતો ત્યાં એ વિશ્વને શાંતિ કેમ આપી શકશે? આટલા માટે તો માનવીએ પોતાના જીવનની મહત્તા પહેલાં સમજવાની છે

માનવનું જીવન તો પૂણીને અને સૂતરને મળતું હોય છે પણ એના પ્રકારો ભિન્ન છે અને જુદા છે ઉપયોગ ન્યારા છે માનવીના એ જીવનનું દર્શન કરો તમે તમારે સ્થાને ઊભા રહીને તમારાથી નીચા છે તેમની તરફ કરુણા અને પ્રેમ વહાવો અને તમારાથી ઊંચે છે તેમને માટે સન્માન અને ભક્તિ દાખવો માનવ-જીવનનો આ એક સુંદર અધિકાર છે

ધર્મનો અધિકારી

અધિકાર આપણા આ સ્વાધ્યાયગ્રંથના વિચાર મૌલિક છે અને તેમાં માનવ-જીવનનુ રહસ્ય રહેલુ છે આ માનવ-જીવન એટલે કયુ જીવન? આપણે જીવીએ છીએ તે કે મહાપુરુષોએ જેનુ કથન કયુ છે તે?

આપણે આ ભેદ સમજવાનો છે આ ગ્રંથનુ વાચન શ્રવણ અને મનન આપણને મહાપુરુષોનાં જીવન અને આપણા સામાન્ય જીવન વચ્ચે શો ભેદ છે તે બતાવશે

સાચુ માનવ-જીવન મેળવવુ એ અત્યત દુર્લભ છે. તમે પ્રાણી અને માનવના જીવનની સરખામણી કરશો ત્યારે જ માનવ-જીવનની ઉચ્ચતા બરાબર જાણી શકશો

માણસ આજે પૈસાની દૃષ્ટિથી જ પોતાને સુખી માની રહ્યા છે પણ પાસે દશ લાખ રૂપિયા હોય અને આંખે આંધાપો હોય કે પગે લગડો હોય તો એનુ જીવન કેવુ મુશ્કેલ બની જાય છે! એટલે જોશો કે પૈસા કરતા નયન-વિહોણી દશા વધુ વસમી લાગે છે

જીવનમા પાંચે ઇંદ્રિયોની પટુતા મળવી દુર્લભ છે

એ સાથે આર્ય દેશે જન્મ મેળવવો એ પણ એટલું જ દુર્લભ છે

આર્ય સંસ્કૃતિમાં ઉછરેલો માણસ જ્યાં લોહીનો છાંટો જુએ ત્યાં જ એનું હૃદય દ્રવી ઊઠશે. કારણ? આર્યાવર્તની સંસ્કૃતિ અનુકંપામય છે અને તે એ વાતાવરણમાં ઉછર્યો છે પણ આ સંસ્કૃતિની ભાવનાનો જેને ખ્યાલ નથી તેજ પશ્ચિમની સંસ્કૃતિ પાછળ ગુમ થઈ ફરે છે બાકી તો આર્ય ભાવનાવાળો કહેશે કે અનાર્ય સંસ્કૃતિમાં ધનવાન થઈને જીવવું એના કરતાં આર્યભૂમિમાં નિર્ધન જ મરવું વધુ સારું છે

આવા આર્ય દેશનો માનવી ભલેને પોતાને નાસ્તિક કહેવડાવતો હશે, છતાં વખત આવ્યે એના મોંમાંથી પ્રભુનું નામ નીકળે છે; જૂના સંસ્કાર જાગે છે

એટલે આવો સુંદર આર્ય દેશ, એમાં ઉત્તમ કુળ અને વળી પંચેન્દ્રિયની પટુતા મળે તો જીવનની સાર્થકતાનું એ પ્રથમ પગથિયું ગણવું જોઈએ.

એક ન્યાયાધીશને ત્યાં ગોરું અને પુષ્પસમ બાળક જન્મ્યું જોવા આવનાર લોકો એનું મુખ જોઈ ખુશ થતા પણ ઉપરથી સુંદર લાગતું એ બાળક એનાં નીકળતાં આંખોમાં વિના અપંગ હતું એનાં આવાં બંધનોથી એનું જીવન નિરર્થક અને યાતનામય બની ગયું હતું આ દૃષ્ટિએ પંચેન્દ્રિયની સુંદરતા અત્યંત આવશ્યક ગણવામાં આવી છે આમ મનુષ્યજન્મ માટે

અને પૂર્ણ પાંચે ઈન્દ્રિયો એક શ્રેષ્ઠ મૂડી છે

પણ મનુષ્યને આ પાંચે ઈન્દ્રિયો સુંદર મળે એટલું જ બસ નથી, એના સદ્ઉપયોગ માટેની વિનય–વિવેકની દૃષ્ટિ પણ સાથે સાથે એટલી જ જરૂરી છે

આટલા માટે જ જ્ઞાની પુરુષોએ આપણને જણાવ્યું છે કે તમને મળેલાં સાધનોનો જેટલો સારો ઉપયોગ કરશો તેટલો તમારો સારો વિકાસ થશે; દુરુપયોગ કરશો તો એટલો તમારો વિનાશ થશે. આમ જીવનમાં વિવેક એ જ સાફળતાની સાચી ચાવી છે

સુંદર જોવુ સાંભળવુ બોલવુ વિચારવુ, અને સુકાર્યો કરવા એ જીવનનો મુખ્ય આશય છે પણ માણસ જ્યાં સુધી મૃત્યુનુ દર્શન નથી કરતો ત્યા સુધી આ બધાનો પૂરો ખ્યાલ એને નથી આવતો: અને પોતાનુ જીવન બેફામ રીતે વિતાવે છે; ન કરવાના કામો કરે છે

આપણે સમજીએ તો આ મૃત્યુ એક એવો દંડ છે કે જે ન નમનારને પણ નમાવે છે મૃત્યુ ન હોત તો માણસનુ જીવન કેવુ બેફામ બની જાત!

મૃત્યુના રહસ્યને જે સમજે છે તે તો વિચારી શકે કે આ જીવનમા કામવાસનાનુ સ્થાન પણ ઉંદર–બિલાડીના ખેલ જેવુ છે બિલાડી થોડીકવાર ઉંદરને રમવા–કૂદવા દે છે પણ છેવટે તો એનો પંજો એની ઉપર પડવાનો જ છે એવુ જ દૃષ્ટાંત આ કામવાસનાનુ છે શરૂઆતમાં કામ માણસને રમાડે છે પણ છેવટે એ જ કામ માણસને

હડપ કરી જાય છે

અજ્ઞાન માનવી ભમવા અને ભવથી કુટાય છે અને વડીલો કે ગુરુજન, કોઈના શબ્દોને સ માનતો નથી. આવા મસ્તકે એ જગતમાં ફરે છે આવા માણસનું મસ્તક ભલે થોડો વખત ઊંચું રહે, પણ એના જીવનનો અંત નીચો જ રહેવાનો છે

એક પ્રશ્ન આપણે અહીં વિચારવા જેવો છે દુનિયામાં મોટું કોણ ? માનવી કે એનો પડછાયો ?

માનવીએ એના પડછાયાને માફક આવે એવું જીવન જીવવાનું કે એની અંદરના ચેતનને ઓળખીને જીવવાનું ?

જીવનના આવા અણઉકેલ્યા કોયડાનો ઉત્તર મળવો જ કઠણ છે

માનવી અને પડછાયો એ બે જણા આ પ્રશ્નનો નિકાલ ન કરી શક્યા એટલે એક દેવનિર્મિત સત્ય મંદિર હતું ત્યાં ગયા. ત્યાં જઈ ને ઊભા રહ્યા અને હાથ જોડી કહેવા લાગ્યા દેવ ! તમે જ કહો કોણ મોટું ? માનવી કે એનો પડછાયો ? ”

ત્યાં અવાજ આવ્યો શાંત થાઓ, કોઈ આવે છે

માનવી અને પડછાયો એક ખૂણામાં છુપાઈ ગયા

એ વખતે એક ધનવાને પ્રવેશ કર્યો ને અતિ ખિન્નતાને બોલ્યો પૈસા હતા ત્યારે સૌ મારા સ્વજન બની આવેલા, આજે પૈસા રૂપી પડછાયો નથી એટલે સૌ મારાથી દૂર ભાગ્યાં ગયાં છે

વિચારો, જગતે કોને માન આપેલું ? માણસને કે એની સંપત્તિને–એના પડછાયાને ?

થોડી વારે એક સત્તાધીશ ત્યાં આવ્યો આજે એ સત્તાહીન છે નિવૃત્ત છે આવીને બબડવા લાગ્યો.

'મારા હાથમાં સત્તા હતી ત્યારે સૌ મારી આસપાસ વિંટળાતા ઝૂકી ઝૂકીને સલામો ભરતા આજે મારો એ સત્તાનો પડછાયો જતા, શું મારી કોઈ જ કિંમત નહિ ? જગત શું માણસને નહિ, એના પડછાયાને જ નમે છે ?'

જરા વાર પછી ત્યાં એક ધનિક આવ્યો ગઈ કાલે એને સૌ લખો કહેતા તે આજે ધનના કમળાથી લક્ષ્મીચંદભાઈ બની ગયો છે કારણ ? એની સાથે આ ? એના ધનનો પડછાયો છે અને લોકો તેની વાહ વાહ કરી રહ્યા છે એણે નમન કરી કહ્યું હે દેવવિહોણા મંદિરના દેવ ! તને વિનવું છું કે મારો સંપત્તિનો પડછાયો અમર રાખજે "

જગતમાં સર્વત્ર આમ બની રહ્યું છે માનવી એના આસન–સિંહાસનથી મોટો થઈ રહ્યો છે જ્યારે માણસ પોતાનું અંદરનું ખરું અસ્તિત્વ બતાવી નથી જીવતો ત્યારે આમ પડછાયો જ એના કરતા મોટો બની જાય છે

જીવનમાં જ્યારે માણસ કરતા એનો શણગાર વધી જાય છે ત્યારે શણગારના એ પડછાયામાં એ અલ્પાઈ જાય છે

આપણે સમજવાનું છે કે સાચી વસ્તુ તો માનવી છે,

પદાર્થો તો બાહ્ય વસ્તુ છે માણસને લઈને એ છે પણ આજે એનાથી ઊંધુ બની રહ્યું છે માણસ આવે એને લઈને છે એનાથી પૂજાય છે- પણ અ તે તો માનવીને મૂર્તિને એ વાસ્યો જ જાય છે

આપણા જીવનના બે વિભાગ છે એક બહારની દુનિયા, બીજી અંતરની દુનિયા. બહારનો ખજાનો ગમે તેટલો વધારે હોય છતા એથી સાચો આનંદ નહિ આવે એના અભાવથી લોકો ભલે અકારી, પણ જો તમારી અંતરનો ખજાના સમૃદ્ધ નહિ હોય તો તમને સુખ નહિ મળે. કોઈ આપણી પાસેથી ન પડાવી શકે એવી જે વસ્તુ છે તે આપણું જીવન, સ્વત છે- બહારનો ખજાનો નહિ

કારણ ? અંતરથી જે માનવી ખાલી હોય તો એ ભિખેન બનવાનો છે, એકાંતમાં એના વિચારે એ અકળાઈ જવાનો છ

ખાલી અંતર તો એક ખંડિયેર જેવું છે જેમાં ભયની ભૂતાવળો જ ભમતી હોય છે માટે માણસે એના

અંતરને સભર રાખવાનું છે પણ અંતરની એની આ સમૃદ્ધિને બતાવે એવી વ્યક્તિની એને જરૂર છે એવા વાચન અને મનનની એને જરૂર છે તો જ જીવનનો ખરો આનંદ આપનાર અંતરનો અનંત ખજાનો એ જોઈ શકે પામી શકે અને એનો આનંદ એ માણી શકે

આજે લોકો ભૂતકાળના જ ગુણ ગાયા કરે છે પણ એની સુંદર વાતોથી અને [illegible]

બેસી રહેવું એ તો વાસી ભોજન જેવું છે વર્તમાનનું જીવન જ એક ઉપયોગી બાબત છે પૂર્વજોના સદ્ગુણ જરૂર અપનાવો પણ એમની પાછળ ખોટી ઈજ્જત સાચવવા ખુવાર ન થાઓ

તમારી પાસેની વસ્તુઓ માગી લાવેલી હશે તો એની અર્ધી સમાજમાં જરૂર જવાની. જરૂરિયાતોને ઘટાડીને જીવનાર જેવો સાધવી, બીજો કોઈ નથી

સાધુ કોઈને કાંઈ દુન્યવી વસ્તુ આપી દેતા નથી, એટલું જ નહિ પણ કોઈનું કાંઈ લેતા નથી એના જેવી નિશ્ચિંતતાનું સુખ બીજે ક્યાય મળવાનું નથી.

આજે માનવીના મનને ક્યાય શાંતિ નથી સ્થિરતા નથી એના મન ઉપર ચિંતાની ચમટીઓ આંટા મારી જ કરતી હોય છે કારણ કે માણસ પોતે પોતાની અસ્મિતા ગુમાવી બેઠો છે અને એના કરતા એનો પડછાયો વધી જાય છે જ્યારે માણસ સ્વસ્થ અને સાવધાન નથી રહેતો ત્યારે એના જીવન કરતા એનો પડછાયો મહાન બની જાય છે

આમા ધર્મ જ એ એક એવી ચીજ છે જે માણસના પડછાયાને નિવારી માણસના ચૈતન્યને શાંત સૌમ્ય અને નિશ્ચિંત બનાવશે. જે માણસ પોતે ધર્મનું પાલન કરે છે તો એનું પાલન ધર્મ પણ કરે છે જ આવો માણસ સાચો ધર્મી છે અને તે સદા સુખી રહે છે બને છે

દૈહિક પોષણ માટે કરવો પડે તો પુરુષાર્થ જરૂર કરો પણ વૃત્તિ એવી રાખો કે મળે તો ઠીક છે, પણ ન

પકડાયો તો આ વસ્તુ છે માણસને લઈને એ છે પણ આજે એનાથી ઊંધુ બની રહ્યું છે માણસ આજે એને લઈને છે એનાથી પૂજાય છે પણ આ તો માનવીને મૂકીને એ ચાલ્યો જ જાય છે

આપણા જીવનના બે વિભાગ છે એક બહારની દુનિયા બીજી અંતરની દુનિયા બહારનો ખજાનો ગમે તેટલો વધારે કરો છતાં એથી સાચો આનંદ નહિ આવે એના બદલામાં લોકો નમશે પણ જો તમારી અંદરનો ખજાનો સમૃદ્ધ નહિ હોય તો તમને સુખ નહિ મળે કોઈ આપણી પાસેથી ન પડાવી શકે એવી જે વસ્તુ છે તે આપણું જીવન સ્વત્વ છે, બહારનો ખજાનો નહિ

કારણ ? અંદરથી જે માનવી ખાલી હશે તો એ દીન બનવાનો છે એકાંતમાં એના વિચારે એ અકળાઈ જવાનો છે

ખાલી અંતર તો એક ખંડિયેર જેવું છે જેમાં ભૂતની ભૂતાવળો જ ભમતી હોય છે માટે માણસે એના

અંતરને સભર રાખવાનું છે પણ અંતરની એની આ સમૃદ્ધિને બતાવે એવી વ્યક્તિની એને જરૂર છે એવા વાંચન અને મનનની એને જરૂર છે તો જ જીવનનો ખરો આનંદ આપનાર અંતરનો અનંત ખજાનો એ જોઈ શકે પામી શકે અને એનો આનંદ એ માણી શકે

આજે લોકો ભૂતકાળના જ ગુણ ગાયા કરે છે પણ એની સુંદર વાતોથી અને ર

બેસી રહેવું એ તો વાસી ભોજન જેવું છે વર્તમાનનું જીવન જ એક ઉપયોગી બાબત છે પૂર્વજોના સદ્ગુણ જરૂર અપનાવો, પણ એમની પાછળ ખોટી ઈજ્જત સાચવવા ખુવાર ન થાઓ.

તમારી પાસેની વસ્તુઓ માગી લાવેલી હશે તો એની ચર્ચા સમાજમાં જરૂર થવાની. જરૂરિયાતોને ઘટાડીને જીવનાર જેવો રાજવી બીજો કોઈ નથી

સાધુ કોઈને કાંઈ દુન્યવી વસ્તુ આપી દેતા નથી એટલું જ નહિ પણ કોઈનું કાંઈ લેતા નથી એના જેવી નિશ્ચિંતતાનું સુખ બીજે ક્યાંય મળવાનું નથી

આજે માનવીના મનને ક્યાંય શાંતિ નથી, સ્થિરતા નથી એના મન ઉપર ચિંતાની સમડીઓ આંટા માર્યા જ કરતી હોય છે કારણ કે માણસ પોતે પોતાની અસ્મિતા ગુમાવી બેઠો છે અને એના કરતા એનો પડછાયો વધી ગયો છે જ્યારે માણસ સ્વસ્થ અને સાવધાન નથી રહેતો ત્યારે એના જીવન કરતા એનો પડછાયો મહાન બની જાય છે

આમા ધર્મ જ એ એક એવી ચીજ છે જે માણસના પડછાયાને નિવારી માણસના ચૈતન્યને શાંત સૌમ્ય અને નિશ્ચિંત બનાવશે. જે માણસ પોતે ધર્મનું પાલન કરે છે તો એનું પાલન ધર્મ પણ કરે છે જ આવો માણસ સાચો ધર્મી છે અને તે સદા સુખી રહે છે બને છે

દૈહિક પોષણ માટે કરવો પડે તો પુરુષાર્થ જરૂર કરો પણ વૃત્તિ એવી રાખો કે મળે તો ઠીક છે, પણ ન

પચાવો તો આ વસ્તુ છે માણસને લઈને એ છે પણ આજે એનાથી ઊંધુ બની ગયું છે માણસ આજે એને લઈને છે એનાથી પૂજાય છે પણ જો તે માનવીને મૂકીને એ ચાલ્યો જ જાય છે.

આપણા જીવનના બે વિભાગ છે એક બહારની દુનિયા બીજી અંતરની દુનિયા. બહારનો ખજાનો ગમે તેટલો વધારે હોય છતાં એથી સાચો આનંદ નહિ આવે એના ભભકાથી લોકો અંજાશે પણ જો તમારો અંતરનો ખજાનો સમૃદ્ધ નહિ હોય તો તમને સુખ નહિ મળે. કોઈ આ તમારી પાસેથી ન પડાવી શકે એવી જે વસ્તુ છે તે આપણું જીવન સત્વ છે બહારનો ખજાનો નહિ.

કારણ ? અંતરથી જે માનવી ખાલી હશે તો એ દીન બનવાનો છે એકાંતમાં એના વિચારે એ અકળાઈ જવાનો છે

આખી અંતર તો એક ખંડિયેર જેવું છે જેમાં મનની ભૂતાવળો જ ભમતી હોય છે માટે માણસે એના અંતરને સભર રાખવાનું છે પણ અંતરની એની આ સમૃદ્ધિને બતાવે એવા વ્યક્તિની એને જરૂર છે એવા વાચન અને મનનની એને જરૂર છે તો જ જીવનનો ખરો આનંદ આપનાર અંતરનો અનંત ખજાનો એ જોઈ શકે પામી શકે અને એનો આનંદ એ માણી શકે

આજે લોકો ભૂતકાળના જ ગુણ ગાયા કરે છે પણ એની સુંદર વાતોથી અને સંસ્મરણોથી જ આશ્વાસન લઈને

ખીલા ઠોકાયા છતાં એમણે ક્રંદન ન કર્યું કે દુઃખનો એક શબ્દ પણ ન કાઢ્યો. એમણે તો પોતાના આત્માને શીખવ્યું કે પૂર્વ જન્મમાં તેં આના કાનમાં સીસું રેડાવ્યું તો આજ એ તારા કાનમાં ખીલા મારે છે; તો આજે તું એનું કર્મ ભોગવી લે. તેં એક વાર સુખ લીધું છે, હવે દુઃખ ભોગવી લે. સમતા રાખીને સહન કરી લે. આપણા માટે જીવનનો આ મહા પાઠ છે.

માણસ આજે સાધનોમાં સુખ માની એના મોહમાં ફસાયો છે. એટલે એનું જીવન શાંતિમય, સમાધિમય ક્યાંથી હોઈ શકે ? જીવનમાં ધર્મને સ્થિર રાખવા માટે તો મનને સ્થિર રાખવું જરૂરી છે.

માનવીમાં અંતરની ભૂમિકારૂપી પાયો જો સદ્ધર ન હોય તો એની ઉપર ધર્મનો પ્રાસાદ ક્યાંથી ટકવાનો છે ? જીવનનું આ સાચું સુખ કેમ મેળવવું એની દૃષ્ટિ આ 'ધર્મ-રત્ન પ્રકરણ' નામનો ગ્રંથ બતાવશે.

બહારના માગી લાવેલા સાધનો કેવી ફજેતી કરે છે તે પર મને એક દૃષ્ટાંત યાદ આવે છે.

એક રાજાએ પોતાના હજામને એક જરીભરેલી શાલ ભેટ આપેલી. એ જ ગામના એક માણસે એના પુત્રના વરઘોડા વખતે વરરાજાને ઓઢવા માટે હજામ પાસેથી એ માગી. પિતાએ હજામને કહ્યું કે કોઈને કહીશ નહિ કે મેં તારી પાસેથી આ માગેલી છે. પણ હજામથી મૂગા રહેવાય ?

મળે તો નરવશ અને પરવશ ન બનો.

જીવનમાં જેમ સાધનો વધારે, તેમ એનું દુઃખ પણ વધારે જ છે. સાધન ઘટાડો અને જુઓ કે શાંતિ પણ વધે છે ને! આ દૃષ્ટિ ન રાખે તો માણસના જીવનમાં એનું સાધન જ ક્યારેક બંધન બની જાય છે અને તેને ચિંતામાં ભયમાં મૂકી દે છે.

જીવનમાં દુઃખ ક્યાંથી આવે છે? ગમેતે સુખ આપુથી પણ આવી શકતું નથી. એટલા માટે તત્ત્વજ્ઞાનીઓએ જીવનમાં ઊંડા ઊતરીને આપણને નવું દર્શન આપ્યું છે અને તે એ કે દુઃખ આવે ત્યારે રડવાનો કોઈ અર્થ નથી. ત્યારે એટલું જ વિચારો કે એ ક્યાંથી અને કેવી રીતે આવ્યું? કોણે ઊભું કર્યું? અને વિચાર કરતા તમને જણાશે કે કલ્પેલા સુખમાંથી જ દુઃખનું સર્જન થાય છે. મળેલું સાધન ચાલ્યું જાય છે ત્યારે માણસને દુઃખ થાય છે. ક્ષણિક સુખના એ સાધનથી થોડો વખત આનંદ મળે છે પણ એના અભાવથી દુઃખની સંવેદના શરૂ થાય છે. જીવનની આ સમીની, સાધનોમાં માનેલા સુખની પાછળ છુપાયેલી છે અને આપણે એ સૂક્ષ્મ દૃષ્ટિથી જોવાનું છે, સમજવાનું છે.

જીવનમાં આવતા દુઃખો માટે બીજામાં દોષનું આરોપણ કરવાનો કશો અર્થ નથી, માણસ જ્યારે પોતાની અંદર જ દોષ શોધતો થશે ત્યારે એને પ્રકાશ મળી શકશે. ભગવાન મહાવીરે આપણને આ બતાવ્યું છે. તેમના કાનુ

ખીલા ઠોકાયા છતાં એમણે ક્રંદન ન કર્યું કે દુઃખનો એક શબ્દ પણ ન કાઢ્યો. એમણે તો પોતાના આત્માને શીખવ્યું કે પૂર્વ જન્મમાં તેં આના કાનમાં સીસું રેડાવ્યું તો આજ એ તારા કાનમાં ખીલા મારે છે તો આજ તું એનું ફળ ભોગવી લે. તેં એક વાર સુખ લીધું છે હવે દુઃખ ભોગવી લે સમતા રાખીને સહન કરી લે. આપણા માટે જીવનનો આ મહા પાઠ છે

માણસ આજે સાધનોમાં સુખ માની એના મોહમાં પડ્યો છે એટલે એનું જીવન શાંતિમય સમાધિમય ક્યાંથી હોઈ શકે ? જીવનમાં ધર્મને સ્થિર રાખવા માટે તો મનને સ્થિર રાખવું જરૂરી છે

માનવીમાં અંતરની ભૂમિકારૂપી પાયો જો સદ્ધર ન હોય તો એની ઉપર ધર્મનો પ્રાસાદ ક્યાંથી ટકવાનો છે ? જીવનનું આ સાચું સુખ કેમ મેળવવું એની દૃષ્ટિ આ ધર્મ-રત્ન પ્રકરણ નો ગ્રંથ બતાવશે.

બહારના માગી લાવેલા સાધનો કેવી હાલત કરે છે તે પર મને એક દૃષ્ટાંત યાદ આવે છે

એક રાજાએ પોતાના હજામને એક જરીભરેલી શાલ ભેટ આપેલી એ જ ગામના એક માણસે એના પુત્રના વરઘોડા વખતે વરરાજાને ઓઢાડવા માટે હજામ પાસેથી એ માગી. પેલાએ હજામને કહ્યું કે કોઈને કહીશ નહિ કે મેં તારી પાસેથી આ માગેલી છે પણ હજામથી મૂગા રહેવાય ?

મળે તો નિરાશ અને હતાશ ન બનો.

જીવનમાં જેમ સાધનો વધારે, તેમ એનું દુઃખ પણ વધારે જ છે. સાધન ઘટાડો અને જુઓ કે શાંતિ વધુ વધે છે ને! આ દૃષ્ટિએ જોઈએ તો માણસના જીવનમાં એનું સાધન જ ક્યારેક ખંજર બની જાય છે અને તેને ચિંતામાં ભયમાં મૂકી દે છે.

જીવનમાં દુઃખ ક્યાંથી આવે છે? અપેક્ષિત સુખ આપણી પાસે આવી શકતું નથી એટલા માટે તત્ત્વજ્ઞાનીઓએ જીવનમાં ઊંડા ઊતરીને આપણને નવું દર્શન આપ્યું છે અને તે એ કે દુઃખ આવે ત્યારે રડવાનો કોઈ અર્થ નથી. ત્યારે એટલું જ વિચારો કે એ ક્યાંથી અને કેવી રીતે આવ્યું? કોણે ઊભું કર્યું? અને વિચાર કરતાં તમને જણાશે કે કલ્પેલા સુખમાંથી જ દુઃખનું સર્જન થાય છે. મળેલું સાધન ચાલ્યું જાય છે ત્યારે માણસને દુઃખ થાય છે. કલ્પિત સુખના જે સાધનથી થોડો વખત આનંદ મળે છે પણ એના અભાવથી દુઃખની સંકલના શરૂ થાય છે. જીવનની આ ખૂબી, સાધનોમાં માનેલા સુખની પાછળ દુઃખ બેઠું છે અને આપણે એ સૂક્ષ્મ દૃષ્ટિથી જોવાનું છે, સમજવાનું છે.

જીવનમાં આવતાં દુઃખો માટે બીજાના દોષનું આરોપણ કરવાનો કશો અર્થ નથી. માણસ જ્યારે પોતાની અંદર જ દોષ શોધતો થશે ત્યારે એને પ્રકાશ મળી શકશે. ભગવાન મહાવીરે આપણને આ બતાવ્યું છે. તેમના મનમાં

બધી શક્તિ આપણા મનને ઉજ્જ્વળ બનાવવામાં વાપરવાની જરૂર છે

કોઈ માણસ જન્મથી મહાન હોતો નથી. પોતાના પુરુષાર્થથી એ મહાન બને છે અંતરનાં અજવાળા બહાર લાવવા માટે આપણે આ પ્રયાસ કરવાનો છે

મનુષ્ય માત્ર ટેવને આધીન છે જેવી સંગત–સોબત હોય છે એવી એની ઉપર અસર થાય છે જીવનનું જ્ઞાન મેળવવા આત્માની અનંત શક્તિ પામવા માટે પણ એવી ટેવ પાડવી જરૂરી છે એ ટેવની પાછળ માણસને જ્યારે ધૂન લાગે છે ત્યારે એને એમાં વિજય જરૂર મળી શકે છે

આપણે સ્પષ્ટતાથી સમજી લેવું ઘટે કે દેહથી આત્મા ભિન્ન છે દેહ અને આત્મામાં સામ્ય નથી. સુંદર નિમિત્ત મળતાં અંતરનાં દ્વાર ઉઘડી જાય છે પોતાના સાચા સ્વરૂપની એને પિછાન થાય છે અને તે જાણે છે કે પોતે જ શક્તિનો સ્વામી છે પછી એ પોતાની ઇન્દ્રિયોથી દોરાતો નથી, પણ ઇન્દ્રિયોને પોતે દોરે છે અપાર એવા આ ભવ સાગરમાં પોતાના આત્માની ખરી ઓળખાણ કરાવે એવો માનવ–જન્મ અત્યંત દુર્લભ છે માટે માણસે જીવનનું એ મૂલ્ય સમજવું જોઈએ.

ધર્મરૂપી રત્નથી જ માણસ આવો મહાન બની શકે છે પૈસા વગરનો ગરીબ તુચ્છ માણસ જેમ હીરા મોતી ખરીદી શકતો નથી તેમ ગુણ વગરનો નિર્ધન પણ ધર્મરૂપી રત્ન મેળવી શકતો નથી. જે આત્માની પાસે ગુણોની મૂડી

વિવેકનો, બળનો અને પુણ્યનો ઉદય કરી તે જ આ 'ધર્મ રત્ન'ને સમજી શકે છે.

દુનિયામાં પ્રકાશમય તત્ત્વ છે અને માણસ જ્યારે એ પ્રકાશમય તત્ત્વની શોધ કરવા ઇચ્છે છે ત્યારે તેની પાસે બુદ્ધિ, ગુણ અને પુણ્યનો વૈભવ આવશ્યક છે.

કહેવાય છે કે ચિંતામણિ રત્ન, બધા હીરાઓમાં સૌથી વધુ મૂલ્યવાન છે. એની પાસે બીજા બધા હીરા અને ઝવેરાત નકામાં છે. માનવ જીવનમાં ધર્મ રૂપી રત્નનું સ્થાન પણ અમૂલ્ય ચિંતામણિ રત્ન જેવું બતાવાનું છે.

દુનિયાની સામાન્ય વસ્તુની પ્રાપ્તિ માટે પણ જેમ ઇચ્છા અને સંકલ્પ–બળની જરૂર પડે છે, તેમ આ અમૂલ્ય ધર્મ–રત્ન પામવા માટે પણ ઇચ્છા–શક્તિ વાપરવાની જરૂર છે. ઇચ્છા અને સંકલ્પ બળ બેઉ સાથે ન વાપરો તો એકલી ઇચ્છા ફળશે નહિ, તમને વિજય મળશે નહિ.

દુનિયામાં માણસ જો આવી ઇચ્છા–શક્તિ કેળવે તો તેને કશું અપ્રાપ્ય રહેતું નથી, મણિ મળ્યા વગર રહેતું નથી. જેટલા પ્રમાણમાં આત્માની આ ઇચ્છા–શક્તિ પ્રબળ તેટલા પ્રમાણમાં એને સફળતા જરૂર મળશે. કારણ? આત્મા આવો શક્તિમાન છે. માણસ ધારે તો એના બળ વડે તીર્થંકર બની શકે છે.

પણ આ માટે પાત્રતા જોઈએ. હરકોઈને ચિંતામણિ રત્ન મળતું નથી. પણ એ

ઉતારવા ફેંકી દીધુ માનવજાતનો આ એક વર્ગ; પણ કેટલાક જયદેવ જેવા પણ હોય છે, જે સર્વસ્વનો ત્યાગ કરી આરાધના માટે છે અને ધર્મરત્ન પામે છે આપણે સૌએ મરવા જેવા નહિ, પણ જયદેવ જેવા થવાનુ છે જીવનમા એવી સાધના અને આરાધના કરીએ કે જેથી આ ધર્મ રત્નની પ્રાપ્તિ થાય અને માનવજીવન ધન્યતાપૂર્વક સાર્થક થઈ જાય

વિવેકનો બળનો અને પુરુષનો ભેદ કરી તે જ આ 'ધર્મ રત્ન' ને સમજી શકે છે

દુનિયામાં પ્રકાશમય તત્ત્વ છે અને માણસ જ્યારે એ પ્રકાશમય તત્ત્વની શોધ કરવા ઇચ્છે છે ત્યારે તેની પાસે બુદ્ધિ ગુણ અને પુરુષનો વૈભવ આવશ્યક છે

કહેવાય છે કે ચિંતામણિ રત્ન, બધા હીરાઓમાં સૌથી વધુ મૂલ્યવાન છે એની પાસે બીજા બધા હીરા અને ઝવેરાત નકામાં છે માનવ જીવનમાં ધર્મ રૂપી રત્નનું સ્થાન પણ અમૂલ્ય ચિંતામણિ રત્ન જેવું ગણવાનું છે

દુનિયાની સામાન્ય વસ્તુની પ્રાપ્તિ માટે પણ જેમ ઇચ્છા અને સંકલ્પ—બળની જરૂર પડે છે તેમ આ અમૂલ્ય ધર્મ—રત્ન પામવા માટે પણ ઇચ્છા—શક્તિ વાપરવાની જરૂર છે ઇચ્છા અને સંકલ્પ બળ બેઉ સાથે ન વાપરો તો એકલી ઇચ્છા ફળશે નહિ, તમને વિજય મળશે નહિ.

દુનિયામાં માણસ જે આવી ઇચ્છા—શક્તિ કેળવે તો તેને કશું અપ્રાપ્ય રહેતું નથી, મણિ મળ્યા વગર રહેતું નથી. જેટલા પ્રમાણમાં આત્માની આ ઇચ્છા—શક્તિ પ્રબળ તેટલા પ્રમાણમાં એને સફળતા જરૂર મળશે કારણ ? આત્મા આવો શક્તિમાન છે માણસ ધારે તો એના બળ વડે તીર્થંકર બની શકે છે

પણ આ માટે પાત્રતા જોઈએ. ભરવાડને ચિંતામણી રત્ન મળ્યું હતું પણ એનું મૂલ્ય એ ન સમજ્યો અને ધર્મ

[illegible]

[illegible] માનવજાતનો [illegible] પણ
[illegible]
[illegible] માટે [illegible]
[illegible] નહિ પણ [illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]

ગંભીરતા

જીવનમાં ધર્મ રૂપી રત્ન મેળવવા ઇચ્છનારે, એ મેળવવાની વૃત્તિ ઉપરાંત પોતાની શક્તિ અને યોગ્યતાનો પણ વિચાર કરવો જોઈએ. આધ્યાત્મિક જીવન માટે અલૌકિક મૂડીની જરૂર રહે છે જેની પાસે જીવનના આવા સદ્ગુણોની મૂડી ન હોય તે જો અધ્યાત્મ જીવનની વાતો કરે તો એ પોતાની જાતને તેમ જ સમાજને છેતરે છે

ધર્મી આત્માએ જીવનમાં ૨૧ ગુણો કેળવવા જોઈએ. ઘણા ખરા માણસો જીવનમાં વધારે તો કલ્પનામાં જ વિહરનારા હોય છે અને વાસ્તવિકતામાં તેઓ શૂન્ય હોય છે આવા કલ્પનાધારી માણસો આજે જીવનના ઉચ્ચ પાસાને નીચે પાડી રહ્યા છે

ધર્મ પાળનારો માણસ પ્રથમ તો અક્ષુદ્ર હોવો જોઈએ, એના જીવનમાં ગંભીરતા હોવી જોઈએ. જેના જીવનમાં, જેની બુદ્ધિમાં ઉતાવળિયાપણું હોય છે તે ધર્મનો પાલક નથી બની શકતો. માણસે પ્રથમ જીવનમાં પચાવવાની શક્તિ કેળવવાની જરૂર છે કેટલીક વાતો એવી હોય છે કે જે વિચારીને પછી જ બોલવી જોઈએ. સત્ય હોય છતાં

એને પચાવી પછી જ રજૂ કરાય. આપણી પાસેની વાતો આપણે વિચાર અને વિવેકના ગળણાથી ગાળી પછી જ બીજાને જણાવવાની છે

કેટલાક જણ પોતાને શંકરના ભક્ત કહેવડાવે છે પણ શંકર એટલે ? જે બીજાનુ શમ–ભલુ કરે છે તે શંકર. જે માણસ જીવનમાં ઝેર પચાવી શકે એ શંકરનો સાચો ભક્ત બની શકે એવે સદાય સમતા ધારણ કરવી જોઈએ. જે ઝેરને પચાવીને દુનિયાને અમૃત આપે છે તેનુ નામ શંકર. આપણે આપણી જાતને ભક્ત કહેવડાવતાં પહેલા એના ગુણો જીવનમા લાવવાની જરૂર છે

જીવનમા આપણે પાર વગરની કંઈ વાતો સાભળીએ છીએ, એટલે માણસે વિચાર કરી, જ્ઞાનથી જીવવાનુ છે

એકની એક દવા એક માટે અમૃત બને છે તો બીજા માટે ઝેર રૂપ થઈ પડે છે માટે સાંભળેલુ હોય તે ગળી જઈને પછી શબ્દોમા પ્રગટ કરવાનુ છે આ માટે જીવનમાં ગભીરતા જરૂરી છે ક્યારેક પરહિત ખાતર જાણ્યુ ન જાણ્યુ પણ કરવુ પડે છે

વાણી અને દૃષ્ટિની ગંભીરતા સાથે હૃદય સાગર જેવુ વિશાળ જોઈએ. દુનિયા ગોળ છે અને તેથી તમારી વાતો ફરી ફરીને પાછી તમારી પાસે આવશે. માટે બોલતા પહેલા વિચારવુ કે જે વાત કોઈને માટે કહુ છુ તે વાત કરવી કરતી તેને કાને જશે તો તે તેને કેવી લાગશે ? મારે માટે તે શુ ધારશે ? આમ જે વિચારીને વાણી ઉચ્ચારે છે તે

મહાન બની શકે છે.

કોઈ પણ શબ્દ, વગર વિચાર્યે બોલવો ન જોઈએ, નહિતર ક્યારેક એમાંથી કલહ જાગે. દરેક શબ્દ તમે કયા સંજોગોમાં, કયા રૂપમાં બોલો છો એના ઉપર પણ ઘણો આધાર રહે છે. તમારી પુત્રવધૂ માટે તમે એમ કહો કે "એ મોટા ઘરની છે" એટલે એ ખાનદાન કુટુંબની અને સદ્ગુણી છે એમ પણ અર્થ થાય અને એ શ્રમની ચોર છે એમ પણ અર્થ ઘટાવાય. પણ માણસ જો સમજણપૂર્વક વિચારે અને ઉચ્ચારે તો જીવનના આવા ઘણા કોયડા ઉકેલાઈ જાય.

ખરાબ વાત હોય તો તેને એવા સારા રૂપમાં મૂકવી જોઈએ કે જેથી કોઈને નુકસાન ન થાય, દુઃખ ન થાય. સત્ય બધું જ બોલી નાખવું એવી બાધા ન હોય. જૂઠું બોલવું નહિ એ બાધા વધુ જરૂરી છે. વાત કરતી વખતે જાણતા હોઈએ તે બધું સત્ય કહી દેવાની જરૂર નથી; એમાં સંયમ, વિનય અને વિવેક વાપરવો જોઈએ. અને જે બોલો તે મીઠું, સારું, સાચું અને બીજાને લાભદાયી હોવું જોઈએ.

જૂના કાળમાં રાજાઓ પાસે એને રોકનાર માત્ર દંડક જેવા ગુરુઓ અને મહાપુરુષો હતા. પણ પછી રાજાઓએ એ માર્ગદર્શન મેળવવાનું છોડ્યું. તેઓ પ્રભુતાની પરાકાષ્ઠાએ પહોંચ્યા અને તેમનું પતન થયું. આવા કાળના નવાબનો એક પ્રસંગ છે.

ખરેખર પાર્લમેન્ટનો એક સભ્ય ભારતીય સંસ્કૃતિનો

પરિચય સાધવા માટે અહીં આવેલો. એ નવાબના દરબારમાં ગયો. નવાબમાં ઝાઝી બુદ્ધિ ન હતી પણ એનો દુભાષિયો ભારે હોશિયાર હતો, કુશળ હતો

નવાબ તો એની ધૂનમા હતો પણ ભારતની આબરુ રાખવાનુ કામ પેલા દુભાષિયાના હાથમા હતુ પેલો નવાબ તો તમારે ત્યાં તમારો રાજા કેટલી રાણીઓ–બેગમો રાખે છે? એને છોકરાં કેટલાં છે?" એ પ્રશ્નો પૂછે પણ દુભાષિયો એને બદલે નવા જ પ્રશ્નો રજૂ કરે અને અતિથિને જ્ઞાનભર્યાં જવાબ આપે છે ભારતની પ્રશંસા વધારે છે આમ દુનિયાની ઊંધી વાતોને સીધી કરે તેનું નામ ડાહ્યો માણસ. જે માણસો બીજાને વાત કરતાં આગ ચાંપતા જાય તેવાઓ ધર્મના જીવન માટે લાયક નથી.

માટે જીવનનો પ્રથમ આવશ્યક ગુણ એટલે ગંભીરતા અને તેની કેળવણી. ઉતાવળા મનનો માણસ બોલીને પોતાને અને બીજાને નુકશાન કરે છે કોઈની વાત એની સંમતિ વગર બીજાને કહેવામા વિશ્વાસભંગ રહેલો છે જે માણસ કુટુંબમા સંસારમા અને જીવનમા આવી ગંભીરતા રાખીને વર્તે છે તે જ માનવતાને સોપાને ચઢી શકે છે

૪-૭-૧

ગંભીરતા દ્વારા આત્મદર્શન

ધર્મ પ્રાપ્તિના અધિકારી થવા માટે માણસમાં કેવા સદ્ગુણો હોવા જોઈએ એની આપણે ચર્ચા કરી ગયા છીએ. ધર્મ પોતે એક ઉદાત્ત વસ્તુ છે પણ એ જે માણસની પાસે આવે છે એ માણસ ગુણવાન ન હોય તો જગતને એ છેતરવા મંડી જાય છે. પોતાના જીવનની નબળાઈઓ છુપાવવા માણસ ધર્મની ઓથ લે છે. જે માણસ ધર્મનું નામ લઈ પોતાના દુર્ગુણોનો નાશ નથી કરતો એ માણસ ધર્મને નામે છલ સેવે છે; ધર્મને લજવે છે. એવા ઢોંગીઓ ધર્મને બદનામ કરે છે.

સોનાને જેમ પારખવું પડે છે તેમ માણસને ય ચકાસવાની જરૂર રહે છે. જે માણસ એના સોનાને કસોટી ઉપર ચઢાવવાની, એને કાપવાની કે તપાવવાની ના પાડે ત્યારે સમજવું કે એનું સોનું અશુદ્ધ હોવાનો સંભવ છે. સોનાની જેમ ધર્મી માણસમાં પણ ધર્મનો સાચો અંશ કેટલો છે તે જાણવા એવી કસોટી ક્યારેક કરવી પડે છે.

ધર્મ માણસને દેવ બનાવી શકે છે. એનામાં રહેલી પશુતામાંથી એ ધર્મથી જ દિવ્યતામાં આવે છે. — —

ધર્મ એના આખા જીવનમાં વ્યાપક બનવો જોઈએ.

ક્ષુદ્ર એટલે અગંભીર—એની સમાલોચના અવલોકન કે દૃષ્ટિબિંદુ છીછરાં છે જે માણસ જીવનના ઊંડાણમાં ઊતરતો નથી એને જીવનનું ખરું રહસ્ય સમજાતું નથી. ઘણા લોકો માત્ર ઉપર ઉપરથી જ પાણી ડહોળે છે પણ મોતી લાવવા માટે તો મરજીવાએ સાગરને તળિયે જવું પડે છે ગંભીરતા માણસની પાસે, જીવનનાં સાચા મૂલ્યોનું પાલન કરાવે છે એ ગંભીરતા ન હોય તો માણસ સત્તા અને ધનને ખાતર સત્યને અને પોતાની જાતનેય વેચવા તૈયાર થઈ જાય છે, ભૌતિક સુખ મેળવવા માટે એ જીવનનાં મૂલ્યોને વેડફી નાખે છે

આ ધર્મ બોલવા જેવો નહિ, પણ આચરવા જેવો છે કારણ કે ધર્મના બાહ્ય દેખાવો જીવનને તારી નહિ શકે માણસની આખ મૃત્યુ તરફ ઢળવા માંડે છે ત્યારે તેને આશ્વાસન આપી શકે એવું એક જ તત્ત્વ છે, અને તે ધર્મ

માણસની અંદરની સ્થિતિના હજી ફોટા લેવાતા નથી ત્યાં સુધી ઠીક છે કારણ કે આપણે બહારથી જેવા દેખાઈએ છીએ એના કરતા અંદરથી જુદા જ હોઈએ છીએ. માણસ જો સામાનું અંતર જોઈ શકતો હોત તો માણસ માણસનો દુશ્મન બની જાત. સારું છે કે હજી આવી શોધ થઈ નથી અને તેમાં જ જગતનું ક્ષેમ છે

ક્રોધ અને લોભ વગેરેના રંગો અને તેની અસી

અસરો લેશ્યાને નામે ભગવતી સૂત્રમાં બતાવી છે અને આધુનિક રીતે એ જ વાતને બિશપ લેડબીટર નામના એક અભ્યાસીએ ચિત્રોમાં બતાવેલ છે માણસના મનની અંદર જ્યારે લોભના વિચારો, સત્તાની સ્પૃહા હોય છે ત્યારે તેનાં આંગળાં મડદાંની માફક બની જાય છે આ બધી મનની લેશ્યાઓનો વિજ્ઞાનની સાથે અભ્યાસ કરવાની જરૂર છે

લોકોના જીવનમાંથી આજે નિષ્કામ ભાવના જ અદૃશ્ય થતી દેખાય છે માણસનાં જીવન સ્વાર્થમય બની ગયાં છે દંભમય બન્યાં છે એક જણ પિત્તળના કડા ઉપર સોનાનું ગિલેટ કરાવી સોનાના તરીકે વેચવા નીકળે છે તો બીજો, ચાંદીના માદળિયામાં ઉપર થી વરખ રાખી ચાંદીના ભાવે વેચવા નીકળે છે આ આજનો સંસાર છે

અને આવા અસત્યમય જીવન ગાળનાર માણસને જ્યારે સમાજમાં આગળ વધવાનું મન થાય છે ત્યારે તે ભક્ત બની શાંતિસ્નાત્ર કરાવવા સાધુ-મુનિ પાસે જાય છે આમ દુનિયાને આજે ખરું સત્ય ગમતું નથી. પણ જ્યાં સુધી સત્યનું દર્શન આપણને થાય નહિ ત્યાં સુધી આપણું કલ્યાણ થવાનું નથી

જીવનનું ખરું દર્શન ગંભીરતા વિના પ્રાપ્ત થઈ શકતું નથી. મસ્ત કવિ આનંદઘનજીની ભક્તિમાં એ તત્ત્વ હતું એ ભગવાનનાં ગીતો ગાતા અને એમની આંખોમાંથી અશ્રુધારાઓ વહેતી. એમને સાંભળનાર પણ ભક્તિમાં તલ્લીન થઈ જતા. જેમ દૂધને મીઠું બનાવવા માટે

સાકરના ગાંગડાએ ઓગળી જવું પડે છે તેમ ધર્મમાં પણ જ્યાં સુધી આપણે તન્મય થઈ ઓગળી ન જઈએ ત્યાં સુધી જીવનમાં મીઠાશ આવતી નથી.

આ યોગીરાજ શ્રી આનંદઘનજીને એમનાં આ ગીતો દ્વારા આત્માનું દર્શન થયેલું અને તેથી એ વિશ્વને ભૂલી જઈ એમાં મસ્ત બનતા એજ રીતે માણસ જ્યારે એના કામમાં મસ્ત બની જાય છે ત્યારે એનું ગીત સાંભળતાં સામા માણસની આંખોમાંથી આંસુ સરે છે પણ આજે પ્રભુના વિરહને કારણે કેટલાની આંખમાં આવાં આંસુ ઊભરાય છે? પ્રભુને વિરહે આજે કોઈ રડતું દેખાતું નથી. કવિએ બરાબર કહ્યું છે કે—

"સુખિયો સબ સંસાર, ખાવે ઔર સોવે,
દુખિયો તુલસીદાસ, જાગે ઔર રોવે."

તુલસીદાસને ભગવાનનાં દર્શન નથી થતાં અને એ રડે છે માનવી જ્યારે આમ ભગવાનમાં એકાકાર બને છે ત્યારે એના અંતરનો ઊંડો નાદ પોકારી ઊઠે છે પાણીમાં પાણી ભળતાં એ જેમ એકાકાર બને છે એમ માણસે પોતાના ચૈતન્યથી પ્રભુના ચૈતન્ય સંગે એકાકાર થવાનું છે દુનિયાને જ્યારે માણસ આમ ભૂલે ત્યારે જ આત્માનો આવિર્ભાવ થાય

ભગવાનને મળવા નીકળ્યા પછી સ્થળ અને સમયનાં બંધન શાં? એ બધાંને ભૂલીને માણસે એકાગ્રતા કેળવવાની છે જ્યારે સ્થળ-કાળ અને વસ્તુ (Space, Time and

Matter)ના પડદાઓ હટી જાય છે ત્યારે જ આત્મા અને પરમાત્માનું આવું મિલન થાય છે

ભગવાનને મળવું એટલે પોતાનાં સ્વજનોનો સમાગમ આત્માને પિગળાવી આંસુ સરાવે છે પ્રભુ કરતાં વધુ આત્મીય આ જગતમાં આપણું બીજું કોણ છે? દુનિયા જ્યારે આપણાં આંસુની ટીકા કરશે, એની તરફ હસશે ત્યારે અંતરનો પ્રભુ એક જ એ રુદનને સમજશે અને શાંતિ આપશે.

જ્યારે માણસ પોતાના અહમને ભૂલી જાય છે અને આત્મામાં તલ્લીન થાય છે ત્યારે જ એને આત્માનંદ મળે છે અકબરે એક વાર હરિદાસને એના દરબારમાં બોલાવ્યા. હરિદાસે પણ ત્યાં એના દિલના મસ્ત સૂરો છેડ્યા અને સતત આનંદ મસ્તી છલક્યો. પણ કોઈને એ સાંભળી આંસુ ન આવ્યાં.

અકબરે હરિદાસને આનું કારણ પૂછ્યું : એ દિવસે મેં આપને જંગલમાં ગાતા જોયા ત્યારે તો તમારી આંખમાંથી આંસુની ધારા વહેતી હતી; આજે આમ કેમ!” ત્યારે એણે જવાબ આપ્યો. “હું જ્યારે પ્રભુને રિઝવતો હતો ત્યારે મારા અંતરમાં આંસુ હતાં પણ આજ તો હું જગત અને બાદશાહને રિઝવું છું એટલે માત્ર આનંદ જ હોય.

આત્માના આ જ્ઞાનની ભાષા મૌન છે જીવનના અંતરના ઊંડાણને પારખવા માટે માણસમાં ગંભીરતા જોઈએ. જગતને વેચનાર આજે ભલે હસશે પણ કાલે એ

રહવાનો છે આનંદથી મળતી વસ્તુ આંસુથી મૂલવવી પડે છે જીવનની મહત્તા લેવામાં નહિ, પણ એના ત્યાગમાં રહેલી છે આત્મા કરતાં વધુ ધનિક કોઈ પણ વસ્તુ નથી. આ ક્ષુદ્રતાનો પરિત્યાગ એટલે ગંભીરતા.

આત્માને પામવા માટે આવી ગંભીરતા જોઈએ. જે માણસ દુન્યવી સુખોથી વેચાઈ જતો નથી તે જ ખરો મહાન છે જેનો આત્મા ખરીદાઈ શકતો નથી તેના જીવનમાં ગંભીરતા આવેલી હોય છે જીવનના પ્રલોભનો સામે ઊભા રહેવાની શક્તિ એનામાં આવે છે જીવનનાં ઘર્ષણોમાંથી એવાને જ જીવનનું નવનીત મળી શકે છે

૫-૭-૬

ક્ષુદ્રતાનો ત્યાગ

ક્ષુદ્રતા અને ગંભીરતા એ બેનો નિષેધ અને વિધેય આપણે સમજવાનો છે જીવનમાં ક્ષુદ્રતાનો પરિત્યાગ કરવાનો છે અને ગંભીરતાને ધારણ કરવાની છે દુનિયામાં કોઈ સ્થાન ખાલી રહી શકતું નથી. એટલે ક્ષુદ્રતાનો ત્યાગ કરી, એની જગ્યાએ આપણે ગંભીરતાને બેસાડવાની છે કાગડાને કાઢી એની જગ્યાએ રાજહંસને બેસાડવાનો છે

ગંભીરતાવાળો માનવી જ દુનિયામાં સાચું માન મેળવી જાય છે બાકી તો નાની નાની બાબતોમાં ક્લેશ કરનારા લોકો, ઓગણત્રીસ દિવસનો સ્વજનનો પ્રેમ એક દિવસમાં ગુમાવી નાખે છે અને આથી જ્યારે માણસ બીજાની કોઈ પણ ભૂલને ચલાવી લેવાની ગંભીરતા કેળવે છે ત્યારે એ મહાનતા તરફ જઈ શકે છે ક્ષુદ્રતાથી તો માણસ જીવનના પ્રત્યેક પ્રસંગે દુઃખી બને છે નાનો બનતો જાય છે; જ્યારે ગંભીરતા આવતાં માનવી વિકાસ પામે છે આગળ વધે છે

કોઈએ બરાબર આવકાર ન આપ્યો હોય તો માનવીનો મન-સ્વભાવ બગડી જાય છે એના નાનકડા,

ક્ષુદ્ર મનમા ક્રોધની જ્વાળા ફેલાવા માંડે છે અને તરત જ ગમગીન બની જાય છે પરિણામે, મનનુ ક્ષેત્ર આમ સકુચિત બનતાં એમાં આનદ સમાઈ શકતો નથી આનદને સમાવવા માટે તો મન અને હ્રદયનુ સ્થાન-પાત્ર વિશાળ જોઈએ.

આ માટે 'વીસરી જાઓ અને ક્ષમા આપો" (Forget & Forgive) એ મત્ર ખૂબ જ સહાયક બને છે પણ આ ક્યારે બને ? જીવનમા ખરી ઉદારતા હોય ત્યારે. પણ જેના મનમા ગાંઠો બધાઈને પડી હોય એના મનમાં આવા આનદનો અવકાશ ક્યાંથી હોય ? ખરી રીતે જોયો તો દુનિયામા ક્યાય દુ ખ છે જ નહિ; મનુષ્ય જ એને ઊભુ કરે છે અને અતે દુઃખી થાય છે વધુ ખાવાના લોભથી માણસ પેટ બગાડે છે અને પછી દુઃખ અનુભવે છે તેમ ગ્રીશ્વતાને કારી ક્ષુદ્રતાને ભરીને એ દુઃખ અનુભવે છે માટે કહ્યુ છે કે મનમાં (જ્ઞાન) વધુ ભરો અને પેટમા (અન્ન) ઓછુ ભરો આમ સારા વિચારો અને કથાઓ મગજમા ભરી રાખી હોય તો આપણે જ્યારે બોલીએ ત્યારે આપણી વાણીમાંથી સારા વિચારો અને સારી ઉપમાઓ જ બહાર આવશે.

આપણે એવા ઘણા માણસોને જોઈએ છીએ જે ભુલાઈ ગયેલી નજીવી વાતોને યાદ કરી કરી પોતાની જાતને દુઃખમાં મૂકે છે ખરી રીતે તો માણસે એવી વાતો ઉપર ધૂળ નાખી દેવી જોઈએ. જે વસ્તુ આંખને શોભા નથી

તેવી વાતો ઉપર કાળની ધૂળ નાખી એને ભૂલી નાખવી ઘટે. આમ જે માણસ કટુ અને અપ્રિય વાતને ભૂલી શકે છે તેજ ખરો ભાગ્યશાળી છે જૂનો ઘા રૂઝાવાની તૈયારીમાં હોય અને એને ઉખાડ્યા કરીએ તો એ ઘા ફરીથી તાજો થાય છે અને પછી કોઈ દવા એને કાર કરતી નથી. આવી જ રીતે, જીવનની ભૂલવા જેવી વાતોને ફરીફરીને સ્મરવાથી અંતરનો ઘા વધતો જાય છે અને માણસ વધુ ને વધુ દુઃખી બનતો જાય છે. આવાં જાતે ઊભાં કરેલાં દુઃખોથી છેવટે માણસનો આત્મા રીઢો બની જાય છે અને પરિણામે જ્ઞાનીઓનાં અમૃત જેવાં વચનો એના આત્માને કોઈ જ અસર કરી શકતા નથી.

સામાને ક્ષમા આપવી એ સુંદર ગુણ છે તમે સૂતા હો અને કૂતરું આવી તમારું મોં ચાટી જાય તો 'જૈસાકુ તૈસા' કરીને તમે શું એનું મોં ચાટવા જશો? કોઈ માણસ તમારી સાથે અસભ્યતા દાખવે ત્યારે એનો પ્રત્યુત્તર વાળવાને બદલે એને માફ કરો. તમારે તો ત્યારે એમ જ સમજવું કે એનામાં જેટલી બુદ્ધિ હોય એ પ્રમાણે એ વર્તે એ વખતે તમારો ધર્મ શઠ પ્રત્યે શઠ થવાનો નથી, ખરાબની સામે ખરાબ થવાનો નથી, પણ આગ સામે પાણી થઈ એને ઠારવાનો છે

બિનઅક્કલવાળો માનવી હોય તો, એની પાસેથી શી અપેક્ષા રાખી શકાય? અને કદાચ તમે કોઈ અપેક્ષા રાખો તો એ તમારી મૂર્ખતા છે કારણ એની પાસે જે

છે જ નહિ તો એ તમને આપશે ક્યાંથી ? આને બદલે એને સમજવા પ્રયાસ કરો, એના પ્રત્યે કરુણાની ભાવના રાખો.

આજે માનવી આવી ક્ષુદ્ર અને નાની વાતમાં હેરાન થઈ રહ્યો છે તમારી કોઈ ટીકા કરે છે ને તમે દૂભાઈ જાઓ છો. પણ તે વખતે વિચારો કે તમે એવા છો ? જો એવા હો તો એનો આભાર માનો અને સુધરો અને જો તમે એવા ન હો તો પછી તમારે ચિંતા કરવાની શી જરૂર છે ? એવી નકામી વાતો મનમાં ભરીને મનને તંગ શા માટે બનાવો છો ?

આ સમજવા માટે જીવનમાં ગંભીરતા જરૂરી છે એ આવશે ત્યારે એની સાથે બે ગુણ જાગશે સૂક્ષ્મ બુદ્ધિ અને ક્ષમા આપવાની શક્તિ.

એક માણસે એક વાર બાધા લીધી કે રોજ સાધુની સેવા કર્યા પછી જ ખાવું દરરોજ એ કોઈ સાધુને શોધી લાવે એની સેવા કરે અને પછી જમે. એક દિવસ એ આખા ગામમાં ફર્યો પણ જેની સેવા કરવી પડે એવો કોઈ સાધુ એને ન મળ્યો તે દિવસ એને વાંઝિયો લાગ્યો, અને બબડવા લાગ્યો :

ભગવાન ! આજે મારી સેવા લેવા એકેય સાધુ મળ્યા ન પડ્યા ? મારી કેવી કમનસીબી ! હવે હું કોની સેવા કરું ?

તમે જોયું કે એની પ્રતિજ્ઞા તો (માત્ર) સાધુની

સેવા માટેની હતી અને જે રીતે સારી હતી પણ એનામાં બુદ્ધિની સૂક્ષ્મતા ન હતી એટલે સેવાને માટે એવી સાધુની માંગણી ઉભી આવે માણસ બીજા પર ભલાઈને બદલે બુરાઈ કરી બેસે છે એટલે માણસમાં મસીરતા આવે ત્યારે સાથે સાથે આવી સૂક્ષ્મબુદ્ધિ આવવી જરૂરી છે ધર્મનું આ પ્રથમ પગથિયું છે

૬-૭-૧

સંપૂર્ણ અંગોપાંગ

ધર્મનું બીજું સોપાન છે સંપૂર્ણ અંગોપાંગ. જેની પાંચેપાંચ ઇન્દ્રિયો સંપૂર્ણ હોય, જેના શરીરનું બંધારણ વ્યવસ્થિત હોય તેને ધર્મનું પાલન કરવું સહેલું બને છે. એવો આત્મા ધર્મમાં જલદી આગળ વધી શકે છે. એટલે સંપૂર્ણ અંગોપાંગને પણ એક ગુણમાં સ્થાન મળે છે.

માણસ મૂંગો હોય તો અંતરના ભાવો વ્યક્ત ન કરી શકે. એટલે જેને ધર્મ પાળવો છે એણે પોતાની બધી ઇન્દ્રિયોને સુવ્યવસ્થિત રાખવી જોઈએ. એ ઇન્દ્રિયોથી જેટલા આપણે પરાધીન એટલા આપણે દુ:ખી થવાના. એટલા માટે માણસે પોતાની બધી પ્રવૃત્તિઓ જાતે જ કર્યા કરવી જોઈએ. જો એ ટેવ છૂટી જાય તો શરીર અકડાઈ જાય અને પછી રિબાઈ રિબાઈને મરવું પડે. માટે શરીરથી આપણે જેટલા સ્વતંત્ર એટલા આપણે વધુ સ્વાધીન, એમ સમજવું. આ માટે સદાય કામ કરતા રહો. પંચેન્દ્રિય સુંદર અને સ્વસ્થ રાખો અને જીવનમાં સંયમ રાખો તો જીવન સુંદર બનશે. ધર્મી માણસ માટે આ વસ્તુ અનિવાર્ય છે.

શરીર આમ સુંદર હોય પણ એની રચના એ સુઘડ-આકાર બાંધાનું જોઈએ. જો શરીરનું બંધારણ સરસ ન હોય તો એ આરાધના બરાબર નહિ કરી શકે, તપ અને સેવા નહિ કરી શકે એ ને તીર્થયાત્રા કરવા નીકળશે તોય એવું સેવીવાળાને તકલીફ આપવી પડશે.

આ માટે જ્ઞાનીઓએ કહ્યું છે કે શરીર અને મનનું સ્વાસ્થ્ય એ જ જીવન છે. મન અને દેહ-સ્વાસ્થ્યની નિર્બળતા એ મૃત્યુ છે. માટે આ શરીર પ્રત્યે આપણાથી બેકાળજી સેવી શકાય નહિ. જે આવી કાળજી નથી રાખતો તે પાછળથી પસ્તાય છે.

તપ, એ જિંદગીરૂપી યંત્રમાં તેલસિંચનનું કામ કરે છે. એ ઉપયોગી છે. આ પ્રમાણે ઉપવાસ પણ શરીર અને મનને નીરોગી રાખવામાં સાધનરૂપ બને છે. આજે તો હવે નેચરોપથીએ પણ બતાવી આપ્યું છે કે જીવનના અનેક રોગો મટાડવામાં આ ઉપવાસ સહાયરૂપ બને છે.

ધર્મની આવી સાધના માટે આસન-સ્થાન અડોલ રહેવું જરૂરી છે. આ શક્તિ જ્યારે આવે ત્યારે માણસ માથાના પ્રહારનો સામે પણ રાવણની જેમ અડગ રહી શકે એમ કહેવામાં આવે છે કે એની સાધના પરાકાષ્ઠાએ પહોંચતાં દેવોના વિમાનો પણ સ્થગિત થઈ જતાં, થંભી જતાં. એની સાધના પૂર્ણ થતા આકાશમાંથી પુષ્પોની વૃષ્ટિ થતી. આમ છતા પણ એની એ સાધના ભોગ માટેના ત્યાગરૂપ હતી. એની પાછળ કોઈ આધ્યાત્મિક દૃષ્ટિ ન

હતી એટલે એ નીચે ગયો અને અધોગામી બન્યો. માટે શરીર સશક્ત હોય તેમ સામે મનને પણ સશક્ત કરવાનું છે અને અંગની પૂર્ણતા સામે મનની પૂર્ણતા પણ કેળવતા રહેવાનુ છે

ઇન્દ્રિયો એ પૂર્ણ હોય તો આપણી પરાધીનતા ઓછી થઈ છે માણસનાં અંગોપાંગ અખંડ ન હોય તો તેની હેરાનગતિને લીધે તે શાંતિથી ધર્મ કરી શકતો નથી એનો શારીરિક બાંધો બરાબર હોય તે ધર્મની પ્રવૃત્તિઓ બરાબર કરી શકે છે

બીજી એક વાત પણ ધર્મી થનારે યાદ રાખવાની છે અને તે એ કે આત્મા શરીરથી જુદો છે એ વાત ખરી, પણ જ્યાસુધી તે શરીરમાં વસે છે ત્યાંસુધી શરીર એની ગાડી છે આત્મા એનો હાંકનાર છે આ શરીર તારક પણ બની શકે છે અને મારક પણ બની શકે છે દરેક સાધનમાં લાભ લાભ અને નુકશાન બેઉ રહેલાં હોય છે

નફો અને નુકશાન તો દરેક વસ્તુમા હોય છે માણસ એ એના શરીરને દુરાચારમાં નાખી નાખે તો તે આત્માને ડુબાડી પણ દે અને સદુપયોગ કરે તો જીવન તરી જાય. આંખો પ્રભુના નિર્મળ દર્શન કરવા માટે આપણને મળી છે નિસર્ગમાંથી સારા સારા દશ્યો જો આંખો જુએ તો એને લાભ થાય

આંખનો સ્વભાવ જોવાનો છે એ જોયા વિના

શરીર આમ સુંદર હોય પણ એની સાથે એ સુદઢ-સાશ બાંધાનું જોઈએ. જે શરીરનું બંધારણ સરસ ન હોય તો એ આરાધના બરાબર નહિ કરી શકે. તપ અને સેવા નહિ કરી શકે. એ જો તીર્થયાત્રા કરવા નીકળી હોય તો એવું ડોળીવાળાને તકલીફ આપવી પડશે.

આ માટે જ્ઞાનીઓએ કહ્યું છે કે શરીર અને મનનું સ્વાસ્થ્ય એ જ જીવન છે. મન અને દેહ—સ્વાસ્થ્યની નિર્બળતા એ મૃત્યુ છે. માટે આ શરીર પ્રત્યે આપણાથી બેદરકારી સેવી શકાય નહિ. જે આવી કાળજી નથી રાખતો તે પાછળથી પસ્તાય છે.

તપ, એ જિંદગીરૂપી યંત્રમાં તેલસિંચનનું કામ કરે છે; એ ઉપયોગી છે. આ પ્રમાણે ઉપવાસ પણ શરીર અને મનને નીરોગી રાખવામાં સાધનરૂપ બને છે. આજે તો હવે નેચરોપથીએ પણ બતાવી આપ્યું છે કે જીવનના અનેક રોગો મટાડવામાં આ ઉપવાસ સહાયરૂપ બને છે.

ધર્મની આવી સાધના માટે આસન-સ્થાન અડોલ રહેવું જરૂરી છે. આ શક્તિ જ્યારે આવે ત્યારે માણસ માથાના પ્રહારનો સામે પણ શબની જેમ અડગ રહી શકે. એમ કહેવામાં આવે છે કે એની સાધના પરાકાષ્ઠાએ પહોંચતાં દેવોના વિમાનો પણ થંભિત થઈ જતાં હતાં. એની સાધના પૂર્ણ થતાં આકાશમાંથી પુષ્પોની વૃષ્ટિ થતી. આમ છતાં પણ એની એ સાધના યોગ માટેના ત્યાગરૂપ હતી. એની પાછળ કોઈ આધ્યાત્મિક દૃષ્ટિ ન

હતી એટલે એ નીચે ગયો અને અધોગામી બન્યો. માટે શરીર સશક્ત હોય તેમ સામે મનને પણ સશક્ત કરવાનું છે અને અંગની પૂર્ણતા સાથે મનની પૂર્ણતા પણ કેળવતા રહેવાનું છે

ઇન્દ્રિયો જો પૂર્ણ હોય તો આપણી પરાધીનતા ઓછી થઈ છે માણસનાં અંગોપાંગ અખંડ ન હોય તો તેની હેરાનગતિને લીધે તે શાંતિથી ધર્મ કરી શકતો નથી. જેના શારીરિક બાંધો બરાબર હોય તે ધર્મની પ્રવૃત્તિઓ બરાબર કરી શકે છે

બીજી એક વાત પણ ધર્મી થનારે યાદ રાખવાની છે અને તે એ કે આત્મા શરીરથી જુદો છે એ વાત ખરી, પણ જ્યાંસુધી તે શરીરમાં વસે છે ત્યાંસુધી શરીર એની ગાડી છે આત્મા એનો હાંકનાર છે આ શરીર તારક પણ બની શકે છે અને મારક પણ બની શકે છે દરેક સાધનમાં લાભ અને નુકશાન બેઉ રહેલાં હોય છે

નફો અને નુકશાન તો દરેક વસ્તુમાં હોય છે માણસ જો એના શરીરને દુરાચારમાં વાપરી નાખે તો તે આત્માને ડુબાડી પણ દે અને સદુપયોગ કરે તો જીવન તરી જાય. આંખો પ્રભુના નિર્મળ દર્શન કરવા માટે આપણને મળી છે નિસર્ગમાંથી સારાં સારાં દૃશ્યો જો આંખો જુએ તો એને લાભ થાય.

આંખનો સ્વભાવ જોવાનો છે એ જોવા વિના

શરીર આમ સુંદર હોય પણ એની સાથે એ સુઘડ-બાંધાનું જોઈએ. જો શરીરનું બાંધણું સરસ ન હોય તો એ આરાધના બરાબર નહિ કરી શકે. તપ અને સેવા નહિ કરી શકે. એ જો તીર્થયાત્રા કરવા નીકળશે તોય એણે સાથીવાળાને તકલીફ આપવી પડશે.

આ માટે જ્ઞાનીઓએ કહ્યું છે કે શરીર અને મનનું સ્વાસ્થ્ય એ જ જીવન છે; મન અને દેહ—સ્વાસ્થ્યની નિર્મળતા એ મૂલ્ય છે. માટે આ શરીર પ્રત્યે આપણાથી બેકાળજી સેવી શકાય નહિ. જે આવી કાળજી નથી રાખતો તે પાછળથી પસ્તાય છે

તપ, એ જિંદગીરૂપી યંત્રમાં તેલસિંચનનું કામ કરે છે; એ ઉપયોગી છે. આ પ્રમાણે ઉપવાસ પણ શરીર અને મનને નીરોગી રાખવામાં સાધનરૂપ બને છે. આજે તો હવે નેચરોપથીએ પણ બતાવી આપ્યું છે કે જીવનના અનેક રોગો મટાડવામાં આ ઉપવાસ સહાયરૂપ બને છે

ધર્મની આવી સાધના માટે આસન—સ્થાન અડોલ રહેવું જરૂરી છે. આ શક્તિ જ્યારે આવે ત્યારે માણસ આભાનાં પ્રલોભનો સામે પણ રાવણની જેમ અડગ રહી શકે એમ કહેવાય છે કે એની સાધના પરાકાષ્ઠાએ પહોંચતાં દેવોના વિમાનો પણ ચકિત થઈ જતાં, થંભી જતાં. એની સાધના પૂર્ણ થતાં આકાશમાંથી પુષ્પોની વૃષ્ટિ થતી. આમ છતાં પણ એની એ સાધના ભોગ માટેના ત્યાગરૂપ હતી. એની પાછળ કોઈ આધ્યાત્મિક દૃષ્ટિ ન

સોનું બહુ કિંમતી છે પણ વાસ્તવિકતામાં એની કિંમત શૂન્ય છે. સૂવા માટે લોખંડનો પલંગ કામ લાગે છે પણ સોનાની પાટ કામ લાગતી નથી. સોનાની પાટ પર સૂઓ તો શાંતિથી ઊંઘ પણ આવે કે ?

આજે આપણા જીવનમાં મોહનો એવો એક પડ લાગ્યો છે કે જ્ઞાનના કિરણો આપણી અંદર બેઠેલા આત્માને પહોંચી જ શકતાં નથી. જે પદાર્થોનો અંત નાશવંત છે એવા પદાર્થોમાં આપણે આજે રાચીએ છીએ સુખ માનીએ છીએ. જ્યારે આપણાં અંતરચક્ષુઓ ખુલશે ત્યારે આપણે ખરા સ્વરૂપમાં જોવાની આંતરદૃષ્ટિ આપણને મળશે.

પૈસો જીવનમાં દુઃખ અને દંભ લાવે છે. પૈસા આવે એટલે ધર્મ ઓછો થતો જાય છે. પૈસો માણસને આગળ જ પુણ્યના પથેથી દૂર લઈ જાય છે. પૈસો તો માનવીને પરિવાર વિવેકશૂન્યતા તરફ પણ ખેંચી રહે છે અને આત્માની અધોગતિ કરાવે છે. માટે જેને બધી ઇન્દ્રિયોની પૂર્ણ પ્રાપ્તિ, ધનસંપત્તિ મળ્યા હોય તેને વિવેકથી વર્તવાનું છે અને તેમ થાય તો સંપૂર્ણ અંગોપાંગ એ પણ ધન્ય છે

(૦) ।

રહેવાની નથી તો ભલે જુએ, પણ એની છાપ મન પર પડવા દેવી કે નહિ તેનો વિવેક તો માણસે જ કરવાનો છે ધર્મી થવું એટલે દુઃખી થવું કે આંખ બંધ કરીને ચાલવું, કે સુંદરતાના દુશ્મન બનવું એવો તો નથી જ. ધર્મી આત્મા તો સદા પ્રસન્ન હોય. તે સદા યોગનો આનંદ માણી રહ્યો હોય છે વિયોગનો નહિ. આવો નિર્દોષ આનંદ જ્યાંથી મળે ત્યાંથી લો. જે આત્માનું સુખ માગે છે તે જ ખરો ધર્મી માણસ.

ક્રીડામાં લાગેલા બાળકની જેમ માનવીએ પણ નિર્દોષતામાં જીવવાનું છે ધૂળમાં રમતું બાળક ધૂળનો કંસાર પીરસી આનંદ અનુભવે છે માનવીનો ભોગ પણ બાળકના આ ધૂળના કંસાર જેવો છે માત્ર ફેર એટલો છે કે ધૂળમાંથી બનાવેલો મહેલ તૂટી જતાં બાળક આનંદ પામે છે જ્યારે આસક્તિવાળા માનવીનું ઘર ભાંગી જાય છે ત્યારે એ રડવા બેસે છે

માનવીનો આ આનંદ શાશ્વત નથી રહ્યો. આજે માનવી ભોગમાં સપડાયેલો છે જેઓ દુનિયાની બાહ્ય વસ્તુઓના આનંદમાં પડેલા હોય છે તેઓ જ્ઞાનમાં અપૂર્ણ છે. જેને અનંત જ્ઞાનનું દર્શન હોય છે તે બહારની વસ્તુના આનંદની નહિ પણ અંતરના આનંદની અપેક્ષા રાખે છે; એ તો આત્માની પૂર્ણતાનાં સ્વપ્નાં સેવતો હોય છે.

આ વ્યાખ્યાનોનું માત્ર શ્રવણ કરીને બેસી રહેવાનું નથી પણ એ વ્યાખ્યાનોને પચાવવાનાં છે

પ્રકૃતિસૌમ્યત્વ

પ્રકૃતિ-સૌમ્યત્વ એ ત્રીજું સોપાન છે. એ ગુણ વાળાનો સ્વભાવ જ એવો હોય કે એને જોતાં શાંતિ અને આનંદ પ્રસરે. દુનિયામાં પ્રકૃતિસૌમ્ય થવું અને નિઃસ્વાર્થી બનવું એ જ ખરી મહાનતા છે

આપણા સ્વભાવમાં કોમળતા આવવી જરૂરી છે એથી માણસ પોતાની ભાષા અને પ્રકૃતિ ઉપર કાબૂ મેળવી શકે છે એવાના જીવનમાં પછી સૌમ્યતા એવી સ્વાભાવિક થઈ જાય કે ઉગ્ર થયેલા માનવીને પણ એ ઠંડો બનાવી દે. ક્રમશઃ ઉગ્ર બનેલો માનવી પ્રકૃતિસૌમ્યને જોતાં શીઘ્રથી સૌમ્ય બની જાય છે

ક્ષમા આપનાર માણસ હંમેશાં ઉદાર અને વિશાળ હૃદયનો હોય છે એટલે જ જ્યારે ઇસમ, ભગવાનના હસ્તોમાં આવીને પડ્યો ત્યારે ભગવાને કરુણાનાં બે આંસુ ટપકાવી એને ક્ષમા આપી.

માનવી જ્યારે બીજાનું દુઃખ સહાનુભૂતિપૂર્વક અનુભવતો થાય છે ત્યારે જ એ સ્વાર્થનો ત્યાગ કરી શકે છે ત્યારે જ એ મહાન બની શકે છે પછી એના તપની

સૌમ્યતા એ યતન છે. આપણે જીવનમાં આ સૌમ્યતાને તથા સૌમ્યતા કેળવવાની છે.

જે માણસમાં ગંભીરતા નથી તે માણસની પ્રકૃતિ સૌમ્ય ન હોઈ શકે. સૌમ્ય અને સુભગ બનવા માટે કંઈ દેખાવ કરવાની જરૂર નથી, જરૂર છે જિંદગીમાં એને વણી લેવાની. માણસ ભૂખ્યું હોય ત્યારે આપે આમ પણ વ્યાધિ અને એના મૂળભૂત કારણ કમજોરી વગેરે માટે આંતરિક દવા પણ લેવાય. જ્ઞાનીઓએ આપણને બહાર સાથે આવી અંતરની દવા પણ બતાવી છે.

જે વસ્તુ તમારા હોઠોની સાથે એકાકાર થઈ નથી તેને તમે કેમ રાખી શકશો? માટે જ શ્લોકમાં આવ્યું છે કે महर्षिं पाम्बि पृथामि निमद् किम् परिप्सति! માનવીમાં ટેવ એવી જડ થઈ જાય છે કે બહારનાં ગમે તેવાં નિયમો હતાં પણ માનવી તેને પાળી શકતો નથી.

આપણે મોટે ભાગે બહારથી નિયમ મૂકીએ છીએ. પરિણામે થોડા સમય બાદ, એ અંદરથી ઊછાળો મારે છે ને ભભૂકી એકદમ બહાર આવે છે. એનું નામ જ આઘાત પ્રત્યાઘાત.

આ સૌમ્ય પ્રકૃતિ એટલે કંઈક કામ શાંતિથી કરવું. જે લોકો કોપને છોડે છે એમની પ્રકૃતિ જ પછી સૌમ્ય થતું સંગીત બની જાય છે. પછી એમની વાણીમાંથી જે ઝરે તે સંગીતના જ સૂરો હોય.

જૂના કાળમાં ઋષિઓની રચના સંતોએ કરેલી છે એટલે

એ વાતો મોટી અને શાંત લાગે છે, પણ આજે તો લેખ કોના લખાણની પાછળ તૃષ્ણાની આગ પડેલી હોય છે પરિણામે લેખકોના એ આતથ્ય, માણસની (વાચકની) જિંદગીમાં અસતોષના ભડકા પ્રગટાવે છે પહેલાના બ્રાહ્મણો સંતોષી હતા આજે બ્રાહ્મણો પણ બામણો' થઈ ગયા છે એમની સંસ્કૃત વાણીમા આજે ક્યા સુંદરતા રહી છે? સંસ્કૃત ભાષા તો દિવ્ય સંગીતની લયમય વાણી છે આપણા મનને આનંદમા લપેટી લે એવી એ સુંદર ભાષા છે

માનવીને દેહ છે તો દેહની માંગ પણ એની સામે આવે છે પણ આ માંગ ઉપર મર્યાદા તો હોવી જોઈએ ને? એ મર્યાદા એટલે વિવેક

જૂના કાળમા શ્રમણો અને બ્રાહ્મણો, માગવુ એટલે મરવુ એમ સમજતા ત્યાગીઓનુ કામ હતુ ભૌતિક વસ્તુઓ પ્રત્યે ઉપેક્ષા સેવવાનુ, રાગીઓનું કામ હતું ત્યાગીઓની સેવા કરવાનુ પણ આજે સાધુઓ માગતા ફરે છે ત્યારે શ્રીમતો એમ સમજતા થયા છે કે પૈસાથી તો સાધુઓ પણ ખરીદાય છે! પણ એ ન ભૂલશો કે જે ખરીદાય છે તે સાચા ત્યાગી નથી; દભી છે ઢોલિયા છે ખરી સાધુતાને ખરીદવા તો માણસમા પોતાનામાં સાધુતા આવશ્યક છે

મહા વિદ્વાન કણાદ જેવાની ખબર રાખવી, એ તે કાળમાં રાજાઓનુ કામ ગણાતું આથી રાજાએ સોના ભરેલો થાળ કણાદ પાસે ધર્યો પણ કણાદ તો પોતાના સર્જનમાં મસ્ત હતા જ્યાં સુધી માણસ પોતાના કાર્યમા આવુ આત્મ

સૌમ્યતા એ મહાન છે. આપણે જીવનમાં આ ઉગ્રતાને ટાળી સૌમ્યતા કેળવવાની છે.

જે માણસમાં ગંભીરતા નથી તે માણસની પ્રકૃતિ સૌમ્ય ન હોઈ શકે. સૌમ્ય અને સરળ બનવા માટે કોઈ દેખાવ કરવાની જરૂર નથી. જરૂર છે જિંદગીમાં એને વણી લેવાની. માથું દુખતું હોય ત્યારે માથે બામ પણ લગાડાય અને એના મૂળભૂત કારણ કબજિયાત વગેરે માટે આંતરિક દવા પણ લેવાય. જ્ઞાનીઓએ આપણને બાહ્ય સાથે આંતરની દવા પણ બતાવી છે.

જે વસ્તુ તમારા લોહીની સાથે એકાકાર થઈ નથી તેને તમે કેમ રાખી શકશો ? માટે જ કહેવામાં આવ્યું છે કે प्रकृति यान्ति भूतानि निग्रहः किम् करिष्यति । માનવીમાં ટેવ એવી જડ ઘાલી જાય છે કે બહારનાં ગમે તેવા નિયમો છતાં પણ માનવી તેને રોકી શકતો નથી.

આપણે મોટે ભાગે બહારથી નિયમ મૂકીએ છીએ. પરિણામે થોડા સમય બાદ, એ અંદરથી ઊછાળો મારે છે ને બમણા જોરથી બહાર આવે છે. આનું નામ જ આઘાત પ્રત્યાઘાત.

આ સૌમ્ય પ્રકૃતિ એટલે દરેક કામ શાંતિથી કરવું. જે લોકો કામને કરે છે એમની પ્રકૃતિ જ પછી સૌમ્ય થઈ સંગીત બની જાય છે. પછી એમની વાણીમાંથી જે ઝરે તે સાધનાના જ સૂરો હોય.

જૂના કાળમાં ગ્રંથોની રચના સંતોએ કરેલી છે એટલે

બનાવી દે છે સાચા સાધુઓ તો સંસાર-બગીચાનાં પુષ્પોમાં ભમનારા ભમરાઓ છે તેઓ કોઈ પણ પુષ્પને દરા કે ક્લેશ આપ્યા વિના પુષ્પોનો રસ લઈ આત્માને પરિતૃપ્ત કરી વિહરે છે

ખરો સાધુ તો વિઘ્નોની સામે પણ પ્રસન્નતાપૂર્વક ઊભો હોય છે એના આત્માના પ્રત્યેક પ્રદેશમાં ત્યાગનો રંગ લાગેલો હોય છે આજના કેટલાક સાધુઓનો ભગવો રંગ કાચો છે જરાક રાગ કે પ્રલોભનનું પાણી અડતાં એ ધોવાઈ જાય છે જ્યારે આપણે તો ચિત્તની અવિકલ્પ દશા કેળવવાની છે પ્રભુભક્તિની આ પ્રભાવના વગર ધર્મ અમૃતની સાચી મીઠાશ આપણે નહિ માણી શકીએ.

રાજાને થયું કે કણાદ સોના અને રત્નોની ભેટો પાછી ઠેલે છે ત્યારે લેઈ તો ખરો કે એની પાસે એવું શું છે! એ કણાદની પાસે રાત્રે આવે છે કણાદ સૂતા છે રાજા આવીને એના પગ દાબી રહ્યો છે કણાદ જાગે છે અને પૂછે છે કે રાજન્! તમે મારા પગ શા માટે દાબો છો? મારા જેવો ભિખારી જે ધોળે દિવસે પણ તમારે ત્યાં ભીખ માગવા આવ્યો નથી, એની પાસે તમે રાત્રે આવા અનુચરના વેશમાં શા માટે આવ્યા છો?'

રાજાએ કહ્યું : આપ સુવર્ણસિદ્ધિ જાણો છો, તે મને આપો

કણાદે હસીને કહ્યું, રાજન, પ્રભુનું નામ એ જ પારસ છે તે આ જીવનરૂપી લોખંડને અડે તો આ માટીની

વિક્ષેપન નહિ અનુભવે ત્યાં સુધી તે કામમાં એને પૂરો આનંદ નહિ આવે, વિજય નહિ લાધે.

પ્રેમ સાથે અર્પણ અને સેવાનો સંબંધ કેળવો પણ જરૂરી છે માતા પોતાના બાળકને માત્ર દૂધ જ નથી પાતી, પણ દૂધ સાથે પ્રેમ પણ પાય છે જ્યારે આયા માત્ર દૂધ પાઈને બેસી રહે છે એ વચ્ચે આટલો ફેર છે અને તેથી જ્યારે બાળકને આવો માતૃસ્નેહ નથી મળતો ત્યારે તેનું માનસ વિકૃત બને છે પછી એની વિકૃતિઓ આસપાસના વાતાવરણમાં ઝેરી અસર ફેલાવે છે

જેને અંતરની દુનિયાને કેળવવી છે અને મેળવવી છે તેને માટે સ્વાદની માફક બહારની વસ્તુઓનો મોહ તજ્યા વગર બીજો કોઈ આરો નથી.

માટે માણસે પોતાના જીવનમાં ધ્યેયાત્મક એવો વિચાર કેળવવો જોઈએ કે જે તેના જીવનની પ્રત્યેક પળે એની નજર સામે રહે. જે માણસ આવા આદર્શમા જીવે એને પછી જીવનમાં કદી થાક લાગતો નથી.

રાજાએ કણાદને પ્રથમ સોનાનો થાળ ભેટ ધર્યો. કણાદે એ પાછો ઠેલ્યો ત્યારે રાજાએ કણાદને રત્નોનો થાળ મોકલ્યો, પણ કણાદ તો સંતોષનો સ્વામી હતો. તેને આ રત્નો આનંદ આપે એમ ન હતું એને પ્રસન્ન કરવા માટે તો ભક્તિની જરૂર હતી.

જેને જિંદગીમાં દુન્યવી સુખોની જ ભૂખ છે તે ભિખારી છે મનની આવી ભૂખ માણસને અંદરથી ભિખા

જાય છે અને આત્માની જલકમળવત્ અલિપ્તતા દૂર થતી જાય છે આજે આપણા અંતરમાં કોઈ મહાન આદર્શ રહ્યો નથી. આપણી ધર્મ ક્રિયાઓમાં પણ આજે અંધ અનુકરણ વધી રહ્યું છે પણ આપણે ધ્યાનમાં રાખવું જોઈએ કે આપણી જિંદગી તો ફોટોગ્રાફરના કેમેરાની નેગેટીવ ફિલ્મ જેવી છે પ્રકાશનુ એક કિરણ એની ઉપર પડે એટલે એ વસ્તુનુ પ્રતિબિમ્બ ઝડપી લે છે

આથી આપણા મગજમાં આદર્શોનાં મંદિરનો ઊભાં થવાની જરૂર છે તો જ આપણે આત્માની સાથે એકાકાર થઈ શકીશુ જ્યા સુધી આવુ સવાંગમય સંગીત આપણા આત્મામાં ચાલી રહ્યું છે ત્યાં સુધી જ આપણે સુખી છીએ; વિસંવાદથી જીવનમાં દુઃખ ઉત્પન્ન થાય છે જ્યાં સુધી આવી એકાગ્રતા ન આવે ત્યાં સુધી આપણા જીવનનુ કોઈ ધ્યેય આપણે નક્કી કરી શકવાના નથી.

આવી એકાગ્રતા જાગે ત્યારે આપણે અહીં બેઠા પણ તીર્થોમાં વિહરી શકીએ છીએ. આપણી કલ્પનાઓ જ પછી આપણને શાંતિના મધુર વાતાવરણમાં વિહરાવવા લઈ જવા શક્તિશાળી બનશે.

જેમ પુષ્પો સદાય સુગંધ આપે છે તેમ આપણા મનને પણ આપણે સતત પરાગવતુ રાખવાનુ છે

મન પોતે તો એક સુંદર વાજિંત્ર જેવુ છે એનો જાણકાર લે એના તાર ઉપર હાથ ફેરવે તો એમાંથી આત્માના મધુર સૂરો જ પ્રગટે પણ આ માટે મન વચન

જે આવે તે તમે એમાં ભરો છો! માટે કોઈ તમારી પાસે ખરાબ વસ્તુ સંભળાવવા આવે તો તમારે કહી દેવું જોઈએ કે એવું સાંભળવાનો તમને વખત નથી. એવી ગંદી વસ્તુઓ એક વાર મગજમાં પેસી ગઈ તો પછી એ કાઢવી મુશ્કેલ બને છે.

આપણું મગજ બહુ જ નાજુક છે તેની ઉપર ખરાબ વાતોના આઘાત ન પડવા જોઈએ. કારણ કે એવી વાતો ઘર કરી બેસે છે અને પછી કદાચ ભલે નીકળી જાય છે તોય ત્યાં ડાઘો મૂકતી જાય છે માટે આજનું માનસશાસ્ત્ર કહે છે કે માણસ એના સંસ્કારનું પરિણામ છે. માનસશાસ્ત્રે કરેલાં આવાં બધાં સંશોધનોનો પણ હજી આપણે અભ્યાસ કરવાનો બાકી છે.

આજે લોકોના વિચારો બાળપણથી જ અસ્વસ્થ બન્યા છે કારણ કે માણસો જેવું તેવું જે કંઈ મળ્યું તે વાંચે છે; જેમ બજારની ભેળ, પાણીપૂરી અને હલકું ખાવાથી માણસ બિમાર પડે છે તેમ. આટલા માટે થોડું વાંચો પણ સારું વાંચો અને જે વાંચો તેની અસર આત્માની ઉપર થવા દો. એ જ એનો ખરો ખોરાક છે આથી માણસને માટે વિધાયાત્મક સર્જનની કલ્પના પ્રતિક્રમણમાં મૂકવામાં આવી છે

આજે જાહેરખબરો દ્વારા માનવીનાં મગજ બગડી રહ્યાં છે આજે તમે પુસ્તકો એવાં વાંચવાં જોઈએ કે જેમાંથી જીવનને પ્રેરણા મળે. આજે દેહની આસક્તિ વધતી

મંદિર. આપણે ગાઈએ છીએ કે 'પ્રભુજી! મનમંદિરમાં આવો' પણ આની સાથે મંદિરમા કેવો ધૂપ, કેવી સુરભિ, કેવો પરાગ હોય એનો વિચાર કરવો જરૂરી છે મન બહુ જ કિંમતી અત્યંત ઉપયોગી અને ઉત્તમ પ્રકારનું સાજ છે, પણ એનો જાણકાર જો એને વગાડે તો જ એમાંથી યોગ પ્રગટે આવા આનંદની પરાકાષ્ઠા મન, વચન અને કાયાના સંવાદમય પૂર્ણયોગથી જ આવે છે

માણસે જીવનના દરેક ક્ષેત્રમાં આ યોગ કેળવવા મહેનત કરવાની છે માણસ જ્યાં છે ત્યાં જ જો આ યોગ ન કેળવે સ્વભાવનું પરિવર્તન ન કરે તો એને માટે બીજે ક્યાંય મુક્તિ નથી એમ જાણજો. યાદ રાખજો કે જો અહીં વિસંવાદિતા હશે અને ક્યાંય મહાપુરુષો આવી ચડશે તો પણ મુશ્કેલી જ ઊભી થશે અંદરના સ્વભાવનો પલટો ન થાય ત્યાં સુધી માનવજીવનનું ખરું પરિવર્તન શક્ય નથી કહ્યું છે કે—

છપ્પન તીરથ કરી આવે, પણ શ્વાનપણું નવ જાવે!

એટલે આપણી અંદર શ્વાનપણાનું જે આ તત્ત્વ છે તેના પલટો કરવો એ જીવનનું ધ્યેય હોવું જોઈએ પ્રકૃતિ-સૌમ્યત્વનો અર્થ જ એ કે જીવનનું ક્રૂરતાભરેલું તત્ત્વ નીકળી જાય અને સૌમ્યતા આવે

આપણે ઉપદ્રવ તો ન કરીએ પણ કોઈનો ઉપદ્રવ આપણને થાય ત્યારેય શાંતિથી સહન કરીએ. આ ત્યારે જ બને કે જ્યારે આપણામાં પ્રકૃતિ-સૌમ્યત્વ આવ્યું હોય

અને કાયા—એ ત્રણેયની યોગરૂપી સંવાદિતા જરૂરી છે તો જ એ સંગીત જન્મી શકે છે.

જ્યાં સંવાદિતા છે ત્યાં સુખ છે, જ્યાં વિસંવાદિતા છે ત્યાં દુઃખ છે તબલચીની થાપ અને સંગીતના સૂરોનો લય જીવનમાં સંવાદિતાનાં આદિશનો ઉત્થાન કરે છે. અને જ્યાં આવો સંવાદ છે ત્યાં ચિત્ત આનંદમાં મસ્ત બને છે જ્યાં સુધી મન પ્રમાણેનું આચરણ વચન નથી, અને વચન પ્રમાણેનું કાર્ય નથી ત્યાં સુધી સાચું સુખ મળવું મુશ્કેલ છે. મન, વચન અને કાયા સ્વસ્થાનમાં રહી, સંવાદિતાથી વર્તે એને જ મહાપુરુષો જીવનનો યોગ કહે છે

પિયાનો પોતે સુંદર હોય એટલું જ બસ નથી પણ એનો સાચો જાણકાર એને વગાડવા માટે મળવો જોઈએ; નહિ તો એ દીવાનખાનાની શોભા જ માત્ર બને છે

એક રેસ્ટોરાંમાં એક સુંદર પિયાનો રાખી મૂકેલો. વર્ષોથી એને કોઈ સ્પર્શતું ન હતું એક દિવસ એનો જાણકાર ત્યાં આવ્યો. એની આંગળીઓને પિયાનાનો સ્પર્શ થયો, અને સંગીતના સૂરો પ્રગટી ઊઠ્યા. સૌના એ આશ્ચર્યમાં સૌ ડૂબી ગયા અને સૌના દિલમાં છવાઈ ગઈ આ કેમ બન્યું ? કારણ, વગાડનાર એના સૂરોનો જાણકાર હતો અને વળી પોતે જ એમાં એકાગ્ર હતો.

પિયાનોવાળું આ રેસ્ટોરાં એટલે આપણું અંતરનું

એવા મિત્રોથી દૂર રહો.

પ્રકૃતિ સૌમ્યત્વ માટેના સાથીઓ એટલે સારા પુસ્તકો, સારા મિત્રો, સારું વાતાવરણ માણસના મન ઉપર વાતાવરણની અસર બહુ ઊંડી છે તમારા વિચારો જેમ તમારા મન ઉપર સારી–માઠી અસર કરે છે એમ વાતાવરણ પણ તમારા માનસ ઉપર સારી કે ખરાબ અસર કરે છે

આ માટે આપણા ઘરની અંદર એવી તેજસ્વી વ્યક્તિઓના ચિત્રો લેઈએ કે જે આપણને પ્રત્યેક ક્ષણે એમના દૃષ્ટિબિંદુનું સ્મરણ કરાવે પ્રકૃતિસૌમ્યત્વ કેળવવા માટે આમ સારું વાચન સારી મૈત્રી અને સારું વાતાવરણ આવશ્યક છે

જીવનમા આ સ્વસ્થતા લાવવા માટે પ્રથમ આપણે મગજનો જૂનો કચરો, કચરો દૂર કરવાનો છે જે માણસ પ્રકૃતિથી સૌમ્ય છે તે કોઈનું બૂરું નહિ કરે. એવો માણસ પ્રકૃતિસૌમ્યત્વને લીધે ખરાબ કામ નહિ કરે સારું કુળ અને અંદરના સારા ગુણો આપણને ખરે વખતે પાપ કરવામાથી બચાવી લે છે આવું ઉત્તમ વાતાવરણયુક્ત કુળ આત્માના પુણ્ય પ્રભાવથી જ મળી શકે છે

આજે આપણામાથી માનસિક બળ તૂટી ગયુ છે. એ આપણે હવે કેળવવાનુ છે એ અદમ્ય શક્તિ કેળવો. પ્રકૃતિની અંદર વણાયેલી ખરી સંસ્કારિતાને બહાર લાવો અને ચંદનની સુવાસ અને શીતળતા જેવી મીઠી અને શાંત પ્રકૃતિ-સૌમ્યત્વની સર્વત્ર સુરભિ પ્રસરાવો

મનને શાંત અને કાબૂમાં રાખવું બહુ મુશ્કેલ છે. મનમાં ક્રોધ, અશાંતિ જાગે ત્યારે મનને સમજાવો. એને પૂછો કે શા માટે એ ક્રોધને વશ થયું છે? આવે સમયે બહાર ન જોતાં અંદર ધ્યાન કરો. ક્રોધભરી વાત ભાષાને શ્વેત કરી નાખો ગરમ મગજને ઠંડુ કરો અને પછી જુઓ તો એની સમજણ કોઈ ઓર જ આવશે.

જ્યારે માણસના મનમાં આવી સંવાદિતા હોય છે ત્યારે એ જે કંઈ બોલે અને વિચારે તેની પાછળ સત્ય હોય છે અને હોય છે ક્રોધ તો વિસંવાદ છે એમાં માણસ બહેરો બની જાય છે. વિસંવાદમાં એ જે કંઈ બોલે છે કે કરે છે એનું એને પોતાને જ ભાન રહેતું નથી. માટે જ ડાહ્યા માણસો આવા વિસંવાદની પળોને ચૂપ રહે છે

જૂના જમાનામાં માણસ પોતાના મકાનમાં એક જુદો ખંડ રાખતો. એ ખંડનું નામ કોપાગાર. જ્યારે ક્રોધ આવે ત્યારે માણસ એ ખંડમાં જઈને બેસે. ત્યાં શાંતિ અને સંવાદિતાનાં પ્રતીકો રાખવામાં આવતાં કે જે એની ક્રોધી પ્રવૃત્તિને શાંત અને સૌમ્ય બનાવતાં. માણસના જીવનમાં આ સંવાદ અત્યંત જરૂરી છે

મિત્રોની પસંદગીમાં માણસે ખાસ વિવેક વાપરવાનો છે. પરીક્ષા કરીને મિત્રો પસંદ કરવા જોઈએ. ખોટા રૂપિયાની જેમ જો મિત્ર જોનાર ખોટો મળી જશે તો ખરે વખતે એ તમારી આબરૂ લેશે. માટે ખરે વખતે તમને કામ આવે એવા મિત્રો કરો મુસીબતમાં મદદે

નામની જ્યોતથી આપણે એ લેવાનો છે આજે પરમાત્માની આ જ્યોત આપણી પાસે નથી લાગતી તેથી જીવન અંધકારમય લાગે છે પણ જ્યારે અંદરની એ જ્યોત પ્રગટશે ત્યારે આ લોક અને પરલોક—બેઉના જીવન ઉપર નવો પ્રકાશ લાધશે.

આ સફળતા મેળવવા માટે ગંભીરતા તુચ્છતાનો ત્યાગ, તંદુરસ્ત જીવન, સંપૂર્ણ અંગોપાંગ પ્રકૃતિ સૌમ્યત્વ રાગદ્વેષથી પર અને સ્વભાવની નિર્મળતા વગેરે ગુણોને આવશ્યક માનવામા આવ્યા છે

જ્યારે મનુષ્ય આત્માને સમજવા માંડે છે ત્યારે એના સ્વભાવમા ધીમે ધીમે પરિવર્તન થાય છે આમ તો જ્યારે માણસને સન્નિપાત થાય છે ત્યારે નાની અને ગમાર જેમ વર્તનમા એકસરખા બની જાય છે તેમ જ્યારે માણસમા ક્રોધ મોહ માયા લોભ ઇત્યાદિ જાગે છે ત્યારે ત્યાગી અને રાગી, સાધુ અને સંસારી બન્ને એક સરખા બની જાય છે કષાયનો એ સન્નિપાત મટે ત્યારે માણસને ખ્યાલ આવે કે એ શુ કરી રહ્યો હોય છે

દુનિયાથી તમે જુદા નથી દુનિયાનો અવાજ એ તમારા જ બોલનો એક પડઘો છે દુનિયાને જે દૃષ્ટિથી જોશો એ જ દૃષ્ટિથી દુનિયા તમારી સામે જોશે. એટલે કહ્યુ છે કે આપ ભલા તો જગ ભલા. માણસનુ જીવન સુંદર તો જગતનુ જીવન સુંદર.

પાપી કપટ પુજે છે ને એક સાધુ ત્યાંથી નીકળે છે

જીવનનુ પરિવર્તન

જે માણસ ધર્મી બનવા માગતો હોય એની પાસે ધર્મના સદ્ગુણોની મૂડી હોવી જરૂરી છે તમારી પાસે સુખ હોય અને ખ્યાતિ પામો તો તો સારૂં ઠીક છે બાકી બાહ્ય આડંબર નકામા છે આ દુનિયામાં સફળતાની સીડી ચઢવા માટે સદ્ગુણો કેળવવા આવશ્યક છે આવા સદ્ગુણોથી જ જીવનની સાર્થકતા સાધી શકે

આપણી આ કાયા તો માટીનુ પૂતળુ છે. એમાં રહેલાં સદ્ગુણો તે જીવનનુ સોનુ છે તમે આ સદ્ગુણો કેળવો તો માટીમાંથી સોનુ બને. જેને તમે આજ સુધી પૂજ બની છે એ તો તમારૂં મોઢામાં મોઢુ ને સુંદર દ્રવ્ય છે આપણુ જીવન એટલે ધર્મરૂપી સોનાની ખાણ તરફની આપણી સફર છે આપણુ આ માનવજીવન એ તો અમૂલો હીરો છે પણ આજે આપણે એને કાચ બરાબર સમજીને વાપરી રહ્યા છીએ.

આ સંસારનો વહેવારનો બધો ભારનો છેવટે નકામો છે એ બધુ મૂકીને ચાલ્યા જવુ પડશે. પણ તમારી અંદર જો બીજો સાથે જમનો છે જ્ઞાન અને પરમાત્માના

નામની જ્યોતથી આપણે એ લેવાનો છે આજે પરમાત્માની આ જ્યોત આપણી પાસે નથી લાગતી તેથી જીવન અંધકારમય લાગે છે પણ જ્યારે અંતરની એ જ્યોત પ્રગટશે ત્યારે આ લોક અને પરલોક—બેઉના જીવન ઉપર નવો પ્રકાશ લાધશે.

આ સફળતા મેળવવા માટે ગંભીરતા, તુચ્છતાનો ત્યાગ, તંદુરસ્ત જીવન, સંપૂર્ણ અંગોપાંગ, પ્રકૃતિ સૌમ્યત્વ, રાગદ્વેષથી પર અને સ્વભાવની નિર્મળતા વગેરે ગુણોને આવશ્યક માનવામાં આવ્યા છે

જ્યારે મનુષ્ય આત્માને સમજવા માંડે છે ત્યારે એના સ્વભાવમાં ધીમે ધીમે પરિવર્તન થાય છે આમ તો જ્યારે માણસને સન્નિપાત થાય છે ત્યારે જ્ઞાની અને ગમાર જેમ વર્તનમાં એકસરખા બની જાય છે તેમ જ્યારે માણસમાં ક્રોધ, મોહ, માયા લોભ ઇત્યાદિ જાગે છે ત્યારે ત્યાગી અને રાગી, સાધુ અને સંસારી બન્ને એક સરખા બની જાય છે કષાયનો એ સન્નિપાત મટે ત્યારે જ માણસને ખ્યાલ આવે કે એ શું કરી રહ્યો હોય છે

દુનિયાથી તમે જુદા નથી દુનિયાનો અવાજ એ તમારા જ બોલનો એક પડઘો છે દુનિયાને જે દૃષ્ટિથી જોશો એ જ દૃષ્ટિથી દુનિયા તમારી સામે જોશે એટલે કહ્યું છે કે આપ ભલા તો જગ ભલા. માણસનું જીવન સુંદર તો જગતનું જીવન સુંદર.

પાણી કૂપમાં પુછે છે ને એક સાધુ ત્યાંથી નીકળે છે

સાધુને ધોબીના છાંટા ઊડ્યા અને ક્રોધ જાગ્યો એટલે સાધુએ હલકો શબ્દ વાપરી ઠપકો આપ્યો. ધોબી પણ કાબૂ ખોઈ બેઠો. એણે સાધુને ગાળો આપીને કહ્યું: "અહીં શું કરવા રખડે છે? તળાવની પાળ ઉપર પાણી ન ઊડે તો શું પથ્થર ઊડે!" આમ બોલી સાધુને ધક્કો માર્યો; પણ સાધુ દૂર જઈ સ્વસ્થ થઈ વિચારવા લાગ્યો અને તરત જ એને જ્ઞાન થયું કે દોષ તો મારો હતો, અને તેથી એણે જઈને ધોબીને ખમાવ્યો.

ધોબી પણ એનો આ ભાવ સમજી ગયો અને ધોબીએ પણ પગમાં પડીને સાધુની માફી માગી. આમ સન્નિપાત ઊતરી જાય ત્યારે સાધુ એ સાધુ તરીકે પ્રગટે છે અને ધોબી એ ધોબી તરીકે જણાઈ જાય છે. માણસ આવેશમાં આવી જાય છે ને એના મોંમાંથી બીજા દુભાય એવાં વેણ નીકળી પડે છે. આ આવેશને આપણે સમજમાં રાખવો રહ્યો, કારણ કુદરતનો નિયમ છે કે ક્ષમામાંથી ક્ષમા, સમતામાંથી સમતા અને ક્રોધમાંથી ક્રોધ ઊપજે છે; અને બેઉને એની સારી કે ખરાબ અસર થઈ જાય છે.

માનવી ત્યાગને—સાધુતાને નમે છે પણ જે સમયે એનામાં ક્રોધનો આવેશ અને આવેગ હોય ત્યારે સાધુ અને સામાન્ય માનવી એક સમાન ભૂમિકા પર આવી જાય છે. માનનો મોટો આવેશ માણસમાં મદ લાવે છે. એ આવેશ ચાલ્યો જાય પછી જ અંતરમાં નિર્મળતા અને

સમજણ આવે છે, અને પછી તમારા વિચારને ઊંડે પ્રેરણા આપે એવી પળો તમારા જીવનમાં શરૂ થાય છે

જે માણસ આ બધાનો જાણકાર છે તેનો કોઈક વાર પણ ઉદ્ધાર શક્ય છે તમે સાંભળેલું વિચારેલું હશે તો ક્યારેક તમારામાં એ જાગશે અને તમારા આત્માનેય જગાડશે. સત્સંગથી માણસમાં આ પળો આવે છે આવા સ્થાનમાં શ્રવણ કરેલું ક્યારેય નકામું નથી જતું જ્ઞાનીનાં વચનોના શ્રવણ સાથે જ ક્યારેક માણસના આત્માનાં દ્વાર ઊઘડી જાય છે આ માટે સત્શ્રવણ એ આપણા જીવનના ઉત્થાનની એક આવશ્યક ભૂમિકા છે જીવનમાં એ ખૂબ જ સહાયક બને છે ગરમ તવા ઉપર પહેલું પહેલું ટીપું તો બળી જાય છે પણ એક પછી એક સો ટીપા બળી ગયા બાદ એકસો એકમું ટીપું જ તવા ઉપર દેખાય છે પણ પેલા સો ટીપા નિષ્ફળ ગયા નથી. આની પાછળ સો ટીપાંઓનો ત્યાગ રહેલો હોય છે એ આપણે ભૂલવું ન જોઈએ શ્રવણ અને મનનનું પણ જીવનમાં આ સ્થાન છે

ધર્મનું આ જીવન એટલે આંતરિક સૂક્ષ્મ પરિવર્તન. ખરી રીતે તો તમારો વિચાર એ જ તમારું કાર્ય છે કામ કરવાનું શરૂ કરો ત્યારથી કામ કર્યું ગણાય પણ આ માટે માણસનો આંતર આશય કેવો છે એ જાણવું બહુ જરૂરી વસ્તુ છે એટલે તમે સૌએ પણ તમારા જીવનમાં પરિવર્તન લાવવાનો પ્રયત્નનો પથ શોધવાનો પ્રારંભ કર્યો છે, એને સદા યાદ રાખો

જેનામાં આ ધર્મભાવના પડી છે સુંદર વિચારો પડ્યા છે અને ક્ષમા તથા સહનશીલતાની ભાવનાઓ છે તેને જીવનમાં કદી અસફળતા નહિ મળે. આદીના આખ્યાનનું મથન કરેલા આવનાર માણસે પ્રમાદ તરફ જનારો પ્રયાસ આદરી દીધો છે. ભૂખના આવા વિચારો મગજમાં રમતા હોય ત્યારે જ ધર્મજીવનના વિચારો આવી શકે છે. આ ભાવના જ આપણને ખરાબ કામ તરફ જતા બચાવી લે છે.

તા. ૧૧-૭-૬

લોકપ્રિયતા

જીવનમાં દરેક વ્યક્તિને લોકપ્રિય થવાનું ગમે છે. બદનામ થવાનું કોઈને પસંદ હોતું નથી. એક નાના બાળકમાં પણ સદ્‌ગુણની આ મહત્ત્વાકાંક્ષા પડેલી જ હોય છે. ત્યારે પ્રશ્ન એ છે કે આપણી સતત ઈચ્છા છતાં આપણે આવા લોકપ્રિય કેમ નથી બની શકતા? કારણ એ છે કે તમે એ માટેના જરૂરી સિદ્ધાંતોનું જીવનમા પાલન કરતા નથી. તમારી ઈચ્છા માત્ર શાબ્દિક છે બાહ્ય છે.

દરેકને માટે નિયમો હોય છે. માંદા એ સાજા થવું હોય તો વૈદ બતાવે તે પથ્ય પાળવું જરૂરી હોય છે; નહિતર એની તંદુરસ્તી પાછી મળશે નહિ. લોકપ્રિય થવા ઈચ્છનાર માટે સૌથી પ્રથમ કાર્ય એ છે કે એણે કોઈની નિંદા ન કરવી. એક વખત નિંદા કરવાની આવી ટેવ પડશે તો એ પછી જવાની નથી એ ધ્યાનમાં રાખજો. અને એ તેને માટે આ શકય ન હોય તો જેમ ખુજલીવાળા બાળકને હાથે કોથળીઓ બાંધીને તેને ખણતો રોકવામાં આવે છે તેમ નિંદા કરનારાઓએ પોતાને મોઢે કોથળીઓ બાંધવી જોઈએ.

સંપૂર્ણ જગતમાં ઈશ્વર એક,
માણસ માત્ર અધૂરા રે

એ કથન સત્ય છે કે હોય તો માણસ માત્રમાં દોષ છે પણ બીજાના દોષોની નિંદા કરવી એ પાપ છે. કોઈની નિંદા આપણાથી થાય નહિ. એમાં પણ જેઓ વિશિષ્ટ ગુણોથી સમૃદ્ધ છે તેની તો નિંદા ન જ થાય. માણસમાં દેખાતા મોટા દુર્ગુણ અક્ષમ્ય છે પણ નાના દુર્ગુણો માટે એના જીવનની પ્રતિકૂળતા સંજોગો વિચારવા જરૂરી છે એ વિચાર વગરની આપણી ટીકાથી આપણે સામાને માટે અન્યાય જ કરીએ છીએ.

અમુક માણસમાં કોઈ ભૂલ હોય એ સ્વાભાવિક છે; તો એને સુધારવાની જરૂર છે; એને ઉતારી પાડવો એ ખોટું છે. કોઈને ધર્મની ક્રિયા બરાબર ન આવડતી હોય તો જેને આવડે છે તેણે, એની ટીકા ન કરવી જોઈએ. જે જોવાનું એ ટીખળ કરે તો એ એક જાતનું વધારે પાપ છે. જેને નથી આવડતું તેને સમજણ આપી સુધારવો. એ તમારું ધર્મ છે એનો ઉપહાસ કરવો એ યોગ્ય નથી.

આની સાથે બીજી વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે જે માણસને ઘણા લોકો નિંદતા હોય તેવાની સોબત ન રાખતા નહિતર તમે પણ એની સાથે નિંદાને પાત્ર બનશો. દુનિયામાં લોકપ્રિય બનાવે આવો ત્યાગ કરવાની જરૂર રહે છે

દુનિયામાં સૌને લોકપ્રિય થવું તો ગમે છે પણ આ



લોકપ્રિયતા એટલા માટે પ્રાપ્ત કરવાની છે કે જેથી માનવી ના વચનની કિંમત થાય, એ બીજાને સહાયક બને. જે લોકો દેશ, સમાજ અને ધર્મના નેતા હોય છે તેમણે લોકપ્રિયતા મેળવવી અત્યંત જરૂરી છે તમારા સારા આચરણથી સામા માણસમાં પરિવર્તન આવે છે ને સમાજ તમને ઉત્સુકતાથી સાંભળવા તૈયાર થાય તો સમજજો કે તમે લોકપ્રિય નેતા છો, પણ લોકો તમને ન સાંભળે તો તમે લોકપ્રિયતા ગુમાવી છે અને તે કેમ ગુમાવી તેના કારણો એ શોધી કાઢશો તો જ ગયેલું સ્થાન તમે પાછું મેળવી શકશો.

લોકપ્રિયતા એમ ને એમ નથી આવી જતી. એને માટે મનુષ્યે પ્રથમ લાયકાત કેળવવાની છે જેનામાં લાયકાત છે તે સર્વત્ર લોકપ્રિય થઈ શકશે. માણસ એ સમાજ માથી કંઈ જાય તો એણે એનું કારણ શોધી કાઢવું જોઈએ. લોકો જો તમારા પગલે ચાલવા તૈયાર નહિ હોય તો તમારી બધી વાતો તમારી પાસે જ રહેવાની.

ત્યાગ અને બલિદાનને લીધે જ વ્યક્તિ અને સંસ્થા લોકપ્રિય બની શકે છે વ્યક્તિઓને લીધે જ સંસ્થાઓ જીવતી બને છે ધર્મ મહાપુરુષોથી ચાલે છે માટે ધર્મના ક્ષેત્રમાં કામ કરતા પુરુષોના જીવનમાં લોકપ્રિયતા અનિવાર્ય ગુણ ગણાય છે વ્યક્તિના આત્મબલિદાનને લીધે જ આવી વ્યક્તિ આદરણીય બને છે

આજે આપણે જનમત–જનસમુદાયની વાતો કરીએ

છીએ, પણ એમાં સજ્જનોનો સાથ છે ખરો ? સંઘમાં સર્વાનુમતિનું ધોરણ જરૂરી છે બહુમતિનું જ માત્ર નહિ. જિંદગીમાં વિજય માટે આપણે લોકપ્રિયતાનું સૂત્ર ભૂલવાનું નથી. આપણે તો દરેકને આપણે પક્ષે લેવાનો છે સંસારમાં માણસ એકલો નથી રહી શકતો માનવીને માત્ર માનવીની જ નહિ પણ પશુનીયે જરૂર પડે છે. માટે અજ્ઞાની ને ભવમાં આપખુદ બનેલો માનવી જ એવું માને કે મારે કોઈની ગરજ નથી. આ ભવને સારા મનુષ્યે ટકાવી દેવાનો છે આ ધર્મરત્ન પ્રકરણ ગ્રંથમાં આ માટેની જીવન પ્રેરણા ભરેલી છે; જીવનના અનેક પ્રસંગ એનાથી ઉકેલી શકે એવી શક્યતા છે

આજે આપણા જીવનમાં અનેક અવરોધો પડ્યા છે ને તે આપણી આંતરિક પ્રગતિને રોકી રહ્યા છે આપણે તેને દૂર કરવાના છે પુરુષ તકદીર, કર્મ એ બધું શું છે ? કર્મ કોઈ કોઈના વારસામાં મળતું નથી. ભૂતકાળે આપણે જે કર્યું એનું પરિણામ તે આજ આજે કરી રહ્યા છીએ તે આવતી કાલ બની રહેશે છે તમારું તકદીર એ તમારાં જ ભૂતકાળનું ફળ માત્ર છે. યાદ રાખજો કે તમારું જ કર્મ તમારી સામે આવે છે

કોઈ માણસને લોકપ્રિયતા મળે છે તો તેની નિંદા ન કરો. એમાય, વિશિષ્ટતાવાળા માણસની નિંદા તો કદી ન કરો. નાનો માણસ આમ એ મોટાની નિંદા કરે તો એ પોતાની જાતને હલકો પાડે છે; એનાથી એનું પુણ્ય બળી જાય છે

કોઈ માણસની ક્રિયામાં અણઆવડત જણાય તો એની ટીકા ન કરો એવાની મશ્કરી કરવી એ મહાપાપ છે કારણ આજે જે આશાભાવળા વીટા કરી રહ્યો છે તે આવતી કાલે ઓકરો મૂટતો થઈ જશે; પણ જે માણસ વીટા જ નથી કરતો શરૂઆત જ નથી કરતો તેને સુધર વાનો શીખવાનો અવકાશ ક્યાંથી મળવાનો છે?

આપણે જાણીએ છીએ કે જગતમા કોઈ માણસને અપમાન સહન કરવુ ગમતું નથી કારણ કે દરેક માણસમાં અહમ્‌નુ તત્ત્વ પડેલુ છે આથી અપમાન સર્વને અપ્રિય લાગે છે; સ્વમાન સૌને પ્રિય લાગે છે માટે નાના માણસનુ પણ અપમાન કે નિંદા ન થાય તો મોટા માણસની તો નિંદા કેમ જ કરાય?

તા. ૧૨-૭-૬

લોકપ્રિયતાની કેળવણી અને પ્રાપ્તિ

જે દેશમાં આપણે રહેતા હોઈએ તે દેશના આચારોનું આપણે પાલન કરવું જોઈએ. દેશ તેવો વેશ એ કહેવતની જેમ બધાંની વચ્ચે આપણે રહેવું હોય તો બધાંના જેવા થવું જોઈએ. તેઓનો આચાર પાળીએ તો એની મશ્કરીને પાત્ર ન બનીએ; એમનામાંના એક થઈ શકીએ.

કહ્યું છે કે :–

અતિ ઉદ્ભટ વેશ ન પહેરીએ,
નવી ધરીએ મલિનતા વેશ એ.

ક્યારેય ઉદ્ભટ વેશ ન પહેરો; એમ જ મલિન વસ્ત્રો પણ ન પહેરો. ઉદ્ભટ વેશવાળો માણસ બધાંની નિંદાનું લક્ષ્યબિંદુ બની જાય છે. માણસ એના બાહ્ય વેશથી નહિ, પણ એની અંદરના વ્યક્તિત્વથી જ આગળ આવી શકે છે. માત્ર લોકોનું મનોરંજન કરવા ખાતર, અને તેવાં વસ્ત્રો પણ ન પહેરો. તેમજ કંજૂસ થઈ મેલાં-ઘેલાં વસ્ત્રો પણ ન પહેરો.

માણસ સારી રીતે કાંઈ કપડાં અને દાગીનાથી નથી શોભતો પણ પોતાના વ્યક્તિત્વથી શોભે છે આમાં

કરકસર અને કંજૂસાઈનો ભેદ પણ આપણે સમજવો જોઈએ. સારાં ને શોખ્ખાં કપડાંથી માણસની પ્રતિભા બહાર આવે છે; સાદાં ને સ્વચ્છ વસ્ત્રો પહેરીને સભ્ય સમાજમાં તમે તમારું સ્થાન મેળવી શકો છો.

લોકપ્રિય બનવા માટે બીજી વાત એ છે કે દરેક માણસે પોતાના કુટુંબની સ્થિતિને અનુરૂપ કાંઈક દાન કરવું જોઈએ. તમારી આવતી કાલ કેવી ઊગશે એનું તમને ભાન નથી. એ તમારા હાથમાં નથી. તમારા હાથમાં જે છે તે માત્ર આજની પળ. માટે જ 'આજ આજ ભાઈ અત્યારે'નો મંત્ર યાદ રાખો. આપણે તો વર્તમાનને ઓળખીને સુયોગ્ય જીવન જીવવાનું છે. એને માટે કોઈને ભરોસે બેસી રહેવાય નહિ. જીવનમાં પાછળથી પશ્ચાત્તાપ કરવો પડે એવું ઇચ્છતા ન હો તો આવતીકાલનું કાર્ય આજે જ કરી લો. ધર્મના કામમાં આજના સમયનો સદુપયોગ કરી નાખો.

જીવનને અંતે લઈ જવાનું ભાતું આપણે અત્યારથી જ તૈયાર કરવાનું છે. મરાઠીમાં દાનને 'દેવ' કહે છે; એટલે કે જેના અંતરમાં દેવ વસ્યો હોય એને જ દાનનો વિચાર આવે છે. જેનામાં લેવાની અને લૂંટવાની ઇચ્છા છે તેનામાં દેવત્વનો અંશ નથી હોતો. અનાદિકાળથી લેવાનું કામ તો માનવી કરતો જ આવ્યો છે; આજે હવે દેવાનો સમય આવ્યો છે. એનો ઉપયોગ કરો.

છતી શક્તિએ દાન ન દેવું એ અપરાધ છે

તમારી પાછળ કોઈ તમારે માટે એમ ન કહે કે 'આપણે આપી શકશો નહિ. જીવનમાં મશહૂર બનવું કે આપણ, એ આમ તમારા જ હાથમાં અત્યારે છે.

લોકપ્રિયતા કેળવવા માટે એક બીજો ગુણ પણ જરૂરી છે કે સાધુનાં વચનો પર કદી રોષ ન કરવો પણ એનાથી પ્રસન્ન થવું. એમની શિખામણ સાંભળતાં રીસ ન કરવી. તમારા જીવનના ઉત્થાન માટે જે મહાપુરુષો તમને ઉપદેશથી શિખામણ આપે છે એ તમારા હિતસ્વી છે. એમને તમારી પાસેથી કાંઈ મેળવવાની ઇચ્છા નથી હોતી. આગમ અને ગુરુ તો તમારા જીવનનો અરીસો છે. માણસની ખરી જાત જેમ અરીસામાં દેખાય છે તેમ તેઓ તમારા આત્માની સાચી ઓળખાણ તમને કરાવે છે. આગમના અરીસામાં જોનારને પોતાના સદ્ગુણો અને દુર્ગુણો સ્પષ્ટપણે દેખાઈ આવે છે.

ગુરુનાં વચનો સાંભળી ગુસ્સે થતો માણસ કદી પણ લોકપ્રિય બની શકતો નથી. ગુરુ એટલે આપણાં વકીલ. એમનાં વચનો આદર અને સદ્ભાવથી સાંભળો તો એમાંથી તમને તમારો સાચો પંથ દેખાશે. ગુરુ માત્ર આદરણીય છે. સદ્ગુણમાં આપણાથી જે વધારે ઉચ્ચ કોટિને હોય એ સૌ આપણા આદરણીય છે. લોકપ્રિયતાની આ ગુરુ-ચાવી છે અને માનવીએ તે હાથમાં લેવી એ અત્યંત જરૂરી છે.

લોકપ્રિય થવા માગતા માણસે કેવા પ્રકારનો ત્યાગ

કરવાનો અને શાનો સ્વીકાર કરવાનો છે તે આપણે જોઈ રહ્યા છીએ. જ્યા સુધી માણસ ખરાબને છોડે નહિ ત્યા સુધી એના જીવનમાં સારી વસ્તુ આવી શકતી નથી. ખરાબ વસ્તુ સારીને પણ ખરાબ કરી નાખે છે જો દુર્ગુણો અંદરથી જાય નહિ તો સદ્ગુણો સ્વભાવમા ટકે નહિ. સદ્ગુણોને લાવવા માટે આપણે પ્રથમ તો દુર્ગુણોને હટાવવાના છે આપણુ જીવન આજે સેળભેળ્યુ સોનુ થઈ ગયુ છે તે સદ્ગુણ અને દુર્ગુણનુ મિશ્રણ છે સદ્ગુણો આપણા જીવનમાં છે જ પણ દુર્ગુણના આવરણોને લીધે આજે તેનુ દર્શન થઈ શકતુ નથી.

શક્તિ હોવા છતા કામ ન કરવુ તે શક્તિ લોપ થવાનુ પાપ છે દાન, જ્ઞાન, વક્તૃત્વ ઇત્યાદિ શક્તિ જેની પાસે હોય તેણે તેનો ઉપયોગ કરવો જરૂરી છે શક્તિ તો જેમ વપરાય છે તેમ તેનો વધારો થાય છે કામમાથી જ માણસને નવુ જ્ઞાન ને બોધ મળે છે આમ, કામ માણસના જીવનમાં અગત્યનો ભાગ ભજવે છે આપણી આ શક્તિઓનો વિકાસ કરવો જરૂરી છે જીવનમા ગુરુતા આવી કે લઘુતામાંથી એક લાવવી એ ખોટુ છે

કામ કરતાં પહેલા તેની અસફળતાનો ભય માણસને ઘણીવાર એના કામમા અવરોધ કરે છે પણ આપણે યાદ રાખવું જોઈએ કે દરેક માણસમા ઓછાવત્તા પ્રમાણમાં મૂળભૂત શક્તિઓ તો પડી જ છે ભગવાન અને મનુષ્યનો આત્મા તો એક જ સરખો છે એટલે માણસ પણ ધારે

તો ભગવાન બની શકે; પણ આ માટે એણે ભગવાનના ગુણો કેળવવાની જરૂર રહે છે.

આજે મનુષ્યને પોતાની શક્તિઓ ક્યાં ક્યાં ઈને પડેલી છે તેની ખબર નથી. માણસને હવે એને શોધીને જીવનના ઉપયોગમાં લેવાની છે. શક્તિઓને કામ લે વાપરતી રાખીએ તો જ એ જીવતી રહેશે; ભાવવાથી તો એ કુંઠિત થઈ જશે.

માણસ જ્યારે કોઈ પણ નવું કામ શરૂ કરે ત્યારે એની નિંદા થાય છે; પણ વખત જતાં પછી લોકો એને માન આપે છે. કવિ નાનાલાલે જ્યારે એમની અપદ્યાગદ્ય શૈલી શોધી પહેલી સાહિત્યક્ષેત્રે રજૂ કરી ત્યારે બધાએ એનો વિરોધ કર્યો હતો. એને વખોડી કાઢી હતી; પણ આજે એમની એ શોધનશૈલી ઉપર લોકો વાહવાહ પોકારે છે.

માણસે એ પણ યાદ રાખવાનું છે કે એ આખી દુનિયાને છેતરી શકે છે, પણ પોતાના આત્માને એ છેતરી શકવાનો નથી. પોતાની શક્તિઓને ગોપવવી એ તો આત્મા પ્રત્યેનો મોટામાં મોટો અપરાધ છે. કાળ ચાલ્યો જાય છે અને માણસ પણ એક દિવસ ચાલ્યો જશે પણ સમય ગુમાવે એ એ કામ નહિ કરે તો જગતમાંથી એ સદાને માટે ભૂંસાઈ જશે. માનવમાત્રમાં આ શક્તિઓ પડેલી છે. ભગવાન મહાવીર સ્વામીએ કહ્યું છે કે મારી બધી શક્તિઓ તમારામાં પડેલી છે; તમારો આત્મા સર્વ શક્તિમાન છે.

જે માનવી ભગવાન મહાવીરે બતાવેલા સત્યના રાહ ઉપર ચાલે તો આ શક્તિઓ એને જરૂર દેખાશે. આપણે તો એને ઓળખીને માત્ર બહાર જ લાવવાની છે શક્તિઓનુ આ દર્શન થતા માણસના જીવનમાં નવું ચેતન આવે છે

એટલે જીવનમા નિષ્ફળતા મળે. લોકો નિંદા કરે છતા તમને સત્ય લાગે તો તમારા પંથ ઉપર આગળ ચાલ્યા જ જાઓ અને તમને મળેલુ સત્ય દુનિયાની સામે મૂકતા જાઓ સદાય તમારા આત્માની શક્તિને અને તેના અવાજને અનુસરો. પોતાની શક્તિ અનુસાર માણસે મનને કેળવવા માટે કામ કરવાનુ અત્યંત જરૂરી છે હથિયાર ન વાપરવાથી જેમ એને કાટ ચઢી જાય છે તેવું જ અણુવપરાયેલી શક્તિઓનુ છે એટલે મળેલી શક્તિઓનો ઉપયોગ કરો અને વિકસાવો.

જે લોકો જનસમુદાયમાં પૂજાતા હોય તેમની કયારેય મશ્કરી ન કરો. એવા માણસોની મશ્કરીમા આપણે આપણી જાતની મશ્કરી કરી રહ્યા છીએ. આ જ પ્રમાણે બહેનો અને વૃદ્ધોની પણ કદી મશ્કરી ન કરો. માનજો કે બુઢાપાની મશ્કરી કરનાર માણસ પોતાની યુવાનીની મશ્કરી કરી રહ્યો છે યુવાનો તો શક્તિના પ્રતીક છે આશા સમાન છે યુવાનો માટે બહેનોને એમ લાગવુ જોઈએ કે તેઓ અમારા રખેવાળ છે આવતી કાલના પહેલવાન છે

જૂના કાળમાં માણસ પૈસાને ઠોકર મારી પોતાની જાતને સાચવતા; આજે માણસ પૈસા ખાતર વેચાઈ રહ્યો

છે શ્રીપાળની માતા કમળપ્રભા રાતને વખતે દીવાને લઈને જઈ રહી છે યુવાન રાણી છે શરીર પર રૂપતેજ છે એવામાં પ્રભાતને પહોરે યુવાનોનું એક ટોળું એની સામે આવે છે કમળપ્રભા થરથર ધ્રૂજી ઊઠે છે ત્યાં તો યુવાનોનો આગેવાન આગળ આવે છે અને બહેન કહીને એને સંબોધે છે કમળપ્રભાને એ કહે છે "બહેન! મૂંઝાશો મા. જેને એક ભાઈ પડખે હોય તેને ય કશું કરવાનું નથી રહેતું તો અમે તો અહીં તારા સાતસો ભાઈઓ ઊભા છીએ ત્યારે વળી ડરવાનું શા માટે ?" યુવાનોમાં શક્તિ સાથે આવો સંયમ અને સમજણ આવવી જરૂરી છે

લોકપ્રિયતા મેળવવા માટે ત્રણ વસ્તુઓનો સ્વીકાર કરવો જોઈએ : દાન, વિનય અને વિવેક. જે માણસ વિનયશીલ છે જે મનનો ઉદાર છે તે દુનિયામાં પ્રિય થઈ શકે છે જે અંતરથી આવો ઉદાર છે એ પોતાની પ્રાણથી પ્યારી ચીજ પણ બીજાનું કલ્યાણ થતું હોય તો આપી દેતાં અચકાતો નથી.

દુનિયામાં ઘણા માણસો તો મહેણું સાંભળવાને ખાતર આપે કે માત્ર લેખું કરવા જ આપ્યા હોય એવા દેખાય છે પણ છેવટે ચીઠીનું તેવર આય એવી દશા એમની થાય છે માણસ આમ કંજૂસ બનીને ભાવનાને ખોઈ નાખે છે ઘણા માણસો દાન કર્યા પછી પશ્ચાત્તાપ કરે છે એવા લોકો વાવ્યા પછી એના પુણ્યના દાણાને બાળી નાખે છે. દાન આપ્યા પછી એને આમ બાળી ન

નાખો. દાનનુ મમ તો ઉલ્લાસથી, આનદથી કરો મનના નિસાસા સાથે દીધેલુ દાન એ દાન શબ્દને યોગ્ય નથી

આપણે કહીએ છીએ કે 'અન્ન તેવુ મન અને અન્ન તેવો ઓડકાર' એ સાચી વાત છે પ્રાણનુ સર્જન અન્નને લીધે થાય છે માટે અન્ન શુદ્ધ હોવુ જોઈએ. મદિરમાં અપાતા નિર્માલ્ય ઉપર જો આપણે નજર નાખીએ તો આપણી જિંદગી નિર્માલ્ય થઈ જાય છે નિબળતા આવી જાય છે અને જીવનમાથી અસ્મિતા ચાલી જાય છે પ્રભુનાં ચરણોમા અર્પિત થયેલી વસ્તુ પાછી લેવી એ તો આત્મા અને પરમાત્માને છેતરવાની દષ્ટિ છે માગેલી ભિક્ષાના પૈસા મળ્યા પછી માનવીના જીવનમા આંતરિક સત્ત્વ રહી શકતુ નથી એ યાદ રાખજો

જે વસ્તુઓ નિર્માલ્ય થઈ ગઈ એને વાપરો નહિ, એને કાઢી નાખો મહત્વનુ મેળવવાની ઇચ્છા નહિ, સ્પૃહા નહિ એ જ સાચો મત્ર છે પારકા બળ ઉપર જીવનાર જેવો કાયર જગતમાં બીજો કોઈ નથી સ્વયબળ ઉપર જીવનાર જ ખરો બહાદુર છે જ્યાં સુધી આવુ નિર્માલ્ય જીવન જીવશો ત્યાં સુધી સાચા જીવનનો અર્થ તમને નહિ સમજાય.

દાનની પાછળ તો સમસ્ત આત્માનો આનદ વહેવો જોઈએ. દિલની આવી ઉદારતા એનુ જ નામ સાચુ દાન.

તા. ૧૩-૭-૬

સંપ્રદાયમાં પ્રતિષ્ઠિત એવા તપ ઉપર ઉગ્ર પ્રહાર કરે છે અને તેમ જ્યારે નિર્ગ્રંથ સંપ્રદાયના આચાર અને વિચારનું ખંડન કરે છે ત્યારે એનું એ સંપ્રદાયની પરિભાષામાં ઠીક ઠીક વર્ણન કરીને કરે છે. એનું કારણ પણ આ જ છે. મહાવીર અને બુદ્ધ બન્નેનો ઉપદેશકાળ અમુક સમય સુધી તો જરૂર એક જ હતો, એટલું જ નહીં, તેઓ એકબીજાને મળ્યા વગર પણ અમુક સ્થાનોમાં એકસાથે વિચરતા હતા. તેથી આપણે એ પણ જોઈએ છીએ કે પિટકોમાં નાતપુત્ત નિર્ગંઠ તરીકે મહાવીરનો નિર્દેશ આવે છે.[1]

ચાર યામ અને બૌદ્ધ સંપ્રદાય

બૌદ્ધ પિટકોમાંના દીઘનિકાય અને સંયુત્તનિકાયમાં નિર્ગ્રંથોની ચાર યામની ચર્ચા આવે છે.[2] દીઘનિકાયના સામઞ્ઞફલસુત્તમાં બિંબિસારના પુત્ર અજાતશત્રુ-કુણિકે પોતાની જ્ઞાતપુત્ર મહાવીર સાથે થયેલી મુલાકાતનું વર્ણન બુદ્ધની સામે કર્યું છે. તેમાં જ્ઞાતપુત્ર મહાવીરના મુખે એમ કહેવરાવ્યું છે કે નિર્ગ્રંથ ચાતુર્યામસંવરથી સંયત હોય છે અને તે નિર્ગ્રંથ જ ગતાત્મા અને સ્થિતાત્મા હોય છે. આ જ રીતે સંયુત્તનિકાયના દેવદત્તસુત્તમાં નિક નામે આજીવિક જ્ઞાતપુત્ર મહાવીરને ધ્યાનમાં રાખીને બુદ્ધને કહે છે કે એ જ્ઞાતપુત્ર મહાવીર દાનુ, કુશળ અને ચાતુર્યામ યુક્ત છે. આ બૌદ્ધ ઉલ્લેખોને આધારે આપણે એટલું અનુમાન તારવી શકીએ છીએ કે બુદ્ધ સમયમાં અને એ પછી પણ (બૌદ્ધ પિટકોએ અંતિમ સ્વરૂપ ધારણ કર્યું ત્યાં સુધી પણ) બૌદ્ધ પરંપરા મહાવીરને અને એમના અન્ય નિર્ગ્રંથોને ચાતુર્યામ યુક્ત સમજતા હતા. યામનો અર્થ છે મહાવ્રત. એને યોગશાસ્ત્ર (૨-૩)માં બતાવ્યા મુજબ યમ પણ કહે છે. મહાવીરની નિર્ગ્રંથ પરંપરા અત્યાર લગી પંચમહાવ્રતધારી છે, અને પંચયામની તરીકે જ શાસ્ત્રમાં તથા વ્યવહારમાં પ્રસિદ્ધ છે. આવી

૧ દીઘ૦ ભા૦ સુ૦ ૨

૨. દીઘનિકાય સુ૦ ૨. સંયુત્તનિકાય વૉ૦ ૧, પૃ૦ ૬૬

સ્થિતિમાં બૌદ્ધ ગ્રંથોમાં મહાવીર અને અન્ય નિર્ગ્રંથો ચારે ચાર મહાવ્રતધારી રૂપે જે ઉલ્લેખ છે એનો શો અર્થ સમજવો?—આવો પ્રશ્ન આપોઆપ ઊભો થાય છે.

આનો જવાબ આપણને ઉપલબ્ધ જૈન આગમોમાંથી મળી રહે છે. સદ્ભાગ્યે ઉપલબ્ધ આગમોમાં પ્રાચીન એવા અનેક સ્તરો સચવાઈ રહ્યા છે કે જે કેવળ મહાવીરના સમયની નિર્ગ્રંથ પરંપરાની સ્થિતિ ઉપર જ નહીં પણ એની પહેલાંની પાર્શ્વાપત્યિક નિર્ગ્રંથ પરંપરાની સ્થિતિ ઉપર પણ સ્પષ્ટ પ્રકાશ પાડે છે. ભગવતી અને ઉત્તરાધ્યયન જેવા આગમોમાં[1] વર્ણન આવે છે કે પાર્શ્વાપત્યિક નિર્ગ્રંથ, જેઓ ચારમહાવ્રતધારી હતા, એમનામાં ઘણાએ મહાવીરના શાસનનો સ્વીકાર કરીને એમણે પ્રરૂપેલ પાંચ મહાવ્રતોને ધારણ કર્યાં હતાં અને જૂની ચાર મહાવ્રતોની પરંપરાને બદલી નાખી હતી; જ્યારે કેટલાક એવા પણ પાર્શ્વાપત્યિક નિર્ગ્રંથો હતા કે જેમણે પોતાની ચાર મહાવ્રતની પરંપરાને જ ચાલુ રાખી હતી.[2] મહાવીરે ચાર મહાવ્રતોના સ્થાને પાંચ મહાવ્રતોની સ્થાપના શા માટે કરી અને ક્યારે કરી, આ પણ એક ઐતિહાસિક સવાલ છે. મહાવીરે પાંચ મહાવ્રતોની સ્થાપના શા માટે કરી?—આ સવાલનો જવાબ તો જૈન ગ્રંથો આપે છે પણ એ સ્થાપના ક્યારે કરી?—આનો જવાબ એ નથી આપતા. અહિંસા, સત્ય, અસ્તેય, અપરિગ્રહ આ ચાર યામો—મહાવ્રતોની પ્રતિષ્ઠા ભગવાન પાર્શ્વનાથે કરી હતી, પણ ક્રમે ક્રમે નિર્ગ્રંથ પરંપરામાં એવી શિથિલતા આવી ગઈ કે કેટલાક નિર્ગ્રંથો 'અપરિગ્રહ'નો અર્થ 'સંગ્રહ ન કરવો' એટલો જ કરીને સ્ત્રીઓનો સંગ્રહ કે પરિગ્રહ કર્યા વગર પણ એમનો સંપર્ક રાખતા હતા અને એમ માનતા હતા કે એથી અ

૧. ઉત્થાન નો મહાવીરાંક (સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સ, મુંબઈ) પૃ. ૧

૨. એજન.

પરિગ્રહત્યાગનો ભંગ થતો નથી. આ શિથિલતાને દૂર કરવા માટે ભગવાન મહાવીરે બ્રહ્મચર્ય વ્રતને અપરિગ્રહથી જુદું સ્થાપ્યું અને એના સર્વ શુદ્ધિ સાચવવાનો પ્રયત્ન કર્યો. મહાવીરે પોતાના ઉપદેશમાં બ્રહ્મચર્ય જેવા વ્રતને ધ્યેય સમાન બ્રહ્મચર્યને અપરિગ્રહથી જુદી સ્થાપના જ્યારે કરી, એ તો કંઈ ચાલ એમ નથી, પણ એમણે આ સ્થાપના એવી ભારપૂર્વક કરી કે જેને લીધે પછીની સમસ્ત નિર્ગ્રંથ પરંપરા પાંચ મહાવ્રતોની જ પ્રતિજ્ઞા કરવા લાગી, અને જે ચાતુર્યામ પાર્શ્વાપત્યિક નિર્ગ્રંથો મહાવીરના પંચમહાવ્રત-શાસનથી જુદા રહ્યા એમનું આગળ જતાં કોઈ અસ્તિત્વ જ ન રહ્યું. જો બૌદ્ધ પિટકોમાં અને જૈન આગમોમાં ચાર મહાવ્રતનો નિર્દેશ છે એવું વર્ણન ન આવત તો આજે એ પણ ન જાણી શકાત કે પાર્શ્વાપત્યિક પરંપરા ક્યારેક ચારમહાવ્રતધારી પણ હતી.

ઉપરની ચર્ચાથી એટલું તો આપોઆપ વિદિત થઈ જાય છે કે પાર્શ્વાપત્યિક નિર્ગ્રંથ પરંપરામાં દીક્ષા લેનારા જ્ઞાતપુત્ર મહાવીરે પહેલાં પણ ચાર મહાવ્રતો જ ધારણ કર્યા હતાં, પરંતુ સાંપ્રદાયિક પરિસ્થિતિ જોઈને એમણે એ બાબતમાં ક્યારેક ને ક્યારેક સુધારો કર્યો. આ સુધારાની સામે પ્રાચીન નિર્ગ્રંથ પરંપરામાં કેવી ચર્ચા કે તર્કવિતર્ક થતાં હતાં એનો આછો આભાસ આપણને ઉત્તરાધ્યયન સૂત્રમાંના કેશિ-ગૌતમ સંવાદમાંથી મળે છે. એમાં કહેવામાં આવ્યું છે કે કેટલાક પાર્શ્વાપત્યિક નિર્ગ્રંથોમાં એવો વિતર્ક થવા લાગ્યો હતો કે જ્યારે પાર્શ્વનાથ અને મહાવીરનું એકમાત્ર ધ્યેય મોક્ષ જ છે, ત્યારે એ બન્નેના મહાવ્રત સંબંધી ઉપદેશોમાં ફરક કેમ?[1] આ સમસ્યાને કેશીએ ગૌતમની સામે રજૂ કરી અને ગૌતમે એનો ખુલાસો કર્યો. કેશી પ્રસન્ન થયા અને એમણે મહાવીરના શાસનને સ્વીકારી લીધું. આટલી ચર્ચા ઉપરથી આપણે સહેલાઈથી નીચે પ્રમાણે

૧. ઉત્તરાધ્યયન ૨૩. ૧૧, ૧૩, ૨૩-૨ વગેરે

નિષ્કર્ષ ઉપર પહોંચી શકીએ છીએ —

(૧) મહાવીરની પહેલાં ઓછામાં ઓછું પાર્શ્વનાથના સમયથી શરૂ કરીને, નિર્ગ્રંથ પરંપરામાં ચાર મહાવ્રતોની જ પ્રથા હતી જેને ભગવાન મહાવીરે ક્યારેક ને ક્યારેક બદલી, અને પાંચ મહાવ્રતરૂપે એનો વિકાસ કર્યો એ જ વિકસિત રૂપ અત્યાર સુધીના બધાય જૈન ફિરકાઓમાં નિર્વિવાદ રૂપે માન્ય છે અને ચાર મહાવ્રતોની પ્રાચીન પ્રથા માત્ર ગ્રંથોમાં જ સચવાઈ રહી છે

(૨) બુદ્ધ ખુદ અને એમના સમકાલીન કે ઉત્તરકાલીન બધાય ભિક્ષુઓ નિર્ગ્રંથ પરંપરાને કેવળ ચારમહાવ્રતધારી જ માનતા હતા. અને મહાવીરના પંચમહાવ્રત સંબંધી આંતરિક સુધારાથી તેઓ અપરિચિત હતા. જે વાત બુદ્ધે એકવાર કહી અને જે સામાન્ય જનતામાં પ્રસિદ્ધ થઈ એને જ તેઓ પોતાની રચનાઓમાં ફરી ફરી કહેતા ગયા.

બુદ્ધે પોતાના સંઘને માટે મુખ્ય પાંચ શીલ કે વ્રત દર્શાવ્યાં છે જે સંખ્યાની દૃષ્ટિએ તો નિર્ગ્રંથ પરંપરાના યમો સાથે મળતાં છે પણ બન્ને વચ્ચે થોડું અંતર છે આ અંતર એ છે કે નિર્ગ્રંથ પરંપરામાં પાંચમું વ્રત અપરિગ્રહ છે જ્યારે બૌદ્ધ પરંપરામાં મદ્ય વગેરેનો ત્યાગ એ પાંચમું શીલ છે

જો કે બૌદ્ધ ગ્રંથોમાં કોઈ કોઈ સ્થળે ચતુર્યામનો નિર્દેશ આવે છે પણ ત્યાં પિટકોમાં તથા એની વ્યાખ્યાઓમાં ચતુર્યામનો જે અર્થ કરવામાં આવ્યો છે તે ખોટો તથા અસ્પષ્ટ છે[1] આમ કેમ થયું હશે?—એવો પ્રશ્ન થયા વિના નથી રહેતો. નિર્ગ્રંથ પરંપરા જેવી પોતાની પાડોશી સમકાલીન અને અતિપ્રસિદ્ધ પરંપરાના ચાર યામોના સંબંધમાં બૌદ્ધ લેખકો આટલા અજાણ કે અસ્પષ્ટ હોય એ જોઈને શરૂ શરૂમાં તો નવાઈ લાગે છે પણ જ્યારે આપણે સાંપ્રદાયિક સ્થિતિનો વિચાર

૧ દીઘનિકાય સુ ૨ દીઘનિકાય સુમંગલા ટીકા પૃ ૧૧૭

કરીને ઊભો ત્યારે એ નવાઈ દૂર થઈ જાય છે. કોઈ પણ બૌદ્ધને ગ્રી ન સમજાતાને પૂરો ન્યાય નથી આપ્યો. એવું પણ બન્યું હોય કે મૂળમાં બુદ્ધ તથા એમના સમકાલીન શિષ્યો ચાતુર્યામનો પૂરો અને સાચો અર્થ જાણતા હોય—એ અર્થ સર્વત્ર પ્રસિદ્ધ પણ હોય—તોય એ જણાવવાની જરૂર ન રહેવાઈ હોય, પણ જેમ જેમ શિષ્યોનું સં-તાન વધતું ગયું તેમ તેમ ચાતુર્યામનો અર્થ સ્પષ્ટ કરવાની જરૂર રહેવાઈ હોય. કોઈ બૌદ્ધ ભિક્ષુએ, કલ્પનાને બળે એના અર્થની પૂર્તિ કરી, એ આગળ જતાં જેમની તેમ ચાલુ રહી, અને કોઈએ એ ન તપાસ્યું કે ચાતુર્યામનો આ અર્થ નિર્ગ્રંથ પરંપરાને માન્ય છે કે નહીં! બૌદ્ધોના સંબંધમાં જૈનોના હાથે પણ આવો વિપર્યાસ થયેલો ક્યાંક ક્યાંક જોવામાં આવે છે.[1] કોઈ પણ સંપ્રદાયની માન્યતાનું પૂરું સ્વરૂપ તો એના ગ્રંથો અને એની પરંપરાથી જ નક્કી થાય છે.

[[illegible] ભા ૧ ૫ ૧ ૧ ૦૦-૧]

૧ સરખાવો ૧ ૧ ૨, ૧ [illegible]

કરીએ છીએ ત્યારે એ ન્યાય દૂર થઈ જાય છે. કોઈ પણ સંપ્રદાયે અમિત સંપ્રદાયને પૂરો ન્યાય નથી આપ્યો. એવું પણ બન્યું છે કે પ્રાણમાં ગુરુ તથા એમના સમકાલીન શિષ્યો અહિંસાનો પૂરો અને સાચો અર્થ જાણતા હોય—એ અર્થ સર્વત્ર પ્રસિદ્ધ પણ હોય—તોપણ એ વ્યાપકતાની નજર ન કેળવાઈ હોય, પણ જેમ જેમ વિરોધ લોકમત વધ્યું ગયું તેમ તેમ અહિંસાનો અર્થ સ્પષ્ટ કરવાની જરૂર ઊભી થઈ. કોઈ બૌદ્ધ ભિક્ષુએ, કાપાલિકે ગમે, એના અર્થની પુષ્ટિ કરી, એ ૮ આગળ ચાલી તેમ તેમ ચાલુ રહી, અને કોઈએ એ ન વિચાર્યું કે અહિંસાનો આ અર્થ વિરોધ પર પરાને માન્ય છે કે નહીં! બૌદ્ધના કાળમાં જૈનોના હાથે પણ આવો વિપ્લવ થયેલો જ્યાં ક્યાંક જોવામાં આવે છે.[1] કોઈ પણ સંપ્રદાયની માન્યતાનું પૂર્ણ સ્વરૂપ તો એના ગ્રંથો અને એની પરંપરાથી જાણી શકાય છે.

[જ્યોતિ ભા ૧ ૪ ૧ ૧૯, ૧૯૦૧]

જૈન સમાજમાં જન્મેલ અને જૈન કહેવાનાર વ્યક્તિમાં જ સંભવ છે એમ નથી. સામાન્ય લોકો જેને જૈન માને છે અથવા જેઓ પોતાની જાતને જૈન કહે છે એમનામાં જો આંતરિક યોગ્યતા ન હોય તો એ હૃદયનો સંભવ ન સમજવો અને જૈન નહીં કહેવાનાર વ્યક્તિઓમાં પણ જો સાચી યોગ્યતા હોય તો એ હૃદયનો સંભવ છે. આ રીતે જ્યારે સંસ્કૃતિનું બાહ્ય રૂપ સમાજમાં જ મર્યાદિત હોવાથી બીજા સમાજમાં એ સુલભ નથી હોતું ત્યારે સંસ્કૃતિનું હૃદય, એ સમાજના અનુયાયીઓની જેમ અન્ય સમાજના અનુયાયીઓમાં પણ હોઈ શકે છે. સાચી વાત તો એ છે કે સંસ્કૃતિનું હૃદય કે એનો આત્મા એટલો બધો વ્યાપક અને સ્વતંત્ર હોય છે કે એને દેશ, કાળ, જાતિ, ભાષા અને રીતરિવાજો ન તો મર્યાદિત બનાવી શકે કે ન તો પોતાની સાથે બાંધી શકે છે.

જૈન સંસ્કૃતિનું હૃદય : નિવર્તક ધર્મ

પ્રશ્ન એ છે કે જૈન સંસ્કૃતિનું હૃદય શું ચીજ છે? આનો ટૂંકો જવાબ તો એ છે કે નિવર્તક ધર્મ જૈન સંસ્કૃતિનો આત્મા છે. જે ધર્મ નિવૃત્તિ અપાવનારો અર્થાત્ પુનર્જન્મના ચક્રનો નાશ કરાવનારો હોય અથવા એ નિવૃત્તિના સાધનરૂપે જે ધર્મનો પ્રાદુર્ભાવ, વિકાસ અને પ્રચાર થયો હોય, એ નિવર્તક ધર્મ કહેવાય છે. આનો મૂળ અર્થ સમજવા માટે પ્રાચીન છતાં સમકાલીન અન્ય ધર્મોના સ્વરૂપ સંબંધી થોડોક વિચાર કરવો જરૂરી છે.

ધર્મોનું વર્ગીકરણ

અત્યારે દુનિયામાં જેટલા ધર્મ જીવિત છે અથવા જેના વિષે થોડો પણ ઇતિહાસ મળે છે એ બધાના આંતરિક સ્વરૂપનું જો વર્ગીકરણ કરવામાં આવે તો મુખ્યપણે એમને બે વિભાગોમાં વહેંચી શકાય —

(૧) પહેલો એ વિભાગ કે જે વર્તમાન જન્મનો વિચાર કરે છે

ખોરાક ઉપરાંત બીજા લોકો પણ પોતાની આંખ કાન વગેરે બાહ્ય ઇંદ્રિયો દ્વારા જાણી શકે છે. પણ સંસ્કૃતિનું આંતરિક સ્વરૂપ એવું નથી હોતું. કારણ કે કોઈ પણ સંસ્કૃતિના આંતરિક સ્વરૂપનો સાક્ષાત્ આકલન તો ફક્ત એને જ થાય છે કે જે એને પોતાના જીવનમાં ઓતપ્રોત કરી દે છે. બીજા લોકો એને જાણવા ચાહે તો એનું સાક્ષાત્ પ્રત્યક્ષ નથી કરી શકતા. પણ એ આંતરિક સંસ્કૃતિને પોતાના જીવનમાં ઉતારનાર પુરુષ કે પુરુષોના જીવન-વ્યવહારો ઉપરથી તેમ જ તેની આસપાસના વાતાવરણ ઉપર પડેલી અસરો ઉપરથી તેના કોઈ પણ આંતરિક સંસ્કૃતિનો અંદાજ મેળવી શકાય છે. અહીં મારે મુખ્યત્વે જૈન સંસ્કૃતિના એ સ્વરૂપનો કે જેનો પરિચય આપવો છે તે મોટે ભાગે આગમ માંથી જાણેલી કલ્પના તથા અનુમાન પર જ આધાર રાખે છે.

જૈન સંસ્કૃતિનું બાહ્ય સ્વરૂપ

જૈન સંસ્કૃતિના બાહ્ય સ્વરૂપમાં બીજી સંસ્કૃતિઓના બાહ્ય સ્વરૂપની જેમ, અનેક વસ્તુઓનો સમાવેશ થાય છે. શાસ્ત્ર, એની ભાષા, મંદિર, એનું સ્થાપત્ય, મૂર્તિ વિધાન, ઉપાસનાના પ્રકાર, એમાં કામ આવનારાં ઉપકરણો તથા વસ્તુઓ, સમાજના ખાન-પાનના નિયમો, ઉત્સવો, તહેવારો વગેરે અનેક વિષયોનો જૈન સમાજ સાથે ખાસ સંબંધ છે અને પ્રત્યેક વિષય પોતપોતાનો ખાસ ઇતિહાસ પણ ધરાવે છે. આ બધી બાબતો બાહ્ય સંસ્કૃતિનાં અંગ છે. પણ એવો કોઈ નિયમ નથી કે જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે આ અને એવાં બીજાં અંગો મોજૂદ હોય ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે એનું હૃદય પણ અવશ્ય હોવું જોઈએ. બાહ્ય અંગો હોવા છતાં કેટલીક વાર હૃદયનો અભાવ હોય છે અને બાહ્ય અંગોના અભાવમાં સંસ્કૃતિના હૃદયની સંભાવના હોય છે. આ દૃષ્ટિને સામે રાખીને વિચાર કરનાર કોઈ પણ વ્યક્તિ એ વાત સારી રીતે સમજી શકશે કે સંસ્કૃતિનું હૃદય, તેનું વર્ણન હું અહીં કરવાનો છું, એનો

પ્રવર્તક ધર્મ

બીજો વિચારક વર્ગ જીવનમાં શરીર-સુખને સાધ્ય તરીકે તો માને છે પણ એ માને છે કે વર્તમાન જન્મમાં જેવા સુખનો સંભવ છે એવું જ સુખ પ્રાણી મરીને પુનર્જન્મ ધારણ કરે છે ત્યારે—જન્મ-જન્માંતરમાં—પણ પ્રાપ્ત રહે છે અને એ રીતે શારીરિક-માનસિક સુખોના ઉત્કર્ષ-અપકર્ષની પરંપરા ચાલતી રહે છે જેવી રીતે આ જન્મમાં એવી જ રીતે જન્માંતરમાં પણ જો આપણે સુખી થવું હોય કે વધારે સુખ મેળવવું હોય, તો એ માટે આપણે ધર્માનુષ્ઠાન પણ કરવાં પડશે. અર્થોપાર્જન વગેરે સાધન ભલે વર્તમાન જન્મમાં ઉપકારક થાય, પણ જન્માંતરના ઉચ્ચ અને ઉચ્ચતર સુખને માટે આપણે ધર્માનુષ્ઠાન અવશ્ય કરવાં જોઈએ. આવી વિચારસરણી ધરાવતા લોકો તરેહતરેહનાં ધર્માનુષ્ઠાનો કરતા હતા, અને એની દ્વારા પરલોકનાં ઉચ્ચ સુખો મેળવવાની શ્રદ્ધા પણ ધરાવતા હતા. આ વર્ગ આત્મવાદી અને પુનર્જન્મવાદી તો છે જ પણ એની કલ્પના જન્મ-જન્માંતરમાં વધારે ને વધારે સુખ પ્રાપ્ત કરવાની તથા સુખને વધારેમાં વધારે વખત સુધી સ્થિર રાખવાની હોવાને લીધે એમનાં ધર્માનુષ્ઠાનોને પ્રવર્તક ધર્મ કહેવામાં આવેલ છે. પ્રવર્તક ધર્મનો ટૂંકમાં સાર એ છે કે જે અને જેવી સમાજવ્યવસ્થા હોય એને એવી નિયમબદ્ધ અને કર્તવ્યબદ્ધ બનાવવી કે જેથી સમાજનો પ્રત્યેક સભ્ય, પોતપોતાની સ્થિતિ અને કક્ષા પ્રમાણે, સુખ મેળવે અને સાથોસાથ એવા જન્માંતરની તૈયારી કરે કે જેથી બીજા જન્મમાં પણ એ વર્તમાન જન્મ કરતાં વધારે અને સ્થાયી સુખને મેળવી શકે. પ્રવર્તક ધર્મનો ઉદ્દેશ સમાજવ્યવસ્થાની સાથોસાથ જન્માંતરને સુધારવો એ છે નહીં કે જન્માન્તરનો ઉચ્છેદ કરવો. પ્રવર્તક ધર્મ પ્રમાણે કામ, અર્થ અને ધર્મ એ ત્રણ પુરુષાર્થ છે એમાં મોક્ષ નામના ચોથા પુરુષાર્થની કોઈ કલ્પના નથી. પ્રાચીન ઈરાની આર્યો જેઓ અવેસ્તાને ધર્મગ્રંથ તરીકે માનતા હતા અને પ્રાચીન વૈદિક

(૨) બીજો એ કે જે વર્તમાન જન્મ ઉપરાંત જન્માંતરનો પણ વિચાર કરે છે.

(૩) ત્રીજો એ વિચાર કે જે જન્મજન્માંતર ઉપરાંત એના પર કે ઉત્કર્ષનો પણ વિચાર કરે છે.

અનાત્મવાદ

અત્યારની જેમ ઘણા પ્રાચીન સમયમાં પણ એવા વિચારકો હતા કે જેઓ વર્તમાન જીવનમાં પ્રાપ્ત થતા સુખની પેલે પાર કોઈ સુખ છે એવી કલ્પનાથી ન તો પ્રેરાતા કે ન તો એનાં સાધનોની શોધમાં સમય વિતાવવો ઠીક માનતા. તેમનું ધ્યેય વર્તમાન જીવનનો સુખ-ભોગ જ હતું અને તેઓ આ ધ્યેયને પાર પાડવા માટે બધાં સાધનોનો સંગ્રહ કરતા હતા. તેઓ માનતા હતા કે આપણે જે કંઈ કરીએ તે આ જન્મ સુધી જ કરીએ, અને મરણ બાદ આપણે ફરી જન્મ થઈ શકતા નથી. બહુ બહુ તો આપણા પુત્ર એ આપણી સંતતિ ચાલુ રહે એ જ છે. તેથી આપણે જે કંઈ સુકૃત કરીશું, એનું ફળ આ જન્મ પછી ભોગવવા માટે આપણે જન્મવાના નથી. આપણી કરણીનું ફળ આપણાં સંતાન કે આપણ સમાજ ભોગવી શકે છે. એને પુનર્જન્મનું નામ આપવું હોય તો એમાં અમારો કોઈ વાંધો નથી. આવો વિચાર કરનાર વર્ગને આપણાં પ્રાચીન શાસ્ત્રોમાં પણ અનાત્મવાદી કે નાસ્તિક એવાં નામો છે એ જ વર્ગ ક્યારેક આગળ જતાં, ચાર્વાક તરીકે ઓળખાવા લાગ્યો. આ વર્ગની દૃષ્ટિમાં સાધ્ય પુરુષાર્થ એક માત્ર કામ અર્થાત્ સુખભોગ જ છે અને એના સાધન તરીકે એ વર્ગ ન તો ધર્મની કલ્પના કરે છે કે નથી તત્સંબંધી વિધિવિધાનોનો વિચાર કરતો. તેથી જ આ વર્ગને કેવળ કામપુરુષાર્થી કે બહુ બહુ તો અર્થ અને કામ એ બે પુરુષાર્થને માનનાર કહી શકાય.

પ્રવર્તક ધર્મ

બીજો વિચારક વર્ગ જીવનમાં શરીર-સુખને સાધ્ય તરીકે તો માને છે પણ એ માને છે કે વર્તમાન જન્મમાં જેવા સુખનો સંભવ છે એવું જ સુખ પ્રાણી મરીને પુનર્જન્મ ધારણ કરે છે ત્યારે-જન્માન્તરમાં-પણ સંભવ રહે છે અને એ રીતે શારીરિક-માનસિક સુખોના ઉત્કર્ષ-અપકર્ષની પરંપરા ચાલતી રહે છે જેવી રીતે આ જન્મમાં એવી જ રીતે જન્માંતરમાં પણ જો આપણે સુખી થવું હોય કે વધારે સુખ મેળવવું હોય તો એ માટે આપણે ધર્માનુષ્ઠાન પણ કરવું જોઈએ. અર્થોપાર્જન વગેરે સાધન ભલે વર્તમાન જન્મમાં ઉપકારક થાય, પણ જન્માંતરના ઉચ્ચ અને ઉચ્ચતર સુખને માટે આપણે ધર્માનુષ્ઠાન અવશ્ય કરવાં જોઈએ. આવી વિચારસરણી ધરાવતા લોકો ભાતભાતનાં ધર્માનુષ્ઠાનો કરતાં હતા, અને એની દ્વારા પરલોકનાં ઉચ્ચ સુખો મેળવવાની આશા પણ ધરાવતા હતા. આ વર્ગ આત્મ-વાદી અને પુનર્જન્મવાદી તો છે જ પણ એની કલ્પના જન્મ-જન્માંતરમાં વધારે ને વધારે સુખ પ્રાપ્ત કરવાની તથા સુખને વધારેમાં વધારે વખત સુધી સ્થિર રાખવાની હોવાને લીધે એમનાં ધર્માનુષ્ઠાનોને પ્રવર્તક ધર્મ કહેવામાં આવેલ છે. પ્રવર્તક ધર્મનો ટૂંકમાં સાર એ છે કે જે અને જેવી સમાજવ્યવસ્થા હોય એને એવી નિયમબદ્ધ અને કર્તવ્યબદ્ધ બનાવવી કે જેથી સમાજનો પ્રત્યેક સભ્ય, પોતપોતાની સ્થિતિ અને કક્ષા પ્રમાણે સુખ મેળવે અને સાથોસાથ એવા જન્માંતરની તૈયારી કરે કે જેથી બીજા જન્મમાં પણ એ વર્તમાન જન્મ કરતાં વધારે અને સ્થાયી સુખને મેળવી શકે. પ્રવર્તક ધર્મનો ઉદ્દેશ સમાજવ્યવસ્થાની સાથોસાથ જન્માંતરને સુધારવો, એ છે નહીં કે જન્માન્તરનો ઉચ્છેદ કરવો. પ્રવર્તક ધર્મ પ્રમાણે કામ, અર્થ અને ધર્મ એ ત્રણ પુરુષાર્થ છે એમાં મોક્ષ નામક ચોથા પુરુષાર્થની કોઈ કલ્પના નથી. પ્રાચીન ઈરાની આર્યો જેઓ અવેસ્તાને ધર્મગ્રંથ તરીકે માનતા હતા અને પ્રાચીન વૈદિક

આવી, તેઓ મંત્ર અને બ્રાહ્મણરૂપ વેદભાગને જ માનતા હતા, એ બધાય ઉપયુક્ત પ્રવર્તક ધર્મના અનુયાયી છે. આગળ જતાં વૈદિક દર્શનોમાં મીમાંસા-દર્શન એ નામે જે કર્મકાંડી દર્શન પ્રસિદ્ધ થયું, એ પ્રવર્તક ધર્મનું જીવંત રૂપ છે.

નિવર્તક ધર્મ

નિવર્તક ધર્મ એ ઉપર સૂચવેલ પ્રવર્તક ધર્મનો ખાસ વિરોધી છે. જે વિચારકો આ લોક ઉપરાંત લોકાંતર અને જન્માંતરને માનનારા થયેલા, એ જન્મચક્રને ધારણ કરનાર આત્માને તો પ્રવર્તક ધર્મવાદીઓની જેમ, માનતા જ હતા પણ સાથે સાથે જ તેઓ જન્માંતરમાં પ્રાપ્ત થતા ઉચ્ચ, ઉચ્ચતર અને ચિરસ્થાયી સુખથી સંતુષ્ટ ન હતા. એમની દૃષ્ટિ એ હતી કે આ જન્મમાં કે જન્માંતરમાં ગમે તેટલું ઊંચું સુખ કેમ ન મળે, અને એ ગમે તેટલા લાંબા સમય સુધી કેમ ન રહે, પણ જો એ સુખ ક્યારેક ને ક્યારેક પણ નષ્ટ થવાનું હોય, તો એ ઉચ્ચ અને ચિરસ્થાયી સુખ પણ અંતે નિકૃષ્ટ સુખની કોટિનું જ હોવાથી ઉપાદેય ન થઈ શકે. એ લોકો એવા કોઈ સુખની શોધમાં હતા કે જે એકવાર પ્રાપ્ત થયા પછી ક્યારેય નાશ ન પામે. આ શોધની સૂઝથી એમને મોક્ષ-પુરુષાર્થનો સ્વીકાર કરવાનું અનિવાર્ય લાગ્યું. તેઓ માનવા લાગ્યા કે આત્માની એક એવી પણ સ્થિતિ સંભવી શકે છે કે જેને પ્રાપ્ત કર્યા પછી ક્યારેય જન્મ-જન્માંતર કે શરીર ધારણ કરવાં ન પડે. આત્માની એ સ્થિતિને તેઓ મોક્ષ કે જન્મનિવૃત્તિ કહેતા હતા. પ્રવર્તક ધર્મના અનુયાયીઓ જે ઉચ્ચ અને ઉચ્ચતર ધાર્મિક અનુષ્ઠાનો દ્વારા આ લોકની તેમ જ પરલોકનાં ઉત્કૃષ્ટ સુખોને માટે પ્રયત્ન કરતા હતા, એ ધાર્મિક અનુષ્ઠાનોને નિવર્તક ધર્મના અનુયાયીઓ પોતાના સાધ્ય મોક્ષ કે નિવૃત્તિને માટે ન કેવળ અપૂર્ણ જ માનતા હતા પણ એમને મોક્ષ પ્રાપ્ત કરવામાં બાધક સમજીને એ બધાંને

ધાર્મિક અનુયાયીઓને એકમેક દ્વેષ કરતા જોયા. ઉત્તર અને દક્ષિણ કે પૂર્વ પશ્ચિમ જેટલું અંતર હોવાથી પ્રવર્તક ધર્મના અનુયાયીઓ માટે જે ઉપાદેય મનાયું તે જ નિવર્તક ધર્મના અનુયાયીઓ માટે હેય બની ગયું. જોકે મોક્ષને માટે પ્રવર્તક ધર્મને બાધક માનવામાં આવ્યો, પણ એની સાથે જ મોક્ષવાદીઓને માટે પોતાના સાધ્ય-મોક્ષપુરુષાર્થના ઉપાયરૂપ કોઈક સુનિશ્ચિત માર્ગની શોધ કરવી, એ પણ જરૂરી થઈ પડ્યું. આ શોધની સૂઝમાંથી એમને એક એવો માર્ગ — એક એવો ઉપાય મળી આવ્યો કે જે બાહ્ય સાધનો ઉપર આધાર રાખતો ન હતો, એ કેવળ સાધકની પોતાની વિચારશુદ્ધિ અને વર્તનશુદ્ધિ ઉપર જ નિર્ભર હતો. વિચાર અને વર્તનની આત્યંતિક-સર્વાંગ શુદ્ધિનો આ માર્ગ જ નિવર્તક ધર્મને નામે કે મોક્ષમાર્ગને નામે પ્રસિદ્ધ થયો.

ભારતીય સંસ્કૃતિના આ વિભિન્ન અને વિવિધ તાણાવાણાની તપાસ કરતાં આપણને સ્પષ્ટ રૂપે દેખાય છે કે ભારતીય આત્મવાદી દર્શનોમાં કર્મકાંડી મીમાંસાદર્શન બાદ કરતાં બધાંય નિવર્તકધર્મવાદી છે. અવૈદિક મનાતાં બૌદ્ધ અને જૈન દર્શનની સંસ્કૃતિ તો મૂળમાં નિવર્તકધર્મસ્વરૂપ છે જ. પણ વૈદિક મનાતાં ન્યાય-વૈશેષિક, સાંખ્ય-યોગ તથા ઔપનિષદ દર્શનનો આત્મા પણ નિવર્તક ધર્મ ઉપર જ પ્રતિષ્ઠિત છે. વૈદિક હોય કે અવૈદિક, આ બધાંય નિવર્તક ધર્મો અને પ્રવર્તક ધર્મને કે યજ્ઞયાગાદિ અનુષ્ઠાનોને હેય જ માને છે. અને એ બધાંય સમ્યગ્જ્ઞાન કે આત્મજ્ઞાનને તથા આત્મજ્ઞાનમૂલક અનાસક્ત જીવનવ્યવહારને ઉપાદેય માને છે, તેમ જ એના દ્વારા જ પુનર્જન્મના ચક્રથી છુટકારો મળી શકે એમ કહે છે.

સમાજગામી પ્રવર્તક ધર્મ

કાર્યો પારલૌકિક જીવન સાથે સંબંધ ધરાવતાં હોય, એનું પાલન કરે. દરેક વ્યક્તિ જન્મથી જ ઋષિઋણ એટલે વિદ્યાધ્યયન વગેરે, પિતૃઋણ એટલે સંતાનોત્પત્તિ વગેરે અને દેવઋણ એટલે યજ્ઞયાગ વગેરે બંધનોથી બંધાયેલી હોય છે. વ્યક્તિ પોતાની સામાજિક અને ધાર્મિક કર્તવ્યનું પાલન કરીને પોતાની તુચ્છ કર્મોનું શોધન કરે, એ ઇષ્ટ છે. પણ એનો સમૂળગો નાશ કરવો એ ન તો શક્ય છે કે ન તો ઇષ્ટ છે. પ્રવર્તક ધર્મ પ્રમાણે પ્રત્યેક વ્યક્તિને માટે ગૃહસ્થાશ્રમ જરૂરી છે એનું ઉલ્લંઘન કરીને કોઈ વિકાસ નથી કરી શકતો.

વ્યક્તિગત નિવર્તક ધર્મ

નિવર્તક ધર્મ વ્યક્તિગામી છે. એની ઉત્પત્તિ આત્મસાક્ષાત્કારની ઉત્કટ વૃત્તિમાંથી થવાને લીધે એ જિજ્ઞાસુને આત્મતત્ત્વ છે કે નહીં છે તો એ કેવું છે એનો બીજાની સાથે કેવો સંબંધ છે એનો સાક્ષાત્કાર થઈ શકે એમ હોય તો એ ક્યા ક્યા ઉપાયોથી થઈ શકે વગેરે પ્રશ્નો તરફ જ પ્રેરે છે એ પ્રશ્નો એવા નથી કે જેનું નિરાકરણ એકાંત ચિંતન, ધ્યાન, તપ અને અસંગતાપૂર્ણ જીવન વગર થઈ શકે. આવું યથાર્થ જીવન ખાસ ખાસ વ્યક્તિઓને માટે જ સંભવી શકે. એ સમાજવ્યાપી બને એવો સંભવ નથી. તેથી શરૂઆતમાં પ્રવર્તક ધર્મ કરતાં નિવર્તક ધર્મનું ક્ષેત્ર બહુ મર્યાદિત રહ્યું. નિવર્તક ધર્મને માટે ગૃહસ્થાશ્રમનું બંધન રહ્યું જ નહીં એ તો ગૃહસ્થાશ્રમ ભોગવ્યા વગર જ વ્યક્તિને સર્વત્યાગની અનુમતિ આપે છે કારણ કે એનો આધાર કર્મનું શોધન નહીં પણ એનો નિરોધ છે. એટલા માટે નિવર્તક ધર્મ વ્યક્તિ સમસ્ત સામાજિક અને ધાર્મિક કર્તવ્યોથી બંધાયેલ છે એમ નથી માનતો. એની માન્યતા પ્રમાણે વ્યક્તિને માટે મુખ્ય કર્તવ્ય એક જ છે અને તે એ કે જેમ બને તેમ આત્મસાક્ષાત્કારનો અને એમાં અંતરાય ઊભો કરનારી કર્મનો નાશ કરવાનો પ્રયત્ન કરવો.

નિવર્તક ધર્મનો પ્રભાવ અને વિકાસ

એમ લાગે છે કે જ્યારે પ્રવર્તક ધર્મના અનુયાયી વૈદિક આર્યો આ દેશમાં પહેલવહેલાં આવ્યા ત્યારે પણ આ દેશમાં ક્યાંક ને ક્યાંક એક યા બીજે રૂપે નિવર્તક ધર્મ પ્રચલિત હતો. શરૂઆતમાં આ બે ધર્મસંસ્થાઓના વિચારો વચ્ચે સારો એવો સંઘર્ષ થયો, પણ નિવર્તક ધર્મના કેટલાક સાચા અનુગામીઓની તપસ્યા, ધ્યાનપદ્ધતિ અને અસંગચર્યા—અનાસક્ત આચરણ—નો જે પ્રભાવ સાધારણ લોકસમૂહ ઉપર ધીમે ધીમે વધતો જતો હતો, એણે પ્રવર્તક ધર્મના કેટલાક અનુયાયીઓને પણ પોતા તરફ આકર્ષ્યા, અને નિવર્તક ધર્મની સંસ્થાઓનો અનેક રૂપે વિકાસ થવો શરૂ થયો. એનું અસરકારક પરિણામ એ આવ્યું કે પ્રવર્તક ધર્મના આધારરૂપ જે બ્રહ્મચર્ય અને ગૃહસ્થ, એમ બે આશ્રમો માનવામાં આવતા હતા એના સ્થાને પ્રવર્તક ધર્મના પુરસ્કર્તાઓએ પહેલાં તો વાનપ્રસ્થ સહિત ત્રણ અને પાછળથી સંન્યાસ સહિત ચાર આશ્રમોને જીવનમાં સ્થાન આપ્યું. નિવર્તક ધર્મની અનેક સંસ્થાઓના વધતા જતા લોકવ્યાપી પ્રભાવને કારણે પ્રવર્તક ધર્માનુયાયી બ્રાહ્મણો એટલે સુધી માનવા લાગ્યા કે ગૃહસ્થાશ્રમ સેવ્યા વગર પણ, સીધેસીધા બ્રહ્મચર્યાશ્રમમાંથી જ પ્રવ્રજ્યા લેવાનો માર્ગ પણ ન્યાયયુક્ત છે. આ રીતે જીવનમાં પ્રવર્તક ધર્મનો જે સમન્વય સ્થિર થયો એનું ફળ આપણે દાર્શનિક સાહિત્ય અને પ્રજાજીવનમાં આજ પણ જોઈએ છીએ.

શમ દમ અને સંઘર્ષ

જે તત્ત્વજ્ઞ ઋષિઓ પ્રવર્તક ધર્મના અનુયાયી બ્રાહ્મણોના વંશજો હોવા છતાં નિવર્તક ધર્મને પૂરેપૂરો અપનાવી ચૂક્યા હતા એમણે પોતાના ચિંતન અને જીવન દ્વારા નિવર્તક ધર્મનું મહત્ત્વ પ્રગટ કર્યું, આમ છતાં એમણે પોતાની પૈતૃક સંપત્તિરૂપ પ્રવર્તક ધર્મ અને એના આધારરૂપ વેદોના પ્રામાણ્યને માન્ય રાખ્યું. ન્યાય-વૈશેષિક દર્શનના

અને ઔપનિષદ દર્શનના આદ્ય દ્રષ્ટા આવા જ તત્ત્વજ્ઞ ઋષિઓ હતા. નિવર્તક ધર્મના કોઈ કોઈ પુરસ્કર્તાઓ એવા પણ થયા કે જેમણે તપ, ધ્યાન અને આત્મસાક્ષાત્કારમાં બાધક ક્રિયાકાંડનો તો આત્યંતિક વિરોધ કર્યો, પણ એ ક્રિયાકાંડની આધારભૂત શ્રુતિનો સર્વથા વિરોધ ન કર્યો. એવી વ્યક્તિઓમાં સાંખ્ય દર્શનના આદિ પુરુષ કપિલ વગેરે ઋષિ હતા. એ કારણે જ સાંખ્ય-યોગદર્શન મૂળમાં પ્રવર્તક ધર્મનું વિરોધી હોવા છતાં અંતે વૈદિક દર્શનોમાં સમાઈ ગયું.

સમન્વયની આવી પ્રક્રિયા આ દેશમાં સૈકાઓ સુધી ચાલતી રહી. પછી બન્ને ધર્મોમાં કેટલાક એવા એકાંતવાદી થયા કે જેઓ પોતપોતાના પ્રવર્તક કે નિવર્તક ધર્મ સિવાય બીજા પક્ષને ન તો માનતા હતા કે ન તો એને સારો કહેતા હતા. ભગવાન મહાવીર અને બુદ્ધથી પહેલાં પણ નિવર્તક ધર્મના આવા એકાંતવાદી અનેક પુરસ્કર્તા થયા છે. પણ મહાવીર અને બુદ્ધના સમયમાં તો આ દેશમાં નિવર્તક ધર્મની પોષક એવી અનેક સંસ્થાઓ હતી અને બીજી અનેક એવી નવી થઈ રહી હતી કે જે પ્રવર્તક ધર્મનો સખત વિરોધ કરતી હતી. અત્યાર સુધી નીચેથી ઉપર સુધીના વર્ગોમાં નિવૃત્તિ ધર્મની છાયામાં વિકાસ પામનારા વિવિધ તપોનુષ્ઠાન, વિવિધ ધ્યાન-માર્ગ અને જુદા જુદા પ્રકારના ત્યાગમય આચારોનો એટલો બધો પ્રભાવ વિસ્તરવા લાગ્યો હતો કે મહાવીર અને બુદ્ધના સમયમાં પ્રવર્તક અને નિવર્તક ધર્મ વચ્ચે ફરી એકવાર પ્રબળ વિરોધનો વંટોળ ઊઠ્યો જેની સાક્ષી આપણને જૈન-બૌદ્ધ વાઙ્મયમાં તેમ જ સમકાલીન બ્રાહ્મણ વાઙ્મયમાં મળે છે. તથાગત બુદ્ધ એવા પ્રબળ વિચારક અને દૃઢ હતા કે એમણે પોતાના નિવર્તક ધર્મમાં પ્રવર્તક ધર્મના આધારભૂત મંતવ્યો અને શાસ્ત્રોને કોઈ રીતે આશ્રય ન આપ્યો. દીર્ઘતપસ્વી મહાવીર પણ એવા જ કટ્ટર નિવર્તકધર્મી હતા. તેથી આપણે જોઈએ છીએ કે પહેલેથી અત્યાર સુધી જૈન અને બૌદ્ધ સંપ્રદાયમાં અનેક [illegible] જૈન અને બૌદ્ધ

વાઙ્‌મયમાં વેદનું પ્રામાણ્ય સ્થાપન કરવાનો ન તો કોઈ પ્રયત્ન કર્યો કે ન તો બ્રાહ્મણવર્ગે માન્ય રાખેલ કોઈ યજ્ઞયાગાદિ કર્મકાંડોને માન્ય રાખ્યાં.

નિવર્તક ધર્મના મન્તવ્ય અને આચાર

સૈકાઓ નહીં બલ્કે હજારો વર્ષ પહેલાંથી ધીમે ધીમે નિવર્તક ધર્મના અંગ-પ્રત્યંગ રૂપે જે અનેક મન્તવ્યો અને આચારોનો, મહાવીર-બુદ્ધના સમય સુધીમાં વિકાસ થઈ ચૂક્યો હતો તે સંક્ષેપમાં આ છે—

(૧) આત્મશુદ્ધિ એ જ જીવનનો મુખ્ય ઉદ્દેશ છે, નહીં કે ઐહિક કે પારલૌકિક કોઈ પણ પદનું મહત્ત્વ.

(૨) આ ઉદ્દેશની પૂર્તિમાં બાધક એવા આધ્યાત્મિક મોહ, અવિદ્યા અને તેમાંથી જન્મેલ તૃષ્ણાનો સમૂળગો ઉચ્છેદ કરવો.

(૩) આ માટે આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરવું અને એના દ્વારા સમગ્ર જીવનવ્યવહારને તૃષ્ણા વગરનો બનાવવો એમ સાધુ શારીરિક માનસિક વાચિક વિવિધ તપસ્યાઓનું તથા જુદા જુદા પ્રકારના ધ્યાન-યોગમાર્ગનું અનુસરણ કરવું, ચાર કે પાંચ મહાવ્રતોનું આજીવન પાલન.

(૪) આધ્યાત્મિક અનુભવ ધરાવતા કોઈ પણ માણસે કોઈ પણ ભાષામાં કહેલ આધ્યાત્મિક વર્ણનવાળાં વચનોને જ પ્રમાણભૂત માનવાં, નહીં કે ઈશ્વરકૃત કે અપૌરુષેય મનાતા કોઈ ખાસ ભાષામાં રચાયેલ ગ્રંથોને.

(૫) યોગ્યતા અને ગુરુપદની કસોટી એકમાત્ર જીવનની આધ્યાત્મિક શુદ્ધિને ગણવી, નહીં કે જન્મસિદ્ધ વર્ણવિશેષ. આ દૃષ્ટિએ સ્ત્રી અને શૂદ્ર સુધ્ધાંનો ધર્માધિકાર એટલો જ છે જેટલો એક બ્રાહ્મણ અને ક્ષત્રિય પુરુષનો.

(૧) મદ્યમાંસ વગેરેનો ધાર્મિક અને સામાજિક જીવનમાં નિષેધ. આ તેમ જ આવાં બીજાં લક્ષણો, જે પ્રવર્તક ધર્મના આચારો અને વિચારોથી જુદાં પડતાં હતાં તે કેન્દ્રમાં મૂળ બાંધી ચૂક્યાં હતાં અને કિસ્સે કિસ્સે વધુ જોર પકડતાં જતાં હતાં.

નિર્ગ્રંથ સંપ્રદાય

ઓછેવત્તે અંશે ઉપર જણાવેલ લક્ષણોને ધારણ કરનાર અનેક સંસ્થાઓ અને સંપ્રદાયોમાં એક નિવૃત્તિધર્મી સંપ્રદાય એવો પ્રાચીન હતો કે જે મહાવીરથી ઘણી શતાબ્દીઓ પહેલાંથી પોતાની વિશિષ્ટ રીતે પોતાનો વિકાસ કરતો જતો હતો. એ જ સંપ્રદાયમાં નાભિનંદન ઋષભદેવ, યદુનંદન નેમિનાથ અને કાશીરાજના પુત્ર પાર્શ્વનાથ થઈ ચૂક્યા હતા અથવા તેઓ એ સંપ્રદાયના માન્ય પુરુષો થઈ ચૂક્યા હતા. સમયે સમયે એ સંપ્રદાયનાં અનેક નામ પ્રસિદ્ધ થયાં હતાં. યતિ, ભિક્ષુ, મુનિ, અનગાર, શ્રમણ વગેરે જેવાં નામો તો એ સંપ્રદાયને માટે વપરાતાં હતાં પણ જ્યારે દીર્ઘતપસ્વી મહાવીર એ સંપ્રદાયના નેતા બન્યા ત્યારે એ સંપ્રદાય નિર્ગ્રંથ નામથી વિશેષ પ્રસિદ્ધ થયો. જો કે નિવૃત્તિધર્માનુયાયી પંથોમાં ઊંચી આધ્યાત્મિક ભૂમિકાએ પહોંચેલ વ્યક્તિને માટે 'જિન' શબ્દ સાધારણ રૂપે વપરાતો હતો, છતાં પણ ભગવાન મહાવીરના સમયમાં અને એમના પછી કેટલાક વખત સુધી પણ, મહાવીરના અનુયાયી સાધુ કે ગૃહસ્થને માટે 'જૈન' (જિનના અનુયાયી) નામનો ઉપયોગ નહોતો થતો. આજે જૈન શબ્દથી મહાવીરપોષિત સંપ્રદાયના ત્યાગી, ગૃહસ્થ બધાય અનુયાયીઓનો જે બોધ થાય છે એને માટે પહેલાં 'નિર્ગ્રંથ' અને 'શ્રમણોપાસક' વગેરે જેવા શબ્દોનો ઉપયોગ થતો હતો.

અન્ય સંપ્રદાયોનો જૈન સંસ્કૃતિ પર પ્રભાવ

ઇન્દ્ર, વરુણ વગેરે સ્વર્ગીય દેવદેવીઓની સ્તુતિ-ઉપાસનાના સ્થાનમાં જૈનોનો આદર્શ નિષ્કલંક મનુષ્યની ઉપાસના છે પણ જૈન આચાર-

વિચારમાં અભિભૂત બનાવેલ દેવદેવીઓ, જેઓનો જૈન સંસ્કૃતિના ઉદ્દેશની સાથે કશો મેળ નથી, તેઓ ફરી પાછાં ભલે ગૌણ રૂપે જ કાં ન હોય, સ્તુતિ પ્રાર્થના દ્વારા પેસી જ ગયાં. જૈન પરંપરાએ ઉપાસનામાં પ્રતીકરૂપે મનુષ્યમૂર્તિને સ્થાન આપ્યું છે, જે એના ઉદ્દેશની સાથે સુસંગત છે. પણ સાથે જ એની આસપાસ શૃંગાર અને ઠાઠમાઠની એટલી સામગ્રી ભેગી થઈ ગઈ છે, જે નિવૃત્તિના લક્ષ્યની સાથે અસંગત છે. સ્ત્રી અને શૂદ્રને આધ્યાત્મિક સમાનતાને ધોરણે ઊંચે ઉઠાવવાનો તથા સમાજમાં માનભર્યું સ્થાન અપાવવાનો જૈન સંસ્કૃતિનો જે ઉદ્દેશ હતો તે એટલી હદે લુપ્ત થઈ ગયો છે, એણે કેવળ શૂદ્રોને અપનાવવાની ક્રિયા જ બંધ કરી દીધી, એટલું જ નહીં પણ એણે બ્રાહ્મણધર્મ પ્રસિદ્ધ જાતિની દીવાલો પણ ઊભી કરી દીધી! તે એટલી હદે કે જ્યાં બ્રાહ્મણ પરંપરાનું પ્રાધાન્ય હતું ત્યાં એણે શૂદ્ર કહેવાતા લોકોને જૈન દીક્ષા લેવાના હક્કમાંથી પણ બહાર રાખી મૂક્યા અને શરૂઆતમાં જે જૈન સંસ્કૃતિ જાતિભેદના વિરોધ કરવામાં ગૌરવ માનતી હતી એણે દક્ષિણ ભારતના જેવા પ્રદેશમાં નવા જાતિભેદનું સર્જન કરી દીધું તથા સ્ત્રીઓને પૂર્ણ આધ્યાત્મિક યોગ્યતાને માટે અસમર્થ જાહેર કરી દીધી! આ સ્પષ્ટ રીતે બ્રાહ્મણ પરંપરાની જ અસર છે. મંત્ર, જ્યોતિષ વગેરે વિદ્યાઓ જેમનો જૈન સંસ્કૃતિના લક્ષ્યની સાથે કશો સંબંધ નથી, તે પણ જૈન સંસ્કૃતિમાં આવી ગઈ. આટલું જ નહીં પણ આધ્યાત્મિક જીવન સ્વીકારનારા અનગારોએ પણ એ વિદ્યાઓને અપનાવી. જેનો સ્વીકાર [ત્યાગ] કરવો જે સંસ્કારોના મૂળમાં જૈન સંસ્કૃતિ સાથે કશો જ સંબંધ ન હતો એ જ મધ્યયુગમાં દક્ષિણ હિંદુસ્તાનમાં જૈન સંસ્કૃતિનું એક અંગ બની ગયા અને એને માટે બ્રાહ્મણ પરંપરાની જેમ જૈન પરંપરામાં પણ એક પુરોહિતવર્ગ કાયમ થઈ ગયો. આચારદિનકર અનુસરણ કરવાવાળા ક્રિયાકાંડ પ્રતિષ્ઠા વગેરે વિધિઓ ઘડી ગયા. આ તેમ જ આવી બીજી અનેક નાનીમોટી

(૧) મદ્યમાંસ વગેરેનો ધાર્મિક અને સામાજિક ઉત્સવમાં નિષેધ. આ તેમ જ આનાં જેવાં લક્ષણો, જે પ્રવર્તક ધર્મના આચાર અને વિચારોથી જુદાં પડતાં હતાં તે દેશમાં મૂળ ઘાલી ચૂક્યાં હતાં અને દિવસે દિવસે વધુ જોર પકડતાં જતાં હતાં.

નિર્ગ્રંથ સંપ્રદાય

ઓછેવત્તે અંશે ઉપર જણાવેલ લક્ષણોને ધારણ કરનાર અનેક સંસ્થાઓ અને સંપ્રદાયોમાં એક નિવર્તક ધર્મનો સંપ્રદાય એવો પ્રાચીન હતો કે જે મહાવીરથી ઘણી શતાબ્દીઓ પહેલાંથી એકાંત વિશિષ્ટ રૂપે પોતાનો વિકાસ કરતો જતો હતો. એ સંપ્રદાયમાં પહેલાં નાભિનંદન ઋષભદેવ, યદુનંદન નેમિનાથ અને કાશીરાજપુત્ર પાર્શ્વનાથ થઈ ચૂક્યા હતા અથવા તેઓ એ સંપ્રદાયના માન્ય પુરુષો થઈ ચૂક્યા હતા. સમયે સમયે એ સંપ્રદાયનાં અનેક નામ પ્રસિદ્ધ થયાં હતાં. યતિ, ભિક્ષુ, મુનિ, અનગાર, શ્રમણ વગેરે જેવાં નામો તો એ સંપ્રદાયને માટે વપરાતાં હતાં, પણ જ્યારે દીર્ઘ તપસ્વી મહાવીર એ સંપ્રદાયના નેતા બન્યા ત્યારે એ સંપ્રદાય 'નિર્ગ્રંથ' નામથી વિશેષ પ્રસિદ્ધ થયો. જોકે નિવર્તકધર્માનુયાયી પંથોમાં ઊંચી આધ્યાત્મિક ભૂમિકાએ પહોંચેલ વ્યક્તિને માટે 'જિન' શબ્દ સાધારણ રૂપે વપરાતો હતો, છતાં પણ ભગવાન મહાવીરના સમયમાં, અને એમના પછી કેટલાક વખત સુધી પણ, મહાવીરના અનુયાયી સાધુ કે ગૃહસ્થને માટે 'જૈન' (જિનના અનુયાયી) નામનો ઉપયોગ નહોતો થતો. આજે 'જૈન' શબ્દથી મહાવીરે પોષેલ સંપ્રદાયના ત્યાગી, ગૃહસ્થ બધાય અનુયાયીઓનો જે બોધ થાય છે એને માટે પહેલાં 'નિર્ગ્રંથ' અને 'શ્રમણોપાસક' વગેરે જેવા શબ્દોનો ઉપયોગ થતો હતો.

અન્ય સંપ્રદાયોનો જૈન સંસ્કૃતિ પર પ્રભાવ

ઇન્દ્ર, વરુણ વગેરે સ્વર્ગીય દેવદેવીઓની સ્તુતિ ઉપાસનાના સ્થાનમાં જૈનોનો આદર્શ નિષ્કલંક મનુષ્યની ઉપાસના છે. પણ જૈન આચાર-

મદ્ય-માંસ વગેરે સાત વ્યસનોને નાબૂદ કરવાનો તથા એમને ઓછાં કરવાનો જૈન વર્ગે એટલો બધો પ્રયત્ન કર્યો છે કે જેને લીધે તે એ વ્યસનમાં ડૂબેલી અનેક જાતિઓમાં સુસંસ્કાર નાખવા શક્તિશાળી બનેલ છે. જો કે બૌદ્ધ વગેરે બીજા સંપ્રદાયો પણ પોતાની પૂરી તાકાતથી આ સુસંસ્કારને માટે પ્રયત્ન કરતા હતા, પણ જૈનોનો પ્રયત્ન આ દિશામાં અત્યાર સુધી ચાલુ છે અને જ્યાં જૈનોનો પ્રભાવ સારો છે ત્યાં, આ સ્વૈરવિહારના સ્વતંત્ર યુગમાં પણ, મુસલમાન અને બીજી માંસાહારી કોમ સુધ્ધાં ખુલ્લંખુલ્લા માંસ-મદ્યનો ઉપયોગ કરતાં સંકોચ અનુભવે છે. લોકમાન્ય તિલકે સાચું જ કહ્યું છે કે ગુજરાત વગેરે પ્રાંતોમાં પ્રાણીરક્ષા અને નિર્માંસ ભોજનનો જે આગ્રહ છે તે જૈન પરંપરાનો જ પ્રભાવ છે.

જૈન વિચારસરણીનો એક મૌલિક સિદ્ધાંત એ છે કે દરેક વસ્તુનો વિચાર વધારેમાં વધારે પાસાં અને વધારેમાં વધારે દૃષ્ટિબિંદુઓથી કરવો અને વિવાદાસ્પદ વિષયમાં પોતાના મત વિરોધી પક્ષના અભિપ્રાયને પણ એટલી જ સહાનુભૂતિથી સમજવાનો પ્રયત્ન કરવો જેટલી સહાનુભૂતિ પોતાના પક્ષ તરફ હોય, અને અંતે સમન્વયરૂપે જ જીવનવ્યવહારનો ફેંસલો કરવો. આમ તો આ સિદ્ધાંત બધાય વિચારકોના જીવનમાં એક કે બીજે રૂપે કામ કરતો જ રહે છે. એના સિવાય પ્રજાજીવન ન તો વ્યવસ્થિત બની શકે છે કે ન તો શાંતિ મેળવી શકે છે. છતાં જૈન વિચારકોએ એ સિદ્ધાંતની એટલી બધી ચર્ચા કરી છે અને એના ઉપર એટલો બધો ભાર દીધો છે કે જેને લીધે કટ્ટરમાં કટ્ટર વિરોધી સંપ્રદાયને પણ કંઈ ને કંઈ પ્રેરણા મળતી જ રહી છે. રામાનુજનો વિશિષ્ટાદ્વૈત, એ ઉપનિષદની ભૂમિકા ઉપર ઊભા થયેલો અનેકાંતવાદ જ છે.

ભાગતે એટલા માટે બની ગઈ કે જૈન સંસ્કૃતિએ એવા સાધારણ અનુયાયીઓની રક્ષા કરી હતી કે જેઓ બીજા વિરોધી સંપ્રદાયોમાંથી આવીને એમાં શામેલ થતા હતા અથવા જેઓ બીજા સંપ્રદાયના આચાર-વિચારોથી પોતાની જાતને બચાવી શકતા ન હતા.

હવે આપણે ટૂંકમાં એ પણ જોઈએ કે બીજાઓ ઉપર જૈન સંસ્કૃતિની ખાસ અસર શી પડી?

જૈન સંસ્કૃતિનો બીજાઓ ઉપર પ્રભાવ

આમ તો સિદ્ધાંતરૂપે સર્વભૂતદયાને બધા માને છે, પણ પ્રાણીરક્ષા ઉપર જેટલો ભાર જૈન સંસ્કૃતિએ આપ્યો છે, જેટલી લગનથી એણે એ માટે કામ કર્યું છે એનું પરિણામ સમગ્ર ઇતિહાસયુગમાં એ આવ્યું કે જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે જૈનોનો એક કે બીજા ક્ષેત્ર ઉપર પ્રભાવ પડ્યો, ત્યાં ત્યાં સર્વત્ર આમજનતા ઉપર પ્રાણીરક્ષાનો પ્રબળ સંસ્કાર પડ્યો, તે એટલે સુધી કે ભારતના અનેક ભાગોમાં પોતાને અજૈન કહેનારા તથા જૈનવિરોધી માનનારા સાધારણ લોક પણ જીવમાત્રની હિંસા પ્રત્યે અણગમો સેવવા લાગ્યા. અહિંસાના આ સામાન્ય સંસ્કારને લીધે જ વૈષ્ણવ વગેરે અનેક જૈનેતર પરંપરાઓના આચાર-વિચાર પ્રાચીન વૈદિક પરંપરાથી સાવ જુદા થઈ ગયા છે. તપસ્યાના સંબંધમાં પણ એમ જ થયું. ત્યાગી હોય કે ગૃહસ્થ, બધા જૈનો તપસ્યા ઉપર પૂરો ભાર આપે છે. આનો પ્રભાવ પાડોશી સમાજો ઉપર એટલો બધો પડ્યો કે એમણે પણ એક કે બીજા રૂપે અનેક પ્રકારની સાત્ત્વિક તપસ્યાઓ અપનાવી લીધી. અને સામાન્ય રીતે સાધારણ જનતા જૈનોની તપસ્યા તરફ આદરભાવ ધરાવતી રહી છે, તે એટલે સુધી કે મુસલમાન સમ્રાટ તથા બીજા ધર્મના અધિકારીઓએ તપસ્વી આચાર્યોને અનેકવાર જૈન સંપ્રદાયનું કેવળ બહુમાન જ નથી કર્યું, પણ એને અનેક સનદો પણ આપી છે.

મદ્ય-માંસ વગેરે સાત વ્યસનોને નાબૂદ કરવાનો તથા એમને ઓછાં કરવાનો જૈન વર્ગે એટલો બધો પ્રયત્ન કર્યો છે કે તેને લીધે તે એ વ્યસનમાં ડૂબેલી અનેક જાતિઓમાં સુસંસ્કાર નાખવા શક્તિશાળી બનેલ છે. જોકે બૌદ્ધ વગેરે બીજા સંપ્રદાયો પણ પોતાની પૂરી તાકાતથી આ સુસંસ્કારને માટે પ્રયત્ન કરતા હતા, પણ જૈનોનો પ્રયત્ન આ દિશામાં આજ સુધી ચાલુ છે અને જ્યાં જૈનોનો પ્રભાવ ઠીક છે ત્યાં, આ સ્વૈરવિહારના સ્વતંત્ર યુગમાં પણ, મુસલમાન અને બીજી માંસાહારી કોમ સુધ્ધાં ખુલ્લંખુલ્લા માંસ-મદ્યનો ઉપયોગ કરતાં સંકોચ અનુભવે છે. લોકમાન્ય તિલકે સાચું જ કહ્યું છે કે ગુજરાત વગેરે પ્રાંતોમાં પ્રાણીરક્ષા અને નિર્માંસ ભોજનનો જે આગ્રહ છે તે જૈન પરંપરાનો જ પ્રભાવ છે.

જૈન વિચારસરણીનો એક મૌલિક સિદ્ધાંત એ છે કે દરેક વસ્તુનો વિચાર વધારેમાં વધારે પાસાં અને વધારેમાં વધારે દૃષ્ટિબિંદુઓથી કરવો અને વિવાદાસ્પદ વિષયમાં પોતાના મત વિરોધી પક્ષના અભિપ્રાયને પણ એટલી જ સહાનુભૂતિથી સમજવાનો પ્રયત્ન કરવો, જેટલી સહાનુભૂતિ પોતાના પક્ષ તરફ હોય, અને અંતે સમન્વયરૂપે જ જીવનવ્યવહારનો ફેંસલો કરવો. આમ તો આ સિદ્ધાંત બધાય વિચારકોના જીવનમાં, એક કે બીજે રૂપે, કામ કરતો જ રહે છે. એના સિવાય પ્રજાજીવન ન તો વ્યવસ્થિત બની શકે છે કે ન તો શાંતિ મેળવી શકે છે. છતાં જૈન વિચારકોએ એ સિદ્ધાંતની એટલી બધી ચર્ચા કરી છે અને એના ઉપર એટલો બધો ભાર દીધો છે કે તેને લીધે કટ્ટરમાં કટ્ટર વિરોધી સંપ્રદાયને પણ કાંઈ ને કાંઈ પ્રેરણા મળતી જ રહી છે. રામાનુજનો વિશિષ્ટાદ્વૈત એ ઉપનિષદની ભૂમિકા ઉપર ઊભો થયેલો અનેકાંતવાદ જ છે.

જૈન પરંપરાના આદર્શ

જૈન સંસ્કૃતિના હાર્દને સમજવા માટે આપણે થોડાક એ આદર્શોનો પરિચય કરવો પડશે, જે પહેલેથી આજ સુધી જૈન પરંપરામાં એકસરખી રીતે માન્ય છે અને પૂજાય છે. જૈન પરંપરાની સાથે સૌથી પ્રાચીન આદર્શ ઋષભદેવ અને એમના પરિવારનો છે. ઋષભદેવે પોતાના જીવનનો સૌથી મોટો ભાગ, પ્રજાપાલનની જવાબદારીની સાથે બીજી જે જવાબદારીઓ એમના માથે આવી પડી હતી, એને બુદ્ધિપૂર્વક અદા કરવામાં વિતાવ્યો હતો. તેઓએ એ સમયના સાવ અભણ લોકોને લખતાં-વાંચતાં શીખવ્યું, કોઈ કામ-ધંધો નહીં જાણનારા વનવાસીઓને એમણે ખેતીવાડી તથા સુથાર, કુંભાર વગેરેના જીવનોપયોગી ધંધા શીખવ્યા. અંદર અંદર કેવી રીતે વર્તવું, કેવી રીતે નિયમોનું પાલન કરવું એ પણ એમણે શીખવ્યું. પછી જ્યારે એમને લાગ્યું કે મોટો પુત્ર ભરત પ્રજાનું શાસન કરવાની બધી જવાબદારીઓ અદા કરી શકશે, ત્યારે રાજ્યનો ભાર એને સોંપીને તેઓ ઊંડા આધ્યાત્મિક પ્રશ્નોની છણાવટ કરવાને માટે ઉગ્ર તપસ્વી બનીને ઘેરથી ચાલી નીકળ્યા.

ઋષભદેવની બે પુત્રીઓ બ્રાહ્મી અને સુંદરી નામે હતી. એ યુગમાં બહેન-ભાઈ વચ્ચે લગ્નની પ્રથા પ્રચલિત હતી. સુંદરીએ આ પ્રથાનો વિરોધ કર્યો, અને પોતાની સૌમ્ય તપસ્યાથી ભાઈ ભરત ઉપર એવો પ્રભાવ પાડ્યો કે જેથી ભરતે સુંદરીની સાથે લગ્ન કરવાનો વિચાર માંડી વાળ્યો એટલું જ નહીં પણ એ એનો ભક્ત બની ગયો. ઋગ્વેદના યમ-યમીસૂક્તમાં ભાઈ યમે બહેન યમીની લગ્નની માગણીનો અસ્વીકાર કર્યો, જ્યારે બહેન સુંદરીએ ભાઈ ભરતની લગ્નની માગણીને તપસ્યામાં ફેરવી દીધી. આના ફળરૂપે ભાઈ-બહેનના લગ્નની પ્રતિષ્ઠિત પ્રથા નાબૂદ થઈ ગઈ.

ઋષભદેવના ભરત અને બાહુબલી નામે પુત્રો વચ્ચે રાજ્યને

માટે બન્નેનાં યુદ્ધ શરૂ થયું. છેવટે દંડયુદ્ધ દ્વારા નિકાલ લાવવાનો નિશ્ચય થયો. ભરતનો પ્રચંડ પ્રહાર નિષ્ફળ ગયો. જ્યારે બાહુબલીનો વારો આવ્યો અને ભરત કરતાં વધારે શક્તિશાળી બાહુબલીને એમ લાગ્યું કે મારા મુષ્ટિપ્રહારથી ભરતની અવશ્ય દુર્દશા થશે, ત્યારે એણે ભાઈ ઉપર વિજય મેળવવાની વૃત્તિને પોતાની જાત ઉપર વિજય મેળવવામાં ફેરવી નાખી. એણે એમ વિચાર્યું કે રાજ્યને માટે યુદ્ધમાં વિજય મેળવવો અને વેરપ્રતિવેરનાં અને કુટુંબકલેશનાં બી વાવવાં એના કરતાં સાચો વિજય અહંકાર અને તૃષ્ણા ઉપર વિજય મેળવવામાં જ છે. એણે પોતાના બાહુબળનો ઉપયોગ ક્રોધ અને અભિમાન ઉપર કર્યો, અને અવૈરથી વૈરનો પ્રતિકાર કરવાનો જીવંત દાખલો બેસાડ્યો. પરિણામ એ આવ્યું કે અંતે ભરતનો લોભ અને ગર્વ પણ ગલિત થઈ ગયો.

એક સમય એવો હતો કે જ્યારે કેવળ ક્ષત્રિયોમાં જ નહીં બધાય વર્ગોમાં માંસ ખાવાની પ્રથા હતી. રોજ-બ-રોજના ભોજન માટે, સામાજિક ઉત્સવોમાં ધાર્મિક અનુષ્ઠાનોને અવસરે પશુ-પક્ષીઓનો વધ એવો જ પ્રચલિત અને પ્રતિષ્ઠિત હતો કે જેવો આજે નારિયેળ અને ફળોની ભેટ. એ યુગમાં યદુનંદન નેમિકુમારે એક અજબ પગલું ભર્યું. એમણે પોતાના લગ્ન વખતે ભોજન માટે કતલ કરવામાં આવનાર નિર્દોષ પશુ-પક્ષીઓની વેદનાભરી મૂક વાણીથી દ્રવિત થઈને નિશ્ચય કર્યો કે જેમાં નિર્દોષ પશુ પક્ષીઓનો બિનજરૂરી વધ થતો હોય એવા લગ્નથી શું ! આવો ગંભીર નિશ્ચય કરીને તેઓ, કોઈની વાત કાને ધર્યા વિના જાનમાંથી તરત જ પાછા ફરી ગયા. અને દ્વારકાથી સીધા ગિરનાર પર્વત ઉપર જઈને એમણે તપસ્યા આદરી. કુમાર અવસ્થામાં જ રાજપુત્રીનો ત્યાગ કરીને અને ધ્યાન-તપનો માર્ગ અપનાવીને એમણે એ ઘણા જમાનાથી પ્રચલિત પશુ-પક્ષી-વધની પ્રથા ઉપર, પોતાની જાતના દાખલા ઉપરથી, એટલો સખત પ્રહાર કર્યો

કે જેથી આખા ગુજરાતમાં, અને ગુજરાતથી પ્રભાવિત બીજા પ્રદેશોમાં પણ, એ પ્રથા નાબૂદ થઈ ગઈ અને ઠેર ઠેર આજ સુધી ચાલી આવતી પાંજરાપોળો જેવી લોકહિત સંસ્થાઓમાં પરિવર્તિત થઈ ગઈ.

પાર્શ્વનાથના જીવનનો આદર્શ કંઈક જુદો જ હતો. એમણે એકવાર દુર્વાસા જેવા સહજ કોપી તાપસ તથા એના અનુયાયીઓની નારાજી વહોરવાનું જોખમ ખેડીને પણ એક બળતા સાપને લીલા લાકડામાંથી બચાવી લેવાનો પ્રયત્ન કર્યો. આનું પરિણામ એ આવ્યું કે આજે પણ જૈનોના પ્રભાવવાળા ઘરોમાં કોઈ સાપ સુધ્ધાં મારતા નથી.

દીર્ઘતપસ્વી મહાવીરે પણ એક વખત પોતાની અહિંસાવૃત્તિની પૂર્ણ સાધનાનો આવો જ પરિચય આપ્યો હતો. જ્યારે તેઓ જંગલમાં ધ્યાનમાં ઊભા હતા ત્યારે એક પ્રચંડ વિષધરે એમને ડંખ માર્યો. એ સમયે તેઓ પોતાના ધ્યાનમાં અચલ રહ્યા એટલું જ નહીં પણ એમણે એ વિષધર ઉપર મૈત્રીભાવનાનો પ્રયોગ કર્યો, જેથી એ પ્રયોગ "અહિંસાપ્રતિષ્ઠાયાં તત્સંનિધૌ વૈરત્યાગઃ" એ સૂત્રનું જીવન્ત દર્શન બની ગયો. તેઓ જીવનપર્યંત, અનેક પ્રસંગોએ યજ્ઞયાગાદિ ધાર્મિક કાર્યોમાં થતી હિંસાને રોકવાનો પૂર્ણ પ્રયત્ન કરતા જ રહ્યા. આવા આદર્શોથી જ જૈન સંસ્કૃતિ પ્રભાવવાન બની રહી છે અને અનેક મુશ્કેલીઓની વચ્ચે પણ એણે પોતાના આદર્શોના હૃદયને અને તેમ કરીને પોતાને સાચવી રાખવાનો પ્રયત્ન કર્યો છે. જે ભારતના ધાર્મિક, સામાજિક અને રાજકીય ઇતિહાસમાં ઝળકે છે. જ્યારે પણ એનો સુમેળ સાંપડ્યો ત્યારે ત્યાગી તથા રાજા, મંત્રી અને વેપારી વગેરે ગૃહસ્થોએ જૈન સંસ્કૃતિના અહિંસા, સંયમ અને તપના આદર્શોનો પોતાની ઢબે પ્રચાર કર્યો છે.

સંસ્કૃતિનો ઉદ્દેશ

સંસ્કૃતિ માત્રનો ઉદ્દેશ છે માનવતાના કલ્યાણ તરફ આગળ વધવું. આ ઉદ્દેશને એ ત્યારે જ સાધી શકે છે કે જ્યારે એ પોતાને

જ મ આપનાર અને પોષનાર રાષ્ટ્રના કલ્યાણમાં ફાળો આપવા માટે હમેશાં તૈયાર હોય. કોઈ પણ સંસ્કૃતિનાં બાહ્ય અંગો કેવળ અભ્યુદયના સમયે જ વિકસે છે અને એવે સમયે જ એ આકર્ષક લાગે છે પણ સંસ્કૃતિના હૃદયની વાત જુદી છે સમગ્ર જાતનો હોય કે અભ્યુદયનો, બન્ને સમયમાં એની અનિવાર્ય આવશ્યકતા તો એકસરખી જ હોય છે કોઈ પણ સંસ્કૃતિ જ્યાં સુધી એ જાતિના ઘડતરમાં પોતાનો ફાળો ન આપે ત્યાં સુધી કેવળ પોતાના ઇતિહાસ કે યશોગાથાઓના આધારે ન તો જીવિત રહી શકે છે કે ન તો પ્રતિષ્ઠા મેળવી શકે છે

આ દૃષ્ટિએ પણ જૈન સંસ્કૃતિ વિશે વિચાર કરવો સંગત છે આપણે ઉપર જોઈ ગયા છીએ કે આ સંસ્કૃતિ મૂળે પ્રવૃત્તિ અર્થાત્ પુનર્જન્મથી છુટકારો મેળવવાની દૃષ્ટિએ આવિર્ભાવ પામી છે. એના આચાર-વિચારનું આખું માળખું એ લક્ષ્યને અનુરૂપ જ બન્યું છે. પણ આપણે એ પણ જોઈએ છીએ કે આખરે એ સંસ્કૃતિ વ્યક્તિ સુધી જ સીમિત ન રહી. એણે એક વિશિષ્ટ સમાજનું રૂપ ધારણ કરી લીધું.

નિવૃત્તિ અને પ્રવૃત્તિ

સમાજ તે સમાજ જ હોય, એ કેવળ નિવૃત્તિની ભુલભુલામણીને આધારે ન તો જીવી શકે કે ન તો વાસ્તવિક નિવૃત્તિની સાધના જ કરી શકે છે ન કોઈ રીતે નિવૃત્તિ નહીં માનવાવાળા અને કેવળ પ્રવૃત્તિ-ચક્ર જ માનવાવાળા છેવટે એ પ્રવૃત્તિના તોફાન અને વમળ-ભમરામાં જ ફસાઈને મરી શકતા હોય તો એ પણ અમુક જ સાચું છે કે ક્રિયા આધાર ઉર્ધ્વ વગર નિવૃત્તિ કેવળ દુર્ગતિ ફિક્કી જ બની જાય છે. આધ્યાત્મિક અને સાંસ્કૃતિક સત્ય તો એ જ છે કે પ્રવૃત્તિ અને નિવૃત્તિ, એ માનવકલ્યાણરૂપ એક જ સિક્કાની બે બાજુઓ છે. જ્યાં સુધી કોઈની નિવૃત્તિની સાથે જ સર્વાંગીણ અને કલ્યાણકાર પ્રક્રિયા ભળી પૂરવામાં ન આવે ત્યાં સુધી કોઈ મનુષ્ય રહેતા મુક્ત,

જરાય અને આત્મા સુધી જઈ નથી શકતો. કોઈ પણ જીવિત માણસ કાયમ અને પૂર્ણપણે નિવૃત્ત થવાથી જીવી નથી શકતો; સાથે જ સાથે એણે ખાવું, સેવન પણ કરવું જ જોઈએ. જીવનને માટે શરીરમાંથી નકામાં પોષણો કાઢી નાખવું જેમ જરૂરી છે એમ જ એની નસોમાં નવાં પોષણો સંચાર કરવો એ પણ જરૂરી છે.

નિવૃત્તિલક્ષી પ્રવૃત્તિ

ભગવાનોએથી લઈને આજ સુધી નિવૃત્તિવાદી કહેવાતી જૈન સંસ્કૃતિ પણ કોઈ ને કોઈ રીતે જીવિત રહી છે તે એકમાત્ર નિવૃત્તિના બળ ઉપર નહીં, કિંતુ કલ્યાણકારી પ્રવૃત્તિને આધારે. જો પ્રવર્તકધર્મી બ્રાહ્મણોએ નિવૃત્તિમાર્ગનાં સુંદર તત્ત્વોને અપનાવીને એક વ્યાપક કલ્યાણકારી, એવી સંસ્કૃતિનું નિર્માણ કર્યું છે કે જે ગીતામાં સજીવન થઈને આજે નવા ઉપયોગી સ્વરૂપમાં ગાંધીજી દ્વારા ફરી પોતાનું સંશોધન કરી રહી છે તો નિવૃત્તિલક્ષી જૈન સંસ્કૃતિ પણ કલ્યાણકારી જરૂરી પ્રવૃત્તિનો આધાર લઈને જ અત્યારની બદલાયેલી પરિસ્થિતિમાં જીવિત રહી શકે. જૈન સંસ્કૃતિમાં તત્ત્વજ્ઞાન અને આચારના જે મૂળ નિયમો છે અને જે આદર્શોને આજ સુધી પોતાની મૂડી માની રહેલ છે એને આધારે એ પ્રવૃત્તિનો એવો મંગલકારી યોગ સાધી શકે છે કે જે બધાને માટે કલ્યાણકર બને.

જૈન પરંપરામાં પહેલું સ્થાન છે ત્યાગીઓનું અને બીજું છે ગૃહસ્થોનું. ત્યાગીઓને પાંચ મહાવ્રત સ્વીકારવાની જે આજ્ઞા છે તે નકારોમાં વધારે સદ્‌ગુણોમાં પ્રવૃત્તિ કરવાની કે સદ્‌ગુણપોષક પ્રવૃત્તિ માટે શક્તિ પેદા કરવાની પ્રાથમિક શરત માત્ર છે. હિંસા, અસત્ય, ચોરી, પરિગ્રહ વગેરે દોષોથી બચ્યા વિના સદ્‌ગુણોમાં પ્રવૃત્તિ થઈ જ નથી શકતી. અને સદ્‌ગુણપોષક પ્રવૃત્તિને જીવનમાં સ્થાન આપ્યા વિના હિંસા વગેરેથી બચી રહેવું એ પણ કેવળ અસંભવ છે. જે વ્યક્તિમાં સાર્વભૌમ મહાવ્રતોને સ્વીકારવાની શક્તિ ન હોય એને માટે

જૈન પરંપરામાં અણુવ્રતોની રચના કરીને ધીમે ધીમે નિવૃત્તિ તરફ આગળ વધવાનો માર્ગ પણ રાખવામાં આવ્યો છે. આવા ગૃહસ્થોને માટે હિંસા વગેરે દોષોથી અમુક અંશે બચવાનું વિધાન કરવામાં આવ્યું છે એનો અર્થ એ જ છે કે જેઓ ગૃહસ્થ દોષોથી બચવાનો અભ્યાસ કરે. પણ સાથે જ સાથે એના માટે એ આદેશ પણ છે કે જે જે દોષને એ દૂર કરે તે તે દોષના વિરોધી સદ્ગુણોને જીવનમાં સ્થાન આપતો જાય. હિંસાને દૂર કરવી હોય તો જીવનમાં પ્રેમ અને આત્મૌપમ્યના સદ્ગુણોને પ્રગટ કરવા જોઈએ. સત્ય બોલ્યા વગર અને સત્ય બોલવાનું બળ મેળવ્યા વગર અસત્યથી નિવૃત્તિ કેવી રીતે થશે? પરિગ્રહ અને લોભથી બચવું હોય તો સંતોષ અને ત્યાગ જેવી ગુણપોષક પ્રવૃત્તિઓમાં પોતાની જાતને ખપાવી દેવી જ પડશે.

સંસ્કૃતિનો સંકેત

સંસ્કૃતિમાત્રનો સંકેત લોભ અને મોહને ઘટાડવા તથા નિર્મૂળ કરવા તરફ છે, નહીં કે પ્રવૃત્તિને નિર્મૂળ કરવા તરફ. જે પ્રવૃત્તિ આસક્તિ વગર ન જ થઈ શકે એવી હોય એ જ ત્યાજ્ય છે; દા. ત. કામાચાર અને વ્યક્તિગત પરિગ્રહ વગેરે. જે પ્રવૃત્તિઓ સમાજનું ધારણ, પોષણ અને એનો વિકાસ કરનારી છે તે આસક્તિપૂર્વક તેમ જ આસક્તિ વગર પણ થઈ શકે છે. એટલા માટે સંસ્કૃતિ કેવળ આસક્તિના ત્યાગ તરફ જ સંકેત કરે છે.

[જ્યોતિ ભા ૧, પૃ ૧૩૧-૧૩૨]

૫

જૈન તત્ત્વજ્ઞાન

વિશ્વના બાહ્ય અને આંતરિક સ્વરૂપ વિષે તથા તેના સામાન્ય તેમ જ વ્યાપક નિયમોના સંબંધમાં જે તાત્ત્વિક દૃષ્ટિએ વિચારણા એ તત્ત્વજ્ઞાન. આવી વિચારણા કોઈ એક જ દેશ, એક જ જાતિ કે એક જ પ્રજામાં ઉદ્ભવે છે અને ક્રમશઃ વિકાસ પામે છે એમ નથી હોતું. પણ આ જાતની વિચારણા એ મનુષ્યત્વનું વિશિષ્ટ સ્વરૂપ હોવાથી તે વહેલી કે મોડી દરેક દેશમાં વસનાર દરેક જાતિની માનવપ્રજામાં ઓછે કે વધતે અંશે ઉદ્ભવે છે અને તેવી વિચારણા જુદી જુદી પ્રજાઓના પરસ્પર સંસર્ગને લીધે, અને કોઈ વાર તદ્દન સ્વતંત્રપણે પણ, વિશેષ વિકાસ પામે છે તેમ જ સામાન્ય ભૂમિકાઓથી બહાર થઈ તે અનેક રૂપે ફેલાય છે

જ્યારથી આજ સુધીમાં ભૂતળ ઉપર મનુષ્ય જાતિએ જે તાત્ત્વિક વિચારણાઓ કરી છે તે બધી આજે હયાત નથી, તેમ જ તે બધી વિચારણાઓનો ક્રમિક ઇતિહાસ પણ પૂર્ણપણે આપણી સામે નથી, છતાં અત્યારે એ વિશે જે કાંઈ સામગ્રી આપણી સામે છે અને એ વિશે જે કાંઈ થોડું પણ આપણે જાણીએ છીએ તે ઉપરથી એટલું તો નિર્વિવાદપણે કહી શકાય કે તત્ત્વચિંતનની જુદી જુદી અને પરસ્પર વિરોધી દેખાતી ગમે તેટલી ધારાઓ હોય, છતાં એ બધી વિચારધારાઓનું સામાન્ય સ્વરૂપ એક છે અને તે એ કે વિશ્વના

બાહ્ય તેમ જ આંતરિક સ્વરૂપના સામાન્ય અને વ્યાપક નિયમોનું રહસ્ય શોધી કાઢવું.

તત્ત્વજ્ઞાનની ઉત્પત્તિનું મૂળ

જેમ કોઈ એક મનુષ્યવ્યક્તિ પ્રથમથી જ પૂર્ણ નથી હોતી, પણ તે બાલ્ય આદિ જુદી જુદી અવસ્થાઓમાંથી પસાર થવા સાથે જ પોતાના અનુભવો વધારી અનુક્રમે પૂર્ણતાની દિશામાં આગળ વધે છે તેમ મનુષ્યજાતિ વિષે પણ છે. મનુષ્યજાતિને પણ બાલ્ય આદિ ક્રમિક અવસ્થાઓ અપેક્ષાવિશેષે હોય જ છે. તેનું જીવન વ્યક્તિના જીવન કરતાં ઘણું જ લાંબુ અને વિશાળ હોઈ તેની બાલ્ય વગેરે અવસ્થાઓનો સમય પણ તેટલો જ લાંબો હોય તે સ્વાભાવિક છે. મનુષ્યજાતિ જ્યારે કુદરતને ખોળે આવી અને તેણે પ્રથમ બાહ્ય વિશ્વ તરફ આંખ ખોલી ત્યારે તેની સામે અદ્ભુત અને ચમત્કારી વસ્તુઓ તેમ જ બનાવો ઉપસ્થિત થયાં. એક બાજુ સૂર્ય, ચંદ્ર અને અગણિત તારામંડળ અને બીજી બાજુ સમુદ્ર, પર્વત અને વિશાળ નદીપ્રવાહો તેમ જ મેઘગર્જનાઓ અને વિદ્યુત્ચમત્કારોએ તેનું ધ્યાન ખેંચ્યું. મનુષ્યનું માનસ આ બધા સ્થૂલ પદાર્થોના સૂક્ષ્મ ચિંતનમાં પ્રવૃત્ત થયું અને તેને એ વિષે અનેક પ્રશ્નો ઉદ્ભવ્યા. જેમ મનુષ્યમાનસને બાહ્ય વિશ્વના ગૂઢ તેમ જ અતિસૂક્ષ્મ સ્વરૂપ વિષે અને તેના સામાન્ય નિયમો વિષે વિવિધ પ્રશ્નો ઉદ્ભવ્યા, તેમ તેને આંતરિક વિશ્વના ગૂઢ અને અતિસૂક્ષ્મ સ્વરૂપ વિષે પણ વિવિધ પ્રશ્નો ઉદ્ભવ્યા. આ પ્રશ્નોની ઉત્પત્તિ તે જ તત્ત્વજ્ઞાનની ઉત્પત્તિનું પ્રથમ પગથિયું. એ પ્રશ્નો ગમે તેટલા હોય અને કાળક્રમે તેમાંથી બીજા મુખ્ય અને ઉપપ્રશ્નો પણ ગમે તેટલા જન્મ્યા હોય, છતાં એ બધા પ્રશ્નોને ટૂંકમાં નીચે પ્રમાણે ગોઠવી શકાય.

તાત્ત્વિક પ્રશ્નો

દેખાતી રીતે સતત પરિવર્તન પામતું આ બાહ્ય વિશ્વ ક્યારે

ઉત્પન્ન થયું હશે? તેમાંથી ઉત્પન્ન થયું હશે? પોતાની મેળે જ ઉત્પન્ન થયું હશે કે કોઈએ ઉત્પન્ન કર્યું હશે? અને ઉત્પન્ન થયું ન હોય તો શું આ વિશ્વ એમ જ હતું અને છે? જો એમાં કારણો હોય તો તે પોતે પરિવર્તન વિનાનાં શાશ્વત જ હોવાં જોઈએ કે પરિવર્તનશીલ હોવાં જોઈએ? વળી એ કારણો કોઈ જુદાં જુદાં તત્ત્વો જ હશે કે આખા બાહ્ય વિશ્વનું કારણ માત્ર એકરૂપ જ હશે? આ વિશ્વની ઉત્પત્તિ અને વિનાશ? સંચાલના અને રચના દેખાય છે તે બુદ્ધિપૂર્વક હોવી જોઈએ કે યંત્રવત્ અનાયાસિક હોવી જોઈએ? જો બુદ્ધિપૂર્વક વિશ્વવ્યવસ્થા હોય તો તે કોની બુદ્ધિને આભારી છે? શું એ બુદ્ધિમાન તત્ત્વ પોતે તટસ્થ રહી વિશ્વનું નિયમન કરે છે કે એ પોતે જ વિશ્વરૂપે પરિણમે છે એમ દેખાય છે?

ઉપરની રીતે આંતરિક વિશ્વના સંબંધમાં પણ પ્રશ્નો થયા કે જે આ બાહ્ય વિશ્વનો ઉપભોગ કરે છે યા જે બાહ્ય વિશ્વ વિષે વિચાર કરે છે તે તત્ત્વ શું છે? શું એ અંતરૂપે ભાસતું તત્ત્વ બાહ્ય વિશ્વના જેવી જ પ્રકૃતિનું છે કે કોઈ જુદા સ્વભાવનું છે? આ આંતરિક તત્ત્વ અનાદિ છે કે તે પણ ક્યારેક કોઈ અન્ય કારણમાંથી ઉત્પન્ન થયું છે? વળી અંતરૂપે ભાસતાં અનેક તત્ત્વો વસ્તુતઃ જુદાં જ છે કે કોઈ એક મૂળ તત્ત્વની નિર્મિતિઓ છે? આ અંદરનાં સચેતન તત્ત્વો ખરી રીતે જુદાં જ હોય તો તે પરિવર્તનશીલ છે કે માત્ર કૂટસ્થ છે? એ તત્ત્વોનો કદી અંત આવવાનો કે કાળની દૃષ્ટિએ અંતરહિત જ છે? એ જ રીતે આ અંદરનાં દેહમર્યાદિત તત્ત્વો ખરી રીતે દેશની દૃષ્ટિએ વ્યાપક છે કે પરિમિત છે?

આ અને આના જેવા બીજા ઘણા પ્રશ્નો તત્ત્વચિંતનના પ્રદેશમાં ઉપસ્થિત થયા. આ બધા પ્રશ્નો કે તેમના ઉકેલનો ઉત્તર આપણે જુદી જુદી પરંપરાના તાત્ત્વિક ચિંતનના ઇતિહાસમાં અનેક રીતે જોઈએ છીએ. ગ્રીક વિચારકોએ પણ જૂના વખતથી આ પ્રશ્નોને

ઘણુંવા મંડેલું એમનું ચિંતન અનેક રીતે વિકાસ પામ્યું જે પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનમાં ખાસ મહત્ત્વનો ભાગ રોકે છે. આર્યાવર્તના વિચારકોએ તો એ ચિંતન પહેલાં હજારો વર્ષ અગાઉથી આ પ્રશ્નોના ઉત્તર મેળવવા વિવિધ પ્રયત્નો કરેલા. જેનો ઇતિહાસ આપણી સામે સ્પષ્ટ છે.

ઉત્તરોનું સંક્ષિપ્ત વર્ગીકરણ

આ વિચારકોએ એક એક પ્રશ્ન પરત્વે આપેલા જુદા જુદા ઉત્તરો અને તે વિશે પણ મતભેદની શાખાઓ અપાર છે. પણ સામાન્ય રીતે આપણે ટૂંકમાં એ ઉત્તરોનું વર્ગીકરણ કરીએ તો આ પ્રમાણે કરી શકાય —

એક વિચારપ્રવાહ એવો શરૂ થયો કે તે બાહ્ય વિશ્વને જન્ય માનતો, પણ તે વિશ્વ કોઈ કારણમાંથી તદ્દન નવું જ—પહેલાં ન હોય તેવું—પેદા થતું ના પાડતો અને એમ કહેતો કે જેમ દૂધમાં માખણ છૂપું રહેલું હોય છે અને ક્યારેક માત્ર આવિર્ભાવ પામે છે તેમ આ બધું સ્થૂળ વિશ્વ કોઈ સૂક્ષ્મ કારણમાંથી માત્ર આવિર્ભાવ પામે છે અને એ મૂળ કારણ તો સ્વતઃસિદ્ધ અનાદિ છે.

બીજો વિચારપ્રવાહ એમ માનતો કે આ બાહ્ય વિશ્વ કોઈ એક કારણથી જન્મતું નથી. તેનાં સ્વભાવથી ભિન્ન ભિન્ન એવાં અનેક કારણો છે અને એ કારણોમાં પણ વિશ્વ દૂધમાં માખણની પેઠે છૂપું રહેલું ન હતું, પરંતુ જેમ જુદા જુદા લાકડાના ટુકડા મળવાથી એક નવી જ ગાડી તૈયાર થાય છે તેમ તે ભિન્ન ભિન્ન જાતનાં મૂળ કારણોનાં સંશ્લેષણ-વિશ્લેષણમાંથી આ બાહ્ય વિશ્વ તદ્દન નવું જ ઉત્પન્ન થાય છે. પહેલો પરિણામવાદી અને બીજો કાર્યવાદી. એ બન્ને વિચારપ્રવાહો બાહ્ય વિશ્વના આવિર્ભાવ કે ઉત્પત્તિની બાબતમાં મતભેદ ધરાવવા છતાં આંતરિક વિશ્વના સ્વરૂપની બાબતમાં સામાન્ય રીતે એકમત હતા. બન્ને એમ માનતા કે 'અહં' નામનું આત્મતત્ત્વ અનાદિ છે. નથી તે કોઈનું પરિણામ કે નથી તે કોઈ કારણમાંથી ઉત્પન્ન

થયેલું એમ તે આત્મતત્ત્વ અનાદિ છે તેમ દેહ અને કાળ એ બન્ને દૃષ્ટિએ તે અનંત પણ છે અને તે આત્મતત્ત્વ દેહભેદે ભિન્ન ભિન્ન છે વાસ્તવિક રીતે તે એક નથી.

ત્રીજો વિચારપ્રવાહ એવો પણ હતો કે જે બાહ્ય વિશ્વ અને આંતરિક જગત બન્નેને કોઈ એક અખંડ સત્તત્ત્વનું પરિણામ માનતો અને મૂળમાં બાહ્ય કે આંતરિક જગતની પ્રકૃતિ કે કારણમાં કોઈ જ ભેદ માનવા ના પાડતો.

જૈન વિચારપ્રવાહનું સ્વરૂપ

ઉપરના ત્રણ વિચારપ્રવાહોને અનુક્રમે આપણે અહીં પ્રકૃતિવાદી, પરમાણુવાદી અને બ્રહ્મવાદી નામથી ઓળખીશું. આમાંથી પ્રથમના બે વિચારપ્રવાહોને વિશેષ અપનાવો અને છતાં તેનાથી જુદો એવો એક ચોથો વિચારપ્રવાહ પણ સાથે સાથે પ્રવર્તતો હતો. એ વિચારપ્રવાહ હતો તો પરમાણુવાદી પણ તે બીજા વિચારપ્રવાહની પેઠે બાહ્ય વિશ્વના કારણભૂત પરમાણુઓને મૂળમાંથી જુદી જુદી જાતના માનવાની તરફેણ કરતો ન હતો પણ મૂળમાં બધા જ પરમાણુઓ એક સમાન પ્રકૃતિના છે એમ માનતો. અને પરમાણુવાદ સ્વીકારવા છતાં તેમાંથી માત્ર વિશ્વ ઉત્પન્ન થાય છે એમ પણ ન માનતાં, તે પ્રકૃતિવાદીની પેઠે પરિણામ અને આવિર્ભાવ માનતો હોવાથી, એમ કહેતો કે પરમાણુપુંજમાંથી બાહ્ય વિશ્વ આપોઆપ પરિણમે છે. આ રીતે આ ચોથા વિચારપ્રવાહનું વલણ પરમાણુવાદની ભૂમિકા ઉપર પ્રકૃતિવાદના પરિણામની માન્યતા તરફ હતું.

તેની એક વિશેષતા એ પણ હતી કે તે સમગ્ર બાહ્ય વિશ્વને આવિર્ભાવરૂપ ન માનતાં તેમાંથી કેટલાંક કાર્યોને ઉત્પત્તિશીલ પણ માનતો. તે એમ કહેતો કે બાહ્ય વિશ્વમાં કેટલીક વસ્તુઓ એવી છે કે જે કોઈ પુરુષના પ્રયત્ન સિવાય જ પોતાના પરમાણુરૂપ કારણોમાંથી જન્મે છે. તેવી વસ્તુઓ તત્ત્વમાંથી તેની પેઠે પોતાના કારણમાંથી

માત્ર આવિર્ભાવ પામે છે પણ તદ્દન નવી ઉત્પન્ન નથી થતી, જ્યારે બાહ્ય વિશ્વમાં ઘણી વસ્તુઓ એવી પણ છે કે જે પોતાનાં જડ કારણોમાંથી ઉત્પન્ન થાય છે પણ પોતાની ઉત્પત્તિમાં કોઈ પુરુષના પ્રયત્નની અપેક્ષા રાખે છે. જે વસ્તુઓ પુરુષના પ્રયત્નની મદદથી જન્મ લે છે તે વસ્તુઓ પોતાનાં જડ કારણોમાં તલમાં તેલની પેઠે છુપેલી નથી હોતી, પણ તે તો તદ્દન નવી જ ઉત્પન્ન થાય છે. જેમ કોઈ સુતાર જુદા જુદા લાકડાંઓના કટકા એકઠા કરી તે ઉપરથી એક પીપો બનાવે ત્યારે તે પીપો લાકડાના કટકાઓમાં છુપો નથી હોતો જેમ કે તલમાં તેલ હોય છે. પણ પીપો બનાવનાર સુતારની બુદ્ધિમાં કલ્પનારૂપે હોય છે અને તે લાકડાના કટકા દ્વારા મૂર્તરૂપ ધારણ કરે છે. જો સુતાર ધારત તો એ જ લાકડાના કટકાઓથી પીપો ન બનાવતાં બાજ ચારી કે બીજી તેવી વસ્તુ બનાવી શકત. તલમાંથી તેલ કાઢવાની બાબત આથી તદ્દન જુદી છે. કોઈ ગમે તેટલો વિચાર કરે કે ઇચ્છે છતાં તે તલમાંથી ઘી કે માખણ તો ન જ કાઢી શકે. આ રીતે પ્રસ્તુત ચોથો વિચારપ્રવાહ પરમાણુવાદી છતાં એક બાજુ પરિણામ અને આવિર્ભાવ માનવાની બાબતમાં પ્રકૃતિવાદી વિચારપ્રવાહની સાથે મળતો હતો અને બીજી બાજુ કાર્ય તેમ જ ઉત્પત્તિની બાબતમાં પરમાણુવાદી બીજા વિચારપ્રવાહને મળતો હતો.

આ તો બાહ્ય વિશ્વની બાબતમાં ચોથા વિચારપ્રવાહની માન્યતા થઈ પણ આત્મતત્ત્વની બાબતમાં તો એની માન્યતા ઉપરના ત્રણે વિચારપ્રવાહો કરતાં જુદી જ હતી. તે માનતો કે દરેક આત્મા ભિન્ન છે પરંતુ એ બધા જ આત્માઓ દેશદૃષ્ટિએ વ્યાપક નથી તેમ જ માત્ર કૂટસ્થ પણ નથી. એ એમ માનતો કે જેમ બાહ્ય વિશ્વ પરિવર્તનશીલ છે તેમ આત્માઓ પણ પરિણામી હોઈ સતત પરિવર્તનશીલ છે. આત્મતત્ત્વ સંકોચવિસ્તારશીલ પણ છે અને તેથી તે દેહપ્રમાણ છે.

આ બધો વિચારપ્રવાહ તે જ જૈન તત્ત્વજ્ઞાનનું પ્રાચીન મૂળ છે. ભગવાન મહાવીરથી પહેલાં ઘણા સમય અગાઉથી એ વિચારપ્રવાહ ચાલ્યો આવતો અને તે પોતાની ઢબે વિકાસ સાધતો તેમ જ સ્થિર થતો હતો. આજે આ બધા વિચારપ્રવાહનું જે સ્પષ્ટ, વિકસિત અને સ્થિર રૂપ આપણને પ્રાચીન કે અર્વાચીન ઉપલબ્ધ જૈન શાસ્ત્રોમાં નજરે પડે છે તે મોટે ભાગે ભગવાન મહાવીરના ચિંતનને આભારી છે. જૈન મતની મુખ્ય શ્વેતામ્બર અને દિગમ્બર એ શાખાઓ છે. બન્નેનું સાહિત્ય જુદું જુદું છે પરંતુ જૈન તત્ત્વજ્ઞાનનું જે સ્વરૂપ સ્થિર થયેલું છે તે બન્ને શાખાઓમાં જરા પણ ફેરફાર સિવાય એક જ જેવું છે. અહીં એક વાત ખાસ નોંધવા જેવી છે અને તે એ કે વૈદિક તેમ જ બૌદ્ધ મતના નાનામોટા ઘણા ફિરકાઓ પડ્યા છે. તેમાંથી કેટલાક તો એકબીજાથી તદ્દન વિરોધી મન્તવ્ય ધરાવનાર પણ છે. એ બધા ફિરકાઓ વચ્ચે વિશેષતા એ છે કે જ્યારે વૈદિક અને બૌદ્ધ મતના બધા જ ફિરકાઓ આચારવિષયક મતભેદ ઉપરાંત તત્ત્વચિંતનની બાબતમાં કેટલોક મતભેદ ધરાવે છે ત્યારે જૈન મતના તમામ ફિરકાઓ માત્ર આચારભેદ ઉપર અવલંબિત છે. તેમનામાં તત્ત્વચિંતનની બાબતમાં કોઈ મૌલિક ભેદ હજી સુધી નોંધાયેલો નથી. માત્ર આર્ય તત્ત્વચિંતનના ઇતિહાસમાં જ નહિ, પણ માનવીય તત્ત્વચિંતનના સમગ્ર ઇતિહાસમાં આ એક જ દાખલો એવો છે કે આટલા લાંબા વખતનો વિશિષ્ટ ઇતિહાસ ધરાવતા છતાં જેના તત્ત્વચિંતનનો પ્રવાહ મૌલિક રૂપે અખંડિત જ રહ્યો હોય.

પૂર્વીય અને પશ્ચિમીય તત્ત્વજ્ઞાનની પ્રકૃતિ તુલના

તત્ત્વજ્ઞાન પૂર્વીય હોય કે પશ્ચિમીય હો પણ બધાં જ તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં આપણે જોઈએ છીએ કે તત્ત્વજ્ઞાન એ માત્ર જગત, જીવ અને ઈશ્વરના સ્વરૂપચિંતનમાં જ પૂરું નથી થતું, પણ એ પોતાના પ્રદેશમાં ચારિત્રનો પ્રશ્ન પણ હાથ ધરે છે. ઓછે કે વધે

આમ એક કે બીજી રીતે, દરેક તત્ત્વજ્ઞાન પોતામાં જીવનશોધનની મીમાંસા સમાવે છે. આમ છતાં, પૂર્વીય અને પશ્ચિમીય તત્ત્વજ્ઞાનના વિકાસમાં આ વિષે આપણે થોડો તફાવત પણ જોઈએ છીએ. એક તત્ત્વચિંતનની શરૂઆત માત્ર વિશ્વના સ્વરૂપ વિષેના પ્રશ્નોમાંથી થાય છે અને ત્યાં ક્રિયાવિધિ સાથે એનો સંબંધ જોડતાં એમાં જીવનશોધનનો પણ પ્રશ્ન ઉમેરાય છે અને બીજી એ પશ્ચિમીય તત્ત્વચિંતનની એક શાખામાં જીવનશોધનની મીમાંસા ખાસ ભાગ ભજવે છે તો અર્વાચીન સમય સુધી પણ રોમન કેથોલિક સંપ્રદાયમાં આપણે તત્ત્વચિંતનને જીવનશોધનના વિચાર સાથે સંકળાયેલું જોઈએ છીએ, પરંતુ ભારતીય તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં આપણે એક ખાસ વિશેષતા જોઈએ છીએ અને તે એ કે ભારતીય તત્ત્વજ્ઞાનની શરૂઆત જ તેને જીવનશોધનના પ્રશ્નમાંથી થઈ હોય તેમ લાગે છે. કારણ કે ભારતીય તત્ત્વજ્ઞાનની વૈદિક, બૌદ્ધ અને જૈન એ ત્રણે મુખ્ય શાખાઓમાં સરખી રીતે વિશ્વચિંતન સાથે જીવનશોધનનું ચિંતન સંકળાયેલું છે. આચારનું કોઈ પણ દર્શન એવું નથી કે જે માત્ર વિશ્વચિંતન કરી સંતોષ પામ્યું હોય, પણ તેથી ઊલટું આપણે આમ જોઈએ છીએ કે દરેક મુખ્ય કે ગૌણ શાખારૂપ દર્શન જ્યારે, જૈન અને ઇતર દર્શન પોતાના વિશિષ્ટ વિચારો રજૂ કરે ત્યારે જીવનશોધનના પ્રશ્નને છણે છે અને જીવનશોધનની પ્રક્રિયા રજૂ કરી વિરામ પામે છે. તેથી આપણું દરેક આર્ય દર્શનના મૂળ મર્મમાં આધ્યાત્મ સાધનાનો ઉદ્દેશ ભાવ અંતર્ગત છે, એ ઉપરથી જોઈ શકાય છે. આ રીતે દરેક દર્શન સામ્યદર્શન પોતાના વિશિષ્ટ માર્ગ બતાવે છે અને તે માર્ગ દર્શનથી અભિન્ન છે. તેમ ન્યાય, વૈશેષિક અને વેદાંત દર્શનમાં પણ મોક્ષના ઇત્યાદિ સિદ્ધાંત છે. બૌદ્ધ દર્શનમાં પણ એવી વિશિષ્ટ માર્ગ પ્રક્રિયાને ખાસ સ્થાન હોય છે. એ રીતે જૈન દર્શન પણ યોગ પ્રક્રિયા વિશે પૂરા વિચારો કરે છે.

જીવનશોધન : મૌલિક પ્રશ્નોની એકતા

આ રીતે આપણે જોયું કે જૈન દર્શનમાં મુખ્ય બે ભાગ છે : એક તત્ત્વચિંતનનો અને બીજો જીવનશોધનનો. અહીં એક વાત ખાસ નોંધવા જેવી છે અને તે એ કે વૈદિક દર્શનની કોઈ પણ પરંપરા લો કે બૌદ્ધ દર્શનની કોઈ પરંપરા લો અને તેની જૈન દર્શનની પરંપરા સાથે સરખામણી કરો તો એક વસ્તુ સ્પષ્ટ જણાશે કે આ બધી પરંપરાઓમાં જે ભેદ છે તે બે બાબતમાં છે : એક તો જગત, જીવ અને ઈશ્વરના સ્વરૂપચિંતન પરત્વે અને બીજો આચારનાં સ્થૂળ તેમ જ બાહ્ય વિધિવિધાનો અને સ્થૂળ રહેણીકરણી વિશે. પણ આર્ય દર્શનની દરેક પરંપરામાં જીવનશોધનને લગતા મૌલિક પ્રશ્નો અને તેના ઉત્તરોમાં જરા પણ તફાવત નથી. કોઈ ઈશ્વર માને કે નહિ, કોઈ પ્રકૃતિવાદી હોય કે કોઈ પરમાણુવાદી, કોઈ આત્મભેદ સ્વીકારે કે આત્માનું એકત્વ સ્વીકારે, કોઈ આત્માને વ્યાપક અને નિત્ય માને કે કોઈ તેથી ઊલટું માને, એ જ રીતે કોઈ યજ્ઞયાગ દ્વારા ભક્તિ ઉપર ભાર મૂકે કે કોઈ વધારે કડક નિયમોને અવલંબી ત્યાગ ઉપર ભાર મૂકે પણ દરેક પરંપરામાં આટલા પ્રશ્નો એકસરખા છે : દુઃખ છે કે નહિ? હોય તો તેનું કારણ શું? તે કારણનો નાશ શક્ય છે? અને શક્ય હોય તો કઈ રીતે? છેવટનું સાધ્ય શું હોવું જોઈએ? આ પ્રશ્નોના ઉત્તરો પણ દરેક પરંપરામાં એક જ છે ભલે શબ્દભેદ હોય, સંક્ષેપ કે વિસ્તાર હોય, બધાં દર્શનોનો ઉત્તર એ જ છે કે અવિદ્યા અને તૃષ્ણા એ દુઃખનાં કારણો છે. તેનો નાશ શક્ય છે. વિદ્યાથી અને તૃષ્ણાછેદ દ્વારા દુઃખનાં કારણોનો નાશ થતાં જ દુઃખ આપોઆપ નાશ પામે છે અને એ જ જીવનનું મુખ્ય સાધ્ય છે. આર્ય દર્શનોની પરંપરા જીવનશોધનના મૌલિક વિચાર વિશે અને તેના નિયમો વિશે તદ્દન એકમત છે તેથી અહીં જૈન દર્શન વિશે કાંઈ પણ લખતાં મુખ્યપણે તેની જીવનશોધનની મીમાંસાનું જ સંક્ષેપમાં કથન કરવું વધારે પ્રાસંગિક છે.

જીવનશોધનની જૈન પ્રક્રિયા

જૈન દર્શન કહે છે કે આત્મા સ્વાભાવિક રીતે શુદ્ધ અને સચ્ચિદાનંદરૂપ છે. એનામાં જે અશુદ્ધિ, વિકાર કે દુઃખરૂપતા દેખાય છે તે અજ્ઞાન અને મોહના અનાદિ પ્રવાહને આભારી છે. અજ્ઞાનને ઘટાડવા અને તદ્દન નષ્ટ કરવા તેમ મોહનો વિલય કરવા જૈન દર્શન એક બાજુ વિવેકશક્તિ વિકસાવવા કહે છે અને બીજી બાજુ તે રાગદ્વેષના સંસ્કારો નષ્ટ કરવા કહે છે. જૈન દર્શન આત્માને ત્રણ ભૂમિકાઓમાં વહેંચી નાખે છે. જ્યારે અજ્ઞાન અને મોહનું પૂર્ણ પ્રાબલ્ય હોય અને તેને લીધે આત્મા વાસ્તવિક તત્ત્વ વિચારી ન શકે તેમ જ સત્ય ને સ્થાયી સુખની દિશામાં એક પણ પગલું ભરવાની ઇચ્છા સુધ્ધાં ન કરી શકે, ત્યારે એ બહિરાત્મા કહેવાય છે. જીવની આ પ્રથમ ભૂમિકા થઈ. આ ભૂમિકા હોય ત્યાં સુધી પુનર્જન્મનું ચક્ર બંધ પડવાનો કદી સંભવ જ નથી અને લૌકિક દૃષ્ટિએ ગમે તેટલો વિકાસ દેખાય છતાં ખરી રીતે એ આત્મા અવિકસિત જ હોય છે.

વિવેકશક્તિનો પ્રાદુર્ભાવ જ્યારે થાય અને રાગદ્વેષના સંસ્કારોનું બળ ઘટવા માંડે ત્યારે બીજી ભૂમિકા શરૂ થાય છે. એને જૈન દર્શન અંતરાત્મા કહે છે. આ ભૂમિકા વખતે જો કે દેહધારણને ઉપયોગી એવી બધી દુન્યવી પ્રવૃત્તિ ઓછીવત્તી ચાલતી હોય છે, છતાં વિવેકશક્તિના વિકાસના પ્રમાણમાં અને રાગદ્વેષની મંદતાના પ્રમાણમાં એ પ્રવૃત્તિ અનાસક્તિવાળી હોય છે. આ બીજી ભૂમિકામાં પ્રવૃત્તિ હોવા છતાં તેમાં અંતરથી નિર્લિપ્તતાનું તત્ત્વ હોય છે.

બીજી ભૂમિકાની સંભાવ્ય બધાં પગથિયાં જ્યારે વટાઈ જાય ત્યારે આત્મા પરમાત્માની દશાને પ્રાપ્ત થયો કહેવાય છે. આ જીવનશોધનની છેલ્લી ભૂમિકા અને પૂર્ણ ભૂમિકા છે. જૈન દર્શન કહે છે કે આ ભૂમિકાએ પહોંચ્યા પછી પુનર્જન્મનું ચક્ર હંમેશને માટે તદ્દન

આપણે ઉપરના સંક્ષિપ્ત વર્ણન ઉપરથી જોઈ શકીએ છીએ કે અવિવેક (મિથ્યાદૃષ્ટિ) અને મોહ (તૃષ્ણા) એ બે જ સંસાર છે અથવા સંસારનાં કારણો છે. તેથી ઊલટું વિવેક અને વીતરાગત્વ એ જ મોક્ષ છે અથવા મોક્ષનો માર્ગ છે. આ જ જીવનશોધનની સંક્ષિપ્ત જૈનમીમાંસા અનેક જૈન ગ્રંથોમાં અનેક રીતે, સંક્ષેપ કે વિસ્તારથી, તેમ જુદી જુદી પરિભાષાઓમાં વર્ણવેલી મળે છે અને આ જ જીવનમીમાંસા અક્ષરશઃ વૈદિક તેમ જ બૌદ્ધ દર્શનોમાં પણ પદે પદે નજરે પડે છે.

કંઈક વિશેષ સરખામણી

ઉપર તત્ત્વજ્ઞાનની મૌલિક જૈન વિચારસરણી અને આધ્યાત્મિક વિકાસક્રમની જૈન વિચારસરણીનો બહુ જ ટૂંકમાં નિર્દેશ કર્યો છે. એ જ વિચારને વધારે સ્પષ્ટ કરવા અહીં ભારતીય બીજા દર્શનોના વિચારો સાથે કંઈક સરખામણી કરવી યોગ્ય છે.

(ક) જૈન દર્શન જગતને માયાવાદીની પેઠે માત્ર આભાસ કે માત્ર કાલ્પનિક નથી માનતું, પણ એ જગતને સત્ માને છે. તેમ છતાં જૈન દર્શનસંમત સત્-તત્ત્વ એ ચાર્વાકની પેઠે કેવળ જડ અર્થાત્ સહજ ચૈતન્યરહિત નથી. એ જ રીતે જૈન દર્શનસંમત સત્-તત્ત્વ એ શાંકર વેદાન્ત પ્રમાણે કેવળ ચૈતન્યમાત્ર પણ નથી, પરંતુ જેમ સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, પૂર્વમીમાંસા અને બૌદ્ધ દર્શન સત્-તત્ત્વને તદ્દન સ્વતંત્ર તેમ જ પરસ્પર ભિન્ન એવા જડ તેમ જ ચેતન એ બે ભાગોમાં વહેંચી નાખે છે તેમ જૈન દર્શન પણ સત્-તત્ત્વની અનાદિસિદ્ધ જડ તથા ચેતન એવી બે પ્રકૃતિ સ્વીકારે છે, કે જે દેશ અને કાળના પ્રવાહમાં સાથે રહેવા છતાં મૂળમાં તદ્દન સ્વતંત્ર છે. જેમ ન્યાય, વૈશેષિક અને યોગદર્શન આદિ એમ સ્વીકારે છે કે આ જગતનું વિશિષ્ટ કાર્યસ્વરૂપ ભલે જડ અને ચેતન બે પદાર્થો ઉપરથી ઘડાતું હોય, છતાં એ કાર્યની પાછળ કોઈ અનાદિસિદ્ધ સમર્થ ચેતનશક્તિનો

દાબ છે એ ઈશ્વરીય દાબ સિવાય આવું અદ્ભુત કાર્ય સંભવી શકે નહિ, તેમ જૈન દર્શન નથી માનતું. એ પ્રાચીન સાંખ્ય, પૂર્વમીમાંસા અને બૌદ્ધ આદિની પેઠે માને છે કે જડ અને ચેતન એ બે સત્-પ્રવાહો આપોઆપ, કોઈ ત્રીજી વિશિષ્ટ શક્તિના દાબ સિવાય જ ચાલ્યા કરે છે, અને તેથી આ જગતની ઉત્પત્તિ કે વ્યવસ્થા માટે ઈશ્વર જેવી સ્વતંત્ર અનાદિસિદ્ધ વ્યક્તિ સ્વીકારવાની એ ના પાડે છે. જો કે જૈન દર્શન ન્યાય, વૈશેષિક બૌદ્ધ આદિની પેઠે જડ સત્-તત્ત્વને અનાદિસિદ્ધ અનંત વ્યક્તિરૂપ સ્વીકારે છે અને સાંખ્યની પેઠે એક વ્યક્તિરૂપ નથી સ્વીકારતું, છતાં તે સાંખ્યના પ્રકૃતિગામી સહજ પરિણામવાદને અનંત પરમાણુ નામક જડ સત્-તત્ત્વોમાં સ્થાન આપે છે.

આ રીતે જૈન માન્યતા પ્રમાણે જગતનો પરિવર્તનપ્રવાહ આપોઆપ જ ચાલે છે તેમ છતાં જૈન દર્શન એટલું તો સ્પષ્ટ કહે છે કે વિશ્વમાંની જે ઘટનાઓ કોઈની બુદ્ધિ અને પ્રયત્નને આભારી દેખાય છે તે ઘટનાઓની પાછળ ઈશ્વરનો નહિ પણ તે ઘટનાઓના પરિણામમાં ભાગીદાર થનાર સંસારી જીવનો દાબ છે. એટલે કે તેવી ઘટનાઓ જાણ્યે-અજાણ્યે કોઈ ને કોઈ સંસારી જીવના બુદ્ધિ અને પ્રયત્નને આભારી હોય છે. આ બાબતમાં પ્રાચીન સાંખ્ય અને બૌદ્ધ દર્શન જૈન દર્શન જેવા જ વિચારો ધરાવે છે.

વેદાન્ત દર્શન પ્રમાણે જૈન દર્શન સચેતન તત્ત્વને એક કે અખંડ નથી માનતું, પણ સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક તેમ જ બૌદ્ધ આદિની પેઠે એ સચેતન તત્ત્વને અનેક વ્યક્તિરૂપે માને છે. તેમ છતાં એમની સાથે પણ જૈન દર્શનનો થોડો મતભેદ છે, અને તે એ છે કે જૈન દર્શનની માન્યતા પ્રમાણે સચેતન તત્ત્વ બૌદ્ધ માન્યતાની જેમ કેવળ પરિવર્તનપ્રવાહ નથી, તેમ જ સાંખ્ય-ન્યાય આદિની પેઠે માત્ર કૂટસ્થ પણ નથી, કિન્તુ જૈન દર્શન કહે છે કે મૂળમાં સચેતન તત્ત્વ ધ્રુવ અર્થાત્ અનાદિ-અનંત હોવા છતાં એ દેશકાળની અસર ધારણ

કોઈ વિરોધ રહી જતો નથી. એટલે જૈન મત પ્રમાણે જીવ પણ અનાદિ યોગે પરિભ્રમિત છે. જૈન દર્શન ઈશ્વર જેવી કોઈ વ્યક્તિને જગત્ સર્જક તરીકે નથી માનતું છતાં એ ઈશ્વરના સમગ્ર ગુણો જીવમાત્રમાં સ્વીકારે છે. તેથી જૈન દર્શન પ્રમાણે પ્રત્યેક જીવમાં ઈશ્વરપણાની શક્તિ છે—ભલે તે આવરણથી દબાયેલી હોય. પણ જો જીવ યોગ્ય દિશામાં પ્રયત્ન કરે તો એ પોતામાં રહેલી ઈશ્વરીય શક્તિને પૂર્ણપણે વિકસાવી પોતે જ ઈશ્વર બને છે. આ રીતે જૈન માન્યતા પ્રમાણે ઈશ્વરતત્ત્વને અલાયદું સ્થાન ન હોવા છતાં તે ઈશ્વરતત્ત્વની માન્યતા ધરાવે છે અને તેની ઉપાસના પણ સ્વીકારે છે. જે જે જીવાત્મા કર્મવાસનાઓથી પૂર્ણપણે મુક્ત થયા તે બધા જ સમાનભાવે ઈશ્વર છે. તેમનો આદર્શ સામે રાખી પોતામાં રહેલી તેવી જ પૂર્ણ શક્તિ પ્રકટાવવી એ જૈન ઉપાસનાનું ધ્યેય છે. જેમ શાંકર વેદાંત માને છે કે જીવ પોતે જ બ્રહ્મ છે, તેમ જૈન દર્શન કહે છે કે જીવ પોતે જ ઈશ્વર કે પરમાત્મા છે. વેદાંતદર્શન પ્રમાણે જીવનો બ્રહ્મભાવ અવિદ્યાથી આવૃત છે અને અવિદ્યા દૂર થતાં અનુભવમાં આવે છે, તેમ જૈન દર્શન પ્રમાણે જીવનો પરમાત્મભાવ આવૃત છે અને તે આવરણ દૂર થતાં પૂર્ણપણે અનુભવમાં આવે છે. આ બાબતમાં ખરી રીતે જૈન અને વેદાંત વચ્ચે વ્યક્તિબહુત્વ સિવાય કશો જ ભેદ નથી.

(ખ) જૈન શાસ્ત્રમાં જે સાત તત્ત્વ કહેલાં છે તેમાંથી મૂળ જીવ અને અજીવ એ બે તત્ત્વ વિશે ઉપર સરખામણી કરી. હવે બાકી ખરી રીતે પાંચમાંથી ચાર[1] તત્ત્વો જ રહે છે. આ ચાર તત્ત્વો જીવનશોધનને લગતાં અથવા આધ્યાત્મિક વિકાસક્રમને લગતાં છે. જેને ચારિત્રીય તત્ત્વો પણ કહી શકાય. બંધ, આસ્રવ, સંવર અને મોક્ષ એ ચાર તત્ત્વો છે. આ તત્ત્વોને બૌદ્ધ શાસ્ત્રોમાં અનુક્રમે દુઃખ, દુઃખ

૧ નિર્જરાતત્ત્વને અહીં અલગ ગણાવ્યું નથી. આત્યંતિક કર્મક્ષય તે નિર્બંધ છે અને આંશિક કર્મક્ષય તે નિર્જરા છે.—સંપાદક

હેતુ, નિર્વાણમાર્ગ અને નિર્વાણ એ ચાર આર્યસત્ય તરીકે વર્ણવેલાં છે. સાંખ્ય અને યોગશાસ્ત્રમાં એને જ હેય, હેયહેતુ, હાનોપાય અને હાન કહી ચતુર્વ્યૂહ તરીકે વર્ણવેલ છે. ન્યાય અને વૈશેષિક દર્શનમાં પણ એ જ વસ્તુ સંસાર, મિથ્યાજ્ઞાન, સમ્યગ્જ્ઞાન અને અપવર્ગના નામ આપી વર્ણવેલ છે. વેદાંત દર્શનમાં સંસાર, અવિદ્યા, બ્રહ્મસાક્ષાત્કાર અને બ્રહ્મભાવના નામથી એ જ વસ્તુ કહેવામાં આવી છે.

જૈન દર્શનમાં બહિરાત્મા, અન્તરાત્મા અને પરમાત્માની ત્રણ સંક્ષિપ્ત ભૂમિકાઓને જરા વિસ્તારી ચૌદ ભૂમિકારૂપે પણ વર્ણવેલી છે જે જૈન પરંપરામાં ગુણસ્થાનના નામથી જાણીતી છે. યોગવાસિષ્ઠ જેવા વેદાન્તના ગ્રન્થોમાં પણ સાત અજ્ઞાનની અને સાત જ્ઞાનની એમ ચૌદ આત્મિક ભૂમિકાઓનું વર્ણન છે. સાંખ્ય-યોગ દર્શનની ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરુદ્ધ એ પાંચ ચિત્તભૂમિકાઓ પણ એ જ ચૌદ ભૂમિકાઓનું સંક્ષિપ્ત વર્ગીકરણ માત્ર છે. બૌદ્ધ દર્શનમાં પણ એ જ આધ્યાત્મિક વિકાસક્રમને પૃથગ્જન, સોતાપન્ન આદિ તરીકે છ ભૂમિકાઓમાં વહેંચી વર્ણવેલ છે. આ રીતે આપણે બધાં જ આસ્તિક દર્શનોમાં સંસારથી મોક્ષ સુધીની સ્થિતિ, તેનો ક્રમ અને તેનાં કારણો વિશે તદ્દન એક મત અને એક વિચાર વાંચીએ છીએ ત્યારે પ્રશ્ન થાય છે કે જ્યારે બધાં જ દર્શનોના વિચારોમાં મૌલિક એકતા છે ત્યારે પંથ પંથ વચ્ચે કદી ન સંધાય એવો આટલો બધો ભેદ કેમ દેખાય છે?

આનો ઉત્તર સ્પષ્ટ છે. પંથોની ભિન્નતા મુખ્ય બે વસ્તુઓને આભારી છે: તત્ત્વજ્ઞાનની જુદાઈ અને બાહ્ય આચાર-વિચારની જુદાઈ. કેટલાક પંથો તો એવા જ છે કે જેમના બાહ્ય આચાર-વિચારમાં તફાવત હોવા ઉપરાંત તત્ત્વજ્ઞાનની વિચારસરણીમાં પણ અમુક ભેદ હોય છે. જેમ કે વેદાન્ત, બૌદ્ધ અને જૈન આદિ પંથો. વળી કેટલાક પંથો કે તેના ફાંટાઓ એવા પણ હોય છે કે જેમની તત્ત્વજ્ઞાનવિષયક

વિચારસરણીમાં ખાસ ભેદ હોય જ નહિ; તેમનો ભેદ મુખ્યપણે બાહ્ય આચારને અવલંબી છે. ભેદો અને પેટાભેદો હોય છે. દાખલા તરીકે જૈન દર્શનની શ્વેતાંબર, દિગંબર અને સ્થાનકવાસી એ ત્રણે શાખાઓ ગણાવી શકાય.

આત્માને કોઈ એક માને કે કોઈ અનેક માને, કોઈ ઈશ્વરને માને કે કોઈ ન માને ઇત્યાદિ તાત્ત્વિક વિચારણાનો ભેદ બુદ્ધિના તરતમભાવ ઉપર નિર્ભર છે અને એ તરતમભાવ અનિવાર્ય છે. એ જ રીતે બાહ્ય આચાર અને નિયમોના ભેદો બુદ્ધિ, રુચિ તેમ જ પરિસ્થિતિના ભેદમાંથી જન્મે છે. કોઈ કાશી જઈ ગંગાસ્નાન અને વિશ્વનાથના દર્શનમાં પવિત્રતા માને; કોઈ બુદ્ધગયા અને સારનાથ જઈ બુદ્ધના દર્શનમાં કૃતકૃત્યતા માને, કોઈ શત્રુંજય અને ગેડી સફળતા માને, કોઈ મક્કા અને જેરુસલેમ જઈ ધન્યતા માને; એ જ રીતે કોઈ અગિયારસના તપ-ઉપવાસને અનિવાર્ય ગણે; બીજો કોઈ આઠમ અને ચતુર્દશીના તપને મહત્ત્વ આપે; કોઈ તપ ઉપર બહુ ભાર ન આપતાં ધ્યાન ઉપર ભાર આપે તો બીજો કોઈ તપ ઉપર પણ વધારે ભાર આપે. આ રીતે ધર્મપાલન ભિન્ન ભિન્ન સંસ્કારોનું પોષણ અને રુચિઓનું માનસિક પાત્રરૂપ અનિવાર્ય હોવાથી આચારભેદ અને પ્રકૃતિના આ ભેદો ભૂંસવાનો નહિ. એની ઉપયોગિતા અને પોષક બાબતથી બધી વસ્તુઓ જ્યાં સમ એવું છે કે તે ખરી રીતે ખંડિત થયું જ નથી. તેથી જ આપણે ઉપરની આધ્યાત્મિક વિચારણાને વસ્તી તુલનામાં જોઈએ જોઈએ કે ક્યાં તે રીતે, ક્યાં તે અમલમાં અને ક્યાં તે રૂપમાં ઊતરવાનું બાકી છે જ. એના અનુરૂપ વર્તનોના અનુસરણમાં પ્રગટ થયું છે.

પ્રસ્તુત વ્યાખ્યાન પૂરું કરું તે પહેલાં જૈન દર્શનની સર્વમાન્ય બે સિદ્ધાંતોનો ઉલ્લેખ કરી દઉં. અનેકાંત અને અહિંસા એ બે મુદ્દાઓની ચર્ચા ઉપર જ આખા જૈન સાહિત્યનું મંડાણ છે. જૈન

આચાર અને ઉપાસનાની વિવિધતા આ બે ભાગોમાંથી જ બનાવી શકાય. સત્ય ખરી રીતે એક જ હોય છે પણ મનુષ્યની દૃષ્ટિ તેને એક રીતે ગ્રહણ કરી શકતી જ નથી. તેથી સત્યના દર્શન માટે મનુષ્યે પોતાની દૃષ્ટિમર્યાદા વિકસાવવી જોઈએ અને તેમાં સત્યદર્શનની સંભવિત બધી જ રીતોને સ્થાન આપવું જોઈએ. આ ઉદાત્ત અને વિશાળ ભાવનામાંથી અનેકાંતની વિચારસરણીનો જન્મ થયો છે. એ સરણી કોઈ વાદવિવાદમાં જય મેળવવા માટે કે વિતંડાવાદની સાઠમારી રમવા માટે અગર તો છળકપટની આંટીઘૂંટી ખેલવા માટે નથી યોજાયેલી, પણ એ તો જીવનશોધનના એક ભાગ તરીકે વિવેકશક્તિને વિકસાવવા અને સત્યદર્શનની દિશામાં આગળ વધવા માટે યોજાયેલી છે. તેથી અનેકાંત વિચારસરણીનો ખરો અર્થ એ છે કે સત્યદર્શનને લક્ષમાં રાખી તેના બધા અંશો અને ભાગોને એક વિશાળ માનસવર્તુળમાં યોગ્ય રીતે સ્થાન આપવું.

જેમ જેમ મનુષ્યની વિવેકશક્તિ વધે છે તેમ તેમ તેની દૃષ્ટિમર્યાદા વધવાને લીધે તેને પોતાની અંદર રહેલી સંકુચિતતાઓ અને વાસનાઓના દબાણની સામે થવું પડે છે. જ્યાં સુધી મનુષ્ય સંકુચિતતાઓ અને વાસનાઓ સામે ન થાય ત્યાં સુધી તે પોતાના જીવનમાં અનેકાંતના વિચારને વાસ્તવિક સ્થાન આપી જ નથી શકતો. તેથી અનેકાંતના વિચારની રક્ષા અને વૃદ્ધિના પ્રશ્નમાંથી જ અહિંસાનો પ્રશ્ન આવે છે. જૈન અહિંસા એ માત્ર ચુપચાપ બેસી રહેવામાં કે ધંધોધાપો છોડી દેવામાં કે માત્ર લાકડા જેવી નિશ્ચેષ્ટ સ્થિતિ સાધવામાં નથી સમાતી, પણ એ અહિંસા ખરા આત્મિક બળની અપેક્ષા રાખે છે. કોઈ પણ વિકાર જાગ્યો, કોઈ વાસનાએ ડોકિયું કર્યું કે કોઈ સંકુચિતતા મનમાં સરકી ત્યાં જૈન અહિંસા એમ કહે છે કે તું એ વિકારો, એ વાસનાઓ, એ સંકુચિતતાઓથી ન હણા, ન હાર, ન દબા. તું એની સામે ઝૂઝ અને એ વિરોધી

જીવોને દુઃખ. આ આધ્યાત્મિક જીવ મારેનો પ્રશ્ન એ જ મુખ્ય જૈન અહિંસા છે. આને સંયમ કહો, તપ કહો, ધ્યાન કહો કે કોઈ પણ તેવું આધ્યાત્મિક નામ આપો, પણ એ વસ્તુતઃ અહિંસા જ છે. અને જૈન દર્શન એમ કહે છે કે અહિંસા એ માત્ર સ્થૂલ આચાર નથી, પણ તે શુદ્ધ વિચારના પરિપાકરૂપે અવતરેલો જીવનોત્કર્ષક આચાર છે.

ઉપર વર્ણવેલ અહિંસાના સૂક્ષ્મ અને વાસ્તવિક રૂપમાંથી કોઈ પણ બાહ્યાચાર જન્મ્યો હોય અગર એ સૂક્ષ્મ રૂપની પુષ્ટિ માટે કોઈ આચાર નિર્માયો હોય તો તેને જૈન તત્ત્વજ્ઞાનમાં અહિંસા તરીકે સ્થાન છે. તેથી ઊલટું દેખીતી રીતે ભલે ગમે તે આચાર કે વ્યવહારના મૂળમાં જો ઉપરનું અહિંસાનું આંતરિક તત્ત્વ સંબંધ ન ધરાવતું હોય તો તે આચાર અને તે વ્યવહાર જૈન દૃષ્ટિએ અહિંસા છે કે અહિંસાના પોષક છે એમ ન કહી શકાય.

અહીં જૈન તત્ત્વજ્ઞાનને લગતા વિચારમાં પ્રમેયસંબંધી અવભૂમિ / સ્થાનની નથી. માત્ર એ વિષેની જૈન વિચારસરણિનો ઇશારો કર્યો છે. આચારની બાબતમાં પણ કોઈ ખાસના નિયમો અને ઉપાયરૂપ વિધિ અવભૂમિ / જણાવી નથી કરી, પણ આચારના મૂળ તત્ત્વોની જીવનશોધન રૂપે સહેજ ચર્ચા કરી છે જેને જૈન પરિભાષામાં આસ્રવ, સંવર આદિ તત્ત્વો કહેવામાં આવે છે.

[દઅચિ ભા ૨, પૃ [illegible]]

અને અજ્ઞાનના બંધનમાં બેઠો જાય છે એનું શું કારણ? આ એક જ પ્રશ્ન છે પણ તેનો ઉત્તર તત્ત્વજ્ઞોએ સૂચવેલો છે તે એ છે કે સુખ અને જ્ઞાન મેળવવાની સ્વાભાવિક વૃત્તિથી આત્માનું પૂર્ણાનંદ અને પૂર્ણજ્ઞાનમય સ્વરૂપ સાબિત થાય છે. કારણ કે તે જ્યાં સુધી પૂર્ણાનંદ અને પૂર્ણ જ્ઞાન ન મેળવે ત્યાં સુધી સંતોષ પામી શકતો નથી; જ્યાં તેના ઉપર અજ્ઞાન અને રાગદ્વેષના એવા પ્રબળ સંસ્કારો છે કે જેને લીધે તે ખરા સુખનું ભાન કરી શકતો નથી, અગર કાંઈક ભાન થયું હોય તો તે ખરા સુખની પ્રાપ્તિ માટે પ્રવૃત્તિ કરી શકતો નથી. અજ્ઞાન એ ચેતનાના સ્વરૂપનું વિરોધી તત્ત્વ છે તેથી જ્યાં સુધી અજ્ઞાનની તીવ્રતા હોય ત્યાં સુધી ચેતનાનું સ્ફુરણ અત્યંત મંદ હોય છે. તેને લીધે ખરા સુખ અને ખરા સુખના સાધનનો ભાસ જ થવા પામતો નથી. આ કારણથી આત્મા પોતે એક વિષયમાં સુખ મળવાની ધારણાથી પ્રવૃત્તિ કરે છે અને તેમાં છેવટે નિરાશ થવાથી બીજા વિષય તરફ વળે છે. બીજા વિષયમાં નિરાશ થતાં વળી ત્રીજા વિષય તરફ દોડે છે. આ રીતે તેની સ્થિતિ વમળમાં પડેલ લાકડાના જેવી કે વંટોળિયામાં ઊડતા તણખલા જેવી થઈ જાય છે. આવી કષ્ટપરંપરા અનુભવતાં કોઈક અજ્ઞાન ઓછું થાય છે તેમ રાગદ્વેષની તીવ્રતાને લીધે સુખની ખરી દિશામાં પ્રયાણ કરી શકાતું નથી. અજ્ઞાનની સહજ મંદતાથી ઘણીવાર એવું ભાન થાય છે કે સુખ અને દુઃખનાં બીજાં બાહ્ય જગતમાં નથી, છતાં રાગદ્વેષની તીવ્રતાને પરિણામે પૂર્વપરિચિત વિષયોને જ સુખ અને દુઃખનાં સાધન માની તેમાં હર્ષ અને વિષાદનો અનુભવ થયા કરે છે. આ સ્થિતિ ચોક્કસ લક્ષ્ય વિનાની હોવાથી દિશાનો ચોક્કસ નિશ્ચય કર્યા સિવાય વહાણ હંકારનાર ખલાસીની સ્થિતિ જેવી છે. આ જ સ્થિતિ આધ્યાત્મિક અવિકાસકાળની છે.

પ અજ્ઞાન અને રાગદ્વેષનાં ચાલુ બળ પણ હમેશાં જેવું ને તેવું ન જ રહી શકે. કારણ, કે બળ ગમે તેટલું વધારે હોય તોપણ

કેટલે આત્મિક ભાગ સામે તે આવરણ છે. ઘાતો મન્દ થાય અને પ્રકૃતિ ભાગવા તેટલા જ શક્તિની જરૂર નથી હોતી; તે માટે તો શક્તિનો એક અંશ પણ બસ છે. શુભ, પ્રમાણમાં થોડું હોય તોપણ તે શારીરિક અશુભ કરતાં વધારે બળવાન હોય છે. જ્યારે આ આત્મા ચેતનતાનુ ગુણસ્થાન વધે છે અને રાગદ્વેષ સાથેના આત્માના યુદ્ધમાં જ્યારે રાગ વળી શક્તિ ઘટે છે ત્યારે આત્માનુ વીર્ય જે અત્યાર સુધી ઊલટી દિશામાં કામ કરતું તે ખરી દિશામાં વળે છે. તે જ વખતે આત્મા પોતાના ધ્યેયના નિર્ણય કરી તે મેળવવા દૃઢ નિશ્ચય કરી લે છે અને તે માટે તે પ્રવૃત્તિ કરવા લાગે છે. આ વખતે આધ્યાત્મિક વિકાસનો પાયો નખાય છે. હવે પછી આત્મા પોતાની જ્ઞાન અને વીર્યશક્તિની મદદ લઈ અજ્ઞાન અને રાગદ્વેષ સાથે કુસ્તી કરવા અખાડામાં ઊતરી જાય છે. કદાચ તે ક્યારેક હાર ખાય છે પણ છેવટે તે હારના પરિણામે જ વધેલ જ્ઞાન અને વીર્ય શક્તિને લઈ હરાવનાર અજ્ઞાન અને રાગદ્વેષને હઠાવતો જ જાય છે. જેમ જેમ તે હઠાવતો જાય છે તેમ તેમ તેનો ઉત્સાહ વધતો જાય છે. ઉત્સાહવૃદ્ધિ સાથે જ એક અપૂર્વ આનંદની લહેર છૂટે છે અને આનંદની લહેરીમાં આનંદમસ્તિ ઘૂમતો આત્મા અજ્ઞાન તેમ જ રાગ-દ્વેષના ચક્રને વધારે ને વધારે નિર્બળ કરતો પોતાની સહજ સ્થિતિ તરફ આગળ વધતો જાય છે. આ સ્થિતિ આધ્યાત્મિક વિકાસક્રમની છે.

૨. આ સ્થિતિની છેવટની અવધિ એ જ વિકાસની પૂર્ણતા. આ પૂર્ણતા પ્રાપ્ત થઈ એટલે સંસારથી પર સ્થિતિ પ્રાપ્ત થઈ. તેમાં કેવળ સ્વાભાવિક આનંદનું જ સામ્રાજ્ય હોય છે. આ મોક્ષકાળ.

ચૌદ ગુણસ્થાન અને તેની સમજૂતી

જૈન સાહિત્યના પ્રાચીન ગ્રંથો જે આગમના નામથી ઓળખાય છે, તેમાં મુખ્ય આધ્યાત્મિક વિકાસના ક્રમ સંબંધી વિચારો વ્યવસ્થિત રીતે મળી આવે છે. તેમાં આત્મિક સ્થિતિના ચૌદ વિભાગો કરવામાં

આવ્યા છે જે ગુણસ્થાનને નામે ઓળખાય છે.

ગુણસ્થાન—ગુણ એટલે આત્માની ચેતના, સમ્યક્ત્વ, ચારિત્ર, વીર્ય આદિ શક્તિઓ. સ્થાન એટલે તે શક્તિઓની શુદ્ધતાની તરતમ-ભાવવાળી અવસ્થાઓ. આત્માના સહજ ગુણો વિવિધ આવરણોથી સંસારદશામાં આવૃત છે. જેમ જેમ આવરણોની વિરલતા કે ક્ષય પ્રમાણ જેટલું વિશેષ તેટલી ગુણોની શુદ્ધિ વિશેષ અને આવરણોની વિરલતા કે ક્ષય પ્રમાણ જેટલું ઓછું તેટલી ગુણોની શુદ્ધિ ઓછી. આ રીતે આત્મિક ગુણોની શુદ્ધિના પ્રકર્ષ કે અપકર્ષવાળા અસંખ્યાત પ્રકારો સંભવે છે, પણ સંક્ષેપમાં તેને ચૌદ ભાગમાં વહેંચી નાખેલ છે, જે ગુણસ્થાન કહેવાય છે. ગુણસ્થાનની કલ્પના મુખ્યતયા મોહનીય કર્મની વિરલતા અને ક્ષયને આધારે કરવામાં આવી છે. મોહનીય કર્મની મુખ્ય બે શક્તિઓ છે. પહેલી શક્તિનું કાર્ય આત્માના સમ્યક્ત્વ ગુણને આવૃત કરવાનું છે, જેથી આત્મામાં તાત્ત્વિક રુચિ કે સત્યદર્શન થવા પામતું નથી. બીજી શક્તિનું કાર્ય આત્માના ચારિત્રગુણને આવૃત કરવાનું છે, જેથી આત્મા તાત્ત્વિક રુચિ કે સત્યદર્શન થયા છતાં પણ તદનુસાર પ્રવૃત્તિ કરી સ્વરૂપલાભ કરી શકતો નથી. સમ્યક્ત્વની પ્રતિબંધક એવી મોહનીયની પ્રથમ શક્તિ દર્શનમોહનીય અને ચારિત્રની પ્રતિબંધક એવી મોહનીયની બીજી શક્તિ ચારિત્રમોહનીય કહેવાય છે. આ બેમાં દર્શનમોહનીય પ્રબળ છે, કારણ કે જ્યાં સુધી તેની વિરલતા કે ક્ષય ન થાય ત્યાં સુધી ચારિત્રમોહનીયનું બળ ઘટતું નથી. દર્શનમોહનીયનું બળ ઘટ્યું એટલે ચારિત્રમોહનીય ક્રમે ક્રમે નિર્બળ થઈ છેવટે સર્વથા ક્ષીણ થવાનું જ. સમસ્ત કર્માવરણોમાં પ્રધાનતમ અને બળવત્તમ મોહનીય જ છે. તેનું કારણ એ છે કે જ્યાં સુધી મોહનીયની શક્તિ તીવ્ર હોય ત્યાં સુધી અન્ય આવરણો તીવ્ર જ રહે છે અને તેની શક્તિ ઘટતાં જ અન્ય આવરણનું બળ મંદ થતું જાય છે. આ જ કારણથી ગુણસ્થાનોની કલ્પના મોહનીય કર્મના તરતમભાવને આધારે કરવામાં આવી છે.

તે ગુણસ્થાનો આ પ્રમાણે : (૧) મિથ્યાદૃષ્ટિ[1] (૨) સાસ્વાદન, (૩) સમ્યગ્મિથ્યાદૃષ્ટિ, (૪) અવિરતસમ્યગ્દૃષ્ટિ, (૫) દેશવિરતિ (વિરતાવિરત) (૬) પ્રમત્તસંયત, (૭) અપ્રમત્તસંયત, (૮) અપૂર્વકરણ (નિવૃત્તિબાદર) (૯) અનિવૃત્તિબાદર (૧૦) સૂક્ષ્મસંપરાય, (૧૧) ઉપશાન્તમોહ (૧૨) ક્ષીણમોહ, (૧૩) સયોગીકેવલી (૧૪) અયોગીકેવલી.

(૧) જે અવસ્થામાં દર્શનમોહનીયની પ્રબળતાને લીધે સમ્યક્ત્વ ગુણ આવૃત થયેલ હોવાથી આત્માની તત્ત્વરુચિ જાગ્રત થતી નથી અને તેથી તેની દૃષ્ટિ મિથ્યા (સત્ય વિરુદ્ધ) હોય છે તે અવસ્થા મિથ્યાદૃષ્ટિ.

(૨) અગિયારમા ગુણસ્થાનથી પતિત થઈ પ્રથમ ગુણસ્થાન ઉપર આવતાં વચ્ચે જ્યાં સુધી પહેલા ઉપર નથી પહોંચ્યો ત્યાં સુધી જે અવસ્થા પ્રાપ્ત થાય છે તે અવસ્થા સાસ્વાદન. આનું સાસ્વાદન નામ એ માટે છે કે તેમાં પતનમુખ આત્માને તત્ત્વરુચિનો સ્વાદ જરા આસ્વાદ હોય છે. જે રીતે મિષ્ટાન્ન ખાધા બાદ ઊલટી થતી વખતે એક વિલક્ષણ સ્વાદ હોય છે. આ બીજું ગુણસ્થાન પતનોન્મુખ આત્માને જ હોય છે.

(૩) ત્રાજવે તોળાતા માણસની જેમ જે અવસ્થામાં આત્મા દોલાયમાન હોય છે, જેને લીધે તે સર્વથા સત્યદર્શન કરી શકતો નથી કે સર્વથા મિથ્યાદૃષ્ટિની સ્થિતિમાં રહી શકતો નથી અર્થાત્ તેની સંશયાત્મક જેવી સ્થિતિ થાય છે તે અવસ્થા સમ્યગ્મિથ્યાદૃષ્ટિ. આ ગુણસ્થાનમાં દર્શનમોહનીયનું વિષ પ્રથમ જેવું તીવ્ર રહેતું નથી, પણ તે હોય છે જરૂર.

(૪) જે અવસ્થામાં દર્શનમોહનીયનું બળ કાં તો બિલકુલ શમી જાય છે કે વિરલ થઈ જાય છે અને કાં તો બિલકુલ ક્ષીણ થઈ

૧ જુઓ સમવાયાંગ, ૧૪મો સમવાય.

જાય છે જેને લીધે આત્મા આધ્યાત્મિક સમાધાન કરી શકે છે આ અવસ્થા અવિરતસમ્યગ્દૃષ્ટિ. આનું અવિરત નામ એટલા માટે છે કે તેમાં ચારિત્રમોહનીયની સત્તા સવિશેષ હોવાથી વિરતિ (ત્યાગવૃત્તિ) ઉદય પામતી નથી.

(૫) જે અવસ્થામાં સમ્યગ્દર્શન ઉપરાંત અલ્પાંશે પણ ત્યાગવૃત્તિનો ઉદય થાય છે તે દેશવિરતિ. આમાં ચારિત્રમોહનીયની સત્તા અવશ્ય ઘટેલી હોય છે અને તેની કમીના પ્રમાણમાં ત્યાગવૃત્તિ હોય છે.

(૬) જે અવસ્થામાં ત્યાગવૃત્તિ પૂર્ણ રીતે ઉદય પામે છે છતાં વચ્ચે વચ્ચે પ્રમાદ (સ્ખલન) સંભવે છે તે પ્રમત્તસંયત.

(૭) જે અવસ્થામાં પ્રમાદનો જરાયે સંભવ નથી તે અપ્રમત્તસંયત.

(૮) જે અવસ્થામાં પહેલાં કદાપિ નહિ અનુભવેલ આત્મશુદ્ધિનો અનુભવ થાય છે અને અપૂર્વ વીર્યોલ્લાસ—આત્મિક સામર્થ્ય—પ્રગટે છે તે અવસ્થા અપૂર્વકરણ. આનું બીજું નામ નિવૃત્તિબાદર પણ છે.

(૯) જે અવસ્થામાં ચારિત્રમોહનીય કર્મના શેષ રહેલ અંશોને શમાવવાનું કે ક્ષીણ કરવાનું કામ ચાલતું હોય છે તે અવસ્થા અનિવૃત્તિબાદર.

(૧૦) જે અવસ્થામાં મોહનીયનો અંશ લોભરૂપે જ ઉદયમાન હોય છે અને તે પણ બહુ સૂક્ષ્મ પ્રમાણમાં, તે અવસ્થા સૂક્ષ્મસંપરાય.

(૧૧) જે અવસ્થામાં સૂક્ષ્મ લોભ સુધ્ધાં શમી જાય છે તે ઉપશાંતમોહનીય. આ ગુણસ્થાનમાં દર્શનમોહનીયનો સર્વથા ક્ષય સંભવે ખરો, પણ ચારિત્રમોહનીયનો તેવો ક્ષય નથી હોતો, માત્ર તેની સર્વાંશે ઉપશાંતિ હોય છે અને તેથી જ મોહનો ફરી ઉદ્રેક થતાં આ ગુણસ્થાનથી અવશ્ય પતન થાય છે અને પ્રથમ ગુણસ્થાન સુધી જવું પડે છે.

(૧૨) જે અવસ્થામાં દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયનો સર્વથા ક્ષય થઈ જાય છે તે ક્ષીણમોહનીય. આ સ્થિતિથી પતન સંભવતું

જ નથી.

(૧૩) જે અવસ્થામાં મોહના આત્યંતિક અભાવને લીધે વીતરાગ દશા પ્રગટવા સાથે સર્વજ્ઞત્વ પ્રાપ્ત થાય છે તે અવસ્થા સયોગગુણસ્થાન. આ ગુણસ્થાનમાં શારીરિક, માનસિક અને વાચિક વ્યાપાર હોય છે. તેથી આને જીવન્મુક્તિ કહી શકાય.

(૧૪) જે અવસ્થામાં શારીરિક, માનસિક, વાચિક પ્રવૃત્તિનો પણ અભાવ થઈ જાય છે તે અયોગગુણસ્થાન. આ ગુણસ્થાન છેલ્લું છે. તેથી શરીરપાત થતાં જ તેની સમાપ્તિ થાય છે અને ત્યાર બાદ ગુણસ્થાનાતીત વિદેહમુક્તિ પ્રાપ્ત થાય છે.[1]

પ્રથમ ગુણસ્થાન એ અવિકાસકાળ છે. બીજા અને ત્રીજા એ બે ગુણસ્થાનમાં વિકાસનું સહેજ સ્ફુરણ હોય છે, પણ તેમાં પ્રધાનતા અવિકાસની જ હોય છે. ચોથાથી વિકાસ ક્રમશઃ વધતાં વધતાં તે છેવટે ચૌદમા ગુણસ્થાને પૂર્ણ કળાએ પહોંચે છે અને ત્યાર બાદ મોક્ષ પ્રાપ્ત થાય છે. તેથી સંક્ષેપમાં આ રીતે પૃથક્કરણ પણ કરી શકાય કે પહેલાં ત્રણ ગુણસ્થાનો એ અવિકાસકાળ છે અને ચોથાથી ચૌદમા સુધીનાં ગુણસ્થાનો વિકાસ અને તેની વૃદ્ધિનો કાળ છે. ત્યાર બાદ મોક્ષકાળ છે.

શ્રી હરિભદ્રસૂરિએ બીજી રીતે વર્ણવેલ વિકાસક્રમ

આ પ્રાચીન જૈન વિચાર હરિભદ્રસૂરિએ બીજી રીતે પણ વર્ણવ્યો છે. તેમના વર્ણનમાં બે પ્રકાર છે.

આઠ દૃષ્ટિનો પહેલો પ્રકાર

પહેલા પ્રકારમાં અવિકાસ અને વિકાસક્રમ બંનેનો સમાવેશ

૧. જુઓ [illegible] પ્રસ્તાવના તથા અનુવાદ.

કરેલ છે.¹ અવિકાસકાળને તેઓ ઓઘદૃષ્ટિના નામથી અને વિકાસક્રમને સદ્દૃષ્ટિના નામથી ઓળખાવે છે. સદ્દૃષ્ટિના મિત્રા, તારા, બલા, દીપ્રા, સ્થિરા, કાન્તા, પ્રભા અને પરા એવા આઠ વિભાગ કરે છે. આ આઠે વિભાગોમાં ઉત્તરોત્તર વિકાસનો ક્રમ વધતો જાય છે.

દૃષ્ટિ એટલે દર્શન અથવા બોધ. આના બે પ્રકાર છે: પહેલામાં સત્શ્રદ્ધાનો (તાત્ત્વિક રુચિનો) અભાવ હોય છે, જ્યારે બીજામાં સત્શ્રદ્ધા હોય છે. પહેલો પ્રકાર ઓઘદૃષ્ટિ અને બીજો યોગદૃષ્ટિ કહેવાય છે. પહેલામાં આત્માનું વલણ સંસારપ્રવાહ તરફ અને બીજામાં આધ્યાત્મિક વિકાસ તરફ હોય છે. તેથી યોગદૃષ્ટિ એ સદ્દૃષ્ટિ કહેવાય છે.

જેમ સમેઘ રાત્રિ, અમેઘ રાત્રિ, સમેઘ દિવસ અને અમેઘ દિવસમાં અનુક્રમે અતિમંદતમ, મંદતમ, મંદતર, અને મંદ ચાક્ષુષ જ્ઞાન હોય છે, તેમાંય ગ્રહાવિષ્ટ અને ગ્રહમુક્ત પુરુષના ભેદથી, બાળ અને તરુણ પુરુષના ભેદથી, તેમ જ વિકૃત નેત્રવાળા અને અવિકૃત નેત્રવાળા પુરુષના ભેદથી ચાક્ષુષ જ્ઞાનની અસ્પષ્ટતા કે સ્પષ્ટતા તરતમભાવે હોય છે, તેવી રીતે ઓઘદૃષ્ટિની દશામાં સંસારપ્રવાહવર્તી વલણ જ્યાં આવરણના તરતમભાવે જ્ઞાન તારતમ્યવાળું હોય છે. આ ઓઘદૃષ્ટિ ગમે તેવી હોય તોયે તે આધ્યાત્મિક વિકાસની દૃષ્ટિએ અસદ્દૃષ્ટિ જ છે. ત્યાર બાદ જ્યારથી આધ્યાત્મિક વિકાસનો આરંભ થાય છે પછી ભલે તેમાં બાહ્ય જ્ઞાન ઓછું હોય તોય, ત્યારથી સદ્દૃષ્ટિ શરૂ થાય છે, કારણ કે તે વખતે આત્માનું વલણ સંસારોન્મુખ ન રહેતાં મોક્ષોન્મુખ થઈ જાય છે.

આ સદ્દૃષ્ટિ (યોગદૃષ્ટિ)ના, વિકાસના તારતમ્ય પ્રમાણે આઠ ભેદો છે. આ આઠ ભેદોમાં ઉત્તરોત્તર બોધ અને સવિશેષ જાગૃતિ થાય છે. પહેલી મિત્રા નામક દૃષ્ટિમાં બોધ અને વીર્યનું બળ તૃણાગ્નિની

૧ જુઓ યોગદૃષ્ટિસમુચ્ચય.

પ્રભા જેવું હોય છે. બીજી તારા દૃષ્ટિમાં છાણાના અગ્નિની પ્રભા જેવું, ત્રીજી બલા દૃષ્ટિમાં કાષ્ઠના અગ્નિની પ્રભા જેવું, ચોથી દીપ્રા દૃષ્ટિમાં દીવાની પ્રભા જેવું, પાંચમી સ્થિરા દૃષ્ટિમાં રત્નની પ્રભા જેવું, છઠ્ઠી કાન્તા દૃષ્ટિમાં નક્ષત્રની પ્રભા જેવું, સાતમી પ્રભા દૃષ્ટિમાં સૂર્યની પ્રભા જેવું અને આઠમી પરા દૃષ્ટિમાં ચંદ્રની પ્રભા જેવું હોય છે.

જો કે આમાંની પહેલી ચાર દૃષ્ટિઓમાં સ્પષ્ટપણે જેવું આત્મ-સ્વરૂપનું સંવેદન નથી હોતું, ફક્ત છેલ્લી ચાર દૃષ્ટિઓમાં જ તેવું સંવેદન હોય છે. આમાં પ્રથમની ચાર દૃષ્ટિઓને સદ્દૃષ્ટિમાં ગણવાનું કારણ એ છે કે તે સ્થિતિમાં આવ્યા પછી આધ્યાત્મિક ઉત્ક્રાંતિનો માર્ગ નિશ્ચિત થઈ જાય છે. યોગનાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ—એ આઠ અંગોને આધારે સદ્દૃષ્ટિના આઠ વિભાગો સમજવાના છે. પહેલી દૃષ્ટિમાં યમની સ્થિરતા, બીજીમાં નિયમની, એમ અનુક્રમે આઠમીમાં સમાધિની સ્થિરતા મુખ્યપણે હોય છે.

પહેલી મિત્રા આદિ ચાર દૃષ્ટિઓમાં આધ્યાત્મિક વિકાસ હોય છે ખરો, પણ તેમાં કાંઈક અજ્ઞાન અને મોહનું પ્રાબલ્ય રહે છે; જ્યારે સ્થિરા આદિ પાછલી ચાર દૃષ્ટિઓમાં જ્ઞાન અને નિર્મોહતાનું પ્રાબલ્ય વધતું જાય છે.

યોગના પાંચ ભાગ રૂપ બીજો પ્રકાર

બીજા પ્રકારના[1] વર્ણનમાં તે આચાર્ય માત્ર આધ્યાત્મિક વિકાસના ક્રમનું જ યોગરૂપ વર્ણન કરે છે; તે પહેલાંની સ્થિતિ વર્ણવી નથી.

યોગ એટલે જેનાથી મોક્ષ પ્રાપ્ત કરી શકાય તેવો ધર્મવ્યાપાર. અનાદિ કાળચક્રમાં જ્યાં સુધી આત્માની પ્રવૃત્તિ સ્વરૂપ-પરાઙ્મુખ

૧ જુઓ યોગબિંદુ.

કોઈ અચરમ હોય છે ત્યાં સુધીની તેની બધી ક્રિયા શુભાશય વિનાની હોવાથી યોગકોટિમાં આવતી નથી. જ્યારથી તેની પ્રવૃત્તિ ભાવપૂર્વક સ્વરૂપોન્મુખ થાય છે ત્યારથી જ તેની ક્રિયામાં શુભાશયરૂપ તત્ત્વ દાખલ થાય છે અને તેથી તેવો શુભાશયવાળો વ્યાપાર ધર્મ વ્યાપાર કહેવાય છે અને તે પરિણામે મોક્ષજનક હોઈ યોગ નામને પાત્ર બને છે. આ રીતે આત્માના અનાદિ સંસારકાળના બે ભાગ થઈ જાય છે : એક અધાર્મિક અને બીજો ધાર્મિક. અધાર્મિક કાળમાં ધર્મની પ્રવૃત્તિ હોય તો પણ તે ધર્મ ખાતર નથી હોતી, કેવળ લોકપંક્તિ (લોકરંજન) ખાતર હોય છે તેથી તેની પ્રવૃત્તિ યોગકોટિમાં ગણવા યોગ્ય નથી. ધર્મ ખાતર ધર્મની પ્રવૃત્તિ ધાર્મિક કાળમાં જ શરૂ થાય છે તેથી તે પ્રવૃત્તિ યોગ કહેવાય છે.[1]

યોગના તેઓએ અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષય એવા પાંચ ભાગો કરેલા છે.

(૧) જ્યારે થોડા કે ઘણા ત્યાગ સાથે શાસ્ત્રીય તત્ત્વચિંતન હોય છે અને મૈત્રી, કરુણાદિ ભાવનાઓ વિશેષ સિદ્ધ થઈ જાય છે ત્યારે તે સ્થિતિ અધ્યાત્મ કહેવાય છે.

(૨) જ્યારે મન સમાધિપૂર્વક સતત અભ્યાસ કરવાથી અધ્યાત્મ વડે સવિશેષ પુષ્ટ થાય છે ત્યારે તે ભાવના છે. ભાવનાથી અશુભ અભ્યાસ ટળે છે, શુભ અભ્યાસની અનુકૂળતા વધે છે અને સુંદર ચિત્તની વૃદ્ધિ થાય છે.

(૩) જ્યારે ચિત્ત ફક્ત શુભ વિષયને જ આલંબીને રહેલું હોય છે અને તેથી તે સ્થિર દીપક જેવું પ્રકાશમાન હોઈ સૂક્ષ્મ બોધવાળું બની જાય છે ત્યારે તે ધ્યાન કહેવાય છે. ધ્યાનથી દરેક કાર્યમાં ચિત્ત આત્મઅધીન થઈ જાય છે, ભાવ નિશ્ચલ થાય છે અને બંધનોનો વિચ્છેદ થાય છે.

૧ જુઓ યોગબિન્દુ.

(૪) અજ્ઞાનને લીધે ઇષ્ટ–અનિષ્ટરૂપે કલ્પેલી વસ્તુઓમાંથી જ્યારે વિવેકને લીધે ઇષ્ટ–અનિષ્ટપણાની ભાવના નષ્ટ થાય છે ત્યારે તેવી સ્થિતિ સમતા કહેવાય છે

(૫) વાસનાના સંબંધથી ઉત્પન્ન થનારી વૃત્તિઓનો નિમૂળ નિરોધ કરવો તે વૃત્તિસંક્ષય.[1]

આ બન્ને પ્રકારમાં વર્ણનો એ પ્રાચીન જૈન ગુણસ્થાનના વિચારોનું નવીન પદ્ધતિએ વર્ણન માત્ર છે.

[[illegible] આ ૩ ૪ ૧ ૧૧ ૧ ૧૪ ૧ ૧૭-૧ ૨૧]

૭

અહિંસા

અહિંસાના સિદ્ધાંત આમ પરંપરામાં ઘણો પ્રાચીન છે. અને એનો આચાર પણ નવો નથી. આમ શાખાઓમાં એના અમલરૂપે ઘણો રહ્યો છે. આમ જ્યાં માનવજીવનના વિસ્તાર અને જુદી જુદી ધાર્મિક પરંપરાઓના વિકાસની સાથે સાથે એ સિદ્ધાંત સંબંધી વિચાર તથા વ્યવહારમાં પણ અનેકમુખી વિકાસ થયેલો જોવાય છે. અહિંસા સંબંધી વિચારના મુખ્ય બે પ્રવાહ, પ્રાચીન કાળથી જ આર્ય પરંપરામાં વહેતા આવ્યા હોય એમ લાગે છે. એક પ્રવાહ મુખ્યપણે બ્રાહ્મણ જીવનના આધારે વહેતું થયું જ્યારે બીજું પ્રવાહ શ્રમણ પરંપરા—ચતુર્વિધ આશ્રમ—ના જીવનવિચારને આધારે પ્રવાહિત થયું. અહિંસાના તાત્ત્વિક વિચારની દૃષ્ટિએ આ બન્ને પ્રવાહો વચ્ચે કોઈ મતભેદ જોવામાં નથી આવતો પરંતુ વ્યાવહારિક બાજુ કે જીવનમાં એના ઉપયોગની દૃષ્ટિએ જોતાં એ બન્ને પ્રવાહોમાં જ નહિ પણ એકે બ્રાહ્મણ તેમ જ શ્રમણ પ્રવાહની નાનીમોટી અવાંતર શાખાઓમાં પણ અનેક પ્રકારના મતભેદો કે આચરણભેદના વિરોધ જોવામાં આવે છે. એનું મુખ્ય કારણ જીવનદૃષ્ટિનો ભેદ છે. બ્રાહ્મણ પરંપરાની જીવનદૃષ્ટિ મુખ્યપણે અભ્યુદય અને આધ્યાત્મિક છે જ્યારે શ્રમણ પરંપરાની જીવનદૃષ્ટિ મુખ્યપણે આધ્યાત્મિક કે મોક્ષગામી છે. પહેલીમાં મોક્ષનું સ્થાન ખરું જ છે, છે કે જ્યાં સુધી એ આધ્યાત્મિકતાનો વિરોધી ન હોય; જ્યાં એનો આધ્યાત્મિકતા સાથે વિરોધ દેખાય ત્યારે

ત્યાં પહેલી દૃષ્ટિ લોકસંગ્રહ તરફ ઉદાસીન રહેવાની કે એનો વિરોધ કરવાની, જ્યારે બીજી દૃષ્ટિમાં લોકસંગ્રહ એટલા મોટા પાયા પર કરવામાં આવ્યો છે કે જેથી એમાં આધ્યાત્મિકતા અને લૌકિકતાની વચ્ચે સંઘર્ષ જામતો નથી.

આગમોમાં અહિંસાનું નિરૂપણ

શ્રમણ પરંપરાની અહિંસા સંબંધી વિચારસરણીનો એક પ્રવાહ પોતાની વિશિષ્ટ ઢબે વહેતો હતો, જે કાળક્રમે, આપણા ત્યાં, દીર્ઘતપસ્વી ભગવાન મહાવીરના જીવનમાં ઉદાત્ત રૂપે અભિવ્યક્ત થયો. એ અભિવ્યક્તિના સ્વરૂપ દર્શન આપણને આચારાંગ, સૂત્રકૃતાંગ વગેરે પ્રાચીન આગમોમાં થાય છે. અહિંસાધર્મની પ્રતિષ્ઠા તો આત્મૌપમ્યની દૃષ્ટિમાંથી જ થઈ છે. પણ ઉપર્યુક્ત આગમોમાં એનું નિરૂપણ અને વિશ્લેષણ આ રીતે થયું છે —

(૧) દુઃખ અને ભયનું કારણ હોવાથી હિંસામાત્ર વર્જ્ય છે. આ છે અહિંસાના સિદ્ધાંતની ઉપપત્તિ-યુક્તિ.

(૨) હિંસાનો અર્થ જો પ્રાણનાશ કે દુઃખ આપવું એવો થાય છે તોપણ હિંસાજન્ય દોષના આધાર કેવળ પ્રમાદ અર્થાત્ રાગદ્વેષ વગેરે જ છે. જો પ્રમાદ કે આસક્તિ ન હોય તો કેવળ પ્રાણનાશ એ હિંસાની કોટિમાં આવી નથી શકતો. આ છે અહિંસાનું વિશ્લેષણ.

(૩) વધ્ય જીવોના કદ, એમની સંખ્યા તથા એમની ઇન્દ્રિય વગેરે સંપત્તિના તારતમ્ય ઉપર હિંસાના દોષનું તારતમ્ય અવલંબિત નથી, પરંતુ અહિંસાના પરિણામ કે વૃત્તિની તીવ્રતા-મંદતા, સજ્ઞાનપણું કે અજ્ઞાનપણું કે બળપ્રયોગના ઓછાવત્તાપણા ઉપર આધાર રાખે છે. આ થયું તારતમ્ય.

ઉપર જણાવેલ ત્રણે વાતો ભગવાન મહાવીરના વિચાર અને આચારમાંથી ફલિત થઈને આગમોમાં ગૂંથાઈ ગઈ છે. કોઈ એક

ભક્તિ કે ભક્તિઓનો સમૂહ ગમે તેવો આધ્યાત્મિક કેમ ન હોય, પણ જ્યારે એ સમાજલક્ષી જીવનધારણના પ્રશ્નો પણ વિચાર કરે છે ત્યારે એમાંથી ઉપર્યુક્ત નિષ્કર્ષ તથા ક્રમિક અપેક્ષાએ ફલિત થઈ જાય છે. આ દૃષ્ટિએ વિચાર કરતાં કહેવું પડે કે અત્યારના જૈન વાઙ્મયમાં અહિંસા સંબંધી જે વિશેષ ઊહાપોહ થયો છે એનો મૂળ આધાર તો પ્રાચીન જૈન આગમોમાં પહેલાંથી જ હતો.

જ્યારે આપણે સમગ્ર જૈન વાઙ્મયમાં મળી આવતા અહિંસા સંબંધી ઊહાપોહ ઉપર દૃષ્ટિપાત કરીએ છીએ ત્યારે આપણને સ્પષ્ટ રૂપે દેખાય છે કે જૈન વાઙ્મયનો અહિંસા સંબંધી ઊહાપોહ મુખ્યત્વે ચાર બળો ઉપર આધાર રાખે છે. પહેલું એ કે એ મુખ્યત્વે સાધુજીવનનો—એટલે કે નવકોટી અહિંસાનો પૂર્ણ અહિંસાનો—જ વિચાર કરે છે. બીજું એ કે એ બ્રાહ્મણ પરંપરામાં વિહિત માનવામાં આવતી અને પ્રતિષ્ઠિત લેખવામાં આવતી યજ્ઞીય વગેરે અનેક પ્રકારની હિંસાઓનો વિરોધ કરે છે. ત્રીજું એ કે એ બીજા શ્રમણ પરંપરાઓના ત્યાગી-જીવન કરતાંય જૈન શ્રમણના ત્યાગી-જીવનને નિયંત્રિત રાખવાનો આગ્રહ સેવે છે. ચોથું એ કે એ જૈન પરંપરાના અવાંતર ફિરકાઓમાં ઊભા થતા પારસ્પરિક વિરોધના પ્રશ્નોના નિરાકરણનો પણ પ્રયત્ન કરે છે.

નવકોટી-પૂર્ણ અહિંસાના પાલનનો આગ્રહ પણ રાખવો અને સંયમ કે સદ્ગુણના વિકાસની દૃષ્ટિએ જીવનનિર્વાહનું સમર્થન પણ કરવું—આ વિરોધમાંથી હિંસાના દ્રવ્યહિંસા ભાવહિંસા વગેરે ભેદોનો ઊહાપોહ જાગ્યો અને છેવટે એક માત્ર નિશ્ચય સિદ્ધાંત એ જ સ્થાપિત થયો કે આખરે પ્રમાદ જ હિંસા છે. અપ્રમત્ત જીવનવ્યવહાર દેખીતી રીતે ભલે હિંસાત્મક લાગે, છતાં ખરી રીતે એ અહિંસક જ છે. આ ભૂમિકા નિર્યુક્તિને [illegible] છે ત્યાં સુધી, શ્વેતાંબર-દિગંબર વગેરે કોઈ પણ જૈન ફિરકાનો એમાં [1]જરા પણ મતભેદ નથી. આગમ

---

૧ જુઓ જ્ઞાનબિન્દુગત ટિપ્પણ પૃ [illegible]

ક્રિયાઓની વિચારસરણી, પરિભાષા અને શૈલી એકસરખી છે

વૈદિક હિંસાનો વિરોધ

વૈદિક પરંપરામાં યજ્ઞ, અતિથિ, શ્રાદ્ધ વગેરે અનેક નિમિત્તોથી કરવામાં આવતી જે હિંસાને ધાર્મિક માનીને પ્રતિષ્ઠિત લેખવામાં આવે છે એનો સાંખ્ય, બૌદ્ધ અને જૈન પરંપરાઓએ એકસરખો વિરોધ કર્યો છે આમ છતાં આગળ જતાં, આ વિરોધમાં મુખ્ય ભાગ બૌદ્ધ અને જૈન પરંપરાનો જ રહ્યો છે જૈન વાઙ્મયમાંના અહિંસાને લગતા ઉલ્લેખોમાં આ વિરોધની પૂરી છાપ અને પ્રતિક્રિયા પણ દેખાય છે જૈન સાહિત્યમાં ક્યાંયે ને ક્યાંયે વૈદિક હિંસાનું ખંડન જોવામાં આવે છે આની સામે જ વૈદિક લોકો જૈનોની સામે એ આક્ષેપ રજૂ કરે છે કે જો ધાર્મિક હિંસા પણ અકર્તવ્ય છે તો તમે જૈનો પોતાની સમાજરચનામાં મંદિર બંધાવવું, દેવપૂજા કરવી વગેરે ધાર્મિક કાર્યોનો સમાવેશ અહિંસારૂપે કેવી રીતે કરી શકશો વગેરે વગેરે આ શંકાનું સમાધાન પણ જૈન સાહિત્યમાં અહિંસા સંબંધી ઊહાપોહમાં વિસ્તારથી મળી આવે છે

જૈનો અને બૌદ્ધો વચ્ચેના વિરોધનું કારણ

પ્રમાદ–માનસિક દોષ–જ મુખ્યપણે હિંસા છે અને એ દોષમાંથી જન્મેલ જ પ્રાણનાશ હિંસા છે આ વિચાર જૈન અને બૌદ્ધ પરંપરાને એકસરખો માન્ય છે આમ છતાં, આપણે જોઈએ છીએ કે પ્રાચીન સમયથી જૈન અને બૌદ્ધ પરંપરાની વચ્ચે અહિંસા સંબંધી પારસ્પરિક ખંડનમંડન ઘણું થયું છે સૂત્રકૃતાંગ જેવા પ્રાચીન આગમમાં પણ અહિંસા સંબંધી બૌદ્ધ મતનું ખંડન છે એ જ રીતે મજ્ઝિમનિકાય જેવા પિટક ગ્રંથમાં પણ જૈનસંમત અહિંસાનું ઉપહાસપૂર્ણ ખંડન મળી આવે છે ઉત્તરવર્તી–પછી રચાયેલા–નિર્યુક્તિ વગેરે જૈન ગ્રંથોમાં તથા અભિધર્મકોશ વગેરે બૌદ્ધ ગ્રંથોમાં પણ એ જ ખંડનમંડન નવા રૂપમાં જોવામાં આવે છે જ્યારે જૈન અને

બૌદ્ધ બન્ને પરંપરાઓ વૈદિક હિંસાનો એકસરખો વિરોધ કરે છે અને જ્યારે બન્નેની અહિંસાની વ્યાખ્યામાં કોઈ તાત્ત્વિક મતભેદ નથી, ત્યારે પછી શરૂઆતમાં જ બન્ને વચ્ચે અહિંસાને અંગે ખંડનમંડન શા માટે શરૂ થયું અને શા માટે ચાલતું રહ્યું ?—આ એક પ્રશ્ન છે. જ્યારે આપણે બન્ને પરંપરાઓનું સાહિત્ય ધ્યાનપૂર્વક વાંચીએ છીએ ત્યારે આનો ખુલાસો આપોઆપ મળી જાય છે. ખંડનમંડનનાં અનેક કારણોમાંનું મુખ્ય કારણ તો એ જ છે કે જૈન પરંપરાએ નૈશ્ચયિક અહિંસાની સૂક્ષ્મ વ્યાખ્યાનો અમલ કરવાને માટે બાહ્ય પ્રવૃત્તિઓનું

વિશેષ નિયંત્રણ કર્યું જે બૌદ્ધ પરંપરાએ ન કર્યું. ઉત્તરોત્તર વધતી બાહ્ય પ્રવૃત્તિઓનું અતિનિયંત્રણ અને મધ્યમમાર્ગથી જીવન-રુચિ—એ બે વચ્ચેના પ્રબળ ભેદમાંથી જ જૈન અને બૌદ્ધ પરંપરા અહિંસાના ખંડનમંડનમાં પડી ગઈ. જૈન સાહિત્યમાંના અહિંસાને લગતા વિવેચનમાં આ ખંડનમંડનનો પણ મોટો હિસ્સો છે. જ્યારે આપણે બન્ને પરંપરાઓના ખંડનમંડનનું તટસ્થ ભાવે અવલોકન કરીએ છીએ ત્યારે નિઃસંકોચપણે કહેવું પડે છે કે મોટે ભાગે બન્ને સામાજનને ખોટી રીતે સમજ્યાં છે. આનો એક દાખલો આ ખાનકાનું ઉદાહરણ અને બીજો દાખલો મઝ્ઝિમનિકાય (૧. ૧. ૨. ... ૩૨. ૨. ૧. ૧૧–૨૮) છે

નિર્દોષ નથી થઈ જાતો. અલબત્ત હિંસા પ્રમાદ—અયતના—અસંયમમાં જ છે, પછી ભલે કોઈ જીવનો ઘાત ન પણ થતો હોય. એ જ રીતે જો અપ્રમાદ કે યતના—સંયમ સુરક્ષિત હોય તો જીવઘાત દેખાવા આવે છતાં પણ ખરી રીતે અહિંસા જ છે.

જૈન ઊહાપોહની ક્રમિક ભૂમિકાઓ

ઉપરના નિયમ ઉપરથી અહિંસાને લગતા જૈન ઊહાપોહની નીચે જણાવેલી ક્રમિક ભૂમિકાઓ ફલિત થાય છે —

(૧) પ્રાણનો નાશ હિંસા રૂપ હોવાથી એને રોકવો, એ જ અહિંસા છે.

(૨) જીવનધારણની સમસ્યામાંથી ફલિત થયું છે કે જીવન—ખાસ કરીને સંયમી જીવન—માટે અનિવાર્ય લેખાતી પ્રવૃત્તિઓ કરવા છતાં જીવઘાત થઈ પણ જાય, છતાં જો પ્રમાદ ન હોય તો એ જીવઘાત હિંસારૂપ ન બનતાં અહિંસા જ છે.

(૩) જો સંપૂર્ણપણે અહિંસક રહેવું હોય તો, ખરી રીતે અને સૌથી પહેલાં, ચિત્તમાં રહેલ ક્લેશ(પ્રમાદ)નો જ ત્યાગ કરવો જોઈએ. એ થયો તો સમજવું કે અહિંસા સિદ્ધ થઈ ગઈ. બાહ્ય પ્રવૃત્તિઓ સાથે હિંસાનો કોઈ અનિવાર્ય સંબંધ નથી; એનો નિયત સંબંધ માનસિક પ્રવૃત્તિઓની સાથે છે.

(૪) વ્યક્તિગત કે સામૂહિક જીવનમાં એવાં પણ અપવાદસ્થાનો આવે છે કે જ્યારે હિંસા કેવળ અહિંસા જ નથી રહેતી બલ્કે એ ધર્મરૂપ પણ બની જાય છે. આવાં અપવાદરૂપ સ્થાનોમાં, જે કહેવાતી હિંસાથી ડરીને, એનું આચરણ કરવામાં ન આવે તો ઊલટાનો દોષ લાગે છે.

જૈનો અને મીમાંસકો વગેરે વચ્ચે સામ્ય

જૈન અહિંસાના ઉત્સર્ગ અપવાદની આ બધી બરાબર ભૂમિકા-

અહિંસાની ભાવનાનો વિકાસ

નેમિનાથની કરુણા

ભગવાન પાર્શ્વનાથની પહેલાં નિર્ગ્રંથ પરંપરામાં યદુકુમાર નેમિનાથ થઈ ગયા. એમની અર્ધઐતિહાસિક જીવનકથાઓમાં જે ઘટનાનો ઉલ્લેખ મળે છે એને નિર્ગ્રંથ પરંપરાની અહિંસા ભાવનાનો એક સીમાસ્તંભ ગણી શકાય એમ છે. લગ્ન-સગપણ વગેરે સામાજિક ઉત્સવો—સમારંભોમાં જમવા-જમાડવાનો અને ભેળ-મેળ કરવાનો રિવાજ તો અત્યારે પણ પ્રચલિત છે. પણ એ સમયમાં આવા સમારંભોમાં અનેક પ્રકારનાં પશુઓનો વધ કરીને એમનાં માંસથી જમણવારને આકર્ષક બનાવવાની પ્રથા પ્રચલિત હતી—ખાસ કરીને ક્ષત્રિયોમાં તો એ પ્રથા વિશેષ રૂઢ હતી. આ પ્રથા પ્રમાણે લગ્ન નિમિત્તે ઊજવાનાર ઉત્સવમાં વધ કરવાને માટે એકત્ર કરવામાં આવેલાં હરણ વગેરે જુદી જુદી જાતનાં પશુઓનો આર્તનાદ સાંભળીને નેમિકુમાર, સત્વર લગ્નને ટાળીને કરુણાર્દ્ર થઈ ગયા, અને જે લગ્નમાં આવાં પશુઓનો વધ કરીને માંસ ખાવા ખવરાવવાના પ્રસંગને પ્રતિષ્ઠિત માનવામાં આવતું હતું એવાં પોતાનાં લગ્નનો વિચાર જ એમણે માંડી વાળ્યો. નેમિકુમારના આ કરુણામૂલક ત્યાગ-તપસ્યાએ એ જમાનાના સમાજ ઉપર એવો પ્રભાવ પાડ્યો અને ક્રમે ક્રમે એ પ્રભાવ એવો વધતો રહ્યો કે ધીમે ધીમે અનેક જાતિઓએ સામાજિક સમારંભોમાં માંસ ખાવા-ખવરાવવાની પ્રથાને જ તિલાંજલિ આપી દીધી. કદાચ આ જ એવી પહેલી ઘટના છે કે જે સામાજિક વ્યવહારોમાં અહિંસાનો પાયો નખાયાની સૂચના આપે છે. નેમિકુમાર યાદવશિરોમણિ દેવકીનંદન શ્રીકૃષ્ણના નાનાભાઈ—પિતરાઈ હતા. એમ લાગે છે કે એ કારણે દ્વારકા અને મથુરાના યાદવો ઉપર સારો પ્રભાવ પડ્યો હશે.

પાર્શ્વનાથનો હિંસાવિરોધ

ઇતિહાસકાળમાં ભગવાન પાર્શ્વનાથનું સ્થાન આવે છે. એમનું જીવન કહે છે કે એમણે અહિંસાની ભાવનાને વિકસિત કરવા માટે એક નવું જ પગલું ભર્યું. પંચાગ્નિ જેવી તામસ [—તમોગુણથી પ્રેરિત] તપસ્યાઓમાં સૂક્ષ્મ-સ્થૂળ પ્રાણીઓનો વિચાર કર્યા વગર જ અગ્નિ પ્રગટાવવાની પ્રથા હતી, તેથી ક્યારેક ક્યારેક નાગ જેવા જીવો પણ બળી જતા હતા. કાશીરાજ અશ્વસેનના પુત્ર પાર્શ્વનાથે આવી હિંસાત્મક તપસ્યાનો ઘોર વિરોધ કર્યો અને ધર્મક્ષેત્રમાં અવિવેકપૂર્વક થતી હિંસાના ત્યાગ તરફ લોકમત કેળવ્યો.

ભગવાન મહાવીરે કરેલી અહિંસાની પ્રતિષ્ઠા

પાર્શ્વનાથે પુષ્ટ કરેલી અહિંસાની ભાવના નિગ્રંથ જ્ઞાતપુત્ર મહાવીરને વારસામાં મળી. એમણે યજ્ઞયાગ વગેરે જેવા ધર્મનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં થતી હિંસાનો તથા અન્ય જુદી જુદી હિંસાનો એકાંત વિરોધ કર્યો, અને ધર્મક્ષેત્રમાં અહિંસાની એટલી પ્રતિષ્ઠા કરી કે તે હવે તો અહિંસા જ આ ત્રણ ધર્મોનું મુખ્ય અંગ બની ગઈ. ભગવાન મહાવીરની જેમ અહિંસામય જીવનચર્યા તથા એકાગ્ર તપસ્યાએ એ વખતના અનેક પ્રભાવશાળી આત્માઓના મન ઉપર અહિંસાની ભાવના તરફ આકર્ષણ પેદા કર્યું. પરિણામ એ આવ્યું કે સામાજિક તથા ધાર્મિક ઉત્સવોમાં અહિંસાની ભાવનાએ પોતાના પગ ખૂંપાવી દીધા છે. જેના ઉપર નિગ્રંથ પરંપરાની અહિંસાની પ્રક્રિયાની ઊંડી છાપ પડી છે.

અહિંસાના અન્ય પ્રચારકો

અશોકના પૌત્ર સંપ્રતિએ પોતાના પિતામહના અહિંસાપ્રચારના વારસાને આર્ય સુહસ્તીની નિશ્રામાં વિશેષ સમૃદ્ધ કર્યો. સંપ્રતિએ કેવળ પોતાના આધીન રાજ્યોમાં જ નહીં, પણ પોતાના રાજ્યની સીમાની બહાર પણ જ્યાં આ અહિંસક જીવનવ્યવહારનું નામનિશાન પણ ન હતું ત્યાં અહિંસાની ભાવનાનો પ્રચાર કર્યો.

અહિંસાભાવનાના એ ઉત્થાન પૂરતું શ્રેય ભારતમાં જરૂર જૈનોને ભાગે છે. પણ નિર્ગ્રંથ અનગારોનું તો એના સિવાય બીજું કાંઈ પણ જ ન હતું. તેઓ ભારતમાં પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં એમણે અહિંસાની ભાવનાનો જ ફેલાવો કર્યો અને જનતાને હિંસાત્યાગ અને અભક્ષ્યોના ત્યાગનો ઉપદેશ આપ્યો. જ નિર્ગ્રંથ ધર્મની પ્રવૃત્તિના અનુભવી. જેવી રીતે શંકરાચાર્યે ભારતના ચારે ખૂણાઓમાં મઠોની સ્થાપના કરીને અદ્વૈતનો વિજયસ્તંભ રોપ્યો, એ જ રીતે મહાવીરના અનુયાયી અનગાર નિર્ગ્રંથોએ ભારત જેવા વિશાળ દેશના ચારે ખૂણાઓમાં અહિંસા-તત્ત્વની ભાવનાના વિજયસ્તંભ રોપ્યા—એમ કહેવામાં આવે તો એમાં અતિશયોક્તિ નથી લેખાય. લોકમાન્ય તિલકે આ વાતને એવી રીતે કહી હતી કે ગુજરાતની અહિંસા-ભાવના એ જૈનોનું જ અર્પણ છે અને ઇતિહાસ આપણને કહે છે કે વૈષ્ણવ વગેરે અનેક વૈદિક પરંપરાઓની અહિંસામૂલક ધર્મવૃત્તિમાં નિર્ગ્રંથસંપ્રદાયના લોકપણા પ્રભાવે જરૂર ભાગ ભજવ્યો છે. એ વૈદિક સંપ્રદાયોના અનેક જ્ઞાનભંડારોની મુલાકાત કરવાથી કોઈ પણ વિચારક એ સહેલાઈથી જાણી શકે છે કે એના ઉપર નિર્ગ્રંથોની અહિંસા-ભાવનાના રંગ જરૂર લાગેલો છે. આજે ભારતમાં હિંસા-પ્રધાન યજ્ઞયાગાદિ ધર્મવિધિઓ અર્થાત્ પણ પોતાના યજમાનોને પશુ-વધની પ્રેરણા કરવાની હિંમત નથી કરી શકતો.

આચાર્ય હેમચંદ્રે ગુર્જરપતિ પરમ માહેશ્વર સિદ્ધરાજ જયસિંહને ઘણે અંશે અહિંસાની ભાવનાથી પ્રભાવિત કર્યો હતો. આનું ફળ અનેક દિશાઓમાં સારું આવ્યું અને કેટલાંયે લોકોની સામે ખાસ ખાસ પર્વોમાં જીવહિંસા બંધ થઈ ગઈ અને આવી હિંસાને અહિંસામાં બદલવાના એક વ્યાપક આંદોલનનો પાયો નખાઈ ગયો. સિદ્ધરાજના ઉત્તરાધિકારી ગુર્જરપતિ કુમારપાળ તો પરમાર્હત જ હતા. એ પૂર્ણ રૂપે પરમાર્હત એટલા માટે મનાય છે કે એમણે અહિંસાની ભાવનાને જેટલી અને જેટલી પુષ્ટ કરી, અને જેવો એનો ફેલાવો કર્યો,

મે ઇતિહાસમાં જાણે છે કે કુમારપાળની અમારિ-ઘોષણા એટલી વ્યાપક બની કે એની પ્રજા અને નિયમો અને એમના અનેક પ્રજાજનોએ અમારિ-ઘોષણાને પોતાના જીવનનું ધ્યેય માનીને જ કામ કરવા લાગ્યા. આમ છતાં અમદની જેમાં કેટલાક નિયમો ખાસ ખાનારી વનિતાને અહિંસાની દીક્ષા આપી હતી અને નિયમ પાળવા માટે ... કરી હતી. ... વખતે ... નિયમ પણ અહિંસાના નિયમો જેવી વ્યાપી ન હતી. દીર્ઘ ... એ સમયના ... બધી જ ... ત્યારે ... માટે ... ખાસ ખાસ નિયમો માટે અમારિ પળાતા હશે ... આ પ્રજાને ... વખતે એના ... આ ... સમયે ... એના મુસલમાનો દ્વારા અહિંસાના આદેશો ... આજે પણ ... નથી.

અહિંસા-ભાવનાના એ અંશને પુષ્ટ રૂપ આપવામાં જરૂર અનેકનો ભાગ છે પણ નિર્ગ્રંથ અનગારોનું તો એના સિવાય બીજું કોઈ ધ્યેય જ ન હતું. તેમણે ભારતમાં પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ, જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં એમણે અહિંસાની ભાવનાનો જ ફેલાવો કર્યો અને જનતાને શિકાર, જુગાર અને મદ્યમાંસના ત્યાગનો ઉપદેશ આપવામાં જ નિર્ગ્રંથ ધર્મની કૃતકૃત્યતા અનુભવી. જેવી રીતે શંકરાચાર્યે ભારતના ચારે ખૂણાઓમાં મઠોની સ્થાપના કરીને અદ્વૈતનો વિજયસ્તંભ રોપ્યો એ જ રીતે મહાવીરના અનુગામી અનગાર નિર્ગ્રંથોએ ભારત જેવા વિશાળ દેશના ચારે ખૂણાઓમાં અહિંસા-અદ્વૈત ભાવનાના વિજયસ્તંભો રોપ્યા—એમ કહેવામાં આવે તો એમાં અતિશયોક્તિ નથી. લોકમાન્ય તિલકે આ વાતને એવી રીતે કહી હતી કે ગુજરાતની અહિંસા-ભાવના, એ જૈનોનું જ અર્પણ છે અને ઇતિહાસ આપણને કહે છે કે વૈષ્ણવ વગેરે અનેક વૈદિક પરંપરાઓની અહિંસાપ્રધાન ધર્મવૃત્તિમાં નિર્ગ્રંથસંપ્રદાયના ઓછાવત્તા પ્રમાણે જરૂર ભાગ ભજવ્યો છે એ વૈદિક સંપ્રદાયના અનેક ઇતિહાસકારની કબૂલાત પરથી કોઈ પણ વિચારક એ સહેલાઈથી જાણી શકે છે કે એના ઉપર નિર્ગ્રંથોની અહિંસા-ભાવનાનો રંગ જરૂર લાગેલ છે. આજે ભારતમાં વેદ-મૂલક યજ્ઞયાગાદિ ધર્મવિધિના સમર્થક પણ પોતાના સમાજોને પશુવધની શિક્ષા કરવાની હિંમત નથી કરી શકતા.

આચાર્ય હેમચંદ્રે ગુર્જરપતિ પરમ માહેશ્વર સિદ્ધરાજ જયસિંહને પણ ઘણે અંશે અહિંસાની ભાવનાથી પ્રભાવિત કર્યો હતો. આનું ફળ અનેક વિષયોમાં સારું આવ્યું અને દેવદેવીઓની સામે ખાસ ખાસ પર્વોમાં થતી હિંસા બંધ થઈ ગઈ અને આવી હિંસાને અટકાવનાર એક વ્યાપક આંદોલનનો પાયો નખાઈ ગયો. સિદ્ધરાજના ઉત્તરાધિકારી ગુર્જરપતિ કુમારપાળ તો પરમાર્હત જ હતા. એ યથાર્થ રૂપે પરમાર્હત એટલા માટે મનાય છે કે એમણે અહિંસાની ભાવનાને એવી અને એટલી પરિપુષ્ટ કરી, અને એવો એનો ફેલાવો કર્યો,

એ [illegible] અનેક [illegible] અમારિ-પીસ્ત્રા એટલી સાબિત થશે કે એની પછીના અનેક નિમિત્તો અને એમના અનેક [illegible] અમારિ પ્રવૃત્તિને પોતાના જીવનનું ધ્યેય બનાવીને [illegible] કામ કરતા આવ્યા [illegible] કેટલાક નિમિત્તો પાસે [illegible] નિશાન [illegible] હતી, અને નિમિત્ત [illegible] કરી હતી. [illegible] પણ [illegible] ન હતી [illegible] મિશનમાં એટલું [illegible] માટે ન [illegible] ઉપર ખાસ ખાસ વિધિઓ માટે અમારિ [illegible] [illegible] મુસલમાનો [illegible] [illegible] નથી

આ [illegible] [illegible] છે [illegible] નિમિત્તો પાસે [illegible] છે [illegible] [illegible] અહિંસાની [illegible] છે

[illegible] અહિંસાની [illegible] અહિંસાની [illegible] [illegible]

[illegible]

અહિંસા અને અમારિ

માનવપ્રકૃતિમાં હિંસા અને અહિંસાનાં બન્ને તત્ત્વો સમાયેલાં છે. હિંદુસ્તાનમાં તેના મૂળ વતનીઓની અને પાછળથી તેમના વિજેતા તરીકે આવેલા આર્યોની વસ્તી ત્યારથી બન્ને [illegible] વસ્તીમાં અહિંસાને તેમ [illegible] ધર્મની ભાવે પ્રથા હતી અને એમાં માન [illegible] પ્રબળ [illegible] નહિ, પણ [illegible] સુધ્ધાંને [illegible] ધાર્મિક [illegible] હિંસાનો આ પ્રકાર એટલી હદ સુધી વ્યાપ્યો હતો કે તેના પ્રત્યાઘાતી બીજી બાજુએ એ હિંસાનો વિરોધ શરૂ થયો હતો અને અહિંસાની ભાવનાવાળા પંથો તો ભગવાન મહાવીર અને બુદ્ધ પહેલાં પણ [illegible] હતા. એમ છતાં અહિંસાતત્ત્વના અનન્ય [illegible] તરીકે અને અહિંસાની આ [illegible] તરીકે તો જેને [illegible] અતિપ્રસિદ્ધ [illegible] સાથે તે ભગવાન મહાવીર અને બુદ્ધ

છે. ભગવાન [illegible] અને એમના પછી હિંદુસ્તાનમાં અહિંસાને [illegible] છે તેનો [illegible] રીતે અને [illegible] પ્રથા [illegible] છે [illegible] અહિંસાને [illegible] સાથોસાથ અને [illegible] વિભાગ [illegible] છે એની જે હિંદુસ્તાનની [illegible] કોઈ પણ [illegible] નિયમમાં [illegible] તેમ [illegible] દુનિયાના બીજા [illegible] અને બીજી [illegible] ઉપર [illegible] પ્રભાવ પાડનાર, તેમને [illegible] અને [illegible] એવાં [illegible] હિંદુસ્તાનમાં [illegible] [illegible] સુધી [illegible] અહિંસાતત્ત્વ [illegible] છે.

અહિંસા [illegible] અને [illegible]

અહિંસાના [illegible] જૈન અને બૌદ્ધ [illegible] [illegible] [illegible] [illegible] એમના [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

અને સમારંભોમાં હિંસા ન કરવાની આજ્ઞા કરી હતી અથવા એક રીતે લોકો પાળે એમ ન કરવાની પોતાની ઇચ્છા તેણે દર્શાવી હતી. જાતે હિંસામુક્ત થઈ [illegible] ધારણ કરી રા[illegible] ધારણ કરનારા અશોકની ધર્મ-આજ્ઞાઓનો પ્રભાવ દરેક ધર્મના લોકો ઉપર કેટલો પડ્યો હશે એની કલ્પના કરવી કઠણ નથી. રાજકીય ફરમાનો દ્વારા અહિંસાના પ્રચારનો આ માર્ગ અશોકથી અટક્યો નથી. તેના પૌત્ર [illegible] જૈન, સંપ્રતિ રાજાએ એ માર્ગનું ભારે અનુસરણ કર્યું હતું અને પોતાના પિતામહની અહિંસાની ભાવનાને એણે પોતાની ઢબે અને પોતાની રીતે આગળ ધપાવી હતી. રાજાઓ, રાજકુમારો અને મોટા મોટા અધિકારીઓ અહિંસાના પ્રચાર તરફ ઝૂક્યા હોય તે ઉપરથી બે વાત જાણવી સહેલ છે. એક તો એ કે અહિંસાપ્રચારક સંઘોએ પોતાના કાર્યમાં કેટલી હદ સુધી પ્રગતિ કરી હતી કે જેની અસર પ્રધાન સમાજ સુધી થઈ હતી; અને બીજી વાત એ કે લોકોને અહિંસાતત્ત્વ કેટલું ગમ્યું હતું અથવા તેમનામાં દાખલ થયું હતું કે જેથી તેઓ આવા અહિંસાની પ્રેરણા કરનારા રાજાઓને માન આપતા. કલિંગના જૈન સમ્રાટ ખારવેલે પણ એ માટે પૂરું કર્યું હોય તેમ તેની કારકિર્દી ઉપરથી લાગે છે.

વચ્ચે વચ્ચે અહિંસાવાળા ધર્મના ગુરુઓ માનવપ્રકૃતિ [illegible] ઉદયમાં આવતા ગયા એમ ઇતિહાસ સ્પષ્ટ કહે છે. જ્યારે એકંદર રીતે જોતાં હિન્દુસ્તાન અને તેની બહાર એ બંને અહિંસાપ્રચારક સંઘોના કામ વધારે સફળ થતાં ગયાં. દક્ષિણ અને ઉત્તર હિન્દુસ્તાનના મધ્યકાલીન જૈન અને બૌદ્ધ રાજાઓ તથા રાજકુમારો અને અમલદારોનું વર્તન પણ અહિંસાના પ્રચારનું રહ્યું હોય તેમ માનવાને ઘણાં કારણો છે.

કુમારપાળ અને અકબર

પશ્ચિમ હિન્દુસ્તાનના પ્રભાવશાળી રાજાઓમાં પરમ આર્હત

કુમારપાળની અહિંસા તો એટલી બધી જાણીતી છે કે ઘણાને માટે તે અતિશયતાભરી લાગે છે. મોગલસમ્રાટ અકબરનું મન હરણ કરનાર ત્યાગી જૈન ભિક્ષુ હીરવિજયસૂરિના અને ત્યાર પછીના તેમના અનુગામી ભિક્ષુઓના ત્યાગાદિ ગુણોથી અહિંસા પરત્વે મેળવેલાં ફરમાનો હમેશને માટે ઇતિહાસમાં અમર રહી ગયાં છે. આ ઉપરાંત ઠાકોરો, જાગીરદારો, સામન્તરાજા અમલદારો અને ગામના આગેવાન પટેલ તરફથી પણ હિંસા ન કરવાનાં ખતો મેળવ્યાં છે તે આપણે જેટલી વાંચીએ અને જાણી આવે તે આ દેશમાં અહિંસાપ્રચાર સંબંધી અહિંસાનું વાતાવરણ સિદ્ધ કરવા કેટલો પુરુષાર્થ થયો છે એની કંઈક કલ્પના આવે.

અહિંસાના પ્રચારનો એક પુરાવો : પાંજરાપોળો

અહિંસાપ્રચારના એક જ્વલંત પુરાવા તરીકે આપણે ત્યાં પાંજરાપોળની સંસ્થા ચાલી આવે છે. આ પરંપરા ક્યારથી અને કેવી રીતે અસ્તિત્વમાં આવી એ ચોક્કસ કહેવું કઠણ છે. જ્યાં જૈનધર્મનો પ્રચાર અને એની પ્રતિષ્ઠા એટલાં એમ માનવાનું મન થઈ જાય છે કે પાંજરાપોળની સંસ્થાને વ્યાપક કરવામાં રાજા કુમારપાળનો અને તેના ધર્મગુરુ આચાર્ય હેમચંદ્રનો મુખ્ય હાથ હોય. આજે કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતનું તેમ જ રાજસ્થાનના અમુક ભાગનું કોઈ એવું જાણીતું શહેર કે સારી આબાદીવાળો કસ્બો નહિ મળે કે જ્યાં પાંજરાપોળ ન હોય. ઘણે સ્થળે તો નાનાં ગામડાંઓમાં પણ પ્રાથમિક નિશાળો (પ્રાઇમરી સ્કૂલ)ની પેઠે પાંજરાપોળની શાખાઓ છે. આ બધી પાંજરાપોળો મુખ્યપણે પશુઓને અને ક્વચિત્ પંખીઓને પણ નભાવવાનું અને તેમની સારસંભાળ રાખવાનું કામ કરે છે. આપણી પાસે અત્યારે ચોક્કસ આંકડા નથી, પણ મારી સ્થૂળ ધારણા એવી છે કે દર વર્ષે એ પાંજરાપોળો પાછળ જૈનો પચાસ લાખથી ઓછો ખર્ચ નથી કરતા અને એ પાંજરાપોળોના આશ્રયમાં કોઈ નહિ તો નાનામોટાં લાખો જીવો સારસંભાળ પામતા હશે.

ગુજરાત બહારના ભાગમાં જ્યાં જ્યાં ગોશાળાઓ ચાલે છે ત્યાં બધે મુખ્ય ભાગે દૂધ ગાયોની જ રક્ષા કરવામાં આવે છે. ગોશાળાઓ પણ દેશમાં પુષ્કળ છે અને તેમાં ઢ નરી ગાયો રક્ષણ પામે છે પાંજરાપોળની સંસ્થા હો કે ગોશાળાની સંસ્થા હો, પણ એ બધી ભૂતદયાની પ્રવૃત્તિ અહિંસાપ્રધાન સંસ્કૃતિના પુરુષાર્થને જ આભારી છે એમ કોઈ પણ વિચારક કબૂલ્યા વિના ભાગ્યે જ રહી શકે. આ ઉપરાંત શિકારની પ્રથા જળચરોને મારતી જાળીઓ પકડવાની પ્રથા વિસારી અને દેવીના ભોગો બંધ કરાવવાની પ્રથા—એ પણ અહિંસાની ભાવનાનું જ પરિણામ છે

માનુષજાતિની સેવા માટેની પ્રવૃત્તિ

અત્યાર સુધી આપણે પશુ, પક્ષી અને બીજાં જીવજંતુઓ વિશે જ વિચાર કર્યો છે. હવે આપણે મનુષ્યજાતિ તરફ પણ વળીએ. દેશમાં દાનધર્મ એટલો વિકાસ પામેલો છે કે તેમાં કોઈ માણસ ભૂખે રહેવા ભાગ્યે જ પામતું. પ્રચંડ અને વ્યાપક સંહારક દુકાળોમાં જ્યારે જેવા સમયે ગૃહસ્થોએ પોતાના અન્નભંડારો અને ખજાનાઓ ખુલ્લા મૂક્યાના વિપુલ પુરાવાઓ છે. જે દેશમાં પશુપક્ષી અને બીજાં ક્ષુદ્ર જીવો માટે કરોડો રૂપિયા ખર્ચાતા હોય તે દેશમાં મનુષ્યજાત માટે લાગણી ઓછી હોય અગર તો તે માટે કાંઈ ન થતું હોય એમ કહેવું એ વિચારશક્તિની બહારની વાત છે. આપણા દેશનું આતિથ્ય જાણીતું છે અને આતિથ્ય એ માનવતાને શોભાવે છે. દેશમાં ઠામો ત્યાગી અને ફકીરો થઈ ગયા અને આજેય છે તે એક આતિથ્ય કે અનુગ્રહ તરફની લોકોની ભક્તિના પુરાવો છે. અપંગો અનાથો અને બીમારો માટે તેમનાં તેટલું વધારેમાં વધારે કરી છૂટવાનું બ્રાહ્મણ, બૌદ્ધ અને જૈન ત્રણેના શાસ્ત્રોમાં ફરમાન છે. જે પ્રાચીન લોકરુચિનો પાયો છે. મનુષ્યજાતિની સેવાની દિવસે દિવસે વધતી જતી વૃત્તિને લીધે, અને પશ્ચિમની અસર સાથે પ્રથમ

કુમારપાળની અહિંસા તો એટલી બધી જાણીતી છે કે બસ તે અતિશયતાવાળી લાગે છે. મેગસ્થનીઝ આશ્ચર્ય કરનાર ત્યાગી જૈન ભિક્ષુ હીરવિજયસૂરિના અને ત્યાર પ અનુગામી શિષ્યોના અકબર પાસેથી અહિંસા પરત્વે એક ઉમેદન માટે ઇતિહાસમાં અમર રહે તેવાં છે. આ ઉપર ની ધારો, ચામડાવાળા અમલદારો અને ગામના તરફથી પણ હિંસા ન કરવાના મળેલાં વચનો ઉમેરો અને ભળી જાય તો આ દેશમાં અહિંસામય વાતાવરણ ઊભું કરવા કેટલો પુરુષાર્થ કર્યો છે એની

અહિંસાના પ્રચારનો એક પુરાવો પાંજરા

અહિંસાપ્રચારના એક સબળ પુરાવા તરીકે પાંજરાપોળની સંસ્થા સામે આવે છે. આ પરંપરા ક્યારે અસ્તિત્વમાં આવી એ ચોક્કસ કહેવું કઠણ એનો પ્રચાર અને એની પ્રતિષ્ઠા જોતાં એમ ? છે કે પાંજરાપોળની સંસ્થાને વ્યાપક કરવામાં જૈન ધર્મગુરુ આચાર્ય હેમચંદ્રનો મુખ્ય હાથ કાઠિયાવાડ અને ગૂજરાતનું તેમ જ રજપૂતાના એવું ભાગ્યે જ શહેર કે મોટી આબાદીવાળો ગ પાંજરાપોળ ન હોય. ઘણે સ્થળે તો નાનાં ભિન્ન નિવાસો (ઝાંખરી સ્થળ)ની પેઠે પાં આ બધી પાંજરાપોળો મુખ્યપણે પશુઓને બચાવવાનું અને તેમની સારસંભાળ આપવી પડે ત્યારે ચોક્કસ ભોગ આપવા જેવી છે કે જ્યાં એ પાંજરા વાળથી એને બંધ નથી કરવા અને કોઈ નહિ તે નાનકડાય ઢોરો છે.

ગૂજરાત ભારતના ભાગમાં જ્યાં જ્યાં ગોશાળાઓ ચાલે છે ત્યાં નથી મુખ્ય ભાગે ફક્ત ગાયોની જ રક્ષા કરવામાં આવે છે. ગોશાળાઓ પણ દેશમાં પુષ્કળ છે અને તેમાં હજારો ગાયો રક્ષણ પામે છે. પાંજરાપોળોની સંસ્થા હો કે ગોશાળાની સંસ્થા હો, પણ એ બધી પશુરક્ષણની પ્રવૃત્તિ અહિંસાપ્રચારક સંઘના પુરુષાર્થને જ આભારી છે એમ કોઈ પણ વિચારક કબૂલ્યા વિના ભાગ્યે જ રહી શકે. આ ઉપરાંત શિકારની પ્રથા, જળચરોને મારવાની જાળીઓ, બલિદાનની પ્રથા, શિકારો અને દેવીના ભોગો બંધ કરાવવાની પ્રથા—એ બધું અહિંસાની ભાવનાનું જ પરિણામ છે.

માણસજાતની સેવા માટેની પ્રવૃત્તિ

અત્યાર સુધી આપણે પશુ, પક્ષી અને બીજા જંતુઓ વિશે જ વિચાર કર્યો છે. હવે આપણે મનુષ્યજાતિ તરફ પણ વળીએ. દેશમાં દાનપ્રથા એટલી ધમધમ ચાલતી કે તેમાં કોઈ માણસ ભૂખે રહેતા ભાગ્યે જ પામ્યું. પ્રપા અને ભોજનશાળા કુટીઓમાં જ્યાં જેવા સભી ધર્મીઓએ પોતાના અન્નભંડારો અને ખજાનાઓ ખુલ્લા મૂકવાના નિયમ પુરાવાઓ છે. દેશમાં ગરીબી અને બીજા દુઃખ જેવાં માટે કરોડો રૂપિયા ખર્ચ્યા હોય તે દેશમાં માણસજાત માટે લાગણી ઓછી હોય અગર તો તે માટે કાંઈ ન થતું હોય એમ કહેવું એ વિચારશક્તિની અજ્ઞાનની વાત છે. આપણા દેશનું આતિથ્ય જાણીતું છે અને આતિથ્ય એ માનવજાતની ભક્તિ જ છે. દેશમાં લાખો ત્યાગી અને ફકીરો, ઋષિ મુનિ અને આજેય છે તે એક આતિથ્ય કે મનુષ્ય તરફની લોકોની ભક્તિના પુરાવા છે. અનાથો, અપંગો અને બીમારો માટે અને તેમનું રક્ષણ કરવા વધારે કરી છૂટવાનું આપણું બૌદ્ધ અને જૈન ધર્મોના શાસ્ત્રોમાં ફરમાન છે. ને પ્રાચીન બૌદ્ધભિક્ષુઓ ચાલ્યા છે. મનુષ્યજાતિની સેવાની દિશામાં દિવસે વધતી જતી એ દિશાને દીપી, અને ખ્રિસ્તીધર્મના આગમન પછી પ્રથમ

કુમારપાળની અહિંસા એ એટલી બધી જાણીતી છે કે ઘણાને માટે તે અતિશયતાભરી લાગે છે. મોગલસમ્રાટ અકબરનું મન હરણ કરનાર ત્યાગી જૈન ભિક્ષુ હીરવિજયસૂરિના અને ત્યાર પછીના તેમના અનુગામી શિષ્યોના બાદશાહો પાસેથી અહિંસા પરત્વે મેળવેલા ફરમાનો એમના માટે ઇતિહાસમાં અમર રહે તેવાં છે. આ ઉપરાંત પ્રકરણો, જમીનદારો, રાજ્યસત્તાક અમલદારો અને ગામના આગેવાન પટેલો વગેરે પાસેથી પણ હિંસા ન કરવાનાં મેળવેલાં વચનો જો આપણે બધાં શોધી ભેગાં કરીએ તો આ દેશમાં અહિંસાપ્રચાર સાથે અહિંસાનું વાતાવરણ ઊભું કરવા જૈનોએ પુરુષાર્થ કર્યો છે એની કંઈક કલ્પના આવે.

અહિંસાના પ્રચારનો એક પુરાવો : પાંજરાપોળો

અહિંસાપ્રચારના એક જીવંત પુરાવા તરીકે આપણે ત્યાં પાંજરાપોળની સંસ્થા ચાલી આવે છે. આ પરંપરા ક્યારથી અને કેવી રીતે અસ્તિત્વમાં આવી એ ચોક્કસ કહેવું કઠણ છે. જ્યાં ગુજરાતમાં જૈન પ્રચાર અને એની પ્રતિષ્ઠા હતી એમ માનવાનું મન થઈ જાય છે કે પાંજરાપોળની સંસ્થાને વ્યાપક કરવામાં ખાસ કુમારપાળે અને તેના ધર્મગુરુ આચાર્ય હેમચંદ્રનો મુખ્ય હાથ હોય. આજે કાઠિયાવાડ અને ગુજરાતનું તેમ જ રજપૂતાનાના અમુક ભાગનું કોઈ એવું જાણીતું શહેર કે ધારી આબાદીવાળો કસ્બો નહિ મળે કે જ્યાં પાંજરાપોળ ન હોય. ઘણે સ્થળે તો નાનાં ગામડાંઓમાં પણ પ્રસિદ્ધ નિવાસ(પ્રાણીઘરી રહેઠ)ની પેઠે પાંજરાપોળની શાખાઓ છે. આ બધી પાંજરાપોળો મુખ્યપણે પશુઓને અને ગૌણ રીતે પંખીઓને પણ નિભાવવાનું અને તેમની સારસંભાળ રાખવાનું કામ કરે છે. આપણી પાસે અત્યારે ચોક્કસ આંકડા નથી, પણ મારી સ્થૂલ અટકળ એવી છે કે દર વર્ષ એ પાંજરાપોળો પાછળ જૈનો પચાસ લાખથી ઓછો ખર્ચ નથી કરતા, અને એ પાંજરાપોળોના આશ્રયમાં કોઈ નહિ તો નાનાંમોટાં લાખો ઢોરો સારસંભાળ પામતાં હશે.

ગૂજરાત આખાના ભાગમાં જ્યાં જ્યાં ગોશાળાઓ આવે છે ત્યાં અધિ મુખ્ય ભાગે ફક્ત ગાયોની જ રક્ષા કરવામાં આવે છે. ગોશાળાઓ પણ દેશમાં પુષ્કળ છે અને તેમાં હજારો ગાયો રક્ષણ પામે છે. પાંજરાપોળની સંસ્થા હો કે ગોશાળાની સંસ્થા હો, પણ એ બધી પ્રાણીરક્ષણની પ્રવૃત્તિ અહિંસાપ્રચારક સંઘના પુરુષાર્થને જ આભારી છે એમ કોઈ પણ વિચારક કહ્યા વિના ભાગ્યે જ રહી શકે. આ ઉપરાંત શિકારની પ્રથા, જાનવરોને મારવાની હોળીઓ, બલિદાનની પ્રથા, શિકારો અને દેવીના ભોગો બંધ કરાવવાની પ્રથા—એ બધું અહિંસાની ભાવનાનું જ પરિણામ છે.

માણસજાતની સેવા માટેની પ્રવૃત્તિ

અત્યાર સુધી આપણે પશુ, પક્ષી અને બીજા જીવજંતુઓ વિષે જ વિચાર કર્યો છે. હવે આપણે મનુષ્ય જાતિ તરફ પણ વળીએ. દેશમાં ધર્મશાળા એટલી બધી બાંધેલી છે કે તેમાં કોઈ માણસ ભૂખે રહેવા પામે જ [illegible] અને [illegible] વાળા દુકાનોમાં [illegible] એવા સખી ગૃહસ્થોએ પોતાના અન્નભંડારો અને ખજાનાઓ ખુલ્લા મૂકવાના નિયમ કરાવ્યા છે. જે દેશમાં પશુપક્ષી અને બીજા ક્ષુદ્ર જીવો માટે કરોડો રૂપિયા ખર્ચાતા હોય તે દેશમાં માણસજાત માટે લાગણી ઓછી હોય અગર તો તે માટે કાંઈ ન થતું હોય એમ કહેવું એ વિચારશક્તિની નાદારીની વાત છે. આપણા દેશનું આતિથ્ય જાણીતું છે અને આતિથ્ય એ ભારતવર્ષની લાક્ષણિકતા જ છે. દેશમાં લાખો ત્યાગી અને ફકીરો થઈ ગયા અને આજેય છે તે એક આતિથ્ય કે મનુષ્ય તરફની માનવી લાગણીના પુરાવો છે. આપણે અનાથો અને બીમારો માટે બને તેટલું વધારેમાં વધારે કરી છૂટવાનું આપણું, બૌદ્ધ અને જૈન બંનેના શાસ્ત્રોમાં ફરમાન છે. ? અર્વાચીન લોકવૃત્તિઓ પણ છે. મનુષ્યજાતિની સેવાની દિવસે દિવસે વધતી જતી [illegible]તને લીધે, અને પરોપકારની ભાવના સર્વથી પ્રથમ

ઢોરાને વીંધે, મજૂરોને પણ ભાઈઓ આપેલ અને ઉત્સાહમાં અહિંસાના પ્રેમી લોકોને એમ લાગે છે કે એમની અહિંસા કેટલી ઊંચી અને ભવ્ય તો મનુષ્યથી સુધી આવેલી છે. માનવજાતને અને દેશભાઈઓને તે ભવ્ય એટલી સ્પર્શે છે પણ આ વિધાન બરાબર નથી એની સાબિતી માટે નીચેની હકીકત ખાસ જાણવી જોઈએ —

(૧) જૂના અને ભગ્ન ઢગોને આશ્રમે મૂકી માત્ર ઘેટાં સે વર્ષના નાનમોટાં અને બેકાર કૂતરાઓ તેમ જ બીજાં ફુરસદી આવેલો હોઈ તે વખતનો ઇતિહાસ તપાસીએ કે તેમાં આશ્રયથી જીવતા માનવો માટે કેટલું અહિંસાપોષક કાર્ય તરફથી કરવામાં આવ્યું છે। કેટલા પૈસા ખરચવામાં આવ્યા છે। કેટલું અન્ન વહેંચવામાં આવ્યું છે। ઔષધ અને કપડાં માટે પણ કેટલું કરવામાં આવ્યું છે! દા. ત. ઢોરપાંજરાપોળો ફૂતરાઓ કે જેની ગિનતી મળતી હોય છે

(૨) કૂતરાઓ અને બીજાં ફુરસદી આવેલો ન હોય તેને બદલે પણ નાના બાળક સુખમાં જો કોઈ ભૂખે મરતું નજરમાં આવે તો તેને માટે મહાજન કે કોઈ એકાદ ગૃહસ્થ કઈ અને કેવી રીતે મદદ પહોંચાડે છે એની તપાસ કરવી.

(૩) આજે કરોડ જેટલા ઢોર, બાવા અને સાધુસંતોનો વર્ગ બેઠાંબેઠાં આત્મમહેનત વિના જ બીજા સાધારણ મહેનતુઓ જેટલા જ સુખ અને આરામથી કહેવા નભતો આવ્યો છે અને નભે જાય છે તે.

અહિંસાનાં નિષેધાત્મક અને ભાવાત્મક રૂપ અહિંસા અને દયા

અહિંસા કે અપરાધ બે રૂપે છે: (૧) નિષેધાત્મક (નકાર); (૨) વિધેયાત્મક અથવા ભાવાત્મક (હકાર). કોઈને દુઃખ ન દેવી કે કોઈને પોતાના દુઃખના તળી અનિચ્છાએ ભાગીદાર ન કરવા એ નિષેધાત્મક અહિંસા છે. બીજાના દુઃખમાં ભાગીદાર થવું અગર તો પોતાની સુખસગવડનો લાભ બીજાને આપવો એ ભાવાત્મક અહિંસા છે. એ ભાવાત્મક અહિંસા દયા અગર તો સેવા તરીકે

જાણીતી છે. સગવડ ખાતર આપણે અહીં ઉગ્ર અને પ્રકાશની અહિંસાને અનુક્રમે અહિંસા અને દયાના નામથી ઓળખાવીશું. અહિંસા એ એવી વસ્તુ છે કે જેની દયા કરતાં વધારેમાં વધારે કિંમત હોવા છતાં તે દયાની પેઠે એકદમ સૌની નજરે નથી ચડતી. દયાને લોકગમ્ય કહીએ તો અહિંસાને સ્વગમ્ય કહી શકાય. જે મનુષ્ય અહિંસાને અનુસરતો હોય તે તેની સુવાસ અનુભવે છે. તેનો ફાયદો તે અનિવાર્ય રીતે બીજાઓને મળે જ છે; છતાં ઘણીવાર એ ફાયદો ઉઠાવનાર સુધ્ધાં એ ફાયદાના કારણરૂપ અહિંસાતત્ત્વનો ખ્યાલ સુધ્ધાં નથી હોતો અને એ અહિંસાની સુંદર અસર બીજાઓનાં મન ઉપર પડવામાં ઘણીવાર ઘણો લાંબો વખત પસાર થઈ જાય છે, જ્યારે દયાની બાબતમાં એથી ઊલટું છે. દયા એ એવી વસ્તુ છે કે તેને પાળનાર કરતાં તેનો લાભ ઉઠાવનારને જ તે વધારે સુવાસ આપે છે. દયાની સુંદર અસર બીજાઓનાં મન ઉપર પડતાં વખત જ લાગતો નથી. તેથી દયા એ ઉઘાડી તરવાર જેવી સૌની નજરે આવે એવી વસ્તુ છે. તેથી તેને આચરવામાં જ ધર્મની સમાપ્તિ દેખાય છે.

સમાજના વ્યવસ્થિત ધારણ અને પોષણ માટે અહિંસા તેમ જ દયા બન્નેની અનિવાર્ય જરૂર છે. જે સમાજમાં અને જે રાજ્યમાં જેટલે અંશે બીજા ઉપર ત્રાસ વધારે ગુજરતો હોય, નબળાના દુઃખો વધારે કચરાતા હોય, તે સમાજ કે તે રાજ્ય તેટલે જ વધારે દુઃખી અને ગુલામ. તેથી ઊલટું, જે સમાજમાં અને જે રાજ્યમાં એક વર્ગનો બીજા વર્ગ ઉપર કે એક વ્યક્તિનો બીજી વ્યક્તિ ઉપર જેટલો ત્રાસ ઓછો અને બીજા નબળાના દુઃખોની જેટલી વધારે રક્ષા તેટલે જ તે સમાજ અને તે રાજ્ય વધારે સુખી અને વધારે સ્વતંત્ર. એ જ રીતે જે સમાજ અને જે રાજ્યમાં સબળ વ્યક્તિઓ તરફથી નબળાઓ માટે જેટલે જેટલે વધારે સુખસગવડનો ભોગ અપાતો હોય, જેટલે જેટલે તેમની વધારે સેવા કરાતી હોય, તેટલે તે સમાજ અને તે

રાષ્ટ્ર વધારે સ્વસ્થ અને વધારે આબાદ. એથી ઊલટું, જેમ જેમ વધારે સ્વાર્થીપણું તેટલે તેટલે તે સમાજ વધારે પામર અને વધારે છિન્નભિન્ન. આ રીતે આપણે સમાજને અને રાષ્ટ્રના ઇતિહાસ ઉપરથી જે એક નિશ્ચિત પરિણામ તારવી શકીએ છીએ તે એ છે કે અહિંસા અને દયા એ બન્ને જેટલાં આધ્યાત્મિક હિત કરનારાં તત્ત્વો છે તેટલાં જ તે સમાજ અને રાષ્ટ્રનાં ધારક અને પોષક તત્ત્વો પણ છે.

એ બન્ને તત્ત્વોની જગતના મહાપુરુષોએ એકસરખી જરૂરિયાત હોવા છતાં અહિંસા કરતાં દયા જીવનમાં ઉતારવી કંઈક સહેલ છે. અંતર્દર્શન વિના અહિંસા જીવનમાં ઉતારી શકાતી નથી, પણ દયા તો અંતર્દર્શન વિનાના આપણા જેવા સાધારણ લોકોના જીવનમાં પણ ઊતરી શકે છે.

અહિંસા નકારાત્મક હોવાથી બીજા પ્રાણીને ત્રાસ આપવાના કાર્યથી મુક્ત થવામાં જ એ આવી જાય છે અને એમાં બહુ જ બારીકાઈથી વિચાર ન પણ કર્યો હોય, છતાં એનું અનુસરણ કિંચિત્ પૂરતું શક્ય છે; જ્યારે દયાની બાબતમાં એમ નથી. એ ભાવાત્મક હોવાથી અને એના આચરણનો આધાર સંયોગો તેમ જ પરિસ્થિતિ ઉપર રહેલો હોવાથી એને પગલામાં વિચાર કરવો પડે છે, બહુ જ સાવધાન રહેવું પડે છે અને દેશકાળની સ્થિતિનું બહુ જ ભાન રાખવું પડે છે.

[[illegible] ભાગ ૧, ૪ [illegible]]

સંથારો અને અહિંસા

હિંસાનો અર્થ છે પ્રમાદ કે રાગદ્વેષ કે આસક્તિ. એનો ત્યાગ જ અહિંસા છે. પ્રાચીન કાળથી ચાલી આવતી આત્મઘાતની પ્રથાઓનો જૈન ગ્રંથોએ નિષેધ કર્યો છે. પર્વત ઉપરથી ઝંપાપાત કરવો, પાણીમાં ડૂબી મરવું, ઝેર ખાવું વગેરે મરવાની પ્રથાઓ પહેલાં પણ

હતી અને અત્યારે પણ છે—અને પછી એ ભલે ધર્મને નામે હોય કે સાંસારિક કોઈ કારણોથી હોય. જેવી રીતે પશુ વગેરેનો વધ ધર્મ રૂપે પ્રચલિત હતો એવી જ રીતે આત્મવધ પણ પ્રચલિત હતો અને ક્યાંક ક્યાંક તો અત્યારે પણ એ પ્રચલિત છે—ખાસ કરીને શિવની કે શક્તિની સન્મુખ.

એક તરફ આવી પ્રથાઓનો નિષેધ કરવો અને બીજી તરફ પ્રાણાંત અનશન કે સંથારાનું વિધાન કરવું આ વિરોધ જરૂર વિમાસણમાં નાખી દે એવો છે. પણ મૂળ ભાવ સમજતાં એમાં કોઈ વિરોધ નથી રહેતો. જૈનધર્મે જે પ્રાણનાશનો નિષેધ કર્યો છે તે પ્રમાદ કે આસક્તિ-પૂર્વક કરાતા પ્રાણનાશનો જ. કોઈ ઐહલૌકિક કે પારલૌકિક સંપત્તિની ઇચ્છાથી, કામિનીની કામનાથી અને બીજા અભ્યુદયની વાંછાથી, ધર્મબુદ્ધિએ અનેક પ્રકારના આત્મવધ થતા રહ્યા છે. જૈનધર્મ કહે છે કે એ આત્મવધ હિંસા છે, કારણ કે એનું પ્રેરક તત્ત્વ કોઈ ને કોઈ પ્રકારનો આસક્તભાવ છે. પ્રાણાંત અનશન અને સંથારો પણ જો એ જ ભાવથી કે ભય યા લોભથી પ્રેરાઈને કરવામાં આવે તો એ પણ હિંસા જ છે અને એને કરવાની જૈનધર્મ આજ્ઞા નથી આપતો. જે પ્રાણાંત અનશનનું વિધાન કરવામાં આવ્યું છે એ તો છે સમાધિમરણ.

જ્યારે દેહ અને આધ્યાત્મિક સદ્‌ગુણ-સંયમ, એમાંથી એકની જ પસંદગી કરવાનો વિષમ સમય આવી પડે ત્યારે એ વ્યક્તિ જો સાચેસાચ ધર્મને પ્રાણરૂપ લેખતી હશે તો તે દેહરક્ષાની પરવા નહીં કરે, એ તો કેવળ પોતાના દેહનો ભોગ આપીને પણ પોતાની વિશુદ્ધ આધ્યાત્મિક સ્થિતિને બચાવી લેશે—જેવી રીતે કોઈ સાચી સતી પોતાના સતીત્વને બચાવવાનો બીજો કોઈ રસ્તો ન જોતાં, પોતાના દેહનો નાશ કરીને પણ એને બચાવી લે છે. પણ એવી અવસ્થામાં પણ એ વ્યક્તિ ન કોઈના ઉપર ગુસ્સે થશે કે ન કોઈ રીતે ખિન્ન થશે અથવા ન કોઈ સગવડ જોઈને પ્રસન્ન થશે. એનું

રાષ્ટ્ર વધારે સ્વસ્થ અને વધારે આબાદ. એથી ઊલટું, જેટલેઅંશે વધારે સ્વાર્થીપણું તેટલેઅંશે તે સમાજ વધારે પામર અને વધારે છિન્નભિન્ન. આ રીતે આપણે સમાજ અને રાષ્ટ્રોના ઇતિહાસ ઉપરથી ? એક નિશ્ચિત પરિણામ તારવી શકીએ છીએ તે એ છે કે અહિંસા અને તપ એ બન્ને જેટલાં આધ્યાત્મિક હિત કરનારાં તત્ત્વો છે તેટલાં જ તે સમાજ અને રાષ્ટ્રનાં ધારક અને પોષક તત્ત્વો પણ છે.

એ બન્ને તત્ત્વોની જગતના કલ્યાણાર્થે એકસરખી જરૂરિયાત હોવા છતાં અહિંસા કરતાં તપ જીવનમાં ઉતારવું કાંઈક સહેલ છે. અંતર્દર્શન વિના અહિંસા જીવનમાં ઉતારી શકાતી નથી, પણ તપ તો અંતર્દર્શન વિનાના આપણા જેવા સાધારણ લોકોના જીવનમાં પણ ઉતરી શકે છે.

અહિંસા નકારાત્મક હોવાથી બીજા પ્રાણિને ત્રાસ આપવાના કર્મથી મુક્ત થવામાં જ એ આવી જાય છે અને એમાં ઘણું જ બારીકાઈથી વિચાર ન પણ કર્યો હોય, છતાં એનું અનુસરણ વિધિપૂર્વક થાય છે ત્યારે તપની બાબતમાં એમ નથી. એ વિધાયક હોવાથી અને એના આચરણનો આધાર સંયોગો તેમ જ પરિસ્થિતિ ઉપર રહેલો હોવાથી એને પળેપળમાં વિચાર કરવો પડે છે, ઘણું જ સાવધાન રહેવું પડે છે અને દેશકાળની સ્થિતિનું ઘણું જ ભાન રાખવું પડે છે.

[પ્રસ્થાન ભાગ ૨, પૃ. ૩૫૧-૩૫૨]

સંથારો અને અહિંસા

હિંસાનો અર્થ છે પ્રમાદ કે રાગદ્વેષ કે આસક્તિ. એનો ત્યાગ જ અહિંસા છે. પ્રાચીન કાળથી ચાલી આવતી આત્મઘાતની પ્રથાઓનો જૈન ગ્રંથોએ નિષેધ કર્યો છે. પર્વત ઉપરથી ઝંપાપાત કરવો, પાણીમાં ડૂબી જવું, ઝેર ખાવું વગેરે મરવાની પ્રથાઓ ચાલતી પણ

જેણે પ્રાણ લેવા છતાં એને બચાવી ન શકી તો એ શું કરે? ઉત્તર તો એ બીજું નહીં બચાવ મૂકીને પોતાની જાનને બચાવી લેવાનો. આધ્યાત્મિક જીવનના ઉમેદવારની આવી જ સ્થિતિ હોય છે. એ નિરર્થક દેહનો નાશ નહીં કરે. શાસ્ત્રે એનો નિષેધ કર્યો છે અને દેહની ચાલને કલ્યાણરૂપ માનેલ છે. પરંતુ તે સંયમને માટે. ઉત્તરે બીજો કોઈ રસ્તો ન હોય એવી લાચાર પરિસ્થિતિ આવી પડે તો જ ઉપર જણાવેલી શરતો સાથે દેહનો નાશ સમાધિમરણ છે અને અહિંસા પણ. નહીં તો એ આત્મહત્યા અને હિંસા.

બળાત્કાર દુકાળ વગેરે જેવા તમીના સમયમાં દેહરક્ષાને માટે સંયમથી પતિત થવાનો અવસર આવે કે નિશ્ચિતપણે મરણ નિપજનારા રોગોને લીધે પોતાની જાતને અને બીજાઓને નિરર્થક હેરાનગતિ થતી હોય પણ એમ કરવા છતાં સંયમ કે સદ્ગુણની રક્ષા થવાનો સંભવ ન હોય ત્યારે કેવળ સંયમ અને સમભાવની દૃષ્ટિએ, સંથારાનું વિધાન કરવામાં આવ્યું છે. જેમાં એકમાત્ર સૂક્ષ્મ આધ્યાત્મિક જીવનને જ બચાવવાનું ધ્યેય છે. જ્યારે ગાંધીજી વગેરે પ્રાણાન્ત અનશનની વાત કરે છે અને મશરૂવાળા વગેરે એનું સમર્થન કરે છે ત્યારે એની પાછળ આ દૃષ્ટિબિંદુ જ મુખ્ય છે.

હિંસા નહીં પણ આધ્યાત્મિક વીરતા

આમાં હિંસાની કોઈ ગંધ સરખી પણ નથી. આ વિધાન તો એ બાબત માટે છે કે જે કેવળ આધ્યાત્મિક જીવનની ઉમેદવાર હોય અને જે માટે સ્વીકારેલી ધર્મનિષ્ઠાઓના પાલનમાં નિરત હોય. આવા જીવનના અધિકારી પણ અનેક પ્રકારના થતા રહ્યા છે એટલે તેઓ કે જેઓ જિનકલ્પના સ્વીકાર કર્યો હોય, જે આજે વિચ્છિન્ન થયો છે; જિનકલ્પી કાળ એકલા રહે છે અને કોઈ પણ રીતે કોઈની સેવા નથી લેતા. એને માટે જીવનની અંતિમ ઘડીઓમાં કોઈની સેવા લેવાનો પ્રસંગ ન આવે એટલા માટે એ જરૂરી થઈ પડે છે કે

ધ્યાન તો કેવળ પોતાના સંયમ જીવનને અપનાવવા તરફ અને સંયમની રક્ષા કરવા તરફ જ રહેશે. જ્યાં સુધી દેહ અને સંયમ, એ બન્નેની સમાન રીતે રક્ષા થઈ શકે ત્યાં સુધી બન્નેની રક્ષા કરવી જોઈએ. પણ એમાંથી એકની પસંદગી કરવાનો સવાલ ઊભો થાય ત્યારે આપણા જેવા લૌકિકજનો દેહને પસંદ કરશે અને આધ્યાત્મિક સંયમની ઉપેક્ષા કરશે, જ્યારે સમાધિમરણનો અધિકારી એથી ઊલટું જ કરશે. દૈહિક અને આધ્યાત્મિક એ બન્ને જીવન તો છે જ. પણ જે જેનો અધિકારી હોય છે તે કસોટીના વખતે એને જ પસંદ કરે છે. અને આવી જ આધ્યાત્મિક જીવનવાળી વ્યક્તિને માટે પ્રાણાંત અનશનની અનુજ્ઞા છે પામર, ભયભીત કે લાલચુઓને માટે નહીં. આથી સમજી શકાશે કે પ્રાણાંત અનશન, દેહરૂપી ઘરનો નાશ કરીને પણ, દિવ્ય જીવનરૂપ પોતાના આત્માને પડતો બચાવી લે છે. એટલા માટે એ, તાત્ત્વિક દૃષ્ટિએ, સાચા અર્થમાં અહિંસા જ છે.

દેહનો નાશ એ આત્મઘાત ક્યારે?—શંકાઓનો જવાબ

જે લોકો આવા સંથારાને આત્મઘાતરૂપે વર્ણવે છે, તેઓ આના હાર્દને પામી શકે એટલો વિચાર નથી કરતા. પણ જો કોઈ અતિ ઉગ્ર હેતુથી પ્રેરાઈને, કોઈના પર રોષદ્વેષ રાખ્યા વગર, સંપૂર્ણ નિર્મોહપણે અને પ્રસન્ન ચિત્તે, આત્મ-શોધક જેવું પ્રાણાંત અનશન કરે તો પછી એ જ લોકો એ વ્યક્તિની પ્રશંસા કરવાના અને ક્યારેય આત્મઘાત નહીં કહેવાના. કારણ કે આવી વ્યક્તિના હેતુ અને જીવનક્રમ એ બેમાંથી નજર સામે છે. જ્યારે જૈન પરંપરામાં સંથારો કરવાવાળા બધે શુભ આશયથી પ્રેરાયેલા જ હોય, ત્યાં એમનો હેતુ અને જીવનક્રમ એમને એ રીતે સુવિદિત નથી. પરંતુ શાસ્ત્રનું વિધાન તો એ જ દૃષ્ટિએ છે અને એનો ઇતિહાસ સાથે પૂરેપૂરો સુમેળ પણ છે. આ સમજવા માટે બે દાખલા જોઈએ. જો કોઈ વ્યક્તિ પોતાના આખા ઘરને આગ

જેણે પ્રયત્ન કરવા છતાં એને બગડતું બચાવી ન શકે તો એ શું કરશે! ઉત્તર તો એ બીજું બધું બગડતું મૂકીને પોતાની જાતને બચાવી લેવાનો આધ્યાત્મિક જીવનના દૃષ્ટિબિંદુની આવી જ સ્થિતિ હોય છે. એ નિરર્થક દેહનો નાશ નહીં કરે, સામે એનો નિષેધ કર્યો છે. ઊલટું દેહની રક્ષાને કર્તવ્યરૂપ માનેલ છે. પરંતુ તે સંયમને માટે. ઉત્તરે બીજો કોઈ રસ્તો ન હોય એવી લાચાર પરિસ્થિતિ આવી પડે તો જ ઉપર બતાવેલી શરતો સાથે દેહનો નાશ સમાધિમરણ છે અને અહિંસા પણ, નહીં તો એ આત્મમરણ અને હિંસા.

આ પ્રકાર દુષ્કાળ વગેરે જેવા તંગીના સમયમાં દેહરક્ષાને માટે સંયમથી પતિત થવાનો અવસર આવે કે નિશ્ચિતપણે મરણ નિપજાવનારા રોગોને લીધે પોતાની જાતને અને બીજાઓને નિરર્થક હેરાનગતિ થતી હોય અને એમ કરવા છતાં સંયમ કે સદ્ગુણની રક્ષા થવાનો સંભવ ન હોય ત્યારે કેવળ સંયમ અને સમભાવની દૃષ્ટિએ, સંથારાનું વિધાન કરવામાં આવ્યું છે. જેમાં એકમાત્ર સૂક્ષ્મ આધ્યાત્મિક જીવનને જ બચાવવાનું ધ્યેય છે. જ્યારે ગાંધીજી વગેરે પ્રાણાંત અનશનની વાત કરે છે અને મશરૂવાળા વગેરે એનું સમર્થન કરે છે ત્યારે એની પાછળ આ દૃષ્ટિબિંદુ જ મુખ્ય છે.

હિંસા નહીં પણ આધ્યાત્મિક વીરતા

આમાં હિંસાની કોઈ ગંધ સરખી પણ નથી. આ વિધાન તો એ વ્યક્તિ માટે છે કે જે કેવળ આધ્યાત્મિક જીવનની ઉમેદવાર હોય અને જે માટે સ્વીકારેલી સમિતિગુપ્તિઓના પાલનમાં નિરત હોય. આવા જીવનના અધિકારી પણ અનેક પ્રકારના હોય છે. એક તો એ કે જેણે જિનકલ્પનો સ્વીકાર કર્યો હોય, જે આજે વિચ્છિન્ન થયો છે. જિનકલ્પી સદા એકલા રહે છે અને કોઈ પણ રીતે કોઈની સેવા નથી લેતા. એને માટે જીવનની અંતિમ ઘડીઓમાં કોઈની સેવા લેવાનો પ્રસંગ ન આવે એટલા માટે એ જરૂરી થઈ પડે છે કે

એ સાધક અને સશક્ત અવસ્થામાં જ ધ્યાન અને તપસ્યા દ્વારા એવી તૈયારી કરી લે કે જેથી એને ન તો મરણથી ડરવું પડે કે ન કોઈની સેવા લેવી પડે. એ પોતાની બધી જવાબદારીઓને અદા કર્યાં પછી બાર વર્ષ સુધી એકધારું ધ્યાન-તપ કરીને પોતાના જીવનનો ઉત્સર્ગ કરે છે. પણ આ ક્રમ-આચાર તો કેવળ જિનકલ્પીને માટે જ છે. બાકીનાં વિધાન જુદા જુદા અધિકારીઓને માટે છે. આ બધાનો સાર એ છે કે જે સ્વીકારેલી સત્પ્રતિજ્ઞાઓનો ભંગ થવાનો વખત આવે, અને એ ભંગને જે સહન કરી શકતો ન હોય, એને માટે પ્રતિજ્ઞાભંગ કરતાં પ્રતિજ્ઞાનું પાલન કરવાપૂર્વક મરણનો સ્વીકાર કરવો એ જ કલ્યાણકારી છે. આમાં તો આધ્યાત્મિક વલણ છે; એ કોઈ સ્થૂળ જીવનના લોભથી આધ્યાત્મિક ગુણોથી પતિત થઈને મૃત્યુથી ભાગી છૂટવાની કામના નથી; કે સ્થૂળ જીવનની નિરાશાથી કંટાળીને મોતના મોંમાં ઓરાઈ જવાની આત્મઘાતને નામે ઓળખાતી અવિચારિતા પણ નથી. આવી વ્યક્તિ મૃત્યુથી જેટલી નિર્ભય હોય છે એટલી એને માટે તૈયાર પણ હોય છે. એ જીવનપ્રિય હોય છે જીવનમોહી નહીં. સંલેખના, એ કોઈ મરણને આમંત્રણ આપવાની વિધિ નથી, પણ પોતાની મેળે આવી પહોંચનાર મરણને માટે નિર્ભય બનવાની તૈયારી માત્ર જ છે. એની પછી સંથારાનો અવસર પણ આવી શકે છે. આ રીતે આ આખો વિચાર અહિંસા અને એમાંથી પ્રગટતા સદ્ગુણો તરફની તન્મયતામાંથી જ જન્મ્યો છે જેને પણ અનશનરૂપ શિષ્ટ જનોએ માન્ય છે.

બૌદ્ધધર્મમાં આત્મવધ

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને જેમ લખ્યું છે કે બૌદ્ધધર્મ આપઘાત (suicide)—આત્મઘાતને નથી માનતો, એ બરાબર નથી. જૂના જૂના સમયમાં ભિક્ષુ છન્ન અને ભિક્ષુ વક્કલિએ અસાધ્ય રોગને લીધે આપઘાત કરી લીધો, અને તથાગતે એને માન્ય રાખ્યો.

હતો. બન્ને વિશુ અપ્રમત્ત હતા. એમના આત્મવધમાં ફેર એ છે કે તેઓ ઉપવાસ વગેરેથી ધીમે ધીમે મૃત્યુની તૈયારી નથી કરતા પરંતુ શસ્ત્રથી એક ઘાએ પોતાનો નાશ કરે છે જેને હારાકીરી કહી શકાય. જૈન શાસ્ત્રો આવા આત્મવધને સંમતિ નથી આપતાં. બન્ને પરંપરાઓમાં મૂળ ભૂમિકા સંપૂર્ણપણે એક જ છે અને તે છેવટ સમાધિજીવનનું રક્ષણ. સુસાઈડ – આપઘાત શબ્દ કંઈક નિંદ્ય જેવો છે શાસ્ત્રમાં એને માટે સમાધિમરણ અને પંડિતમરણ શબ્દ છે જે યોગ્ય છે ઉપર જણાવેલ જૈન અને બૌદ્ધની કથા અનુક્રમે મજ્ઝિમનિકાય અને સંયુત્તનિકાયમાં છે

કેટલાંક સૂત્રો

નમૂનારૂપે કેટલાંક પ્રાકૃત પદ્યો અને એનો અનુવાદ જોઈએ –

મરણપડિયારભૂયા એસા એવં ચ ન મરણનિમિત્તા ।
જહ ગંડચ્છેયકિરિયા નો આયવિરાહણારૂવા ॥

—જેવી રીતે ગૂમડાનું નસ્તર મારવું એ આત્મવિરાધનાને માટે નથી થતું, તેવી રીતે સમાધિમરણની ક્રિયા મરણ નિમિત્તે નહીં કિંતુ એના પ્રતિકારને માટે છે

જીવિયં નાભિકંખેજ્જા મરણં નાવિ પત્થએ ।

—એ ન તો જીવનની અભિલાષા છે કે ન એ મરણને માટે પ્રાર્થના કરે છે

અપ્પા ખલુ સંથારો હવઈ વિશુદ્ધચરિત્તમ્મિ ।

—ચારિત્રમાં રહેલો વિશુદ્ધ આત્મા પોતે જ સંથારો છે

[ઓઘનિ ભા ૬, ૪ ૫૩૪-૫૩૬]

૮

તપ અને પરિષહ

બૌદ્ધ પિટકોમાં અનેક સ્થાને નિગંઠ ની સાથે [illegible] [illegible] જ્યાં નિગ્રન્થો લોકોમાં આવે છે આ પ્રમાણે [illegible] બૌદ્ધ સૂત્રોમાં રાજગૃહી વગેરે સ્થાનોમાં તપસ્યા કરતા નિર્ગ્રન્થનું વર્ણન મળે છે અને બુદ્ધ તથાગત પોતે કરેલી નિર્ગ્રન્થોની તપસ્યાની સમાલોચના પણ મળે છે.[1] આ જ રીતે જ્યાં બુદ્ધે પોતાનું પૂર્વજીવન પોતાના શિષ્યોને કહ્યું ત્યાં પણ એમને પોતાના સાધનાકાળમાં કરેલી [illegible] એવી તપસ્યાઓનું[2] વર્ણન કર્યું છે [illegible] [illegible] [illegible] [illegible] [illegible], અને [illegible] [illegible] [illegible] જૈન આગમોમાં [illegible] [illegible] નિગ્રન્થોની સાથે [illegible] [illegible] આવે છે [illegible] [illegible] [illegible] [illegible] બૌદ્ધ પિટકોમાં આવતું નિગ્રન્થ તપસ્યાનું વર્ણન [illegible] [illegible] ઐતિહાસિક છે!

તપસ્યાપ્રધાન નિર્ગ્રન્થ પરંપરા

બુદ્ધ [illegible] [illegible] [illegible] જ [illegible] તપસ્યાનું મૂળ સ્થાન છે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] મળે છે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] જ્યાં [illegible] [illegible] [illegible] [illegible] વર્ણન આવે છે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

1. મજ્ઝિમનિકાય સુ. [illegible] અને [illegible]
2. [illegible] [illegible] [illegible] ([illegible])

દીક્ષિત નિર્ગ્રંથ તપસ્યાનું[1] આચરણ કરે છે. એ રીતે મહાવીરના સાધુસંઘની સમગ્ર ચર્યા જ તપોમય જેવી મળે છે. અનુત્તરોવવાઇય વગેરે આગમોમાં એવા અનેક મુનિઓનું વર્ણન છે કે જેઓએ ઉત્કટ તપ કરીને પોતાના દેહને કેવળ હાડપિંજર જેવો બનાવી દીધો હતો.[2] વળી અત્યાર સુધીની જૈન પરંપરાનું શાસ્ત્ર અને સાધુઓ તેમ જ ગૃહસ્થોનો આચાર જોવાથી પણ આપણે એમ કહી શકીએ કે મહાવીરના શાસનમાં તપનો મહિમા વધારે છે અને એમના ઉત્કટ તપનો પ્રભાવ સંઘ ઉપર એવો પડ્યો છે કે જૈનત્વ એ તપનો બીજો પર્યાય બની ગયું છે. મહાવીરના વિહારસ્થળોમાં અંગ મગધ કાશી-કોશલ મુખ્ય છે. જે રાજગૃહી વગેરે સ્થાનોમાં તપસ્યા કરનાર નિર્ગ્રંથો સંબંધી ઉલ્લેખ બૌદ્ધ ગ્રંથોમાં મળે છે એ રાજગૃહી વગેરે સ્થાનો તો મહાવીરના સાધનાકાળનાં અને ધર્મોપદેશસમયનાં મુખ્ય ધામો હતાં અને મહાવીરનો નિર્ગ્રંથસંઘ મુખ્યત્વે એ સ્થાનોમાં રહેતો હતો. આ રીતે બૌદ્ધ પિટકો અને આગમોની મેળવણીને આધારે આપણે નીચે મુજબ નિષ્કર્ષ તારવી શકીએ છીએ –

(૧) ખુદ મહાવીર અને એમનો નિર્ગ્રંથસંઘ તપોમય જીવન ઉપર વિશેષ ભાર આપતો હતો.

(૨) અંગ મગધના રાજગૃહી વગેરે અને કાશી-કોશલનાં શ્રાવસ્તી વગેરે શહેરોમાં તપસ્યા કરનારા નિર્ગ્રંથો મોટી સંખ્યામાં વિચરતા હતા અને રહેતા હતા.

મહાવીર પહેલાં પણ તપસ્યાની પ્રધાનતા

ઉપરના કથનને આધારે મહાવીરની સમકાલીન અને ઉત્તરકાલીન નિર્ગ્રંથ પરંપરા તપપ્રધાન વૃત્તિ ધરાવતી હતી એમાં તો કશી શંકા જ નથી રહેતી; પણ હવે વિચારવાનું એ છે કે મહાવીરની પહેલાં

૧ ભગવતી [illegible]
૨. [illegible] ૩ ૧

પણ નિર્ગ્રંથ પરંપરા તપઃપ્રધાન હતી કે નહીં?

આ પ્રશ્નનો જવાબ આપણને 'હા' માં જ મળી રહે છે, કેમ કે ભગવાન મહાવીરે પાર્શ્વાપત્યિક નિર્ગ્રંથ પરંપરામાં જ દીક્ષા લીધી હતી અને દીક્ષાની શરૂઆતથી જ તેઓ તપસ્યા તરફ ઢળ્યા હતા. આ ઉપરથી આપણે એ જાણી શકીએ છીએ કે પાર્શ્વાપત્યિક પરંપરાનું તપ તરફનું વલણ હતું. ભગવાન પાર્શ્વનાથનું જે જીવન જૈન ગ્રંથોમાં મળે છે એને જોવાથી પણ આપણે એમ જ કહી શકીએ છીએ કે પાર્શ્વનાથની નિર્ગ્રંથ પરંપરા તપઃપ્રધાન હતી. ભગવાન મહાવીરે પોતાના જીવન દ્વારા એ પરંપરામાં શુદ્ધિ અને વિકાસનું તત્ત્વ ભલે દાખલ કર્યું હોય, પણ એમણે પહેલેથી ચાલી આવતી પાર્શ્વાપત્યિક નિર્ગ્રંથ પરંપરામાં તપોમાર્ગને નવેસરથી દાખલ નથી કર્યો. આની સાક્ષી આપણને બીજી રીતે પણ મળી રહે છે.

જ્યાં બુદ્ધે પોતાના શિષ્યો પાસે પોતાના પૂર્વજીવનનું વર્ણન કરતાં, અનેક પ્રકારની તપસ્યાઓની નિરર્થકતા[1] કહી બતાવી હતી ત્યાં એમણે નિર્ગ્રંથ તપસ્યાનો પણ ઉલ્લેખ કર્યો હતો. બુદ્ધે જ્ઞાતપુત્ર મહાવીરની પહેલાં જ જન્મ ધારણ કર્યો હતો અને ગૃહત્યાગ કરીને તપસ્વીમાર્ગનો સ્વીકાર કર્યો હતો. એ સમયમાં પ્રચલિત બીજા બીજા પંથોની જેમ બુદ્ધે નિર્ગ્રંથ પંથનો પણ થોડા વખત માટે સ્વીકાર કર્યો હતો અને પોતાના સમયમાં પ્રચલિત નિર્ગ્રંથ-તપસ્યાનું આચરણ પણ કર્યું હતું. તેથી બુદ્ધ જ્યારે પોતે પહેલાં કરેલી તપસ્યાનું વર્ણન કરે છે ત્યારે એમાં સ્પષ્ટ નિર્ગ્રંથ-તપસ્યાનું સ્વરૂપ પણ આવી જાય છે, કે જે અત્યારે જૈન ગ્રંથો અને જૈન પરંપરા સિવાય બીજે ક્યાંય જોવામાં નથી આવતું. મહાવીરે પહેલાં જે નિર્ગ્રંથ-તપસ્યાનું બુદ્ધે આચરણ કર્યું હતું એ તપસ્યા પાર્શ્વાપત્યિક નિર્ગ્રંથ પરંપરા સિવાય બીજી કોઈ નિર્ગ્રંથ પરંપરાની હોવાનો સંભવ નથી, કારણ કે મહાવીર તો હજી જન્મ્યા જ ન હતા,

1 મજ્ઝિમનિકાય સુ. ૨૬. ના ધર્માનંદ કોસંબીકૃત બુદ્ધચરિત (ગુજરાતી).

અને બુદ્ધના જન્મસ્થાન કપિલવસ્તુથી લઈને તે એમના સાધનાસ્થાન રાજગૃહી, ગયા, કાશી વગેરેમાં પાર્શ્વાપત્યિક નિર્ગ્રન્થ પરંપરાનું નિર્વિવાદ અસ્તિત્વ અને પ્રાધાન્ય હતું. જે સ્થાને બુદ્ધે સૌથી પહેલાં ધર્મચક્રપ્રવર્તન કર્યું એ સારનાથ પણ કાશીનો જ એક ભાગ છે અને એ કાશી તો પાર્શ્વનાથની જન્મભૂમિ તથા તપોભૂમિ હતી. સાધના વખતે બુદ્ધની સાથે જે બીજા પાંચ ભિક્ષુઓ હતા તેઓ બુદ્ધનો ત્યાગ કરીને સારનાથ—ઋષિપત્તનમાં જ રહીને તપસ્યા કરતા હતા. એ પાંચ ભિક્ષુઓ નિર્ગ્રન્થ પરંપરાના જ અનુયાયી હોય તો નવાઈ નથી. એ ગમે તેમ હોય, પણ બુદ્ધે નિર્ગ્રન્થ-તપસ્યાનું ભલે થોડા વખત માટે પણ, આચરણ કર્યું હતું એમાં કોઈ શક કરવાને સ્થાન નથી; અને એ તપસ્યા પાર્શ્વાપત્યિક નિર્ગ્રન્થ પરંપરાની જ હોઈ શકે. આથી આપણે એમ માની શકીએ છીએ કે જ્ઞાતપુત્ર મહાવીર પહેલાં પણ નિર્ગ્રન્થ પરંપરાનું સ્વરૂપ તપસ્યાપ્રધાન જ હતું.

ઉપરની ચર્ચા ઉપરથી નિર્ગ્રન્થ પરંપરાની તપસ્યા અંગે ઐતિહાસિક દૃષ્ટિએ એટલું પુરવાર થઈ શકે છે કે જો કદાચ પાર્શ્વનાથના વખતથી તે નિર્ગ્રન્થ પરંપરા તપ:પ્રધાન હતી; અને એના તપ વિશેના વલણને મહાવીરે વધારે વેગ આપ્યો હતો. અહીં આપણી સામે ઐતિહાસિક દૃષ્ટિએ બે પ્રશ્નો ઉપસ્થિત થાય છે. એક તો એ કે બુદ્ધે વારંવાર નિર્ગ્રન્થ-તપસ્યાઓનું ખંડન કર્યું છે એ કેટલે અંશે સાચું છે અને એના ખંડનનો આધાર શું છે? અને બીજો પ્રશ્ન એ કે મહાવીરે પહેલાંથી પ્રચલિત નિર્ગ્રન્થ-તપસ્યામાં વિશિષ્ટ તત્ત્વનો કોઈ [illegible] કર્યો હતો કે નહિ અને કર્યો હતો તો શો?

બુદ્ધે કરેલ ખંડનનો ખુલાસો

નિર્ગ્રન્થ-તપસ્યાનું ખંડન કરવાની પાછળ બુદ્ધની દૃષ્ટિ મુખ્યત્વે એવી જ હતી કે તપ એ કાયક્લેશ છે, દેહદમન છે. એનાથી દુઃખ સહન કરવાનો અભ્યાસ તો આગળ વધે છે પણ એનાથી કોઈ

તેમને પણ એમનું નિર્ગ્રંથ પરંપરાનું વાસ્તવિક વલણ ગમે તે હોય, પણ મનુષ્યસ્વભાવનું અવલોકન કરતાં, તથા જૈન ગ્રંથોમાં[1] આવતાં કેટલાક વર્ણનોને આધારે, આપણે એમ પણ કહી શકીએ કે બધા નિર્ગ્રંથ તપસ્વીઓ કંઈ એવા ન હતા કે જેઓ પોતાના તપ કે દેહદમનને કેવળ આધ્યાત્મિક શુદ્ધિમાં જ પરિણત કરતા હોય. આવી સ્થિતિમાં જો બુદ્ધ તથા એમના શિષ્યોએ નિર્ગ્રંથતપસ્યાનો ખંડન કર્યું હોય તો તે અમુક અંશે સાચું પણ કહી શકાય એમ છે.

ભગવાન મહાવીરે આપેલી વિશેષતા

ત્રીજા પ્રશ્નનો જવાબ આપણને જૈન આગમો માંથી જ મળી રહે છે. બુદ્ધની જેમ મહાવીર પણ કેવળ દેહદમનને જીવનનું ધ્યેય માનતા ન હતા; કારણ કે આવાં અનેક પ્રકારનાં દેહદમન કરનારાઓને તાપસ કે મિથ્યા તપ કરનારા કહ્યા છે.[2] તપસ્યાની બાબતમાં પણ પાર્શ્વનાથની દૃષ્ટિ માત્ર દેહદમન કે કાયક્લેશપ્રધાન નહીં પણ આધ્યાત્મિક શુદ્ધિના વલણવાળી હતી. પણ એમાં તો શંકા નથી કે નિર્ગ્રંથ પરંપરા પણ કાળના પ્રવાહમાં એકાંગિતાને અને માનવસ્વભાવની નિર્બળતાનો ભોગ બનીને, આજીવક આદિની પરંપરાની જેમ, મુખ્યત્વે દેહદમન તરફ ઢળી ગઈ હતી અને આધ્યાત્મિક ધ્યેય એક બાજુ રહી ગયું હતું. ભગવાન મહાવીરે જે કંઈ કર્યું તે આટલું જ કે પરંપરાથી ચાલ્યા આવતા એ સ્થૂલ તપનો સંબંધ આધ્યાત્મિક શુદ્ધિની સાથે અનિવાર્યપણે જોડી દીધો અને કહી દીધું કે ભલે અનશન, કાયક્લેશ, ઉપવાસ વગેરેથી શરીર અને ઇન્દ્રિયદમન, એ બધાં તપ હોય, પણ એ બાહ્ય તપ છે, આભ્યંતર તપ નહીં.[3] આભ્યંતર અને આધ્યાત્મિક તપ તો બીજું જ છે અને આ પ્રકૃતિ

૧. ઉત્તરાધ્યયન અ. ૧૨.
૨. ભગવતી ૩-૧ ૧૧
૩. ઉત્તરાધ્યયન અ. ૩

સાથે એને અનિવાર્ય સંબંધ છે અને એ ધ્યાન જ્ઞાન વગેરે રૂપ છે. મહાવીરે પાર્શ્વાપત્યિક નિર્ગ્રંથ પરંપરામાં ચાલ્યા આવતા બાહ્ય તપનો સ્વીકાર તો કર્યો, પણ જેવા ને તેવા રૂપમાં એનો સ્વીકાર ન કર્યો, બલ્કે કેટલેક અંશે પોતાના જીવન દ્વારા એમાં ઉગ્રતા લાવીને પણ એ દેહદમનનો સંબંધ આભ્યંતર તપની સાથે જોડી દીધો અને સાફસાફ કહી દીધું કે તપની પૂર્ણતા તો આધ્યાત્મિક શુદ્ધિની પ્રાપ્તિથી જ થઈ શકે છે. પોતાના આચરણથી પોતાના કથનને પુરસ્કાર કરીને મહાવીરે જ્યાં એક તરફ નિર્ગ્રંથ પરંપરામાં પહેલાંથી પ્રચલિત શુષ્ક દેહદમનમાં સુધારો કર્યો ત્યાં બીજી તરફ બીજા શ્રમણ પરંપરાઓમાં પ્રચલિત જુદી જુદી જાતનાં દેહદમનોને પણ અપૂર્ણ તપ કે મિથ્યા તપ તરીકે ઓળખાવ્યાં. તેથી એમ કહી શકાય કે તપોમાર્ગમાં મહાવીરનું વિશિષ્ટ અર્પણ છે અને તે એ કે કેવળ શરીર અને ઇન્દ્રિયોના દમનમાં સમાઈ જતા તપ શબ્દના અર્થને એમણે આધ્યાત્મિક શુદ્ધિના બધાય ઉપાયો સુધી વિસ્તૃત કર્યો. એટલા માટે જ જૈન આગમમાં ઠેર ઠેર આભ્યંતર અને બાહ્ય, એમ બન્ને પ્રકારનાં તપોનો નિર્દેશ સાથેસાથ મળે છે.

બુદ્ધને તપની પૂર્વપરંપરાનો ત્યાગ કરીને ધ્યાન-સમાધિની પરંપરા ઉપર જ વધારે ભાર આપવો હતો, જ્યારે મહાવીરને તપની પૂર્વપરંપરાનો ત્યાગ કર્યા સિવાય, પણ એની સાથે આધ્યાત્મિક શુદ્ધિનો સંબંધ જોડીને ધ્યાન-સમાધિના માર્ગ ઉપર ભાર આપવો હતો. આ જ તેમની પ્રવૃત્તિ અને પ્રરૂપણા વચ્ચે આ જ મુખ્ય અંતર છે. મહાવીરના અને એમના શિષ્યોના તપસ્વી-જીવનનો જે પ્રભાવ સમકાલીન જનતા ઉપર પડતો હતો એથી વિવશ બનીને બુદ્ધને પોતાના ભિક્ષુ સંઘમાં અનેક કડક નિયમો દાખલ કરવા પડ્યા જે બૌદ્ધ ગ્રંથ વિનય-પિટકને જોવાથી જાણી શકાય છે.[1] તેમ છતાં બુદ્ધે ક્યારેય બાહ્ય

૧. બૌદ્ધ સંઘનો પરિચય પૃ. ૨૨.

આધ્યાત્મિક સુખ કે ચિત્તશુદ્ધિ પ્રાપ્ત નથી થતી.[1] બુદ્ધની આ દૃષ્ટિને આપણે નિર્ગ્રંથ પરંપરાની દૃષ્ટિ સાથે સરખામણી કરીએ તો કહેવું પડે કે નિર્ગ્રંથ પરંપરાની દૃષ્ટિ અને બુદ્ધની દૃષ્ટિ વચ્ચે કોઈ તાત્ત્વિક ભેદ નથી. કારણ કે બુદ્ધ, મહાવીર અને એમનો ઉપદેશ પ્રગટ થયા સમયે નિર્ગ્રંથ પરંપરા પ્રચલિત, એ બન્ને એકમાત્ર એમ જ કહે છે[2] કે દેહદમન કે કાયક્લેશ ગમે તેવું ઉગ્ર કેમ ન હોય, પણ જો એનો ઉપયોગ આધ્યાત્મિક શુદ્ધિ અને ચિત્તક્લેશ નિવારણ માટે ન થાય તો એ દેહદમન અને કાયક્લેશ નકામો છે. આનો અર્થ તો એમ થયો કે નિર્ગ્રંથ પરંપરા પણ દેહદમન અને કાયક્લેશને ત્યારે જ સાર્થક માને છે કે જ્યાં લગી એનો સંબંધ આધ્યાત્મિક શુદ્ધિ સાથે હોય. તો પછી સહેજે સવાલ થાય છે કે બુદ્ધે એનું ખંડન કેમ કર્યું ? આનો ખુલાસો બુદ્ધના [illegible] તેમ જ એમના જ શબ્દોમાંથી મળી રહે છે. બુદ્ધે સાધના વિષે પરિવ્રાજક અને નિર્ગ્રંથ તપસ્વીઓ જેવું કર્યું. જ્યારે એમનો સાધના-કાળ દેહદમનથી સંતુષ્ટ ન થયો ત્યારે એમણે એને એક અન્તિમ-ગણીને એનો ત્યાગ કર્યો, અને ધ્યાનમાર્ગ — નૈતિક જીવન તથા પ્રજ્ઞા ઉપર જ વિશેષ ભાર આપ્યો. એમણે એ માર્ગ જ આધ્યાત્મિક સુખ પ્રાપ્ત થયું માન્યું અને એ તત્ત્વના આધારે પોતાનો નવો સંઘ સ્થાપ્યો.

નવો સંઘ સ્થાપનારને માટે એ જરૂરી બની પડે છે કે એ આચાર-વિચાર સંબંધી પોતાના નવા વલણને વધારેમાં વધારે લોકપ્રિય બનાવવા માટે યત્ન કરે અને પૂર્વકાલીન તેમ જ સમકાલીન અન્ય સંપ્રદાયોના મન્તવ્યોની આકરી સમાલોચના કરે. આમ કર્યા વગર કોઈ ન તો પોતાના નવા સંઘમાં અનુયાયીઓને મેળવી શકે છે કે ન તો ભગ્ન થયેલા અનુયાયીઓને ટકાવી શકે છે. બુદ્ધના નવા સંઘની સામે અનેક પરંપરાઓ મોજૂદ હતી કે જેમાં ઉપર નિર્ગ્રંથ

૧ મજ્ઝિમનિકાય સુ. ૧૪ અને કોસંબીકૃત બુદ્ધચરિત (ગુજરાતી).
૨ દશવૈકાલિક ૯. ૪ સૂત્ર ૧. ૨

પરંપરાનું વધારે [illegible] સામાન્ય લોકો સ્થૂલદર્શી—નજરે દેખાતું માનનારી—હોવાથી એ લોકો ઉગ્ર તપ અને દેહદમનો કરનાર તપસ્વીઓ પ્રત્યે સહેજે આકર્ષાય છે. આ એક સનાતન અનુભવ છે. એક તો પાર્શ્વાપત્યિક નિર્ગ્રંથ પરંપરાના અનુયાયીઓ [illegible] અને બીજું [illegible] અને એમના નિર્ગ્રંથ [illegible] તપ [illegible] સાધારણ લોકો [illegible] તપ [illegible] જ્યારે [illegible] ત્યારે આપ [illegible] પોતાના [illegible] અને [illegible] પોતાના [illegible] [illegible] એમના [illegible] [illegible] છે.

[illegible]

તપને પણ એવું નિર્ગ્રંથ પરંપરાનું તાત્ત્વિક દૃષ્ટિબિંદુ ભલે તે હોય, પણ ઉગ્રતપસ્યાનું અવલોકન કરતાં, તથા જૈન ગ્રંથોમાં[1] આવતાં કેટલાક વર્ણનોને આધારે, આપણે એમ પણ કહી શકીએ કે બધાય નિર્ગ્રંથ તપસ્વીઓ કંઈ એવા ન હતા કે જેઓ પોતાના તપ કે દેહદમનને કેવળ આધ્યાત્મિક શુદ્ધિમાં જ ચરિતાર્થ કરતા હોય. આવી સ્થિતિમાં જે બુદ્ધે તથા એમના શિષ્યોએ નિર્ગ્રંથ-તપસ્યાનું ખંડન કર્યું હોય તો તે આખુંય ખોટું પણ કહી શકાય એમ છે.

ભગવાન મહાવીરે આપેલી વિશેષતા

બીજા પ્રશ્નનો જવાબ આપણને જૈન આગમો માંથી જ મળી રહે છે. બુદ્ધની જેમ મહાવીર પણ કેવળ દેહદમનને જીવનનું ધ્યેય માનતા ન હતા; કારણ કે આવાં અનેક પ્રકારનાં દેહદમન કરનારા લોકોને તાપસ કે મિથ્યા તપ કરનારા કહ્યા છે.[2] તપસ્યાની બાબતમાં પણ પાર્શ્વનાથની દૃષ્ટિ માત્ર દેહદમન કે કાયક્લેશપ્રધાન નહીં પણ આધ્યાત્મિક શુદ્ધિના વલણવાળી હતી. પણ એમાં તો મુખ્ય શક નથી કે નિર્ગ્રંથ પરંપરા પણ, કાળના પ્રવાહમાં બીજી અનેક માનવસ્વભાવની નિર્બળતાનો ભોગ બનીને, આચારની મહત્તાની પરંપરાની જેમ, મુખ્યત્વે દેહદમન તરફ ઢળી ગઈ હતી અને આધ્યાત્મિક ધ્યેય એક બાજુ રહી ગયું હતું. ભગવાન મહાવીરે કર્યું શું? તે એવું જ કે પરંપરાથી ચાલ્યા આવતા એ સ્થૂળ તપનો સંબંધ આધ્યાત્મિક શુદ્ધિની સાથે અનિવાર્યપણે જોડી દીધો અને કહી દીધું કે ગમે તેટલા કાયક્લેશ, ઉપવાસ વગેરેથી શરીર અને ઇન્દ્રિયદમન, એ ભલે તપ હોય, પણ એ બાહ્ય તપ છે, આભ્યંતર તપ નહીં.[3] આભ્યંતર અને આધ્યાત્મિક તપ તો બીજું જ છે અને આત્મશુદ્ધિ

1 ઉત્તરાધ્યયન અ. ૧૯.
2 ભગવતી ૩. ૧. ૧૧
3 ઉત્તરાધ્યયન અ. [illegible]

સાથે એને અનિવાર્ય સંબંધ છે અને એ ધ્યાન, જ્ઞાન વગેરે રૂપ છે. મહાવીરે પાર્શ્વાપત્યિક નિર્ગ્રંથ પરંપરામાં ચાલ્યા આવતા બાહ્ય તપનો સ્વીકાર તો કર્યો, પણ તેને તેના રૂપમાં એનો સ્વીકાર ન કર્યો, બલ્કે કેટલેક અંશે પોતાના જીવન દ્વારા એમાં ઉગ્રતા લાવીને પણ એ દેહદમનનો સંબંધ આભ્યંતર તપની સાથે જોડી દીધો અને સાફસાફ કહી દીધું કે તપની પૂર્ણતા તો આધ્યાત્મિક શુદ્ધિની પ્રાપ્તિથી જ થઈ શકે છે. પોતાના આચરણથી પોતાના કથનને પુરવાર કરીને મહાવીરે એક બાજુ તરફ નિર્ગ્રંથ પરંપરામાં પહેલાંથી પ્રચલિત શુષ્ક દેહદમનમાં સુધારો કર્યો. ત્યાં બીજી તરફ બીજા મતના પરંપરામાં પ્રચલિત જાતજાતના દેહદમનને પણ અપૂર્ણ તપ કે મિથ્યા તપ કહીને અપનાવ્યાં નહીં. એમ કહી શકાય કે તપમાર્ગમાં મહાવીરનું વિશિષ્ટ અર્પણ છે અને તે એ કે તેમણે શરીર અને ઇંદ્રિયોના દમનમાં સમાયેલા તપને શક્તિના અર્પણ અને આધ્યાત્મિક શુદ્ધિના ઉપાય ગણી વિસ્તૃત કર્યા. આથી જ જૈન આગમમાં ઠેરઠેર આભ્યંતર અને બાહ્ય, એમ બન્ને પ્રકારના તપનો નિર્દેશ સાથોસાથ મળે છે.

તપને પણ નથી લીધો, પણ જ્યારે જ્યારે અવસર મળ્યો ત્યારે એમણે એનો ઉપહાસ જ કર્યો. સ્વ. ગુરુની આ શૈલીને ઉત્તરાધિકારી બૌદ્ધ સંઘોએ અપનાવી. પરિણામે, આજે આપણે એ જોઈએ છીએ કે જુદે જુદે દેશોમાં ફેલાયેલો વિશાળ બૌદ્ધ સંઘ આજે સુખાસ્વાદમાં ફેલાઈ ગયો છે, જ્યારે મહાવીરનું બાહ્ય તપપ્રધાન જૈન પરંપરા કેવળ દેહદમનમાં પરિણત થઈ ગયું. આ બન્ને દોષ સામુદાયિક પ્રકૃતિના સ્વાભાવિક દોષ છે, નહીં કે મૂળ પુરુષોના આદર્શના દોષ.

[[illegible] ભા. ૨, પૃ. [illegible]]

ભગવાન મહાવીરે તપની શોધ કંઈ નથી કરી, ન હતી; તપ તો એમને કુળ અને સમાજના વારસામાંથી જ મળ્યું હતું. એમની શોધ જો હોય તો તે એટલી જ કે એમણે તપને—ઘોરમાં ઘોર તપને—દેહદમનને અને કાયક્લેશને અપનાવવા છતાં તેમાં અંતર્દૃષ્ટિ ઉમેરી, એટલે કે બાહ્ય તપને અંતર્મુખ બનાવ્યું. પ્રસિદ્ધ દિગંબર તાર્કિક સમન્તભદ્રની ભાષામાં કહીએ તો ભગવાન મહાવીરે કષ્ટસ્વતર પણ આચર્યું, પરંતુ તે એવા ઉદ્દેશથી કે તે દ્વારા ધ્યાનમાં વધારે વૃદ્ધિ કરી શકાય, વધારે શુદ્ધ ઉજ્જ્વલ અને ધ્યાનનો અંતર્મુખ કેળવી શકાય. આ જ કારણથી જૈન તપ બે ભાગમાં વહેંચાઈ જાય છે: એક બાહ્ય અને બીજું આભ્યંતર. બાહ્ય તપમાં દેહને દમવાના બધા—જેટલા સંભવ હોય તેટલા નિયમો આવી જાય છે, જ્યારે આભ્યંતર તપમાં ધ્યાનપુષ્ટિના બધા જ આવશ્યક નિયમો આવી જાય છે. ભગવાન દીર્ઘતપસ્વી કહેવાયા તે માત્ર બાહ્ય તપના કારણે નહિ, પણ એ તપનો અંતર્જીવનમાં પણ ઉપયોગ કરવાને કારણે જ—એ વાત ભૂલવી ન જોઈએ.

તપનો વિકાસ

ભગવાન મહાવીરના જીવનક્રમમાંથી જે બીજો પરિચય રૂપે

આપણને વારસો મળ્યો છે તેમાં તપ પણ એક વસ્તુ છે. ભગવાન મહાવીરનાં આજ સુધીનાં ૨૫૦૦ વર્ષમાં જૈન સંઘે જેટલો તપનો અને તેના પ્રકારોનો જેટલો વિકાસ કર્યો છે તેટલો બીજા કોઈ સંપ્રદાયે ભાગ્યે જ કર્યો હશે. એ ૨૫૦૦ વર્ષના સાહિત્યમાંથી કેવળ તપ અને તેનાં વિધાનોને લગતું સાહિત્ય જુદું તારવવામાં આવે તો એક ખાસ્સો અભ્યાસયોગ્ય ભાગ જ થાય. જૈન તપ માત્ર ગ્રંથોમાં જ નથી રહ્યું, એ તો ચતુર્વિધ સંઘમાં જીવતા અને વહેતા વિવિધ તપના પ્રકારોનો એક પરિણામ છે. આજે પણ તપ આચરવામાં જૈનો એટલા અગ્રેસર છે કે બીજો કોઈ પણ ભારતમાં જૈનો કરતાં આગળ ભાગ્યે જ રહે. પણ જો તપની પરીક્ષા—ખાસ કરી ઉપવાસ-આયંબિલની પરીક્ષા—ગોઠવવામાં આવે તો આખા દેશમાં અને કદાચ આખી દુનિયામાં પહેલે નંબર આવનાર જૈન પુરુષ નહિ તો જરૂર સ્ત્રીઓ નીકળવાની જ એવી મારી ખાતરી છે. તપને લગતા ઉત્સવો ઉજમણાંઓ અને તેવા જ બીજા ઉત્તેજક પ્રકારો આજે પણ એટલા બધા વ્યાપક છે કે જૈન કુટુંબ—ખાસ કરીને જે બહેન—તપ કરી તેનું નાનુંમોટું ઉજમણું ન કર્યું હોય, તેને એક ગીત પોતાની ત્રુટિ સાલે છે. મુગલ સમ્રાટ અકબરનું આકર્ષણ કરનાર એક કઠોર તપસ્વિની જૈન બહેન જ હતી.

પરિષહ

તપને તો જૈન ન હોય તે પણ જાણે છે, પરંતુ પરિષહની બાબતમાં તેમ નથી. અજૈન માટે પરિષહ શબ્દ ભલે નવો હોય છે પરંતુ એનો અર્થ નવો નથી. ખરું જોતાં ભિક્ષુ અનગાર પોતાના ધ્યેયની સિદ્ધિ માટે જે જે સહન કરે તે પરિષહ. જૈન આગમોમાં બાવીસ પરિષહો ગણાવવામાં આવ્યા છે તે કર્મનિર્જરાના ઉદ્દેશથી જે બાર પ્રકારનું તપ સ્વીકારવામાં આવ્યું છે તે તો મુખ્ય કે ત્યાગી ધ્યાનને જ ઉદ્દેશીને, જ્યારે બાવીસ પરિષહો ગણાવવામાં આવ્યા છે

તે ત્યાગી જીવનને ઉદ્દેશીને જ તપ અને પરિષહ એ બે મુખ્ય દેખાય છે. એનો ભેદ પણ સૂક્ષ્મ છે. જ્યાં એકબીજાથી છૂટા ન પાડી શકાય એવા એ બે મુદ્દા છે.

વ્રતનિયમ અને ચારિત્ર એ બન્ને એક જ વસ્તુ નથી. એ જ રીતે જ્ઞાન એ પણ બન્નેથી જુદી વસ્તુ છે. આમ જ્યાં વ્રતનિયમ, ચારિત્ર અને જ્ઞાન એ ત્રણેનો યોગ એક વ્યક્તિના જીવનમાં શક્ય છે અને જો એ યોગ હોય તો જીવનનો વધારે ને વધારે વિકાસ સધાતો જાય છે. એટલું જ નહિ, પણ એવા યોગવાળા આત્માનો જ વધારે વ્યાપક પ્રભાવ બીજા ઉપર પડે છે. અથવા તો એમ કહો કે એવો જ માણસ બીજાઓને દોરી શકે છે. આ જ કારણથી ભગવાને તપ અને પરિષહોમાં એ ત્રણે તત્ત્વો સમાવ્યાં છે. તેમણે જોયું કે મનુષ્યનો જીવનપથ લાંબો છે, તેનું ધ્યેય અતિ દૂર છે. તે ધ્યેય જેટલું દૂર છે તેટલું જ ગહન છે અને તે ધ્યેયે પહોંચતાં વચ્ચે મોટી મુશ્કેલીઓ ઊભી થાય છે. એ માર્ગમાં આકસ્મિક અને અનાકસ્મિક બન્ને દુઃખનો મુકાબલો કરે છે એનો પૂર્ણ વિજય એકલા વ્રતનિયમથી, એકલા ચારિત્રથી કે એકલા જ્ઞાનથી શક્ય નથી. આ તત્ત્વ ભગવાને પોતાના જીવનમાં અનુભવ્યા બાદ જ એમણે તપ અને પરિષહોની એવી ગોઠવણી કરી કે તેમાં વ્રતનિયમ, ચારિત્ર અને જ્ઞાન એ ત્રણેનો સમાવેશ થઈ જાય. એ સમાવેશ એમણે પોતાના જીવનમાં શક્ય કરી બતાવ્યો.

બન્ને તત્ત્વ ક્રિયાયોગ અને જ્ઞાનયોગનો સુમેળ

મૂળમાં તો તપ અને પરિષહ એ ત્યાગી તેમ જ ગૃહસ્થજીવનમાંથી જ ઉત્પન્ન થયેલાં છે—ભલે એનો પ્રચાર અને પ્રભાવ તો એના સમાજ સુધી પણ પહોંચ્યો છે. આર્યાવર્તના ત્યાગજીવનનો ઉદ્દેશ આધ્યાત્મિક શાંતિ જ હતો. આધ્યાત્મિક શાંતિ એટલે ક્લેશોની અને વિકારોની શાંતિ. આર્ય ઋષિઓને મન ક્લેશોનો વિજય જ

સ્થાન વિરલ હતો. તેથી જ તો મહર્ષિ પતંજલિ તપનું એવું લક્ષણ કર્યું છે કે તપ ક્લેશોને નબળા પાડવા અને સમાધિના સંસ્કારો પુષ્ટ કરવા માટે છે. તપને પતંજલિ ક્રિયાયોગ કહે છે કારણ કે એ તપમાં યમનિયમોને જ મહત્ત્વ છે. તેથી પતંજલિને ક્રિયાયોગથી જુદો જ્ઞાનયોગ સ્વીકારવો પડ્યો છે. પરંતુ જૈન તપમાં તો ક્રિયાયોગ અને જ્ઞાનયોગ બન્ને આવી જાય છે. અને એ પણ સ્મરણમાં રાખવું જોઈએ કે બાહ્ય તપ, જે ક્રિયાયોગ જ છે તે આભ્યંતર તપ એટલે જ્ઞાનયોગની પુષ્ટિ માટે જ છે ને એ જ્ઞાનયોગની પુષ્ટિ દ્વારા જ જીવનના અંતિમ સાધ્યમાં ઉપયોગી છે, સ્વતંત્રપણે નહિ.

[દર્શન [illegible] ભા. ૧, પૃ. [illegible]-[illegible]]

૯

જૈન દૃષ્ટિએ બ્રહ્મચર્યવિચાર

જૈન દૃષ્ટિનું સ્પષ્ટીકરણ

માત્ર તત્ત્વજ્ઞાન કે માત્ર આચારમાં જૈન દૃષ્ટિ પૂર્ણ થતી નથી. એ તત્ત્વજ્ઞાન અને આચાર ઉભયની મર્યાદા સ્વીકારે છે. કોઈ પણ વસ્તુના (પછી તે જડ હોય કે ચેતન)—એની બધી બાજુઓનો—વાસ્તવિક સમન્વય કરવો એ અનેકાન્તવાદ જૈન તત્ત્વજ્ઞાનનો મૂળ પાયો છે અને રાગદ્વેષના નાનામોટા દરેક પ્રસંગોથી અલિપ્ત રહેવારૂપ નિવૃત્તિ એ સમગ્ર જૈન આચારનો મૂળ પાયો છે. અનેકાન્તવાદનું કેન્દ્ર મધ્યસ્થતામાં છે અને નિવૃત્તિ પણ મધ્યસ્થતામાંથી જ જન્મે છે. તેથી અનેકાન્તવાદ અને નિવૃત્તિ એ બન્ને એકબીજાનાં પૂરક અને પોષક છે. એ બન્ને તત્ત્વ જેટલે અંશે સમજાય અને જીવનમાં ઊતરે તેટલે અંશે જૈનધર્મનું જ્ઞાન અને પાલન થયું કહેવાય.

જૈનધર્મનું વલણ નિવૃત્તિ તરફ છે. નિવૃત્તિ એટલે પ્રવૃત્તિની વિરોધી બીજી બાજુ. પ્રવૃત્તિનો અર્થ રાગદ્વેષના પ્રસંગોમાં ઝંપલાવવું. જીવનમાં ગૃહસ્થાશ્રમ એ રાગદ્વેષના પ્રસંગોના વિધાનનું કેન્દ્ર છે. તેથી જે ધર્મોમાં ગૃહસ્થાશ્રમનું વિધાન કરવામાં આવ્યું છે તે પ્રવૃત્તિધર્મ અને જે ધર્મમાં ગૃહસ્થાશ્રમનું નહિ પણ માત્ર ત્યાગનું વિધાન છે તે નિવૃત્તિધર્મ. જૈનધર્મ એ નિવૃત્તિધર્મ હોવા છતાં તેના પાલન કરનારાઓમાં જે ગૃહસ્થાશ્રમનો વિભાગ દેખાય છે તે નિવૃત્તિની અપૂર્ણતાને

દીધી. સર્વાંશે નિવૃત્તિ મેળવવા અસમર્થ વ્યક્તિઓ જેટલે જેટલે અંશમાં નિવૃત્તિ સેવે તેટલેતેટલે અંશમાં તેઓ જૈન છે. જે અંશમાં નિવૃત્તિ સેવી ન શકે તે અંશમાં પોતાની પરિસ્થિતિ પ્રમાણે વિવેકદૃષ્ટિથી તેઓ પ્રવૃત્તિ યોજી લે, પણ એ પ્રવૃત્તિનું વિધાન જૈન શાસ્ત્ર નથી કરતું. તેનું વિધાન તો માત્ર નિવૃત્તિ છે. તેથી જૈનધર્મને વિધાનની દૃષ્ટિએ એકાંગી કહી શકાય. તે એકાંગ એટલે અસંગ અને સંન્યાસ આત્મબળ એકાંગસ્વરૂપ ત્યાગનો આગ્રહ.

આ જ કારણથી જૈનાચારના પાયારૂપ ગણાતાં અહિંસાદિ પાંચ મહાવ્રતો પણ વિરમણ(નિવૃત્તિ)રૂપ છે. ગૃહસ્થનાં અણુવ્રતો પણ વિરમણરૂપ છે; ફેર એટલો કે એકમાં સર્વાંશે નિવૃત્તિ છે અને બીજામાં અલ્પાંશે નિવૃત્તિ છે. તે નિવૃત્તિનું મુખ્ય કેન્દ્ર અહિંસા છે. હિંસાથી સર્વાંશે નિવૃત્ત થવામાં બીજાં બધાં વ્રતોનો આવી જાય છે. હિંસાના પ્રાણઘાતરૂપ અર્થ કરતાં જૈન શાસ્ત્રમાં તેનો અર્થ બહુ જ સૂક્ષ્મ અને વ્યાપક છે. બીજાને કોઈ જાતનું દુઃખ કે નહિ, પણ મલિન વૃત્તિમાત્રથી પોતાના આત્માની શુદ્ધતા હણાય તે પણ હિંસા. આવી હિંસામાં દરેક જાતની સૂક્ષ્મ કે સ્થૂલ પાપવૃત્તિ આવી જાય છે. અસત્યભાષણ, અદત્તાદાન (ચોરી), અબ્રહ્મ (મૈથુન અથવા વ્યભિચાર) કે પરિગ્રહ—એ બધાંની પાછળ કાં તો અજ્ઞાન અને કાં તો લોભ, ક્રોધ, કુતૂહલ કે ભયાદિ મલિન વૃત્તિઓ પ્રેરક હોય છે જ. તેથી અસત્યાદિ બધી પ્રવૃત્તિઓ હિંસાત્મક જ છે. એવી હિંસાથી નિવૃત્ત થવું એ જ અહિંસાનું પાલન; અને તેવા પાલનમાં સહેજે બીજાં બધાં નિવૃત્તિઓ પણ આવી જાય છે. જૈનધર્મ પ્રમાણે બાકીના બધા વિધિનિષેધો અહિંસાના માત્ર પોષક અંગો જ છે.

ચેતના અને પુરુષાર્થ એ આત્માનાં મુખ્ય અંશો છે. તે અંશોનો દુરુપયોગ અટકાવવામાં આવે તો જ તેમને સદુપયોગની દિશામાં વાળી શકાય. આ કારણથી જૈનધર્મ પ્રથમ તો દોષવિરમણ (નિષિદ્ધત્યાગ)

રૂપ ચીજનું વિધાન કરે છે પણ ચેતના અને પુરુષાર્થ એવાં નથી કે માત્ર અમુક ક્રિયામાં ન જવારૂપ નિવૃત્તિ માત્રથી નિષ્ક્રિય થઈ પડ્યાં રહે. તે તો પોતાના વિકાસની ભૂખ ભાંગવા ગતિની દિશા શોધ્યા જ કરે છે. આ કારણથી જૈનધર્મે નિવૃત્તિની સાથે જ શુદ્ધ પ્રવૃત્તિ (વિહિતઆચરણરૂપ ચારિત્ર)નાં વિધાનો પણ યોજ્યાં છે. તેણે કહ્યું છે કે મલિન વૃત્તિથી આત્માનો ઘાત ન થવા દેવો અને તેના રક્ષણમાં જ (સ્વભાવમાં જ) બુદ્ધિ અને પુરુષાર્થનો ઉપયોગ કરવો. પ્રવૃત્તિનાં એ વિધાનમાંથી જ સત્યભાષણ, બ્રહ્મચર્ય, સંતોષ આદિ વિધિમાર્ગો જન્મે છે. આટલા વિવેચન ઉપરથી એ જણાશે કે જૈન દૃષ્ટિ પ્રમાણે કામાચારથી નિવૃત્તિ મેળવવી એ અહિંસાનો માત્ર એક અંશ છે અને તે અંશનું પાલન થતાં જ તેમાંથી બ્રહ્મચર્યનો વિધિભાગ નીકળી આવે છે. કામાચારથી નિવૃત્તિ એ બીજ છે અને બ્રહ્મચર્ય એ તેનું પરિણામ છે.

ભગવાન મહાવીરનો ઉદ્દેશ ઉપર કહેલા નિવૃત્તિધર્મનો પ્રચાર છે તેથી તેમના ઉપદેશમાં જાતિનિર્માણ, સમાજસંગઠન, આશ્રમવ્યવસ્થા આદિને સ્થાન નથી. ગૃહસ્થાશ્રમની ચાલુ ભૂમિકામાંથી જેમ જે અધિકારી પોતાની શક્તિ પ્રમાણે નિવૃત્તિ લે અને કેળવે, તેમ જ તે દ્વારા મોક્ષ સાધે એ એક જ ઉદ્દેશથી ભગવાન મહાવીરના વિધિનિષેધો છે. તેથી તેમાં ગૃહસ્થાશ્રમનો કે લગ્નસંસ્થાનો વિધિ ન જ હોય એ સ્વાભાવિક છે. લગ્નસંસ્થાનું વિધાન ન હોવાથી તેને લગતી ભાવનાઓનાં વિધાનો પણ જૈનાગમોમાં નથી.

કેટલાક પ્રશ્નો

જૈન સંસ્થા એ મુખ્યપણે ત્યાગીઓની સંસ્થા હોવાથી અને તેમાં બ્રહ્મચર્યના પ્રમાણમાં ત્યાગ કરનાર વ્યક્તિઓનું મુખ્ય સ્થાન હોવાથી બ્રહ્મચર્યને લગતી પુષ્કળ માહિતી મળી આવે છે. આ સ્થળે બ્રહ્મચર્યને લગતા કેટલાક મુદ્દાઓ તપાસી તે ઉપર જૈન શાસ્ત્રોના આધારે કંઈક

બ્રહ્મચારી. આ બીજો અપવાદ જ મત—નિયમો સ્વીકારવામાં આવ્યો છે અને તેથી જ્યારે કોઈ મુમુક્ષુ [illegible] કરી ભિક્ષુ ધર્મ [illegible] સ્ત્રી સંબંધિ ત્યાગ સ્વીકારે, ત્યારે બ્રહ્મચર્યનો નિયમ અહિંસાના નિયમથી જુદો પાડીને [illegible] કેવામાં આવે છે.[1]

૧ અધિકારી અને વિશિષ્ટ સ્ત્રીપુરુષો

જ સ્ત્રી કે પુરુષ વચ્ચે ભેદ રાખ્યા સિવાય બન્નેને એકસરખી રીતે બ્રહ્મચર્ય માટે અધિકારી માનવામાં આવ્યાં છે. તે ઉંમર, દેશ, કાળ વગેરેનો કોઈ પ્રતિબંધ મૂકવામાં આવ્યો નથી. આ માટે સ્મૃતિઓમાં જુદે જુદે [illegible] જ્યાં ઉલ્લેખો છે તેમાં આ સમાન અધિકારનો અસ્વીકાર કરેલો છે. બ્રહ્મચર્ય માટે જૈનોનું આગમ સ્ત્રી અને પુરુષ બન્નેને એકસરખી રીતે પ્રેરણા કરી રહ્યું છે. એ બાબતમાં જૈન શાસ્ત્ર અને બૌદ્ધ શાસ્ત્રનો મત એક છે. આ જ કારણથી વિશુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરનારી અનેક સ્ત્રીઓમાંથી કેટલીક સ્ત્રીઓ મહાસતી તરીકે જૈન ધર્મમાં જાણીતી છે અને પ્રાતઃકાળમાં આબાલવૃદ્ધ દરેક જૈન કેટલાક વિશિષ્ટ બ્રહ્મચારી પુરુષોનાં નામોની સાથે એ મહાસતીઓનાં નામોનો પણ પાઠ કરે છે અને તેમના [illegible] માન છે.

આ કેટલાક બ્રહ્મચારીઓ અને બ્રહ્મચારિણીઓ બ્રહ્મચર્ય [illegible] વિવિધ પ્રકારના [illegible] છે. [illegible] પ્રયત્નો બ્રહ્મચર્યમાં અદ્ભુત સ્થિરતા બતાવનાર સ્ત્રીપુરુષો છે. આ [illegible] માત્ર ત્યાગી ભિક્ષુઓ જ નહિ, પણ ગૃહસ્થાશ્રમમાં [illegible] પણ આવે છે. [illegible] ભિક્ષુ [illegible] બ્રહ્મચર્યની [illegible] કરી [illegible] સ્વીકારે છે. [illegible] મુનિએ [illegible]

૧. અહિંસા તથા બ્રહ્મચર્યના [illegible] માટે જુઓ [illegible]

જેમ / કેમુ આર્દ્રકુમાર નામનો રાજપુત્ર અનાર્યદેશનો [illegible] ગ્રહસ્થાશ્રમ તરફ વળે છે અને ફરીથી મુનિ થઈ [illegible] છે અને આ બન્ને મુનિઓ પાછા મેરુ જેવા બ્રહ્મચર્યમાં સ્થિર થાય છે આથી ભિન્ન ભગવાન મહાવીરના પટ્ટધર શિષ્ય શ્રી સુધર્મા ગુરુ પાસેથી વર્તમાન જૈનાગમોને ઝીલનાર તરીકે પ્રસિદ્ધ થયેલ શ્રી જંબૂ નામક વૈશ્યકુમાર પરણ્યાને દિવસે / પરણેલી આઠ સ્ત્રીઓને, તેઓનું [illegible] ત્યાં ઊભીને તરુણામાં / સહસા બ્રહ્મચર્ય સ્વીકારે છે અને એ અદ્ભુત અને [illegible] પ્રતિજ્ઞા વડે આઠે નવપરિણીત બાળાઓને પોતાના માર્ગ [illegible] છે [illegible] નામક વેશ્યાના પ્રલોભક હાવભાવો અને [illegible] તેમ / તેને / ઘેર ચોમાસું રહ્યા [illegible] ની [illegible] પુત્ર [illegible] પોતાના બ્રહ્મચર્યને [illegible] [illegible] નહિ અને [illegible] એ [illegible] પાછી [illegible] બનાવી.

[illegible] નીચે કોઈમાં સ્થાન પામેલ [illegible] [illegible] સ્ત્રી [illegible] કોશાના આવાસમાં પોતાની [illegible] બ્રહ્મચર્ય [illegible] રહ્યા છે [illegible] ધાર્મિક ઉપદેશ [illegible] અને [illegible] બ્રહ્મચર્ય સ્વીકારી પોતાના અનુયાયી બનાવી [illegible] ધાર્મિક [illegible] પણ [illegible] છે

[illegible] નેમિનાથે નારીના [illegible] / નામની અને [illegible] રાજકુમારી રાજીમતીએ ગિરનારની ગુફામાં [illegible] પોતાના સૌન્દર્યને [illegible] અને [illegible] ધાર્મિક ઉપદેશ આપ્યો છે અને [illegible] માટે [illegible] મુખ્ય [illegible] અને [illegible] [illegible] સ્થળોમાં [illegible] નામના [illegible] છે તે

સાંભળતાં અને વાંચતાં આજે પણ આગમના અભ્યાસીઓને આશ્ચર્ય પેદા કરે છે.

આવશ્યકનિર્યુક્તિ આદિમાં એવી પણ કથા છે જેમાં પોતાને ત્યાં આવેલા અને અજાણ્યા મનના મહેમાનની સ્ત્રીલંપટતા જોઈ પુરુષાર્થને તે વિશ્રામ આપી સ્થિર કર્યાની વાત નોંધાઈ છે. તે પણ પુરુષને એક વાર કામ આપે તેવી અને શીલવિષ્ઠ ગૌરવ વધારે તેવી છે.

પણ આ કથાઓમાં સૌથી ચડે તેવો પ્રસંગ વિજય શેઠ અને વિજયા શેઠાણીનો છે. એ બન્ને દંપતી પરણ્યાં ત્યારથી જ એકશય્યાશાયી છતાં પોતપોતાની, શુક્લ અને કૃષ્ણ પક્ષમાં અનુક્રમે પાળવાની પ્રથમ લીધેલ જુદીજુદી પ્રતિજ્ઞા પ્રમાણે એમાં પ્રસન્નતાપૂર્વક આખી જિંદગી અખંડ રહ્યાં અને દંપતીને માટે સ્મરણીય બની ગયાં. એ દંપતીની કથા પ્રથમ કચ્છી અને પછી ગુજરાતી સાહિત્યમાં આવેલ જોઈ, [illegible] અલૌકિક ઘટનાને યાદ કરાવે છે. આવાં અનેક આખ્યાનો જૈન સાહિત્યમાં નોંધાયેલાં છે. એમાં અધ્યાત્મથી ચલિત થતા પુરુષને સ્ત્રી દ્વારા સ્થિર કરવાના ત્યાં એકલદોકલ ઘટનાઓ છે, તેવા અનેકવિધ ઘટનાઓ ચલિત થતી સ્ત્રીને પુરુષ દ્વારા સ્થિર કરવાના નથી, અપવાદ તદ્દન વિરલ છે.

૩ બ્રહ્મચર્યના જુદા પદનો ઇતિહાસ

જૈન પરંપરામાં ચાર અને પાંચ યામોના (મહાવ્રતોના) અનેક ઉલ્લેખો મળે છે. સૂત્રમાં આવેલાં ઉલ્લેખો[1] ઉપરથી સમજાય છે કે ભગવાન પાર્શ્વનાથની પરંપરામાં ચાર યામો (મહાવ્રતો) નો પ્રચાર હતો, અને મહાવીર ભગવાને તેમાં એક યામ (મહાવ્રત) વધારી પંચયામિક

૧ જુઓ ભગવતી [illegible] પૃ ૧૮૦ વગેરે
૨ સ્થાનાંગસૂત્ર ૪ ૧ ૮

પ્રભાવે જ શરીરસ્વાસ્થ્ય, સમાજબળ આદિ ઉદ્દેશો ખરા મોક્ષલક્ષી આદર્શ બ્રહ્મચર્યમાંથી સ્વતઃ સિદ્ધ થઈ જાય છે.

બ્રહ્મચર્યને સંપૂર્ણપણે સિદ્ધ કરવા બે માર્ગો નક્કી કરવામાં આવ્યા છે. પહેલો ક્રિયામાર્ગ અને બીજો જ્ઞાનમાર્ગ. ક્રિયામાર્ગ વિરોધી કામસંસ્કારને ઉત્તેજિત થતો અટકાવી તેના સ્થૂલ વિકારવિષને બ્રહ્મચર્યજીવનમાં પ્રવેશવા નથી દેતો, અર્થાત્ તેની નિષેધબાજુ સિદ્ધ કરે છે; પણ તેનાથી કામસંસ્કાર નિર્મૂળ થતો નથી. જ્ઞાનમાર્ગ એ કામસંસ્કારને નિર્મૂળ કરી બ્રહ્મચર્યને સર્વથા અને સર્વદા સ્વાભાવિક જેવું કરી મૂકે છે, અર્થાત્ તેની વિધિબાજુ સિદ્ધ કરે છે. જૈન પરિભાષામાં કહીએ તો ક્રિયામાર્ગથી બ્રહ્મચર્ય ઔપશમિકભાવે સિદ્ધ થાય છે અને જ્ઞાનમાર્ગથી ક્ષાયિકભાવે સિદ્ધ થાય છે. ક્રિયામાર્ગનું કામ જ્ઞાનમાર્ગની ભૂમિકા તૈયાર કરવાનું હોવાથી તે માર્ગ વસ્તુતઃ અપૂર્ણ છતાં પણ બહુ ઉપયોગી મનાયો છે અને દરેક સાધક માટે પ્રથમ આવશ્યક હોવાથી તેના ઉપર જૈન શાસ્ત્રમાં બહુ ભાર મૂકવામાં આવ્યો છે. એ ક્રિયામાર્ગમાં બાહ્ય નિયમોનો સમાવેશ થાય છે. એ નિયમોનું નામ ગુપ્તિ છે. ગુપ્તિ એટલે રક્ષાનું સાધન, અર્થાત્ વાડ. એવી ગુપ્તિઓ નવ ગણાવવામાં આવી છે. એક વધુ નિયમ એ ગુપ્તિઓમાં ઉમેરી એમને બ્રહ્મચર્યના દશ સમાધિસ્થાનક તરીકે વર્ણવવામાં આવ્યાં છે.

ક્રિયામાર્ગમાં આવતાં દશ સમાધિસ્થાનોનું વર્ણન ઉત્તરાધ્યયન સૂત્રના સોળમા અધ્યયનમાં બહુ માર્મિક રીતે કરવામાં આવ્યું છે. તેનો સાર આ પ્રમાણે છે:

(૧) સ્ત્રી કે પશુ—ગાય, બકરી, ઘેટી વગેરે પશુના અને નપુંસકના સંસર્ગવાળાં શયન, આસન અને રહેઠાણ વગેરેનો ઉપયોગ ન કરવો.

(૨) એકલા એકલી સ્ત્રીઓની સાથે સંભાષણ ન કરવું. માત્ર સ્ત્રીઓને કથાવાર્તા વગેરે ન કહેવી અને સ્ત્રીકથા ન કરવી એટલે કે

૫. બ્રહ્મચર્યના સ્વરૂપની વિવિધતા અને તેની વ્યાપ્તિ

ઉપર આપેલી બીજી વ્યાખ્યા પ્રમાણે કામસંગના ત્યાગરૂપ બ્રહ્મચર્યનો જે અર્થ સાધારણ લોક સમજે છે તે કરતાં ઘણો વ્યાપક અને ઊંડો અર્થ જૈન શાસ્ત્રોમાં લેવાય છે. જ્યારે કોઈ વ્યક્તિ જૈનધર્મની મુનિદીક્ષા લે છે ત્યારે તે વ્યક્તિ વડે લેવાતી પાંચ પ્રતિજ્ઞાઓમાં ચોથી પ્રતિજ્ઞારૂપે એવા ભાવના બ્રહ્મચર્યનો સ્વીકાર કરવામાં આવે છે. એ પ્રતિજ્ઞા આ પ્રમાણે છે : 'હે પૂજ્ય ગુરો! હું સર્વ મૈથુનનો પરિત્યાગ કરું છું, અર્થાત્ દૈવી, માનુષી કે તૈર્યંચ (પશુપક્ષી સંબંધી) કોઈ પણ જાતના મૈથુનને હું મનથી, વાણીથી અને શરીરથી, જીવનપર્યંત નહિ સેવું. તેમ જ મનથી વચનથી અને શરીરથી ત્રણ પ્રકારે બીજા પાસે જીવનપર્યંત સેવરાવીશ નહિ અને બીજો કોઈ મૈથુન સેવતો હશે તો તેમાં હું એ જ ત્રણ પ્રકારે જીવનપર્યંત અનુમતિ પણ નહિ આપું.'

આ મુનિદીક્ષામાં સ્થાન પામેલ ઉપર વર્ણવેલું નવ પ્રકારનું બ્રહ્મચર્ય બીજી વ્યાખ્યા પ્રમાણેના બ્રહ્મચર્યનું અંતિમ અને સંપૂર્ણ રૂપ છે. જોકે એ જ પ્રકારના બ્રહ્મચર્યને દરેક પાળે એવો દુરાગ્રહ કે નિયમ જૈન આચાર્યોએ નથી રાખ્યો. પૂર્ણ શક્તિ ધરાવનાર વ્યક્તિ હોય તો બ્રહ્મચર્યનો સંપૂર્ણ આદર્શ ઉપસ્થિત કરે અને અલ્પશક્તિ અને અલ્પભાવનાવાળો હોય તો પૂર્ણ આદર્શને નજર બહાર ન થવા પામે એવા સ્પષ્ટ ઉદ્દેશથી, શક્તિ અને ભાવનાની ન્યૂનાધિકતાને ધ્યાનમાં રાખી જૈન આચાર્યોએ અપૂર્ણ બ્રહ્મચર્ય પણ ઉપદેશ્યું છે. જેમ સંપૂર્ણતામાં ભેદને અવકાશ નથી તેમ અપૂર્ણતામાં અભેદનો સંભવ જ નથી. તેથી અપૂર્ણ બ્રહ્મચર્યના અનેક પ્રકારો થઈ જાય અને તેને લીધે તેના અધિકારીઓની પ્રતિજ્ઞાઓ પણ જુદી જુદી હોય તે સ્વાભાવિક છે. આવા અપૂર્ણ બ્રહ્મચર્યના ગૃહસ્થોપયોગી પ્રકારો જૈન શાસ્ત્રોમાં કલ્પેલા છે અને અધિકારી

તેમાંથી પોતાની શક્તિ પ્રમાણે નિયમ સ્વીકારે છે. મુનિદીક્ષાના સંપૂર્ણ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લેવા અસમર્થ અને છતાં તેવી પ્રતિજ્ઞાના આદર્શને પસંદ કરી તે દિશામાં પ્રગતિ કરવા ઇચ્છનાર ઉમેદવાર ગૃહસ્થો પોતપોતાની શક્તિ અને રુચિ પ્રમાણે એ ઓગણપચાસ પ્રકારોમાંથી કોઈ ને કોઈ જાતના બ્રહ્મચર્યનો નિયમ લઈ શકે તેવી વિવિધ પ્રતિજ્ઞાઓ જૈન શાસ્ત્રો પૂરી પાડે છે. આ રીતે વાસ્તવિક અને આદર્શ બ્રહ્મચર્યમાં ભેદ ન હોવા છતાં વ્યાવહારિક જીવનની દૃષ્ટિએ તેના સ્વરૂપની વિવિધતા જૈન શાસ્ત્રોમાં બહુ વિસ્તારપૂર્વક વર્ણવવામાં આવી છે.

સર્વબ્રહ્મચર્ય તે નવે પ્રકારનું બ્રહ્મચર્ય અને દેશબ્રહ્મચર્ય તે આંશિક બ્રહ્મચર્ય. તેનું વધારે સ્વરૂપ આ પ્રમાણે છે. મન વચન અને શરીર એ પ્રત્યેક દ્વારા સેવવું, સેવરાવવું અને સેવનની અનુમતિ આપવી એ નવે કોટીથી સર્વબ્રહ્મચારીને કામાચારનો ત્યાગ હોય છે. સાધુ કે સાધ્વી તો સંસારનો ત્યાગ કરતાં જ એ નવે કોટીના પૂર્ણ બ્રહ્મચર્યનો નિયમ લે છે અને ગૃહસ્થ પણ તેનો અધિકારી થઈ શકે છે. પૂર્ણ બ્રહ્મચર્યની એ નવે કોટી ઉપરાંત એ પ્રત્યેક કોટીને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મર્યાદા પણ છે. એ દરેક મર્યાદા ક્રમશઃ આ પ્રમાણે છે. કોઈ પણ સજીવ કે નિર્જીવ આકૃતિઓ સાથે નવે કોટીથી કામાચારનો નિરોધ એ દ્રવ્યમર્યાદા. ઉપરના લોક, નીચેના લોક અને તિરછા લોક એ ત્રણેમાં નવે કોટીએ કામાચારનો ત્યાગ એ ક્ષેત્રમર્યાદા. દિવસે, રાત્રે કે એ સમયના કોઈ ભાગમાં એ જ નવે કોટીથી કામાચારનો નિરોધ એ કાળમર્યાદા. અને રાગ કે દ્વેષથી એટલે માયા લોભ દ્વેષ કે અહંકારના આવેશથી કામાચારનો નવે કોટીથી ત્યાગ એ ભાવમર્યાદા. આંશિક બ્રહ્મચર્યનો અધિકારી ગૃહસ્થ જ હોય છે. એને પોતાના કુટુંબ ઉપરાંત સામાજિક જવાબદારી હોય છે અને પશુપક્ષીના પાલનની પણ ચિંતા હોય છે. એટલે એને વિવાહ કરવા-કરાવવાના પ્રસંગો અને પશુ પક્ષીને સમાધાન કરાવવાના પ્રસંગો આવ્યા જ કરે છે. આ કારણથી ગૃહસ્થ

એ નવે પ્રકારનું અસત્ય અનુ ત્રિવિધ રીતે પાળી શકે છે. આગળ જે નવ પ્રકારો બતાવ્યા છે તેમાંથી મન વચન અને શરીરથી અનુમતિ આપવાના ત્રણ પ્રકારો એને નથી હોતા; અર્થાત્ એનું ઉત્તમ અસત્ય ત્યાગની છ પ્રકારે લીધેલું હોય છે. શ્રાવક અણુવ્રત લેવાની આ છ પદ્ધતિઓ છે

(૧) દ્વિવિધ ત્રિવિધ, (૨) દ્વિવિધ દ્વિવિધ, (૩) દ્વિવિધ એકવિધ, તથા (૪) એકવિધ ત્રિવિધ (૫) એકવિધ દ્વિવિધ, (૬) એકવિધ એકવિધ. આમાંના કોઈ એક પ્રકારને ગૃહસ્થ પોતાની શક્તિ પ્રમાણે અસત્ય માટે સ્વીકારે છે. દ્વિવિધ એટલે કરવું અને કરાવવું એ અપેક્ષાએ અને ત્રિવિધ એટલે મન, વચન અને શરીરથી. અર્થાત્ મનથી કરવા-કરાવવાનો ત્યાગ, વચનથી કરવા-કરાવવાનો ત્યાગ અને શરીરથી કરવા-કરાવવાનો ત્યાગ. એ પ્રથમ પદ્ધતિ છે. આ જ રીતે બધી પદ્ધતિઓ લેવાની છે.

૧ બ્રહ્મચર્યના અતિચારો

કોઈ પણ પ્રતિજ્ઞાને બગાડનાં ચાર દૂષણો હોય છે. તેમાં લૌકિક દૃષ્ટિથી દૂષિતપણાનું તારતમ્ય માનવામાં આવે છે. એ ચારે પ્રતિજ્ઞાના ઘાતક તો છે જ પણ વ્યવહાર તો પ્રતિજ્ઞાના દેશ ઘાતને જ ભંગ માને છે. એ ચારનાં નામ અને સ્વરૂપ આ પ્રમાણે છે

(૧) પ્રતિજ્ઞાનો અતિક્રમ કરવો એટલે પ્રતિજ્ઞાના ભંગનો માનસિક સંકલ્પ કરવો.

(૨) પ્રતિજ્ઞાનો વ્યતિક્રમ કરવો એટલે એ સંકલ્પની સફળતા સાધનોના એકત્રીકરણની યોજના કરવી. આ બન્ને દૂષણરૂપ હોવા છતાં વ્યવહાર એ બન્નેને ક્ષમ્ય ગણે છે. અર્થાત્ મનુષ્યની અપૂર્ણ ભૂમિકા અને તેથી આત્મબળનું વાતાવરણ જોતાં એ બન્ને દોષો ક્ષમ્ય લેખાય ખરા.

(૩) પણ જે પ્રાણિને જીવ વ્યવહારમાં પણ લીધેલી પ્રતિજ્ઞાનો ભંગ થાય, અથવા જે પ્રાણિ વડે અનુચિત વર્તન વ્યવહારથી ઇતર મનુષ્ય તે પ્રાણિને લાભ આપવામાં આવી છે એવી પ્રાણિનું નામ અતિચાર થાય છે અને એ ચોથો દોષ ગણાય છે

(૪) અનાચાર એટલે પ્રતિજ્ઞાનો સર્વથા નાશ એમ જણાય છે

શાસ્ત્રમાં કહ્યું છે કે ગૃહસ્થના શીલના પાંચ અતિચાર (૧) ઇત્વરપરિગૃહીતાગમન, (૨) અપરિગૃહીતાગમન, (૩) અનંગક્રીડા (૪) પરવિવાહકરણ, (૫) કામભોગમાં તીવ્ર અભિલાષ.

આ પાંચ પ્રકારની પ્રવૃત્તિ આચરવાથી જે મનુષ્ય શીલને દૂષિત કરે છે કોઈ પણ પ્રકાર આચરવાથી પ્રયોગ થાય છે તેમ એ ઉપરથી આ પણ પ્રાણિ કરી પણ નહિ આવે

૭ બ્રહ્મચર્યની નિયમાવલી

વાસ્તવમાં એવો સંભવ જ નથી; એવો પ્રસંગ તો રાગ, મોહ કે દ્વેષ જ આધીન છે. વળી, એવો અબ્રહ્મચારનો પ્રસંગ કોઈના આધ્યાત્મિક હિતને માટે પણ સંભવી નથી શકતો. આથી જ કારણની અપેક્ષા વગરનું નિરપવાદ વિધાન કરવામાં આવ્યું છે અને એ માટે દંડ ભારેમાં ભારે પણ બતાવવામાં આવ્યો છે. બ્રહ્મચર્યના ભંગ અંગે કરવાનું પ્રાયશ્ચિત્ત તો આકરું છે જ, તેમાં પણ જે જેટલે ઊંચે દરજ્જે બ્રહ્મચર્યની વિરાધના કરે છે તેને તેના દરજ્જા પ્રમાણે તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ પ્રાયશ્ચિત્ત કહેલાં છે. જેમ કે, કોઈ સાધારણ ક્ષુલ્લક સાધુ અજ્ઞાન અને મોહને વશ થઈ બ્રહ્મચર્યની વિરાધના કરે તો તેનું પ્રાયશ્ચિત્ત એના ક્ષુલ્લક અધિકાર પ્રમાણે ઓછું છે અને ગીતાર્થ (સિદ્ધાંતો જાણનારો અને સંપન્ન) આચાર્ય જાણી બૂઝ કરે તો તેનું પ્રાયશ્ચિત્ત પેલા ક્ષુલ્લક સાધુ કરતાં અનેકગણું વધારે કહેલું છે. લોકમાં પણ આ જ ન્યાય પ્રસિદ્ધ છે. કોઈ તદ્દન સામાન્ય માણસ જાણી બૂઝ કરે તો સમાજ એ દિશે બહુ બેદરકાર જેવો રહે છે પણ કોઈ કુલીન અને આગળ પડતો માણસ આ પ્રસંગે અને સાધારણ પણ ભૂલ કરે તો સમાજ તેને કદાપિ સાંખી લેતો નથી.[1]

[બૃહત્ ભા૦ ૧ ગૂ ૨૦૭ ૫૧૬, ૫૧૭–૫૨૧ ૫૨૪–૫૨૬, ૫૩૩, ૫૩૪]

૧ આ લેખના સહયોગી શ્રી મિત્રાનંદ લેખક પણ છે.

જનના હિસ્સે આવશ્યક ક્રિયા કરવા માટે ધર્મસ્થાનોમાં ભેગા થઈ જ જાય છે અને એ ક્રિયાને કરવામાં જ પોતાનું અહોભાગ્ય માને છે. આના ઉપરથી એટલું તો સ્પષ્ટ રૂપે જણાઈ આવે છે કે શ્વેતાંબર સમાજમાં આવશ્યક ક્રિયાનું મહત્ત્વ કેટલું બધું છે. આ કારણને લીધે જ બધા પોતાની સંતતિને ધાર્મિક શિક્ષણ આપતી વખતે સૌથી પહેલાં આવશ્યક ક્રિયાનો અભ્યાસ કરાવે છે.

આવશ્યક ક્રિયા એટલે શું? સામાયિક વગેરે પ્રત્યેક આવશ્યકનું સ્વરૂપ શું છે? એમનો ક્રમ સકારણ કેવી રીતે થઈ શકે? આવશ્યક ક્રિયાને આધ્યાત્મિક કેમ ગણવામાં આવે છે? વગેરે પ્રશ્નોનો વિચાર કરવો જરૂરી છે.

આવશ્યક ક્રિયાની પ્રાચીન વિધિ કયાં સચવાઈ રહી છે?

પરંતુ આ પ્રશ્નોનો વિચાર કરીએ તે પહેલાં અહીં એક વાત જણાવી દેવી જરૂરી છે કે આવશ્યક ક્રિયાની જે વિધિ ચૂર્ણિના સમય કરતાં પણ ઘણી પ્રાચીન છે અને જેનો ઉલ્લેખ શ્રીહરિભદ્રસૂરિ જેવા પ્રતિષ્ઠિત આચાર્યે પોતાની આવશ્યકવૃત્તિ (પૃ. ૭૯૦)માં કર્યો છે, એ વિધિ પ્રમાણે આજે કોઈ પણ જાતના ફેરફાર વગર, જેવી તેવી શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયમાં ચાલી આવે છે એવી સ્થાનકવાસી સંપ્રદાયમાં નથી. આ વાત તપાગચ્છ ખરતરગચ્છ વગેરે ગચ્છોની સામાચારી જોવાથી સ્પષ્ટ જણાઈ આવે છે. સ્થાનકવાસી સંપ્રદાયની સામાચારીમાં જે રીતે આવશ્યક ક્રિયામાં બોલાતાં કેટલાંક પ્રાચીન સૂત્રો—જેવાં કે, પુક્ખરવરદીવડ્ઢે, સિદ્ધાણં બુદ્ધાણં, અરિહંતચેઇયાણં, આયરિયઉવજ્ઝાએ, અબ્ભુટ્ઠિઓ વગેરે સૂત્રો—ઓછાં કરવામાં આવ્યાં છે એવી જ રીતે એમાં પ્રાચીન વિધિમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. આથી ઊલટું, તપાગચ્છ ખરતરગચ્છ વગેરેની સામાચારીમાં આવશ્યકનાં પ્રાચીન સૂત્રો તથા એની પ્રાચીન વિધિમાં કોઈ ફેરફાર કર્યો જોવામાં નથી આવતો અર્થાત્ સામાયિક

આવશ્યક થી લઈને–એટલે કે પ્રતિક્રમણની સ્થાપનાથી શરૂ કરીને–તે પ્રત્યાખ્યાન–પચ્ચક્ખાણ સુધીનાં છએ આવશ્યકનાં સૂત્રોનો તથા અર્થ વિધિ કરવાનો ક્રમ મોટે ભાગે એ જ છે જેનો ઉલ્લેખ શ્રીહરિભદ્ર-સૂરિએ કર્યો છે

આવશ્યક ક્રિયા એટલે શું ?

જે ક્રિયા અવશ્ય કરવા જેવી હોય એને જ આવશ્યક કહેવામાં આવે છે આવશ્યક ક્રિયા બધાને માટે એક નથી, એ અધિકારભેદે જુદી જુદી છે તેથી આવશ્યક ક્રિયા નુ સ્વરૂપ જાણવા પહેલાં એ જણાવવુ જરૂરી છે કે અહીં કેવા પ્રકારના અધિકારીઓના આવશ્યક કર્મ નો વિચાર થાય છે?

સામાન્ય રીતે શરીરધારી પ્રાણીઓના બે વિભાગ છે (૧) બહિર્દૃષ્ટિ અને (૨) અન્તર્દૃષ્ટિ જેઓ અન્તર્દૃષ્ટિ છે—જેમની દૃષ્ટિ આત્મા તરફ ઢળેલી છે અર્થાત્ જેઓ સહજ સુખને પ્રગટ કરવાનો વિચાર તથા પ્રયત્ન કરી રહ્યા છે—એમનાં જ આવશ્યક કર્મ નો અહીં વિચાર કરવાનો છે આ કથન ઉપરથી એ નિશ્ચિત થાય છે કે જેઓ જડ વસ્તુઓમાં પોતાની જાતને ભૂલી નથી ગયા—જેમની દૃષ્ટિને કોઈ પણ જડ વસ્તુનું સૌંદર્ય લોભાવી નથી શક્યું—એમનુ 'આવશ્યક કર્મ' એ જ હોઈ શકે કે જેને લઈને એમનો આત્મા સહજ સુખનો અનુભવ કરી શકે અન્તર્દૃષ્ટિ ધરાવતા આત્માઓના સમ્યક્ત્વ, ચેતના, ચારિત્ર વગેરે ગુણ વ્યક્ત હોય ત્યારે જ તેઓ સહજ સુખનો અનુભવ કરી શકે છે તેથી જે ક્રિયાઓ સમ્યક્ત્વ વગેરે ગુણોના વિકાસમાં સહાયક થાય એ ક્રિયાઓને જ તેઓ આવશ્યક કર્મ સમજે છે. એટલે અહીં ટૂંકામાં આવશ્યક ની વ્યાખ્યા એટલી જ સમજવી કે જે ક્રિયા જ્ઞાનાદિ ગુણોને પ્રગટ કરવા માટે અવશ્ય કરવા જેવી હોય એ જ આવશ્યક

આવું આવશ્યક જ્ઞાન અને ક્રિયા ઉભય પરિણામરૂપ—અર્થાત્

અવશ્યકર્તવ્ય કરવામાં આવતી ક્રિયા—છે. આ જ ક્રમ આવશ્યકને ઉપયોગપૂર્વક કરવાનું હોવાથી એ આવશ્યક પણ કહેવાય છે. વૈદિક દર્શનમાં આવશ્યક ગણવામાં આવતાં કર્મો માટે નિત્યકર્મ શબ્દ પ્રસિદ્ધ છે. જૈન દર્શનમાં આવશ્યક અર્થમાં ધ્રુવ, નિગ્રહ, વિશોધિ, અધ્યયનષટ્કવર્ગ, ન્યાય, આરાધના, માર્ગ વગેરે અનેક શબ્દો એવા છે કે જે આવશ્યક શબ્દના સમાનાર્થક—પર્યાય છે.[1]

● આવશ્યકનું સ્વરૂપ

સ્થૂલ દૃષ્ટિએ આવશ્યક ક્રિયા આ છ ભેદ કરવામાં આવ્યા છે: (૧) સામાયિક (૨) ચતુર્વિંશતિસ્તવ, (૩) વંદન, (૪) પ્રતિક્રમણ, (૫) કાયોત્સર્ગ અને (૬) પ્રત્યાખ્યાન.

(૧) સામાયિક—રાગ અને દ્વેષને તાબે ન થતાં સમભાવ-મધ્યસ્થ ભાવમાં-રહેવું અર્થાત્ બધાની સાથે આત્મતુલ્ય વ્યવહાર કરવો એ સામાયિક કહેવાય છે.[2] એના (૧) સમ્યક્ત્વસામાયિક, (૨) શ્રુતસામાયિક અને (૩) ચારિત્રસામાયિક એ ત્રણ ભેદ છે, કારણ કે સમ્યક્ત્વથી, શ્રુતથી કે ચારિત્રથી જ સમભાવમાં સ્થિર થવાય છે. અધિકારીના ભેદે ચારિત્રસામાયિકના પણ બે ભેદ છે (૧) દેશચારિત્ર અને (૨) સર્વચારિત્ર. દેશચારિત્ર-સામાયિક ગૃહસ્થોને અને સર્વચારિત્ર-સામાયિક સાધુઓને હોય છે.[3] સમતા, સમ્યક્ત્વ, શાંતિ, સુવિહિત વગેરે શબ્દો સામાયિકના પર્યાય છે.[4]

(૨) ચતુર્વિંશતિસ્તવ—જેઓ સર્વગુણસંપન્ન આદર્શરૂપ છે તે ચોવીસ તીર્થંકરોની સ્તુતિરૂપ છે. આના (૧) દ્રવ્ય (૨) ભાવ, એ બે ભેદ છે. પુષ્પ વગેરે સાત્ત્વિક વસ્તુઓ દ્વારા તીર્થંકરોની પૂજા કરવી,

૧. આવશ્યકવૃત્તિ પૃ. ૫૩.
૨. આવશ્યકનિર્યુક્તિ ગા. ૧૦૩૨.
૩. આવ૦ નિર્યુક્તિ ગા૦ ૭૯૬
૪. વિશે૦ ગા. ૧૦૩૩.

એ દ્રવ્યસ્તવ છે અને એમના વાસ્તવિક ગુણોનું કીર્તન કરવું એ ભાવસ્તવ છે[1] અધિકારીવિશેષ ગૃહસ્થને માટે દ્રવ્યસ્તવ કેટલું લાભકારક છે તે આવશ્યક નિર્યુક્તિ (પૃ ૪૯૨–૪૯૩) માં બતાવ્યું છે.

(૩) વંદન—પૂજ્યો પ્રત્યે બહુમાન દર્શાવતી મન, વચન, કાયાની પ્રવૃત્તિ, એ વંદન છે. શાસ્ત્રોમાં વંદનના ચિતિકર્મ કૃતિકર્મ પૂજાકર્મ વગેરે પર્યાયો બતાવ્યા છે.[2] વંદનના યથાર્થ સ્વરૂપને જાણવા માટે વંદ્ય કેવા હોવા જોઈએ? એ કેટલા પ્રકારના છે? અવંદ્ય કોણ કોણ છે? અવંદ્યને વંદન કરવામાં શો દોષ છે? વંદન કરતી વેળાએ કયા કયા દોષો દૂર કરવા જોઈએ? વગેરે બાબતો જાણવા જેવી છે

દ્રવ્યચારિત્ર અને ભાવચારિત્ર, એ બન્ને પ્રકારના ચારિત્રધારી મુનિઓ વંદ્ય છે.[3] વંદનને પાત્ર મુનિઓ (૧) આચાર્ય (૨) ઉપાધ્યાય, (૩) પ્રવર્તક (૪) સ્થવિર અને (૫) રત્નાધિક—એટલે કે પોતાથી અધિક સમ્યગ્જ્ઞાનાદિગુણયુક્ત મુનિ, એમ પાંચ પ્રકારના છે.[4] જેઓમાં દ્રવ્યલિંગ કે ભાવલિંગ, એમાંનું એક પણ ન હોય તે અવંદ્ય છે. કોણ વંદનીય અને કોણ અવંદનીય, એ સંબંધમાં સિક્કાની ચતુર્ભંગી જાણીતી છે. ચાંદી શુદ્ધ હોય પણ ઉપરની છાપ બરાબર ન હોય તો એવા સિક્કાને કોઈ લેતું નથી. એ જ રીતે જેઓ ભાવલિંગ તો ધરાવે છે પણ દ્રવ્યલિંગ વગરના છે તે પ્રત્યેકબુદ્ધ વગેરેને વંદન કરવામાં નથી આવતું. જે સિક્કા ઉપર છાપ તો બરાબર છાપી હોય, પણ ચાંદી અશુદ્ધ હોય તો એ સિક્કાનો પણ સ્વીકાર થતો નથી. એ પ્રમાણે દ્રવ્યલિંગધારી હોવા છતાં જેઓ ભાવલિંગ વગરના હોય તે

૧ આવશ્યક વૃત્તિ પૃ ૪૯૨
૨ આવશ્યક નિર્યુક્તિ ગા ૧૧ ૩
૩ આવશ્યક નિર્યુક્તિ ગા ૧૧ ૧
૪ એજન ગા ૧૧ ૯

પાર્શ્વસ્થ-પાસત્થા વગેરે પાંચ પ્રકારના કુસાધુઓ અવંદનીય છે. જે સિક્કામાં ચાંદી અને છાપ બન્ને બરાબર ન હોય એને પણ ગ્રાહ્ય નથી. એ પ્રમાણે જેઓ દ્રવ્ય અને ભાવ બન્ને લિંગથી રહિત છે તેઓ વંદનીય નથી. વંદનને યોગ્ય તો ફક્ત તેઓ જ છે જેઓ શુદ્ધ ચાંદી અને શુદ્ધ છાપવાળા સિક્કાની જેમ દ્રવ્ય અને ભાવ બન્ને પ્રકારનાં લિંગના ધારક હોય.[1]

જે વંદન કરવાને યોગ્ય ન હોય એને વંદન કરવાથી વંદન કરનારને ન તો કર્મની નિર્જરા થાય છે કે ન તો કીર્તિ મળે છે; ઊલટું અસંયમ વગેરે દોષોની અનુમોદના કરવાથી કર્મબંધ થાય છે.[2] અવંદ્યને વંદન કરવાથી કેવળ વંદન કરનારને જ દોષ લાગે છે એમ નથી, કિંતુ ગુણી પુરુષો પાસે પોતાનું વંદન કરાવવારૂપ અસંયમની વૃદ્ધિ કરવાથી અવંદનીય આત્માનો પણ અધઃપાત થાય છે.[3] વંદન બત્રીસ દોષોથી રહિત હોવું જોઈએ. અનાદૃત વગેરે બત્રીસ દોષ આવશ્યકનિર્યુક્તિની ૧૨૦૭-૧૨૧૧ ગાથાઓમાં વર્ણવ્યા છે.

(૪) પ્રતિક્રમણ—પ્રમાદને કારણે શુભ યોગથી નીચે પડીને અશુભ યોગ પ્રાપ્ત કરી લીધા પછી ફરીવાર શુભ યોગને પ્રાપ્ત કરવો એનું નામ પ્રતિક્રમણ છે. તેમ જ અશુભ યોગનો ત્યાગ કરીને ઉત્તરોત્તર શુભ યોગમાં પ્રવૃત્ત થવું એ પણ પ્રતિક્રમણ છે.[4] પ્રતિચરણા, પરિહરણા, વારણા, નિવૃત્તિ, નિંદા, ગર્હા અને શુદ્ધિ—આ બધાં પ્રતિક્રમણના પર્યાય છે.[5] આ શબ્દોનો ભાવાર્થ સમજાવવા માટે દરેક શબ્દની વ્યાખ્યા કરતાં એક એક દૃષ્ટાંત આપેલ છે. જેનું મનો-

1 આવશ્યકનિર્યુક્તિ ગા૦ ૧૧૩૮
2. એજન ગા૦ ૧૧૦૮
3. એજન ગા ૧૧૧
4 આવશ્યકવૃત્તિ પૃ ૫૫૩.
5 આવશ્યકનિર્યુક્તિ ગા૦ ૧૨૩૩.

રહ્યા છે.[1] પ્રતિક્રમણનો અર્થ છે પાછા ફરવું: એક સ્થિતિમાં જઈને ફરી પાછી મૂળ સ્થિતિને પ્રાપ્ત કરી લેવી એ પ્રતિક્રમણ છે.

પ્રતિક્રમણના (૧) દૈવસિક (૨) રાત્રિક (૩) પાક્ષિક (૪) ચાતુર્માસિક અને (૫) સાંવત્સરિક—એ પાંચ ભેદ બહુ પ્રાચીન અને શાસ્ત્રસંમત છે કારણ કે એનો ઉલ્લેખ શ્રી ભદ્રબાહુસ્વામીએ પણ કર્યો છે.[2] કાળભેદે ત્રણ પ્રકારનું પ્રતિક્રમણ પણ કહ્યું છે (૧) ભૂતકાળમાં લાગેલા દોષોની આલોચના કરવી (૨) સંવર કરીને વર્તમાનકાળના દોષોથી બચવું અને (૩) પચ્ચક્ખાણ કરીને ભવિષ્યકાળના દોષોને રોકવા એ પણ પ્રતિક્રમણ છે.[3]

ઉત્તરોત્તર આત્માના વધુ ને વધુ શુદ્ધ સ્વરૂપમાં રહેવાની ભાવનાવાળા અધિકારીઓએ એ પણ જાણવું જોઈએ કે પ્રતિક્રમણ કેનું કેનું કરવું જોઈએ?

(૧) મિથ્યાત્વ, (૨) અવિરતિ, (૩) કષાય અને (૪) અપ્રશસ્ત યોગ, એ ચારનું પ્રતિક્રમણ કરવું જોઈએ. અર્થાત્ મિથ્યાત્વનો ત્યાગ કરીને સમ્યક્ત્વ મેળવવું જોઈએ, અવિરતિનો ત્યાગ કરીને વિરતિનો સ્વીકાર કરવો જોઈએ, કષાયોને દૂર કરીને ક્ષમા વગેરે ગુણો પ્રાપ્ત કરવા જોઈએ, અને સંસારની વૃદ્ધિ કરનાર મન-વચન-કાયાની પ્રવૃત્તિ તજીને આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરવી જોઈએ.

સામાન્ય રીતે પ્રતિક્રમણ (૧) દ્રવ્ય અને (૨) ભાવ, એવા બે પ્રકારનું છે. ભાવપ્રતિક્રમણ ઉપાદેય છે, દ્રવ્ય પ્રતિક્રમણ નહીં. દ્રવ્યપ્રતિક્રમણ એ છે જે દેખાવ માટે કરવામાં આવે છે. દોષોનું પ્રતિક્રમણ કર્યા પછી પણ, ફરી એ દોષનું વારંવાર સેવન કરવું, એ દ્રવ્યપ્રતિક્રમણ છે. આથી આત્મા શુદ્ધ થવાને બદલે ધૃષ્ટતાને લીધે દોષોનું વધારે પોષણ થાય છે. આવા દ્રવ્યપ્રતિક્રમણ માટે, કાંકરા મારી

૧. આવશ્યકનિર્યુક્તિ ગા. ૧૨૪૨.
૨. એજન ગા. ૧૨૪૭.
૩. આવશ્યકવૃત્તિ પૃ. ૫૫૨.

ભરીને કુશાસ્ત્રનાં વાક્યોને વારંવાર રટી નાખીને કામ ચલાવ
સુલભ સાધુ દર્શન નથી છે.

(૫) કાયોત્સર્ગ—ધર્મ કે શુક્લ ધ્યાનને માટે એકાગ્ર થઈ શરીર ઉપરની મમતાનો ત્યાગ કરવો તે કાયોત્સર્ગ—કાઉસગ્ગ. કાયોત્સર્ગ બરાબર કરી શકાય તે માટે એના દોષોનો ત્યાગ કરવો જોઈએ. એ ઘોટક વગેરે દોષો સંક્ષેપમાં ઓગણીસ છે.[1]

કાયોત્સર્ગથી દેહની અને બુદ્ધિની જડતા દૂર થાય છે એટલે કે વાત વગેરે ધાતુઓની વિષમતા દૂર થાય છે. અને બુદ્ધિની મંદતા દૂર થવાથી વિચારશક્તિનો વિકાસ થાય છે. કાયોત્સર્ગથી સુખ-દુઃખ તિતિક્ષા—એટલે કે અનુકૂળ અને પ્રતિકૂળ બન્ને પ્રસંગ સમભાવપૂર્વક સહન કરવાની શક્તિ પ્રગટે છે. ભાવના અને ધ્યાનનો અભ્યાસ કાયોત્સર્ગથી પુષ્ટ થાય છે. અતિચારનું ચિંતન પણ કાયોત્સર્ગમાં સારી રીતે થઈ શકે છે. આ રીતે જોતાં કાયોત્સર્ગ એ બહુ મહત્ત્વની ક્રિયા છે. કાયોત્સર્ગ દરમ્યાન લેવાના શ્વાસોચ્છ્વાસનું પ્રમાણ એક શ્લોકના એક પાદના ઉચ્ચારણના પ્રમાણ જેટલું કહેવામાં આવે છે.

(૬) પ્રત્યાખ્યાન—ત્યાગ કરવાને પ્રત્યાખ્યાન—પચ્ચક્ખાણ કહે છે. એ બહારની વસ્તુઓનો ત્યાગ કરવાનો હોય છે: (૧) દ્રવ્ય અને (૨) ભાવ. અન્ન, વસ્ત્ર વગેરે બાહ્ય વસ્તુઓ દ્રવ્યરૂપ છે અને અજ્ઞાન, અસંયમ વગેરે વૈભાવિક—પુદ્ગલજન્ય આત્મપરિણામ ભાવરૂપ છે. અન્ન, વસ્ત્ર વગેરે બાહ્ય વસ્તુઓનો ત્યાગ અજ્ઞાન, અસંયમ આદિનો ત્યાગ દ્વારા ભાવત્યાગપૂર્વક અને ભાવત્યાગના ધ્યેયથી જ થવો જોઈએ. જે દ્રવ્યત્યાગ ભાવત્યાગપૂર્વક તથા ભાવત્યાગને માટે નથી કરવામાં આવતો તેથી આત્માને કશી પ્રાપ્તિ નથી થતી.

એ પ્રત્યાખ્યાન (૧) શ્રદ્ધા (૨) જ્ઞાન (૩) વંદન (૪) અનુભાષણ, (૫) અનુપાલન અને (૬) ભાવ—આ છ શુદ્ધિઓ સાથે

૧ આવશ્યકનિર્યુક્તિ ગા૦ ૧૫૪૬ વગ

આદિને કુશળનાં સ્થાનકોને વારંવાર જોઈ નાખીને ક્ષમા માંગવા રૂપ સાથેનું પ્રતિક્રમણ આવશ્યક છે.

(૫) કાયોત્સર્ગ—ધર્મ કે શુક્લ ધ્યાનને માટે એકાગ્ર થઈ શરીર ઉપરની મમતાનો ત્યાગ કરવો, તે કાયોત્સર્ગ —કાઉસ્સગ્ગ. કાયોત્સર્ગ બરાબર કરી શકાય તે માટે એના દોષોનો ત્યાગ કરવો જોઈએ. એ ઘોટક વગેરે દોષો સંક્ષેપમાં ઓગણીસ છે.[1]

કાયોત્સર્ગથી દેહની અને બુદ્ધિની જડતા દૂર થાય છે અર્થાત્ વાત વગેરે ધાતુઓની વિષમતા દૂર થાય છે અને બુદ્ધિની મંદતા દૂર થવાથી વિચારશક્તિનો વિકાસ થાય છે. કાયોત્સર્ગથી સુખદુઃખ તિતિક્ષા—એટલે કે અનુકૂળ અને પ્રતિકૂળ બન્ને પ્રસંગમાં સમભાવ રાખવાની શક્તિ પ્રગટે છે. ભાવના અને ધ્યાનનો અભ્યાસ કાયોત્સર્ગથી પુષ્ટ થાય છે. અતિચારનું ચિંતન પણ કાયોત્સર્ગમાં સારી રીતે થઈ શકે છે. આ રીતે જોતાં કાયોત્સર્ગ એ બહુ મહત્ત્વની ક્રિયા છે. કાયોત્સર્ગ દરમ્યાન લેવાતા શ્વાસોચ્છ્વાસનું પ્રમાણ શ્લોકના એક ચરણના ઉચ્ચારણના પ્રમાણ જેટલું કહેવામાં આવે છે.

(૬) પ્રત્યાખ્યાન—ત્યાગ કરવાને પ્રત્યાખ્યાન —પચ્ચક્ખાણ કહે છે. એ બન્નેની વસ્તુઓનો ત્યાગ કરવાનો હોય છે (૧) દ્રવ્ય અને (૨) ભાવ. અન્ન, વસ્ત્ર વગેરે બાહ્ય વસ્તુઓ દ્રવ્યરૂપ છે અને અજ્ઞાન, અસંયમ વગેરે વૈભાવિક—પુદ્ગલજન્ય આત્મપરિણામ ભાવરૂપ છે. અન્ન, વસ્ત્ર વગેરે બાહ્ય વસ્તુઓનો ત્યાગ અજ્ઞાન, અસંયમ આદિનો ત્યાગ કરીને શ્રદ્ધાપૂર્વક અને ભાવત્યાગના ધ્યેયથી જ થવો જોઈએ. જે દ્રવ્યત્યાગ ભાવત્યાગપૂર્વક તથા ભાવત્યાગને માટે નથી કરવામાં આવતો તેથી આત્માને ગુણની પ્રાપ્તિ નથી થતી.

એ પચ્ચક્ખાણ (૧) શ્રદ્ધા, (૨) જ્ઞાન (૩) વંદન (૪) અનુરૂપ પાલન, (૫) અનુરૂપ ભાષણ અને (૬) ભાવ—આ ૬ શુદ્ધિઓ સાથે

૧ આવશ્યકનિર્યુક્તિ ગા. ૧૫૪૬-૪૭

પ્રવર્તન કરી દેવાનો છે. જેથી આત્મા દોષમુક્ત થઈને ધીમે ધીમે પોતાના શુદ્ધ સ્વરૂપમાં અવસ્થિત થઈ જાય. આથી જ પ્રતિક્રમણની ક્રિયા આધ્યાત્મિક છે. કાયોત્સર્ગથી ચિત્ત એકાગ્ર થાય છે અને આત્માને પોતાના સ્વરૂપનો વિચાર કરવાનો અવસર મળે છે. જેથી આત્મા ભયમુક્ત બનીને પોતાના ધ્યેયમાં સુદૃઢ સાધનાને પ્રાપ્ત કરી શકે છે. આ કારણે જ કાયોત્સર્ગની ક્રિયા પણ આધ્યાત્મિક ક્રિયા છે. દુનિયામાં જે કંઈ છે એ બધું ન તો ભોગવી શકાય છે કે ન તો ભોગવવાને યોગ્ય છે અને વાસ્તવિક શાંતિ તો ખર બબરના ભોગો ભોગવીને તો પણ મળી શકતી નથી. તેથી પ્રત્યાખ્યાન-ક્રિયા દ્વારા મુમુક્ષુઓ પોતાની તૃષ્ણાને નિરર્થક ભોગોથી હટાવી લે છે અને એમ કરીને ચિરસ્થાયી આત્મશાંતિ મેળવે છે. તેથી પ્રત્યાખ્યાનની ક્રિયા પણ આધ્યાત્મિક જ છે.

પ્રતિક્રમણ શબ્દનો રૂઢ અર્થ

પ્રતિક્રમણ શબ્દની વ્યુત્પત્તિ પ્રતિ + ક્રમણ = પ્રતિક્રમણ એ પ્રમાણે છે. આ વ્યુત્પત્તિ પ્રમાણે એનો અર્થ પાછા ફરવું એટલો જ થાય છે. પણ રૂઢિને લીધે પ્રતિક્રમણ શબ્દ ફક્ત ચોથા આવશ્યકનો તેમ જ છયે આવશ્યકોના સમુદાયનો સૂચક બની ગયો છે. છયે આવશ્યકોના સૂચક તરીકે એ શબ્દની પ્રસિદ્ધિ એટલી બધી થઈ ગઈ છે કે આજકાલ આવશ્યક શબ્દનો પ્રયોગ કરવાને બદલે સૌ કોઈ છયે આવશ્યકોને માટે પ્રતિક્રમણ શબ્દનો ઉપયોગ કરે છે. આ રીતે વ્યવહારમાં અને અર્વાચીન ગ્રંથોમાં 'પ્રતિક્રમણ' શબ્દ 'આવશ્યક' શબ્દના પર્યાય બની ગયો છે. પ્રાચીન ગ્રંથોમાં સામાન્ય 'આવશ્યક'ના અર્થમાં 'પ્રતિક્રમણ' શબ્દનો પ્રયોગ ક્યાંય જોવામાં નથી આવતો. 'પ્રતિક્રમણહેતુગર્ભ', 'પ્રતિક્રમણવિધિ', 'ધર્મસંગ્રહ' વગેરે અર્વાચીન ગ્રંથોમાં 'પ્રતિક્રમણ' શબ્દ સામાન્ય 'આવશ્યક'ના અર્થમાં વપરાયો છે અને સાધારણ જન સમાજમાં સામાન્ય 'આવશ્યક'ના અર્થમાં 'પ્રતિક્રમણ' શબ્દનો એટલો ઉપયોગ થતો હોય એમ દેખાય છે.

(જ્ઞો પ ભા ૧ પૃ ૧૭ ૧૮)

૧૧

જીવ અને પંચ પરમેષ્ઠી

પરમેષ્ઠીનો અર્થ

પ્રશ્ન : પરમેષ્ઠી કોને કહે છે?

ઉત્તર : જે જીવો પરમ અર્થાત્ ઉત્કૃષ્ટ સ્વરૂપમાં–સમભાવમાં સ્થિર, એટલે અવસ્થિત છે તેઓ જ પરમેષ્ઠી કહેવાય છે.

પ્રશ્ન : પરમેષ્ઠી અને એમનાથી જુદા જીવો વચ્ચે શો ફેર છે?

ઉત્તર : ફેર આધ્યાત્મિક વિકાસના હોવા અને ન હોવાનો છે. જેઓએ આધ્યાત્મિક વિકાસ સાધ્યો છે અને નિર્મળ આત્મશક્તિ મેળવી છે તે પરમેષ્ઠી મનાય છે. અને જેઓની આત્મશક્તિમાં મેલ છે તે એમનાથી જુદા છે.

પ્રશ્ન : જેઓ અત્યારે પરમેષ્ઠી નથી, શું તેઓ પણ સાધના દ્વારા આત્માને નિર્મળ કરીને એવા થઈ શકે છે?

ઉત્તર : જરૂર.

પ્રશ્ન : તો પછી જેઓ પરમેષ્ઠી નથી અને જેઓ પરમેષ્ઠી બન્યા છે એ બન્ને વચ્ચે શક્તિની અપેક્ષાએ શો ફરક સમજવો?

ઉત્તર : કંઈ નહીં. ફરક ફક્ત શક્તિઓના પ્રકટ થવા અને નહીં થવાનો છે. એકમાં આત્મશક્તિઓનું વિશુદ્ધ સ્વરૂપ પ્રકટ થયું છે, બીજામાં એ પ્રકટ થયું નથી.

જીવ સંબંધી કેટલીક વિચારણા

જીવનું સામાન્ય લક્ષણ

પ્રશ્ન : જો મૂળમાં બધા જીવો સમાન જ છે તો એ બધાનું સામાન્ય સ્વરૂપ (લક્ષણ) શું છે?

ઉત્તર : રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગેરે પૌદ્‌ગલિક ગુણોનો અભાવ અને ચેતનાનું અસ્તિત્વ, એ બધા જીવોનું સામાન્ય લક્ષણ છે.

પ્રશ્ન : આ લક્ષણ તો અતીન્દ્રિય છે તો પછી એનાથી જીવની ઓળખ કેવી રીતે થઈ શકે?

ઉત્તર : નિશ્ચયદૃષ્ટિએ જીવ અતીન્દ્રિય છે, તેથી એનું લક્ષણ અતીન્દ્રિય જ હોવું જોઈએ.

પ્રશ્ન : જીવ તો આંખ વગેરે ઇન્દ્રિયોથી જાણી શકાય છે તો પછી એ અતીન્દ્રિય કેવી રીતે?

ઉત્તર : શુદ્ધ રૂપ અર્થાત્ સ્વભાવની અપેક્ષાએ જીવ અતીન્દ્રિય છે; અશુદ્ધ રૂપ અર્થાત્ વિભાવ-પૌદ્‌ગલિક ભાવ-ની અપેક્ષાએ એ ઇન્દ્રિયગમ્ય છે. અમૂર્તપણું, રૂપ રસ વગેરેનો અભાવ અને ચેતનાશક્તિ એ જીવનો સ્વભાવ છે અને ક્રોધ, આકાર, સુખ, દુઃખ, રાગ દ્વેષ વગેરે જીવના વિભાવ અર્થાત્ કર્મજન્ય પર્યાય છે. સ્વભાવ પુદ્‌ગલનિરપેક્ષ હોવાને લીધે અતીન્દ્રિય છે અને વિભાવ પુદ્‌ગલસાપેક્ષ હોવાથી ઇન્દ્રિયગ્રાહ્ય છે. તેથી સ્વાભાવિક લક્ષણની અપેક્ષાએ જીવને અતીન્દ્રિય માનવો જોઈએ.

પ્રશ્ન : જો વિભાવનો સંબંધ જીવ સાથે છે તો એને આધારે પણ જીવનું લક્ષણ કેમ નહિ?

ઉત્તર : કેમ કે એ લક્ષણ બધાય જીવોને લાગુ નથી પડે, ફક્ત સંસારી જીવોને જ લાગુ પડે; જેમ કે એમાં સુખદુઃખ, રાગદ્વેષ વગેરે ભાવો હોય, કોઈનાં ઓછાં અને કમ

કર્મના ભોક્તા તેમ જ દેહધારી હોય તે જીવ છે.

પ્રશ્ન : આ બે લક્ષણો વચ્ચે સ્પષ્ટ તફાવત શો ?

ઉત્તર : પહેલું લક્ષણ સ્વભાવને સ્પર્શે છે, તેથી એને નિશ્ચયનયની અપેક્ષાએ, તેમ જ પૂર્ણ અને સ્થાયી સમજવું જોઈએ. બીજું લક્ષણ વિભાવને સ્પર્શનારું છે તેથી એને વ્યવહારનયની અપેક્ષાએ તેમ જ અપૂર્ણ અને અસ્થાયી સમજવું જોઈએ. સારાંશ એ કે પહેલું લક્ષણ નિશ્ચયદૃષ્ટિ પ્રમાણે છે તેથી એ ત્રણે કાળમાં લાગુ પડે એવું છે અને બીજું લક્ષણ વ્યવહારદૃષ્ટિ મુજબ છે તેથી એ ત્રણે કાળમાં લાગુ પડે એવું નથી; અર્થાત્ એ સંસારી જીવોને લાગુ પડે છે અને મોક્ષના જીવોને લાગુ નથી પડતું.

પ્રશ્ન : ઉપર મુજબ બે દૃષ્ટિને આધારે જૈન દર્શનમાં જેમ જીવનાં બે જાતનાં લક્ષણ કરવામાં આવ્યાં છે એવાં જ બે લક્ષણ શું જૈનેતર દર્શનોમાં પણ છે ?

ઉત્તર : સાંખ્ય, યોગ, વેદાન્ત વગેરે દર્શનોમાં આત્માને ચેતનરૂપ કે સચ્ચિદાનંદરૂપ કહેલ છે તે નિશ્ચયનયની દૃષ્ટિએ; અને ન્યાય, વૈશેષિક વગેરે દર્શનોમાં સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ વગેરે આત્માનાં લક્ષણો કહ્યાં છે તે વ્યવહારનયની દૃષ્ટિએ.

પ્રશ્ન : જીવ અને આત્મા એ બન્ને શબ્દોનો અર્થ એક છે ?

ઉત્તર : હા. જૈન શાસ્ત્રમાં તો સંસારી અને અસંસારી બધા ચેતનો માટે જીવ અને આત્મા એ બન્ને શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો છે; પણ વેદાન્ત વગેરે દર્શનોમાં જીવનો અર્થ સંસારી અવસ્થાવાળો જ ચેતન થાય છે, મુક્ત ચેતન નહિ; અને બન્ને માટે સામાન્ય શબ્દ આત્મા છે.

જીવના સ્વરૂપનું અનિર્વચનીયપણું

પ્રશ્ન : આપે તો જીવનું સ્વરૂપ વર્ણવ્યું પણ કેટલાક

વિદ્વાનોનું કહેવું છે કે આત્માનું સ્વરૂપ અનિર્વચનીય અર્થાત્ શબ્દોથી વર્ણવી ન શકાય એવું છે. તો આમાં સાચું શું છે?

ઉત્તર એમનું કહેવું પણ સાચું છે કારણ કે શબ્દો મારફત તો મર્યાદિત ભાવ જ વ્યક્ત કરી શકાય છે. ને જીવનું વાસ્તવિક સ્વરૂપ પૂર્ણપણે વ્યક્ત હોય તો એ અમર્યાદિત હોવાને કારણે, શબ્દોથી કોઈ રીતે કહી શકાય નહીં એટલા માટે આ અપેક્ષાએ, જીવનું સ્વરૂપ અનિર્વચનીય છે. આ વાત જેમ બીજા દર્શનોમાં નિર્વિકલ્પ શબ્દથી કે નેતિ શબ્દથી કહેવામાં આવી છે એ જ રીતે જૈન દર્શનમાં સરા જત્થ નિયટ્ટંતિ તક્કા જત્થ ન વિજ્જઈ (આચારાંગસૂત્ર ૫-૬)—એટલે કે ત્યાંથી શબ્દો પાછા ફરે છે અને તર્ક એમાં ચાલી શકતા નથી—વગેરે કહેવામાં આવ્યું છે. આ અનિર્વચનીયપણાનું કથન પરમ નિશ્ચયનય કે પરમ શુદ્ધ દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિએ સમજવું. જેમકે અમૂર્તત્વને જીવ કે ચેતનાનું લક્ષણ કહેવામાં આવ્યું છે તે નિશ્ચયનયની દૃષ્ટિએ કે શુદ્ધ પર્યાયાર્થિક નયની દૃષ્ટિએ.

જીવ સ્વયંસિદ્ધ છે કે ભૌતિક મિશ્રણોનું પરિણામ?

પ્રશ્ન એવું સાંભળવામાં અને વાંચવામાં આવ્યું છે કે જીવ એક રાસાયણિક વસ્તુ છે અર્થાત્ ભૌતિક મિશ્રણોનું પરિણામ છે એ કોઈ સ્વયંસિદ્ધ વસ્તુ નથી. એ ઉત્પન્ન પણ થાય છે અને નાશ પણ પામે છે. આમાં સાચું શું?

ઉત્તર આ કથન ભ્રાંતિજન્ય છે કારણ કે જ્ઞાન, સુખ, દુ:ખ, હર્ષ, શોક વગેરે જે વૃત્તિઓ મનની સાથે સંબંધ ધરાવે છે તે સ્થૂળ કે સૂક્ષ્મ ભૌતિક વસ્તુઓના આલંબનથી થાય છે. ભૌતિક વસ્તુઓ એ વૃત્તિઓને પેદા કરવામાં કેવળ સાધન એટલે કે નિમિત્તકારણ છે ઉપાદાનકારણ નહીં. એનું ઉપાદાનકારણ તો જુદું જ છે અને તે છે આ [illegible] ભૌતિક [illegible] વૃત્તિઓનું ઉપ

ધ્યાનારૂઢ થવાનું એ શક્તિ છે. જો એમ ન માનવામાં આવે તો અનેક દોષ ઊભા થાય છે; જેમ કે સુખ-દુઃખ, રાગ-રોષ, બંધુ-શત્રુ આકુળ, સત્કાર-તિરસ્કાર, માન-અપમાન વગેરે અનેક પરસ્પર વિરોધી ભાવો એક જ આત્માનાં બે સ્થાનોમાં જોવામાં આવે છે એ, જો દ્વૈતને સ્વતંત્ર ન માનીએ તો, કોઈ રીતે ઘટાવીને પુરવાર ન થઈ શકે.

પ્રશ્ન આત્માના અસ્તિત્વની બાબતમાં આપણે કોના ઉપર વિશ્વાસ કરવો જોઈએ?

ઉત્તર : અંતત એકાગ્રતાપૂર્વક લાંબા વખત સુધી આત્મચિંતન જ મનન કરવાવાળા નિઃસ્વાર્થ ઋષિઓના વચન ઉપર તથા આપણા પોતાના અનુભવ ઉપર. અને ચિત્તને શુદ્ધ કરીને એકાગ્રતાથી ચિંતન અને મનન કરવાથી આવો અનુભવ થઈ શકે છે.

પંચ પરમેષ્ઠી

પંચ પરમેષ્ઠીના પ્રકાર

પ્રશ્ન શું બધા પરમેષ્ઠી એક જ પ્રકારના છે? એમની વચ્ચે અંતર શું છે?

ઉત્તર ના. બધા એક પ્રકારના નથી હોતા. સ્થૂલ દૃષ્ટિએ એમના પાંચ પ્રકાર છે: (૧) અરિહંત, (૨) સિદ્ધ, (૩) આચાર્ય (૪) ઉપાધ્યાય અને (૫) સાધુ. આ પાંચ વચ્ચેનો ફરક જાણવા માટે સ્થૂલ રૂપે એમના બે વિભાગ કરવા જોઈએ. પહેલા વિભાગમાં પહેલા બે, અને બીજા વિભાગમાં બાકીના ત્રણ પરમેષ્ઠિ સમાવેશ થાય છે. કારણ કે અરિહંત અને સિદ્ધ એ બેએ તો જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય વગેરેનો શુદ્ધ રૂપમાં પૂરેપૂરો વિકાસ કર્યો હોય છે; પણ આચાર્ય વગેરે ત્રણે આ શક્તિઓને પૂર્ણ રૂપે પ્રગટ કરી નથી હોતી, પરંતુ એને પ્રગટ કરવા માટે તેઓ પ્રયત્નશીલ હોય છે. ફક્ત અરિહંત અને સિદ્ધ એ બે જ પૂજ્ય અવસ્થાને પામેલા છે એમને પૂજ્ય

અવસ્થા નથી હોતી; એટલા માટે એ દેવતત્ત્વ મનાય છે આથી ઊલટું આચાર્ય વગેરે ત્રણ, પૂજ્ય અને પૂજક એ બન્ને અવસ્થા ધરાવે છે તેઓ પોતાથી ઊતરતી કોટીવાળાના પૂજ્ય અને અધિકતી કોટીવાળાના પૂજક છે તેથી જ ગુરુતત્ત્વ મનાય છે

અરિહંત અને સિદ્ધની વચ્ચેનો ફેર

પ્રશ્ન અરિહંત અને સિદ્ધની વચ્ચે ફેર શો છે?

ઉત્તર સિદ્ધ શરીર રહિત એટલે અમૂર્ત પૌદ્‌ગલિક પર્યાયથી દૂર હોય છે પણ અરિહંત એવા નથી હોતા. એમને શરીર હોય છે તેથી, મોહ, અજ્ઞાન વગેરેનો નાશ થઈ જવા છતાં, તેઓ ચાલવું ફરવું બોલવું વિચારવું વગેરે શારીરિક, વાચિક તથા માનસિક ક્રિયાઓ કરતા રહે છે સારાંશ એ છે કે જ્ઞાન, ચારિત્ર વગેરે શક્તિઓના વિકાસની પૂર્ણતા અરિહંત અને સિદ્ધ બન્નેમાં એકસરખી હોય છે પણ સિદ્ધ યોગ(મનવચન કાયાની ક્રિયા)થી રહિત હોય છે અને અરિહંત યોગથી સહિત હોય છે. જેઓ પહેલાં અરિહંત બને છે તેઓ જ શરીરના ત્યાગ પછી સિદ્ધ કહેવાય છે

આચાર્ય વગેરે વચ્ચેનો ફેર

પ્રશ્ન આચાર્ય વગેરે ત્રણ વચ્ચે શો ફેર છે?

ઉત્તર આ જ પ્રમાણે [અરિહંત અને સિદ્ધની જેમ જ] આચાર્ય ઉપાધ્યાય અને સાધુઓમાં સાધુના ગુણ સામાન્ય રીતે એકસરખા હોવા છતાં 'સાધુ' કરતાં 'ઉપાધ્યાય' અને 'આચાર્ય'માં વિશેષતા હોય છે તે એ કે ઉપાધ્યાયપદને માટે સૂત્ર તથા અર્થનું વાસ્તવિક જ્ઞાન, ભણાવવાની શક્તિ, વચનમધુરતા અને ચર્ચા કરવાની શક્તિ વગેરે કેટલાક ખાસ ગુણો મેળવવા જરૂરી છે પણ સાધુપદને માટે આ ગુણોની કોઈ ખાસ જરૂર નથી હોતી. એ જ રીતે આચાર્યપદને માટે શાસનનું સંચાલન કરવાની શક્તિ, ગચ્છના હિતાહિતની

બ્રહ્મચારી, ખૂબ ગંભીરતા અને શાસ્ત્રનું વિશેષ જ્ઞાન વગેરે ગુણો જોઈએ. સાધુપદને માટે આ ગુણોને પ્રાપ્ત કરવાની ખાસ જરૂર નથી રહેતી. સાધુપદને માટે તો સત્તાવીસ ગુણ જરૂરી છે એ તે આચાર્ય અને ઉપાધ્યાયમાં પણ હોય છે પણ એ ઉપરાંત ઉપાધ્યાયમાં પચીસ અને આચાર્યમાં છત્રીસ ગુણ હોવા જોઈએ. અર્થાત્ સાધુપદ કરતાં ઉપાધ્યાયનું મહત્ત્વ વધારે છે અને ઉપાધ્યાયપદ કરતાં આચાર્યનું મહત્ત્વ વધારે છે

અરિહંતનું અલૌકિકપણું

પ્રશ્ન : જેમ અરિહંતની જ્ઞાન વગેરે આભ્યંતર શક્તિઓ અલૌકિક હોય છે એમ એમની બાહ્ય અવસ્થા પણ શું આપણાથી વિશિષ્ટતાવાળી થઈ જાય છે ?

ઉત્તર : આભ્યંતર શક્તિઓ સંપૂર્ણ થઈ જવાને કારણે અરિહંતનો પ્રભાવ એટલો તો અલૌકિક થઈ જાય છે કે સાધારણ માણસોને તો એના ઉપર વિશ્વાસ પણ ન બેસે. અરિહંતનો સમગ્ર વ્યવહાર લોકોત્તર હોય છે. મનુષ્ય, પશુ, પક્ષી વગેરે જુદી જુદી જાતનાં જીવો અરિહંતના ઉપદેશને પોતપોતાની ભાષામાં સમજી જાય છે. સાપ નોળિયો, ઉંદર-બિલાડી, ગાય-વાઘ વગેરે જન્મનાં વેરી પ્રાણીઓ પણ સમવસરણમાં પોતાની વેરવૃત્તિને ભૂલીને ભ્રાતૃભાવ ધારણ કરે છે. અરિહંતના વચનમાં જે પાંત્રીસ ગુણ હોય છે તે બીજાઓના વચનમાં નથી હોતા. જ્યાં અરિહંત બિરાજે છે ત્યાં માનવી વગેરેની તો વાત શું કરવી, કરોડો દેવો પણ હાજર થાય છે, હાથ જોડીને ખડા રહે છે, ભક્તિ કરે છે અને અશોકવૃક્ષ વગેરે આઠ પ્રાતિહાર્યોની રચના કરે છે. આ બધું અરિહંતના પ[illegible]ની વિભૂતિ છે

પ્રશ્ન : આવું કેવી રીતે [illegible] ?

ઉત્તર : આપણને જે [illegible] જેવી લાગે [illegible]
યોગીઓને માટે સાધારણ છે એ [illegible] ની

જરા ધરણો પણ ખ્યાલ નથી આવી શકતો. આપણી અને યોગીઓની યોગ્યતા વચ્ચે મોટું અંતર છે. આપણે વિષયોના ગુલામ, વાસનાના પૂતળા અને અસ્થિરતાના જીવ છીએ. આથી ઊંચું યોગીઓને મન ત્રિલોકનું આધિપત્ય કોઈ ચીજ નથી; સામાન્ય લોભ એમને સ્પર્શી પણ નથી શકતો; તેઓ તો સ્થિરતાના સુમેરુ જેવા હોય છે. આપણે થોડા સમય માટે પણ મનને સર્વથા સ્થિર નથી રાખી શકતા; કોઈનું કડવું વેણ સાંભળીને મારવા મરવા તૈયાર થઈ જઈએ છીએ, નજીવી વસ્તુ ખોવાઈ ત્યાં આપણા પ્રાણ નીકળી જવા માંડે છે. આત્મૌપમ્યતાને લીધે બીજાની વાત તો શું કરવી, ભાઈ અને બાપને પણ આપણે દુશ્મન માની લઈએ છીએ! પરમયોગી આ બધા દોષોથી મુક્ત હોય છે. જ્યારે એમની આંતરિક દશા આટલી ઊંચી હોય છે ત્યારે એમની ઉપર જણાવ્યા મુજબની લોકોત્તર સ્થિતિ થાય એમાં કશી નવાઈ નથી. સામાન્ય યોગસમાધિ કરનારા મહાત્માઓનો અને ઉચ્ચ ચારિત્રવાળા સામાન્ય માણસોનો પણ જેવો મહિમા-પ્રભાવ જોવામાં આવે છે એનો વિચાર કરવાથી અરિહંત જેવા પરમયોગીની લોકોત્તર વિભૂતિ માટે સંદેહ નથી રહેતો.

વ્યવહાર અને નિશ્ચયદૃષ્ટિએ પવિત્ર સ્વરૂપ

પ્રશ્ન — વ્યવહાર (બાહ્ય) અને નિશ્ચય (આભ્યંતર) એ બન્ને દૃષ્ટિએ અરિહંત અને સિદ્ધનું સ્વરૂપ કેવું હોય છે?

ઉત્તર — આ બન્ને દૃષ્ટિએ સિદ્ધના સ્વરૂપમાં કશો ફેર નથી. એમને માટે જે નિશ્ચય છે એ જ વ્યવહાર છે કારણ કે સિદ્ધ અવસ્થામાં નિશ્ચય અને વ્યવહારની એકતા થઈ જાય છે. પણ અરિહંતની બાબતમાં આવું નથી. અરિહંતને શરીર હોય છે તેથી એમનું વ્યાવહારિક સ્વરૂપ તો બાહ્ય વિભૂતિઓ સાથે સંબંધ ધરાવે છે અને નિશ્ચય સ્વરૂપનો સંબંધ આંતરિક શક્તિઓના વિકાસ સાથે હોય છે તેથી નિશ્ચયદૃષ્ટિએ અરિહંત અને સિદ્ધનું સ્વરૂપ એકસરખું માનવું

જોઈએ.

પ્રશ્ન : નિશ્ચય અને વ્યવહારદૃષ્ટિએ આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુનું સ્વરૂપ કેવું હોય છે?

ઉત્તર : નિશ્ચયદૃષ્ટિએ ત્રણેનું સ્વરૂપ એક જેવું હોય છે. ત્રણેમાં મોક્ષમાર્ગના આરાધનની તત્પરતા અને બાહ્ય-આભ્યંતર નિર્ગ્રંથપણું વગેરે નિશ્ચયદૃષ્ટિનું અને પારમાર્થિક સ્વરૂપ સરખું હોય છે. પણ ત્રણેના વ્યાવહારિક સ્વરૂપમાં થોડોઘણો ફેર હોય છે. આચાર્યની વ્યાવહારિક યોગ્યતા સૌથી વધારે હોય છે, કેમ કે એમને સંઘ ઉપર શાસન ચલાવવાની અને જૈન શાસનનો મહિમા સાચવી રાખવાની જવાબદારી ઉપાડવી પડે છે. ઉપાધ્યાયને આચાર્યપદની લાયકાત મેળવવા માટે કંઈક વિશેષ ગુણો મેળવવા પડે છે, જે સામાન્ય સાધુઓમાં ન પણ હોય.

નમસ્કારનો હેતુ અને એના પ્રકાર

પ્રશ્ન : પરમેષ્ઠીઓને નમસ્કાર શા માટે કરવામાં આવે છે? નમસ્કારના પ્રકાર કેટલા?

ઉત્તર : ગુણપ્રાપ્તિને માટે. તેઓ ગુણવાન છે અને ગુણવાનોને નમસ્કાર કરવાથી ગુણની પ્રાપ્તિ જરૂર થાય છે, કારણ કે જેવું ધ્યેય હોય એવો જ ધ્યાતા બની જાય છે. દિવસ-રાત ચોર અને ચોરીની ભાવના ભાવવાવાળો માનવી ક્યારેય પ્રામાણિક (શાહુકાર) બની નથી શકતો. એ જ રીતે સિદ્ધ અને સિદ્ધિની ભાવના ભાવવાવાળો જરૂર કંઈક ને કંઈક સિદ્ધિ હાંસલ કરી જ લે છે. મોટાઓ પાસે આપણી લઘુતા અને એમની મોટાઈ પ્રગટ થાય એવું વર્તન કરવું એનું નામ જ નમસ્કાર છે. આ નમસ્કાર દ્વૈત અને અદ્વૈત એમ બે પ્રકારનો હોય છે. વિશેષ પ્રકારની સ્થિરતા પ્રાપ્ત ન થઈ હોય અને નમસ્કાર કરનારના મનમાં એવો ભાવ હોય કે હું ઉપાસક છું અને અમુક વ્યક્તિ મારી ઉપાસ્ય છે એને દ્વૈત-નમસ્કાર કહે છે.

રાગદ્વેષના વિકલ્પોનો નાશ થઈ ત્યારે ચિત્તની એટલી બધી સ્થિરતા થઈ જાય છે કે જેમાં આત્મા પોતાની જાતને જ ઉપાસ્ય માને છે અને કેવળ પોતાના રૂપનું જ ધ્યાન કરે છે એ છે અદ્વૈત-નમસ્કાર. આ બે નમસ્કારોમાં અદ્વૈત-નમસ્કાર શ્રેષ્ઠ છે કારણ કે દ્વૈત-નમસ્કાર તો અદ્વૈત-નમસ્કારનું માત્ર સાધન છે.

પ્રશ્ન : માનવીના અંતરંગ ભાવ-ભક્તિના કેટલા ભેદ છે?

ઉત્તર : બે ભેદ : એક સિદ્ધ-ભક્તિ અને બીજી યોગી-ભક્તિ. સિદ્ધોના અનંત ગુણોની ભાવના ભાવવી એ સિદ્ધ-ભક્તિ છે અને યોગીઓ (મુનિઓ)ના ગુણોની ભાવના ભાવવી એ યોગી-ભક્તિ છે.

પ્રશ્ન : અરિહંતને પહેલાં અને સિદ્ધ વગેરેને પછી નમસ્કાર કરવાનું કારણ શું છે?

ઉત્તર : વસ્તુનું પ્રતિપાદન કરવાના બે ક્રમ હોય છે : એક પૂર્વાનુપૂર્વી અને બીજો પશ્ચાનુપૂર્વી. મોટાની પછી નાનાનું કથન એ પૂર્વાનુપૂર્વી છે અને નાના પછી મોટાનું કથન, એ પશ્ચાનુપૂર્વી છે. પાંચે પરમેષ્ઠીઓમાં સિદ્ધ સૌથી મોટા છે અને સાધુ સૌથી નાના છે, કારણ કે સિદ્ધ-અવસ્થા ચૈતન્યશક્તિના વિકાસની ચરમ સીમા છે અને સાધુ-અવસ્થા એની સાધના કરવાની પહેલી ભૂમિકા. એટલા માટે અહીં પૂર્વાનુપૂર્વી ક્રમથી નમસ્કાર કરવામાં આવ્યો છે. જો કે કર્મક્ષયની દૃષ્ટિએ સિદ્ધો અરિહંત કરતાં મોટા છે, છતાં પણ કૃતકૃત્યતાની દૃષ્ટિએ બંને સરખા જ છે અને વ્યવહારની દૃષ્ટિએ તો અરિહંત સિદ્ધ કરતાં મોટા છે, કારણ કે સિદ્ધોના પરોક્ષ સ્વરૂપને બતાવનારા તો અરિહંત જ છે. એટલા માટે વ્યવહારદૃષ્ટિએ અરિહંતોને મોટા માનીને એમને પહેલાં નમસ્કાર કરવામાં આવ્યો છે.

[જ્યોતિ ખ ૬, ૫. ૨૨૨ ૫૨૨]

દેવ ગુરુ, ધર્મ તત્ત્વો

જૈન પરંપરામાં તાત્ત્વિક ધર્મ ત્રણ તત્ત્વોમાં સમાયેલો મનાય છે: દેવ, ગુરુ અને ધર્મ. આત્માની પૂરેપૂરી નિર્દોષ અવસ્થા એ દેવતત્ત્વ, એવી નિર્દોષતા પ્રાપ્ત કરવાની સાચી આધ્યાત્મિક સાધના એ ગુરુતત્ત્વ, અને બધી જાતનો વિવેકી યથાર્થ સંયમ તે ધર્મતત્ત્વ. આ ત્રણ તત્ત્વોને જૈનત્વનો આત્મા કહેવો જોઈએ. એ તત્ત્વોને સાચવનાર અને પોષનાર ભાવનાને એનું શરીર કહેવું જોઈએ. દેવતત્ત્વને સ્થૂલ રૂપ આપનાર મંદિર, એમાંની મૂર્તિ, એની પૂજા-આરતી, એ સંસ્થા ચલાવવાનાં સાધનો, તેની વ્યવસ્થાપક પેઢીઓ, તીર્થસ્થાનો એ બધું દેવતત્ત્વની પોષક ભાવનારૂપ શરીરનાં અંગ અને આકાર જેવું છે એ જ રીતે મકાન, ખાનપાન, રહેવા આદિના નિયમો અને બીજા વિધિવિધાનો એ ગુરુતત્ત્વના શરીરનાં અંગ કે આકારો છે. અમુક ચીજ ન ખાવી, અમુક જ ખાવી, અમુક પ્રમાણમાં ખાવી, અમુક વખતે ન જ ખાવું, અમુક સ્થાનમાં અમુક જ થાય, અમુકના પ્રત્યે અમુક રીતે જ વરતાય, ઇત્યાદિ વિધિનિષેધના નિયમો એ સંયમતત્ત્વના શરીરનાં કપડાં કે ઘરેણાં છે

[દ૦ચિ૦ ભા ૧ પૃ [illegible]]

૧૧

કર્મતત્ત્વ

કર્મવાદીનો સિદ્ધાન્ત એવો છે કે જીવન એ માત્ર વર્તમાન જન્મમાં જ પૂરું નથી થતું એ તો પહેલાં પણ હતું અને આગળ પણ ચાલવાનું. કોઈ પણ સારું કે નરસું સ્થૂલ કે સૂક્ષ્મ, શારીરિક કે માનસિક એવું પરિણામ જીવનમાં નથી ઊભરતું કે જેનું બીજ તે વ્યક્તિએ વર્તમાન કે પૂર્વ જન્મમાં વાવ્યું ન હોય.

કર્મવાદની દીર્ઘ દૃષ્ટિ

એવું એક પણ સ્થૂલ કે સૂક્ષ્મ, માનસિક વાચિક કે કાયિક કર્મ નથી કે જે આ કે પર જન્મમાં પરિણામ ઉત્પન્ન કર્યા સિવાય વિલય પામે. કર્મવાદીની દૃષ્ટિ દીર્ઘ એટલા માટે છે કે તે ત્રણે કાળને સ્પર્શે છે જ્યારે ચાર્વાકની દૃષ્ટિ દીર્ઘ નથી, કેમ કે તે માત્ર વર્તમાનને સ્પર્શે છે. કર્મવાદની આ દીર્ઘ દૃષ્ટિ સાથે તેની વૈયક્તિક, કૌટુમ્બિક સામાજિક કે વિશ્વીય જવાબદારીઓ અને નૈતિક બંધનોમાં, ચાર્વાકની અલ્પ દૃષ્ટિમાંથી ફલિત થતી જવાબદારીઓ અને નૈતિક બંધનો કરતાં મોટો ફેર પડી જાય છે. જો આ ફેર બરાબર સમજાયમાં આવે અને તેનો અંશ પણ જીવનમાં ઊતરે તો તો કર્મવાદીઓનો ચાર્વાક પ્રત્યે આક્ષેપ સાચો ઠરે અને ચાર્વાકના ધર્મદ્વેષ કરતાં કર્મવાદીનું ધર્મપ્રેમ ઉન્નત અને સાચો છે એમ જીવનવ્યવહારથી જાણી શકાય.

[બોધિ આ ૯, ૫ ૧૯]

શાસ્ત્રોના અનાદિત્વની માન્યતા

જૈન સાહિત્યમાં અત્યારે શ્વેતાંબર અને દિગંબરોમાં જે કર્મશાસ્ત્ર મોજૂદ છે એમાંના પ્રાચીન મનાતા કર્મવિષયક ગ્રંથોનો સાક્ષાત્ સંબંધ બંને પરંપરાઓ આગ્રાયણીય પૂર્વ સાથે જોડે છે. બંને પરંપરાઓ આગ્રાયણીય પૂર્વને દૃષ્ટિવાદ નામના બારમા અંગાંતર્ગત ચૌદ પૂર્વોમાંનું બીજું પૂર્વ માને છે અને બંને પરંપરાઓ એક સરખી રીતે માને છે કે બધાં અંગો અને ચૌદ પૂર્વ એ બધું ભગવાન મહાવીરની સર્વજ્ઞવાણીનું સાક્ષાત્ ફળ છે. આ ચિરકાલીન સાંપ્રદાયિક માન્યતા પ્રમાણે અત્યારે વિદ્યમાન કર્મવિષયક સમગ્ર સાહિત્ય શબ્દરૂપે નહીં તો છેવટે ભાવરૂપે તો, ભગવાન મહાવીરના સાક્ષાત્ ઉપદેશનો જ પરંપરાથી મળેલ સાર છે. આ જ રીતે એવી પણ સાંપ્રદાયિક માન્યતા છે કે ખરી રીતે બધાં શાસ્ત્રો ભાવરૂપે કેવળ ભગવાન મહાવીરથી જ પૂર્વકાલીન નહીં પણ પૂર્વે પૂર્વે થયેલ બીજા બીજા તીર્થંકરોથી પણ પૂર્વકાલના સમજવા જોઈએ કે એ રીતે અનાદિ છે. અંગશાસ્ત્રો પ્રવાહરૂપે અનાદિ હોવા છતાં સમયે સમયે થતા નવા નવા તીર્થંકરો દ્વારા પૂર્વ પૂર્વનાં અંગશાસ્ત્રો નવું નવું રૂપ ધારણ કરતા રહે છે. આ માન્યતાને પ્રકટ કરતાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રે પ્રમાણમીમાંસામાં, નૈયાયિક જયંત ભટ્ટનું અનુકરણ કરીને, બહુ ખૂબીથી કહ્યું છે કે— "અનાદય એવૈતા વિદ્યાઃ સંક્ષેપવિસ્તરવિવક્ષયા નવનવીભવન્તિ તત્તત્કર્તૃકાશ્ચોચ્યન્તે। કિન્નાશ્રૌષીઃ ન કદાચિદનીદૃશં જગત્ ?"—અનાદિ એવી આ વિદ્યાઓ સંક્ષેપ કે વિસ્તારથી વિવરણ કરવાની ઇચ્છાને લીધે નવું નવું સ્વરૂપ પામે છે અને એ વિવરણ કરનારની કૃતિ તરીકે ઓળખાય છે. શું તેં નથી સાંભળ્યું કે દુનિયા તો સદાકાળથી આવી ને આવી જ ચાલી આવે છે।

ઉપર જણાવેલી સાંપ્રદાયિક માન્યતા એવી છે કે તેને સાંપ્રદાયિક લોક અત્યાર સુધી અક્ષરશઃ સાચી માની રહ્યા છે અને એવી રીતે

મીમાંસક વગેરેના અનાદિસ્વરૂપની માન્યતાનું સમર્થન કરે છે એ રીતે જેનું સમર્થન પણ કરે છે. શાસ્ત્રોને લગતી ઉપર સૂચવેલી માન્યતા અને સાંપ્રદાયિક લોકોનો ભારે આદર હોવા છતાં અહીં કર્મશાસ્ત્ર અને એના મુખ્ય વિષય કર્મતત્ત્વના સંબંધમાં એક બીજી દૃષ્ટિએ વિચાર કરવાનો છે એ દૃષ્ટિ છે ઐતિહાસિક

કર્મતત્ત્વની જરૂર શા માટે?

જેવો પ્રશ્ન તો કર્મતત્ત્વને માનવું કે નહીં અને માનવું તો શા આધારે, એ હતો. એક પક્ષ એવો હતો કે જે કામ અને એના સાધન રૂપ અર્થ સિવાય બીજા કોઈ પુરુષાર્થને માનતો ન હતો. એની સમજણ મુજબ આ લોક એ જ પુરુષાર્થ હતો તેથી એને એવું કોઈ કર્મતત્ત્વ સ્વીકારવાની જરૂર ન હતી કે જે સારા-ખોટા જન્માંતર કે પરલોકને અપાવનાર હોય. આ જ પક્ષ ચાર્વાક પરંપરાને નામે પ્રખ્યાત થયો. પણ સાથે સાથે જ એ અતિ પ્રાચીન યુગમાં પણ એવા ચિંતકો હતા કે જેઓ કહેતા હતા કે મરણ પછી જન્માંતર પણ છે એટલું જ નહીં પણ આ દેખાતા લોક-જગત ઉપરાંત બીજા પણ શ્રેષ્ઠ અને કનિષ્ઠ લોક છે. આવા લોક પુનર્જન્મવાદી અને પરલોકવાદી કહેવાતા હતા. એમની માન્યતા એવી હતી કે જો કર્મ ન હોય તો જન્મ-જન્માંતર તેમ જ આ લોક-પરલોકનો સંબંધ બેસી જ નથી શકતો. એટલા માટે પુનર્જન્મની માન્યતાને આધારે કર્મતત્ત્વનો સ્વીકાર કરવો જરૂરી છે. આ કર્મવાદીઓ જ પોતાની જાતને પરલોકવાદી તથા આસ્તિક કહેતા હતા.

ધર્મ, અર્થ, કામને જ માનનાર પ્રવર્તક ધર્મવાદી પક્ષ

કર્મવાદીઓના મુખ્ય બે પક્ષ છે. એક તો એમ કહેતો હતો કે કર્મનું ફળ જન્માંતર અને પરલોક જરૂર છે પણ શ્રેષ્ઠ જન્મ તથા શ્રેષ્ઠ પરલોકને માટે કર્મ પણ શ્રેષ્ઠ જ જોઈએ. આ પક્ષ પરલોકવાદી હોવાથી તથા શ્રેષ્ઠ લોક જેને સ્વર્ગ કહેવામાં આવે છે એ મેળવવાના

સાધનરૂપે ધર્મનું પ્રતિપાદન કરનારાઓ હોવાથી, એ ધર્મ, અર્થ અને કામ, એ ત્રણ જ પુરુષાર્થોને માનતા હતા; એમની દૃષ્ટિમાં મોક્ષનું પુરુષાર્થરૂપે કોઈ સ્થાન ન હતું. જ્યાં જ્યાં પ્રવર્તક ધર્મનો ઉલ્લેખ આવે છે ત્યાં બધે આ ત્રણ-પુરુષાર્થવાદી પક્ષના મંતવ્યનો જ સાર છે. ટૂંકમાં, એ પક્ષનું મંતવ્ય એવું છે કે ધર્મ એટલે કે શુભ કર્મનું ફળ સ્વર્ગ અને અધર્મ એટલે અશુભ કર્મનું ફળ નરક વગેરે છે. ધર્મ અધર્મ જ પુણ્ય-પાપ તથા અદૃષ્ટ કહેવાય છે અને એની મારફત જ જન્મ-જન્માન્તરનું ચક્ર ચાલ્યા કરે છે, જેનો ઉચ્છેદ થઈ શકે નથી. શક્ય એટલું જ છે કે જો સારો લોક અને વધારે સુખ મેળવવાં હોય તો ધર્મનું જ પાલન કરવું. આ મત પ્રમાણે અધર્મ કે પાપ તો હેય છે, પણ ધર્મ કે પુણ્ય હેય નથી. આ પક્ષ સામાજિક વ્યવસ્થાનો સમર્થક હતો, તેથી જ એ સમાજમાં માન્ય એવાં શિષ્ટ તેમ જ વિહિત આચરણોથી ધર્મની ઉત્પત્તિ બતાવી અને નિષિદ્ધ આચરણોથી અધર્મની ઉત્પત્તિ બતાવી જનતાને દોરી પ્રકારની સામાજિક સુવ્યવસ્થા તરફ ધ્યાન આપ્યો હતો. એ જ પક્ષ બ્રાહ્મણમાર્ગ, મીમાંસક અને કર્મકાંડી નામે પ્રસિદ્ધ થયો.

મોક્ષપુરુષાર્થી નિવર્તકધર્મવાદી પક્ષ

કર્મવાદીઓનો બીજો પક્ષ ઉપર જણાવેલ પહેલાથી સાવ વિરુદ્ધ દૃષ્ટિ ધરાવતો હતો. એ માનતો હતો કે પુનર્જન્મનું કારણ કર્મ છે એમાં શક નથી. શિષ્ટસંમત તેમ જ વિહિત કર્મોનું આચરણ કરવાથી ધર્મ થાય છે અને એથી સ્વર્ગ પણ મળે છે. પણ એ ધર્મ પણ, અધર્મની જેમ જ, બંધન છે. એની માન્યતા પ્રમાણે એ ચોથો સ્વતંત્ર પુરુષાર્થ પણ છે કે મોક્ષ કહેવાય છે. એનું કહેવું છે કે કેવળ મોક્ષ જ જીવનનું ધ્યેય છે અને મોક્ષને માટે અખંડ કર્મ—ભલે પછી એ પુણ્યરૂપ હોય કે પાપરૂપ—હેય છે. કર્મનો નાશ શક્ય નથી, એવું પણ નથી. પ્રયત્નથી એ પણ થઈ શકે છે. જ્યાં જ્યાં

નિવર્તક ધર્મનો ઉન્મેષ આવે છે ત્યાં લગી એ આ મતને જ સ્વીકારે છે. એની માન્યતા પ્રમાણે જ્યારે કર્મની નિવૃત્તિ શક્ય અને ઇષ્ટ છે ત્યારે એને કર્મની ઉત્પત્તિનું મૂળ કારણ પહેલા પક્ષની માન્યતાથી વિરુદ્ધ જ શોધવું પડ્યું. એણે કહ્યું કે ધર્મ અને અધર્મનું મૂળ કારણ પ્રચલિત સામાજિક વિધિનિષેધ નહીં પણ અજ્ઞાન અને રાગ-દ્વેષ છે. આચરણ ગમે તેવું શિષ્ટસંમત અને વિહિત કેમ ન હોય, પણ જો એ અજ્ઞાન તેમ જ રાગદ્વેષજન્ય હોય તો એથી અધર્મની જ ઉત્પત્તિ થાય છે. એના મતે પુણ્ય અને પાપનો ભેદ કેવળ સ્થૂળ દૃષ્ટિવાળાઓને માટે છે. તાત્ત્વિક રીતે તો પુણ્ય અને પાપ બન્ને અજ્ઞાન તેમ જ રાગદ્વેષજન્ય હોવાને લીધે અધર્મ તેમ જ હેય જ છે. આ નિવર્તકધર્મવાદી પક્ષ સામાજિક નહીં પણ વ્યક્તિવિકાસવાદી હતો.

જ્યારે એ પક્ષે કર્મનો નાશ અને મોક્ષ પુરુષાર્થ સ્વીકારી લીધો ત્યારે એને કર્મનો ઉચ્છેદ કરનારાં અને મોક્ષને અપાવનારાં કારણોનો પણ વિચાર કરવો પડ્યો. આ વિચારણાના ફળરૂપે એણે કર્મને દૂર કરનારાં જે કારણો નક્કી કર્યાં એ જ એ પક્ષનો નિવર્તક ધર્મ છે. પ્રવર્તક ધર્મ અને નિવર્તક ધર્મની દિશા એકબીજાથી સાવ વિરુદ્ધ છે. એકનું ધ્યેય સામાજિક વ્યવસ્થાનું રક્ષણ છે, જ્યારે બીજાનું ધ્યેય પોતાના આત્યંતિક—સંપૂર્ણ સુખની પ્રાપ્તિ છે. તેથી એ કેવળ આત્મગામી છે. નિવર્તક ધર્મ જ શ્રમણ, પરિવ્રાજક, તપસ્વી અને યોગમાર્ગ વગેરે નામે પ્રસિદ્ધ છે. કર્મની પ્રવૃત્તિ અજ્ઞાન તેમ જ રાગદ્વેષજન્ય હોવાને લીધે એની સંપૂર્ણ નિવૃત્તિનો ઉપાય અજ્ઞાનનું વિરોધી સમ્યગ્જ્ઞાન અને રાગ-દ્વેષના વિરોધી—રાગ-દ્વેષના નાશરૂપ—સંયમ જ નક્કી થયો. બાકીનાં તપ, ધ્યાન, ભક્તિ વગેરે બધા ઉપાયો ઉક્ત મુખ્ય જ્ઞાન અને સંયમના જ સાધનરૂપે લેખવામાં આવ્યા છે.

કર્મતત્ત્વ સંબંધી વિચાર અને એનો જ્ઞાતાવર્ગ

જેઓને મોક્ષના સ્વરૂપ તથા એના સાધનોની

જ્ઞાનમાં તે ઉપયોગ કરતા જ ગયા. પણ સાથે સાથે એમને પ્રમેયતત્ત્વ સંબંધી પણ ઘણો વિચાર કરવો પડ્યો. એમણે પ્રમાણ તથા એના ભેદોની પરિભાષાઓ તેમ જ વ્યાખ્યાઓ સ્થિર કરી. અને આ બધી દૃષ્ટિએ પ્રમેયતત્ત્વનું જુદી જુદી રીતે વર્ણન કર્યું. એની જ્ઞાન આપનારી શક્તિઓનું વિવેચન કર્યું. જુદા જુદા વિરોધી સંપ્રદાયો વિચારી, કર્મના કાર્યકારણભાવ સંબંધે પણ વિચાર કર્યો. આ રીતે નિર્ગ્રંથપ્રવાદીઓનું પ્રમાણતત્ત્વ સંબંધી એક આખું શાસ્ત્ર વ્યવસ્થિત થઈ ગયું, અને દિવસે દિવસે નવા નવા પ્રશ્નો અને એના ઉત્તરોને લીધે એનો વધુ ને વધુ વિકાસ પણ થતો રહ્યો. આ નિર્ગ્રંથપ્રવાદી જુદા જુદા પક્ષો પોતાની અનુકૂળતા મુજબ જુદા જુદા વિચારો ધરાવતા હતા, પણ જ્યાં સુધી એ બધાનું એક સંયુક્ત એવું પ્રમાણશાસ્ત્રવાદનું મંડળ રચાયું હતું ત્યાં સુધી એમનામાં વિચારવિનિમય પણ થતો અને એકવાક્યતા પણ ચાલુ રહી. આ કારણથી જ એક ન્યાય-વૈશેષિક, સાંખ્ય-યોગ, જૈન અને બૌદ્ધ દર્શનોનું અત્યારે ઉપલબ્ધ થતું સાહિત્ય મોટે ભાગે તે એવા સમયમાં થયું હતું કે જ્યારે આ દર્શનોનો એકબીજા પ્રત્યેનો સદ્ભાવ સારા પ્રમાણમાં ઘટી ગયો હતો છતાં પણ, એ દર્શનોના પ્રમાણવિષયક સાહિત્યમાં પરિભાષા, શૈલી, વર્ગીકરણ વગેરેમાં સમાનતા તેમ જ અર્થની દૃષ્ટિએ ઘણુંખરું સામ્ય જોવામાં આવે છે.

મોક્ષવાદીઓની સામે શરૂઆતથી જ એક મુશ્કેલ સવાલ એ હતો કે એક તો પહેલાં બાંધેલાં કર્મો જ અનંત છે વળી, કર્મ એ એનું ફળ ભોગવતી વખતે દરેક ક્ષણે નવાં નવાં કર્મો પણ બંધાય છે તો પછી આ સમસ્ત કર્મોનો સર્વથા નાશ કેવી રીતે થઈ શકે! આ સવાલનો ઉકેલ પણ મોક્ષવાદીઓએ બહુ ખૂબીથી શોધી કાઢ્યો હતો. અત્યારે એ નિરૂપણથી દર્શનોના સાહિત્યમાં જે ઉકેલનું સવિસ્તર તેમ જ વિસ્તૃત એકસરખું વર્ણન આપણને જોવા મળે છે તે આ

અનુશ્રુતિ એટલું સૂચિત કરવાને માટે બસ છે કે ક્યારેક નિવર્તક-
ધર્મવાદીઓના જુદા જુદા પક્ષો વચ્ચે ખૂબ વિચારવિનિમય થતો
હશે. આવું બધું હોવા છતાં પણ ધીમે ધીમે એવો સમય આવી
ગયો કે જ્યારે આ નિવર્તકધર્મવાદી પક્ષો પહેલાં જેટલા એકબીજાની નજી
સમીપ ન રહ્યા. એમ છતાં દરેક પક્ષ કર્મતત્ત્વ સંબંધી ઊહાપોહ તો
કરતો જ રહ્યો. દરમ્યાનમાં એવું પણ બન્યું કે નિવર્તકધર્મવાદી
પક્ષમાં એક ખાસ કર્મચિંતક વર્ગ જ સ્થિર થઈ ગયો કે જે મોક્ષ
સંબંધી પ્રશ્નો કરતાં કર્મ સંબંધી જ ઊંડો વિચાર કરતો હતો
અને મુખ્યપણે એનું જ અધ્યયન-અધ્યાપન કરતો હતો— જેવી રીતે
બીજા બીજા વિષયોના ખાસ ચિંતકો પોતપોતાના વિષયમાં કરતો
હતો અને અત્યારે પણ કરે છે. મુખ્યપણે એ જ કર્મશાસ્ત્રનો ચિંતકવર્ગ
જૈનધર્મમાં કર્મશાસ્ત્રાનુયોગધર વર્ગ કે કર્મસિદ્ધાંતવેત્તા વર્ગ છે.

કર્મતત્ત્વની વિચારણાની પ્રાચીનતા અને સમાનતા

કર્મબંધનાં કારણો અને એના નાશના ઉપાયો સંબંધમાં તો બધા મોક્ષવાદી ગૌણ-મુખ્યભાવે એકમત જ છે. પણ કર્મતત્ત્વના સ્વરૂપ સંબંધમાં ઉપર સૂચવેલ કર્મચિંતક વર્ગનું જે મંતવ્ય છે એ જાણવું જરૂરી છે. પરમાણુવાદી મોક્ષમાર્ગી વૈશેષિક વગેરે કર્મને ચેતનનિષ્ઠ માનીને એને ચેતનનો ધર્મ કહેતા હતા, જ્યારે પ્રધાનવાદી -પ્રકૃતિવાદી સાંખ્ય-યોગ એને અંતઃકરણસ્થિત માનીને જડ કહેતા હતા. પરંતુ આત્મા અને પરમાણુને પરિણામી માનવાવાળા જૈન ચિંતકો પોતાની જુદી પ્રક્રિયા પ્રમાણે કર્મને ચેતન અને જડ બન્નેનાં પરિણામરૂપે ઉભયરૂપ માનતા હતા. એમના મત મુજબ આત્મા ચેતન હોવા છતાં સાંખ્યના પ્રકૃતિજન્ય અંતઃકરણની જેમ સંકોચ વિકાસશીલ હતા, જેમાં કર્મરૂપી વિકારનો પણ સંભવ છે અને જે જડ પરમાણુઓ સાથે એકરસ પણ થઈ જાય છે. વૈશેષિક વગેરેના મત મુજબ કર્મ ચેતનધર્મ હોવાને લીધે ખરી રીતે ચેતનથી જુદું

નથી અને સાંખ્યના મત મુજબ કર્મ પ્રકૃતિનો ધર્મ હોવાથી ખરી રીતે એ જડથી જુદું નથી; પણ જૈન ચિંતકોની માન્યતા મુજબ કર્મતત્ત્વ ચેતન અને જડ બન્ને રૂપે જ ફલિત થાય છે, જેને તેઓ ભાવ અને દ્રવ્યકર્મ પણ કહે છે.

આ બધી કર્મ સંબંધી પ્રક્રિયા એટલી પ્રાચીન તો જરૂર છે કે જ્યારે કર્મતત્ત્વના ચિંતકો વચ્ચે પરસ્પર વિચારવિનિમય વધારેમાં વધારે થતો હતો. એ સમય કેટલો પ્રાચીન છે એ નિશ્ચિત રૂપે તો કહી શકાય એમ નથી, પણ જૈન દર્શનમાં વર્ણવાતા સમગ્ર કર્મશાસ્ત્રનું જે સ્થાન છે એ શાસ્ત્રમાં વિચારોનું જે ઊંડાણ, ઝીણવટ અને સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભાવોનું અસાધારણ નિરૂપણ છે એને ધ્યાનમાં લેતાં એમ માન્યા વિના નથી ચાલતું કે જૈન દર્શનની વિશિષ્ટ કર્મવિદ્યા ભગવાન પાર્શ્વનાથ પહેલાં ક્યારનીય સ્થિર થઈ ચૂકી હતી. આ શાસ્ત્રના જાણકાર કર્મશાસ્ત્રવેત્તા કહેવાયા અને એ જ વિદ્યા આગ્રાયણીય પૂર્વ તથા કર્મપ્રવાદ પૂર્વના નામે વિશ્રુત થઈ. ઐતિહાસિક દૃષ્ટિએ 'પૂર્વ' શબ્દનો અર્થ ભગવાન મહાવીર પહેલાંથી ચાલ્યું આવતું શાસ્ત્રવિશેષ થાય છે. નિઃસંદેહ આ 'પૂર્વ' ખરી રીતે ભગવાન પાર્શ્વનાથ પહેલાંથી જ એક યા બીજે રૂપે પ્રચલિત હતાં. એક તરફ જૈન ચિંતકોએ કર્મતત્ત્વના ચિંતન પ્રત્યે ખૂબ ધ્યાન આપ્યું જ્યારે બીજી તરફ સાંખ્યયોગે ધ્યાનમાર્ગ પ્રત્યે સવિશેષ ધ્યાન આપ્યું. આગળ જતાં જ્યારે તથાગત બુદ્ધ થયા ત્યારે એમણે પણ ધ્યાન ઉપર જ વધારે ભાર આપ્યો. પણ બધાએ વારસામાં મળેલ કર્મચિંતનને સ્વીકારી રાખ્યું. એટલા માટે જ સૂક્ષ્મતાની અને વિસ્તારની દૃષ્ટિએ જૈન કર્મશાસ્ત્ર પોતાનું અસાધારણ સ્થાન ધરાવવા છતાં સાંખ્યયોગ, બૌદ્ધ વગેરે દર્શનોનાં કર્મચિંતનોની સાથે એનું ઘણુંબધું સામ્ય છે અને મૂળમાં એકતા પણ છે, જે કર્મશાસ્ત્રના અભ્યાસીઓએ જાણવા જેવી છે.

જૈન તથા અન્ય દર્શનોની ઈશ્વરના સક્રિયત્વ સંબંધી માન્યતા

કર્મવાદનું માનવું એમ છે કે સુખદુઃખ, સંપત્તિ-વિપત્તિ, ઊંચ નીચ વગેરે અનેક પ્રકારની અવસ્થાઓ જોવામાં આવે છે એમાં કાળ, સ્વભાવ, પુરુષાર્થ વગેરે કારણોની જેમ કર્મ પણ એક કારણ છે. પરંતુ કર્મ પ્રધાન જૈન દર્શન અન્ય દર્શનોની જેમ, ઉપર જણાવી એવી અવસ્થાઓના કે સૃષ્ટિની ઉત્પત્તિના કારણરૂપે ઈશ્વરને નથી માનતું. બીજાં દર્શનો તો સૃષ્ટિની ક્યારેક ઉત્પત્તિ થઈ એમ માને છે અને તેથી એ દર્શનોમાં કોઈ ને કોઈ રીતે સૃષ્ટિની ઉત્પત્તિની સાથે ઈશ્વરનો સંબંધ જોડી દેવામાં આવ્યો છે. ન્યાયદર્શન કહે છે કે સારાં-નરસાં કર્મોનું ફળ ઈશ્વરની પ્રેરણાથી જ મળે છે.[1] વૈશેષિક દર્શનમાં ઈશ્વરને સૃષ્ટિનો કર્તા માનીને એનું સ્વરૂપ વર્ણવ્યું છે.[2] યોગ દર્શનમાં ઈશ્વરને અધિષ્ઠાતા માનીને તે દ્વારા પ્રકૃતિનું પરિણામ-જડ જગતનો ફેલાવો-માનેલ છે[3] અને શંકરાચાર્યે પણ પોતાના બ્રહ્મસૂત્રના ભાષ્યમાં ઉપનિષદ્‌ના આધારે, ઠેર ઠેર બ્રહ્મને સૃષ્ટિનું ઉપાદાનકારણ સિદ્ધ કર્યું છે.[4]

પરંતુ જીવોને ફળ ભોગવવા માટે જૈન દર્શન ઈશ્વરને કર્મનો પ્રેરક નથી માનતું. કારણ કે કર્મવાદનું માનવું છે કે જેવી રીતે જીવ કર્મ કરવામાં સ્વતંત્ર છે એ જ રીતે એના ફળને ભોગવવામાં પણ સ્વતંત્ર છે. એ જ રીતે જૈન દર્શન ઈશ્વરને સૃષ્ટિનો અધિષ્ઠાતા પણ નથી માનતું, કેમ કે એની માન્યતા મુજબ સૃષ્ટિ અનાદિ-અનંત હોવાથી એ ક્યારેય ઉત્પન્ન નથી થઈ તથા એ પોતે જ પરિણમનશીલ હોવાથી એને ઈશ્વરના અધિષ્ઠાનની અપેક્ષા નથી રહેતી.

---

૧. ગૌતમસૂત્ર અ. ૪ આ. ૧, સૂ. ૧૯.
૨. પ્રશસ્તપાદ-ભાષ્ય પૃ. ૪૮
૩. સમાધિપાદ સૂ. ૨૪નું ભાષ્ય અને ટીકા.
૪. બ્રહ્મસૂત્ર ૨ ૧-૧૪નું ભાષ્ય બ્રહ્મસૂત્ર અ. ૧ ૩-૧.

ઈશ્વર સૃષ્ટિનો કર્તા અને કર્મફલદાતા કેમ નથી ?

આ જગત ક્યારેય નવું નથી બન્યું. એનું અસ્તિત્વ તો સદા-કાળથી જ છે. હા, એમાં પરિવર્તન થયાં કરે છે. અનેક પરિવર્તન એવાં થાય છે કે જેમાં મનુષ્ય વગેરે પ્રાણીવર્ગના પ્રયત્નની અસર જોવામાં આવે છે, તેમ જ એવાં પરિવર્તન પણ થાય છે કે જેમાં કોઈના પ્રયત્નની અપેક્ષા નથી રહેતી; એ જડ તત્ત્વોના ભાતભાતના સંયોગોથી—ગરમી, વેગ, ક્રિયા વગેરે શક્તિઓથી—બનતાં રહે છે. દાખલા તરીકે માટી, પથ્થર વગેરે વસ્તુઓ એકત્ર થઈ જવાથી નાનામોટા ટેકરા કે પહાડ બની જાય છે. આમતેમથી પાણીના પ્રવાહો ભેગા થઈ જવાથી એ નદીરૂપે વહેવા લાગે છે. વરાળ પાણીરૂપે વરસે છે અને ફરી પાણી પણ વરાળ બની જાય છે વગેરે વગેરે. એટલા માટે ઈશ્વરને સૃષ્ટિનો કર્તા માનવાની કોઈ જરૂર નથી.

પ્રાણી જેવું કામ કરે છે એવું જ ફળ એમને કામ કરતાં મળે છે. કર્મ જડ છે અને પ્રાણી પોતે કરેલા ખરાબ કર્મનું ફળ મળે એમ નથી ઇચ્છતો, એ સાચું છે. પણ એ ધ્યાનમાં રાખવું જોઈએ કે જીવ—ચેતનના સંસર્ગથી કર્મમાં એવી શક્તિ પેદા થઈ જાય છે કે જેથી એ પોતાનાં સારાં-ખરાબ વિપાકોને, નિયત સમયે, જીવ ઉપર પ્રગટ કરી દે છે. કર્મવાદ એમ નથી માનતો કે જડ કર્મ ચેતનના સંબંધ વગર જ ફળ આપવામાં સમર્થ છે. એ તો એટલું જ કહે છે કે ફળ આપવા માટે ઈશ્વરરૂપ ચેતનની પ્રેરણા માનવાની કોઈ જરૂર નથી. કારણ કે બધાય જીવ ચેતન છે. તેઓ જેવું કામ કરે છે એની જ એમની બુદ્ધિ થઈ જાય છે કે જેથી ખરાબ કર્મના ફળની ઇચ્છા ન હોવા છતાં તેઓ એવું જ કામ કરી બેસે છે કે જેથી એમને પોતાના કર્મ પ્રમાણે ફળ મળી જાય છે. કર્મ કરવું એક વાત છે, અને એના ફળને ન ઇચ્છવું એ બીજી વાત છે. કેવળ ઇચ્છા નહીં હોવાથી કરેલા કર્મનું ફળ મળતું અટકી જાય એવું નથી બનતું. સામગ્રી એકત્ર

થઈ ગયા પછી કર્મ પોતાની મેળે જ ફળ આપે છે. દાખલા તરીકે, એક માણસ તડકામાં ઊભો છે, ગરમ ગરમ વસ્તુ ખાય છે અને ઇચ્છે છે કે તરસ ન લાગે, તો શું કોઈ રીતે એની તરસ રોકાઈ શકે છે? ઈશ્વરકર્તૃત્વવાદીઓનું કહેવું છે કે ઈશ્વરની ઇચ્છાથી પ્રેરણા પામીને કર્મ પોતપોતાનું ફળ પ્રાણીઓમાં પ્રગટાવે છે. આ વિષે કર્મવાદીઓ કહે છે કે કર્મ કરતી વખતે, એના આત્માના પરિણામ પ્રમાણે જીવમાં એવા સંસ્કાર રોપાઈ જાય છે કે જેથી પ્રેરાઈને કર્તા-જીવ કર્મના ફળને આપમેળે જ ભોગવે છે અને કર્મ એના ઉપર પોતાનું ફળ પોતે જ પ્રગટ કરે છે.

જીવ અને ઈશ્વર વચ્ચે ભેદ-અભેદ

ઈશ્વર ચેતન છે અને જીવ પણ ચેતન, તો પછી એમની વચ્ચે અંતર જ શું છે? હા, એટલું અંતર હોઈ શકે કે જીવની બધી શક્તિઓ આવરણોથી ઘેરાયેલી છે અને ઈશ્વરની ઘેરાયેલી નથી. પણ જ્યારે જીવ પોતાના આવરણોને દૂર કરી નાખે છે ત્યારે એની બધી શક્તિઓ પૂર્ણરૂપે પ્રકાશી ઊઠે છે. પછી જીવ અને ઈશ્વર વચ્ચે વિષમતા કેવી? વિષમતાનું કારણ જે ઔપાધિક કર્મ છે એ દૂર થઈ જતાં પણ ન વિષમતા ચાલુ રહે તો પછી મુક્તિનો જ શો અર્થ? વિષમતાનું રાજ સંસાર સુધી જ મર્યાદિત છે, આગળ નહીં. તેથી કર્મવાદ મુજબ એમ માનવામાં કોઈ બાધા નથી કે બધા મુક્ત જીવ ઈશ્વર જ છે; કેવળ શ્રદ્ધાને આધારે એમ કહેવું કે ઈશ્વર એક જ હોવા જોઈએ, એ બરાબર નથી.

પોતાના વિઘ્નનું કારણ જીવ પોતે જ

આ લોક કે પરલોક સાથે સંબંધ ધરાવતા કોઈ કામ માટે જ્યારે મનુષ્ય પ્રવૃત્તિ કરે ત્યારે એ તો સંભવતું જ નથી કે એને કોઈ પણ જાતના વિઘ્નોનો સામનો કરવો ન પડે. મનુષ્ય એવો વિશ્વાસ દાખવો જ જોઈએ કે અંતે હું જીતી જાઉં કે ન જીતી જાઉં પણ

માત્ર વિઘ્નનું આન્તરિક અને મૂળ કારણ માની આગળ જ વધવું જોઈએ. જે આભ્યન્તર ભૂમિકા ઉપર વિઘ્નરૂપી વિષવૃક્ષ ઊગે છે એનું બીજ પણ એ જ ભૂમિમાં વાવેલું હોવું જોઈએ. પવન, પાણી વગેરે બાહ્ય નિમિત્તોની જેમ એ વિઘ્નરૂપી વિષવૃક્ષને ઉગાડવામાં કદાચ કોઈ અન્ય વ્યક્તિ નિમિત્ત બની હો પણ એ વ્યક્તિ વિઘ્નનું બીજ નથી– એટલો વિશ્વાસ માનવીની વૃત્તિઓને સ્થિર કરી દે છે. જેથી એ મુશ્કેલીનું મૂળ કારણ પોતાની અંદરમાં નિહાળીને એને માટે એ ન તો બીજા કોઈના ઉપર દોષારોપણ કરે છે કે ન પોતે ગભરાય છે.

કર્મના સિદ્ધાંત અંગે ડૉ. મૅક્સમૂલરનો અભિપ્રાય

કર્મના સિદ્ધાંતની શ્રેષ્ઠતા સ્વીકારતા જે વિચારો ડૉ. મૅક્સમૂલરે દર્શાવ્યા છે તે જાણવા જેવા છે. તેઓ કહે છે કે—

એ તો નિશ્ચિત છે કે કર્મના સિદ્ધાંતનો પ્રભાવ માનવજીવન ઉપર બેહદ પડ્યો છે. જો માનવી એ જાણે કે વર્તમાન જીવનમાં કોઈ જાતનો અપરાધ કર્યો વગર પણ મારે જે કંઈ દુઃખ વેઠવું પડે છે એ મારા પૂર્વ જન્મના કર્મનું જ ફળ છે તો એ, જૂનું દેવું ચૂકવનાર માનવીની જેમ, શાંતપણે એ સંકટને સહન કરી લેશે અને સાથે સાથે જો એ માનવી એટલું પણ જાણતો હોય કે સહનશીલતાથી જૂનું દેવું ચૂકવી શકાય છે તથા એથી જ ભવિષ્યને માટે ધર્મની મૂડી ભેગી કરી શકાય છે તો એને ભલાઈને માર્ગે ચાલવાની પ્રેરણા આપોઆપ જ મળી જવાની. સારું કે ખરાબ, કોઈ પણ જાતનું કર્મ નાશ નથી પામતું. ધર્મશાસ્ત્રનો આ સિદ્ધાંત અને ભૌતિકશાસ્ત્રનો બલ-સંરક્ષણ-સંબંધી સિદ્ધાંત એ બન્ને એકસરખા છે. બન્ને સિદ્ધાંતોનો સાર એટલો જ છે કે કોઈનો પણ નાશ નથી થતો. કોઈ પણ ધર્મશિક્ષણના અસ્તિત્વ વિષે ભલે ગમે તેવી શંકા કેમ ન હોય, પણ એટલું તો સુનિશ્ચિત છે કે કર્મનો સિદ્ધાંત સૌથી વધારે સ્થાનોમાં સ્વીકારવામાં આવ્યો છે. એનાથી લાખો માનવીઓનાં દુઃખો ઓછાં

તો અહિંસાત્મક છે એમ સાબિત કરીને એનો લાભ લેવાનો ઉપદેશ આપવાનું કામ કર્મશાસ્ત્ર કરે છે. જેમના સંસ્કારો કેવળ અહિંસાત્મક થઈ ગયા હોય એમને કર્મશાસ્ત્રનો ઉપદેશ ભલે ખપનો ન પડે, પરંતુ એથી એની યથાર્થતામાં કશો જ ફેર નથી પડતો.

કર્મશાસ્ત્ર શરીર અને આત્માના અભેદના ભ્રમને દૂર કરીને એના ભેદજ્ઞાનને (વિવેકખ્યાતિને) પ્રગટ કરે છે એ સમયથી જ અંતર્દષ્ટિ ઊઘડે છે. અંતર્દષ્ટિ દ્વારા પોતામાં રહેલ પરમાત્મભાવનું દર્શન થાય છે. પરમાત્મભાવને જોઈને એને પૂર્ણરૂપે અનુભવમાં ઉતારવો, એનું જ નામ ઉચ્ચ શિવ (ભદ્ર) થવું છે. આ કલ્યાણને પ્રાપ્ત કરાવવાનું કામ, કંઈક ઘણું જ હશે, કર્મશાસ્ત્રે સ્વીકારી લીધું છે, કારણ કે એ જીવને ઘેરેલ જન્મ-જન્મના અભેદભ્રમમાંથી ભેદજ્ઞાન તરફ ફેરવીને પછી સ્વાભાવિક અભેદધ્યાનની ઉચ્ચ ભૂમિકા તરફ ખેંચી જાય છે. બસ, એનું કર્તવ્ય આટલું જ છે. સાથે સાથે યોગશાસ્ત્રના મુખ્ય પ્રતિપાદ્ય અંશનું વર્ણન પણ એમાં મળી જાય છે. તેથી એ સ્પષ્ટ છે કે કર્મશાસ્ત્ર અનેક શાસ્ત્રીય વિચારોની ખાણ છે એ જ એનું મહત્ત્વ છે. ઘણા પાઠકોને કર્મપ્રકૃતિઓની ગણતરી, સંખ્યાની બહુલતા વગેરેને લીધે એના પ્રત્યે રુચિ નથી થતી, પરંતુ એમાં કર્મશાસ્ત્રનો શો દોષ? ગણિત પદાર્થવિજ્ઞાન વગેરે ગૂઢ અને રસપૂર્ણ વિષયોમાં સ્થૂલદર્શી લોકોની દૃષ્ટિ નથી ખૂંપતી અને એમને રસ નથી આવતો, એમાં એ વિષયોનો શો દોષ? દોષ તો છે સમજનારાઓની બુદ્ધિનો. કોઈ પણ વિષયના અભ્યાસીને એમાં રસ ત્યારે જ આવે છે જ્યારે એ એના તળિયા સુધી ઊતરી જાય.

કર્મ શબ્દનો અર્થ અને એના કેટલાક પર્યાય

જૈન શાસ્ત્રમાં 'કર્મ' શબ્દથી બે અર્થ સમજવામાં આવે છે: પહેલો છે રાગ-દ્વેષાત્મક પરિણામ, જેને કષાય (ભાવકર્મ) કહે છે. અને બીજો છે કાર્મણજાતિના પુદ્ગલવિશેષ, જે કષાયને લીધે

આત્માને ચોંટેલાં હોય છે અને દ્રવ્યકર્મ કહેવાય છે.

જૈન દર્શનમાં જે અર્થ માટે 'કર્મ' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે એ અર્થને માટે અથવા એને મળતા અર્થને માટે જૈનેતર દર્શનોમાં આ શબ્દો મળે છે: માયા, અવિદ્યા, પ્રકૃતિ, અપૂર્વ, વાસના, આશય, ધર્માધર્મ, અદૃષ્ટ, સંસ્કાર, દૈવ, ભાગ્ય વગેરે.

માયા, અવિદ્યા, પ્રકૃતિ આ ત્રણ શબ્દ વેદાંતમાં મળે છે. એનો મૂળ અર્થ લગભગ જૈન દર્શનના ભાવકર્મ જેવો થાય છે. 'અપૂર્વ' શબ્દ મીમાંસા દર્શનમાં મળે છે. 'વાસના' શબ્દ બૌદ્ધ દર્શનમાં પ્રસિદ્ધ છે, પરંતુ યોગ દર્શનમાં પણ એનો પ્રયોગ કરવામાં આવ્યો છે. ધર્માધર્મ, અદૃષ્ટ અને સંસ્કાર આ ત્રણ શબ્દોનો પ્રયોગ અન્ય દર્શનોમાં પણ મળે છે, પણ વિશેષ કરીને ન્યાય તથા વૈશેષિક દર્શનમાં. દૈવ, ભાગ્ય, પુણ્ય-પાપ વગેરે કેટલાક શબ્દો એવા છે કે જે બધાંય દર્શનોમાં સામાન્ય રીતે છે. જેટલાં દર્શનો આત્મવાદી છે અને પુનર્જન્મ માને છે એમને પુનર્જન્મની સિદ્ધિને માટે—એના સમર્થનને માટે—કર્મ માનવું જ પડે છે.

કર્મનું સ્વરૂપ

મિથ્યાત્વ, કષાય વગેરે કારણોથી પ્રેરાઈને જીવ જે પ્રવૃત્તિ કરે છે તે 'કર્મ' કહેવાય છે. કર્મનું આ લક્ષણ ઉપર સૂચવેલ ભાવકર્મ તથા દ્રવ્યકર્મ બન્નેને લાગુ પડે છે; કેમ કે ભાવકર્મ આત્મા કે જીવનો વૈભાવિક પરિણામ છે, તેથી જીવ જ એનો ઉપાદાનરૂપ કર્તા છે; અને દ્રવ્યકર્મ જે કાર્મણ જાતિના સૂક્ષ્મ પુદ્ગલોનો વિકાર છે એનો કર્તા પણ નિમિત્તરૂપે જીવ જ છે. ભાવકર્મમાં દ્રવ્યકર્મ નિમિત્ત છે અને દ્રવ્યકર્મમાં ભાવકર્મ નિમિત્ત છે. આ રીતે આ બન્નેનો આપસ-આપસમાં બીજ અને અંકુરના જેવો કાર્યકારણ સંબંધ છે.

પાપ-પુણ્યની કસોટી

સામાન્ય લોકો કહે છે કે ધન, ફૂલ, મેવા વગેરે ક્રિયાઓ કરવાથી શુભ કર્મનો (પુણ્યનો) બંધ થાય છે અને કોઈને દુઃખ દેવું, ઇચ્છા વિરુદ્ધ કામ કરવું વગેરેથી અશુભ કર્મનો (પાપનો) બંધ થાય છે. પણ આ કંઈ પુણ્ય-પાપનો નિર્ણય કરવાની મુખ્ય કસોટી નથી. એક પરોપકારી ડાક્ટર જ્યારે કોઈનું ઓપરેશન કરે છે ત્યારે એ દર્દીને કષ્ટ તો જરૂર થાય છે. હિતૈષી માતાપિતા અણસમજુ છોકરાને એની ઇચ્છા વિરુદ્ધ ભણાવવાનો પ્રયત્ન કરે છે ત્યારે એ બાળકને દુઃખ જેવું જરૂર લાગે છે પણ એટલા માત્રથી ન તો એ ડાક્ટર અનુચિત કામ કરનારો લેખાય છે કે ન એ હિતૈષી માતાપિતા દોષને પાત્ર સમજાય છે. આથી ઊલટું, જ્યારે કોઈ માણસ, ભોળા લોકોને ઠગવાના ઇરાદાથી કે બીજા કોઈ તુચ્છ ઇરાદાથી ધન, પૂજા વગેરે ક્રિયાઓ કરે છે ત્યારે એ પુણ્યને બદલે પાપનો બંધ કરે છે. તેથી પુણ્યબંધ કે પાપબંધની સાચી કસોટી કેવળ ઉપરની ક્રિયા નથી, પણ એની સાચી કસોટી કર્તાનો ઇરાદો છે. પુણ્ય-પાપની આ કસોટી સૌને સામાન્ય રીતે માન્ય છે. કારણ કે આ સિદ્ધાંત સર્વમાન્ય છે કે— યાદૃશી ભાવના યસ્ય સિદ્ધિર્ભવતિ તાદૃશી।

સાચી નિર્લેપતા—કર્મ ક્યારે ન બંધાય?

સામાન્ય લોકો એમ માની બેસે છે કે અમુક કામ ન કરવાથી આપણને પુણ્ય-પાપનો લેપ નથી લાગતો. તેથી તેઓ એ કામને તો ત્યજી દે છે પણ ઘણીવાર એમની માનસિક ક્રિયા નથી છૂટતી. તેથી તેઓ પુણ્ય-પાપથી અલિપ્ત રહેવાની ઇચ્છા રાખવા છતાં પણ એનાથી પોતાની જાતને મુક્ત નથી કરી શકતા।

એટલા માટે એ વિચારવું જોઈએ કે સાચી નિર્લેપતા શેને કહેવાય? માનસિક ક્ષોભ અર્થાત્ કષાયને લેપ (બંધ) કહે છે. જો કષાય ન હોય તો ઉપર જણાવેલી કોઈ ક્રિયા આત્માને બંધનમાં

થઈ શકતી નથી. આથી ઊલટું જો કષાયના વેગ અંદર વિદ્યમાન હોય તો ઉપર ઉપરથી હજાર પ્રયત્ન કરવા છતાં પણ કોઈ વ્યક્તિ પોતાની જાતને બંધનથી બચાવી નથી શકતી. કષાયમુક્ત વીતરાગ બધી જગ્યાએ, જળમાં કમળની જેમ, નિર્લેપ રહે છે પણ કષાયવાન આત્મા યોગનો દેખાવ કરીને પણ પોતાની તલ જેટલી પણ શુદ્ધિ નથી કરી શકતો. એટલા માટે જ એમ કહેવામાં આવે છે કે આસક્તિનો ત્યાગ કરીને જે કામ કરવામાં આવે છે તે બંધક નથી બનતું. કારણ કે સાચી નિર્લેપતા માનસિક લોભના ત્યાગમાં છે. આ જ ઉપદેશ કર્મશાસ્ત્રમાં મળે છે અને ગીતા પણ એ જ વાત કહેવામાં આવી છે કે—

> मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ।
> बन्धाय विषयाऽऽसंगि मोक्षे निर्विषयं स्मृतम् ॥ मैत्र्युपनिषद्

કર્મનું અનાદિત્વ

વિચારશીલ માણસના મનમાં પ્રશ્ન ઊઠે છે કે કર્મ સાદિ છે કે અનાદિ? આના ઉત્તરમાં જૈન દર્શને કહ્યું છે કે કર્મ વ્યક્તિની (એક એક કર્મની) અપેક્ષાએ સાદિ છે અને પ્રવાહની અપેક્ષાએ અનાદિ છે. પણ કર્મનો પ્રવાહ ક્યારે શરૂ થયો, એ કોઈ કહી શકતું નથી. ભવિષ્યની સાથે ભૂતકાળનું પ્રમાણ અનંત છે અને અનંતનું વર્ણન અનાદિ કે અનંત શબ્દ સિવાય બીજી કોઈ રીતે થઈ શકતું નથી. એટલા માટે કર્મના પ્રવાહને અનાદિ કહેવા સિવાય બીજો કોઈ આરો નથી. કર્મપ્રવાહના અનાદિત્વને અને મુક્ત જીવોના સંસારમાં પાછા નહીં ફરવાપણાને બધાં પ્રતિષ્ઠિત દર્શનો માને છે.

કર્મબંધનું કારણ

જૈન દર્શનમાં મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચારને કર્મબંધનાં કારણો કહેલ છે. આનો સંક્ષેપ પાછળનાં બે (કષાય અને

યોગ) કારણોમાં કોઈક મોહ છે. વધારે ટૂંકમાં કહેવું હોય તો એમ કહી શકાય કે કષાય જ કર્મનું કારણ છે. આમ તો કાર્મિક વિભાગના અનેક પ્રકાર છે, પણ આધ્યાત્મિક વિદ્વાનોએ એ બધાનું ટૂંકમાં વર્ગીકરણ કરીને એના રાગ અને દ્વેષ એમ બે જ પ્રકાર કર્યા છે. અજ્ઞાન, મિથ્યાજ્ઞાન વગેરે જે કર્મનાં કારણો કહેવાય છે એ પણ રાગ દ્વેષના સંબંધને લીધે જ. રાગની કે દ્વેષની માત્રા વધી કે જ્ઞાન વિપરીત રૂપે પરિણમવા લાગ્યું જ. આથી શબ્દભેદ ભલે હોય પણ કર્મબંધનાં કારણો વિશે બીજાં આસ્તિક દર્શનો સાથે જૈન દર્શનને કોઈ મતભેદ નથી. નૈયાયિક તથા વૈશેષિક દર્શનમાં મિથ્યાજ્ઞાનને, યોગદર્શનમાં પ્રકૃતિપુરુષના અભેદજ્ઞાનને અને વેદાંત વગેરેમાં અવિદ્યાને તથા જૈન દર્શનમાં મિથ્યાત્વને કર્મનું કારણ કહ્યું છે. પણ એ વાત ધ્યાનમાં રાખવી કે ગમે તેને કર્મનું કારણ કેમ ન માનવામાં આવે, પણ જો એમાં કર્મની બંધકતા (કર્મલેપ પેદા કરવાની શક્તિ) હોય તો તે રાગદ્વેષના સંબંધને લીધે જ. રાગદ્વેષનો ઘટાડો કે અભાવ થતાં જ અજ્ઞાનપણું (મિથ્યાત્વ) ઓછું થતું જાય છે કે નાશ પામે છે. મહાભારતના શાંતિપર્વમાંના 'કર્મણા બધ્યતે જન્તુઃ' એ કથનમાં પણ કર્મ શબ્દનો અર્થ રાગદ્વેષ જ છે.

કર્મથી છૂટવાના ઉપાયો

જૈન શાસ્ત્રોમાં પરમ પુરુષાર્થ—મોક્ષ મેળવવાનાં ત્રણ સાધન બતાવ્યાં છે : (૧) સમ્યગ્દર્શન, (૨) સમ્યગ્જ્ઞાન અને (૩) સમ્યક્ચારિત્ર. ક્યાંક ક્યાંક જ્ઞાન અને ક્રિયા, એ બેને જ મોક્ષનાં સાધન કહ્યાં છે. આવા સ્થળોમાં દર્શનને જ્ઞાનસ્વરૂપ—જ્ઞાનવિશેષ—માનીને એને જુદું નથી ગણ્યું. પણ સવાલ એ થાય છે કે વૈદિક દર્શનોમાં કર્મ, જ્ઞાન, યોગ, અને ભક્તિ, એ ચારેને મોક્ષનું સાધન માન્યાં છે, તો પછી જૈન દર્શનમાં ત્રણ કે બે જ સાધન કેમ કહ્યાં? આનો ખુલાસો એ છે કે જૈન દર્શનમાં જે સમ્યક્ચારિત્રને સમાવિષ્ટ કરેલ છે એમાં કર્મ

અને યોગ બન્ને માર્ગોનો સમાવેશ થઈ જાય છે કારણ કે સમ્યક્ ચારિત્રમાં મનોનિગ્રહ, ઇંદ્રિયદમન, ચિત્તશુદ્ધિ, સમભાવ અને એ માટે લેવામાં આવતા ઉપાયોનો સમાવેશ થઈ જાય છે મનોનિગ્રહ, ઇંદ્રિયદમન વગેરે સાત્ત્વિક યજ્ઞ જ કર્મમાર્ગ છે અને ચિત્તશુદ્ધિ તેમ જ એને માટે કરવામાં આવતી સત્પ્રવૃત્તિ એ જ યોગમાર્ગ છે આ રીતે કર્મમાર્ગ અને યોગમાર્ગનું મિશ્રણ, એ જ સમ્યક્ચારિત્ર છે સમ્યગ્દર્શન એ જ ભક્તિમાર્ગ છે કારણ કે ભક્તિમાં શ્રદ્ધાનો અંશ મુખ્ય હોય છે અને સમ્યગ્દર્શન પણ શ્રદ્ધારૂપ જ છે સમ્યગ્જ્ઞાન જ જ્ઞાનમાર્ગ છે આ રીતે જૈન દર્શનમાં દર્શાવેલાં મોક્ષનાં ત્રણ સાધનો અન્ય દર્શનોનાં બધાં સાધનોનો સમુચ્ચય છે

આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ અને પુનર્જન્મ

કર્મ અંગે ઉપર જે કંઈ કહેવામાં આવ્યું છે એની સંગતિ ત્યારે જ થઈ શકે છે કે જ્યારે આત્માને જડથી જુદું તત્ત્વ માનવામાં આવે. આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ જે પ્રમાણોથી જાણી શકાય છે એમાં એક પુનર્જન્મ પણ છે એટલું જ નહીં પરંતુ વર્તમાન શરીર પછી આત્માનું અસ્તિત્વ માનવામાં ન આવે તો કેટલાક પ્રશ્નોનો નિકાલ નથી થઈ શકતો.

ઘણા માણસો એવા જોવામાં આવે છે કે જેઓ આ જન્મમાં પ્રામાણિક જીવન વિતાવે છે પરંતુ રહે છે દરિદ્ર અને એવા પણ માણસો જોવામાં આવે છે કે જેઓ ન્યાય નીતિ અને ધર્મનું નામ સાંભળીને ચિડાઈ જાય છે પરંતુ હોય છે બધી રીતે સુખી. એવા અનેક માણસો મળી શકે છે કે જેઓ પોતે દોષ કરે છે અને એ દોષો —અપરાધોનું ફળ ભોગવે છે બીજા. ખૂન એક કરે છે અને મદીવાન જાણીને ફાંસીને માંચડે ચડે છે બીજો. ચોરી એક કરે છે અને પકડાયો જાય છે બીજો. આ ઉપરથી એ વિચાર કરવો જોઈએ કે જેમને પોતાના સારા કે ખરાબ કૃત્યનો બદલો આ જન્મમાં નથી મળ્યો

કર્મ એકબીજાના વિરોધી છે; કયા કર્મનો બંધ કઈ અવસ્થામાં અવશ્યંભાવી અને કઈ અવસ્થામાં અનિયત છે; કયા કર્મનો વિપાક કઈ સ્થિતિ સુધી નિયત અને કઈ સ્થિતિમાં અનિયત છે; આત્મા સાથે એકમેક અતીન્દ્રિય કર્મરજ કેવા પ્રકારની આકર્ષણશક્તિથી પુદ્ગલોને આકર્ષ્યા કરે છે અને એ દ્વારા કેવી રીતે શરીર, મન, સૂક્ષ્મ શરીર વગેરેની રચના કર્યા કરે છે;—વગેરે વગેરે કર્મ સાથે સંબંધ ધરાવતા સંખ્યાબંધ પ્રશ્નોનો યુક્તિયુક્ત, વિસ્તૃત અને વિશદ ખુલાસો જૈન કર્મસાહિત્ય સિવાય બીજા કોઈ પણ દર્શનના સાહિત્યથી નથી થઈ શકતો. કર્મતત્ત્વ સંબંધી જૈન દર્શનની આ એક વિશેષતા છે.

[કર્મવિ. ભા. ૧ પ્ર. પૃ. ૨૦૫-૨૧૧, ૨૧૩, ૨૨૬, ૨૩૫-૨૩૮]

૧૩
અનેકાંતવાદ

અનેકાંત એ જૈન સંપ્રદાયનો મુખ્ય સિદ્ધાંત છે. જે તત્ત્વજ્ઞાન અને ધર્મના બંને ક્ષેત્રમાં સમાનપણે માન્ય થયેલો છે. અનેકાંત અને સ્યાદ્વાદ એ બન્ને શબ્દો અત્યારે સામાન્ય રીતે એક જ અર્થમાં વપરાય છે. માત્ર જૈનો જ નહિ પણ જૈનેતર સમજદાર લોકો જૈન દર્શન ને જૈન સંપ્રદાયને અનેકાંતદર્શન કે અનેકાંતસંપ્રદાય તરીકે ઓળખે–ઓળખાવે છે. યુગોથી જૈન લોકો પોતાની અનેકાંત સંબંધી માન્યતાને એક અભિમાનની વસ્તુ લેખતા આવ્યા છે અને એની ઉદારતા તેમ જ સુંદરતાનું બયાન કરતા આવ્યા છે. અહીં આપણે જોવાનું એ છે કે અનેકાંત એ વસ્તુ શું છે?

અનેકાંતની સામાન્ય સમજૂતી

અનેકાંત એ એક જાતની વિચારપદ્ધતિ છે. તે બધી દિશાઓથી, બધી બાજુથી ખુલ્લું એવું એક માનસચક્ષુ છે. જ્ઞાનના, વિચારના અને આચરણના કોઈ પણ વિષયને તે માત્ર એક જ તરફથી કે અધૂરી બાજુથી જોવા ના પાડે છે અને શક્ય હોય તેટલી વધારેમાં વધારે બાજુઓથી, વધારેમાં વધારે વિગતોથી અને વધારેમાં વધારે માર્મિક રીતે તે સત્ય કાંઈ વિચારવા, આચરવાનો પક્ષપાત ધરાવે છે. આ તેનો પક્ષપાત પણ માત્ર સત્યના પાયા ઉપર જ બંધાયેલો છે અને તેનું જીવિતપણું અમર જીવન એટલે જેની પાછળ, આગળ કે અંદર સર્વત્ર સત્યનું–યથાર્થતાનું વહેણ. અનેકાંત એ માત્ર કલ્પના નથી,

એવું કોણ છે કે જેણે (નિયામક બનાવ્યું? આવી બધી દલીલો આત્માને જુદાં એમ માન્યા વગર ચાલતું નથી કે જેમ જડ સ્વતંત્ર તત્ત્વ છે અને એ અનાદિ-અનંત છે તેમ જ કર્મ કરે છે એનું ફળ એને ભોગવવું (પડે છે અને એટલા માટે એને પુનર્જન્મના ચક્રમાં ફરવું પડે છે. પુનર્જન્મને પણ પુનર્જન્મ માનેલ છે. પ્રાચીન નિર્ગ્રંથશાસ્ત્ર પણ પ્રતિ કિંચી કર્મનો પ્રભાવ તેમ પુનર્જન્મને માને છે. પુનર્જન્મનો આ સ્વીકાર આત્માના સ્વતંત્ર અસ્તિત્વને માનવાનો પ્રબળ પુરાવો છે.

કર્મતત્ત્વ અંગે જૈન દર્શનની વિશેષતા

જૈન દર્શનમાં દરેક કર્મની બધ્યમાન, સત્ અને ઉદયમાન એ ત્રણ અવસ્થાઓ માની છે. એને અનુક્રમે બંધ, સત્તા અને ઉદય કહે છે. જૈનેતર દર્શનોમાં પણ કર્મની આ અવસ્થાઓનું વર્ણન છે. એમાં બધ્યમાન કર્મને ક્રિયમાણ, સત્ કર્મને સંચિત અને ઉદયમાનને પ્રારબ્ધ કહેલ છે. પણ જૈન શાસ્ત્રમાં જ્ઞાનાવરણીય વગેરે કર્મના ૮ ભાગો તથા ૧૪૮ પ્રભેદોનું વર્ગીકરણ કરું છે અને એ દ્વારા સંસારી આત્માની અનુભવસિદ્ધ ભિન્નભિન્ન અવસ્થાઓના જેવા ખુલાસો કરવામાં આવ્યા છે તેવો કોઈ પણ જૈનેતર દર્શનમાં નથી. પાતંજલ દર્શનમાં કર્મના જાતિ, આયુ અને ભોગ એવા ત્રણ પ્રકારના વિપાક બતાવ્યા છે, પરંતુ જૈન દર્શનમાં કરવામાં આવેલ કર્મ સંબંધી વિચારણાની આગળ એ વર્ણન નામનું જ લાગે છે.

આત્માની સાથે કર્મનો બંધ કેવી રીતે થાય છે? એનાં કારણો શાં છે? ક્યા કારણે કર્મમાં કેવી શક્તિ પેદા થાય છે? કર્મ વધુમાં વધુ અને ઓછામાં ઓછો કેટલા વખત સુધી આત્માને વળગેલું રહે છે? આત્માને વળગેલું હોવા છતાં કર્મ કેટલા વખત સુધી વિપાક—ફળ આપવામાં અસમર્થ છે? વિપાકના નિશ્ચિત સમયમાં પણ ફેરફાર

થઈ શકે કે નહીં? એક કર્મ બીજા કર્મમાં ક્યારે ફેરવાઈ જાય છે? એમની બંધ સમયની તીવ્ર કે મંદ શક્તિમાં કેવી રીતે ફેરફાર થઈ શકે? પાછળથી વિપાક-ફળ આપનારું કર્મ પહેલાં ક્યારે અને કેવી રીતે ભોગવી શકાય છે? કર્મ ગમે તેટલું બળવાન કેમ ન હોય, પણ આત્માના શુદ્ધ પરિણામોથી એ વિપાકને કેવી રીતે રોકી શકાય છે? ક્યારેક ક્યારેક આત્મા સેંકડો પ્રયત્ન કરે તોપણ કર્મ પોતાનો વિપાક ભોગવ્યા વગર કેમ નથી છૂટતું? આત્મા કેવી રીતે કર્મનો કર્તા અને ભોક્તા છે? આમ હોવા છતાં પણ વસ્તુતઃ આત્મામાં કર્મનું કર્તૃત્વ અને ભોક્તૃત્વ કેવી કેવી રીતે નથી? સંક્લેશરૂપ પરિણામ પોતાની આકર્ષણશક્તિથી આત્મા ઉપર એક પ્રકારની સૂક્ષ્મ રજનું આચ્છાદન કેવી રીતે નાખી દે છે? આત્મા વીર્ય-શક્તિને પ્રગટાવીને આ સૂક્ષ્મ રજના આચ્છાદનને કેવી રીતે હટાવી દે છે? સ્વભાવે શુદ્ધ આત્મા પણ કર્મના પ્રભાવે કેવી રીતે મલિન જેવો દેખાય છે? અને બાહ્ય હજારો આવરણ હોવા છતાં પણ આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપથી મલિન કેવી રીતે નથી બનતો? એ પોતાની ઉત્ક્રાંતિને સમયે પહેલાં બાંધેલાં ઉગ્ર કર્મોને કેવી રીતે દૂર કરી દે છે? એ પોતામાં રહેલા પરમાત્મભાવનાં દર્શન કરવા માટે જ્યારે ઉત્સુક થાય છે તે વખતે એની અને એમાં અંતરાયરૂપ બનતાં કર્મોની વચ્ચે કેવું દ્વંદ્વ જામે છે? છેવટે વીર્યવાન આત્મા કેવી જાતનાં પરિણામોથી બળવાન કર્મોને કમજોર કરીને પોતાના પ્રગતિમાર્ગને નિષ્કંટક બનાવે છે? આ ભવભ્રમણમાં બિરાજેલા પરમાત્મદેવનો સાક્ષાત્કાર કરાવવામાં ઉપયોગી એવા પરિણામ, જેને અપૂર્વકરણ તથા અનિવૃત્તિકરણ કહે છે એમનું સ્વરૂપ શું છે? જીવ પોતાના શુદ્ધ પરિણામોની પરશુરૂપી તીક્ષ્ણ ધારથી કર્મરૂપી પર્વતોના કેવી રીતે ટુકડેટુકડા કરી નાખે છે? વળી ક્યારેક ક્યારેક થોડા વખત માટે દબાઈ ગયેલાં કર્મ જ ફરી પાછાં ઉછળીને પ્રગતિશીલ આત્માને કેવી રીતે નીચે પાડી દે છે? બંધ અને ઉદયની દૃષ્ટિએ ક્યા કર્મ

કર્મ આત્માના ગુણોનાં વિરોધી છે; કયા કર્મનો બંધ કઈ અવસ્થામાં અવશ્યભાવી અને કઈ અવસ્થામાં અનિયત છે; કયા કર્મનો વિપાક કઈ સ્થિતિ સુધી નિયત અને કઈ સ્થિતિમાં અનિયત છે; આત્મા સાથે સંબદ્ધ અતીન્દ્રિય કર્મરજ કેવા પ્રકારની આકર્ષણશક્તિથી પુદ્ગલોને આકર્ષ્યા કરે છે અને એ દ્વારા કેવી રીતે શરીર, મન, સૂક્ષ્મ શરીર વગેરેની રચના કર્યા કરે છે—વગેરે વગેરે કર્મ સાથે સંબંધ ધરાવતા સંખ્યાબંધ પ્રશ્નોનો યુક્તિયુક્ત, વિસ્તૃત અને વિશદ ખુલાસો જૈન કર્મસાહિત્ય સિવાય બીજા કોઈ પણ દર્શનના સાહિત્યમાંથી નથી થઈ શકતો. કર્મતત્ત્વ સંબંધી જૈન દર્શનની આ જ વિશેષતા છે.

[દચિ ભા. ૨ પૃ. ૨૧૦–૨૧૧, ૨૧૩, ૨૧૯, ૨૩૫–૨૩૮]

પણ સત્યસિદ્ધ થયેલી કલ્પના હોઈ તે તત્ત્વજ્ઞાન છે અને વિધિ આચરણનો વિષય હોઈ તે ધર્મ પણ છે. અનેકાંતનું ફલિતાર્થ એમાં છે કે તે જેમ બીજા વિષયોને બધી બાજુથી તટસ્થપણે જોવા, વિચારવા અપનાવવા પ્રેરે છે તેમ એ પોતાના સ્વરૂપ અને ફલિત પણ વિશે પણ ખુલ્લા મનથી વિચાર કરવા ફરમાવે છે. જેટલું વિચારનું ખુલ્લાપણું સ્પષ્ટપણું અને તટસ્થપણું તેટલું જ અનેકાંતનું બળ કે પ્રાણ.

[દચિ ભા૦ ૨, પૃ [illegible]]

કોઈ પણ વિશિષ્ટ દર્શન હોય કે ધર્મ પંથ હોય, એના આધારરૂપ —એના મૂળ પ્રવર્તક પુરુષની—એક ખાસ દૃષ્ટિ હોય છે. જેમ કે શંકરાચાર્યની પોતાના મતનિરૂપણમાં અદ્વૈતદૃષ્ટિ અને ભગવાન બુદ્ધની પોતાના ધર્મ પંથ પ્રવર્તનમાં મધ્યમપ્રતિપદાદૃષ્ટિ એ ખાસ દૃષ્ટિઓ છે. જૈન દર્શન ભારતીય દર્શનોમાં એક વિશિષ્ટ દર્શન છે અને સાથે સાથે વિશિષ્ટ ધર્મપંથ પણ છે તેથી એના પ્રવર્તક અને પ્રચારક મુખ્ય પુરુષોની એક ખાસ દૃષ્ટિ એના મૂળમાં હોવી જ જોઈએ, અને એ છે પણ ખરી. આ દૃષ્ટિ જ અનેકાંતવાદ છે. જૈન તત્ત્વવિચાર હોય કે આચાર—વ્યવહાર હોય, બધે તે હોય, એ બધું અનેકાંતદૃષ્ટિને આધારે યોજવામાં આવે છે. અથવા એમ કહી શકાય કે અનેક પ્રકારના વિચારો અને આચારોમાંથી જૈન વિચાર અને જૈન આચાર શું છે? એ કેવા હોઈ શકે?—એ નક્કી કરવાની અને એની આચરણી કરવાની એકમાત્ર કસોટી પણ અનેકાંતદૃષ્ટિ જ છે.

[દચિ ભા૦ ૨, પૃ [illegible]]

અન્ય દર્શનોમાં દેખાતી અનેકાંતદૃષ્ટિ

આપણે બધા જાણીએ છીએ કે બુદ્ધ પોતાને વિભજ્યવાદી કહે છે.[1] જૈન આગમોમાં મહાવીરને પણ વિભજ્યવાદી કહ્યા છે.[2] વિભ-

૧. મજ્ઝિમનિકાય સુ ૯૯
૨. સૂત્રકૃતાંગ

ભજ્યનો અર્થ છે પૃથક્કરણ કરીને સત્ય-અસત્યનું નિરૂપણ કરવું અને અંશોનો યોગ્ય સમન્વય કરવો. વિભજ્યવાદનું જ બીજું નામ અનેકાંત છે કારણ કે વિભજ્યવાદમાં એકાંત દૃષ્ટિબિંદુનો ત્યાગ હોય છે. બૌદ્ધ પરંપરામાં વિભજ્યવાદ ને સ્થાને મધ્યમમાર્ગ શબ્દ વધારે રૂઢ છે. અંતો (છેડાઓ)નો ત્યાગ કરવા છતાં અનેકાંતના અવલંબનમાં જુદા જુદા વિચારોના જુદા જુદા દૃષ્ટિબિંદુ હોઈ શકે છે તેથી જ આપણે ન્યાય, સાંખ્યયોગ અને મીમાંસક જેવાં દર્શનોમાં પણ વિભજ્યવાદ તથા અનેકાંત શબ્દના ઉપયોગથી નિરૂપણ થયેલું જોઈએ છીએ. અક્ષપાદકૃત ન્યાયસૂત્રના પ્રસિદ્ધ ભાષ્યકાર વાત્સ્યાયને ૨-૧-૧૫, ૧૬ ના ભાષ્યમાં જે નિરૂપણ કર્યું છે તે અનેકાંતનું સ્પષ્ટ દ્યોતક છે અને 'વ્યાકરણં વિભાગવચન' એમ કહીને તો એમણે વિભજ્યવાદનો જ પાયો નાખ્યો છે. આપણે સાંખ્યદર્શનની તત્ત્વચિંતનની સમગ્ર પ્રક્રિયાને ધ્યાનપૂર્વક જોઈશું તો જણાશે કે એનું નિરૂપણ અનેકાંતદૃષ્ટિથી કરવામાં આવ્યું છે. યોગદર્શનના ૩-૧૩ સૂત્રના ભાષ્ય તથા તત્ત્વવૈશારદી વિવરણને ધ્યાનપૂર્વક વાંચનાર, સાંખ્યયોગ દર્શનની અનેકાંતદૃષ્ટિને બરાબર સમજી શકે છે. કુમારિલે પણ શ્લોકવાર્તિકમાં તેમ જ બીજે પોતાની તત્ત્વવ્યવસ્થામાં અનેકાંત દૃષ્ટિનો ઉપયોગ કર્યો છે.[1] માત્ર ઉપનિષદોનો જ આધાર લઈને કેવલાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત દ્વૈતાદ્વૈત, શુદ્ધાદ્વૈત વગેરે અનેક વાદ સ્થાપિત થયા છે તે ખરી રીતે અનેકાંતવિચારસરણીના જુદા જુદા પ્રકાર છે. તત્ત્વચિંતનની વાત બાજુએ મૂકી આપણે માનવજૂથોના જુદા જુદા આચાર-વ્યવહારો ઉપર ધ્યાન આપીશું તો એમાં પણ આપણને અનેકાંતદૃષ્ટિ દેખાશે. ખરી રીતે જીવનનું સ્વરૂપ જ એવું છે કે જે એકાંત દૃષ્ટિમાં પૂરેપૂરું અભિવ્યક્ત નથી થઈ શકતું. માનવ વ્યવહાર પણ એવો છે કે જે અનેકાંતદૃષ્ટિનું અંતિમ અવલંબન લીધા વગર નભી શકતો નથી.

[જ્યોતિ ભા. ૬, ૪ ૧૦-૫૧]

૧ શ્લોકવાર્તિક, આત્મવાદ ૨૯ ક વગેરે.

અનેકાંતદૃષ્ટિનો આધાર : સત્ય

જ્યારે ધર્મ, જૈન વિચાર અને આચારનો પાયો અનેકાંતદૃષ્ટિ જ છે ત્યારે પહેલાં એ જોવું જોઈએ કે અનેકાંતદૃષ્ટિ કયાં તત્ત્વોને આધારે ઊભી કરવામાં આવી છે? વિચાર કરતાં તેમ જ અનેકાંતદૃષ્ટિના સાહિત્યનું અવલોકન કરતાં જણાય છે કે અનેકાંતદૃષ્ટિ સત્યના આધારે ઊભી છે. જોકે બધા મહાપુરુષો સત્યને જ માને છે અને સત્યની જ શોધ તેમ જ સત્યના જ નિરૂપણમાં પોતાનું જીવન વિતાવે છે, છતાં પણ સત્યના નિરૂપણની પદ્ધતિ અને સત્યની શોધ બધાની એકસરખી નથી હોતી. બુદ્ધદેવ જે શૈલીથી સત્ય નિરૂપણ કરે છે કે શંકરાચાર્ય, ઉપનિષદોને આધારે, જે રીતે સત્ય પ્રકાશન કરે છે એનાથી ભગવાન મહાવીરની સત્યપ્રકાશન શૈલી જુદી છે. ભગવાન મહાવીરની સત્યપ્રકાશન શૈલીનું જ બીજું નામ અનેકાંતવાદ છે. એના મૂળમાં બે તત્ત્વ છે: પૂર્ણતા અને યથાર્થતા. જે પૂર્ણ હોય, અને પૂર્ણ હોય છતાં યથાર્થ રૂપે પ્રતીત થાય એને જ સત્ય કહેવામાં આવે છે.

કોઈ પણ વસ્તુનું સંપૂર્ણરૂપે ત્રિકાલાબાધિત યથાર્થ દર્શન થવું મુશ્કેલ છે. અને કોઈને એ થઈ પણ જાય તોપણ એનું એ જ રૂપે શબ્દોમાં યથાર્થ વર્ણન કરવું એ સત્યદ્રષ્ટા અને સત્યવાદીને માટે પણ બહુ મુશ્કેલ છે. કોઈ એ મુશ્કેલ કામને કોઈક અંશે કરવાવાળા નીકળી પણ આવે તોપણ દેશ, કાળ, પરિસ્થિતિ, ભાષા, શૈલી વગેરેના અનિવાર્ય ભેદને લીધે એ બધાના કથનમાં કાંઈક ને કાંઈક વિરોધ કે ભેદ દેખાઈ આવે, એ અનિવાર્ય છે. આ તો થઈ એ પૂર્ણદર્શી અને સત્યવાદી ગણ્યાગાંઠ્યા મનુષ્યોની વાત કે જેમને આપણે કેવળ કલ્પના કે અનુમાનને આધારે સમજીએ કે માની લઈએ છીએ. આપણો અનુભવ તો સાધારણ મનુષ્યો સુધી મર્યાદિત છે, અને એ કહે છે કે સાધારણ મનુષ્યોમાં પણ ઘણા યથાર્થવાદી હોય છતાં પણ અપૂર્ણદર્શી

હોય છે. આવી સ્થિતિમાં યથાર્થવાદીપણું હોવા છતાં પણ પોતાનું દર્શન આંશિક હોવાને લીધે અને એને પ્રગટ કરવાની સામગ્રી પણ અપૂર્ણ હોવાને કારણે સત્યપ્રિય માણસોની સમજણમાં પણ ક્યારેક ક્યારેક ફેર પડી જાય છે અને સંસ્કારભેદ એમનામાં પરસ્પર વિરોધ સર્જી પેદા કરી દે છે. આ રીતે પૂર્ણદર્શી અને અપૂર્ણદર્શી બધાય સત્યવાદીઓ મારફત છેવટે ભેદ અને વિરોધની સામગ્રી આપોઆપ જમા થઈ જાય છે અથવા બીજા લોકો એમના નામે આવી સામગ્રી પેદા કરી લે છે.

ભગવાન મહાવીરે શોધેલી અનેકાંતદૃષ્ટિ અને એની શરતો

આવી વસ્તુસ્થિતિ જોઈને ભગવાન મહાવીરે વિચાર્યું કે એવો શો તે કાઢી શકાય કે જેથી વસ્તુનું પૂર્ણ કે અપૂર્ણ સત્યદર્શન કરવાવાળાની સાથે અન્યાય ન થાય. બીજાનું દર્શન અપૂર્ણ તેમ જ પોતાના દર્શનનું વિરોધી હોવા છતાં જો એ સત્ય હોય, અને એ જ પ્રમાણે પોતાનું દર્શન અપૂર્ણ તેમ જ બીજાના દર્શનનું વિરોધી હોય, છતાં જો એ સત્ય હોય તો એ બન્નેને ન્યાય મળે એવો પણ શો રસ્તો છે ? —આવી ચિંતનપ્રધાન તપસ્યાએ ભગવાન મહાવીરને અનેકાંતદૃષ્ટિ સુઝાડી અને એમના સત્યની શોધના સંકલ્પ સફળ થયો. એમણે પોતાને સાંપડેલી એ અનેકાંતદૃષ્ટિની ચાવીથી વ્યક્તિગત તેમ જ સામૂહિક જીવનની વ્યાવહારિક અને પારમાર્થિક સમસ્યાઓના તાળાંને ઉઘાડી નાખ્યાં અને સમાધાન મેળવ્યું, ત્યારે એમણે જીવનમાં ઉપયોગી વિચાર અને આચારનું ઘડતર કરતી વખતે, એ અનેકાંતદૃષ્ટિને, નીચે પ્રમાણેની મુખ્ય શરતો પ્રકાશિત કરી, અને પોતાના જીવન દ્વારા એનું અનુસરણ કરવાનો એ જ શરતોએ ઉપદેશ આપ્યો. એ શરતો આ પ્રમાણે છે —

(૧) રાગ અને દ્વેષમાંથી પેદા થતા સંસ્કારોને વશ ન થવું અર્થાત્ તેજસ્વી મધ્યસ્થભાવ ધારણ કરવો.

(૨) જ્યાં સુધી મધ્યસ્થભાવનો પૂર્ણ વિકાસ ન થાય ત્યાં સુધી

એ ધ્યેય વડે ધ્યાન રાખીને કેવળ સત્યની જિજ્ઞાસા રાખવી.

(૩) જેમ તેમ વિરોધી દેખાતા પક્ષથી ગભરાવું નહીં અને પોતાના પક્ષની જેમ એ પક્ષની પણ આદરપૂર્વક વિચારણા કરવી અને પોતાના પક્ષ વિશે પણ વિરોધી પક્ષની જેમ આકરી સમાલોચક દૃષ્ટિ રાખવી.

(૪) પોતાના તેમ જ બીજાઓના અનુભવોમાંથી જે જે અંશો સાચા લાગે—ભલે પછી તે વિરોધી કેમ ન લાગતા હોય—એ બધાનો વિવેકબુદ્ધિથી સમન્વય કરવાની ઉદારતાનો અભ્યાસ કરવો અને અનુભવ વધતાં પૂર્વના સમન્વયમાં જ્યાં ભૂલ દેખાય ત્યાં મિથ્યાભિમાનનો ત્યાગ કરીને, સુધારો કરવો અને એ જ ક્રમે આગળ વધવું.

અનેકાંતદૃષ્ટિનું ખંડન અને તેની વ્યાપક અસર

જ્યારે બીજા વિદ્વાનોએ અનેકાંતદૃષ્ટિનો તત્ત્વરૂપે સ્વીકાર કરવાને બદલે સાંપ્રદાયિક વાદ રૂપે સ્વીકાર કર્યો ત્યારે એના ઉપર ચોતરફથી આક્ષેપોની ઝડીઓ વરસવા લાગી. બાદરાયણ જેવા સૂત્રકારોએ એના ખંડન માટે સૂત્રો રચી દીધાં, અને એ સૂત્રોના ભાષ્યકારોએ એ જ વિષયને અનુસરીને પોતાનાં ભાષ્યોની રચનાઓ કરી. વસુબંધુ, દિઙ્નાગ, ધર્મકીર્તિ અને શાંતરક્ષિત જેવા મોટા મોટા પ્રભાવશાળી બૌદ્ધ વિદ્વાનોએ પણ અનેકાંતવાદની પૂરેપૂરી ખબર લઈ નાખી! આ બાજુ જૈન વિચારક વિદ્વાનોએ પણ એમનો સામનો કર્યો. આ પ્રસંગ સંઘર્ષનું અનિવાર્ય પરિણામ એ આવ્યું કે એક બાજુ અનેકાંતદૃષ્ટિનો તર્કબદ્ધ રીતે વિકાસ થયો અને બીજી બાજુ એનો પ્રભાવ બીજા વિરોધી સંપ્રદાયના વિદ્વાનો ઉપર પણ પડ્યો. દક્ષિણ ભારતમાં પ્રચંડ દિગંબરાચાર્યો અને પ્રચંડ મીમાંસક અને વેદાંતી વિદ્વાનોની વચ્ચે શાસ્ત્રાર્થનું દંગલ થયું, એથી છેવટે તો અનેકાંતદૃષ્ટિનો પ્રભાવ જ વધુ ફેલાયો; તે એટલે સુધી કે રામાનુજ જેવા જૈન તત્ત્વના ખાસ વિરોધી પ્રખર આચાર્યે શંકરાચાર્યના માયાવાદના વિરોધમાં પોતાનો મત સ્થાપન કરતી

રમને તો આધાર તો સામાન્ય ઉપનિષદોનો લીધો પણ એમાંથી વિશિષ્ટ અર્થ નિષ્પન્ન કરી રામને અનેકાંતદૃષ્ટિનો ઉપયોગ કર્યા અથવા એમ કહો કે, રામાનુજે પોતાની રીતે અનેકાંતદૃષ્ટિને વિશિષ્ટ તની સ્થાપના દ્વારા પ્રગટ કરી અને એમ ઔપનિષદ તત્ત્વના જ્યા પરંપરાને અનેકાંત દૃષ્ટિથી વિશિષ્ટ તયાર ત્યાં કરીને અનેકાંતદૃષ્ટિ તરફ આકર્ષિત લાગણીઓ વર્તના માર્ગમાં સ્થિર કરી. પુષ્ટિમાર્ગના પુરસ્કર્તા વલ્લભાચાર્ય એ ઇતિહુ આ તમા પ્રકટ થયા એમના શુદ્ધાદ્વૈતનિરૂપક જ્યાં ત્યાં તો છે જ ઉપનિષદના આધાર ઉપર, પણ એમાંથી ક્રમિક વિકાસ પામી અનેકાંતદૃષ્ટિને આવરામાં આવેલું નવીન વેદાન્ત સ્થાપ છે. આ બાજુ ઉત્તર અને દક્ષિણ આ તમામ ભીન્ન વિદ્વાનો સાથે વૈષ્ણવ સંપ્રદાયના પ્રધાન વિ નાનું આ નામ નવિરાક... ૬૬ પણ એના પરિણામે અનેકાંતવાદના પ્રભાવ ત્યાગમાં કેટલા અને અત્યાવિષ્ટ એ અનેકાંતવાદના વિશેષ કરનારાઓ રત્ન... તત્ત્વાત્મક તત્ત્વના અનેકાંત દૃષ્ટિને અપનાવનાર ગાયા. આ રીતે તો એક વાક્ય અનેકાંતદૃષ્ટિ અત્યાર સુધી તેનાથી ૮ વખત... તો રત્ન એના પ્રભાવ રહેઈ ... ૨૫, જ્યાં સુધી ... મ વિગ્રહ કે અર્થવિગ્રહ ... આ તના ... આગમ કેવળ છે ભાની શાન્તિ ભાવ ... ભાવના ... મંગી ...

[દસ્થિ મ ૨ ૪ ૧૫૧ ૧૫૨ ૧૫૧ ૧૫૨]

૧૪

નયવાદ

જૈન તત્ત્વજ્ઞાનની પરિભાષાઓમાં 'નયવાદ'ની પરિભાષાનું પણ સ્થાન છે. નય એટલે વસ્તુની એક બાજુને જાણનારી દૃષ્ટિનું નામ છે. આવા નયના સાત પ્રકાર જૈન શાસ્ત્રોમાં પ્રાચીન સમયથી મળે છે. જેમાંના પહેલા નયનું નામ છે નૈગમ.

નૈગમ શબ્દનું મૂળ અને એનો અર્થ

એ કહેવાની જરૂર નથી કે 'નૈગમ' શબ્દ 'નિગમ' ઉપરથી બન્યો છે. આ નિગમો વૈશાલીમાં હતા અને એના ઉલ્લેખો સિક્કાઓમાં પણ મળે છે. એકસરખો રોજગાર ચલાવનારી શ્રેણિઓને 'નિગમ' કહે છે. એમાં એક પ્રકારની એકતા હોય છે અને છતાં સ્થૂળ વ્યવહાર એ ત્યો થાય છે એ 'નિગમ'નો ભાવ લઈને, એના ઉપરથી 'નૈગમ' શબ્દ દ્વારા જૈન પરંપરાએ એક એવી દૃષ્ટિનું સૂચન કર્યું છે કે જે સમાજમાં સ્થૂળ હોય છે અને જે આધારે જીવનવ્યવહાર ચાલે છે.

બાકીના છ નયો, એનો આધાર અને એની સમજૂતી

નૈગમ પછી સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એવા છ શબ્દો દ્વારા આ બાકીની [—વસ્તુના અમુક અંશને ગ્રહણ કરતી] વિચારસરણીઓ સૂચવવામાં આવી છે. ઉપરથી એમ

દૃષ્ટિએ જો તત્ત્વજ્ઞાનની સાથે સંબંધ ધરાવે છે પણ મૂળમાં એ તે સમયના રાજ્ય-વ્યવહાર અને સામાજિક વ્યવહારને આધારે કલ્પિત કરવામાં આવી છે એટલું જ નહીં પણ સંગ્રહ વ્યવહાર વગેરે નય સૂચક શબ્દો પણ તે સમયના ભાષાપ્રયોગમાંથી લેવામાં આવ્યા છે. અનેક મતો ભેગા મળીને રાજ્યવ્યવસ્થા કે સભા વ્યવસ્થા કરે છે ? એ પ્રકારનો સમુદાય કે સંઘ હતો, અને જેમાં જેમાં અભેદ દૃષ્ટિનું પ્રાધાન્ય રહેતું હતું. તત્ત્વજ્ઞાનના સંગ્રહ નયના અર્થમાં પણ એ જ ભાવ છે. વ્યવહાર ભલે રાજકીય હોય કે સામાજિક પણ એ જુદી જુદી વ્યક્તિઓ કે જુદાં જુદાં જૂથો દ્વારા જ સિદ્ધ થાય છે. તત્ત્વજ્ઞાનના વ્યવહાર નયમાં પણ ભેદ એટલે વિભાજનો જ ભાવ મુખ્ય છે. વૈશાલીમાંથી મળેલા સિક્કાઓ ઉપરથી જાણવું મળ્યું છે કે વ્યાવહારિક અને વિનિશ્ચય મહામાત્યની જેમ સૂત્રધાર પણ એક પદ-હોદ્દો હતો. મારા માનવા પ્રમાણે, સૂત્રધારનું કામ એ જ હોવું જોઈએ કે જે તત્ત્વજ્ઞાનના ઋજુસૂત્ર નયથી લેવા પાયું છે. ઋજુસૂત્ર નયનો અર્થ છે-આગળ પાછળની (ભૂત ભવિષ્યની) ગલીકૂંચીઓમાં ન જતાં કેવળ વર્તમાનનો જ વિચાર કરવો. સંભવ છે સૂત્રધારનું કામ પણ કંઈક એવું જ હોય કે જે સવાલો ઊભા થાય એનું તરત જ નિરાકરણ કરવામાં આવે. દરેક સમાજમાં, સંપ્રદાયમાં અને રાજ્યમાં પણ વિશિષ્ટ પ્રસંગોએ શબ્દ અર્થાત્ આજ્ઞાને જ પ્રાધાન્ય આપવું પડે છે જ્યારે બીજી રીતે મામલો પતે એવો ન હોય ત્યારે કોઈ એક વ્યક્તિનો શબ્દ-આજ્ઞા જ અંતિમ પ્રમાણ માનવામાં આવે છે. શબ્દના આ મુખ્યપણાનો ભાવ, બીજી રીતે, શબ્દ નયમાં સમાયેલો છે. બુદ્ધે કહ્યું છે કે લિચ્છવીઓ જૂના રીતરિવાજોનો અર્થાત્ રૂઢિઓનો આદર કરે છે. કોઈ પણ સમાજ પ્રચલિત રૂઢિઓનું સર્વથા ઉન્મૂલન કરીને જીવી નથી શકતો. 'સમભિરૂઢ' નયમાં રૂઢિના અનુસરણનો ભાવ તાત્ત્વિક દૃષ્ટિએ ઘટાવ્યો છે. સમાજ, રાજ્ય અને ધર્મની અને વ્યવહારની

સ્થૂળ વિચારણામાં કે વ્યવહારમાં ભલે તેમ ન હોય, પણ કોઈ તે કરતી પારમાર્થિક દૃષ્ટિ ન હોય તો એ નથી ટકી શકતી કે નથી પ્રગતિ સાધી શકતી. એટલે જ તે એક પારમાર્થિક દૃષ્ટિ સાથે છે. તે તથાગતના તથા ... ના ભાગના અવસાનના તેના કાળમાં રહેલી છે. જૈન પરંપરામાં પણ તત્ત્વ ... એ જ રૂપની આધાર મુખ્ય સ્થિત છે. તે એ પૂજ્ય સ્થિર કરે છે કે આવેલ જેનું છે તેનું એ રીતિથી ઊભે.

[ઉદ્ધૃત અ. ૧૧ ૫૧]

અપેક્ષાઓ અને અનેકાન્ત

મકાન કોઈ એક જ ખૂણે પૂર્ણ નથી થતું. એના અનેક ખૂણા પણ કોઈ એક જ દિશામાં નથી હોતા. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ વગેરે એકેએકથી ભિન્ન દિશામાં આવેલ એક એક ખૂણા ઉપર ઊભી રહી કરવામાં આવેલું એ મકાનનું અવલોકન પૂર્ણ તો નથી હોતું, પણ એ અયથાર્થ પણ નથી હોતું. જુદા જુદા સંભવિત બધા ખૂણાઓમાં ઊભા રહી કરવામાં આવેલાં સંભવિત અવલોકનોનો સારસંગ્રહ એ મકાનનું પૂર્ણ અવલોકન છે. દરેક ખૂણાથી કરવામાં આવતું અવલોકન એ પૂર્ણ અવલોકનનું અનિવાર્ય અંગ છે. એ જ પ્રમાણે કોઈ એક વસ્તુ કે સમગ્ર વિશ્વનું તાત્ત્વિક ચિંતન-દર્શન પણ અનેક અપેક્ષાઓથી થઈ શકે છે. મનની સહજ રચના, એના ઉપર પડતા આગંતુક સંસ્કારો અને ચિંત્ય વસ્તુનું સ્વરૂપ વગેરેના સંમેલનથી જ અપેક્ષા બને છે. આવી અપેક્ષાઓ અનેક હોય છે. એનો આશ્રય લઈને વસ્તુનો વિચાર કરવામાં આવે છે. વિચારને આધાર આપવાને કારણે કે વિચારસ્રોતના ઉદ્ગમને આધાર બનવાને લીધે એ જ અપેક્ષાઓ દૃષ્ટિકોણ કે દૃષ્ટિબિંદુ પણ કહેવાય છે. સંભવિત બધી અપેક્ષાઓથી—ભલે પછી એ વિરુદ્ધ જ કેમ ન દેખાતી હોય—કરવામાં આવતાં ચિંતન અને દર્શનોનો સાર

સમુચ્ચય જ એ વિશ્વનું પૂર્ણ—અનેકાન્ત-દર્શન છે. અપેક્ષાભેદથી જુદું જુદું દરેક દર્શન એ પૂર્ણ દર્શનનું એક એક અંગ છે કે પરસ્પર વિરુદ્ધ હોવા છતાં પૂર્ણ દર્શનમાં એનો સમન્વય થતો હોવાને કારણે ખરી રીતે અવિરુદ્ધ જ છે.

સાત નયોનું કાર્યક્ષેત્ર

જ્યારે કોઈની મનોવૃત્તિ વિશ્વમાં રહેલા ભેદને—ભલે પછી એ ભેદો ગુણથી, ધર્મથી કે સ્વરૂપથી અપેક્ષા હોય અથવા વ્યક્તિત્વને લઈને થયા હોય—અવગણીને અર્થાત્ એ ભેદો તરફ ઝૂક્યા વગર જ એક માત્ર અખંડતાનો વિચાર કરે છે ત્યારે એને અખંડ કે એક જ વિશ્વનું દર્શન થાય છે. અભેદની એ ભૂમિકાઓથી નિષ્પન્ન થતા સર્વ વસ્તુના એકમાત્ર અખંડ અભેદનું દર્શન એ જ 'સંગ્રહ' નય છે. ગુણ ધર્મકૃત કે વ્યક્તિત્વકૃત ભેદો તરફ ઝૂકનારી મનોવૃત્તિથી કરવામાં આવતું વિશ્વનું દર્શન વ્યવહાર નય કહેવાય છે, કારણ કે લોકસિદ્ધ વ્યવહારોની ભૂમિકા ભેદનું ખાસ સ્થાન છે. આ દર્શનથી સત્ વસ્તુની અખંડિતતા ન રહેતાં અનેક ભાગોમાં વહેંચાઈ જાય છે. એ જ ભેદ કરનારી મનોવૃત્તિ કે અપેક્ષા કેવળ કાળકૃત ભેદો તરફ ઝૂકીને કાર્યક્ષમ હોવાને લીધે, જ્યારે ફક્ત વર્તમાનને જ સત્ રૂપે જુએ છે અને ભૂતકાળ તથા ભવિષ્યકાળને સત્ વસ્તુની વ્યાખ્યામાંથી દૂર કરે છે ત્યારે એનાથી ફલિત થતું વિશ્વદર્શન ઋજુસૂત્ર નય છે, કેમ કે એ ભૂત અને ભવિષ્યના ચક્રાવાને છોડી ફક્ત વર્તમાનની સીધી લીટી ઉપર ચાલે છે.

ઉપર જણાવેલી ત્રણે પ્રકારની મનોવૃત્તિઓ એવી છે કે જે શબ્દ કે શબ્દના ગુણ-ધર્મના આશ્રય લીધા વિના જ કોઈ પણ વસ્તુનું ચિંતન કરે છે. તેથી જ એ ત્રણે પ્રકારનું ચિંતન અર્થનય કહેવાય છે. પણ એવી પણ મનોવૃત્તિ હોય છે કે જે શબ્દના ગુણ-ધર્મોનો આશ્રય લઈને જ અર્થનો વિચાર કરે છે; તેથી જ આવી મનોવૃત્તિથી

ક્રિયા થતા અર્થચિંતનનો સ્વીકાર કરે છે. શબ્દશાસ્ત્રીઓ—વિચારકો જ મુખ્યપણે શબ્દનયના અધિકારી છે કેમ કે એમનાં જ જુદાં જુદાં દૃષ્ટિબિંદુઓથી શબ્દનયમાં વિવિધતા આવી છે.

જે શબ્દશાસ્ત્રીઓ બધા શબ્દોને અખંડ અર્થાત્ અવ્યુત્પન્ન માને છે તેઓ વ્યુત્પત્તિભેદે અર્થભેદ ન માનતાં લિંગ, પુરુષ, કાળ વગેરે જુદી જુદી જાતના શબ્દધર્મોના આધારે અર્થનું વૈવિધ્ય બતાવે છે. એમનું એ પ્રકારે અર્થભેદનું દર્શન શબ્દનય કે સાંપ્રત નય છે. દરેક શબ્દને વ્યુત્પત્તિસિદ્ધ જ માનનારા મનોવૃત્તિથી વિચાર કરનારા શાબ્દિકો પર્યાય—અર્થાત્ એકાર્થક મનાતા શબ્દોના—અર્થમાં પણ વ્યુત્પત્તિભેદે ભેદ માને છે. શક્ર, ઇન્દ્ર વગેરે જેવા પર્યાયવાચી શબ્દોના અર્થભેદનું એમણે કરેલું એ દર્શન સમભિરૂઢ નય કહેવાય છે. વ્યુત્પત્તિના ભેદે જ નહિ પણ એક જ વ્યુત્પત્તિથી ફલિત થતા અર્થની હયાતી અને ગેરહયાતીના ભેદને લીધે પણ જે દર્શન અર્થભેદ માને છે, એને એવંભૂત નય કહે છે. આ તાર્કિક છ નયો ઉપરાંત એક નૈગમ નામનો નય પણ છે. જેમાં નિગમ અર્થાત્ દેશની રૂઢિ પ્રમાણે અભેદગામી અને ભેદગામી બધા પ્રકારના વિચારોનો સમાવેશ માનવામાં આવ્યો છે. મુખ્યપણે આ જ સાત નય છે. પણ કોઈ એક અંશને અર્થાત્ દૃષ્ટિબિંદુને લઈને પ્રવૃત્ત થતા બધી જાતના વિચાર તે તે અપેક્ષાને સૂચિત કરતા નયો જ છે.

દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નય

શાસ્ત્રમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એવા બે નય પણ પ્રસિદ્ધ છે. પણ એ નયો ઉપર જણાવેલ સાત નયોથી જુદા નથી, પરંતુ એમનું જ ટૂંકું વર્ગીકરણ કે ભૂમિકા માત્ર છે. દ્રવ્ય અર્થાત્ સામાન્ય, અન્વય, અભેદ કે એકત્વને અનુલક્ષીને કરવામાં આવતો વિચાર એ દ્રવ્યાર્થિક નય છે. નૈગમ, સંગ્રહ અને વ્યવહાર, એ ત્રણે દ્રવ્યાર્થિક જ છે. આમાંથી સંગ્રહ તો શુદ્ધ અભેદનો વિચાર કરનાર હોવાથી શુદ્ધ કે મૂળ

દ્રવ્યાર્થિક જ છે જ્યારે વ્યવહાર અને નૈગમની પ્રવૃત્તિ ભેદગામી હોવા છતાં પણ કોઈ ને કોઈ પ્રકારના અભેદને પણ અવલંબીને જ ચાલે છે એટલા માટે એને પણ દ્રવ્યાર્થિક જ માનવામાં આવ્યા છે અલબત્ત, એ સંગ્રહ નયની જેમ શુદ્ધ નહીં પણ અશુદ્ધ—મિશ્રિત દ્રવ્યાર્થિક જ છે

પર્યાય એટલે વિશેષ વ્યાવૃત્તિ કે ભેદ જ અનુલક્ષીને પ્રવૃત્ત થતા વિચારમાર્ગ પર્યાયાર્થિક નય છે ઋજુસૂત્ર વગેરે બાકીના ચારે નયને પર્યાયાર્થિક જ માનવામાં આવ્યા છે અભેદને છોડીને એક માત્ર ભેદનો વિચાર ઋજુસૂત્રનયથી શરૂ થાય છે તેથી એને જ શાસ્ત્રમાં પર્યાયાર્થિક નયની પ્રકૃતિ કે મૂળ આધાર કહેલ છે પાછળના ત્રણ નયો એ જ ઋજુસૂત્ર પર્યાયાર્થિકના એક રીતે વિસ્તાર માત્ર છે

કેવળ જ્ઞાનને ઉપયોગી માનીને એને આધારે પ્રવૃત્ત થતી વિચારધારાને જ્ઞાનનય કહે છે તો કેવળ ક્રિયાને આધારે પ્રવૃત્ત થતી વિચારધારા ક્રિયાનય છે નયરૂપી આધારસ્તંભો અપાર હોવાથી વિશ્વનું પૂર્ણ દર્શન—અનેકાંત પણ નિઃસીમ છે

[દચિ ભા ૨, પૃ ૧૦ ૧૦૨]

નિશ્ચય અને વ્યવહારનયનો અન્ય દર્શનોમાં સ્વીકાર

જૈન પરંપરામાં નિશ્ચય અને વ્યવહારનય પ્રસિદ્ધ છે વિદ્વાનો જાણે છે કે આ જ નયવિભાગની આધારભૂત દૃષ્ટિનો સ્વીકાર અન્ય દર્શનોમાં પણ કરવામાં આવ્યો છે બૌદ્ધ દર્શન બહુ પ્રાચીન સમયથી પરમાર્થ અને સંવૃતિ, એ બે દૃષ્ટિઓનું નિરૂપણ કરતું આવ્યું છે શાંકર વેદાન્તની પારમાર્થિક તથા વ્યાવહારિક કે માયિક દૃષ્ટિ પ્રસિદ્ધ છે આ રીતે જૈન–જૈનેતર દર્શનોમાં પરમાર્થ કે નિશ્ચય અને સંવૃતિ કે વ્યવહારદૃષ્ટિનો સ્વીકાર કરવામાં આવ્યો છે પણ એ દર્શનોમાં એ બે દૃષ્ટિઓનું કરવામાં આવેલું તત્ત્વનિરૂપણ સાવ જુદું જુદું છે. જોકે જૈનેતર બધાય દર્શનોમાં નિશ્ચયદૃષ્ટિસંમત તત્ત્વનિરૂપણ એક નથી, તોપણ બધાય મોક્ષગામી દર્શનોમાં નિશ્ચયદૃષ્ટિસંમત આચાર અને ચારિત્ર

તો એક જ છે—એમ પછી એનાં પરિણામ વર્ણવવું વગેરે જુદું હોય. આથી તો જોવું એ છે કે જૈન પરંપરામાં નિશ્ચય અને વ્યવહારરૂપે જે બે દૃષ્ટિઓ માનવામાં આવી છે એ તત્ત્વજ્ઞાન અને આચાર એ બન્ને ક્ષેત્રોને લાગુ પાડવામાં આવી છે. બીજા બધા ભારતીય દર્શનોની જેમ જૈન દર્શનમાં પણ તત્ત્વજ્ઞાન અને આચાર એ બન્નેનો સમાવેશ થાય છે

તત્ત્વજ્ઞાન અને આચારમાં એની ભિન્નતા

જ્યારે નિશ્ચય અને વ્યવહારનયનો પ્રયોગ તત્ત્વજ્ઞાન અને આચાર બન્નેમાં થાય છે ત્યારે સામાન્ય રૂપે શાસ્ત્રચિંતન કરનારને એ ભેદ નથી સમજાતો કે તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં કરવામાં આવતો નિશ્ચય અને વ્યવહારનો પ્રયોગ આચારના ક્ષેત્રમાં કરવામાં આવતા એવા પ્રયોગથી ભિન્ન છે અને ભિન્ન પરિણામનો સૂચક પણ છે. તત્ત્વજ્ઞાનની નિશ્ચયદૃષ્ટિ અને આચાર સંબંધી નિશ્ચયદૃષ્ટિ એ બન્ને એક નથી. એ બન્નેની વ્યવહારદૃષ્ટિના સંબંધમાં પણ એમ જ સમજવું. એનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે

તત્ત્વજ્ઞાની નિશ્ચય અને વ્યવહારદૃષ્ટિ

જ્યારે નિશ્ચયદૃષ્ટિથી તત્ત્વનું પ્રતિપાદન કરવું હોય તો આપણી મર્યાદામાં રહી એક જ વાત બતાવીએ છીએ કે જગતનાં મૂળ-તત્ત્વ શાં છે? કેટલાં છે? અને એમનું ક્ષેત્રકાળ વગેરેથી નિરપેક્ષ સ્વરૂપ શું છે? અને જ્યારે વ્યવહારદૃષ્ટિએ તત્ત્વનિરૂપણ કરવું હોય ત્યારે એ જ મૂળ તત્ત્વોનું સ્વરૂપ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ વગેરેની અપેક્ષાએ પ્રતિપાદન કરવામાં આવે છે. આ રીતે આપણે નિશ્ચયદૃષ્ટિનો ઉપયોગ કરીને જૈન દર્શનસંમત તત્ત્વોનું સ્વરૂપ જોવા ઇચ્છીએ તો ટૂંકમાં એમ કહી શકીએ કે ચેતન અને અચેતન એવાં પરસ્પર અત્યન્ત વિજાતીય એવાં બે તત્ત્વ છે. બન્ને એકબીજા ઉપર અસર કરવાની

[illegible] છે. ચેતનનો [illegible] દ્રવ્ય, ક્ષેત્ર, કાળ વગેરેની અપેક્ષાએ [illegible] એ વ્યવહારદૃષ્ટિથી સિદ્ધ છે [illegible] એ નિશ્ચયદૃષ્ટિનો વિષય છે [illegible] અથવા પોતાના ક્ષેત્રમાં [illegible] એ વ્યવહારદૃષ્ટિનું [illegible] છે

આચારલક્ષી નિશ્ચય અને વ્યવહારદૃષ્ટિ

પરંતુ આચારલક્ષી નિશ્ચય અને વ્યવહારદૃષ્ટિનું નિરૂપણ જુદી રીતે થાય છે [illegible] એ દૃષ્ટિ [illegible] આચારો [illegible] નિશ્ચય આચાર [illegible] આચારમાં દૃષ્ટિભેદ ([illegible]) [illegible] નિશ્ચયદૃષ્ટિ [illegible] ભિન્ન ભિન્ન [illegible] આચારો [illegible] આચારોની [illegible] આ રીતે [illegible] આચારલક્ષી નિશ્ચયદૃષ્ટિ [illegible] વ્યવહારદૃષ્ટિ [illegible]

[illegible] અને આચારલક્ષી નિશ્ચય-વ્યવહાર [illegible]

[illegible] નિશ્ચય [illegible]

સમસ્ત તત્ત્વોનું સ્વરૂપ આપણે જેવા સામાન્ય જિજ્ઞાસુઓ ક્યારેય પ્રત્યક્ષ કરી નથી શકતા. જે વ્યક્તિએ તત્ત્વસ્વરૂપનો સાક્ષાત્કાર કર્યો હોય એવી કોઈ વ્યક્તિના કથન ઉપર શ્રદ્ધા રાખીને જ આપણે એવા સ્વરૂપને માનીએ છીએ. પણ આચારની બાબતમાં એવું નથી. કોઈ પણ જાગ્રત સાધક પોતાની આંતરિક સત્‌-અસત્‌ વૃત્તિઓને અને એની તીવ્રતા મંદતાના તારતમ્યને સીધેસીધી વિશેષ પ્રમાણમાં અનુભવી શકે છે જ્યારે બીજી વ્યક્તિને માટે એવી વ્યક્તિની વૃત્તિઓ સાવ પરોક્ષ છે. નિશ્ચયદૃષ્ટિ હોય કે વ્યવહારદૃષ્ટિ, તત્ત્વજ્ઞાનનું સ્વરૂપ તે તે દર્શનના બધા અનુયાયીઓને માટે એકસરખું હોય છે તેમ જ એ એકસરખી પરિભાષામાં બંધાયેલું હોય છે. પણ નિશ્ચયદૃષ્ટિ અને વ્યવહારદૃષ્ટિએ આચારનું સ્વરૂપ એવું નથી હોતું. અમુક વ્યક્તિનો નિશ્ચયદૃષ્ટિનો આચાર એને માટે પ્રત્યક્ષ છે. આ ભાવ નિરૂપણની ઢબ એટલું જ સૂચિત કરવાનું છે કે નિશ્ચયનય અને વ્યવહારનય, આ બે શબ્દો ભલે સમાન હોય, પણ તત્ત્વજ્ઞાન અને આચારના ક્ષેત્રમાં એ જુદી જુદી દૃષ્ટિએ લાગુ થાય છે અને આપણને જુદાં જુદાં પરિણામો તરફ દોરી જાય છે.

જૈન અને ઉપનિષદના તત્ત્વજ્ઞાનની નિશ્ચયદૃષ્ટિ વચ્ચે ભેદ

નિશ્ચયદૃષ્ટિએ જૈન તત્ત્વજ્ઞાનની ભૂમિકા ઉપનિષદના તત્ત્વજ્ઞાનથી સાવ જુદી છે. પ્રાચીન મનાતાં બધાં ઉપનિષદ સત્‌, અસત્‌, આત્મા, બ્રહ્મ, અવ્યક્ત, આકાશ વગેરે ભિન્ન ભિન્ન નામોથી જગતના મૂળનું નિરૂપણ કરીને કેવળ એક જ નિષ્કર્ષ ઉપર આવે છે કે જગત જડ, ચેતન આદિ રૂપે ગમે તેવું નાનારૂપ કેમ ન હોય, પણ એના મૂળમાં અસલી તત્ત્વ તો કેવળ એક જ છે. જ્યારે જૈન દર્શન જગતના મૂળમાં કોઈ એક તત્ત્વનો સ્વીકાર નથી કરતું. ઊલટું પરસ્પર વિજાતીય એવાં સ્વતંત્ર બે તત્ત્વોનો સ્વીકાર કરીને એને આધારે વિશ્વની વિવિધતાની વ્યવસ્થા કરે છે. એ મૌલિક તત્ત્વ અનાદિ

[illegible]

([illegible])

૧૫

સપ્તભંગી

સપ્તભંગી અને એનો આધાર

ભિન્ન ભિન્ન અપેક્ષાઓ, દૃષ્ટિબિંદુઓ અને મનોવૃત્તિઓથી એક જ વસ્તુના જે ભિન્ન ભિન્ન દર્શન ફલિત થાય છે તેને આધારે ભંગવાદની રચના થાય છે. જે બે દર્શનોના વિષય બરાબર એકબીજાથી સાવ વિરોધી હોય, એવાં દર્શનો વચ્ચે સમન્વય બતાવવાની દૃષ્ટિએ, એના વિષયરૂપ ભાવાત્મક અને અભાવાત્મક બન્ને અંશોને લઈને, એના આધારે સંભવિત વાક્યભંગો રચવામાં આવે છે કે જે સપ્તભંગી છે. સપ્તભંગીનો આધાર નયવાદ છે અને નયનું ધ્યેય સમન્વય છે, અર્થાત્ મનોભૂમિકાઓ અથવા દર્શન [illegible] છે. જે રીતે કોઈ પણ પ્રમાણથી જાણેલ પદાર્થ [illegible] માટે પરાર્થાનુમાન અર્થાત્ અનુમાનવાક્યની રચના કરવામાં આવે છે, એ જ રીતે વિરુદ્ધ અંશોના સમન્વય [illegible] દૃષ્ટિએ ભંગવાક્યની રચના પણ કરવામાં આવે છે. આ રીતે નયવાદ અને ભંગવાદ અને [illegible] ફલિત થઈ જાય છે.

[દ૦ ચિ૦ ભા૦ ૨ પૃ૦ ૧૦૮]

સાત ભંગો અને એનું મૂળ

(૧) ભંગ એટલે વસ્તુનું સ્વરૂપ દર્શાવનાર વચનના પ્રકાર અર્થાત્ વાક્યરચના.

(૨) એ સાત કહેવાય છે જેમાં મૂળ તો ત્રણ [(૧) સ્યાદ્ અસ્તિ, (૨) સ્યાદ્ નાસ્તિ અને (૩) સ્યાદ્ અવક્તવ્ય] જ છે. બાકીના ચાર [(૧) સ્યાદ્ અસ્તિ-નાસ્તિ, (૨) સ્યાદ્ અસ્તિ-અવક્તવ્ય (૩) સ્યાદ્ નાસ્તિ-અવક્તવ્ય અને (૪) સ્યાદ્ અસ્તિ-નાસ્તિ-અવક્તવ્ય] એ ત્રણ મૂળ ભંગોના પારસ્પરિક વિવિધ સંયોજનથી થાય છે.

(૩) કોઈ પણ એક વસ્તુ વિશે કે એક જ ધર્મ પરત્વે ભિન્ન ભિન્ન વિચારકોની માન્યતામાં ભેદ દેખાય છે. એ ભેદ વિરોધરૂપ છે કે નહિ અને જો ન હોય તો દેખાતા વિરોધમાં અવિરોધ કેવી રીતે ઘટાવવો? અથવા એમ કહો કે અમુક વિવક્ષિત વસ્તુ પરત્વે જ્યારે ધર્મવિષયક દૃષ્ટિભેદો દેખાતા હોય ત્યારે એવા ભેદોનો પ્રમાણપૂર્વક સમન્વય કરવો અને તેમ કરી બધી સાચી દૃષ્ટિઓને તેના યોગ્ય સ્થાનમાં ગોઠવી ન્યાય આપવો એ ભાવનામાં સપ્તભંગીનું મૂળ છે.

સપ્તભંગીનું કાર્ય – વિરોધનો પરિહાર

દાખલા તરીકે એક આત્મદ્રવ્યની બાબતમાં તેના નિત્યત્વ વિશે દૃષ્ટિભેદ છે. કોઈ આત્માને નિત્ય માને છે તો કોઈ નિત્ય માનવા ના પાડે છે. કોઈ વળી એમ કહે છે કે એ તત્ત્વ જ વચનઅગોચર છે. આ રીતે આત્મતત્ત્વની બાબતમાં ત્રણ પક્ષ પ્રસિદ્ધ છે. ત્યારે વિચારવું એ પ્રાપ્ત થાય છે કે શું તે નિત્ય જ છે અને અનિત્યત્વ તેમાં પ્રમાણબાધિત છે? અથવા શું તે અનિત્ય જ છે અને નિત્યત્વ એમાં પ્રમાણબાધિત છે? અથવા તેને નિત્ય કે અનિત્ય રૂપે ન કહેતાં અવક્તવ્ય જ કહેવું એ યોગ્ય છે? આ ત્રણ વિકલ્પોની પરીક્ષા કરતાં જો એ સાચા હોય તો એમનો વિરોધ દૂર કરવો જ જોઈએ. જ્યાં સુધી વિરોધ ઊભો રહે ત્યાં સુધી પરસ્પર વિ

અનેક ધર્મો એક વસ્તુમાં છે એમ કહી જ ન શકાય. તેથી વિરોધ-પરિહાર તરીકે જ સપ્તભંગીની દૃષ્ટિ યોજાયેલી જણાય છે તે નક્કી કરે છે કે આત્મા નિત્ય છે પણ સર્વ દૃષ્ટિએ નહિ, માત્ર મૂળ તત્ત્વની દૃષ્ટિએ તે નિત્ય છે કારણ કે ક્યારે પણ તે તત્ત્વ ન હતું અને પછી ઉત્પન્ન થયું એમ નથી, તેમ જ ક્યારેક એ તત્ત્વ મૂળમાંથી જ નાશ પામશે એમ પણ નથી. તેથી તત્ત્વરૂપે એ અનાદિનિધન છે અને તે જ તેનું નિત્યત્વ છે. આમ છતાં તે અનિત્ય પણ છે. પરંતુ એનું અનિત્યત્વ તત્ત્વદૃષ્ટિએ ન હોતાં માત્ર અવસ્થાની દૃષ્ટિએ છે. અવસ્થાઓ તો પ્રતિસમયે નિમિત્તાનુસાર બદલાતી જ રહે છે. એમાં કોઈ ને કોઈ રૂપાંતર થયું ન હોય, જેમાં આંતરિક કે બાહ્ય નિમિત્ત પ્રમાણે સૂક્ષ્મ કે સ્થૂળ અવસ્થાભેદ સતત ચાલુ ન હોય એવા તત્ત્વની કલ્પના જ નથી થઈ શકતી. તેથી અવસ્થાભેદ માનવો પડે છે અને એ જ અનિત્યત્વ છે. આ રીતે આત્મા તત્ત્વરૂપે (સામાન્ય રૂપે) નિત્ય છતાં, અવસ્થારૂપે (વિશેષ રૂપે) અનિત્ય પણ છે. નિત્યત્વ અને અનિત્યત્વ બન્ને એક જ રૂપે એક વસ્તુમાં માનતાં વિરોધ આવે. જેમ કે તત્ત્વરૂપે જ આત્મા નિત્ય છે એમ માનનાર તે જ રૂપે અનિત્ય પણ માને તો. એ જ પ્રમાણે આત્મા નિત્ય, અનિત્ય આદિ શબ્દ દ્વારા તે તે રૂપે પ્રતિપાદ્ય છતાં સમગ્ર રૂપે કોઈ પણ એક શબ્દથી કહી શકાય નહિ માટે તે અસમગ્ર રૂપે શબ્દનો વિષય થાય છે છતાં સમગ્ર રૂપે એવો કોઈ શબ્દનો વિષય નથી થઈ શકતો માટે અવક્તવ્ય પણ છે. આ રીતે એક નિત્યત્વધર્મને અવલંબી આત્માના વિષયમાં નિત્ય, અનિત્ય અને અવક્તવ્ય એવા ત્રણ પક્ષો-ભંગો ઘટાવી શકાય છે.

એ જ પ્રમાણે એકત્વ, સત્ત્વ, ભિન્નત્વ, અભિલાપ્યત્વ આદિ સર્વસાધારણ ધર્મો લઈ કોઈ પણ વસ્તુ વિશે એવા ત્રણ ભંગો બને, અને તે ઉપરથી સાત બને. ચૈતન્ય, ઘટત્વ આદિ અસાધારણ ધર્મોને લઈને પણ સપ્તભંગી ઘટાવી શકાય. એક વસ્તુમાં વ્યાપક

કે અવ્યાપક એકએકથી ધર્મો હોય તે લઈને ગમે તેવી બીજી બાજુ વિચારી સપ્તભંગ ઘટાવી શકાય.

પ્રાચીન કાળમાં આત્મા, શબ્દ આદિ પદાર્થોમાં નિત્યત્વ-અનિત્યત્વ, સત્ત્વ-અસત્ત્વ, એકત્વ-બહુત્વ, વ્યાપકત્વ-અવ્યાપકત્વ આદિની બાબતમાં પરસ્પર તદ્દન વિરોધી વાદો ચાલતા. એ વાદોનો સમન્વય કરવાની વૃત્તિમાંથી ભંગકલ્પના આવી. એ ભંગકલ્પનાએ પણ પાછું સાંપ્રદાયિક વાદનું રૂપ ધારણ કર્યું અને સપ્તભંગીમાં પરિણમન થયું.

સાતથી વધારે ભંગો સંભવતા નથી, માટે જ સાતની સંખ્યા છે. મૂળ ત્રણની વિવિધ સંયોજના કરો અને સાતમાં અંતર્ભાવ ન પામે એવો ભંગ ઉપજાવી શકો તો જૈન દર્શન સપ્તભંગિત્વનો આગ્રહ કરી જ ન શકે.

આનો ટૂંકમાં સાર નીચે પ્રમાણે —

૧ તત્કાલીન ચાલતા વિરોધી વાદોનું સમીકરણ કરવું, એ ભાવના સપ્તભંગીની પ્રેરક છે.

૨ તેમ કરી વસ્તુના સ્વરૂપની ચોકસાઈ કરવી અને યથાર્થ જ્ઞાન મેળવવું એ એનું સાધ્ય છે.

૩ બુદ્ધિમાં ભાસતા કોઈ પણ ધર્મ પરત્વે મૂળમાં ત્રણ જ વિકલ્પો સંભવે છે અને ગમે તેટલા શાબ્દિક પરિવર્તનથી સંખ્યા વધારીએ તોયે સાત જ થઈ શકે.

૪ જેટલા ધર્મો તેટલી જ સપ્તભંગી છે. આ વાદ અનેકાંત દૃષ્ટિનો વિચારવિષયક એક પુરાવો છે. આના દાખલાઓ જે શબ્દ, આત્મા વગેરે આપ્યા છે તેનું કારણ એ છે કે પ્રાચીન આર્ય વિચારકો આત્માનો વિચાર કરતા અને બહુ તો આગમપ્રામાણ્યની ચર્ચામાં શબ્દને લેતા.

૫. વૈદિક આદિ દર્શનોમાં ખાસ કરી વલ્લભદર્શનમાં, બ્ર

ધર્માધર્મત્વ છે તે આનું જ એક રૂપ છે. હાર પોતે અણુને અનુરૂપ છે ત્યાં અનિર્વચનીય કહે છે.

૬ પ્રમાણથી વ્યાપ્તિ ન હોય એવું અંશ જ સમરી હેતુનો આની પાછળ રહેલ છે—પછી ભલે તે વિરુદ્ધ મનાતુ હોય.

[ન્યાયાવ૦ કા૦ ૬, ૪ ૧ ૧૧-૧ ૧૪]

મહત્ત્વના ચાર ભંગોનો આગમ મળતો નિર્દેશ

સપ્તભંગીના સાત ભંગોમાં સ્યાદ્વાદના ચાર જ મહત્ત્વના છે¹ કેમકે વેદ, ઉપનિષદ આદિ ગ્રંથોમાં તથા દીઘનિકાય ના બ્રહ્મજાલ સુત્તમાં આવતા ચાર વિકલ્પોનો ઉલ્લેખ કે એકસાથે નિર્દેશ મળી આવે છે. સાત ભંગોમાં જે છેલ્લા ત્રણ ભંગ છે, એનો નિર્દેશ કોઈના પક્ષરૂપે—મન્તવ્યરૂપે ક્યાંય જોવામાં નથી આવ્યો. તેથી સ્યાદ્વાદના ચાર ભંગ જ પોતાની ઐતિહાસિક ભૂમિકા ધરાવે છે એમ નક્કી થાય છે.

અવક્તવ્ય ભંગ અને ઐતિહાસિક વિચારણા

સ્યાદ્વાદના ચાર ભંગોમાં એક અવક્તવ્ય નામનો ભંગ પણ છે. એના અર્થ સંબંધમાં કંઈક વિચાર કરવા જેવું છે. આગમયુગના પ્રારંભથી અવક્તવ્ય ભંગનો અર્થ એવો કરવામાં આવે છે કે સત્-અસત્ કે નિત્ય-અનિત્ય વગેરે બે અંશોનું એકસાથે પ્રતિપાદન કરી શકે એવો કોઈ શબ્દ નથી, એટલા માટે આવું પ્રતિપાદન કરવાની ઇચ્છા થઈ આવતાં વસ્તુ અવક્તવ્ય છે. પરંતુ અવક્તવ્ય શબ્દનો ઇતિહાસ જોતાં કહેવું પડે છે કે એની ભૂમિ અને ઐતિહાસિક આલંબન પ્રાચીન શાસ્ત્રોમાં છે.

૧ આ સાત ભંગ આ પ્રમાણે છે : (૧) સ્યાત્ અસ્તિ, (૨) સ્યાત્ નાસ્તિ, (૩) સ્યાત્ અસ્તિ-નાસ્તિ, (૪) સ્યાત્ અવક્તવ્ય, (૫) સ્યાત્ અસ્તિ-અવક્તવ્ય, (૬) સ્યાત્ નાસ્તિ-અવક્તવ્ય અને ( ) સ્યાત્ અસ્તિ-નાસ્તિ-અવક્તવ્ય.

ઉપનિષદમાં 'યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્ય મનસા સહ'[1] એ ઉક્તિ દ્વારા બ્રહ્મના સ્વરૂપને અનિર્વચનીય અથવા વચનાગોચર કહ્યું છે, એ જ પ્રમાણે આચારાંગમાં પણ 'સવ્વે સરા નિયટ્ટંતિ, તક્કા જત્થ ન વિજ્જઇ'[2] વગેરે દ્વારા આત્માના સ્વરૂપને વચનાગોચર કહ્યું છે. બુદ્ધે પણ અનેક વસ્તુઓને 'અવ્યાકૃત'[3] શબ્દ દ્વારા વચનાગોચર કહી છે.

જૈન પરંપરામાં 'અનભિલાપ્ય'[4] ભાવ પ્રસિદ્ધ છે જે કદાપિ વચનગોચર નથી થતા. હું માનું છું કે સપ્તભંગીમાં અવક્તવ્યથી જે અર્થ લેવામાં આવે છે તે જૂની વ્યાખ્યાનું વાદાશ્રિત અને તર્કગમ્ય બીજું રૂપ છે.

સપ્તભંગી સંશયાત્મક જ્ઞાન નથી

સપ્તભંગીની વિચારણા પ્રસંગે એક વાતનો નિર્દેશ કરવો જરૂરી છે. શ્રી શંકરાચાર્યે બ્રહ્મસૂત્ર ૨–૨–૩૩ના ભાષ્યમાં સપ્તભંગીનો સંશયાત્મક જ્ઞાન તરીકે નિર્દેશ કર્યો છે. શ્રી રામાનુજાચાર્યે પણ એમનું[4] અનુસરણ કર્યું છે. એ તો થઈ પ્રાચીન ખંડનમંડનપ્રધાન સાંપ્રદાયિક યુગની વાત, પણ જેમાં તુલનાત્મક અને વ્યાપક અધ્યયન કરવામાં આવે છે એવા નવા યુગના વિદ્વાનોના આ સંબંધી વિચારો જાણવા જોઈએ. પ્રો. એ. બી. ધ્રુવ, જેઓ ભારતીય તેમ જ પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનની બધી શાખાઓના પારદર્શી વિદ્વાન હતા—ખાસ કરીને શાંકર વેદાન્તના વિશેષ પક્ષપાતી હતા—તેઓએ પોતાના 'જૈન અને બ્રાહ્મણ'[5] ભાષણમાં સ્પષ્ટ કહ્યું છે કે સપ્તભંગી એ કોઈ સંશયજ્ઞાન નથી, એ તો સત્યનાં જુદાં જુદાં પ્રકારનાં સ્વરૂપોનું નિદર્શન

૧. તૈત્તિરીય ઉપનિષદ ૨. ૪.
૨. આચારાંગ સૂ. ૧૭૦.
૩. મજ્ઝિમનિકાય સુ. ૬૩.
૪. વિશેષાવશ્યકભાષ્ય ૧૪૧, ૪૮૮.
૫. આપણો ધર્મ પૃ. ૬૭૩.

કલકત્તાની એક વિચારસરણી છે. શ્રી નર્મદાશંકર મહેતા, જેઓ ભારતીય સમગ્ર તત્ત્વજ્ઞાનની પરંપરાઓ અને ખાસ કરીને વેદ-વેદાંતની પરંપરાઓના અસાધારણ મૌલિક વિદ્વાન હતા, અને જેઓએ હિંદ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ વગેરે અનેક અભ્યાસપૂર્ણ પુસ્તકો લખ્યાં છે, તેઓએ પણ (પૃ. ૨૧૩–૨૧૯) સપ્તભંગીનું નિરૂપણ નિષ્પક્ષ ઐતિહાસિક દૃષ્ટિએ કર્યું છે જે વાંચવા જેવું છે. સર સર્વપલ્લી રાધાકૃષ્ણન્,[1] ડૉ. દાસગુપ્તા[2] વગેરે તત્ત્વચિંતકોએ પણ સપ્તભંગીનું નિરૂપણ જૈન દૃષ્ટિબિંદુને બરાબર સમજીને જ કર્યું છે.

[અનેકાન્ત વ. ૨, પૃ. ૧૩૧૪]

૧. ઇન્ડિયન ફિલોસોફી વૉ. ૧, પૃ. ૩૦૨
૨. એ હિસ્ટરી ઑફ ઇન્ડિયન ફિલોસોફી વૉ. ૧, પૃ. ૧૭૯

૧૬

બ્રહ્મ અને સમ

ભારતીય તત્ત્વવિચારને સંબંધ છે ત્યાં સુધી એમ કહી શકાય કે બે તત્ત્વવિચારનાં ઉદ્ગમસ્થાનો બે જુદાં જુદાં છે. એક છે સ્વાત્મા, અને બીજું છે પ્રકૃતિ. અર્થાત્ પહેલું આંતર અને બીજું બાહ્ય.

એકતાનું પ્રેરક તત્ત્વ સમ

કોઈ અજ્ઞાત કાળમાં મનુષ્ય પોતાની જાત વિશે વિચાર કરવા પ્રેર્યો: હું પોતે શું છું ? કેવો છું ? અને બીજા જીવો સાથે મારો શો સંબંધ છે ? એવા પ્રશ્નો એને ઉદ્ભવ્યા. આનો ઉત્તર મેળવવા તે અંતર્મુખ થયો અને એને પોતાના સંવેદનને પરિણામે લાગ્યું કે હું એક સચેતન તત્ત્વ છું અને બીજાં પ્રાણીઓમાં પણ એવી જ ચેતના છે. આ વિચારે તેને પોતાની જાત અને બીજાં પ્રાણીગણ વચ્ચે સમતાનું દર્શન કરાવ્યું. એ દર્શનમાંથી સમતાના વિવિધ અર્થો અને તેની ભૂમિકાઓ તત્ત્વવિચારમાં રજૂ થઈ. બુદ્ધિના આ વલણને સમ તરીકે ઓળખવામાં આવે છે.

'બ્રહ્મ' અને તેના વિવિધ અર્થો

બુદ્ધિનું બીજું પ્રભવસ્થાન બાહ્ય પ્રકૃતિ છે. જેઓ વિશ્વપ્રકૃતિની વિવિધ બાજુઓ, ઘટનાઓ અને તેનાં પ્રેરક બળો વગેરે આલોચતા તેમને એમાંથી શક્તિની, કહો કે શક્તિરૂપ ચિંતનની, ભૂમિકા લાધી. દા. ત., વૈદિકો જે ઋષિઓ ઉષાના ઉલ્લાસપ્રેરક અને રોમા-

આવી દેવનું સર્જન કીધું, તેણે ઉષાને એક રમણીય તરુણીરૂપે આકાશમાં ગાઈ. સમુદ્રની ભીષણતા તરફ અને તેમાં વચ્ચે નૌકાયાત્રા કરતાં અચંબેલા જે કવિએ સમુદ્રના અધિષ્ઠાતા વરુણનું ચક્રધર તરીકે સ્મરણ કરી નાખ્યું, તેણે વરુણસૂક્તમાં એ વરુણદેવને પોતાના સર્વશક્તિમાન રક્ષણધાર લેખે સ્તવ્યો. જેણે અગ્નિની જ્વાળાઓ અને પ્રકાશક શક્તિઓનું રોમાંચક સર્જન કર્યું તેણે અગ્નિનાં સૂક્ત રચ્યાં. જેણે ગાઢ અંધકારવાળી રાત્રિનું રોમાંચક સર્જન કર્યું તેણે રાત્રિસૂક્ત રચ્યું. એ જ રીતે વાયુ, રુદ્ર, કાળ આદિ સૂક્તો વિશે કહી શકાય. પ્રકૃતિનાં એ જુદાં જુદાં પાસાં હોય કે તેમાં કોઈ દિવ્ય સત્તા હોય, અગર એ બધાં પાછળ કોઈ એક જ પરમસૂક્ષ્મ તત્ત્વ હોય, પણ આ જુદા જુદા કવિઓએ કરેલી પ્રાર્થનાઓ, દૃશ્યમાન પ્રકૃતિના કોઈ ને કોઈ પ્રતીકને આશ્રીને ઉદ્ભવી છે. આવી જુદાં જુદાં પ્રતીકોને સ્પર્શતી પ્રાર્થનાઓ સ્તુતિ રૂપે ઓળખાતી.

વેદના આ પ્રાથમિક અર્થમાંથી ક્રમે ક્રમે અનેક અર્થો ફલિત થયા. જે મંત્રોમાં આ સૂક્તોનો વિનિયોગ થતો તે પણ 'વેદ' કહેવાયા. તેના નિયામક મંત્ર અને વિધિવિધાન કરનાર પુરોહિતો પણ વેદ મનાયા કે આદરણીય તરીકે ઓળખાયા. અને પ્રાચીન કાળમાં જ પ્રકૃતિનાં એ વિવિધ પાસાંઓ કે દિવ્ય સત્તા એ બધાંને એક જ તત્ત્વરૂપે પણ ઓળખવામાં આવ્યાં. અને ઋગ્વેદના પ્રથમ મંડળમાં જ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે ઇન્દ્ર, મિત્ર, વરુણ, અગ્નિ ઇત્યાદિ જુદાં જુદાં નામોથી જે ગવાય અને સ્તવાય છે તે તો ઊંડે એક જ તત્ત્વ છે અને તે તત્ત્વ એટલે સત્. આમ પ્રકૃતિનાં અનેક પ્રતીક ઉપર એક અખંડ પરમ તત્ત્વમાં વિરામ પામ્યાં અને એ વિચાર અનેક રીતે આગળ વિકસ્યો અને વિસ્તર્યો પણ.

શ્રમણ અને બ્રાહ્મણ વિચારધારાની એક ભૂમિકા

શ્રમણસંસ્કૃતિના ઉપાસકો શ્રમણ કે શમણ કહેવાય. સ પ્રાકૃતમાં એનું શમન અને શમણ એવું રૂપાન્તર થયું છે. પણ [illegible]

હોઈ તેનું સંસ્કૃતમાં બ્રહ્મ એવું રૂપ અને તે બ્રહ્મના ઉપાસકો અને ચિંતકો બ્રાહ્મણ કહેવાયા. પહેલો વર્ગ મુખ્યપણે આત્મલક્ષી હતો; બીજો વર્ગ વિશ્વપ્રકૃતિમાંથી પ્રેરણા પામેલો અને તેમાં જ પ્રતીક દ્વારા બ્રહ્મ તત્ત્વ સુધી પહોંચેલો તેથી મુખ્યપણે પ્રકૃતિલક્ષી હતો. આ રીતે બન્ને વર્ગની દૃષ્ટિનું આધારબિંદુ સ્થાન જુદું જુદું હતું. પણ બન્ને વર્ગની દૃષ્ટિના વહેણો તો કોઈ અંતિમ સત્ય ભણી જ વહેતાં હતાં.

વખત અનેક શાખાઓમાં આ બન્ને વહેણોની દિશા ફંટાતી કે ફેરાય તેવી લાગતી. ક્યારેક એમાં સમતા પણ આવતી. પણ શ્રમનો આત્મલક્ષી પ્રવાહ છેવટે સમગ્ર વિશ્વમાં ચેતનતત્ત્વ છે અને એવું તત્ત્વ બધા દેહધારીઓમાં સ્વભાવે સમાન જ છે એ સ્થાપનામાં વિરમ્યો. તેથી જ તેણે પૃથ્વી, પાણી અને વનસ્પતિ સુધ્ધાંમાં ચેતનતત્ત્વ નિહાળ્યું અને અનુભવ્યું. બીજી બાજુ પ્રકૃતિલક્ષી બીજો વિચારપ્રવાહ વિશ્વનાં અનેક બાહ્ય પાસાંઓને સ્પર્શતો સ્પર્શતો આંતર તરફ વળ્યો અને એણે ઉપનિષત્કાળમાં એ સ્વરૂપે સ્થાપ્યું કે ? અખિલ વિશ્વના મૂળમાં એક જ કે બ્રહ્મ તત્ત્વ છે તે જ દેહધારી જીવવ્યક્તિમાં પણ છે. આમ શ્રમણ પ્રવાહમાં વ્યક્તિગત ચિંતન સમગ્ર વિશ્વના સમભાવમાં પરિણમ્યું અને તેને આધારે જીવનનો આચારમાર્ગ પણ યોજાયો. બીજી બાજુ વિશ્વના મૂળમાં દેખાયેલું પરમ તત્ત્વ તે જ વ્યક્તિગત જીવ છે. જીવવ્યક્તિ એ પરમ તત્ત્વથી ભિન્ન છે જ નહીં એવું અદ્વૈત પણ સ્થપાયું અને એ અદ્વૈતને આધારે જ અનેક આચારોની યોજના પણ થઈ ગઈ અને જનયુગનાં પ્રમાણભાનો જુદાં જુદાં, પણ છેવટે બે ભિન્ન પ્રવાહો એક જ ભૂમિકામાં મળે છે તે જ પ્રમાણે આત્મલક્ષી અને પ્રકૃતિલક્ષી બન્ને વિચારની ધારાઓ અંતે એક જ ભૂમિકા ઉપર આવી મળી. આ દેખાતો ભેદ તો તે માત્ર શાબ્દિક અને બાહ્ય ભેદ જે વર્ગના સમાજમાં ક્યારેક પરિણમે છે તેના ઉપર [illegible]

શાશ્વત વિરોધ વચ્ચે મેળવાની એક પરમાર્થ દૃષ્ટિ

એ ખરું છે કે બ્રાહ્મણોમાં, શાસ્ત્રોમાં અને શિલાલેખ આદિમાં પણ શ્રમણ અને બ્રાહ્મણની આપસમાં પ્રવર્તેલા વિરોધ અને અથડામણ જોતે કે વિરોધની નોંધ છે. આપણે બૌદ્ધ પિટક જૈન આગમો અને અશોકના શિલાલેખો, તેમ જ બીજા અનેક ગ્રંથોમાં બ્રાહ્મણ અને શ્રમણ, એ બે વર્ગોનો ઉલ્લેખ એકસાથે જોઈએ. મહાભાષ્યકાર પતંજલિએ આ બન્ને વર્ગોને શાશ્વત વિરોધીરૂપે પણ નિર્દેશ્યા છે. આમ છતાં, ઉપર સૂચવ્યું છે તેમ, એ બન્ને પ્રવાહો પોતપોતાની રીતે એક જ પરમ તત્ત્વને સ્પર્શે છે એવું પ્રતિપાદન કરવામાં આવે તે એ કઈ દૃષ્ટિએ! આ પ્રશ્નનો ખુલાસો કર્યા વિના તત્ત્વજિજ્ઞાસા સંતોષાય નહીં.

એ દૃષ્ટિ તે પરમાર્થની. પરમાર્થદૃષ્ટિ કુળ, જાતિ, વર્ણ આદિ, ઉપાધિ અને વેશ આદિના ભેદોને અતિક્રમી વસ્તુના મૂળગત સ્વરૂપને નિહાળે છે. એટલે તે સહેજે જાણે કે સમાન શક્તિ જ સૌ છે. વ્યવહારમાં ઊભા થયેલા ભેદો અને વિરોધી સંસ્કારો તેમ જ તેના અનુયાયીઓમાં પ્રવર્તેલા અને ક્યારેક તેમાંથી સંઘર્ષ પણ જન્મેલો. એ સંઘર્ષના સમય બ્રાહ્મણ-શ્રમણ વર્ગોના ભેદોની નોંધ તે સચવાઈ પણ એની સાથે સાચી પરમાર્થદૃષ્ટિને પ્રમાણ એવા સંત પુરુષો ? વિચાર તેવું કે અત્યારે તેની નોંધ પણ અનેક પરંપરાનાં અનેક શાસ્ત્રોમાં સચવાઈ છે. જૈન આગમો, કે જેમાં બ્રાહ્મણ અને શ્રમણ વર્ગોના અનેક નિર્દેશ છે તેમાં સાચા બ્રાહ્મણ અને સાચા શ્રમણનું વર્ણન કેવી રીતે છે. બૌદ્ધ પિટકોમાં પણ એવું જ ચિત્રણ છે. મહાભારતમાં આવે સ્થળે સ્થળે સાચા બ્રાહ્મણની વ્યાખ્યા સાચા શ્રમણ રૂપે જ આપી છે. વનપર્વમાં અજગરરૂપે અવતરેલ નહુષે સાચો બ્રાહ્મણ કોણ એવો પ્રશ્ન યુધિષ્ઠિરને પૂછ્યો છે. ઉત્તરમાં યુધિષ્ઠિરના મુખે મહર્ષિ વ્યાસે કહ્યું છે કે દરેક જન્મ લેનાર સંકર જન્મ છે અર્થાત્ મનુષ્ય જન્મ થકી ખાસ બ્રાહ્મણ ન કહ્યું છે કે સમાચાર ચારિત્ર્યથી

છે અને આચારપણે ભલે એ સ્વભાવભેદથી જુદા ભાસતા હો. અહિંસામાં ધર્માચરણ અને પ્રજ્ઞા હોય ત્યારે જ તે સાચો બ્રાહ્મણ બને છે આ થઈ પરમાર્થદૃષ્ટિ. ગીતામાં બ્રહ્મ પદનો અનેકવાર ઉલ્લેખ આવે છે. આવે જ સમ પદ પણ ઉત્તમ અર્થમાં એ જ પવિત્ર અવર્ણિત। એ વાક્ય તો જાણીતું છે સુત્તનિપાત નામના બૌદ્ધ ગ્રંથમાં એક પરમસૂત્ર છે તેમાં સ્પષ્ટપણે કહ્યું છે કે બીજા જાતના કે ગોત્ર, અને કુળ એ પરમાર્થદૃષ્ટિ નથી.

ગંગા અને બ્રહ્મપુત્રાનાં ઉગમસ્થાનો જુદાં પણ તેમનું મિલન સ્થાન એક. આમ છતાં બન્ને મહાનદીઓના પટ જુદા કિનારાની વસતિઓ જુદી, ભાષા અને આચારો પણ જુદાં. આ જુદાઈમાં જ સ્વભાવમાં રહેનારાઓ મિલનસ્થાનની એકતાને જોઈ નથી શકતા. તેમ ભારતમાં એ એકના જ સાક્ષી જે એ જ રીતે ભિન્ન ભિન્ન ઉગમસ્થાનથી ઉદ્ભવેલ વિચારપ્રવાહો ભિન્ન ભિન્ન રીતે પોતપોતાને વીંટી, એના મૂળ આંતર રૂપમાં રહેલા અનુગામીઓને અને પ્રવાહનું સમીકરણ જોઈ નથી શકતા પણ એ તત્ત્વ અબાધિત છે. એને જોનાર અનિશ્ચિત પુરુષ સમયે સમયે અવતરતા જ રહ્યા છે અને તે બધી જ પરંપરાઓમાં.

સમય એ મુખ્યપણે હોવા છતાં જૈન અને બૌદ્ધ જેવી શ્રમણ પરંપરાઓમાં બ્રાહ્મણ અને બ્રહ્મવિહાર શબ્દો એટલા બધા પ્રચલિત થયા છે કે તેને એ પરંપરાઓથી છૂટા પાડી શકાય તેમ છે જ નહીં એ જ રીતે બ્રહ્મ તત્ત્વનો મુખ્યપણે ખ્યાલ ધરાવનાર વર્ગમાં પણ સમ પદ એવી રીતે ઓતપ્રોત થયું છે કે તેને બ્રહ્મતત્ત્વથી કે આવી સ્થિતિથી વિખૂટું પાડી શકાય તેમ છે જ નહીં

પ્રાચીન કાળથી ચાલી આવતી આ પરમાર્થદૃષ્ટિ ઉત્તર કાળમાં પણ ક્રમે ક્રમે પોષાતી રહી છે. તેથી જ આપણે બ્રાહ્મણ પણ સંપ્રદાય બૌદ્ધ એવા વસુબંધુ અભિધર્મકોશમાં સ્પષ્ટ કહ્યું કે બ્રાહ્મણ-

નામની માત્ર પ્રાણપ્રેમ છે. એના અનેક ભેદ અનુભવે પણ એવી ભાવનાની સૂચના કર્યા કરી છે.

પરમાર્થદૃષ્ટિની આ પરંપરા સાંપ્રદાયિક ગણાતા એવા નાસ્તિક મતોમાં ભાસ થઈ છે. આના વિષયમાં એક તત્ત્વરૂપે એમણે દૃષ્ટિ કોઈન કહ્યું અને પછી એ દૃષ્ટિના આધારે વૈષ્ણવજનના એક આદર્શરૂપે સમદૃષ્ટિ ને તૃષ્ણાત્યાગી એમ પણ કહ્યું એ જ રીતે સાંપ્રદાયિક મતના ઉપાધ્યાય યશોવિજયજીએ પણ કહ્યું કે સમત્વ પ્રાપ્ત કરવું એ જ આત્માની પ્રાપ્તિ છે.

જેમ આ પરમાર્થ અને વ્યવહારદૃષ્ટિનો ભેદ તેમ જ પરમાર્થ દૃષ્ટિની મહત્તા પ્રો. એ. બી. ધ્રુવે પણ સ્વીકારી છે. એક આધુનિક દાખલો મોહન તેમને ન સમજાયું ત્યારે તેમણે કહ્યું કે આ તો મારો એક પુરુષાગત નાગર સંસ્કાર છે. એનું વાસ્તવિક કે તાત્ત્વિક માનવો જ નથી, માત્ર સંસ્કારને અનુસરું છું. એવું જ ખરી દૃષ્ટિ એમણે બીજે સ્થળે નિર્દેશી છે. જૈન આગમ ગ્રંથોની પ્રસ્તાવના લખતાં તેમણે કહ્યું છે : "જૈન (શ્રમણ) થયા વિના બ્રાહ્મણ થવાતું નથી, અને બ્રાહ્મણ થયા વિના જૈન થવાતું નથી. તાત્પર્ય કે જૈન ધર્મનું તત્ત્વ ઇન્દ્રિયોને અને મનોવૃત્તિઓને જીતવામાં છે અને બ્રાહ્મણ ધર્મનું તત્ત્વ વિશ્વની વિશાળતા જાણવામાં સમાયેલું છે."

આટલા સંક્ષેપ ઉપરથી આપણે એટલું જાણી શકીએ છીએ કે બુદ્ધિ ઉંચે એક જ સત્યમાં વિરમે છે અને આપણે એ પણ સમજી શકીએ છીએ કે વ્યવહારના ગમે તેટલા ભેદો અને વિરોધ અસ્તિત્વમાં હોય છતાં પરમાર્થદૃષ્ટિ કદી લોપાતી નથી.

[ગુજરાતી સાહિત્ય પરિષદના ૧૯મા અધિવેશન નિમિત્તે આપેલ વ્યાખ્યાન, તત્ત્વજ્ઞાન વિભાગના પ્રમુખ તરીકે આપેલ વ્યાખ્યાનમાંથી]

૧૭
ચાર સંસ્થાઓ

[૧] ધર્મસંસ્થા ચતુર્વિધ સંઘ

ભગવાન મહાવીરે જ્યારે વર્ધમાનનો ભેખ ઉતારી મૂક્યો ત્યારે ત્યાગના દૃષ્ટિબિંદુ ઉપર પોતાની સંસ્થાના વર્ગો પાડ્યા. મુખ્ય બે વર્ગ : એક ઘરબાર અને કુટુંબકબીલા વિનાનો ફરતો અનગાર વર્ગ અને બીજો કુટુંબકબીલામાં રમનાર સ્થાનબદ્ધ આગારી વર્ગ. પહેલો વર્ગ પૂર્ણ ત્યાગી. એમાં સ્ત્રી અને પુરુષ બન્ને આવે અને તે સાધુ-સાધ્વી કહેવાય. બીજો વર્ગ પૂર્ણ ત્યાગનો ઉમેદવાર. એમાં પણ સ્ત્રી અને પુરુષ બન્ને આવે અને તે શ્રાવક-શ્રાવિકા કહેવાય. આ રીતે ચતુર્વિધ સંઘ-વ્યવસ્થા—અથવા આપણા પ્રાચીન શબ્દનો નવેસર ઉપયોગ કરીએ તો ચતુર્વિધ વર્ણ-વ્યવસ્થા—શરૂ થઈ. સાધુસંઘની વ્યવસ્થા સાધુઓ કરે એના નિયમો એ સંઘમાં અત્યારે પણ છે અને શાસ્ત્રમાં પણ બહુ સુંદર અને વ્યવસ્થિત રીતે ગૂંથાયેલા છે. સાધુસંઘ ઉપર શ્રાવકસંઘનો અંકુશ નથી એમ કોઈ ન સમજે. અનેક નિર્વિવાદ શુભ કામ કરવા સાધુ સંઘ સ્વતંત્ર જ છે પણ ક્યાંક ભૂલ દેખાય અથવા તો અમુક દોષ અથવા તો સારા કામમાં પણ ખાસ મદદની અપેક્ષા હોય ત્યાં સાધુસંઘે પોતે ભલે , શ્રાવકસંઘનો અંકુશ પોતાની ઇચ્છાથી , સ્વીકાર્યો છે એ , રીતે શ્રાવકસંઘનું બંધારણ ઘણી રીતે જુદું હોવા છતાં તે સાધુસંઘનો અંકુશ સ્વીકારતો જ આવ્યો છે. આ

રીતે પરસ્પરના સહકારથી એ બન્ને શ્રેણી એકરૂપ વિકાસ જ કરતા આવ્યા છે.

[illegible]

[૨] સાધુસંસ્થા

આજની સાધુસંસ્થા ભગવાન મહાવીરને આભારી છે પણ એ સંસ્થા તેથીયે જૂની છે. ભગવતી જેવા આગમોમાં અને બીજા જૂના ગ્રંથોમાં પાર્શ્વાપત્ય એટલે પાર્શ્વનાથના શિષ્યોની વાતો આવે છે. તેમાંના કેટલાક ભગવાન પાસે જતાં અચકાય છે, કેટલાક તેમને ધર્મવિરોધી સમજી આવે છે, કેટલાક ભગવાનને હરાવવા કે તેમની પરીક્ષા કરવા ખાતર તત્ત્વચર્ચાના પ્રશ્નો કરે છે. પણ છેવટે એ પાર્શ્વાપત્યની પરંપરા ભગવાન મહાવીરની શિષ્યપરંપરામાં કાં તો સમાઈ જાય છે અને કાં તો તેમના કેટલાક સાથે આપોઆપ ખરી જાય છે. અને એ રીતે પાછો ભગવાનનો સાધુસંઘ નવે રૂપે જ ઊભો થાય છે કે તે એક સંસ્થાના રૂપમાં વિકસતો જાય છે.

સંઘનું આંતરિક બંધારણ

જેમ રાજ્યશાસ્ત્રના, અર્થશાસ્ત્રના, વ્યવહારના અને કર્મોના નિયમો હોય છે, એ નિયમોના પાલન માટે અને એમાં ભંગ થાય તો એને શાસન કરવા માટે સુવ્યવસ્થિત રાજતંત્રની પેઠે એ સાધુસંસ્થાના તંત્રમાં પણ નિયમો હોય છે, નાનામોટા અધિકારીઓ નિમાય છે. એ અધિકારીઓની મર્યાદા ભિન્ન ભિન્ન છે. ગણસ્થવિર, સંઘસ્થવિર, આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક ગણી વગેરેની મર્યાદાઓ, અરસપરસના વ્યવહારો, કામના વિભાગો, એકબીજાની વારસાના હક્કો, એકબીજા ગચ્છની અંદર કે એકમેક સાથેની પાસે જવા-આવવાના, શીખવાના, આહાર વગેરેના નિયમો — એ બધું જૈન શિક્ષાઓમાં મળે છે તે જોઈ સાધુસંસ્થાના બંધારણ પરત્વેના આચાર્યોના ડહાપણ વિષે માન ઉત્પન્ન થયા વિના રહેતું નથી. એટલું જ નહિ, પણ આજ

થઈ જતું, બીજી સંસ્થાને પોતાનું બંધારણ બાંધવા અથવા વિકાસ કરવા માટે એ સાધુસંસ્થાના બંધારણનો અભ્યાસ બહુ જ મદદગાર થઈ પડે તેમ મને સ્પષ્ટ લાગ્યું છે.

ભિક્ષુણીસંઘ અને તેની બૌદ્ધસંઘ ઉપર અસર

આ દેશના ચારે ખૂણામાં સાધુસંસ્થા ફેલાઈ ગઈ હતી. ભગવાનના અસ્તિત્વ દરમિયાન ચૌદ હજાર ભિક્ષુ અને છત્રીસ હજાર ભિક્ષુણીઓ હોવાનું કથન છે. તેમના નિર્વાણ પછી એ સાધુસંસ્થામાં કેટલો ઉમેરો થયો કે કેટલો ઘટાડો થયો તેની ચોક્કસ વિગત આપણી પાસે નથી, છતાં એમ લાગે છે કે ભગવાન પછીની અમુક સદીઓ સુધી તો એ સંસ્થામાં ઘટાડો નહિ જ થયો હોય, વધારો થયો હશે. સાધુસંસ્થામાં સ્ત્રીઓને સ્થાન કાંઈ ભગવાન મહાવીરે જ પહેલવહેલું નથી આપ્યું. તેમના પહેલાંના ભિક્ષુણીઓ જૈન સાધુસંઘમાં હતી અને બીજા પરિવ્રાજક પંથોમાં પણ હતી, છતાં એટલું તો ખરું જ કે ભગવાન મહાવીરે પોતાના સાધુસંઘમાં સ્ત્રીઓને ખૂબ અવકાશ આપ્યો અને એની વ્યવસ્થા વધારે મજબૂત કરી. એનું પરિણામ બૌદ્ધ સંઘ ઉપર પણ થયું. બુદ્ધ ભગવાન સાધુસંઘમાં સ્ત્રીઓને સ્થાન આપવા ઇચ્છતા ન હતા, પણ તેમને છેવટે સાધુસંસ્થામાં સ્ત્રીઓને સ્થાન આપવું પડ્યું. આ તેમના પરિવર્તનમાં જૈન સાધુસંસ્થાની કાંઈક અસર કારણ છે એમ વિચાર કરતાં લાગે છે.

સાધુનું ધ્યેય જીવનશુદ્ધિ

સાધુ એટલે સાધક. સાધક એટલે અમુક ધ્યેયની સિદ્ધિ માટે સાધના કરનાર, તે ધ્યેયના ઉમેદવાર. જૈન સાધુઓનું ધ્યેય મુખ્યપણે તો જીવનશુદ્ધિ જ નક્કી કરવામાં આવેલું છે. જીવનને શુદ્ધ કરવું એટલે તેનાં બંધનો, તેનો મેલ, તેના વિક્ષેપો અને તેની સંકુચિતતાઓ ટાળવી. ભગવાને પોતાના જીવન મારફત સમજદારને એવો પદાર્થપાઠ શીખવ્યો છે કે જ્યાં સુધી કોઈ પોતાનું જીવન અંતર્મુખ

થઈ નપ્રસી ન લે કોપી ન લે, પોતે વિચાર અને વર્તનમાં સ્થિર ન થાય, પોતે પોતાના ખેલ ખાતે સ્પષ્ટ ભાન કરે ત્યાં સુધી તે બીજાને શી રીતે પ્રેરી શકે? આમ કરી આધ્યાત્મિક જીવન જેવી મહત્ત્વની બાબતમાં જો કોઈની પ્રેરણા કરવાની હોય તો પહેલાં—એટલે કે બીજાને ઉપદેશ આપવા શરૂ થતાં પહેલાં—પોતાની જાતને એ બાબતમાં ખૂબ તૈયાર કરી લેવી જોઈએ. એ તૈયારીનો વખત એ જ ચોમાસાનો સમય. આવી સાધના માટે એકાંત જગ્યા શોધીઓ અને બીજા લોકોથી અળગાપણું કોઈ પણ સામાજિક કે બીજી ખટપટમાં ભાગ ન ભજવવાપણું અમુક પ્રકારના ખાનપાન અને રહેણીકરણીના નિયમો—એ બધું યોજાયેલું હતું

સ્થાનાંતર અને લોકોપકાર

એ સંસ્થામાં એવા અસાધારણ પુરુષો થયા, કે જેઓની અંતર્દૃષ્ટિ અને સૂક્ષ્મ વિચારણા કાયમ હતી. કેટલાક એવા પણ થઈ ગયા છે કે જેઓની બહિર્દૃષ્ટિ તો હતી જ્યાં અંતર્દૃષ્ટિ પણ ભુલાઈ ન હતી. કેટલાક એવા પણ થઈ ગયા છે કે જેઓમાં અંતર્દૃષ્ટિ નહિવત્ અથવા તદ્દન ગૌણ થઈ હતી અને બહિર્દૃષ્ટિ જ મુખ્ય થઈ ગઈ હતી. ગમે તેમ હો, જ્યાં એક બાજુ સમાજ અને કુટુંબ તરીકે જૈનધર્મનો વિસ્તાર થતો ગયો અને એ સમાજમાંથી જ સાધુઓ થઈ સંસ્થામાં દાખલ થતા ગયા અને બીજી બાજુ સાધુઓનું વર્ચસ્વમાન પણ ધીરે ધીરે આવતું ગયું, જંગલો, ટેકરીઓ અને વહેલી બહારના સ્થાનમાંથી ધીરેધીરે લોકવસતિમાં આવતા ગયા. ચતુર્માસ સ્થાને લોકમુખમાં સ્થાન થઈ અનિયતવાસ લોકસંપર્ક તેમ કેટલાક દેરો સીમામાં હોય, તો તેની સાથે જ તે સ્થાને લોકમાં કેટલાક પોતાના ખાસ મુકામ પણ દાખલ કર્યા છે, અને તેમ કરવાનો અધીરો પ્રયત્ન કર્યો છે. જે કેટલાક ત્યાગીઓ ખાસ અંતર્દૃષ્ટિવાળા હતા અને જેમણે પોતાના જીવનમાં આધ્યાત્મિક

શક્તિ આપી હતી, એ વાઓના ગુણ અને ગુણ કૃતની નોંધ તો એમની સાથે (થઈ કારણ કે એમને પોતાના જીવનની ખાતી બીજાઓને સોંપવાની કશી પડી જ ન હતી; પણ જેઓએ, અવર્ષપિ હોવા જ્યાં કે ન હોવા જ્યાં અગર ઓછેવત્તે હોવા છતાં લોકકાળમાં પોતાના માનનો ફાળો આપેલો હતો એની નોંધ આજથી સામે ગ્રંથિવિમાં બનાવેલી છે—એ વારના માંસભોજી અને મદ્યપાની જ સમાજમાં જે માંસ અને મદ્ય તરફની અરુચિ અથવા તેના સેવનમાં પાપબુદ્ધિ ઉત્પન્ન થઈ છે તેનું શ્રેય કોઈ સાધુસંસ્થાને ભાગે ઓછું નથી. સાધુસંસ્થાનું રાતદિવસ એક કામ તો ચાલ્યા જ કર્યું કે તેઓ જ્યાં જાય ત્યાં સાત વ્યસનના ત્યાગનો ઉપદેશ આપે અને જીવનથી પાઠ શીખવે. માંસનો તિરસ્કાર ઘણી ઘૃણા અને વ્યભિચારની અપ્રતિષ્ઠા તેમ જ આત્મત્વનું અનુમાન—આટલું પાના રસનું લોકમાનસમાં ઉતારવામાં જૈન સાધુસંસ્થાનો અસાધારણ ફાળો છે એની કોઈ ના પાડી શકે નહિ.

[દચિં ભા ૧ પૃ ૪૨૨ ૪૨૩]

[૩] તીર્થસંસ્થા

જ્યાં ધાર્મિક મહાત્માઓનો કોઈ પણ સંબંધ રહ્યો હોય, અગર જ્યાં કુદરતી સૃષ્ટિના હોય અથવા એ બેમાંથી એક ન હોય છતાં જ્યાં કોઈ પૈસાદારે પુષ્કળ નાણું ખરચી ઇમારતની, સ્થાપત્યની, મૂર્તિની કે એવી કોઈ વિશિષ્ટતા આણી હોય ત્યાં ધર્મભાવે તીર્થ ઊભાં થઈ ગયાં છે. ગામ અને શહેરો ઉપરાંત સમુદ્રતટ, નદીકાંઠો, બીજાં જળાશયો અને નાનામોટા પહાડો એ (મોટેભાગ તીર્થ તરીકે પ્રસિદ્ધ છે.

જૈન તીર્થો જળાશય પાસે નથી આવ્યાં એમ તો નથી જ—સુંદર તીર્થો મથુરા જેવી મોટી નદીને કિનારે અને બીજાં જળાશયો પાસે આવેલાં છે. તેમ છતાં ખાસ કરીને જૈન તીર્થોની ખાસ વિશિષ્ટતા પહાડોની પસંદગીમાં છે. પૂર્વ હિન્દુસ્તાન કે પશ્ચિમ હિન્દુસ્તાન, દક્ષિણ

હિંદુસ્તાન કે ઉત્તર હિંદુસ્તાન—જ્યાં જાઓ ત્યાં જૈનોનાં પ્રધાન તીર્થો ટેકરીઓ અને પહાડોની ઉપર જ આવેલાં છે. માત્ર શ્વેતાંબર સંપ્રદાય જ નહિ પણ દિગંબર સંપ્રદાય મુખ્યાની સ્થાન પરત્વે ખાસ પસંદગી પહાડોની જ છે. જ્યાં શ્વેતાંબરોને જરા પણ સંબંધ નથી, અત્યારે નથી એવાં કેટલાંક ખાસ દિગંબરોનાં તીર્થો દક્ષિણ હિંદુસ્તાનમાં છે અને તે પણ પહાડી ભાગમાં આવેલાં છે. આ ઉપરથી એટલું જ ફલિત થાય છે કે તીર્થના પ્રસ્થાપક સત્પુરુષોનું મન કેવાં કેવાં સ્થાનોમાં વધારે રમતું અને તેઓ કઈ જાતનાં સ્થાનો પસંદ કરતા. આવી પસંદગી હેતુ કે અનુભવ છે? તેમને એકાંત અને કુદરતી સૌંદર્ય કેવી ગમે છે એ પણ એ તીર્થસ્થાનોના વિકાસ ઉપરથી જાણી શકાય છે. ગમે તેટલું ભૌગોલિક અને ધાર્મિક જીવન ગાળવા છતાં પણ છેવટે, આખરે વચ્ચે વચ્ચે ક્યારેક ક્યારેક માનુષ આરામ અને આનંદ માટે ક્યાં અને કેવાં સ્થાન તરફ દૃષ્ટિ દોડાવે છે એ આપણે તીર્થસ્થાનોની પસંદગી ઉપરથી જાણી શકીએ છીએ.

તીર્થોના વિકાસમાં મૂર્તિપૂજાનો વિકાસ છે અને મૂર્તિપૂજાની સાથે જ મૂર્તિનિર્માણકળા તેમ જ સ્થાપત્યકળા સંકળાયેલાં છે. આપણા દેશના સ્થાપત્યમાં જે વિશિષ્ટતાઓ અને જે મોહકતાઓ છે તે તીર્થસ્થાનો અને મૂર્તિપૂજાને જ મુખ્યપણે આભારી છે. લોકસ્થાનોમાં સ્થાપત્ય આવ્યું છે ખરું પણ તેનું મૂળ ધર્મસ્થાનો અને તીર્થસ્થાનોમાં જ છે.

દેવસ્થાનના વહીવટની સુંદર વ્યવસ્થા

જૈનોનાં તીર્થો એ કોઈ બે-પાંચ કે દસ નથી, પણ સેંકડોની સંખ્યામાં, અને તે પણ દેશના કોઈ એક જ ભાગમાં નહિ, પરંતુ જ્યાં જાઓ ત્યાં આગળપાછળ મળી આવે છે. એ જ એક વખતના જૈન સમાજના વિસ્તારનો પુરાવો છે. જૈન તીર્થોની ખાસ એક સંસ્થા જ છે. ધર્મશાળા અને ભોજન આપવાની પદ્ધતિમાં ભક્તિને આગળ પાડીને તેમ જ તેના ઉપર નાનામોટા સંઘની માલિકી હોય, દેખરેખ હોય

એવાં સંપ્રદાયોમાં મંદિરોના નાનામોટા ભંડારો હોય છે એ ભંડારોમાં નાખેલું ધન અક્ષય હોય છે ? દેવદ્રવ્ય કહેવાય છે એમાં શક નથી કે આ દેવદ્રવ્ય એકઠું કરવામાં તેની સારસંભાળ રાખવામાં અને તે ખરચાઈ ન જાય તે માટે ઓછા ઘણાએ સેવામાં જૈન સંઘે ખૂબ ચતુરાઈ અને પ્રમાણિકતા વાપરી છે. હિંદુસ્તાનમાંના બીજા કોઈ સંપ્રદાયના દેવદ્રવ્યમાં જૈન સંપ્રદાયના દેવદ્રવ્ય જેટલી ચોખવટ ભાગ્યે જ જોઈએ. એ જ રીતે દેવદ્રવ્ય એના ઉદ્દેશ સિવાય બીજે ક્યાંય વપરાય નહિ, ચોરાય નહિ અને કોઈ એને પચાવી ન જાય એ માટે પણ જૈન સંઘે એક નૈતિક અને વ્યાવહારિક સુંદર વાતાવરણ ઊભું કર્યું છે.

અનૂપ એવી બાબતો

તીર્થસંસ્થા સાથે મુનિઓ મંદિરો ભંડારો અને સંઘ નીઓનાતાનો એ ચાર ભારે મનોરંજક અને મહત્ત્વના ઇતિહાસો છે. ક્યાં, ક્યારે અને કયા કારણે મુનિ અને મંદિરોમાં કેવી કેવી રીતે, ક્યા ક્યા જમાનામાં કેવો કેવો ભાગ ભજવ્યો, એક પછી બીજી અવસ્થા કેવી કેવી રીતે આવતી ગઈ ભંડારોમાં અવ્યવસ્થા અને ગરબડ કેવી રીતે આવી અને તેની જગ્યાએ પાછી વ્યવસ્થા અને નિયંત્રણ કેવી રીતે શરૂ થયાં નાનામોટા અને દૂરના તીર્થોમાં હજારો અને લાખો માણસોના સંઘો યાત્રાએ કેવી રીતે જતા અને એની સાથે એ શું શું કામો કરતા—એ બધા ઇતિહાસ ભારે જાણવા જેવો છે

ત્યાગ શાંતિ અને વિવેક કેળવવાની પ્રેરણામાંથી જ આપણું તીર્થ ઊભું થયું છે અને ત્યાં ત્યાગનો તથા તેની પાછળ શક્તિ, સંપત્તિ અને સમય ખરચવાનો આપણો ઉદ્દેશ પણ એ જ છે

[જૈન ધ. પ. ૬ ૪ ૫ ૧૯૪૮]

(૪) જ્ઞાનસંસ્થા—જ્ઞાનભંડારો

જ્યાં માનવજાત છે ત્યાં જ્ઞાનનો આદર સહજ હોય જ છે

અને હિંદુસ્તાનમાં તો જ્ઞાનની પ્રતિષ્ઠા પહેલેથી ચાલી આવે છે. બ્રાહ્મણ અને શ્રમણ સંપ્રદાયની ગંગા-જમુનાની ધારાઓ માત્ર નિર્મળ જ્ઞાનના પદ ઉપર જ વહેતી આવી છે અને વહે જાય છે. ભગવાન મહાવીરનું તપ એટલે ભૌતિક કષ્ટ જ નહિ, પણ જ્ઞાનની ઊંડી શોધ. જે શોધ માટે એમણે તન તોડ્યું, રાતદિવસ ન ગણ્યાં અને તેમની જે ઊંડી શોધ અનુભવ-સાક્ષાત્કાર દ્વારા મનુષ્યોની ભેટની તેમની સામે ઊભરાતી, તે શોધ એ જ જ્ઞાન, અને એના ઉપર જ વર્ધમાનના પદનું પ્રમાણ છે.

જ્ઞાન અને તેનાં સાધનોનો મહિમા

એ જ્ઞાને શ્રુત અને આગમ નામ ધારણ કર્યું. એમાં ઉમેરો પણ થયો અને સ્પષ્ટતાઓ પણ થતી આવી. જેમ જેમ એ શ્રુત અને આગમરૂપ માનસરોવરને કિનારે શિષ્યગણ હંસો વધારે અને વધારે આવતા ગયા તેમ તેમ એ જ્ઞાનનો મહિમા વધતો આવ્યો. એ મહિમાની સાથે જ એ જ્ઞાનને મૂર્ત કરનાર એનાં સ્થૂળ સાધનોનો પણ મહિમા વધતો આવ્યો. સીધી રીતે જ્ઞાન સાચવવામાં મદદ કરનાર પુસ્તક-પાનાં જ નહિ, પણ તેના કામમાં આવનાર તાડપત્ર, લેખણ, શાહીનો પણ જ્ઞાનના જેટલો જ આદર થવા લાગ્યો. એટલું જ નહિ, પણ એ પોથી-પાનાંનાં બંધનો, તેને રાખવા મૂકવા અને બાંધવાનાં ઉપકરણો પણ બધું જ સત્કારાવા લાગ્યાં. જ્ઞાન આપવા અને મેળવવામાં જેટલું પુણ્ય મનાય તેટલું જ જ્ઞાનનાં સ્થૂળ ઉપકરણોને આપવા અને લેવામાં પુણ્ય મનાવા લાગ્યું.

જ્ઞાનભંડારોની સ્થાપના અને તેનો વિકાસ

એક બાજુ શાસ્ત્રલેખન અને લખાવવાનો વધ્યો ત્યાં મહિમા અને બીજી બાજુ સંપ્રદાયની જ્ઞાન વિષેની ભક્તિ—આ બે કારણોને લીધે પહેલેથી એકધારી મોટી આવતી જ્ઞાનસંપત્તિ આપોઆપ એકત્ર થઈ અને મોટા મોટા ભંડારોમાં રહેવા લાગી.

પેઠે ગામ અને શહેરના સંઘને એમ લાગે જ કે અમારે ત્યાં જ્ઞાનભંડાર હોવો જ જોઈએ. દરેક ત્યાગી સાધુ પણ જ્ઞાનભંડારની રક્ષા અને વૃદ્ધિમાં જ ધર્મની રક્ષા માનતો થઈ ગયો. પરિણામે આખા દેશમાં, એક છેડેથી બીજા છેડા સુધી, જૈન જ્ઞાનસંસ્થા ભંડારરૂપે વ્યવસ્થિત થઈ ગઈ. ભંડારો પુસ્તકોથી ઊભરાતા ચાલ્યા. પુસ્તકોમાં પણ વિવિધ વિષયોનું અને વિવિધ સંપ્રદાયોનું જ્ઞાન સંઘરાતું ગયું. સંઘના ભંડારો, સાધુના ભંડારો અને વ્યક્તિગત માલિકીના પણ ભંડારો—એમ ભગવાનના શાસનમાં ભંડાર, ભંડાર અને ભંડાર જ થઈ ગયા! એની સાથે જ મોટો લેખકવર્ગ ઊભો થયો, લેખનકળા વિકાસ પામી અને અભ્યાસીવર્ગ પણ ભારે વધ્યો. છાપવાની કળા અહીં આવી ન હતી ત્યારે પણ કોઈ એક નવો ગ્રંથ રચાયો કે તરત જ તેની સેંકડો નકલો થઈ જતી અને દેશના ખૂણે ખૂણે વિદ્વાનોમાં વહેંચાઈ જતી. આ રીતે જૈન સંપ્રદાયમાં જ્ઞાનસંસ્થાની ગંગા અવિચ્છિન્નપણે વહેતી આવી છે. જ્ઞાન તરફની ઉત્કટ જૈન ભક્તિને પરિણામે આજે પણ એ ભંડારો એટલા બધા છે અને એમાં એટલું બધું વિવિધ જાતનું સાહિત્ય છે કે તેનો અભ્યાસ કરવા માટે વિદ્વાનો પણ ઓછા પડે છે. પરદેશના અને આ દેશના કેટલાક શોધકો અને વિદ્વાનોએ આ ભંડારોની પાછળ વર્ષો ગાળ્યાં છે અને એમાંની વસ્તુ તથા એનો પ્રાચીન રચનાલેખ જોઈ તેઓ ચકિત થયા છે.

બ્રાહ્મણ અને જૈન ભંડારો વચ્ચે ફેર

બ્રાહ્મણ સંપ્રદાયના અને જૈન સંપ્રદાયના ભંડારો વચ્ચે એક ફેર છે અને તે એ કે બ્રાહ્મણના ભંડારો વ્યક્તિની માલિકીના હોય છે જ્યારે જૈન ભંડારો ઘણા ભાગે સંઘની માલિકીના જ હોય છે અને ક્વચિત્ વ્યક્તિની માલિકીના હોય ત્યાં પણ તેનો ઉપયોગ કરવા માટે તે વ્યક્તિ માલિક છે. આમ દુરુપયોગ થતો હોય ત્યાં આગેવાનો સંઘની જ સત્તા આગળ કરી શકે છે. બ્રાહ્મણો આમ મંદિરમાં જ પુસ્તકો

ભાંથી ગોમ્મટસારનો જેમ ઉત્તમ અને પુસ્તકની ચારસ ભાગ જેવા ગણ સિદ્ધાંતનું સરસ્વતીપૂજન નામનું પર્વ ઊજવે છે જ્યારે શ્વે. કાર્તિકી સુદી પંચમીને જ્ઞાનપંચમી કહી તે વખતે પુસ્તક અને ભંડારોને પૂજે છે અને એ નિમિત્તે ચોમાસામાંથી ભંડારો ત્યાર ભંડારોમાંથી દૂર કરે છે આ રીતે જૈન જ્ઞાનસંસ્થા, જે એકવાર માત્ર મૌખિક હતી તે, અનેક ફેરફાર પામતી પામતી, અને ગ્રંથભંડારો અને અનેક વિવિધતા અનુભવતી અનુભવતી આજે મૂર્તરૂપે આપણી સામે છે.

[દઅચિ ભા૰ ૧ પૃ૰ [illegible]]

જૈન ભંડારોની અસાંપ્રદાયિક દૃષ્ટિ

સેંકડો વર્ષોથી ઠેર ઠેર સ્થાપન થયેલા મોટા મોટા જૈન જ્ઞાન ભંડારોમાં ફક્ત જૈન શાસ્ત્રોનું કે અધ્યાત્મશાસ્ત્રનું જ સંગ્રહ-સંરક્ષણ નથી થયું પણ એની સાથે અનેક પ્રકારનાં લૌકિક શાસ્ત્રોનું અસાંપ્રદાયિક દૃષ્ટિએ સંગ્રહ-સંરક્ષણ પણ થયું છે. વૈદ્ય, જ્યોતિષ, મંત્ર-તંત્ર, સંગીત, સામુદ્રિકશાસ્ત્ર, ભાષાશાસ્ત્ર, કાવ્ય, નાટક, પુરાણ, અલંકાર અને કથાગ્રંથો તેમ જ બધાં દર્શનોનાં મહત્ત્વનાં શાસ્ત્રો—આ બધાંનું જૈન જ્ઞાનભંડારોમાં કેવળ સંગ્રહ-સંરક્ષણ જ નથી થયું, પણ એમના અધ્યયન અને અધ્યાપન દ્વારા કેટલાક વિશિષ્ટ વિદ્વાનોએ એવી પ્રતિભાપૂર્ણ નવી કૃતિઓની રચના કરી છે કે જેની જોડ દુર્લભ છે અને મૌલિક કહી શકાય એવી છે. જૈન જ્ઞાનભંડારોમાંથી એવા ગ્રંથો પણ ઉપલબ્ધ થયા છે કે જે બૌદ્ધ વગેરે અન્ય પરંપરાઓના છે અને આજે દુનિયાના બીજા કોઈ પણ ભાગમાં મૂળ રૂપે હજી સુધી ઉપલબ્ધ થયા નથી.

[દઅચિ ભા૰ ૨, પૃ૰ ૫૧૮-૫૧૯]

ધાર્મિક વાતાવરણ, અમુક મંદિરોમાં જવાની ટેવ, કોઈક વાર કે આવા વાતાવરણને લીધે અત્યારે પણ આ જાતના વિશેષોમાં નીચેની બાબતો સાફ તરી આવે છે (૧) ખાસ એવી પ્રીતિ અને તેવી નિવૃત્તિ અને કુટુંબ ભેગા રહેવાનો પ્રયત્ન. (૨) ખાનપાન અને બીજી પ્રકાર એમાં ઉપર ઓછેવત્તે અંકુશ. (૩) શાસ્ત્રશ્રવણ અને આધ્યાત્મિકતાનું વલણ. (૪) તપસ્વી અને ત્યાગીઓની સેવા / સાધર્મિકોની પ્રેમ પ્રતિપત્તિ-ભક્તિ. (૫) દરેકને અભયદાન આપવાનો પ્રયત્ન. (૬) જૈનેતર વિચારો સાથે પણ મૈત્રી સાધવાની ભાવના.

શ્વેતાંબરના અને દિગંબરોમાં એ આચારનિષ્ઠ પર્યુષણ તરીકે / જાણીતું છે અને સામાન્ય રીતે બન્નેમાં એ આચારનિષ્ઠ ઓછામાં / થઈ શકે છે અને પૂરું પણ થાય છે પણ દિગંબર સંપ્રદાયમાં આઠને બદલે દશ દિવસો માનવામાં આવે છે અને પર્યુષણને બદલે એને દશલક્ષણી કહેવામાં આવે છે તથા એનો સમય પણ શ્વેતાંબર પછી શરૂ થતાં પૂરો થાય છે. શ્વેતાંબરોના પર્યુષણ પૂરાં થાય કે બીજા દિવસથી / દિગંબરોની દશલક્ષણી શરૂ થાય છે

[દર્શન ભા૦ ૧ પૃ૦ ૩૨૯-૩૩૦]

આ આચારનિષ્ઠમાં આપણે અત્યાર અગાઉની મુખ્યપણે સાંભળતા અને તેના ભાવ ઉપર વિચાર કરવા પૂરો અવકાશ મેળવી શકીએ. ભગવાને પોતાની ફરજ સમજવા દ્વારા જે ઘણો અનુભવમાં હતાં અને તેમણે પોતે / જે જાતોને સમકાલીન સામાજિક પરિસ્થિતિ સુધારવા આગળમાં પગલાં ભર્યાં અને લોકો એ પ્રમાણે વર્તન કરે એ હેતુથી જે જાતોનો સમગ્ર પ્રચાર કર્યો હતો, તે જાતો સંક્ષેપમાં આ છે

(૧) જીવતા દુ અને પોતાનું દુઃખ હોય તેમાં સમાનતાભાવ રાખવો, જેથી જીવનમાં મુખ્યપણે અને નિત્યમાનમાં વિશેષ વર્તો પ્રવેશ ન પામે. (૨) પોતાની સુખસગવડનો, સમાધાન વિના અર્થે પૂર્ણ ભેગ આપવો જેથી પરિગ્રહ જીવનમાંથી સ્વૈરાચારમાં પરિણમે. (૩) ...

સ્મૃતિ અને છદ્મસ્થ આંતરનિરીક્ષણ કરતા રહેવું, જેથી અજ્ઞાન કે નબળાઈને રસ્તે પ્રવેશ પામતા દોષોની ચોકી કરી શકાય અને આત્મપુરુષાર્થમાં ઓટ ન આવે.

[દૃષ્ટિ ભા ૧ પૃ ૪૮૩ ૪૮૪]

સંવત્સરી : મહત્ત્વ

સાંવત્સરિક પર્વ એ મહાપર્વ છે. બીજાં કોઈ પણ પર્વો કરતાં એ મહત્ છે. એની મહત્તા શેમાં છે એ જ સમજવાનું રહે છે.

કોઈ પણ વ્યક્તિએ ખરી શાન્તિ અનુભવવી હોય, અભય કે અમરત્વ, આત્મા કે સંપદામાં સ્વત્વના કેળવવી હોય અને વ્યક્તિત્વને ખંડિત ન થવા દેતાં તેનું આંતરિક અખંડપણું સાચવી રાખવું હોય તો એનો એકમાત્ર અને મુખ્ય ઉપાય એ છે કે તે વ્યક્તિ પોતાની છદ્મસ્થતાના દોષ પોતે બારીકાઈથી અવલોકન કરે. એ આન્તરિક અવલોકનનો હેતુ એ જ રહે કે તેણે ક્યાં ક્યાં, કેવી કેવી રીતે, કોની કોની સાથે નાની કે મોટી ભૂલ કરી છે તે જોવું. જ્યારે કોઈ માણસ સાચા દિલથી નમ્રપણે પોતાની ભૂલ જોઈ લે છે ત્યારે તેને તે ભૂલ ગમે તેટલી નાનામાં નાની હોય તોય, પહાડ જેવી મોટી લાગે છે અને તેને તે સહી શકતો નથી. પોતાની ભૂલ અને ખામીનું ભાન એ માણસને જાગતો અને વિવેકી બનાવે છે. જાગૃતિ અને વિવેક માણસને બીજા સાથે સંબંધો કેમ રાખવા કેમ કેળવવા એની સૂઝ પાડે છે. એ રીતે આન્તરિક અવલોકન માણસની ચેતનાને ખંડિત થતાં રોકે છે. આવું અવલોકન માત્ર ત્યાગી કે ફકીર માટે જ જરૂરી છે એમ નથી, પણ તે નાની કે મોટી ઉંમરના અને કોઈ પણ ધંધા અને સંસ્થાના માણસો માટે સ્વજીવનની દૃષ્ટિએ આવશ્યક છે, કેમ કે તે દ્વારા એ મનુષ્ય પોતાની ખામીઓ નિવારવા ઉદ્યત થઈ શકે છે અને સૌના દિલને જીતી લે છે. આ એક સાંવત્સરિક પર્વના મહત્ત્વની મુખ્ય વ્યક્તિગત બાજુ થઈ. પરંતુ એ મહત્ત્વ સામુદાયિક દૃષ્ટિએ પણ

છે મીરાંજીની માતા કમળપ્રભા રાવને બળતે હૈયાને લઈને જઈ રહી છે યુવાન રાણી છે શરીર પર સલ્વેજ છે એવામાં પ્રભાતને પહોરે યુવાનોનું એક ટોળું એની સામે આવે છે કમળપ્રભા ક્ષણભર મૂંઝાઈ ઊઠે છે ત્યાં તો યુવાનોનો આગેવાન આગળ આવે છે અને બહેન કહીને એને સંબોધે છે કમળપ્રભાને એ કહે છે

બહેન! મૂંઝાશો મા. જેને એક ભાઈ પડખે હોય તેનેય કશું કરવાનું નથી રહેતું તો અમે તો અહીં તારા સાતસો ભાઈ આ છીએ, તારે વળી ડરવાનું શા માટે?" યુવાનોમા શક્તિ સાથે આવો સંયમ અને સમજણ આવવી જરૂરી છે.

લોકપ્રિયતા મેળવવા માટે ત્રણ વસ્તુઓનો સ્વીકાર કરવો જોઈએ: દાન, વિનય અને વિવેક. જે માણસ વિનયશીલ છે જે મનનો ઉદાર છે તે દુનિયામાં પ્રિય થઈ શકે છે જે અંતરથી આવો ઉદાર છે એ પોતાની પ્યારામાં પ્યારી ચીજ પણ બીજાનું કલ્યાણ થતું હોય તો આપી દેતાં અચકાતો નથી

દુનિયામાં ઘણા માણસો તો મળેલું ભોગવવાને ખાતર જાણે કે માત્ર લેણું કરવા જ આવ્યા હોય એવા દેખાય છે પણ ઉદારે દિલનું તેતર આય એની દયા એમની સાથ છે માણસ આમ કંજૂસ બનીને ભાવનાને ખોઈ નાખે છે ઘણા માણસો દાન કર્યા પછી પશ્ચાત્તાપ કરે છે એવા લોકો વાવ્યા પછી એના પુણ્યના પાકને બાળી નાખે છે દાન આપ્યા પછી એને આમ બાળી ન

નાખો. દાનનું કામ તો ઉલ્લાસથી આનંદથી કરો. મનના નિસાસા સાથે દીધેલું દાન એ દાન શબ્દને યોગ્ય નથી.

આપણે કહીએ છીએ કે 'અન્ન તેવું મન' અને 'અન્ન તેવો ઓડકાર' એ સાચી વાત છે પ્રાણનું સર્જન અન્નને લીધે થાય છે માટે અન્ન શુદ્ધ હોવું જોઈએ. મંદિરમાં અર્પેલા નિર્માલ્ય ઉપર જો આપણે નજર નાખીએ તો આપણી જિંદગી નિર્માલ્ય થઈ જાય છે નિર્બળતા આવી જાય છે અને જીવનમાંથી અસ્મિતા ચાલી જાય છે પ્રભુના ચરણોમાં અર્પિત થયેલી વસ્તુ પાછી લેવી એ તો આત્મા અને પરમાત્માને છેતરવાની દૃષ્ટિ છે માગેલી ભિક્ષાના પૈસા મળ્યા પછી માનવીના જીવનમાં આંતરિક સત્ત્વ રહી શકતું નથી, એ યાદ રાખજો

જે વસ્તુઓ નિર્માલ્ય થઈ ગઈ એને વાપરો નહિ, એને કાઢી નાખો. મફતનું મેળવવાની ઇચ્છા નહિ સ્પૃહા નહિ એ જ સાચો મંત્ર છે પારકા બળ ઉપર જીવનાર જેવો કાયર જગતમાં બીજો કોઈ નથી સ્વબળ ઉપર જીવનાર જ ખરો બહાદુર છે જ્યાં સુધી આવું નિર્માલ્ય જીવન જીવશો ત્યાં સુધી સાચા જીવનનો મર્મ તમને નહિ સમજાય

દાનની પાછળ તો સમસ્ત આત્માનો આનંદ વહેવો જોઈએ. દિલની આવી ઉદારતા એનું જ નામ સાચું દાન.

વિચાર—ઔદાર્ય

આપણે હમણાં લોકપ્રિયતાના સદ્‌ગુણનો વિચાર કરી રહ્યા છીએ. જે માણસના વચનમાં પ્રેમ અને આશ્વાસ વિશ્વાસજનક સદાચાર ન હોય તો લોકો એને સાથ આપશે નહિ. કામ કરવામાં, સેવામાં આ સદ્‌ગુણથી સફળતા શક્ય બને છે. જે માણસે આ જાતની લોકપ્રિયતા કેળવી કે મેળવી નથી હોતી, તેનાં વચનો ઉપર સમાજને કે લોકોને માન કે આદર નથી હોતાં.

આમ જ ધર્મલાભના વિસ્તાર માટે પણ આ લોકપ્રિયતા આવશ્યક છે. જેનું જીવન ક્રાન્તિ છે એ લોકપ્રિય થઈ શકશે નહિ. આધ્યાત્મિક જીવનમાં, આચારમાં પણ આ લોકપ્રિયતાનો ગુણ એટલો જ સહાયક બને છે.

જે માણસે બીજાના પૈસા ખાધા હોય, કોઈને છેતર્યા હોય, એ માણસ બીજાને ધર્મની વાત કરશે તો એનું કોઈ સાંભળશે નહિ. સમાજ તો એને કહેશે કે તું જ પોતે પહેલાં ધર્મ આચર. સમાજની સંસ્થાઓમાં કામ કરનાર માણસે પોતાની આત્મશુદ્ધિ માટે પ્રયાસ કરી, પછી સંસ્થામાં આવવું જોઈએ. આમ ન થાય તો એવી વ્યક્તિ નપાને

ગુણસ્થાનકર્તા બને છે

જે માણસ પોતે વિશુદ્ધ છે તે જ સમાજમાં લોકપ્રિય થઈ શકે છે આને માટે આપણે જોવાનુ છે કે લોકપ્રિયતા કેળવવા માટે કેવા સદ્ગુણ લેવા અને કયા દુર્ગુણો તજવા !

આવો એક આવશ્યક સદ્ગુણ તે ચિત્તના ઔદાર્યનો ઉદારતાનો છે માણસમા મન, વચન અને કાયા–ત્રણેયની ઉદારતા જોઈએ. જેનુ મન કંજૂસ છે જેનુ હૈયુ બળિયલ છે જે બીજાનુ પડાવી લે છે તે બીજાને કાઈ નહિ આપી શકે

કેટલાક લોકો પૈસાથી ઉદાર હોય છે પણ તેઓ બીજાના વિચારો પ્રત્યે ઉદારતા નથી કેળવી શકતા 'હુ બધુ સમજુ છુ એમા બીજાઓ શુ સમજે !' એમ જ એમને લાગે છે પણ ખરી વાત તો એ છે કે બીજાનુય સાંભળવા પ્રયત્ન કરવો જોઈએ. તમારી માફક સામાનેય એના વિચારો જણાવવાની સ્વતત્રતા આપો વિચારની આ ઉદારતા એટલે ! પોતે જેવી સ્વતત્રતા ઈચ્છે છે એવી જ બીજાને પણ આપવી

કુટુબોમા આજે ક્યાય આ જાતનુ વિચાર–સ્વાતત્ર્ય દેખાતુ નથી પિતા અને પુત્રની વચ્ચે, સાસુ અને વહુની વચ્ચે રાજ્ય અને પ્રજાની વચ્ચે આ કેળવાવુ જોઈએ. આ જગતમાં કોઈના ઉપર જોહુકમી ચાલી શકતી નથી. છતાય બે જણા આ સહે છે–એક તો નિર્માલ્ય હોય તે અને બીજા સમાધાન ધર્મી લોકો. પણ આવા ધર્મી લોકો જગતમાં ઘણા ઓછા હોય છે

વિચારો કે પાંચ પાંચ દીકરાએ પણ માબાપને રડવાની દશા શાથી આવે છે? કારણ એ કે સૌ સમાધાનથી સમજીને આનંદથી સાથે રહી શકતા નથી. કુટુંબમાં દરેકને વિચાર પ્રગટ કરવાની તક મળવી જોઈએ. બળજબરીથી નહિ, પણ ધીમે ધીમે સમજાવટથી ફેરફારો લાવી શકાય. જ્યાં સુધી સામી વ્યક્તિના મનનું સમાધાન તમે કરાવી ન શકો ત્યાં સુધી બહારની બળજબરી નકામી છે

આમ વિચારની ઉદારતા અત્યંત આવશ્યક છે. આનું નામ જ સ્યાદ્વાદ. જીવનના દરેક અંગમાં આ સ્યાદ્વાદની સમીક્ષા છે એ કોઈ માત્ર શાસ્ત્રની વાત નથી; એને તો જીવનના પ્રત્યેક આચાર સાથે સંબંધ છે આથી તો જે શાસ્ત્ર માણસને પ્રેરણા ન આપે, જે એના જીવનમાં વણાઈ જાય નહિ એ શાસ્ત્ર જીવંત જીવન માટે નકામું છે એટલે જ્ઞાનીઓએ શાસ્ત્રમાં જે કહ્યું છે એને આચારમાં ઉતારી આપણે એનો પૂરો લાભ લેવાનો છે પરસ્પરના વિચારોમાં આવું સમાધાન લાવે એનું નામ સ્યાદ્વાદ.

એક દૃષ્ટાંત જોઈએ. બાપ અને દીકરો રોજ તો સાથે જમતા. પણ એક દિવસ જોગાનુજોગ અણબનાવ થયો. દીકરાએ કહ્યું, બાપા હું તમારી સાથે જમવા નહિ બેસું

બાપા સમજુ હતા સ્યાદ્વાદ ઉપાસક હતા એમણે ઉપાય શોધી કાઢ્યો દીકરો ન આવે તો મારાથી કેમ જમાય? બાપે ઉતાવળ દાખવી. થાળી પાટલો ને પાટલો લઈ એ દીકરા પાસે ગયા અને સામેથી કહ્યું : [illegible]

એમે તો કાંઈ નહિ; બાપ, હું તારી ભેગો બેસું '

દીકરાનો અહંમ્ ભાંગી ગયો. પોતાનો હું નહિ. બાપા મારા ભેગા બેઠા એમ માની એ આનંદમાં રાચ્યો. બાપે જીવનને સરળ બનાવ્યું તો પુત્રનું સમાધાન થઈ ગયું. આનું નામ સ્યાદ્વાદનો આચાર.

જ્ઞાનીઓની આવી વાતોને સમજો. એને સરળ, સાદી કરીને જીવનમાં ઉતારો. એમણે આટલાં શાસ્ત્રો રચ્યાં છે, સર્જન કર્યું છે તેનું પરિણામ આપણા દૈનિક જીવનમાં ઊતરવું જોઈએ.

આજે મુશ્કેલી એ છે કે આપણે બોલવા તૈયાર છીએ, પણ કોઈની પાસેથી સાંભળવા તૈયાર નથી. તું મારું સાંભળ, મને તું નવું શું કહેવાનો છે ? તું મને સાંભળ. એમ ન કહો. જે કહેવું હોય તે સામાને કહી લેવા દો. એ ખાલી થશે તો પછી તમે તમારા સુંદર વિચારો એનામાં ભરી શકશો. એના પ્રશ્નો, શંકાઓ સાંભળો; એનું પ્રેમથી આનંદથી સમાધાન કરવા મથો. આમ કરશો તો સફળતા સહજસાધ્ય બનશે. ઘણા લોકો આ બધું બુદ્ધિથી તો સમજે છે ખરા, પણ જીવનમાં એ લાવવા મથતા નથી. પણ યાદ રાખજો કે આચાર જ બીજામાં આચારને પ્રેરી શકશે. સામાના જીવનમાં આચાર પ્રગટાવી શકશે.

એક કરોડપતિ શેઠ હતા, પણ ભારે કંજૂસ. એનામાં ઉદારતાનું નામ નહિ. જે હતું તેને કેમ સાચવવું એ વિચારમાં જ એને રાતદિવસની ચિંતા. એકવાર મનની શાંતિ

માટે એ શેઠ રવિવારે ગયા. આઘી દૂર ઊભી રહી અને શેઠે જઈ જોયું પણ એના મોં ઉપર ચિંતા ને વિષાદ દેખાતાં હતા.

પછીવારે બીજા શેઠ ત્યાં આવ્યા તેનું આવું મોં જોયું તો મોં ઉપર એને ઉદાસીનતા દેખાઈ આવી. વાત સાચી છે કે જે કંજૂસ હોય છે તેના મુખ ઉપર લાલી પ્રકાશ ક્યાંથી હોય! એ તો જે દાતા બનીને આપે છે તેના મોં ઉપર જ લાલી ને પ્રસન્નતા દેખાય છે

આ બીજા શેઠને લાગ્યું કે એ બિચારો દુઃખી દુઃખી લાગે છે, કદાચ કંટાળીને આત્મહત્યા કરવા આવ્યો હશે. આમ માનીને આ શેઠ પોતાની પાસે ગયા અને તેને પોતાના નામનું કાર્ડ અને દશ ડોલર શેઠે આપ્યા. વધુ સહાય જોઈએ તો એની પેઢીએ આવવા જણાવ્યું. એના દેખાવમાં ત્યારે સાચી દયા હતી અને એના અંતરમાંથી કરુણાનો સ્રોત વહી રહ્યો હતો. બીજાની મુશ્કેલી જોઈને માનવીનું હૈયું આવી રીતે દ્રવવા લાગે ત્યારે જાણવું કે હવે એનામાં માનવતા જાગરી થઈ છે

પેલા દાનવીર શેઠ તો આમ ચેક આપી ચાલી ગયા, પણ હાથમાં ડોલર લઈને પેલો કરોડપતિ વિચારે છે કે વાહ! માનવીમાં આવી ઉદારતા લાગણી હોય છે ખરી! મેં માગ્યું ન હતું છતાં એ મને સહાય કરી ગયો! પેલા શેઠની માનવતાએ હવે તેનામાં પણ માનવતા જગવી દીવામાંથી દીવો પ્રગટ્યો પહેલી જ વાર આવી સુંદર

રાત્રિએ, સાગરને એના હૈયાને દેવામાં નવું સ્પંદન જાગ્યું એને થયું બીજાના દુ:ખે, વિના સ્વાર્થે રડનારાય જગતમાં હોય છે ખરા અને વાત પણ સાચી છે કે માનવી જો બીજા માનવીને મદદ ન કરે તો શું પશુ માનવીને મદદ કરવાનું છે?

પેલા શેઠના વિચારો હવે આનામાં નવા વિચારો જગવી ગયા. એને થયું કે મને આ નવો પ્રકાશ પેલા શેઠ આપી ગયા છે એની સુષુપ્ત શ્રદ્ધા હવે જાગી કે જગતમાં માનવીના રૂપમાં આવા ફિરસ્તાઓ હજી પણ વસે છે ખરા. આજે પહેલી જ વાર એના દિલમાં આ દીવો પ્રગટ્યો એનામાં ત્યારથી ઉદારતાના સહાયતાના બી વવાઈ ગયાં

પછી તો આ વાતને કંઈક વર્ષ વીતી ગયાં. એકવાર એણે છાપામાં વાંચ્યું કે જેના નામનું કાંઈ હતું અને જેણે એને એકવાર દયા ગેલસ્તી મદદ-વિના માગે કરેલી એ શેઠ મુશ્કેલીમાં આવી પડ્યા છે અને એને ત્યાં લેણદારનો દરોડો પડ્યો છે

હવે આ માણસ કાંઈ કંજૂસ નથી રહ્યો. અત્યારે એના ચિત્તનું દ્વાર ઊઘડી ગયું છે ઉદારતાની એને લગની લાગી છે પેલા શેઠના નિમિત્તથી એના આત્માના બારણાં ઊઘડી ગયાં છે જરૂર ન હોય તો પા નુંય પે ોહ ન આપે એવો આ કરોડપતિ, આજે હવે એનામાં દેવાનો પ્રેમ

આવતાં જ થોડે દૂર બેઠેલા પેલા માણસને મદદ કરવા ઉપડ્યો.

ત્યાં જઈને જોયું તો શેઠ ગમગીન બેઠા છે. એની પ્રતિષ્ઠા ભૂંસાઈ જવાનો સમય આવી લાગ્યો છે જેણે આજ સુધી બીજાને છૂટે હાથે આપ્યું છે એને આજે મુશ્કેલીએ જકડી લીધા છે

કોઈ માર્ગ ન જડતા શેઠ એ ઝેર પીને મરી જવાની તૈયારી કરી રહ્યા છે ત્યાં આ કરોડપતિ આવી પહોંચ્યો. આ કરોડપતિને જોઈ પેલા શેઠ શરમથી ઊઠે છે એ આને ઓળખી શકતા નથી, એટલે આ કરોડપતિ કહે છે "ભાઈ આ મારી પાસે જે ધન છે એ તારું જ છે અને તે વાપરવા માટે જ છે હું આ નાણું. તે જ પેલી અંધારી રાત્રે આકાશમાં દાનનો પ્રકાશ પ્રગટાવેલો. મને ત્યારથી જ્ઞાન થઈ ગયું છે કે માટીની કાયામાં પણ દૈવી માનવી બેઠો છે તારી એ જ્યોતિએ આકાશમાં દીવો પ્રગટાવ્યો છે હવે તો આપવામાં જ મને આનંદ લાગ્યો છે" આમ બોલીને એણે ધનનો ઢગલો કરી દીધો; પેલા શેઠને બચાવી લીધા.

આપણે આ દૃષ્ટાન્તથી જોયું કે અવસરે માણસની ઉદારતા કેવાં સુંદર કામ કરે છે! આપણે જો ભલા થઈએ તો દુષ્ટ પણ સુધરી જાય. દુષ્ટમાંથી સારું લેતાં શીખવું એનું નામ જ સમ્યક્દૃષ્ટિ. નાલાયકને લાયક બનાવવો

દુશ્મનને દાની બનાવવો એમાં જ આપણા માનવજીવનની ખરી મહત્તા રહેલી છે

બીજાઓ ખાડી હોય તો એને તમે ભરો; તમારો દીવો એના અંધકારમાં પ્રકાશ લાવશે. આપણે મન, વચન અને કાયાથી ઉદારતા કેળવી, લોકમિત્રતાને છાયાની જેમ આપણી પાછળ દોડતી કરવાની છે

ના. ૧૪-૭-૧

વિનય-દર્શન

સાચી લોકપ્રિયતા એ છે કે જે દ્વારા માણસનું પોતાનું અને બીજાનુ–એમ બેઉનું કલ્યાણ થાય. ધર્મી માણસે આ લોકપ્રિયતા કેળવવી જોઈએ. એ કાંઈ બજારની વાતોથી, ભાષણોથી નહિ આવે. દુનિયા એમ બોલવાને માની લે એવી ભૂખ નથી હોતી. જ્યારે માણસના જીવનમાં એ ઉતરી હોય છે ત્યારે જ એને દુનિયા માને છે ત્યારે જ એ લોકપ્રિય થઈ શકે છે

આ લોકપ્રિયતા અને ધર્મીનો શો સબંધ ? જેણે લોકપ્રિયતા નથી કેળવી, તેનામાં દૂષણો હોવાનો સંભવ છે. પોતાના દૂષણો જાણે તો જ એ ધર્મી તરીકે ખપી શકે

દુનિયાનો વ્યવહાર એવો સબળ છે કે જેનામાં આ નહિ હોય એવા માણસ, દુનિયામાં લોકપ્રિયતાના અભાવ થાક લાગ્યો હોય મોટીવારમાં ઉપહાસ થવાનો છે લોક પ્રવાહમાં કામ કરવું એ તો અગ્નિની સાથે બાથ ભીડવા જેવું છે તમારે એ અગ્નિ પાસે જવું હોય તો તમારે પાણી બનીને જવું જોઈએ.

કેટલાક સેવકો ફરીયાદ કરે છે કે સમાજ બેદરકાર છે એ વાત ખોટી છે. ખરી રીતે તો આવા માણસો પાસે લોકપ્રિયતાની કે બીજી રીતે કોઈ કદર કરે એવી કશી મૂડી જ હોતી નથી, અને સેવા કરવા નીકળી પડે છે. આ સમાજમાં માણસ સેવા અર્થે જાય તો તેની પરીક્ષા થવાની; અગ્નિમાં એની ચકાસણી થવાની; પણ સાથે સાથે ત્યારે જ એનું સુવર્ણ પણ પરખાઈ આવશે. આડંબરથી, ખુશામતથી કાંઈ લોકપ્રિયતા આવી શકતી નથી એ તો જીવનના સદ્ગુણોમાંથી જ મળી જોઈએ. આચારમાંથી પ્રગટવી જોઈએ.

આવો લોકપ્રિય માણસ વિચારોમાં પણ ઉદારતાભર્યો હોવો જોઈએ. આ માટે બીજાને પ્રથમ સાંભળો. એના વિચારોને પચાવો. આજે જગતમાં વધુમાં વધુ દૂષણ વિચારોની અનુદારતાનું છે. મનની સંકુચિતતાનું છે. લોક માત્ર આજે પૂર્વગ્રહોથી ભરેલા દેખાય છે. આથી તો આજે દેશમાં આટલા વાદ વાદ, ઝઘડા, મારામારી અને ભાગલાઓ થઈ રહ્યા છે. એક બાજુ એ કે ભણતર વધ્યું છે અને છતાં એને પરિણામે માઠા આવા વ્યક્તિ અને તેના વર્તુળો રચાયા છે. આનું કારણ વિચારોની અનુદારતા.

આપણા વિચારો વિશાળ હોવા જોઈએ. સુંદર હોવા જોઈએ. ગમે ત્યાંથી પણ સારું લેવું જોઈએ. આમ કરતાં અનુદારતાની મર્યાદાઓ તૂટશે અને વિશાળતા આવશે. આથી જ ઉદાર જીવનમાં સંવાદ પ્રગટશે. આવો માણસ

અને રીતે વાત મૅનરે છે। [illegible]
ચારુ મૅનરે છે અને ભાષાને [illegible]

એટલે ડીકન્સિ ધર્મ [illegible]
એવું સ્યાદ્વાદ કેળવ્યો. દરેકને [illegible]
સૌ એકતા સમભાવ કેળવ્યો. [illegible]
સાંભળ્યા, એમના પ્રશ્નો અને આશંકાઓના [illegible]
એમના મનનું સમાધાન કર્યું તે એ [illegible]
શિષ્યો બન્યા.

સમાજની અંદર ક્યાં [illegible]
સમજી લીધી એની સાથે [illegible] છે. [illegible]
કોઈ જૂના સત્યને [illegible] નથી [illegible]
[illegible], અને [illegible]

આમ વિચારોની [illegible] સ્યાદ્વાદ.
[illegible] તો [illegible] Theory of Relativity
કહી શકો.

આગળ આપણે [illegible]
ગુણ છે તે વિનય. [illegible]
છે એ બીજી રીતે ગમે તેવો સારો હોય [illegible]
વગર નકામો લાગે છે એમ [illegible]
પાસે જ્ઞાન સત્તા અને [illegible] હોય [illegible]
વગર એ સૌ અપૂર્ણ રહેવાના છે

નેતાએ તો બીજાને [illegible] છે [illegible]

જે પાછળ આવે છે એમની ગતિ અને શક્તિ પણ એવું જાણવાની છે નેતા દોડે અને સમાજ પાછળ રહે, એ ન ચાલે. એન્જિન અને ડબ્બાના સંધાણની માફક નેતા અને સમાજનો સંબંધ છે એવું તો સમાજને એની નસને એના માનસને અને એના વિચારોને જાણી પોતાની સાથે દોરવાનો છે આમ સમજીને દોરે તે જ સાચો નેતા પણ આને બદલે જો એને એમ થઈ જાય કે હું તો સમાજથી ઊંચો છુ લોકો-સમાજ તો ગાડરિયો પ્રવાહ છે, તો એનામાં ગવ-અહમ્ પ્રવેશતા એનુ પતન થાય છે

માટે ભગવાન મહાવીરે કહ્યું કે સયોગોથી મુક્ત થયેલા હે ભિક્ખુઓ! તમને સદ્ગુણોની અને ધર્મની શરૂઆતમા વિનય આજે કહીશ. પછી અનુક્રમે બીજુ જણાવીશ. લોકો તમને વદન કરશે, તમારા પગની ધૂળ લેશે એ વેળા જાગૃત નહિ રહો તો ગવરૂપી સપ તમને મારી નાખશે. માટે જ ભગવાને સૌથી પ્રથમ વિનય શીખવ્યો વિનય વિના તો ભલભલાના પતન થઈ ગયા છે એ હકીકત છે

સાધુ-સતોના જીવનમાય વિનય વિના આવો ગવ અહંરથી ક્યારે છુપાઈ જઈ પ્રગટ થઈ જાય છે એ જાણવું મુશ્કેલ થઈ જાય છે ભગવાન સ્થૂલિભદ્ર-જેમનુ નામ લેતા મગળતા જાગે એઓ શીયળના અવતારરૂપ હતા તેમનામાય એક વાર આ અહમ્ છુપાઈ ગયો

એમને ખૂબ જ્ઞાન લાધ્યુ હતું એક વાર એની

બહેનો—સેણા, વેણા, રેણા વગેરે એમનાં દર્શને આવી. ગુરુએ કહ્યું : 'સ્થૂલિભદ્ર ઉપર છે.' સ્થૂલિભદ્ર આ વાત જાણી ગયા. એમને થયું કે મારી જ્ઞાન—શક્તિનો પ્રભાવ બહેનોને દેખાડું. એટલે એમણે સિંહનું રૂપ ધારણ કર્યું. બહેનો તો આ રૂપ જોઈને ડરી ગઈ. નીચે જઈને ગુરુને આ વાત કરી. ગુરુ સમજી ગયા કે સ્થૂલિભદ્રમાં વિદ્યાના પ્રદર્શનના ગર્વનો સર્પ આવ્યો છે, એનો જ્ઞાન—અહંકાર હજી ગયો લાગતો નથી.

ઘણી વાર આપણે માનીએ છીએ કે ચમત્કાર બતાવીએ તો લોકો અનુયાયી થશે. પણ આપણે ભૂલી જઈએ છીએ કે આપણા બતાવેલા ચમત્કાર કરતાં નવો અને મોટો ચમત્કાર લોકો જોશે ત્યારે એ ત્યાં જશે, અને જુના પાસે પછી ઊભા પણ નહિ રહે. ચમત્કારમાં કાંઈ ખરો ધર્મ નથી. એ તો પાણીમાંના બુદબુદિયાં જેવો ક્ષણજીવી છે. જે ધર્મ આત્માના શિક્ષણથી, સમજણથી નથી આવ્યો તે ધર્મ તો એનો ચમત્કાર જતાં એ વ્યક્તિ જતાં લોપ થઈ જાય છે. માટે જ અવધાન જેવા પ્રયોગો કરીને લોકોને માત્ર આંજી નાંખવાની જ દૃષ્ટિ હોય તો તે પ્રદર્શન પણ પાપ છે. ચમત્કારથી અનુયાયી કરવાની દૃષ્ટિને જ્ઞાનીઓએ અયોગ્ય ગણી છે. ધર્મ એ કાંઈ ચમત્કારનો વિષય નથી; એ તો જીવનનો એક આવિષ્કાર છે.

આ અહમ્‌—ભાવ ક્યારે જીવનમાં પ્રવેશી બેસે તે આપણે જાણતા નથી. ઘણી વાર માણસથી ધન, કુળ,

પુત્ર, પત્ની, રાજ માયા છૂટી શકે છે પણ અહંકારને એ નથી મારી શકતો. ભગવાન બાહુબલિએ સર્વસ્વ છોડી દીધેલું, પણ એક અહંકાર એનામાં રહેલો કે હું મારા ભાઈઓને જઈને ન નમું. એનો આ ભવ ત્યારે હજી હણાયો ન હતો.

એતો અપાર જ્ઞાની હતા. દેહની આસપાસ પંખીઓ માળા બાંધી જાય-ટાઢ, તડકો અને વર્ષા આવી જાય પણ એની સાધના અખંડ અને અગાધ રહેલ. જેણે દેહને કંપવા સરખોય નહોતો દીધો, એનેય ગર્વ રહ્યો, કે હું નમું ! આ ગર્વનું દર્શન માણસને બહુ મોડું થાય છે. અંદરથી જ્ઞાનના અજવાળા પ્રગટે ત્યારે જ માણસ એનું ખરું દર્શન પામે છે.

જગતગુરુ ઋષભદેવને એનો આ ગર્વ જોઈ કરુણા જાગી. એમણે બ્રાહ્મી અને સુંદરીને મોકલી. એમણે આવીને કહ્યું : વીરા ! હાથી ઉપરથી નીચે આવો. શબ્દો તો સાદા હતા પણ એની અંદર ભાવ અદ્ભુત હતો. એણે નમવા માટે કદમ ઉપાડ્યું અને એ જ પળે કેવળજ્ઞાન એને પ્રગટી ઊઠ્યું !

આ કેવળજ્ઞાન આપણા બધામાં છે પણ વૃત્તિઓના આવરણથી આવૃત્ત છે. એ તો પવિત્ર સાધુઓના દર્શન થવાથી આપણું એ અંતર ખીલી જાય છે. સાધુઓ તો આ માટે માત્ર નિમિત્ત છે. આપણે એ સમજી લેવું જોઈએ કે આપણું આત્મજ્ઞાન બહાર નહિ પણ અંદર

ઓગળી જઈ શકે છે તેનું સ્થાન સમાજમાં અમર બની જાય છે એના જીવનના ઊંડાણમાંથી, આ નમ્રતા આવેલી હોય છે લોકો કોઈના નથી રહેતા પણ આવા જીવોના સદ્ગુણોથી, એમની નમ્રતાથી સમાજ આખો એમનો બની જાય છે; ભક્તિભાવે બંધાય છે

આમ આપણે ચિત્તની ઉદારતા જીવનની નમ્રતા, એ બે ગુણો લોકપ્રિયતા અંગે જોયા.

તા ૧૫-૭-૬

શાશ્વત શું ?

આપણે ઉપરના પાંચ વિષયોથી લોકપ્રિયતાના ગુણનો વિચાર કરી રહ્યા છીએ; અને એને અંગેના ત્રણ ગુણો દાન, વિનય અને શિયળની ચર્ચા ચાલે છે.

લોકો બહારથી કદાચ માન કે સ્થાન આપે તો તેવી લોકપ્રિયતા કે પ્રમાણપત્રો લાંબું ટકી શકવાના નથી. સભાની આની વાતો, પ્રશંસા, ખુશામત અને વિશેષણોથી ભરમાઈ આવની કાયનો મિનારો આપણાથી ન બાંધી શકાય.

સાચી લોકપ્રિયતા તમારી પોતાની શક્તિમાંથી આવવી જોઈએ. એ શક્તિ કઈ? પૈસાની? ના; કારણ લક્ષ્મી એ તો ચપળા છે. સરકી જશે. એને બાંધી શકાતી નથી. ગત જન્મનાં સુકૃત્ય હશે ત્યાં સુધી જ એ રહેશે; પણ પુણ્ય પરવારતાં એ રોકાશે નહિ. આ લક્ષ્મી તો પાણીની ઉપર ચાલતી નૌકા જેવી ચપળ છે. આપણા જીવનસાગર—સરોવરમાં લક્ષ્મી એક તરાપો છે. તમે સ્થિર રાખવા મથશો તોય એ ચંચળ જ રહેવાની.

તો બીજી શક્તિ કઈ? સત્તા? એ ધારે તેને ઊંચે ચઢાવે છે અને ધારે તેને નીચે ફગાવે છે. પણ એ ન

પડ્યું છે માત્ર આપણે એને ઉઘાડવાની ચાવી શોધવાની છે હાથ કરવાની છે

ઘણી વાર બનતું નથી પણ તે અમથી, સત્યવાળી થઈ જાય છે આપણને જો સત્યની ચાવી ગુરુવાણી હાથ લાગી જાય તો અંતરનાં દ્વાર ખૂલી પળવારમાં ઉઘડી જવાનાં છે

સ્થૂલિભદ્ર અને બાહુબલિનાં આ દૃષ્ટાંતો આખા જગત માટે છે આપણે નજરે આવ્યા ગયથી પર થવાનું છે જેમ ઘરમાં સર્પ ફરતો હોય અને માણસને શાંતિથી ઊંઘ ન આવે તેમ, ભગવાને કહ્યું છે કે આપણે અંતરના મનરૂપી સર્પથી સતત સાવચેત રહેવાનું છે

આટલા માટે વિનયનો મહાગુણ આવશ્યક મનાયો છે જ્યારે આપણે આ સમજીશું ત્યારે સાચી કેળવણી આવશે. કેળવણી એ વિનય છે. કણિકને જેમ ગૂંદો, કેળવો તેમ રોટલી સુંદર થાય છે, તે જ રીતે માણસ વિનયથી કેળવાય તો સુંદરનું સર્જન એ કરી શકે છે

આજના શિક્ષણમાં આ વિનય અત્યંત આવશ્યક છે પ્રોફેસર ભણાવતા હોય અને છાત્રો મશ્કરી કરતાં કરતાં સાંભળે, એવી વિદ્યા આશીર્વાદરૂપ નથી બનતી, એ તો અભિશાપ રૂપ બની જાય છે

ચંડાલ પાસેથી જ્ઞાન મેળવવા બિંબિસાર રાજાએ ઘણા પ્રયાસ કર્યા પણ એને એ જ્ઞાન ન લાધ્યું ત્યારે એમણે અભયકુમારને ન

આપતા અભયકુમારે જણાવ્યું કે મહારાજ વાસણને પાણીથી ભરવું હોય તો કૂવામાં નાખવું પડે છે; ત્યાં જઈ વાસણે વાંકા વળી નમવું પડે છે ત્યારે જ પાણી અંદર ભરાય છે એમ ને એમ નહિ આમ જ પલાંઠીવાળી, અક્કડ થઈ ને બેસે તો ઘડો ભરાય? જ્ઞાનથી ભરાવા ઇચ્છનારે પોતે વિનયથી વાંકા વળવું જોઈએ માટે આપ સ્થળાન્તર કરો. આપની જગ્યાએ ચંડાલને બેસાડો અને આપ એની જગ્યાએ બેસો જ્યાં સુધી આપણે વિનયથી નાનાં નથી બનતા ત્યાં સુધી કદાચ આપણને વસ્તુની માહિતી મળશે પણ અંતરનું જ્ઞાન નહિ લાધે. માહિતી એ બહારની વસ્તુ છે; જ્ઞાન એ અંતરનો આવિષ્કાર છે

આથી જ જ્ઞાનીઓએ આપણને કહ્યું છે કે જે માણસ અક્ષરમાં રહેલા અક્ષરને સમજે છે તે જાતે અક્ષર બને છે કાગળ ઉપરના અક્ષરોમાં કાંઈ નથી; પણ એ અક્ષરોમાંના અક્ષરને—રહસ્યને જ્ઞાનને સમજે છે તે જ માણસ એના જીવનથી અ-ક્ષર—અમર બને છે

આ વસ્તુ વિનય વગર ન લાધે. માટે મગધના મહાન સમ્રાટ હોવા છતાં છેવટે રાજા બિંબિસાર ચંડાલને સ્થાને બેઠા એમને તો જ્ઞાન અને વિદ્યા મેળવવી હતી. આપણે આથી યાદ રાખવાનું છે કે જ્યારે આપણે કૂવા સુધી નીચે જઈને નમીશું વિનયથી વાંકા વળીશું ત્યારે જ જ્ઞાન પ્રગટવાનું છે આવવાનું છે ભરાવાનું છે

આવી રીતે જે માણસ નમ્ર બને છે મીણની માફક

ઓગળી જઈ શકે છે તેનું સ્થાન સમાજમાં અમર બની જાય છે. એના જીવનના સદ્ગુણમાંથી, આ નમ્રતા જન્મેલી હોય છે. લોકો કોઈના નથી રહેતા પણ આવા જીવોના સદ્ગુણોથી, એમની નમ્રતાથી સમાજ આખો એમનો બની જાય છે, ભક્તિભાવે બંધાય છે.

આમ આપણે ચિત્તની ઉદારતા, જીવનની નમ્રતા, એ બે ગુણો લોકપ્રિયતા અંગે જોયા.

તા. ૧૫-૭-૬

શાશ્વત શું ?

આપણે છેલ્લા થોડા દિવસોથી લોકપ્રિયતાના ગુણનો વિચાર કરી રહ્યા છીએ; અને એને અંગેના ત્રણ ગુણો ધન વિનય અને શિવજીની ચર્ચા ચાલે છે

લોકો બહારથી ભલે માન કે સ્થાન આપે તો તેવી લોકપ્રિયતા કે પ્રમાણપત્રો લાંબુ ટકી શકવાના નથી. સમાજની આજની વાતો મધ સા ખુશામત અને વિશેષણોથી અંજાઈને, આવતી કાલનો મિનારો આપણાથી ન બાંધી શકાય.

સાચી લોકપ્રિયતા તમારી પોતાની શક્તિમાંથી આવવી જોઈએ. એ શક્તિ કઈ? પૈસાની? ના કારણ લક્ષ્મી એ તો ચપળા છે; સરકી જશે એને બાંધી શકાતી નથી. ગત જન્મના સુકૃત્ય હશે ત્યાં સુધી જ એ રહેશે; પણ પુણ્ય પરવારતાં એ રોકાશે નહિ. આ લક્ષ્મી તો પાણીની ઉપર ચાલતી નૌકા જેવી ચપળ છે આપણા જીવનસંસાર—સરોવરમાં લક્ષ્મી એક તરાપો છે તમે સ્થિર રાખવા મથશો તોય એ ચપળ જ રહેવાની

તો બીજી શક્તિ કઈ? સત્તા? એ ધારે તેને ઊંચે ચડાવે છે અને ધારે તેને નીચે ફગાવે છે પણ એ ન

ભૂલશો કે કર્તા અને અકર્તા માણસ પોતે નથી; એનું પુણ્ય છે. મુસોલિની અને હિટલર જેવાની સત્તા પણ પળવારમાં એમના હાથમાંથી સરકી ગઈ અને તેમને ભૂંડા મોતે મરવું પડ્યું એ આપણી સામેનો ઈતિહાસ છે.

ત્રીજી શક્તિ દેહબળની છે. વ્યાધિ દેહમાં નથી આવ્યો ત્યાં સુધી માણસ જોર કરી શકે છે, પણ રોગ આવતાં એ નિર્માલ્ય બની જાય છે. સશક્ત હોય છતાં હૃદયવ્યાધિમાં એ ઊપડી જાય છે; સવારે હતો તે સાંજે નથી દેખાતો; ત્યારે એવા દેહને જોઈ પણ કરવું શું?

ત્યારે આ ત્રણ કરતાં જે વધુ શક્તિશાળી તે આપણા સદ્ગુણો છે. સંપત્તિ, સત્તા અને શરીરબળ કાયમ આવતાં નથી, પણ સદ્ગુણોનો ખજાનો હશે તો એના પર તમે કાયમ મુસ્તાક રહી શકશો.

માટે આ ત્રણેય બાહ્ય શક્તિઓને સ્થાને આપણને ત્રણ સદ્ગુણોની શક્તિ ખીલવવાનો આદેશ મળ્યો છે અને ત્રણ એટલે દાન, વિનય અને શિયળ.

જે લોકપ્રિય ધર્મીમાં આ ત્રણ ગુણ હોય છે તે કાયમને માટે લોકપ્રિય રહે છે અને મૃત્યુ પામવા છતાં સમાજમાં અમર રહી જાય છે. કહ્યું છે કે —

મરના ભલા હૈ ઉસકા જો અપને લિયે જિયે,
જીતે હૈં વે જો મર ચૂકે ઈન્સાન કે લિયે.

જેઓ બીજાને ખાતર સેવા કરતાં મરે છે તે સાચા લોકપ્રિય સેવકો છે. એમની સ્મૃતિ રહે છે—એમનાં કામોથી,

એમના સદ્ગુણોથી

તમારી સંપત્તિ સત્તા અને શરીરને કાળ વાપરે તે પહેલાં તમે એ વસ્તુઓને સન્માર્ગે વાપરી દો. તમે એ વપરાઈ જશો તો જ તમારી ઉદારતા અમર રહેશે. પછી લોકો કહેશે કે એ તો દેવાની ઉદારતામાં દિલનો બાદશાહ હતો. આપણા તન મન અને ધન આપણે આમ ઉદારતાથી વાપરવાનાં છે. ચિત્તની ઉદારતા જેનામાં છે તે આમ કરવાનો કસ્બ એને સાચવી રાખવાનો. આવા ઉદાર લોકોની પાછળ જ સમાજના સાચાં આંસુઓ વહે છે.

માટે આપણું જીવન એવું બનવું જોઈએ કે જેથી આપણી સ્મૃતિ પાછળ બે જણ આંસુ સારે. તમારા જીવનની સુવાસ તમે એમ જ પાછળ મૂકી જઈ શકશો.

જે માણસે જીવનભર બીજાનું લૂંટ્યું છે, તે હસતો નથી જઈ શકતો; જેણે જીવનમાં આપ્યું છે એ જ હસતો જવાનો છે. અને લેવાની પાછળ જ જમત રહે છે. માટે તક મળે ત્યારે આપવા માંડો. રાખી ન મૂકો.

ચિત્તની ઉદારતા પછી આપણે બીજો ગુણ નમ્રતાનો જોઈ રહ્યા છીએ. વિજય મળે તો મદ ન આવવા દો. કહો કે કુદરતનો સાથ મળતાં, મિત્રોની સહાય મળતાં વિજય મળ્યો છે.

પણ જગતનો ન્યાય કેવો છે? સારું હોય તો એ હું કરું છું; ખરાબ હોય તો તે કર્યું છે એમ કહે છે. આ હું-તું આપણા જીવનમાં સતત દેખાય છે.

આનું કારણ એ છે કે આપણને દરેકને પ્રશંસા ગમે છે એ આપણી આંતરિક વૃત્તિ છે. માણસ યશનું માન લેવા તૈયાર થાય છે પણ ખરાબ માટે તો ભગવાન ઉપર દોષ મૂકે છે. ઈશ્વરનું સર્જન આમ એક રીતે માણસે જ કર્યું છે; એમાંથી જ ઈશ્વરવાદ આવ્યો. આપણે સૌએ ભૂલોના ટોપલા નાખવા માટે આવે તો આમ ઈશ્વરને ઊભો કર્યો છે.

વ્યવહારમાં જ જુઓને! લગ્નની કંકોતરીમાં અમારા ચિ. ભાઈનાં લગ્ન નક્કી કર્યા છે. લખીને તમે માન મેળવો છો; પોતે આ બનીને ફરો છો; પણ મરણનો કાગળ લખવો હોય તો! તો એ ટોપલો ઈશ્વર ઉપર નાખી જણાવો છો કે– ઈશ્વરને ગમ્યું તે ખરું. આમ મંગળ વખતે માણસ પોતાના અહંમને પોષે છે : દુ:ખ, મુશ્કેલીને વખતે એ ટોપલો પ્રભુને શિરે નાખે છે.

અહીં એક વાત યાદ આવે છે. એક માળીએ સુંદર બગીચો બનાવ્યો હતો. વરસાદ વરસ્યો અને બાગ ખીલી ઊઠ્યો. કોઈ મિત્ર ત્યાં આવ્યો ને પૂછ્યું કે આ લતા વાટિકા, ફળ, ફૂલ અત્યંત સુંદર છે; આ કેણે બનાવ્યાં! તુરત જ માળીએ કહ્યું : મેં. એણે એમ ન કહ્યું કે મેઘની કૃપાથી, વર્ષાની મહેરથી આ બાગ થયો છે.

એવામાં એક ગાય ત્યાં આવી ચઢી. માળીએ જોરથી એને લાકડી મારી અને ગાય મરી ગઈ. માળીને રાજા સામે ઊભો કર્યો અને રાજાએ પૂછ્યું : અરે! તે

ઘાસને મારી નાખી?" માળીએ જવાબ આપ્યો, "ના રે! લાકડીથી કંઈ ઘાસ મરે? લાકડી એ તો નિમિત્ત માત્ર છે. બાકી ભગવાન એનો મારનાર છે હું નહિ."

આપણા આખા જીવનમાં આ હું–મોટો હું, અહમ્ પડેલો છે. ધર્મ સમાજ રાષ્ટ્રસેવા–બધામાં આ અહમ્ જ મોટો થઈ રહ્યો છે અને પરિણામે અંદરનો માનવી પ્રતિદિન નાનો ને નાનો થઈ રહ્યો છે. પણ આપણે યાદ રાખવું જોઈએ કે એ અહમ્ વધી પડતાં માણસ એક દિવસ ફુગ્ગાની માફક ફૂટી જવાનો છે.

ત્યારે આ અહમ્‌ને ગાળવો કેમ? આને માટે વિનમ્રતાનો ગુણ આપણને અપાયો છે. સારું કંઈ પણ મળે તો લોકોને, મિત્રોને કુદરતને આપી દો. જ્યાં જ્યાંથી સારું મળે તે બધું મેળવીને બીજાને વહેંચી દો. તો તમે લોકપ્રિય થઈ શકશો.

ઘણાં વરસ પહેલાંની વાત છે. એક વેપારી હતા. એમણે વ્રત લીધેલું કે કમાણીનો અમુક ભાગ રાખી, બીજો બધો ભાગ પોતાના માણસોને વહેંચી દેવો. પછી જ્યારે એનું મૃત્યુ થયું ત્યારે એના દીકરા કરતાંય વધુ રડનાર આઘાત પામનાર કોણ હતો? જાણો છો? – દરવાજે બેસી રહેતો પઠાણ ચોકીદાર. એણે કહ્યું કે "મારા સગા બાપના મૃત્યુથી મને જે આઘાત નથી થયો તે આજે થયો છે." આ બોલતાં એની આંખેથી આંસુની ધારા વહેવા માંડી. આનું કારણ? એ વેપારી પાસે જે હતું એ એણે ઉદારતાથી

વહેંચ્યું હતું, એ છે

આ વેપારીની આબરૂ સારી. સૌના વગદાર ને વહાલસા. સમાજમાં અને નાતમાં એ આગેવાન, ખૂબ લોકપ્રિય. રાગ કે દ્વેષ વગર એ સૌનો ન્યાય કરતા. એમની આ સમભાવાત્મક દૃષ્ટિ સ્વાભાવિક થઈ ગયેલી.

એવામાં એક પ્રસંગ બન્યો. એના ઘરના છોકરાએ જ ઘરેલું સગપણ તોડી નાખ્યું અને તમે જાણો છો, આપણામાં સગપણ તોડવું એટલે શું ! હાહાકાર મચી ગયો. બીજાનો ન્યાય તોળનારને ત્યાં જ હવે ન્યાય તોળવાનો પ્રસંગ આવ્યો. શેઠે ગામના લોકોને ન્યાય કરવા કહ્યું, પણ બધાએ એની ઉપર જ ન્યાય કરવાનું છોડ્યું

હવે આ શેઠ ન્યાયની ગાદી ઉપર બેઠા, અને આવી બાબત વેળા એવું આપેલા ભૂતકાળના ન્યાયને પોતે યાદ કરી ગયા. એને લાગ્યું કે આવી બાબતમાં એવું હજાર રૂપિયાનો દંડ અને ત્રણ માસ સુધી વહેવાર બંધ—એ શિક્ષા આપેલી. એવું પોતાનો—પોતાના પુત્રનો ન્યાય તોળતા કહ્યું કે મારો બાપ હજાર રૂપિયાનો દંડ અને બાર માસ મારી સાથે વહેવાર બંધ.

લોકો બોલી ઊઠ્યા : શેઠ ! આટલી બધી શિક્ષા ! શેઠે જવાબ આપ્યો કે હું ગામનો —નાતનો આગેવાન છું; મારી ભૂલ માટે તો વધારે જ શિક્ષા જોઈએ.

આજે તો હવે એ શેઠ ગુજરી ગયા છે પણ ત્યાંના લોકો હજી યાદ કરે છે કે— ન્યાય તો

આનું નામ લોકપ્રિયતાની અંદરથી જન્મેલી ન્યાયભરી નમ્રતા વિનય. આ વિનયથી જ મનુષ્ય શોભે છે સુરભિ અને શીતળતાથી જેમ ચંદન શોભે છે સુધાની સૌમ્યતાથી જેમ ચંદ્ર શોભે છે માધુર્યથી જેમ અમૃત શોભે છે એમ વિનયથી, નમ્રતાથી માનવીનું જીવન શોભી ઊઠે છે

આ વિનયથી જ આપણે બીજાના હૈયાને જીતી શકીએ છીએ, પૈસાથી નહિ. સાચી સભ્યતા આ વિનયમાંથી આવી શકે છે

લોકપ્રિયતાનો ત્રીજો સદ્ગુણ તે શિયળની સુરભિ. તમે દરેક જણ બ્રહ્મચારી થઈ જાઓ એમ અમે ઇચ્છીએ પણ તમે તેમ ન કરી શકો તોય સંયમી તો જરૂર બનો એક નાનીને એક વાર પ્રશ્ન પૂછવામાં આવ્યો કે જીવનમાં ઓછામાં ઓછું શું જોઈએ? ત્યારે એમણે જવાબ આપ્યો કે અપરિગ્રહ અને શિયળ. આવી વ્યક્તિ જ સમાજમાં ધર્મમાં આગળ વધે છે આવા સંયમથી એનામાં નૈતિક હિંમત આવે છે

આજે લોકોના જીવનમાં આ શિયળની ભાવના જણાતી નથી. સમાજ કેટલો નીચે જઈ રહ્યો છે એ જોવું હોય તો નગ્ન—નટીનાં ચિત્રોવાળાં માસિકોની આજે વેચાતી નકલોની સંખ્યા તપાસો.

આવા સમાજને બદલવા માટે આપણે આજનું આખું વાતાવરણ બદલવું પડશે. આની શરૂઆત માટે ઘરમૂળથી સંયમ આવવો જોઈએ. વાતાવરણના અણુઅણુને શિયળની

૧૧ ધર્મચિંતનનાં અજવાળાં

સૌરભ આવશે તો જ આ દુર્ગન્ધ દૂર થશે.

આપણે જે લોકપ્રિયતાની ચર્ચા કરી રહ્યા છીએ એના સદ્ગુણોના જીવનથી આપણે જીવવું જોઈએ કે જેથી દુનિયા આપણને મર્યા પછી પણ યાદ કરે; નહિ તો આ જન્મનો અર્થ શો? મહાપુરુષો કહે છે કે સફળતા આ સંસારમાં સદ્ગુણની શીતળતા સિવાય બીજું બધું જ વ્યર્થ છે.

માણસ ઉદાર હોય નમ્ર હોય પણ શિયળવાન ન હોય તો એની બધી જ છાપ ઊડી જાય. અને તેથી જ લોકપ્રિય માણસ, એવો શિયળવાન હોય કે સ્ત્રી માત્ર એનાથી અભય હોય અને સમાજમાં એની એવી ઉજ્જ્વળ પ્રતિષ્ઠા હોય કે એને માટે કોઈ પણ શંકા ન સેવે; લોકો એના સંયમ અને શિયળ માટે પૂરેપૂરો વિશ્વાસ ધરાવતા હોય.

આમ દાન, વિનય અને શિયળ – સદ્ગુણોની આ ત્રિવેણીનો જ્યાં સંગમ થાય તે લોકપ્રિય નામનું તીર્થ બની જાય છે

તા. ૧૬-૭-૬

અંકુર

ઊંચા શિખર ઉપર ચઢવા માટે જેમ પગથિયાંની જરૂર રહે છે તેમ ધર્મને શિખરે પહોંચવા માટે પણ અમુક પગથિયાં જરૂરી બને છે. ધીમે ધીમે અને એક એક કરતાં ચઢનારો ક્યારેક પણ આવા શિખરને હસ્તગત કરી શકે છે.

જીવનનાં બધાં શિખરોમાં મોટામાં મોટું અને ઊંચામાં ઊંચું શિખર તે ધર્મ શિખર. હિમગિરિનું ઉત્તુંગ શિખર સર કરી જેમ તેનસિંગે પરાક્રમની પરાકાષ્ટા દાખવી તેમ આ ધર્મ-શિખરે જે પહોંચે તે આપણા જીવનના અધ્યાત્મની પરાકાષ્ટા દાખવે છે.

આપણે સૌ આ શિખરના પ્રવાસી છીએ. એ ન હોત તો આપણે અહીં સેજાં ન થાત. દરેકમાં આ ધર્મ-શિખરના પ્રવાસની વંખના ઈચ્છા કામના છે એમ જણાય છે.

આપણે જીવનમાં જે પાળવાનું સાધવાનું છે તે આ ધર્મ શિખર. પણ આ ધર્મ શિખરે પહોંચવાના પગથિયા સારાં વિશાળ જોઈએ કે જેથી સરળતાથી ચઢી શકાય. ધર્મ પ્રવાસ આમ સરળ છે જેઓ ધર્મને ક્લિષ્ટ કહે છે

એ ધર્મ નથી; એ તો આકાશની વાતો છે

જે લોકો એમ કહે કે ધર્મ અમને ન સમજાય,

धर्मस्य तत्वम् निहितम् गुहायाम्
पथम् प्रविश्य पथमेव तत्र।

તો એવા માણસો ધર્મને નામે કાંઈ બીજું વેચવા નીકળ્યા છે એમ સમજજો. ધર્મ તો ગામડાનો ગરીબ પણ સમજે ને આચરી શકે એટલો સરળ છે

ધર્મનાં આ પગથિયાં ઊંચાં પણ નથી કે કઠણ નથી એટલે વધી કોઈ વગર ચઢી શકે. આ પગથિયું એટલે એક એક સદ્ગુણ. જે માણસના જીવનમાં હેતુ પ્રેમ, સદ્ગુણ નથી તે ક્યાંય પહોંચી શકવાનો નથી.

આપણે આ પહેલાં—ક્ષુદ્રતાનો ત્યાગ, સંપૂર્ણ અંગોપાંગ, પ્રકૃતિ સૌમ્યત્વ અને લોકપ્રિયતા એમ ચાર પગથિયાં જોઈ ગયા. હવે આપણે પાંચમે પગથિયે આવ્યા છીએ.

પણ આ બધાંય પાછલાં પગથિયાં ભૂલી ન જતાં ફરીને પુનરાવર્તન કરવું તેનું નામ સ્વાધ્યાય. જીવનમાં પાછલાં પગથિયાંથી કેટલી શાંતિ, કેટલો આનંદ આવ્યો તેનો અનુભવ કરો. જેટલું જીવનમાં ઊતરશે એટલો વિજય મળશે. માત્ર સાંભળવાથી કંઈ ન મળે. દાક્તરે આપેલી દવા લઈને બેસી રહેવાથી રોગ ન જાય; એનું સેવન, અમલ જોઈએ. તો જ જીવનમાં પરિવર્તન આવે.

આ પાંચમું પગથિયું એટલે ક્રૂરતાનો ત્યાગ. જે કરેલા

છે તે જ બીજાને ઠારી શકે શાંતિ આપી શકે જે બરફની પાટ પાસે જઈને બેસે તેને શીતળતા મળે જે ભઠ્ઠી પાસે જઈને બેસે તેને તાપ મળે વસ્તુનો આ સ્વભાવ છે એની અસર સામાને થાય છે બળેલો બીજાને બાળે છે ઠરેલો બીજાને ઠારે છે આથી જ જ્ઞાનીઓએ કહ્યું છે કે જે માણસ બોધ પામેલો છે અને બોધ પમાડે છે તે સાચો મહાપુરુષ.

ખરો ધર્મ કેવો હોય? એનામાં ચંદનની શીતળતા હોય જેથી એ બીજાને ઠારી શકે એનામાં શાંતિ, શીતળતા અને સૌમ્યતા હોય આવો ધર્મ જ્યાં હોય ત્યાં સૌમ્યતાની દયા સહજ શકે છે

ક્રૂરતા નહિ, એટલે શું? એટલે એ કે જીવનમાં કોઈ જાતની હિંસકતા ન જોઈએ કોમળતા જોઈએ. જેનું હૃદય કોમળ હોય બીજાનું સુખ અને સફળતા જોઈ શકે, એ ધર્મ

પણ જે બીજાનું સુખ જોઈ નિરાશ થાય છે આવો માણસ હિંસકતાવાળો છે અને તે ધર્મ માટે યોગ્ય નથી જ્યારે માણસ હૃદયથી નઠોર ક્રૂર થાય છે ત્યારે એ હિંસક પશુ કરતા વધુ ક્રૂર બને છે અને એની આ ક્રૂરતામાં સામાને હતો ન હતો કરી દે છે

એમ કહેવાય છે કે સિંહ અને સર્પ સામે આવતા હોય તો સાવધાનતા રાખવાથી બચી શકાય પણ જે માણસ બહારથી સૌમ્યતા રાખવી ક્રૂરતા આચરે છે તેનાથી બચવું

માણસ માટે જરૂરી હોય છે

આટલા માટે જ્ઞાનીઓ કહે છે કે એવા લોકો તો—

મધુ તિષ્ઠતિ જિહ્વાગ્રે હૃદયે તુ હલાહલમ્। મોઢે મીઠા બોલા અને હૈયામાં હળાહળ ઝેર રાખનારા હોય છે જે માણસ ક્રૂર હોય એનામાં દયાનો પ્રકંપ પણ નથી હોતો.

પણ જેનું હૃદય મીણના જેવું માખણ જેવું કોમળ હોય, દ્રવી શકતું હોય તે જ સાચો ધર્મી બની શકે આ સમજવા જેવું હૃદય દ્રવતું હોય એવાનો એક દાખલો લઈએ.

મોરાતરના એક પટેલ છે આજે તેઓ આફ્રિકામાં છે, ખૂબ પૈસાદાર છે એમના કપાળમાં એક મોટો ઘા છે ઘણા મિત્રોએ એમને કહ્યું કે પ્લાસ્ટીક સર્જરીથી એ સાફ કરાવી, સુંદર બનો ને! ત્યારે એમણે કહેલું કે આ ઘા તો મારો ગુરુ છે એ જો ન હોત તો હું માનવ ન હોત. મારા હૈયામાં દયાના ઝરણાંનો જે સ્રોત વહે છે તે વહેતો ન હોત."

એક મિત્રે આ ઘાની વાત પૂછી ત્યારે એમણે કહ્યું કે બાળપણમાં એ ગરીબ હતા આ દીકરો ઝૂંપડામાં રહેતો. આ ઝૂંપડાં ગલી પર આવતી. બાજુમાં એક મોટી હવેલી હતી. એના ચોકમાં સૌ બાળકો રોજ રમવા ભેગાં થતાં. બાળકોને તો ભેદભાવ હોતો નથી; એમને મન તો ભેદનો ભ્રમ ઊડી ગયો હોય છે એટલે સૌ સાથે રમતાં.

જે છોકરાંઓ ત્યાં આવતાં એમાં પૈસાદારનાં

બાળકો હતા. એક ધનિક માએ પોતાના દીકરાના ખીસામાં કાજુ બદામ ભરીને એને એમ શીખવેલું કે 'આમાંથી કોઈને કંઈ આપવું નહિ, અને કોઈ માગે તો ઠેંગો બતાવવો.' જોઈ લો આનું શિક્ષણ! મોટો થાય પછી એ જ બાળક માબાપને અંગૂઠો બતાવે તો એમાં નવાઈ શી?

ખૂણામાં બેસીને તો શ્વાન પણ આમ એકલા ખાય છે પણ માણસે તો વહેંચીને ખાવું જોઈએ. તમે પણ જમાડો છો આમંત્રણો આપો છો – પણ તમારા લાભ સારુ કોઈ ગુણવાન ત્યાગી સંત, પ્રમાણિકને કયારેય આમંત્રો છો ખરા? એને તો તમે ઊલટા વેદિયા કહીને નિંદો છો

આપણે યાદ રાખવું જોઈએ કે જે આપીએ છીએ તેજ આપણને પાછું મળે છે આ કુદરતનો સિદ્ધાંત છે, Law of Nature સારું આપીશું તો સારું મળશે; ખરાબ આપીશું તો ખરાબ જ મળવાનું આપેલું કાંઈ નકામું નથી જતું હાં! કદાચ એ ફરતા કુદરતમાં વિલંબ દેખાય છે પણ ત્યાં અવ્યવસ્થા નથી એ સૌ યાદ રાખજો.

હવે પેલા ગરીબ બાળકે એકવાર પેલા ધનિક છોકરાને બદામ-કાજુ ખાતો જોયો અને એણે એ માગ્યા. પેલાએ એને અંગૂઠો બતાવ્યો આ ગરીબ છોકરો રડતો રડતો ઘેર આવ્યો અને રડતા રડતા બધી વાત માને કરી અને મા પાસેથી બદામ-કાજુ માગ્યા. માની આંખમાં આંસુ આવી ગયાં બાળકનું દુઃખ માતા કેમ જોઈ શકે? માનું

હૃદય દ્રવી ઊઠ્યું. એ હવેલી તરફ ગઈ. પેલી ધનિક શેઠાણી પાસે જઈને એણે કહ્યું કે, "બહેન, તમને પુણ્યે તમારા પુણ્યથી મળ્યું છે. તેથી મને આનંદ છે. હું એ વખાણું છું. પણ દયા કરી શેરીમાં છોકરાને મોકલો ત્યારે ખીસામાં બદામ-કાજુ આપીને ન મોકલો તો ઠીક."

હિંડોળા પર સૂતેલી શેઠાણી ખિજાઈ ગઈ અને બોલી, "જા, જા. તું મને કહેનારી કોણ? મારો દીકરો તો ખીસામાં બદામ-કાજુ લાવશે ને બહાર વાર ખાશે." આ સાંભળી ગરીબ બાઈને બહુ આઘાત થયો. આ આઘાતમાં એ બહાર આવી, ત્યાં તો એનો દીકરો કહે, "મા, બદામ!" માએ ક્રોધમાં પાસે પડેલો પથ્થર લઈ દીકરાના કપાળમાં માર્યો. માથું ફૂટ્યું. લોહીની ધારા ચાલી. પછી તો મા ખૂબ પસ્તાઈ. પાટો બંધાયો અને ઘા રૂઝાયો પણ ઘાનો ડાઘ રહી ગયો.

વર્ષો વીત્યાં ને એ છોકરો મોટો થઈ આજે પૈસાદાર થયો છે. પણ આજ સુધી રોજ સવારે એ અરીસામાં મોં જુએ છે ત્યારે પેલો ઘા એને કહે છે — બીજાની લક્ષ્મીએ તારા કપાળમાં ઘા કર્યો, હવે તારી લક્ષ્મી બીજાના કપાળમાં ઘા ન કરી જાય એ જોજે. આમ આ માણસે, મળેલા દુઃખમાંથી સુંદર બોધપાઠ લીધો છે. આમ દુઃખ ઘણી વાર સુખરૂપ બની જાય છે.

આ દૃષ્ટિ તે પાંચમો સદ્‌ગુણ. આમાં બે ભાવ રહ્યા છે. પોતાની પ્રત્યે કઠોરતા અન્ય પ્રત્યે કોમળતા; આવા

સત્પુરુષનું હૃદય નીચેના સુભાષિતમાં છે

વજ્રાદપિ કઠોરાણિ, મૃદુનિ કુસુમાદપિ ।

પારકાનાં આંસુ દુઃખ જોતાં જે દ્રવી જાય પણ પોતાના જીવનના સંયમ, નિયમ, જીવનના અંતરાયો વેઠી સામનો કરવા માટે વજ્રતા રાખવે. આપણું કાર્ય એ છે કે અન્ય પ્રત્યે મૃદુતા કેળવવી સ્વ પ્રત્યે વજ્રતા રાખવી.

આપણા કવિ નિરાલાજીને રૂ ૧૨૫) પુરસ્કારના મળેલા તે લઈને તે ઘેર જતા હતા. રસ્તામા એક ભિખારી બાઈનું દુઃખ જોતા એમનુ હૈયુ દ્રવ્યુ અને તેણે બાઈને આ રકમમાંથી અંબર ચરખો અપાવ્યો અને સ્વતંત્ર બનાવી દીધી. પત્નીએ પચાર માટે પૂછ્યુ ત્યારે એમણે જવાબ આપ્યો કે 'એક બહેનને આવી દશામા જોઈને મે મદદ ન કરી હોત તો એવો હેવાન પતિ તને ગમત ખરો ? અને પત્ની પણ એની આ ભાવનાને સમજી ગઈ ખુશ થઈ

આ વાક્યમા સદ્ગુણની બે બાજુ છે હકારાત્મક અને નકારાત્મક ક્રૂર બનો–તમારી પ્રત્યે; મૃદુ બનો–અન્ય પ્રત્યે. કઠોરતા પોતાને માટે, કોમળતા બીજા માટે આમ આ બેઉ બન્ને જોડી સાથે જીવનમા આચરવાનો છે

માણસ ગમે તે પરિસ્થિતિ સામે ક્યારે ટકી શકે છે ? જ્યારે પોતે સંયમી હોય પોતા પ્રત્યે કઠોર બને અને દુનિયા પ્રત્યે કોમળ બને.

આપણું કાર્ય એ છે કે બીજાને માટે આંસુ પાડવા, આપણે માટે નહિ.

Life is mostly froth and bubble,
Two things stand like stone
Kindness in another's trouble,
Courage in our own.

ફીણ અને પરપોટા જેવી આ જિંદગીમાં, આ બે વસ્તુ ખડકની જેમ અમર બને છે : બીજા પ્રત્યે કોમળતાભરી કરુણા અને પોતા પ્રત્યે હિંમતભર્યું ધૈર્ય

તા. ૧૭-૭-૬

પાપભીરુતા

'ધર્મરત્ન પ્રકરણ'નું છઠ્ઠું સોપાન તે પાપભીરુતા. નિર્ભય બનો અને બીક પણ રાખો—એવા બે વિરોધાત્મક ભાવ આમાં દેખાય છે. એ જરૂરી છે જેમ માણસે કઠોરતા પોતાના સંયમ પ્રત્યે રાખવાની છે પણ જગત પ્રત્યે તો કોમળતા જ દાખવવાની છે તેમ આમાં છે.

નિર્ભય બનો. ડરો નહિ પણ એમાં નફટાઈ ન આવે એ જોજો. ન્યાય માર્ગનો ત્યાગ, સદાચારનો ત્યાગ એ તો નિર્ભયતાને નામે છેવટે ધર્મનો ત્યાગ બની જાય છે.

આપણને જે ભીરુતા કેળવવાનું કહ્યું છે તે પાપભીરુતા છે. પાપનું કામ કરતા ડરવું. અંદરથી માણસના મને—આત્માએ એવા આચાર જગાવવા જોઈએ કે જેથી કોઈ ખરાબ કામ એનાથી થઈ શકે જ નહિ; મન કરવા દે જ નહિ. ખરાબ કામના પ્રલોભનના સંજોગો તો ઘણા આવશે છતાં એ મારાથી નહિ થાય એમ આત્મા ત્યારે બોલી ઊઠે. આપણે તો ખોટું કરવું નહિ અને સાચું કર્યા વગર રહેવું નહિ એ વૃત્તિ કેળવવી જોઈએ. આ એક અનિવાર્ય અને આવશ્યક સદ્ગુણ છે.

આવી પાપભીરુતા જીવનમાં સ્વાભાવિક બની જોઈએ, તો જ ખોળ અને ગોળનો ભેદ માણસ જોઈ શકશે.

આવા પાપભીરુ માણસનો એક દાખલો જોઈએ. એક વખત એક માણસ રસ્તામાં ભીખ માગતો ભૂખ્યો ફરતો હતો. સામેથી એક બીજો માણસ ત્યાં એને મળ્યો. પેલાને ભૂખ્યો જાણી, બીજા માણસે એને ખીસામાંથી મૂઠીઓ ભરીને ચણા-મમરા આપ્યા અને તે ચાલ્યો ગયો.

પેલો જ્યાં ચણા-મમરા ખાવા જાય છે ત્યાં તો અંદરથી એક સોનામહોર નીકળી! એ તો ગરીબાઈથી પીડાતો હતો એટલે થયું કે વાહ! સારુ થયું

પણ બીજી જ પળે એનો આત્મા પોકારી ઊઠ્યો કારણ કે એ પાપભીરુ હતો. એનો આત્મા બોલ્યો, "અલ્યા, તને તો ચણા-મમરા ભેટ આપેલા છે; સોનામહોર નહિ. એ સોના મહોર તારી નથી." એક બાજુથી એને એ લેવાનું મન થાય છે બીજી બાજુ પાપભીરુતાથી એને એ અયોગ્ય લાગે છે

માણસ માત્રને આવાં બે જાતનાં મન હોય છે—એક જાગૃત મન અને બીજું અજાગૃત મન. સમજણ ભરેલું મન સૂચવે ખરાબ કામ સામે બળવો કરે; બીજું મન લેવાનું કહે. એ જણાવે કે તને સોનામહોર આપી દીધી એમાં વાંક ને પ્રમાદ પેલાનો. આમ સ્થૂળ મન લેવાનું કહે સૂક્ષ્મ અને જાગૃત મન આપી દેવાનું કહે. આમ માણસના અંતરમાં યુદ્ધ શરૂ થાય છે

આખી રાત પેલાના અંતરમાં આ દ્વંદ્વ ચાલ્યું એને ચેન ન પડ્યું સવારે એ ફરવા નીકળ્યો ત્યાં પેલો માણસ એને સામે મળ્યો. એણે પૂછ્યું કેમ ભાઈ! આજેય તારે ઘણું મમરા લેઈ એ છે ?"

પેલાએ કહ્યું, "ના આજે તો આ તમારી સોનામહોર હું તમને પાછી આપવા આવ્યો છું કેમ,તને રાખવાનું મન ન થયું ?" પેલાએ પ્રશ્ન પૂછ્યો.

હા થયું હતું પણ એની વાત જવા દો. કહે તો એ માટે મારા ઘરમાં ભારે ઝગડો થઈ ગયો.

"કોની સાથે ? તું તો કહેતો હતો ને કે—તું એકલો જ છે"

ઘરની કોઈ વ્યક્તિ સાથે નહિ પણ મારા અંતરના ઓરડામાં ઝગડો થઈ ગયો. અંદરથી આત્મા જાગ્યો અને આ કજિયો પણ જાગ્યો મન કહે કે રાખ અને આત્મા કહે કે આપી દે મારે આજે આ સોનામહોર તમને પાછી આપી દઈ ને મારી અંદરનો એ ઝગડો પતાવવો છે

પેલો આ સાંભળી ખુશ થઈ ગયો. એ કહે છે કે તું ભાવો ગરીબ છતાં અંતરનો કેવો જાગૃત છે! તું હવે મારી સાથે ચાલ. એનો આત્મદીપ જલેલો દીઠ એવો મારે મિત્ર જોઈતો હતો ને એવો તું આજે મને મળી ગયો.

આજે આપણા જીવનમાં આપણને આમ ચેતવનાર અને સૂચવનાર કોઈ નથી; અંતરમનનેય આપણે આજે મૂગું કરી દીધું છે, આ દશા છે

આજે આપણે આત્માનો એ અવાજ સાંભળવા જ તૈયાર નથી હોતા; બાકી પ્રકાશ પાથરતો અવાજ તો મળે છે જ. એને માટેનું સુંદર દૃષ્ટાન્ત– પર્વત ઉપર પ્રવચન (Sermon on the Mount) માં ઈશુએ બતાવ્યું છે.

એક બાઈથી કંઈ અનાચાર થઈ ગયેલો. ત્યારે ત્યાં નિયમ હતો કે એવી વ્યક્તિને લોકો સજા થઈ પથ્થરે પથ્થરે મારે. આ બાઈને એ જ પ્રમાણે સૌ મારવા તૈયાર થયા. બાઈ મૂઠીઓ વાળીને નાઠી. દોડતા દોડતા એ એક ટેકરી પાસે આવી. ત્યાં એક સાધુ ઝૂંપડીમાં રહે. બાઈ ત્યાં આવી અને ઝૂંપડીમાં ભરાઈ ગઈ અને લોકો એને મારવા આવે છે એની વાત એણે પેલા સાધુને કહી, અને કરગરતી ને આંસુ પાડતી જીવનદાન ને રક્ષણ માગવા લાગી.

સાધુ જોઈ ગયા કે એનાથી અનાચાર થઈ ગયો હશે પણ હવે એ હૃદયથી ઊંડો પશ્ચાત્તાપ કરે છે. લોકો આમ લપટાઈને પડે જાણે–જોમ કોઈની છાતથી; એમાં પડનારની ઈચ્છા નથી હોતી, માત્ર સંજોગો એને લપસાવી નાખે છે.

જ્ઞાનીઓ આ ભેદ જુએ છે ને તેથી ભૂલ કરનાર પ્રત્યે કરુણા વહાવે છે. એમના અંતરમાં ઘાત કરનારા ખૂની પ્રત્યે પણ કરુણા, દયા, ક્ષમા હોય છે. કારણ માનવ આખરે માનવ છે; નબળાઈમાં પટકાય છે. ક્યાંક છાપ ભજતા તપસ્વી હશે. મહાત્માઓ–સાધુઓ એ બૂઝે છે ને એને ક્ષમા આપે છે. બાકી તો બહુ ઓછા લોકો વાતાવરણ

સંજોગો ઉપર પગ મૂકીને ચાલી શકે તેવા બળવાન હોય છે આમ જીવવું એ ખરેખર અઘરું પણ છે

સાધુએ જોયું કે આને સુધરવું તો છે જ એના અંતરમાં સાચો પશ્ચાત્તાપ જાગ્યો હતો. ઉદાત્ત ભાવનામાંથી, દૈવી ભૂમિકામાંથી આવેલું બળ વડે તો માણસ આમ પુણ્યશાળી થઈ શકે

આ બાઈનું મોં પડી ગયું હતું એને અંતરે દુઃખ હતું સંજોગોના દબાણથી જ એણે અનાચાર કરેલો પણ હવે એને વિષાદ જાગ્યો છે એ પેલા સાધુએ જોઈ લીધું સાધુએ બાઈને કહ્યું કે તું અભય રહે તું ચિંતા ન કરતી.

લોક, પથ્થરો અને લાકડીઓ લઈને લોકો જ્યારે ઝૂંપડી પાસે આવ્યા ત્યારે સાધુએ એમને શાંતિથી સાંભળ્યા; પછી એમને કહ્યું કે તમને લાગતું હોય કે આ બાઈ ભ્રષ્ટ છે તો ભલે તમે એને મારજો પણ તે પહેલાં એક શરત છે અને તે એ કે જેણે આજ સુધીમાં એક પણ સ્ત્રી પ્રત્યે કુદૃષ્ટિ ન કરી હોય ખરાબ શબ્દો ન બોલ્યા હોય જેણે કોઈ સ્ત્રીને જોઈ મનમાં વિકાર ન અનુભવ્યો હોય અને જેને પારકી સ્ત્રીના રૂપની લાલસા ન જાગી હોય તે આગળ આવે અને મારે. તમે સૌ શાંતિથી ઊભા રહી તમારા મનને પૂછો તમારા ઇષ્ટદેવને પૂછો અને પછી જો તમને લાગે કે તમે આવા નિર્મળ અને વિશુદ્ધ છો તો જ ઘા કરો.

સાધુ સહિત સૌ ધ્યાનમાં બેઠા. દરેકે પોતાના અંતરને શાંતિથી પૂછવા માંડ્યું અંદરનો આત્મા તો જે હતું તે

મૂકી દેવા માંડયો આપણે દરેક પણ આ કરી શકીએ પણ આવડે તો આપણે મનની સાથે વાત કરવાનો સમય જ રાખતા નથી, આપતા નથી.

મૌનનું આ એકાંત એટલે મનની સાથે વાત. આપણે આવું આ કરીએ છીએ ખરા ? આપણે તો એકાંત મનથી ડરીએ છીએ. જરાક નવરા પડયા કે રેડિયો વગાડવા બેસો છો, પણ ક્યારેય શાંત બેસી મન સાથે વાત કરી છે ? તો કેટલાય વિચારો તમને આવશે. આપણે અનુભવ્યું છે કે મંદિરમાં જઈને બેસવા છતાંય આપણા મનમાં ઠેકડા મારે છે બહાર ન જણાય એટલા વિચારો એકાંતની શાંતિમાં ફૂટી નીકળે છે આપણે આ મૌનની શાંતિ શીખવાની છે તો જ આપણને આત્માનો અવાજ સંભળાશે. એટલા જ માટે ઘણીવાર આપણે વ્યવહારમાં કહીએ છીએ કે તારા આત્માને, તારા અંતરને પૂછી જો ....માગીએ તો અંતરનો આ અવાજ જરૂર આવે

ધ્યાનની આવી શાંતિમાં પેલા મારવા આવેલા બધાએ કોઈ બીજું કે બીનની મશ્કરી ન કરી હોય એની ચેષ્ટા ન કરી હોય એની પ્રત્યે કુદૃષ્ટિ ન કરી હોય એવો કોઈ ન હતો. દરેક જણ શરમાઈ ગયો અને ધીરે ધીરે એક પછી એક ત્યાંથી સરી ગયો સાધુએ આંખ ખોલી ત્યારે ત્યાં પેલી બાઈ સિવાય બીજું કોઈ ન હતું

સાધુએ બાઈને ત્યાંથી રજા આપી અને કહ્યું કે હવે તું તારા જીવનને નવસર્જન આપ. જે માણસ અપકાર

માંથી ખીણમાંથી બહાર આવવા માગે છે તેને નવપ્રભાતનાં સુંદર ધ્યાન આમ જરૂર મળે છે

આત્મા સો પરમાત્મા' એમ જે કહ્યું છે તેનો અર્થ જ એ કે આપણો આત્મા એ કર્મ અને વાસનાથી ઢંકાયેલો પરમાત્મા જ છે પાપભીરુ મન, ધીરે ધીરે કર્મ અને પાપથી મુક્ત થાય છે અને આત્મા પરની વાસના દૂર થતાં એ પરમાત્માનો પૂર્ણ પ્રકાશ પામે છે

પેલા ભિખારીને સોનામહોર માટે જ વરમાં જે કડિયો આપ્યો તેનું નામ જ શ્રેયસ્ અને પ્રેયસ્‌નો વિવેક જેઓ પોતાના મનને ધોઈને સાફ રાખે છે તેઓ શ્રેયસ્‌ને પહેલાં વધાવે છે; પણ જગતનો મોટો ભાગ તો પ્રેયસ્‌નો જ રસિયો હોય છે

આને માટે રોજ શાસ્ત્રોનું સેવન, વાચન, શ્રવણ જરૂરી છે ચોકીદાર જેમ આખી રાત જાગીને આલબેલ પોકાર્યા કરે છે એમ આપણે જીવનમાં સતત સાવધાન રહેવાનું છે કારણ ચોર ક્યારે આવશે એની શી ખબર? આ માટે જીવનમાં પ્રતિપળની જાગૃતિ આવશ્યક છે

એટલે આ પાપભીરુતાનો અર્થ એ છે કે આપણાથી પાપ થવું ન જોઈએ અને થયું હોય તો પૂરેપૂરા કરવું જોઈએ. એવું જીવનમાં રહે ત્યાં સુધી ચેન ન પડવું જોઈએ. જેમ પથારીમાં કાંકરો કે પીન હોય અને તમે બેચેન બની જાઓ છો એમ આપણને પાપ કરતી વખતે થવું જોઈએ આપણને એ ખટકવું જોઈએ; આમ ન જ થાય એવો

અવાજ સ્વાભાવિક રીતે અંતરમાંથી જાગવો જોઈએ.

આ ક્યારે આવે? આ આપણે આપણું અંતર શોધવાનું છે. જો કે બહારથી ધર્મ પ્રદર્શનાવનારા ઘણા હોય છે પણ આમ અંતરને શોધવું ઘણું મુશ્કેલ છે.

જીવનની બીજી ઘણી ક્રિયાઓ સમજવી સહેલ બને છે પણ મન હાથ રાખવું એ વધુમાં વધુ અઘરું છે. એ મન આપણા હાથમાં ન આવે એનો અવાજ આપણને સાફ સંભળાતો ન રહે ત્યાં સુધી બાકીનું બધું આકાશમાં ચિતરામણ કરવા જેવું છે.

કુદરતી મારી મનને શોધવું એ કોઈ બે પાંચ આત્માનો સાંભળ્યે નહિ બને; એને માટે તો જ મહાસ્ની સાધના જોઈશે.

આપણે સાંભળીએ છીએ કે જેવી કરણી તેવી પાર ઉતરણી. આ કુદરતનો નિયમ છે. ખુદ ભગવાન મહાવીરનેય નરકે જવું પડ્યું હતું ત્યાં કોઈની લાગવગ ચાલતી નથી. ત્યાં જે સહાયક બને છે તે આપણા આત્માનું પુણ્ય.

આપણે જીવનના સંજોગોમાંથી લપસી ન પડીએ એ માટે આ છઠ્ઠું સોપાનમંત્ર આપણને આપ્યો છે. જગતમાં ભગવાન માનતા માણસે પણ અંતરમાં આ પાપભીરુતા સદા જાગૃત રાખવાની છે.

આવો પાપભીરુ માણસ આ લોકમાં કેમ વર્તે વિચારે અને પરલોકમાં કેમ શાંતિ પામે એ હવે પછી જોઈશું.

તા. ૧૯-૭-૧

પાપભીરુતા

પાપભીરુનું હૃદય એવું તૈયાર હોય છે કે એ બીજી રીતે અસહ્ય હોય. કોઈની પરવા ન કરે પણ પાપનું કામ કરતાં તો એને કંપારી આવે. આપણામાંનો મોટો ભાગ પાપનો વિચાર જ કરતો નથી જે લોકો આવા છે તે વધુ બીકણ હોય છે પાપ કર્યા પછી એમનું શું થશે, પકડાઈ જશે તો ! વગેરેથી ડરતા હોય છે જ્યારે માણસ પાપભીરુ હોય, પાપથી ડરે એ બીજાથી નિર્ભય રહી શકે છે આપણે યાદ રાખવું જોઈએ કે એક પાપ પછી અનેક ભયને જગાડે છે ઊભા કરે છે

સાચો પાપભીરુ તો સમાજ દેશ અને રાજ્યને પણ સહાયરૂપ હોય છે આવો માણસ રાજ્યના સરકારના નિયમોને મન વચન, કાયાથી પાળતો હોય છે એનો ભંગ ન થાય એનું ધ્યાન રાખે છે કર ન ભરવો હાથું ચોરી છુપાવવી આયાત-નિકાસના પ્રતિબંધનો લાભ મેળવવો કે મોકલવો—આ બધું એનાથી ન જ થાય. આ સદ્‌ગુણના અભાવે—આજે તો આખો સમાજ આવો ચોર થવા લાગ્યો છે; ત્યાં માત્ર રાજ્ય અને પ્રધાનોને દોષ દેવાનો શો અર્થ ?

રાજ્ય અને પ્રધાન એટલે કોણ ? આપણે પોતે. પ્રધાનો કઈ ઉપરથી નથી આવતા. એ ચૂંટણી દ્વારા આવે છે પણ આવે છે તો સમાજમાંથી જ ને ? માણસની પોતાની અંદર જે ન્યાય, કાયદાનો આદર નહિ હોય જીવનમાં સિદ્ધાંત નહિ હોય તો રાજ્ય ગમે તેટલા કાયદા કરશે પણ તેને

સમાજ તોડશે. આ માટે મનના જીવનનું ન્યાયીપણું જાળવવું જોઈએ એમને ઊંચી દૃષ્ટિ આપવી જોઈએ.

એક ન્યાયાધીશ હતા. અત્યંત જરૂરી કામે એમને એક ઠેકાણે જલદી પહોંચવું પડે તેમ હતું. ગતિમર્યાદાના નિયમનો ભંગ કરી પોલીસની ચોકી વટાવી એ ઝડપથી મોટર હંકારી ગયા. પોલીસે પણ સાહેબની મોટર હતી એટલે ન રોકી. પણ કામ પૂરું કરીને સાહેબ પોલીસ ચોકીએ પાછા આવ્યા અને નિયમભંગ માટે પોતે નામ નોંધાવ્યું. તેઓ માનતા હતા કે સમાજની પ્રત્યેક વ્યક્તિએ ખુદ મહાજન, પોલીસ અને ન્યાયાધીશ બનવું જોઈએ; તો જ સમાજ ઊંચો આવે એમણે એમ કહ્યું.

આમ આપણે અંતે રાજ્યના કાયદા પાપભીરુતાથી પાળવા જોઈએ. આજે તો વેપારી કાયદામાંથી કાયદા શોધવા પાછળ પડ્યો છે. જ્યાં સુધી પ્રજાજનના હૃદયમાં આવો પલટો નહિ આવે ત્યાં સુધી સરકારના કાયદાથી શો હેતુ સરવાનો છે!

પાપભીરુએ જેમ રાજ્યના કાયદાને માન આપી જીવવાનું છે એમ જ સમાજની અંદરનાં કેટલાંક કાર્યોને ઘૃણામય ત્યાજ્ય ગણવા જોઈએ. આ માટેની હવા પેદા કરવી જોઈએ. આજે તો આપણે ત્યાં સમાજનું બંધારણ જ નથી. વ્યક્તિ ફાવે તેમ વર્તે છે. સ્વચ્છંદતાથી જીવે છે.

પણ એક કાળ એવો હતો કે જ્યારે માણસ પોતાની

જાતથી અને સભ્ય સમાજથી તેમ જ પવિત્ર લોકોથી ડરતો. અમુક કામ સભ્ય પુરુષથી ન જ થાય, એમ માનતો. આજે એ મર્યાદા રહી નથી. આજે તો સ્વતંત્રતાને નામે માણસે સ્વચ્છંદતાને જીવનમાં પ્રસરાવી દીધી છે પાપભીરુ માણસે સમાજના સર્વ નિયમોનું પૂરી રીતે ને નમ્રતાથી પાલન કરીને જીવવું જોઈએ.

પાપભીરુની ત્રીજી દૃષ્ટિ એ ધર્મ પ્રત્યેની એની સમજણ છે ધર્મનો પ્રદીપ બધી બાજુ પ્રકાશ પાથરે છે એ માને છે કે ધર્મી વ્યક્તિને જીવે તેને પાપ કરવું ન જ પડે. કહ્યું છે કે 'ધર્મો રક્ષતિ રક્ષિતઃ માણસ જો ધર્મથી જીવે ધર્મનું જીવનમાં રક્ષણ કરે તો ધર્મ એનું જરૂર રક્ષણ કરવાનો. પણ આજે તો લોકો ધર્મને નિષ્પ્રાણ કરી રહ્યા છે; તો પછી જીવનને શાનો આધાર, કોનું શરણ રહેશે! ધર્મવૃક્ષને તોડીને માણસ ક્યાંથી શાંતિ પામી શકવાનો છે? માટે જ કહ્યું છે કે– ધર્મો હન્તિ હતઃ ધર્મનો નાશ કરશો તો તમારું સર્વ જીવન અભિશાપરૂપ બની જશે.

તા. ૨૦-૭-૬

અશઠ એટલે સુરીલી સવાદિતા

ઘણા માણસો મોક્ષ, સ્વર્ગ કે નિર્વાણની ઇચ્છા કરે છે; પણ તે માટે જોઈએ છે એમ માત્ર કહેવાથી જ તે પ્રાપ્ત ન થઈ શકે; તે માટે સોપાન ચઢવાં જોઈએ. આથી, આ પુસ્તકની વિશિષ્ટતા એ છે કે એમાં આવા સોપાન બતાવવામાં આવ્યાં છે આ સોપાન એટલે સદ્ગુણો. એ સદ્ગુણો ઉપર ચઢવા માટે એટલે ઉત્તરોત્તર આનંદ વધશે અને છેવટે કર્મોમાંથી મુક્તિ મેળવતાં, મોક્ષ પામશે. સાધન વગર કોઈ સાધ્ય શક્ય નથી બનતું; એટલે આ સાધન વગર કોઈ સાધ્ય શક્ય નથી બનતું એટલે આ સદ્ગુણોરૂપી સાધનોનો અમલ કરીએ તો જ આપણે મોક્ષરૂપી સાધ્ય પામી શકીએ.

શઠતાવાળો માણસ જે કરે તેની પાછળ તેની મેલી રમત રહેલી હોય છે તેની આંખ, ચેષ્ટા હાવભાવમાં આવા રમતી હોય. એના હૃદયમાં ક્રૂરતા રમતી હોય તેનું હાસ્ય અને રુદન બેઉ માયાવી હોય છે પાછળથી વા કરે એવા આ માયાવી માણસો, અંદર પડદો રાખીને વર્તે છે એમની ચેષ્ટા એમનું હાસ્ય બધું જ બનાવટ હોય છે એ રડે છે તો ય સમાજનો લાભ લેવાને રોવે,

બીજાનાં હૃદયને પિગળાવી લાભ લેવા માટે જ એ આંસુ સારે છે

આવો માયાવી માણુસ એટલે કોણ? જે પોતે જેવો છે તે ન બતાવે અને એનામાં જે નથી તે બતાવે તે. અને દુનિયા એવાને જ સુરતરી કહી શાબાશી આપે છે એ કદાચ દુનિયામાં જીતી ગયો લાગે છે પણ એના જીવનમાં એ હારી ગયેલો હોય છે એટલે પ્રત્યેક માણુસે આવી શઠતાનો ત્યાગ કરવો જોઈએ

માયા વગરની અશઠતાભરી આરાધના જે કરે છે તેને જ મહાનતા વરે છે પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી યશો વિજયજી મહારાજે આથી જણાવ્યુ કે જે કપડાં ન પહેરે, દિગબર રહે, સુકાઈ ગયેલુ અન્ન ખાય તપશ્ચર્યા વગેરે કરે છતા જો એનુ મન માયામાં રગાયેલુ હોય તો એને અસખ્ય જ ભો લેવા પડશે

માયાથી ભરેલુ મન એ ચોટુ છે માટે જે કાંઈ પ્રવૃત્તિ, ક્રિયા આરાધના કરો તે માયા વગરની કરો અશઠ માણુસ બીજાને છેતરે નહિ; એ માયાની જાળ રચતો નથી; જ્યારે શઠ માણુસ એની આસપાસ માયાની જાળ ઊભી કરી એક હવા ઊભી કરે છે પણ આમ છતાં એનામાં કોઈ વિશ્વાસ રાખતું નથી.

આ દુનિયામા માણુસ માટે મોટામાં મોટી જીવનની ખોટ હોય તો તે લોકોનો વિશ્વાસ મેળવવો તે છે જે માનવી આમ બીજાનો વિશ્વાસનીય નથી બની શકતો, તે

માનવીએ બીજું બધું ભેગું કરી છતાં એ કંઈ જ ન મેળવ્યા બરાબર છે

માયાથી માણસ ધીમે ધીમે ગુરુ, મિત્ર, દેવ, આબાળ બધાને છેતરતો થાય છે એની એ માયા વધતી જ જાય છે આવો માણસ આરાધનામાંય પછી કળ કરતો થાય છે એની આરાધના એના તપ પાછળ પણ એ જ વૃત્તિ હોય છે કે બીજાઓ મારા કરતા પાછળ રહે. આત્મ-કલ્યાણના આ દેખાવ પાછળ ય એની માયા જ હોય છે આમ છળ-કપટ અને પ્રપંચ કરનાર માણસ એના આવા જીવનને પરિણામે નીચે પડે છે

આરાધનામય જીવન એટલે શું ? જેવું મનમાં તેવું વચનમાં; અને જેવું વચનમાં તેવું ક્રિયામાં. આ ત્રણે ય વચ્ચે સુસંવાદ જોઈએ. કહ્યું છે કે–

यथा चित्त तथा वाचो यथा वाचो तथा क्रिया ।
धन्यास्त त्रितयं येषां विसंवादो न विद्यते ॥

બાળકને માયા કરતાં આવડતું નથી તેથી એના અંતરમાં જાગે તેમ જ એ વર્તે છે માણસ એ બાળક પાસેથી આટલી પણ શિખામણ લે તોય ઘણું છે વિચાર, વાણી અને વર્તન ત્રણેમા આવી સંવાદિતા આવવી જોઈએ.

સંગીતમાં જે ગીતના શબ્દ, વાદ્ય અને વાદકનો સુમેળ ન હોય તો સુંદર સંગીત કેમ જામી શકે ? એ ત્રણેય વસ્તુનો સમન્વય થવો જોઈએ. પણ આજે તો

તમારો આત્મદેવ જુદું ગાય છે, વાણીનું તંબૂરું જુદું વાગે છે અને ક્રિયાની પેટી જુદે સૂરે બજી રહી છે એટલે મન, વચન અને ક્રિયાની આ વિસંવાદિતા ન જાય અને ન રચાય ત્યાં સુધી સાચી સફળતા મળવી શક્ય નથી.

જૂના કાળમાં ઘરની વ્યક્તિઓમાં આવી સંવાદિતા હતી તેથી કુટુંબો સુખી હતા. આજે તો ઘરના સભ્યો પાસે પણ આપણી વાતો સાચી છે એ બતાવવા સોગન ખાવા પડે છે; અને એમ સોગન ખાઓ તોય સામી વ્યક્તિ એ વાતને આઠ આના જ સાચી માને છે. આનું કારણ એ છે કે જગતમાં માયા અને જૂઠ ખૂબ વધી ગયાં છે.

અભયા રાણીએ સુદર્શન શેઠને ફસાવ્યો અને શેઠ પોતાનો સંયમ સાચવ્યો, અકાર્યમાં ન ગયા ત્યારે રાણીએ શેઠ પર બળાત્કારનો આક્ષેપ કર્યો, બૂમો પાડી. આખું ગામ સત્ય જાણ્યા વગર રાણી અભયાના પક્ષમાં આવી ગયું. શેઠની પત્ની મનોરમાને કાને આ વાત આવી. એને તો શ્રદ્ધા હતી કે શેઠ મન-વચન-કાયાથી પવિત્ર છે. કોઈ પણ નારીના રૂપ પર પણ એ દૃષ્ટિ ન કરે. એણે પ્રાર્થના કરી કે 'હે શાસનમાતા! દૈવી તત્ત્વ, અમારું શિયળ અને દામ્પત્યજીવન શુદ્ધ અને પવિત્ર હોય તો પ્રસન્ન થાઓ નહિતર અત્યારથી જ હું અન્નજળનો ત્યાગ કરું છું.' એણે આવી પ્રતિજ્ઞા કરી કારણ કે શેઠની પવિત્રતા માટે એની પત્નીને શ્રદ્ધા હતી. એના મન-વચન-કાયાના સંવાદમય સંગીતને એણે જીવનભર સાંભળ્યું હતું એટલે

જ ગામ ગમે તે કહેતુ પણ પતિ ઉપર એનો પૂરો વિશ્વાસ હતો. એના દિલમાં શ્રદ્ધાની જ્યોત જલતી હતી. જેવું એનું ચિત્ત એવી એની વાણી, અને જેવી એની વાણી એવું એનું વર્તન. એટલે શાસનદેવ પધાર્યા. એની અપૂર્વ શ્રદ્ધાથી શૂળી પણ સિંહાસનમાં ફેરવાઈ ગઈ. આમ માણસ ધારે તો એના ગૃહસ્થાશ્રમને પણ પવિત્રતાદ્વારા સ્વર્ગ બનાવી શકે છે

પણ આદર્શની વૃત્તિ ન બદલાય ત્યાં સુધી જીવનમાં આવો પલટો ન આવે. આ માટે પ્રથમ તો મન બદલાવું જોઈએ. અને જે કાંઈ એકદમ ન આવી શકે એને માટે પૂર્વ તૈયારી જોઈએ. જેણે સાધુ બનવું છે એણે હરેક વૃત્તિને બદલવાની છે. જ્યાં સુધી વૃત્તિઓ સહેજે વિરક્ત ન બને ત્યાં સુધી બીજું બધું નકામું છે. જો મન વિરક્ત નહિ હોય તો એવો માણસ, સાધુ થઈને અહીં આવશે તો અહીં આવ્યા બાદ પણ એનો સંગ્રહ વધવાનો; કારણ કે એની એ વૃત્તિ ગઈ નથી હોતી.

વૃત્તિઓની નિર્મળતામાં જ ધર્મ છે. જો નિર્મળ થાય એટલે સંગ્રહનું મન જ ન થાય. પછી તો એને પરિગ્રહ ભારરૂપ લાગે. માથા પર બોજ વધતાં માણસ બેચેન થાય તેમ આવો શુદ્ધ વૃત્તિવાળો માણસ પણ પરિગ્રહ વધતાં બેચેન થઈ જાય છે. બોજનો વધારો થતાં માણસ પૈસા આપીને પણ બોજ કપાવીને ભાર હળવો કરે છે તેમ એ પણ ભાર ઓછો કરવા દાનની યોજના કરે છે.

આજે તો ધનિકોને એમ લાગે છે કે સાધુને પણ અમારા વગર ક્યાં ચાલવાનુ છે! એથી એમનામા આજે ગર્વ આવ્યો છે એવા ધનિકો માને છે કે અમે સમાજના ઉદ્ધારક છીએ. આ દૃષ્ટિ બદલાવાની જરૂર છે

આજથી સોળ વર્ષ ઉપરની વાત છે એક સ્થળે એક સંત રહેતા હતા અને તેઓ એક સંસ્થાનુ સંચાલન કરતા હતા એમની પાસે એક શેઠ આવ્યા અને કહ્યુ કે આ ત્રણ લાખ રૂપિયા લો સંતે માત્ર એક લાખ લીધા અને બે લાખ પાછા આપ્યા. બીજા વર્ષે ફરી એ શેઠ દાન આપવા આવ્યા. સંતે એમાંથી એક લાખ લઈ એક લાખ પાછા આપ્યા ત્રીજે વર્ષે એવુ ત્રીજા લાખ સ્વીકાર્યો. પેલા ધનિકે કહ્યું કે ત્રણ વર્ષ ત્રણ લાખ લીધા તો એકી વખતે કેમ નહિ? સંતે જવાબ આપ્યો કે એકી સાથે મે એ રકમ લીધી હોત તો તારામાં ગર્વ આવી જાત, અને તારુ દાન નમ્રતાને બદલે અહંકારમાં પલટાઈ જાત. મારે તને સમજાવવુ હતુ કે પૈસાની લેવડ-દેવડ કરતા માનવીનો દાનભાવ વધારે મોટો છે

આટલા માટે જ કહેવાયુ છે કે પાંચ કોડીનાં ફૂલડાં પામ્યા દેશ અઢાર' પાંચ કોડીના ફૂલથી કુમારપાળને અઢાર દેશ કેમ મળ્યા? દાનની રકમ કરતા એની પાછળ રહેલુ દિલ આપ્યાનો આનંદ-ભાવના એ વધુ મૂલ્યવાન હતા માટે. આવો અર્પણભાવ હોય ત્યાં જ આનંદ આવે; એ ભાવ ન હોય તો અમરતાની પગદંડી હાથ લાગવાની

નથી. આ જગતજીના ઉત્થાન માટે દાન આવશ્યક છે વળી જેમ વરસીને વાદળી હળવી થતી જાય છે એમ માનવીએ દાન દઈને હળવા થઈ આ આનંદ મેળવવો જોઈએ.

આપણા જીવનની પ્રત્યેક પળે આ ઉદારતા અને દાનની ભાવના જાગૃત રહેવી જોઈએ. ચિત્તની ઉદારતા વગર ખાલી આરાધનાનો શો અર્થ ? આપણું પ્રથમ કામ ચિત્તને કેળવવાનું છે આ ચિત્તની કેળવણી એ બહુ મોટી વાત છે

આ માટે આપણને સાતમો સદ્ગુણ બતાવ્યો છે. અશઠતા—શઠતાનો ત્યાગ. આવો માણસ નિર્મળ હૃદયનો હોય છે એનું જીવન આંતર-બાહ્ય પારદર્શક હોય છે ચિત્ત, વાણી અને ક્રિયા પણ પારદર્શક હોય છે એના જીવનમાં ત્રણેનો સુસંવાદ હોય છે આવો માણસ વિશ્વસનીય છે અને પરિણામે પ્રશંસનીય છે એ ઉન્નત બુદ્ધિવાળો હોય છે, એની બુદ્ધિ સરાણે ચઢેલી તલવારની ધાર જેવી તીક્ષ્ણ વિવેકમયી હોય છે

તા. ૨૧-૭-૧

ધર્મી જીવનનુ સાફલ્ય

જે માણસ માયા વગરનો હોય છે તે પોતાના આત્માનુ તેમ જ આસપાસનુ ભલુ કરી શકે ધર્મી કહેવડાવનારનુ મન સ્વચ્છ અને પારદર્શક હોવુ જોઈએ. સ્ફટિક પણ એ એની ખાસ વિશેષતા છે

જેનુ મન મલિન હોય જે કપટી હોય જે છળકપટ કરે તે કદાચ દુનિયામા ધર્મી ગણાઈ જાય તો પણ એ વિશ્વાસનીય નથી હોતો લોકો કહેશે કે એનુ મન ચોખ્ખુ નથી. માટે એનાથી ચેતજો

ધર્મી માણસ વિશ્વસનીય હોવો જોઈએ. ઘુઘ્ઘો કે મુત્સદી નહિ. મુત્સદી એવો હોય છે કે એનુ મન કોઈને એ પામવા દેતો નથી, અને બીજાનુ મન જાણવા વગર એ રહેતો નથી. ઘુઘ્ઘાનો સુધારેલો પર્યાયવાચક શબ્દ એટલે આ 'મુત્સદ્દી'

ધર્મી માણસ સ્ત્રી, બાળક વૃદ્ધ ગમે તેની પાસે જાય પણ એના ચારિત્ર્ય એની સરળતા અને એની ક્રિયા માટે કોઈને ભય ન રહે. જેને કોઈ માયા નથી તે સાચો ભક્ત.

ત્યારે ધર્મને માટે સાચો ઉચિત કોણ ? જે ભક્ત છે જે માયા વગરનો છે જે હૃદયનો સરળ છે તે જ

લોકોમાં વિશ્વસનીય અને પ્રશંસનીય બને છે. આમ અક્ષુદ્ર માણસ ઉચિત, વિશ્વસનીય અને પ્રશંસનીય હોય છે અને તેથી એની પ્રશંસા ચિરકાળ ટકી રહે છે ઉચિતતા વગરની પ્રશંસા લાંબી ટકતી નથી. આ એનો ભેદ છે માણસ જેમ ઉચિત, વિશ્વસનીય અને પ્રશંસનીય હોય છે તેમ તે ભાવ-સાર હોય છે

ધર્મીનું જીવન ભાવથી તરબોળ જોઈએ. ભાવ વગર-નામાં જ આવો ભાવ ટકે આ સરસ ભાવના લાવવા માટે અંતરની કુટિલતા જવી જોઈએ, નહિતર કૂવના જેવા સુંદર વિચારો એમાં રહે ક્યાંથી ! જ્યાં સુંદર જમીન હોય, એને બરોબર પાણી મળે તો ત્યાં છોડ વિકસે અને પુષ્પ ખીલે. એ જ પ્રમાણે જ્યાં હૃદયની સરળતાનું ખાતર છે ભાવ છે ત્યાં જ ધર્મની આવી ભાવના રહેવાની, છળકપટ હશે ત્યાં એ બળી જવાની.

દુનિયામાં એવા ઘણા હોય છે જેઓ ચમત્કાર કરી બીજાને રાજી કરી શકે પોતાની આવડતના પ્રદર્શનથી ડોલી શકે, પણ જેનું મન—હૃદય શાંત અને પ્રસન્ન છે તેવા તો જગતમાં કોઈક જ મળે છે

જગતમાં પૈસા પ્રતિષ્ઠા, કીર્તિ માન અને સ્થાનવાળા ઘણા મળશે પણ જે માણસ મનને સદા પ્રસન્ન રાખી શકે તે સાચો ધર્મી છે. એવા લોકો ઓછા મળશે. બાકી તો કૃત્રિમ આડંબરવાળા, કામનાથી તરબોળ કામી પણ એમ જ બોલે છે સંસાર અસાર છે માટે કહ્યું છે કે

એ લોકો તો

> वैराग्यरंग परवंचनाय
> धर्मोपदेशो जनरंजनाय ।
> वादाय विद्याऽध्ययन च मेऽभूत
> कियद्ब्रुवे हास्यकर स्वमीश ॥ ”

લોકોને રંજન કરવામાં જે સહાયક બને છે એમને માટે કૃત્રિમતા આડંબર અને પારકાની સહાય; આ ત્રણેથી પ્રસિદ્ધિ સહેલી બને છે

એવા માણસોના નાના કામ પૈસાને લીધે મોટાં થઈ જાય છે એવા લોકો બહારથી ત્યાગી લાગે છે, મો ઉપર ખોટા ભાવ બતાવે છે એ બધી એમની બાહ્ય ચેષ્ટા હોય છે એનાથી લોકોના મનનું રંજન થાય પણ એનો આત્મા તો અંદરથી કુટિલ અને મલિન થતો જાય છે

આવા લોકો આડંબર રાખે છે; ટોળાબંધ શિષ્યો ભક્તો રાખે છે જે એમની પ્રશંસા કરે અને પૈસા ખર્ચીને પણ છાપામાં પોતાનો પ્રચાર કરે છે કૃત્રિમતા, આડંબર અને પૈસા ખરચીને જાહેરાત—આ એમના પ્રચારલક્ષણો હોય છે

જગતમાં આવાની વાહ, વાહ થઈ જાય છે લોકોનું મન એ રંજન કરે છે પણ એનું મૂલ્યાંકન કરવાની શક્તિ આત્મામાં હોય છે આત્મા આવા આડંબરથી નહિ, પણ સાચી કરણીથી જ ખુશ થાય છે

જે આત્મા ધર્મી બનવા માગતો હોય તે તો સાચી સારપવાળું હૃદય રાખે છે મન જ્યારે સરળ હોય ત્યારે આ બની શકે ઘણા લોકો કામ કરીને પોતાની પ્રશંસા માગે છે જ્યારે ભાવ–સારપવાળા લોકોને પણ પ્રશંસા તો મળે છે પણ એમને એની સ્પૃહા નથી હોતી. નામના થાય તો તેને આપણાથી રોકી શકાતી નથી, પણ નામના મેળવવાની સ્પૃહા તો જરૂર રોકી શકાય છે

ફૂલની પાસે આવી ભ્રમર ગુંજારવ કરે તેમાં ચોરી નથી. એમાં ફૂલનો દોષ નથી. એ ગુંજારવ સ્વાભાવિક છે આમ માણસની લાયકાતને કારણે એને પ્રશંસા મળે તો મળે; એ અનિચ્છનીય નથી.

આત્મા જ્યારે વાસ્તવિકતાનું દર્શન કરે છે ત્યારે એ ખુશ થાય છે જ્યાં સુધી ભ્રમરને મધપાન નથી મળતું ત્યાં સુધી તેનું ગુંજન બંધ થતું નથી. આવી રીતે આત્માને જ્યાં સુધી વાસ્તવિક સુખનું દર્શન ન થાય ત્યાં સુધી એને પ્રસન્નતા લાગતી નથી. આપણે સ્વજનને જોઈએ ત્યારે જે આહ્લાદ એ રોમાંચ ત્યારે જ શક્ય બને—જો એમાં સ્નેહની વાસ્તવિકતા હોય.

આજે આપણું મન અવાસ્તવિકતા તરફ જઈ રહ્યું છે આપણે આખો વખત બીજાનો વિચાર કરી એનું ધ્યાન કરીએ છીએ, પણ આપણું પોતાનું ધ્યાન ધરતા નથી.

તમે ભલે બધી ક્રિયા કરો, પ્રવૃત્તિ કરો, પણ પછી દરેક વેળા મનને પૂછો કે એનાથી મારું મન, મારો

આત્મા પ્રસન્ન થાય છે ? ન થયો હોય તો કયે કારણે નથી થયો ? તપાસો. ભૂલ શોધી ભાવી માટે કાળજી રાખો. વ્યાખ્યાન સાંભળ્યા બાદ એના ઉપર વિચાર કરો. શું મળ્યું ? કયો વિચાર કઈ નવી દૃષ્ટિ મળી ? કયો દોષ ગયો ? ક્યા સદ્ગુણને પોષણ મળ્યું ? આમ કરશો તો જ ચિત્ત એમાં તલ્લીન થતું જશે, લય પામશે અને આત્મા વાસ્તવિકતા તરફ વળશે.

સ્તવન પણ એવું કરો કે જેથી બીજાને આનંદ આવે. સ્તવનમાં આપણે રંગાઈ જવું જોઈએ. એ તો આપણા આત્માને પ્રસન્નતા અર્પે છે. આવી પ્રસન્નતા બીજાને પણ આનંદ જ આપશે. જ્યાં સુધી આ દૃષ્ટિ જાગે નહિ ત્યાં સુધી સત્યનું દર્શન નહિ થાય.

માણસ બધું છોડી શકે છે પણ એ માયામાંથી નથી છૂટી શકતો. સાધુ થયેલો માણસ કંચન-કામિનીને છોડે છે પણ એવાને પણ કીર્તિની ઝંખના છૂટતી નથી. પણ એ લોકો ભૂલી જાય છે કે માયાનું વચન, એ તો સ્મતનું વચન છે. માણસ જ્યારે પોતાની જાતને પોતાના કાર્યને ઓળખી શકે ત્યારે તે ભવ-સાગર તરી શકે છે. જે માણસ ખોટાને ખોટા તરીકે જોઈ શકતો નથી, પોતાની ભૂલ જોઈ શકતો નથી, એના જેવું ખોટું જગતમાં બીજું કાંઈ નથી.

કુસુમપુર નામનું એક નગર હતું. ત્યાં એક મકાન હતું. ત્યાં બે સાધુ રહેવા આવ્યા. એક ત્યાગી પણ

આડંબરી, બીજો શિથિલ પણ ગુણવાન. પેલા સરળ સાધુ પાસે જ્યારે શરપણી આવ્યો ત્યારે આ સરળ સાધુએ પેલા આડંબરી સાધુની પ્રશંસા, ગુણગાન ગાયાં. આ સાધુ ગુણાનુરાગી હતો. જ્યારે શેઠે ઉપદેશ માગ્યો ત્યારે એણે કહ્યું કે શેઠ, ઉપદેશ તો પેલા તપસ્વી આપશે. શેઠ પેલા તપસ્વી અને આડંબરી સાધુ પાસે ગયા. ત્યાં તો આડંબરી સાધુએ ગુણાનુરાગી સાધુની નિંદા શરૂ કરી. આમ કરતાં એના પોતાના ભવની પરંપરા વધી ગઈ જ્યારે પેલા સરળ સાધુને એ જ ક્ષણે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

માણસ આજે એટલો વામણો થઈ ગયો છે કે એ બીજાની આવી વિરાટતા જોઈ શકતો નથી. પોતે નાનો છે એ જોતાં એને બીજા માટે અદેખાઈ આવે છે.

પણ માણસમાં જ્યારે વિરાટતા આવે છે જ્યારે એ મહાન બને છે ત્યારે પોતાના મોટા સદ્ગુણ એને નાના લાગે છે અને બીજાના નાના ગુણને એ મોટા જુએ છે. જે માણસ પોતાની લઘુતા જુએ અને બીજાની વિરાટતા જુએ તે માણસ માટે જ વિકાસનો અવકાશ રહે છે.

માટે જ કહ્યું છે કે :—

परगुणपरमाणून् पर्वतीकृत्य नित्यम् ।
निजहृदि विकसन्तः सन्ति सन्तः कियन्तः ॥

આપણું કામ બીજાને અનુમોદના આપવાનું છે એનાં વખાણ કરો પણ એને વખોડો નહિ. વાસ્તવિકતાને જોનાર માણસ મૂળ જોઈ શકે છે આથી જ તેને સુધરવાનો અવકાશ રહે છે.

અકબરે એક વખત બિરબલને કહ્યું કે આ મારી લીટીને ભૂંસ્યા કે અડ્યા વગર નાની બનાવી દો. સૌને વિચાર આવ્યો કે તે શક્ય જ નથી લીટીને ભૂંસ્યા વગર નાની કરાય જ કેમ? પણ બિરબલે નાનીની પાસે જ બીજી નવી મોટી લીટી દોરી કે એથી આપોઆપ અકબરની લીટી નાની દેખાવા લાગી.

આપણે જીવનમાં આનો બોધપાઠ લેવા જેવો છે બીજાને નાના બનાવવાનું છોડી, આપણે વિરાટ, મોટા બનવા મથવું જોઈએ. જો તમે બીજાને નાના બનાવવામાં જ રહેશો તો તમે મોટા ક્યારે થશો? દુર્ગુણવાળા માણસને દુર્ગુણી ન કહો માત્ર તમે વધુ સદ્‌ગુણી બનો લોકો એ દુર્ગુણ અને સદ્‌ગુણનો ભેદ બરાબર સમજી શકવાના છે, એને કાંઈ કહેવા જવાની જરૂર નથી. બીજાની નાનમ ન જુઓ તમારું જીવન વિરાટ બનાવો.

એક ઠેકાણે બે સાસીઓ રહેતી હતી. એકનું નામ રિદ્ધિ, બીજીનું નામ સિદ્ધિ. સિદ્ધિ ઈર્ષ્યાળુ હતી; એ બીજાની મહાનતા જોઈ શકતી ન હતી. આમાં ને આમાં ઈર્ષ્યાથી એ પહેલાં પેન્સિલ જેવી હતી, તે હવે સોય જેવી બની ગઈ એને મનમાં થયું કે પેલી રિદ્ધિની સંપત્તિનો નાશ કરું તો મને ખરો આનંદ આવે. કારણકે એનાથી બીજાનો ઉત્કર્ષ જોઈ શકાતો ન હતો.

આ કારણે તપ કર્યું તપથી દેવ પ્રસન્ન થયા. એણે પૂછ્યું કે આમ બળી કેમ રહી છે? એણે કહ્યું કે રિદ્ધિનો ઉત્કર્ષ જોઈ હું બળી રહું છું માટે દેવ! તમે મને

સુખી કરો; એટલું જ નહિ પણ પેલી સિદ્ધિને દુઃખી કરો. દેવે કહ્યું કે એ તો ન થાય. કારણ કે એનું પુણ્ય પ્રબળ છે. પણ આટલું જરૂર થઈ શકશે. તું જે માગીશ તેનાથી એને બમણું મળશે. બુદ્ધિએ કહ્યું કે તો એમ તો એમ.

દેવે કહ્યું 'તથાસ્તુ.

પેલી બુદ્ધિએ એક ઘર અને દરેક ઓરડામાં એક કૂવો માગ્યો. એને એક તો સિદ્ધિને બે ઘર અને દરેક ઓરડામાં બે કૂવા મળ્યા. પછી પોતે કહ્યું કે મારી એક આંખ ફૂટે કે જેથી પેલીની બે ફૂટે; એ આંધળી થાય અને કૂવામાં પડે. આમ જોયો કે બીજાની અદેખાઈ ખાતર એ પોતાની એક આંખ ફોડીને પણ બીજાનું ખરાબ કરવા ઝંખતી હતી

માણસની આ બળતરા, તુચ્છતા અને અદેખાઈ આજે આપણા ઘરમાં પણ જોવા મળી રહી છે આજે ઘરમાં આપણને ખાવા ખોરાક છે પહેરવા કપડાં છે અને છતાં દેરાણી–જેઠાણી નાની નાની વાતોમાં કજીયા કરે છે પણ જીવનને જો સુખી કરવું હોય તો નાની નાની આવી તુચ્છ વાતો પ્રત્યે આપણે ઉપેક્ષા સેવી ઉદારતા કેળવવી પડશે.

આપણે જીવનમાં બિરબલની મોટી લીટી અને સિદ્ધિની ઈર્ષાને ધ્યાનમાં રાખવાની છે જેઓ ધર્મમાં આગળ વધવા માગે છે તેમણે બીજાની લીટી નાની કરવા કરતાં, પોતાની લીટી જ મોટી કરવાની છે આ જ આપણા જીવનની સફળતાનો સાચો મંત્ર છે

સુદાક્ષિણ્ય

આઠમો ગુણ એટલે સુદાક્ષિણ્ય

જેનામાં દાક્ષિણ્યભાવ હોય તે માણસ બીજાને શુભમાં સહાયતા કરવા તૈયાર થાય છે જીવનમાં આવું દાક્ષિણ્ય જોઈએ. જ્યાં સુધી એ ન આવે ત્યા સુધી માણસ માત્ર સ્વાર્થ ખાતર જ જીવે છે અને સ્વાર્થની સાધુતામાં મગ્ન રહે છે એવો માણસ તો શ્વાન જેવો ગણાય. માત્ર સ્વાર્થ અર્થે પેટ્રો એવો શ્વાન, સ્વાર્થની ખાતર લાકડીનો માર પડે તોયે સહન કરે છે; કારણ કે એ માને છે કે ત્યાથી જ રોટલો મળવાનો છે પણ માનવીએ તો આના કરતાં વધુ વિશિષ્ટતા બતાવવાની છે આ માટે માનવીમાં પરમાર્થનુ તત્ત્વ આવવુ જોઈએ.

જેની આખમા સુદાક્ષિણ્ય ભાવ છે એની પાસે જ્યારે કોઈ માણસ દુ ખ રડતું આવે ત્યારે એ એને સહાયતા કરે છે જ્યાં જઈને દુ ખી લોકો પોતાના હૈયા હલવી શકે એવાં સ્થાનો આજે રહ્યાં નથી; જગતમાં આજે આના મોટી ખોટ છે- આપણે એ ખોટ પૂરી કરવાની છે

શહેરીઓનાં જીવનમા જોયો તો એનું દરેક કગલુ

અને પગલું માત્ર સ્વાર્થ માટેનું જ હોય છે. ઓરડામાંથી મહેલ થઈ જાય તો પણ સ્વાર્થની એવી વૃત્તિ જતી નથી. માણસ આમ એ પોતાનો જ વિચાર કર્યા કરે ત્યાં સુધી માનવતા કેમ પાંગરે? માનવીએ પોતાનું જીવન મીઠું રાખવું હોય તો એના હૃદયમાં મીનાશ, આર્દ્રતા આવવી જોઈએ. જેનામાં દાક્ષિણ્યભાવ હોય છે તેનું હૃદય આર્દ્ર મીઠું હોય છે. એ સ્નેહાળ હોય છે અને તે બીજાને સહાનુભૂતિ બતાવી સહાયક બને છે. આવા માણસને કોઈ યાચના કરે તો એ કહે કે તારા દુઃખને દૂર કરવા હું મારાથી બનતું બધું જ કરીશ. જૂના કાળમાં આવા લોકો દરેક સ્થળે મળી રહેતા, અને તેમની પાસે જઈ લોકો પોતાના અંતરનું દુઃખ ઠાલવતા. આજે તો બીજાનું દુઃખ સાંભળવાની ધીરજ પણ આપણામાં રહી નથી તો સહાયક તો ક્યાંથી જ થવાના!

એક શહેરના નગરશેઠ ગુજરી ગયા ત્યારે એમને અંજલિ આપતાં કવિ મેઘાણીએ કહેલું કે એ માણસ મોટા હતા પણ એનો ઓટલો નાનો હતો. કહેવાનો આશય એ હતો કે રસ્તે ચાલતો જન પણ શેઠ પાસે આવી ફરિયાદ કરી શકતો. વગર વકીલે એ નગરશેઠ સૌનું સાંભળતા. દરેકને માટે એનાં દ્વાર સદાય ખુલ્લાં હતાં. દુઃખી લોકો તો આવાની પાસે જાય. મહેલમાં બેસી રહેનાર પાસે કેમ જવાનું હતું!

જૂના કાળમાં માણસ જેમ જેમ મોટો થતો જતો

તેમ તેમ એનામાં ગુણો વધતા નાના લોકો સાથે પણ એ સબંધ રાખતો અને એનું દુઃખ સંભાળી એ સહાનુભૂતિ બતાવતો કુટુંબમાં પણ જો આવી એકાદ વ્યક્તિ હોય તો કુટુંબનાં બીજા બધાંમાં પણ એ ભાવ ધીમે ધીમે આવે

મહાજનો યેન ગતઃ સ પન્થા ની જેમ મોટાંઓએ નાનાઓને યોગ્ય માર્ગે લાવવા માટે પ્રથમ પોતાનું જીવન દાક્ષિણ્યવાળું પવિત્ર અને પરોપકારી બનાવવું જોઈએ. નાનાઓ એ જોઈને એમનું અનુકરણ કરશે. માટે આપણો ધર્મ એ છે કે આપણે પહેલા સુધરવું અને આપણા જ્ઞાનને અમલમાં મૂકવું

આવો દાક્ષિણ્યભાવવાળો માણસ એટલો પરોપકારી હોય છે કે એ સ્વકીય લાભ અને બીજાના લાભ વચ્ચે તોલ કરે છે બીજાનું કામ વધુ જરૂરી હોય તો એને સહાય કરવા એ પ્રથમ તૈયાર થાય છે, પોતાના પાંચ રૂપિયાના ભોગે પણ એ બીજાના પાંચ હજાર બચતા હોય તો તેમ કરવામાં સહાય કરે છે

આવો માણસ અનેકને સહાયક બની શકે પણ આજે તો માણસ, સમય નથી ' કહીને કોઈને મદદ કર્યાં વિના જ ચાલ્યો જાય છે આવા માણસો પહેલા નંબરના નવરા હોય છે પણ પ્રમાદી અને આળસુ હોવાથી મારે સમય નથી એમ કહી ખોટો બચાવ કરે છે

શાણો અને ઉદ્યમી માણસ તો સમયમાંથી પણ સમય કાઢે છે ત્યારે પ્રમાદીનો સમય તો એની આળસ

જ ખાઈ જાય છે પંડિત નહેરુ પણ કહેતા 'આરામ હરામ હૈ' નો સંદેશ આપી રહ્યા છે ભગવાન મહાવીરે તો આજથી પચીસસો વર્ષ પહેલાં કહેલું કે એક ઘડીનો પણ પ્રમાદ કરશો તો ઉધઈ જેમ ઘર અને લાકડને કોરી ખાય છે તેમ એ પ્રમાદ તમારા ગુણોને ખાઈ જશે.

તમારામાંના ઘણા સવારે આળોટવામાં, વડામાં કલાકો નકામા ગુમાવો છો નકામા વિચારોમા કલાકો ગાળો છો. પણ આ નકામા વિચારો અને ચિંતા તમારા અંતરને કોરી ખાશે, માટે એવો સમય જ એને ન આપો. આંખ ઉઘડતાં જ કૂદીને ઊભા થાઓ ભગવાનનું નામ લો, સુંદર વિચાર કરો અને કામ કરો. યાદ રાખજો કે કામથી કોઈનો આત્મા થાકતો નથી; કામથી જો ઘસારો પણ થતો નથી કામ જ માણસને તાજો અને તંદુરસ્ત રાખી શકે છે

ધર્મ આપણને ક્લીબ નિર્માલ્ય બનવાની વાતો નથી કરતો ધર્મનું કામ તો મૃત્યુ સાથે મિત્ર છે એમ કહીને આગળ વધારવાનું છે. ધર્મીને મૃત્યુનો ડર કદીયે હેરાન કરે જ નહિ.

સુદાક્ષિણ્યવાળો માણસ એની પ્રવૃત્તિઓમાંથી પણ સમય કાઢીને સ્વકીય વ્યવહાર બાજુએ મૂકીને પણ દાક્ષિણ્યતાને લીધે પરોપકારનું કામ કરવા તૈયાર થઈ જાય છે આવા માણસને આદેય વાક્ય કહેવામાં આવે છે એનું વચન બધા પહેલાં ઝીલી લે છે

પણ આવું ક્યારે બને ? જો તમે લોકોને માટે ક્યારેક કાંઈક પણ કર્યું હોય તો આમ થાય આજે તો આપણે અપેક્ષા વધુ રાખીએ છીએ અને ઉપેક્ષા વધુ કરીએ છીએ. પણ લોકોની ઉપેક્ષા કરીને આપણે અપેક્ષા કેમ રાખી શકીએ ? વળી વાર, 'અમુક માણસે મારું કામ કર્યું નહિ' એમ તમે ફરીયાદ કરો છો; પણ એ વખતે જાતને જરા પૂછો તો ખરા કે તમે એનું આજ સુધીમા કેટલું કર્યું છે ?

બાળક અને માબાપ શેઠ અને નોકર, પ્રધાનો અને પ્રજા—આજે એક બીજાને આ જ પ્રશ્ન પૂછે છે કે તમે અમારા માટે શું કર્યું છે ? ચૂંટણીવેળા મત લઈ ગયા પછી, પ્રધાન મોં બતાવે છે ખરા ? અને છતા એ અપેક્ષા તો રાખે જ છે કે હું કહું તેમ તમે કરો; મત મને જ આપો. પણ આમ માત્ર માગણો ઝીંકવા, એ કાંઈ સેવા ન કહેવાય.

પાલિતાણામાં આગમ મંદિરનું કામ ચાલતું હતું તે વખતની એક વાત છે આગમ—સંશોધન માટે પૂ. આચાર્ય શ્રી આનંદસાગરસૂરિજી મહારાજ અવિરત કામ કરી રહ્યા હતા એમનું કામ જોઈને બીજાને થાક લાગી જાય એટલો શ્રમ એ લેતા મેં પૂછ્યું મહારાજશ્રી! આટલી તકલીફ શા માટે લો છો ? એમણે કહ્યું આ કાંઈ તકલીફ ન કહેવાય, મોજ કહેવાય; અત્યારે તો પ્રત્યેક પળને જ્ઞાનથી ભરવાની છે વધુ સમય જ ક્યાં છે ?

આનું મૂલ્ય ક્યારે આપણને નહિ સમજાય. એ વાતો તો જૂના સિક્કાની જેમ વર્ષો પછી વધુ મૂલ્યવાન લાગશે. આવા સમર્થ જ્ઞાની ગુરુ પણ જો કોઈ સાધુ માંદો પડે તો એની શાતા માટે આવા જ્ઞાનની સેવાને પણ છોડી દેતા, અને માંદા પાસે દોડી જતા. જ્ઞાનની આવી મહાન સાધના સાથે શુશ્રૂષા અને શ્રમ કરતા પણ જ્ઞાનીએ આમ શીખવું જોઈએ.

તમે બીજાની પાસેથી કામ લેવા માગતા હો તો પહેલાં તમે એનું કામ કરી આપો. આજના ઘર-ઘરના અને સમાજના ઝઘડા આને લીધે જ છે. કારણ કે માણસ ઉપેક્ષા કરીને અપેક્ષા રાખી રહ્યો છે.

વિક્ટર હ્યુગોમાં એક પ્રસંગ આવે છે. એક સામાન્ય પાદરી હતો. એકવાર રસ્તામાં એણે કોઈ ગૂમડાવાળો માણસ જોયો. વેદનાનો માર્યો એ રિબાતો હતો. પોતાનું કામ છોડી એ પાદરી ત્યાં રોકાયો અને પેલાને મદદ કરી. તે સમયે બાજુમાંથી ત્રણચાર લોકો પસાર થઈ ગયા. કોઈએ ત્યારે તો પેલાને મદદ ન કરી, પણ દરેક જણના અંતરમાં થયું, "વાહ! આ કેવો સેવાભાવી!" અને પરિણામે એનું આ સેવાભાવ હજારોની આંખમાં જડાઈ ગયું. પ્રેરક બન્યું.

આ માણસને મહાન બનાવનાર કોણ? પેલા ગૂમડા-વાળા માનવીનો પ્રસંગ. આવા પરોપકારના નિમિત્તમાં જ ખરો સાક્ષાત્કાર રહેલો છે. યાદ રાખજો કે બાજુના પડો-શીને ત્યાંની આગ બુઝાવશો તો એમાં તમારી પણ સલામતી

રહેલી છે; ગુલાબદાનીથી બીજા પર ગુલાબજળ છાંટવા જયો તો તમને પણ એની સુગંધ જરૂર મળવાની જ છે

આવા લોકોનું વાક્ય બ્રહ્મવાક્ય બને છે એવાનો પડ્યો બોલ તરત જ ઝિલાય છે બાકી તો ઠાલો પડ્યો પડ્યો બોલે કે ' અલ્યા, કોઈ પાણી તો પાઓ ' ત્યારે ઘરનાં માણસ સંભળાવે તમે ક્યા કોઈ દિવસ કોઈને પાણી પાયું હતું કે તમને કોઈ પાય ! આ દશા માણસની થવાની. માટે અત્યારથી જ એનાથી ચેતજો

ધર્મી માણસે એના જીવનથી, આચારથી એવી હવા ઊભી કરવી જોઈએ કે એનો બોલ તરત ઝિલાય. આ ક્યારે આવે ? તમે બીજાઓ માટે પ્રથમ એવું કાર્ય કરીને જીવો તો આ તત્ત્વ આપણામાં પ્રથમ આવવાની જરૂર છે

ખરી રીતે જોયો તો સમાજ કદી કૃતઘ્ની નથી બનતો એ તો પુષ્પ નહિ તો એની પાંખડી પણ પાછી આપે જ છે આપણું કરેલું કામ કદી નિષ્ફળ જતું નથી. આજે ક્દાચ એ નહિ પાકે તો નવી વર્ષાએ, બીજે ચોમાસે પણ પ્રગટ થશે જ બી વાવ્યાં હોય તો ફળ આવ્યા વગર રહે જ નહિ. હા ! વહેલું-મોડું ફળે એટલું જ પણ ફળે એમાં તો શંકા નથી. આ શ્રદ્ધા કદી ન છોડતા.

તા. ૨૩-૭-૬

દાક્ષિણ્યમયી દાનભાવના

સુદાક્ષિણ્યવાન આત્મા કેવો હોય એ આપણે જોઈ રહ્યા છીએ. પોતાના કુટુંબને માટે તો પશુપંખી પણ પ્રબલ કરે છે આને માટે તો મુરઘીનો દાખલો જુઓ. એની ચૂંથી જોઈને બલવતા શિકારો પણ સ્તબ્ધ થઈ જાય છે પશુપંખી આ બધું જ કરે છે અને કેટલીકવાર તો માનવી કરતા પણ સારી રીતે કરે છે

પશુપંખીની, એના કુટુંબ પત્નીની જવાબદારી તો જુઓ. સારસની જોડી એક બીજા પ્રત્યે કેવી સ્નેહાળ હોય છે! માણસમાં આવે એટલી વફાદારી છે ખરી? પોતાના બાળકો ચીને ભેગી પુરુષે આવે કલબોમાં રખડે છે પણ પંખીની જવાબદારી એટલે પૂરી જવાબદારી. એ બીજાને માટે તાપ, શ્રમ, દુઃખ સહીને સાથે રહે છે માનવી આવે પંખી જેટલુંય કરે છે ખરો!

સંસારના સુંદર દાંપત્ય-જીવન માટે મુરઘીના બાળા તરફ કે સારસની જોડી તરફ નજર કરવી જોઈએ. એ એક બીજા ખાતર ઝૂરીને પ્રાણ દઈ દે છે ભગવાનના સ્તવનની અંદર પણ કવિએ પંખીની ઉપમા દીધી છે એ જ વાત

કહી છે કે, હે પ્રભુ! હું તને ચકવાક અને ચકવાકીની જેમ ચાહું છું તેઓ એક બીજા માટે ઝૂરે છે તેમ હું તારા ધ્યાન માટે તલસું છું આ સુંદર ઉપમા આપણને પંખી પાસેથી મળે છે આપણે એ લેવાનું છે કે આપણું સંસારનું દામ્પત્યજીવન આજે ચકવાક–ચકવાકી જેવું, પંખી જેવું પણ રહ્યું નથી. પંખીમાં દિલ અને ભાવની એકતા હોય છે ઝૂરતા સારસની આંતરવ્યથા જૂઓ તો આ જણાશે.

પણ અમરવાનો વારસો તો માત્ર માનવીને જ મળેલો છે માનવીએ પંખીની જેમ સાથે રહીને માત્ર મરવાનું જ નહિ પણ અમર બનવાનું છે નહિતર તમે એ માનવ નામને શોભાવશો નહિ, મનુષ્યે પ્રાણુમાત્ર ભાવથી સાથે જીવી ઊડવાનું છે

જ્યારથી આ જ મમરવ્રની ગાડીમાં બેઠા ત્યારથી એ ગાડી એના અંતિમ સ્ટેશન તરફ આગળ જ કરે છે વાતોમાં અને પ્રવૃત્તિમાં તમારું જીવન વહી રહ્યું છે; કાળનો પ્રવાહ એને ઘસડી રહ્યો છે આ માટે આપણી આંખો ક્યારે ઉઘડશે?

આ કાળનો પ્રવાહ ક્યારેક તો બે આત્માને છૂટા પાડી દેવાનો જ છે અને તેમ થશે તો તમે ક્યા લેખાં મૂકશો? નેમ–રાજુલની જોડી જેવા ઉદાત્ત જીવન સાથી બનવાની કલ્પના કદી આવે છે? મોક્ષમાં પણ ભેગાં. આનું નામ જ આદર્શ જીવન. આદર્શ દામ્પત્યમાં એક વ્યક્તિ બીજાની પૂરક બને છે પણ આજે તો દામ્પત્ય જીવન પશુતાનો

એક અખાડો માત્ર થઈ ગયો છે! જ્યાં મર્યાદ સંયમ જોઈએ ત્યાં પશુતાનું પ્રદર્શન છે

આ માટે જ્ઞાનીને સાંભળી એમના વિચારોનું ચિંતન કરીએ કે જેથી આપણે ઊંચે જઈ શકીએ. આપણે જ્યાં રહ્યા છીએ તે સુખોનું જીવન આપણને ધીમે ધીમે ઉપર લઈ જાય છે આ જેમ બાળકની આંગળી પકડી ધીમેથી એક એક પગથિયું એને ચઢાવે છે તેમ જ્ઞાનીઓ, ધર્મને એક-એક પગથિયે આપણને ઊંચે લઈ જાય છે આમાંનું એક પગથિયું તે સુદાક્ષિણ્યભાવ. એવો માણસ પરોપકારનું કામ મળતાં પાછી પાની નહિ કરે. બીજાના સદ્ભાવથી પણ એ કામ કરે જ કરે.

એક ગામમાં એક કોટવાર ખૂબ ક્રૂર. એની એક આંખ કાચની બનાવટી હતી પણ કોઈ ઓળખી ન શકે એવી સુંદર. એક વાર એની પાસે એક ચતુર ગુનેગાર આવ્યો. એને થયું કે એની પરીક્ષા તો કરું. એણે ગુનેગારને કહ્યું કે જો તું મારા પ્રશ્નનો જવાબ સાચો આપીશ તો તારી શિક્ષા માફ કરીશ. બોલ જોઈએ, મારી કઈ આંખ બનાવટી છે?

ગુનેગારે કહી દીધું કે ડાબી. કોટવાર સાચી વાતથી ડઘાઈ ગયો. એણે પૂછ્યું કે આ તે કેમ જાણ્યું? ત્યારે ગુનેગારે કહ્યું કે સાહેબ! કારણ એ કે ડાબીમાં મને દયાનો અંશ દેખાયો. કહેવાનો આશય એ હતો કે તારી સાચી આંખમાં તો ક્રૂરતા જ છે; કાચની આંખ એટલીય દયા એનામાં નથી, દાક્ષિણ્યભાવ નથી. પોતાને આનો ભારે ઘા લાગ્યો.

અને તેને ત્યારથી જીવનમાં નવું જ્ઞાન લાધ્યું

જ્યાં સ્વાર્થ આવે છે ત્યાંથી સુદાક્ષિણ્યભાવ ચાલી જાય છે દુનિયામાં આપણે આવ્યા છીએ તો દુનિયાનાં કામો કરવાં પડશે. પણ દિવસમાં એકાદ તો એવું કામ કરો કે જે રાત્રે સૂતી વેળા તમને અંતરનો સાત્ત્વિક આનંદ આપે, ઉલ્લાસ આપે. આનું નામ દાક્ષિણ્ય. એવો માણસ સ્વ તેમ જ પરનો વિચાર એકસરખા ભાવથી કરે છે બીજી વ્યક્તિનાં દુ:ખ અને દર્દના પડઘા જેના અંતરમાં પડી શકે છે તે દાક્ષિણ્યવાન. ધર્મનાં વચનો સાંભળી સાંભળીને થોડુંક જીવન પણ ઊંચું આવે તો યોગ્ય. પણ આ સદ્ગુણો કાંઈ એકદમ આવતા નથી; એ કાંઈ ખરીદી શકાતા નથી.

આપણી અંદરની, અનાદિ કાળથી ચાલી આવેલી ટેવો એકદમ જતી નથી એ તો માણસના જીવનમાં ઘર કરીને બેઠેલી છે છીંકણી, બીડી વગેરે વ્યસનોની ટેવ માણસને પાછળથી પડેલી હોય છે છતાં તે પણ કાઢવી મુશ્કેલ બની જાય છે તો આ દુર્ગુણોની ટેવ તો અનાદિ કાળથી ચાલી આવે છે ઘાંચીનાં ગંદા કપડાંય ખૂબ ધોવાથી જરાક સાફ થઈ શકે છે તો આપણે પણ આપણા મનને સાફ કરવા તપ, જપ અને જ્ઞાનની પૂર્ણ આરાધના સતત કરીએ તો મનનો એ મેલ અને દુર્ગુણો પણ જરૂર દૂર થાય.

આમ ન થાય ને એવો માણસ જો ભગવાનના

મંદિરમાં જઈએ તો ત્યાંય ખોટો પૈસો નાખી આવીએ અને કહીએ કે પ્રભુ ખોટા માણસને સાચો કરે છે તો આ પૈસાને સાચો નહિ બનાવી દે? આ કંઈ દાન નથી. આવે તો કહોવાયેલું નકામું અનાજ હોય તો તે માણસ દાનમાં આપે છે ઘરમાં ન સઘરી શકાય એવું ખરાબ હોય ત્યારે જ એની આપવા ઇચ્છા જાગે છે; નહિતર નહિ.

પણ આ કંઈ દાન નથી. દાન તો સારામાં સારું અપાય. જે તમને સુંદર લાગે, જે તમને વધુમાં વધુ ગમતું હોય તેનું દાન થાય અને તે જ શોભે.

નચિકેતાએ જ્યારે આવું ખરાબ દાન દેતાં એના પિતાને જોયા ત્યારે એણે કહ્યું કે પિતાજી! આ દાંત વગરની વસૂકી ગયેલી ગાયો જ શા માટે આપો છો? એ કાંઈ સાચું દાન નથી. આવું જ પેલી મહાસતી દ્રૌપદીના પૂર્વભવના જીવનમાં બને છે એણે શાકની કડવી તુંબડી સાધુને દાનમાં દઈ દીધી પણ પરિણામે એના ભવ વધી પડ્યા.

દાન તો સુંદરનું જ હોય, અને એ પણ પ્રેમથી અપાયેલું હોય દાન એ તો આપણા હૃદયનું આર્દ્રતાનું એક પ્રતીક છે એનાથી માણસની ચેતનાનો વિકાસ થાય છે. આવો ભાવ ન હોય તો એ દાન માત્ર લેવડ-દેવડ બને છે પૈસા આપી જેમ વસ્તુ ખરીદીએ, એમ દાન આપી પ્રતિષ્ઠા, કીર્તિ પામવા કામ કરીએ, એ કંઈ ખરું દાન નથી દાન એ કાંઈ વ્યાપાર નથી. એવા વ્યાપાર માટે

તો જીવનમાં બીજા ઘણાં મેળો છે

સાચું દાન તો માણસના સંકુચિત મનને વિકસિત કરનાર એક સુંદર સાધન છે દાનનો મહિમા તે ચેતનાના વિકાસને કારણે છે અંદરના સંગ્રહભાવને સંકુચિતતાને બહાર કાઢવા માટે દાન છે વસ્તુના પ્રતીક દ્વારા દાન આપવામાં નવી ચેતના પ્રગટ થાય છે માટે દાનમાં આપણે આવી ભાવના કેળવવી જોઈએ. આવું દાન આપનારા થોડા હશે તો પણ દાનનો એક સુંદર પ્રવાહ શરૂ થશે. બાકી તો માનવી લાભ કીર્તિ ખ્યાતિ કે પ્રશંસા માટે જે દાન કરે છે એ દાન માત્ર શબ્દરૂપે રહે છે એનો ભાવ ઊડી જાય છે

આવા આદર્શ દાનને સમજવા સુરતના હમણાં તાજા બનેલા બે બનાવો ધ્યાનમાં લેવા જેવા છે સુરતમાં એક આગમ-મંદિર બંધાવવાની વિચારણા ચાલી. પૂજ્ય સાગરજી મહારાજે કહ્યું કે ઘેર ઘેર માગવા જવું નથી; જેનો ભાવ હોય તે લાભ લઈ જાય. સહુએ એક સ્થળે પેટી મૂકી અને તમને આશ્ચર્ય થશે કે એક લાખ ને દસ હજાર રૂપિયાની રકમ માત્ર ચોવીસ કલાકમાં ભેગી થઈ ગઈ કોણે શું આપ્યું છે એમ કોઈએ જાણ્યું નહિ. આનું નામ દાન.

બીજો પ્રસંગ હમણાં થોડા વખત પહેલાં આવેલ રેલસંકટ ને અતિવૃષ્ટિના સમયનો છે ગામના લોકો એક જણને ત્યાં ગયા અને પેલાને રૂા ૫૧)-આપવા વિનવ્યો. પેલાએ તો કહ્યું કે મારે તો એકવીસ જ ભરવા છે સાથે

સૌ ભેગા થયા ત્યારે વાતો ચાલી. 'એ માણસ કેવો કંજૂસ કે રૂ. એકાવન પણ ન આપ્યા!' એની ટીકા, નિંદા ચાલી. ત્યાં એક વૃદ્ધે જણાવ્યું કે ભાઈઓ! માણસને પૂરેપૂરો સમજ્યા વિના ટીકા ન કરો. એણે દાન આપીને નામ નહોતું નોંધાવ્યું; બાકી તો સવારે છાપામાં જેની વાત આવી છે તે અનામી વ્યક્તિને રૂ. એકત્રીસ હજાર દેનાર તે આ ભાઈ પોતે જ. આમ સાચું દાન દેનારા એના અંતરના આનંદ માટે આપે છે; એને નામની ઝંખના નથી હોતી.

આપણા શરીરને મળેલાં નામો-પછી એ કોઈએ પાડેલ હોય કે માબાપે-પણ એ આકૃતિ છે અને એવાં નામો પાછળ, આપણે આખી જિંદગી ખરચીએ. પણ અંદર બેઠેલો તો અનામી છે; એનું ધ્યાન, એની પ્રતીતિ એ ધર્મનો હેતુ છે.

આપણી જીવનયાત્રા માત્ર પાણી વલોવવાની પ્રવૃત્તિ જ ન બને એ ધ્યાનમાં રાખો. વિચારતા રહો કે તમારી પ્રવૃત્તિઓ નામ માટે છે કે અંદરના અનામી માટે છે? એટલા માટે કહેવાયું છે કે તારાં કર્મો આત્મપ્રીત્યર્થે' કર. અંદરના આત્માને આનંદ આવે તેમ જીવો કારણ કે મન, ઇન્દ્રિયોની તૃપ્તિ ક્ષણિક છે; આત્માની તૃપ્તિ એ જ શાશ્વત છે.

આત્માને, સાચી તૃપ્તિ તો તયે જ્યારે અનામીને નામે કામ કરો ત્યારે જ થાય. દાન એ ચેતનાના વિકાસનું નિમિત્ત છે. કોઈ ન જાણે એમ દાન આપી, અંદરનો

આવો આનંદ માણતાં શીખો

પાલિતાણા તો જગવિખ્યાત છે. આવા ઊંચા પહાડ પર આટલાં બધાં મંદિરોની નગરી, તમને બીજે ક્યાંય જોવા કે સાંભળવા નહિ મળે. પણ જાણો છો એ મંદિરો કોણે બંધાવ્યાં? એ તો કેટલાંય અનામી હૃદયોની ભાવનાનું અર્પણ છે. પ્રેમનો પરિશ્રમ છે.

મહામંત્રી બાહડ મંદિરોનો જીર્ણોદ્ધાર કરવા માગે છે. એને એનો લહાવો લેવો છે. પણ ગામ-લોકો પણ એમાં મદદ કરવાનો લહાવો લેવા માગે છે. દરેકને એમ થાય છે કે મારી પાસે છે તે આપી દઉં. દરેકને થાય છે કે હું દાન આપ્યા વગરનો રહી જઈશ તો! આ ભાવનામાંથી એ મંદિરનગરી ઊભી થઈ છે.

ધ્યાન રાખજો કે અહીં નહિ આપો તો તમારે ત્યાં આપવું પડશે. માણસ આપ્યા વગર ક્યાંથી બચી શકવાનો છે! કાળની મર્યાદા આપણી સામે ઊભી છે. માનવીની પામરતા એ છે કે મૃત્યુ પછી એ અહીંનું કશું લઈ જઈ શકતો નથી. આ વાત એ જાણે છે છતાં અહીં આપી શકતો નથી. પણ આવી મર્યાદા સામે માનવીમાં એક વિરાટતાય રહેલી છે. માણસ જો આપી દે તો એની એ વિરાટતા પ્રગટે; રાખીને બેસે તો એ વામણો રહે.

માનવી માટે ભાવનાનું મૂલ્ય એટલે દિલની વિશાળતા. આમ માનવીમાં અસીમ અને સીમાબદ્ધ એવી એક શક્તિ છે. આવી અસીમ શક્તિ પેલા ભીમા કુંડલિયાએ

બતાવી.

જીર્ણોદ્ધારની વાત એને મનમાં આવી. દાનનો પ્રેમ ઉછળી આવ્યો શ્રીમાને થઈ ગયું કે હું ય મારી પાસે છે એ બધાનું દાન કાં ન કરું? એ હતો તો એક સામાન્ય માણસ; ઘીનો વેપારી. એ એની મૂડી આપવા બેઠો અને નાનું બીંદુ પરબાવ્યું કાઢ્યું તો રૂપિયો રોકડ થયો. કોઈને પીતાંબુ એમાં ઘીના સાથ, પૂજાથી રજરોજાણેલો પણ આવે એનામાં દાનની ભાવના જાગી ગઈ છે આ રોકડ રૂપિયો એ એની જીવાદોરી હતી; પણ એને થઈ ગયું કે આ બધું જ આપી દઉં આમ દાનની ભાવના એ હાથોના ઉપર નહિ, મનના ભાવો ભાવની ઉપર રહેલી છે

આ વાણિયાને મન દાન એ હવે એની જીવાદોરી બની ગઈ વાદળું વરસે ત્યારે એને વરસવાની કલ્પના જાગે છે એના નગર એ બેચેન બને છે માણસને પણ એ પોતે ખાલી ન થઈ જાય ત્યાં સુધી આવી નિરાંતી ભાગવી જોઈએ એને તો મનમાં રહ્યું આવે કે પ્રસંગ આવે તો દાનની દઉં આપી દઉં

આ વાણિયો દૂરને ગામથી નીકળ્યો દાન આપવા રોકડ રૂપિયો એ એનું સમસ્ત જીવન, પ્રાણ મૂડી, ખજાનો સમસ્ત આધાર. સાત માઈલ ચાલીને બાહડમંત્રીની હવેલીએ એ આવ્યો. પણ આવતાં જોયું ત્યાં જોયું કે હજારો શ્રીમંત ત્યાં આવીને હાથો સોનામહોરો ભરી રહ્યા છે એને થયું આમ જ્યાં લોકો રત્નો ભરી દેવા તૈયાર હોય ત્યાં

એનો કોણ ભાવ પૂછશે ! એનું મન નિરાશ થઈ ગયું છતાં એ દૂર ફરવાને ઊભો છે ને સૌ લોકો દાન દેવા માટે બાહ્મણમંત્રી સામે ભક્તિ કહક કરી રહ્યા છે એ જુએ છે મનમાં વિચારે છે ગળામાં નીલમની કંઠીવાળા ત્યાં બેઠા છે એમાં મારા દોઢ રૂપિયાની શી કિંમત થવાની છે ! અને આવે કપડે, આવે પગે હું ત્યાં જાઉં તો મને ઊભો પણ કોણ રહેવા દેશે ! બીજાનો વૈભવ જોઈ એનું મન ભરાઈ આવ્યું થઈ ગયું કે હું કેવો દુર્ભાગી !

એ પાછો વળ્યો અને એક ઝાડ નીચે જઈને બેઠા એનું મન ત્યારે આલોચના માગતું હતું એણે વિચાર્યું કે હું ગયો ખરો પણ મે મંત્રીને 'લો મારી ભેટ' એમ ક્યાં કહ્યું હતું ! ભેટ ધર્યા છતાં એણે ના પાડી હોય તો માનવું કે ન લીધું માટે લાવ, ફરી જાઉં એને લેવાની નહિ અત્યારે દેવાની તાલાવેલી જાગી છે

માણસને જેમ સ્વજનને મળવાની ઝંખના જાગે છે એવી દેવાને માટે સમાજને માગના દાન માટે આજે આતુરતા જાગે છે ખરી ! આપણે આ પ્રશ્ન વિચારવાનો છે આ વાણિયાને એવી ઝંખના જાગેલી. એ પાછો હવેલી પાસે આવ્યો ત્યાં પેલા મંત્રીની નજર એના ઉપર પડી સૌને ત્યાં જ ઊભી મંત્રી ફરવાને આવ્યા એમને થયું કે કોઈ ગરીબ માનવીને પૈસાની જરૂર હશે ને હું ન આપું અને માત્ર મંદિર બાંધવા બેસું તો માનવતા લાજે અને મંત્રી સામે પગલે ત્યાં ગયા.

બતાવી.

ઉદ્ધારની વાત એને મનોહર લાગી. દાનનો પ્રેમ ઝળક્યો. શ્રીમાને થઈ ગયું કે હું જ મારી પાસે છે એ બધાનું દાન કાં ન કરું? એ હતો તો એક સામાન્ય માણસ ઘીનો વેપારી. એ એની મૂડી ગણવા બેઠો, નાનું મોટું પરચૂરણ ગણ્યું તો રૂપિયા સોળ થયા. સફેદ પોતિયું એમાં ઘીના ડાઘ, ધૂળથી રજોટાયેલાં પણ આજે એનામાં દાનની ભાવના જાગી ગઈ છે આ સોળ રૂપિયા એ એની ઉધારોરી હતી; પણ એને થઈ ગયું કે આ બધું જ આપી દઉં આમ દાનની ભાવના એ હાથોના ઉપર નહિ, મનના ભાવા ભાવની ઉપર રહેલી છે

આ વણિકને મન દાન એ હવે એની ઉધારોરી બની ગઈ વાદળું ભરાય ત્યારે એને વરસવાની કલ્પના જાગે છે એના વગર એ બેચેન બને છે. માણસને પણ એ પોતે ખાલી ન થઈ જાય ત્યાં સુધી આવી બેચેની લાગવી જોઈએ એને તો મનમાં રટણ ચાલે કે પ્રસંગ આવે તો ઝટ દઈ આપી દઉં

આ વણિકો ઘરને આગળથી નીકળ્યો દાન આપવા સોળ રૂપિયા એ એનું સમસ્ત જીવન, આખી મૂડી, બધાનો સર્વસ્વ આધાર સાત ગાંઠે બાંધીને બાહડમંત્રીની હવેલીએ એ આવ્યો. પણ આવતાં જોયું ત્યાં જોયું કે હજારો શ્રીમંત ત્યાં આવીને લાખો સોનામહોરો ધરી રહ્યા છે એને ઘણું આમ જ્યાં કોઈક રત્નો ધરી દેવા તૈયાર હોય ત્યાં

અને મંદિરના જીર્ણોદ્ધારમા એનુ નામ સૌથી પહેલુ લખવામાં આવ્યુ એનુ દાન સૌથી મોટુ દાન બન્યુ કારણ? એને માટે દાન એ ચેતનાનો વિકાસ હતો; અતરનો આહ્લાદ હતો; સ્વાર્થના પરિત્યાગની અતરથી જાગેલી એ ભાવના હતી. એમનામાં ઔદાર્યભરી દાન-ભાવના જાગી શકે છે એવો માણસ ધર્મા બની લોભ છોડે અને દાનને વધાવે ત્યારે માનવજીવનની ખરી ધન્યતા

આવુ જ બીજુ દૃષ્ટાંત આપણી પાસે રાણકપુરનુ છે એ મહામંદિરમા ૧૪૪૪ થાંભલા છે લાખ લાખ ખરચો છતાં એક થાંભલોય ન બને એવા થાભલા એ કરાવનાર એક પોરવાડ હતો જ્યારે વિજ્ઞાનનાં ઠેકાણાં ન હતાં ત્યારે આ મંદિરનુ સર્જન થયુ સાતપુડા પર્વતમાં આ મંદિર એક અપૂર્વ કળા છે એ એવુ ભાવભર્યું સુંદર સર્જન છે કે આજે પણ ત્યા જૂની ભાવનાના પરમાણુઓ વાતા વરણમા પથરાયેલા અનુભવી શકાય છે ત્યા જવુ એમાં આત્માનો આહ્લાદ લાધે છે

આવા પવિત્ર સ્થાનોની ધૂળ માથે ચઢાવીએ તોય દિલમાં ભાવ, ઉદારતા અને એના વાતાવરણની આપણા પર ઊંડી અસર થાય છે આવુ સુંદર કલા-સર્જન છતાં પેલા પોરવાડનુ નામ નિશાન ત્યા નથી. માત્ર એક જ થાંભલામાં એ હાથ જોડીને ઊભો છે

એ કાળ એવો હતો કે જ્યારે દેનાર હતા ને સામે ના પાડનારા પણ એવા જ મહાન હતા એમને માટે

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]

લજ્જાળુતા

આપણે ઉપલા સદ્ગુણમાં જોયું કે ધર્મી આત્મામાં મુલાયમસ્વભાવ હોય એની આંખમાં નૈસર્ગિક કરુણા હોય. એ પછીનું સોપાન એટલે લજ્જાળુતા. ધર્મી માણસની આંખ લજ્જાવાળી હોય. એને એમ થાય કે આવું કામ તો મારાથી થાય જ નહિ. આવો વિચાર અંદર લજ્જા હોય તો જ આવી શકે

માટે જ્ઞાનીઓએ આપણને કહ્યું કે લજ્જાળુ આત્મા હોય તે અકાર્યને દૂર જ રાખે. એવો માણસ અકાર્યમાં જાય નહિ અયોગ્ય એવું કરે નહિ અને કદાચ નાનું પણ અકાર્ય એનાથી થઈ જાય તો એનું દુઃખ એને ખટકે એ અયોગ્ય પગલું ભરે જ નહિ અને કદાચ એનાથી થઈ જાય તો એનો પશ્ચાત્તાપ એને કોરી ખાય એનું નામ લજ્જાળુ

આવો માણસ આ સદ્ગુણને લીધે સદાચારનું જ આચરણ કરે છે એ અકાર્યથી દૂર રહે છે અને તેથી સુકાર્યમાં પ્રવૃત્ત રહે છે પણ જેમને પહેલેથી ખરાબ ટેવો પડી જાય છે તેને પછી સારી વાત સમજાતી નથી , ગમતી અને ઉકરડું ખણનારાને લાડુ આપ ત્યારેય ઘટડીના દુધામના

ન હોય તો ગમે નહિ ત્યારે જેને એની ટેવ નથી તે તો એની દુર્ગંધ માત્રથી નાસશે આનું નામ ટેવ સ્વભાવ. આમ દુરાચારીને દુરાચાર વગર ચેન પડતું નથી, સદાચારીને સદાચાર વગર શાંતિ થતી નથી. આટલા માટે જ રોજ જ્ઞાનીનાં વચનો સાંભળવાની આવશ્યકતા છે જેથી તમે સદાચારના વાતાવરણમાં રહી શકો. જીવી શકો.

માંસાહારીને માટે માંસ એ આનંદદાયક છે એને જોતાં એને મોમાં પાણી છૂટે છે, પણ બીજા એને જોતાં ચક્કરી ખાઈ જાય છે આમ શાથી? કારણ એ કે એક ક્રૂરતાના વાતાવરણમાં રહેલો છે બીજો દયા અને કોમળતાના સંસ્કારમય વાતાવરણમાં જીવનારો છે આટલા માટે જ પેલા ચિન્તકે કહેલું કે મારું કુળ અને સંજોગો સારા હતા. તેથી મારાથી ખરાબ કામોથી દૂર રહી શકાયું છે

સંજોગો શી અસર કરે છે તે માટે સુલસનું દૃષ્ટાન્ત લો. એનો પિતા કસાઈનો ધંધો કરતો એટલે એની ઈચ્છા નહોતી છતાં કસાઈનો ધંધો કરવા સ્નેહીઓ અને કુટુંબીજનોએ એને આગ્રહ કર્યો, પણ એને તો અભયકુમારની મૈત્રીનો સત્સંગ મળ્યો હતો અને તેમાંથી એનામાં કરુણાનો સ્રોત વહ્યો તેથી પિતાના મૃત્યુ બાદ કુટુંબીજનોની સલાહ છતાં, બાપદાદાનો ધંધો એણે ન સ્વીકાર્યો. એને થયું કે હું અભય સર્વે મિલનારો જીવોને અભય આપનારો પારકાને મારું એ કેમ બને! સારી સોબતની અસર કેટલી થઈ શકે છે એ જુઓ. સારા વાતાવરણમાં રહેલો માણસ આમ

અશુભ કામ કરતાં અટકી જાય છે બચાઈ જાય છે

સુલસ ધંધો બંધ કરે છે એમ ખબર મળતા એના કુટુંબીઓ એને સમજાવવા આવ્યા. કહે કે તને આ ધંધામાં પાપ લાગતુ હોય તો કમાણી સાથે પાપનો ભાગ પણ અમે વહેંચી લઈશું પણ સુલસ જાણતો હતો કે પાપના નફામાં ભાગીદાર થવા સૌ આવે છે પણ પાપનો ભાગીદાર કોઈ થતુ નથી એ જાણતો હતો કે કહેનારા તો ખસી જશે અને કરનારો ફસી જશે. માટે જ આવે પ્રસંગે વિવેકનો ઉપયોગ રહેલો છે આથી જ પાપ વેળા આપણને જાગૃત રહેવાનુ કહેવામા આવે છે

સુલસે ઘણી ચર્ચા કરી પણ કુટુંબીઓ માન્યા નહિ એટલે સુલસે એક યુક્તિ કરી. એણે કુહાડો લઈ પોતાના પગ ઉપર માર્યો. લોહીની ધારા છૂટી. એણે કહ્યું કે તમે દુ ખના ભાગીદાર થવાના છો તો મારુ આ દુ ખ, પીડા વહેંચી લો બધા કહે કે આ તને વાગ્યો લોહી તને નીકળ્યુ તેથી પીડા તારી અમે બહુ તો પાટો બાંધીએ, દવા આપીએ અને સારવાર કરીને પાસે પણ રહેવુ તો તારે જ પડે ને! ત્યારે સુલસે એમને કહ્યું મારા દુ ખમા ભાગ ન લઈ શકો તો મારા પાપમાં ભાગ કેમ કરીને લેશો? કુટુંબીઓને ખરુ જ્ઞાન થયુ સુલસે કુહાડો પોતાની ઉપર મારીને કુટુંબને બોધ આપ્યો મારા આવા ઘામા ભાગીદાર નથી થતા, એ મારા પાપમાં શુ ભાગીદાર થવાના? સુલસની આ તર્કભરી દલીલ સાંભળી સહુ મૂંગા થઈ ગયાં.

ન હોય તો ગમે નહિ ત્યારે જેને એની ટેવ નથી તે તો એની દુર્ગંધ માત્રથી નાસશે. આનું નામ ટેવ, સ્વભાવ. આમ દુરાચારીને દુરાચાર વગર ચેન પડતું નથી; સદાચારીને સદાચાર વગર શાંતિ વળતી નથી. આટલા માટે જ રોજ જ્ઞાનીનાં વચનો સાંભળવાની આવશ્યકતા છે જેથી તમે સદાચારના વાતાવરણમાં રહી શકો, જીવી શકો.

માંસાહારીને માટે માંસ એ આનંદદાયક છે. એને જોતાં એને મોંમાં પાણી છૂટે છે, પણ બીજો એને જોતાં ચક્કરી ખાઈ જાય છે. આમ શાથી? કારણ એ કે એક ક્રૂરતાના વાતાવરણમાં રહેલો છે, બીજો દયા અને કોમળતાના સંસ્કારમય વાતાવરણમાં જીવનારો છે. આટલા માટે જ પેલા ચિન્તકે કહ્યું કે મારું કુળ અને સંજોગો સારા હતા. તેથી મારાથી ખરાબ કામોથી દૂર રહી શકાયું છે.

સંજોગો શી અસર કરે છે તે માટે સુલસનું દૃષ્ટાન્ત છે. એનો પિતા કસાઈનો ધંધો કરતો, એટલે એની ઇચ્છા નહોતી છતાં કસાઈનો ધંધો કરવા સ્નેહીઓ અને કુટુંબી જનોએ એને આગ્રહ કર્યો, પણ એને તો અભયકુમારની મૈત્રીનો સહયોગ મળ્યો હતો અને તેમાંથી એનામાં કરુણાનો સ્રોત વહ્યો તેથી પિતાના મૃત્યુ બાદ કુટુમ્બીજનોની સલાહ છતાં બાપદાદાનો ધંધો એણે ન સ્વીકાર્યો. એને થયું કે હું અભય સાથે ફરનારો જીવોને અભય આપનારો પાડાને મારું એ કેમ બને! સારી સોબતની અસર કેટલી ઊંડી થાય છે એ જુઓ. સારા વાતાવરણમાં રહેલો માણસ ગ્રામ

ખરાબ કામ કરતા અટકી જાય છે બદલાઈ જાય છે

સુલસ ધંધો બંધ કરે છે એમ ખબર મળતા એના કુટુંબીઓ એને સમજાવવા આવ્યા કહે કે તને આ ધંધામા પાપ લાગતુ હોય તો કમાવી સાથે પાપનો ભાગ પણ અમે વહેંચી લઈશું પણ સુલસ જાણતો હતો કે પાપના નફામાં ભાગીદાર થવા સૌ આવે છે પણ પાપનો ભાગીદાર કોઈ થતુ નથી. એ જાણતો હતો કે કહેનારો તો ખસી જશે અને કરનારો ફસી જશે. માટે જ આવે પ્રસંગે વિવેકનો ઉપયોગ કરેવો છે આથી જ પાપ વેળા આપણુને જાગૃત રહેવાનુ કહેવામા આવે છે

સુલસે ઘણી ચર્ચા કરી પણ કુટુંબીઓ માન્યા નહિ એટલે સુલસ એક યુક્તિ કરી. એણે કુહાડો લઈ પોતાના પગ ઉપર માર્યો. લોહીની ધારા છૂટી. એણે કહ્યુ કે તમે દુઃખના ભાગીદાર થવાના છો તો મારુ આ દુઃખ પીડા વહેંચી લો બધા કહે કે આ તને વાગ્યો લોહી તને નીકળ્યુ તેથી પીડા તારી અમે બહુ તો પાટો બાંધીએ દવા આપીએ અને રાજી કરીને પાઈએ પણ સહેવુ તો તારે જ પડે ને! ત્યારે સુલસે એમને કહ્યું મારા દુઃખમા ભાગ ન લઈ શકો તો મારા પાપમાં ભાગ કેમ કરીને લેશો? કુટુંબીઓને ખરુ જ્ઞાન થયુ સુલસે કુહાડો પોતાની ઉપર મારીને કુટુંબને બોધ આપ્યો. મારા આવા ધામા ભાગીદાર નથી થતા, એ મારા પાપમાં શું ભાગીદાર થવાના? સુલસની આ તાત્ત્વિક દલીલ સાભળી સહુ મૂગા થઈ ગયાં.

આપણે જોયું કે સારા મિત્રો સારી સોબત, સારું વાતાવરણ માણસને પાપકર્મમાંથી કેમ બચાવે છે; ખરે વખતે કેમ મદદગાર બને છે! ખરાબ કામમાંથી બચવા માટે સારા કુળમાં જન્મ અને સારો મિત્ર એ બેઉ સહાયક બને છે આનું નામ જ લજ્જાળુતા. એવો માણસ કદી ખરાબ કામ કરતો નથી. એના જીવનમાં એવો અયોગ્ય પ્રસંગ કે વિચાર કદાચ આવે છે તો એ લજવાઈ જાય છે

પણ આજે આપણા જીવનમાં આ લજ્જા રહી છે ખરી? પચાસ વરસ પહેલાં લોકો રસ્તામાં બીડી પીતાં શરમાતા. આજે તો બધે બધે નાદિરશાહી કરી રહ્યા છે! મોંમાં પાનનો ડૂચો, સિગારેટ અને રસ્તામાં પિચકારી મારતા લોકો ફરે છે એમનાં આવાં વ્યસન માટે આજે એમને સંકોચ આવતો નથી!

પણ માનવીએ તો નિર્વ્યસન બનવાનું છે આપણે જન્મ્યા ત્યારે કોઈ વ્યસન લાવ્યા ન હતા. આ વ્યસનો તો અણસમજ નિર્બળતા, અજ્ઞાન અને દુરાચાર તરફ લઈ જાય છે પરિણામે વ્યસનો આજે માલિક બન્યા છે અને માણસ એનો ગુલામ બન્યો છે

થોડા વખત પહેલાં એક જણ મારી પાસે આવ્યો. કહે કે અઠ્ઠમ કરવો છે ખાધા વગર ચલાવી શકું એમ છું પણ સવારે દૂધ-ખાંડ વગરની, કાળી ચા જરા ગરમ પી લઉં તો કંઈ વાંધો ખરો? જુઓ, આ તો પેલો હાથી આખો નીકળી ગયો અને પૂંછડું અટક્યું એના જેવી ...

છે ખાવાનું એ છોડવા તૈયાર હતો પણ ઢોળેલા પાણીમાં ખાર પાડી નાખીને પીવાની એની ઇચ્છા ન થઈ આજે આ રીતે આ એવા વ્યસનો આપણી ઉપર ચઢી બેઠાં છે

યાદ રાખજો કે વ્યસનોને છોડવા એ પ્રથમ પુરુષાર્થ છે કેટલાક વ્યસનીઓ તો વ્યાખ્યાન ચાલતું હોય ત્યારે પણ છીંકણીની ડાબડી એકબીજાને સેરવતા હોય છે ! એ કેવું કહેવાય ! આજે આપણા જીવનની આ કરુણતા છે

પડેલા વ્યસનોમાથી જે માણસ બહાર આવવા ઇચ્છે છે એણે, એ વ્યસન કેમ વળગ્યું એ જાણી લેવું જોઈએ. જન્મ્યા ત્યારે તો આપણે એ નહોતા લાવ્યા તો એ આવ્યું ક્યાંથી ? અને જો તમે જ એ સ્વીકાર્યું છે તો તમે એનો ત્યાગ કરવાની શક્તિ પણ ધરાવો છો આવું સમજનાર માણસ સદાચાર તરફ પ્રયાણ કરી શકે જ્ઞાનીઓના આવા પ્રવચનો મુખ્ય હેતુ એ જ છે કે ધીમે ધીમે સાંભળીને આપણામાં પરિવર્તન જાગે, અને તો જ વિકાસ શક્ય બને છે

સજ્જન માણસ અયોગ્ય કામ કરતો નથી; અને થઈ જાય તો એ પશ્ચાત્તાપથી તરત શુદ્ધ થવા મથે છે એ મોટે ભાગે યોગ્ય કામમાં જ પરોવાયેલો રહે છે અને તેથી અયોગ્ય કામનો એને અવકાશ જ રહેતો નથી.

આ માટે કાર્યનો સમયવિભાગ પાડી સવારે જરા વાર પ્રાર્થનામાં બેસો સુંદર વિચાર કરો. સવારના જ્ઞાનના

એ વિચારો અંદર ભરી રાખો તો ચોવીસ કલાક એની તાજગી રહેશે. આમ પ્રાર્થના એ તો પાણી છે મનની ભૂમિને એ સીંચો તો ચિત્તવૃત્તિ સુંદર રહેશે, અને પછી અન્ય વ્યવસાયમાં હશો ત્યારેય એ વિચારો તમારી પાસે રહેશે. બની શકે તો એક નાની એવી ચોપડી સાથે રાખો. અવકાશ મળે ત્યારે એમાંથી વાંચો રાત્રે ઘેર આવો ત્યારે શાંતિ અનુભવો. ઘરનો દરેક જણ એ આમ કરવા માંડે તો દરેક ઘરનું જીવન કેવું સુખમય બની જાય !

સમજણો માણસ સદાચાર આચરે અને દુરાચારને દૂર રાખે. આથી મનોભૂમિકા તૈયાર થાય છે અને તેથી મન અયોગ્ય બાબતોમાં પડતું બચી જાય છે. અંદરની સમજ જીવનમાં કેવી સહાયક બને છે એનું એક સુંદર દૃષ્ટાંત છે.

એકવાર વિક્રમ પાસે ચાર ગુનેગારોને લાવવામાં આવ્યા. બધાનો ગુનો એક જ જાતનો હતો. ચારેય એકમાં સંડોવાયા હતા પણ વિક્રમે બધાને એક સરખી શિક્ષા ન કરી. એણે તો દરેકની સ્થિતિ, સંજોગો, સંસ્કાર ઉંમર વગેરે જાણી લીધું અને પછી ચારેયને યોગ્ય હતી તે જ શિક્ષા કરી.

પહેલાને એણે શિક્ષામાં આટલું જ કહ્યું કે તારા જેવો સંસ્કારી ખાનદાન માણસ આવું કરે ! બીજાને કહ્યું કે તું નાલાયક છે માટે તારો સો રૂપિયાનો દંડ ! ત્રીજાને કહ્યું કે તારા જેવો તો બીજાને બગાડે માટે તું બાર માસ માટે દેશનિકાલ. ચોથાને કહ્યું કે તું તો અધમતાની

પરાક્રમથી ભરેલો છે; માટે તને અવળે ગધેડે બેસાડી, તારું મોં કાળું કરી ગામમાં ફેરવી તને ગામ બહાર તગડી મૂકવો પડશે.

આ સભામાં એક ડાહ્યો માણસ બેઠો હતો એણે રાજાને પૂછ્યું કે ગુનો એક જ જાતનો અને છતાં શિક્ષા આમ જુદી કેમ? રાજાએ કહ્યું કે એનો મર્મ તમને પછી સમજાશે. જુઓ આપણે આ દૂતને બારેયની તપાસ કરવા મોકલીએ અને એ શી વાતો લાવે છે તે જોઈએ.

દૂતે આવીને બારેયની, બારેય જણની, જોયેલી વાત દરબારમાં રજૂ કરી. પહેલાને કહેલું કે તારાથી આવું થાય? અને એ ઘેર જઈ બારણું બંધ કરી રહ્યો એને થયું વિક્રમે મને આવા શબ્દો કહ્યા! આના કરતાં તો તલવારનો ઝાટકો મને સુવાળો લાગત." જુઓ એની માનસિક ભૂમિકા! એક જ વાક્ય એને એવું ખટક્યું કે બાર માસ સુધી લોકોને મોં ન બતાવવું એમ એને થઈ ગયું આનું કારણ એ કે તે લજ્જાળુ હતો

બીજાને ૧૦૦ રૂા દંડ કરેલો એ બહાર જઈને વાતો કરવા લાગ્યો કે એમાં શું? અરે! હજાર દંડ કરત ને તોય હું આપી દેત; રાજાને તો આમ કરીને કમાણી જ કરવી છે ને! જુઓ કે એની લજ્જા ચાલી જવા માંડી છે

ત્રીજાને દેશનિકાલ કરેલો એ દિવસે તો ગામબહાર રહે પણ રાત્રે છાનોમાનો ગામમાં આવતો રહે. એ કહેતો

કે રાજાનો એવો દેશનિકાલનો હુકમ કોણ માને છે! એથી કે એનામાં નારાજી નથી રહી હતી.

ગધાને ઊંધા ગધેડા ઉપર બેસાડી ગામમાં ફેરવ્યો, ત્યારે કહે કે શો જિંદગીનો લહાવો છે! આ નગારું વાગે ને લોકો મને જુએ. આવો અવસર ફરી ક્યાં આવવાનો છે? એના ઘર પાસે એ આવ્યો ત્યારે એ કહે કે હવે જોરથી નગારાં વગાડો. એની પત્ની એને જોવા આવી ત્યારે કહે કે જરા હું પાછો તો આવ્યો. ગણ મુકામ છે એટલીવાર ભલે આ લોકો નગારાં વગાડતાં. જોઈ એની નારાજી!

આ ઉપરથી જોયું કે જ્ઞાની અને ઉત્કૃષ્ટ માણસ નાની વાતમાંથી બોધ લઈ શકે છે. એટલે, આપણે પણ કોઈની ટીકાથી ક્રોધ ન કરવો. ઊલટું માનવું કે એ મારો હિતસ્વી છે કે મારી ભૂલ બતાવે છે. પરંતુ આવીને તમને ભૂલ બતાવે તો એનો આભાર માનો. જિંદગીમાં આવી પ્રત્યેક વસ્તુ શીખવા માટે છે; એને ગુમાવવી નહિ. સદાય જાગૃત રહેજો.

આપણે જે ઉત્કૃષ્ટતાની વાત કરીએ છીએ એની ઉત્કૃષ્ટતાવાળા માણસને નાની વાત, બેચાર શબ્દો પણ એના જીવનને બદલાવી નાખે. ઉન્નતમનવાળા મૃગાવતીને માત્ર આટલું જ કહે છે કે આર્યજનોને ઉપયોગની શૂન્યતા ન શોભે. આટલું જ વાક્ય મૃગાવતીને વિચારમાં નાખી દે છે. જેના સાધનવાળા પાસે આવી શક્તિ ન હોય ત્યારની

આધાર હતી. એને એ વાક્યમાંથી વિચારણા જાગી ઊઠી અને અંતમાં એ કેવળજ્ઞાન પામી.

માણસમાં જ્યારે આવો લજ્જાનો ગુણ આવી જાય છે ત્યારે એનામાં મનની કેળવણી આવે છે એનો માનસિક વિકાસ વધે છે અને તેને પછી અયોગ્યનું મન જ થતું નથી અને કદાચ થઈ જાય છે તો પશ્ચાત્તાપ કરી ફરી એવા કામમાં ફરી પ્રવૃત્ત બનતો નથી.

તા. ૨૬–૭–૬

મંગળ મંદિરને પથે

પ્રેમ રત્ન પ્રકરણમાં આ મહાપુરુષ આપણને મંગળ-મંદિર તરફ લઈ જવા મથે છે મંદિરે પહોંચવુ એ પ્રત્યેક માનવીનુ ધ્યેય હોવુ જોઈએ. આજે આપણુ જીવન માત્ર એક વ્યથા, એક દુઃખ એક તરફડાટ બની ગયેલ છે જીવ માત્રને ઉગારવા માટે ધર્મીના હૃદયમાં એક ઝંકાર જાગે છે વિશ્વ માત્રને તારવાનો વિચાર, આની કલ્પનાવાળો જ કરી શકે છે

જો આપણે ધીમે ધીમે પણ પ્રયત્ન કરીએ તો એ મંગળમંદિરે પહોંચી શકીએ. પિંડનુ એ મંદિર ઘણુ ઊંચુ છે એવા ઊંચા સ્થાને જવા માટે પ્રયત્ન, સાધના કરવાની રહે છે મહાપુરુષોના હૃદયમાં માનવ માત્ર માટે અપાર કરુણા પડી હતી, તેથી એમણે આ બધા ગ્રંથો લખ્યા છે અને આપણને પંથ દાખવ્યો છે

લોકોના હૃદયના નિશ્ચયો અને પ્રતિજ્ઞાઓ એવાં થાય છે કે હજી થોડી માનવતા જાગ્રત છે ખરી. આજે એક જુદુ પરિવર્તન થઈ રહ્યું છે અને માણસ અંધારા

ભોંયરામાંથી બહાર આવી રહ્યો છો; આ એક સારી આશા છે

કુદરતનો એક નિયમ એ છે કે 'શુદ્ધિ શુદ્ધિને લાવે છે અને અશુદ્ધિ અશુદ્ધિને લાવે છે' આ પ્રમાણે પ્રયત્ન કરી તમે આગળ વધશો તો ખરાબ ચીજો ધીમે ધીમે છૂટતી જશે.

મૂળ વાત એ છે કે આ એક ભાવના છે એક વિચાર છે એક પ્રયત્ન છે આ મંગળમંદિર તરફ આપણે દૃઢ વિચારથી પ્રયાણ કરવાનું છે

માનવજીવનનો હેતુ શો છે? આપણે જે શોધવું છે તે શ્રવણ મનન અને ચિંતન કર્યાથી જ મળી શકશે. ધ્યેય ઊંચું છે અને માર્ગ મળવો મુશ્કેલ છે અને છતાં સતત પ્રયત્નથી માણસ આગળ વધી શકે છે; એની શ્રદ્ધા રાખજે.

ક્રમશું આપણે ધર્મરત્ન પ્રકરણની પગદંડી પર ચાલી રહ્યા છીએ પ્રત્યેક પગલે આપણે ધ્યેયની નજીક જઈ રહ્યા છીએ.

આ નવમો ગુણ તે લજ્જાળુપણું આજે તો આને બદલે માણસોના જીવનમાં નફટાઈ આવી રહી છે પણ લજ્જાથી એની આંખ ઢળી જાય છે જેનામાં લજ્જા છે તેને કોઈ વાર પણ લજ્જાને લીધે તરવાનો વારો આવે છે; પણ જ્યારે લજ્જાની પાળ તૂટી જાય છે ત્યારે જીવનનાં પાણી વેરવિખેર થઈ જાય છે

માનવીની દૃષ્ટિ, વિચાર, આચાર શુદ્ધ હોવાં જોઈએ. લજ્જાની પાળથી ચારિત્ર્ય સંયમ આદિનાં પાણી સચવાય છે કોઈ પણ અનુચિત કામ કરતાં પાંપણ ઉપર ભાર આવે ત્યારે જાણવું કે હજી લજ્જા રહી છે અને તેથી ક્યારેક પણ આગળ વધી શકવાની આશા રહે છે

તા. ૨૭–૭–૬

દયાનુ ઝરણુ

ધર્મી આત્માનુ મન દયાથી ભીનુ હોવુ જોઈએ, દયાથી કૂણુ અને દયાથી આર્દ્ર એટલે આપણે પેલી પ્રાર્થનામાં સાંભળ્યુ કે :

દીન, ક્રૂર ને ધર્મવિહોણા,
દેખી દિલમાં દર્દ રહે.

ધર્મી એટલે જડ નહી ધર્મ તો એનુ નામ છે જે જડતાને કાઢી નાખે. જ્યારે માણસમાં ધર્મ આવે જ્ઞાન આવે ત્યારે માનવ પોતે દયાનુ ઝરણુ બની જાય. પછી તો સ્ફટિક કે નિર્મળ પાણીમા જેમ સૂર્યનુ પ્રતિબિમ્બ પડે તેમ એના મનમા વિશ્વના સુખદુઃખના પ્રતિબિમ્બ પડે. આવુ હૃદય જેનુ હોય એ જ માણસ જ્ઞાનીના જ્ઞાનનાં કિરણોને ઝીલી શકે

દયા તો ધર્મનુ મૂળ છે ગમે તે ધર્મ હોય પણ જ્યાં દયા નથી, ત્યા ધર્મ નથી. દયા વિના ધર્મ આવી શકતો નથી. જે આત્મા ધર્મી હોય તેનુ ચિત્ત દયાથી ભીનુ હોવુ જોઈએ. દુઃખ જોઈ દ્રવી જાય તેવુ હોવુ

જોઈએ. ધર્મી માણસ ક્રૂર, નિષ્ઠુર નઠોર હોઈ શકે નહિ. એના અંતરને બીજાનાં દુઃખની અસર થતી નથી એ ધર્મી બની શકે નહિ.

પણ માણસમાં જો જ્ઞાન ન હોય તો આ દયા જણાય કેમ? અજ્ઞાની માણસ અહિંસા અને હિંસાનો વિવેક કેમ કરે? દયાનું કામ કરવા જાઓ ત્યારે તમારે જ્ઞાન લઈને જવું જોઈએ. જે લોકો દયા—અદયાનો ભેદ ન સમજે એ વચ્ચે વિવેક ન કરી શકે એ દયાને નામે હિંસા કરે અને છતાં કહેવડાવે કે પોતે દયાળુ છે. દયાનું કામ કરતી વખતે, જ્ઞાનનો પ્રકાશ જો આગળ ઉપર નહિ હોય તો કામ નામનું જ—અર્થહીન બનશે.

માટે કાં તો જ્ઞાની બનો અને કાં તો જ્ઞાનીની સલાહ લઈને વર્તો. જ્ઞાનીને ચરણે બેસી, અનુભવજ્ઞાન શીખો. આજે લોકો જરાક આવ્યું છે ત્યાં એને જ્ઞાનનો મદ આવી જાય છે અથવા તો જ્ઞાનની જડતા આવી જાય છે. અંધારામાં ગોળ તો ગળ્યો જ લાગે છે પણ એટલું તો જ્ઞાનથી જુઓ કે એની ઉપર ગરોળીની લાળ તો નથી પડી ને!

જે માણસ અભણ હોય અને કબૂલ કરે કે એ પોતે સમજતો નથી તો એને જલદીથી સમજાવી શકાય છે, પણ જે જાણતો નથી અને છતાં જાણપણાનો દંભ કરે છે એને સમજાવવો મુશ્કેલ હોય છે.

ભૂલને જોઈ શકે છે અને સુધારવા મથે છે. વિશેષજ્ઞની આ વિશિષ્ટતા છે. ડાહ્યા માણસને ભૂલ કબૂલ કરતાં વાર નહિ લાગે, પણ જે અલ્પજ્ઞ છે, અલ્પજ્ઞાની છે અને છતાં પોતાને પંડિત માને છે એ તો કહેશે કે તમે કહ્યું એ તો હું જાણતો જ હતો; હું એમ જ કરવાનો હતો. આવા માણસને તો બ્રહ્મા પણ ન સમજાવી શકે. આવા માણસનો જીવનમાં ક્યાંય આરો નથી.

માટે કાં તો જાતે જ્ઞાની બનવા મથો, અથવા તો જ્ઞાનીની નિશ્રામાં રહો અને એની સૂચનાનું પાલન કરો; તો કોઈક દહાડો પણ તરવાની આશા રહેશે. જ્યાં શરણાગતિ ન હોય, જ્યાં શ્રદ્ધા ન હોય ત્યાં માણસ ક્યાંયનો નથી રહેતો.

આપણે ભવસાગરમાં નકામા ભટકીને ભવ પૂરો કરવાનો નથી પણ આગળ વધીને વિકાસ સાધવાનો છે. એટલે કાં તો પૂર્ણ જ્ઞાન કેળવી જાણો અથવા જ્ઞાની માત્ર દર્શક પાસેથી એ જાણી લો.

એક માણસને કૂતરું કરડ્યું. સાત ઇન્જેક્શન લેવાં પડ્યાં અને તે બચી ગયો. પછી એને થયું કે કોઈ બીજાને આમ કૂતરું કરડશે તો! એને દયા આવી અને તેણે પચાસ હજાર રૂપિયાનું દાન કર્યું કે બધાં કૂતરાંને ઝેર આપી મારી નાખો કે જેથી એ કોઈને કરડે નહિ. એણે માણસને બચાવવા, આમ દયા બતાવી ખરી પણ જ્ઞાન વગરની એ દયામાં એમણે શ્વાનસૃષ્ટિની ક્રૂરતાનો વિચાર

જોઈએ. ધર્મી માણસ ક્રૂર નિષ્ઠુર નઠોર હોઈ શકે નહિ. એના અંતરને બીજાના દુઃખની અસર થતી નથી, એ ધર્મી બની શકે નહિ.

પણ માણસમાં જો જ્ઞાન ન હોય તો આ દયા જાગે કેમ? અજ્ઞાની માણસ અહિંસા અને હિંસાનો વિવેક કેમ કરે? દયાનું કામ કરવા જાઓ ત્યારે તમારે જ્ઞાન લઈને જવું જોઈએ. જે લોકો દયા-અદયાનો ભેદ ન સમજે એ વચ્ચે વિવેક ન કરી શકે એ દયાને નામે હિંસા કરે અને છતાં કહેવડાવે કે પોતે દયાળુ છે. દયાનું કામ કરતી વખતે, જ્ઞાનનો પ્રકાશ જો લાગણી ઉપર નહિ હોય તો કામ નામનું જ-અર્થહીન બનશે.

માટે કાં તો જ્ઞાની બનો અને કાં તો જ્ઞાનીની સલાહ લઈને વર્તો. જ્ઞાનીને પાસે બેસી, અનુભવ શીખો. જ્યારે લોકો જરાક જાણે છે ત્યાં એને જ્ઞાનનો મદ આવી જાય છે અથવા તો જ્ઞાનની જડતા આવી જાય છે. અંધારામાં ગોળ તો ગળ્યો જ લાગે છે પણ એટલું તો જ્ઞાનથી જુઓ કે એની ઉપર ગરોળીની લાળ તો નથી પડી ને!

જે માણસ અભણ હોય અને કબૂલ કરે કે એ પોતે સમજતો નથી તો એને જ્ઞાનીથી સમજાવી શકાય છે, પણ જે જાણતો નથી અને છતાં જાણવાનો દંભ કરે છે એને સમજાવવો મુશ્કેલ હોય છે.

જ્ઞાની માણસથી ભૂલ થઈ જાય છે તો એ તરત જ

મૂર્ખને શોધ્ય થઈ છે અને સુધારવા મથે છે વિશેષજ્ઞની આ વિશિષ્ટતા છે. આવા માણસને મૂર્ખ કબૂલ કરતાં વાર નહિ લાગે, પણ જે અલ્પજ્ઞ છે અર્ધજ્ઞાની છે અને છતાં પોતાને પંડિત માને છે એ તો કહેશે કે તમે શું એ તો હું જાણતો જ હતો હું એમ જ કરવાના હતો. આવા માણસને તો બ્રહ્મા પણ ન સમજાવી શકે આવા માણસનો જીવનમાં ઉપાય આરો નથી.

માટે કાં તો જાતે જ્ઞાની બનવા મથો અથવા તો જ્ઞાનીની નિશ્રામાં રહો અને એની સૂચનાનું પાલન કરો; તો કોઈક દહાડા પણ તરવાની આશા રહેશે. જ્યાં શરણાગતિ ન હોય, જ્યાં શ્રદ્ધા ન હોય, ત્યાં માણસ ઉપાયનો નથી રહેતો

આપણે ભવસાગરમાં નકામા ભટકીને ભવ પૂરો કરવાનો નથી પણ આગળ વધીને વિકાસ સાધવાનો છે એટલે કાં તો પૂરું જ્ઞાન મેળવી આપો અથવા જ્ઞાની માર્ગ દર્શક પાસેથી એ જાણી લો.

એક માણસને કૂતરું કરડ્યું સાત ઇન્જેક્શન લેવાં પડ્યાં અને તે બચી ગયો પછી એને થયું કે કોઈ બીજાને આમ કૂતરું કરડશે તો! એને દયા આવી અને તેણે પચાસ હજાર રૂપિયાનું દાન કર્યું કે બધાં કૂતરાંને ઝેર આપી મારી નાખો કે જેથી એ કોઈને કરડે નહિ. એવું માણસને બચાવવા, આમ દયા બતાવી ખરી પણ જ્ઞાન વગરની. એ દયામાં એમણે શ્વાનજાતની ક્રૂરતાનો વિચાર

ન કર્યો. મહાપુરુષોએ આથી જણાવ્યું છે કે ધર્મ ત્યાં અને દાનની સાથે જ્ઞાન-સમજણનો પ્રકાશ જોઈએ.

જ્યારે માણસ પ્રથમવાર હિંસાનું દશ્ય જુએ છે ત્યારે એનામાં કંપ આવે છે અને એને ચક્કર આવે છે. પછી વારંવાર એવું જ દશ્ય જુએ છે હિંસાની વાતો સાંભળે છે અને પછી એ ટેવાઈ જાય છે. પછી એની કરુણા બુઠ્ઠી બને છે.

એક દિવસ એવો હતો કે હિંસાની વાતથી આપણાં હૃદય દ્રવી જતાં. આજે હવે એની ઊર્મિની આપણને સ્મૃતિ નથી. આજે તો આ ક્રૂરતા અને હિંસા આડકતરી રીતે તમારા ઘરમાં પણ આવી રહી છે. જો કે તમે જાતે હિંસા નથી કરતા. પણ બીજાને કરવામાં સહાય તો કરો જ છો.

ઘણા લોકો સુંવાળા ચામડાના બૂટ, પાકીટ, વગેરે વાપરે છે પણ તમે જાણતા હશો કે મરી ગયેલા જાનવરનું ચામડું કઠોર થઈ જાય છે. પણ જો એને જીવતું મારી એની ખાલ ઉતારે તો જ એ કોમળ રહે છે. ઉપરની વસ્તુઓની સુંવાળપ લેનાર, આ વાત યાદ રાખે છે ખરો?

આપણે ત્યાં આજે અહિંસાની ભાવના વધુ ને વધુ સ્થૂળ થઈ રહી છે ત્યારે લંડન જેવાં શહેરોમાં શાકાહારી ક્લબો શરૂ થઈ રહી છે. તે લોકો અહિંસક ચામડાનો જ વપરાશ કરે છે. મન, વચન અને કાયાથી અહિંસા રાખવાની વાતો કરનાર અને ઓલાને ક્યારે વીસેરવી ન

ખાનાર માણસ દિવસભર કડવી વાણી બોલે છે ઘરમાં કંકાસ કરે છે ને તેની સ્ત્રીને અગ્નિસ્નાન કરવું પડે છે ! આવું ક્રૂરતાભર્યું અને દયાહીન જીવન માણસ જીવે ત્યાં ધર્મ કેમ શોભે ? ધર્મ કેમ પાંગરે ?

આજની વૃદ્ધ સાસુઓ, એવા ચૂંટી ચૂંટીને શબ્દો વહુને સંભળાવે છે કે વહુના હૃદયમાં ભાલાની જેમ એ ભોંકાય છે અને તે આત્મઘાત કરે છે સાસુઓ એવાં ટોણાં મારે કે વહુને પછી જીવન જીવવા જેવું લાગતું નથી. અને એ જ ડોસીઓ પાછી આઠમ ને ચૌદશ કરવા બેસે છે, ધર્મી હોવાનો ડોળ કરે છે અને ઘણી વાર પ્રશ્ન થાય છે કે વહુઓ આવા ત્રાસથી આપઘાત કરવી સમજાય છે પણ કોઈ ડોશીએ વહુના દુઃખથી અગ્નિસ્નાન કર્યું સાંભળ્યું છે ખરું ?

શબ્દોમાં શક્તિ હોય છે એટલે શબ્દો વાપરતાં વિચારો કે એ કોમળ છે દયાળુ છે ? ઠપકો આપો ત્યારે શબ્દની પસંદગી કરો. ગાંધીજી જ્યારે બહુ ક્રોધમાં આવતા ત્યારે વધુમાં વધુ આટલું બોલતા દુનિયા પાગલ ઔર પાજી હો ગઈ હૈ. આમ શબ્દો એવા ચૂંટવા જોઈએ કે મીઠા શબ્દમાં ઘણો ભાવ કહેવાઈ જાય.

જૂના કાળમાં માણસ ગુનો કરતો ત્યારે હક્કાર મક્કાર અને ધિક્કાર—આવા શબ્દો એને કહેવામાં આવતા. આજની ફાંસી જેવું ત્યારે માણસને આ શબ્દો સાંભળતા લાગી આવતું. શબ્દોનો ત્યારે કેવો મહિમા હતો ! આજે

તે કઠોર શબ્દો સાંભળીને, એને ખાળીને પી જનારા થોડા પડયા છે !

આપણે ભાષાસમિતિની વાત કરીએ છીએ; વચનગુપ્તિની વાત કરીએ છીએ. આ વચનગુપ્તિ એટલે શું ? વિચારો. વચનને મ્યાનમાં રાખવું, એ એનો અર્થ છે. તીર ને વચન છૂટેલાં પાછાં આવતાં નથી. માટે કોઈ પણ શબ્દ મોઢે આવી જાય તેમ બોલો નહિ, ગોપવી રાખો. હોઠ પર આવે તો પાછો લઈ જાવ.

બોલવામાં ઓછામાં ઓછા શબ્દો વાપરો; તો સુખી થશો. જેમ મને ગમે તેમ બોલશો તો 'આમ ન બોલ્યો હોત તો ઠીક થાત' એમ પાછળથી પસ્તાવું પડશે. કોઈ આપણાં જડબાં પહોળાં કરીને પરાણે આપણને બોલાવતું નથી, માટે આપણે જાતે જ એનો સંયમ કેળવવાનો છે.

જે વાણીની આપણે વાત કરીએ છીએ તે વાણીસ્વરૂપ શબ્દમાં પણ હોવું જોઈએ. શબ્દો મધુર આનંદકર હોવા જોઈએ. આપણામાં અહિંસક વિચાર, અહિંસક વાણી અને અહિંસક કર્મની જરૂર છે. ઘણા જણાને અહીં વ્યાખ્યાનમાં જગ્યા નથી મળતી કે ભગવાનની મૂર્તિ પાસે યોગ્ય જગ્યા નથી મળતી તો એ ગરમ થઈ જાય છે. આમ અહીં ઉપાશ્રય ને દેરાસરમાં ગરમ થનાર ઘરમાં કેવી ગરમી લાવતા હશે, એ વિચારો.

જ્યારે આપણાં વચનો સુંદર, અહિંસક અને દયાથી

ભરેલાં હોય ત્યારે જ એ તપેલાને શાંતિ આપી શકે

માણસ માત્રને પ્રવૃત્તિ તો કરવી જ પડે છે પણ એ પ્રવૃત્તિ કેવી હોવી જોઈએ ? મહાપુરુષોએ કહ્યુ છે કે 'જે જયણા અને કરુણાથી ચાલે છે બોલે છે ખાય છે એવો માણસ બધી ક્રિયા કરે છતા પાપને બાધતો નથી.

કેટલાક જણ ખાતી વખતેય શાંતિ રાખી શકતા નથી એકવડની વાત છે કે એ ખાતી વખતે લબલબ કર્યા કરતો બોલ્યા કરતો પણ ત્યારે કોઈ વચ્ચે બોલે તો એ તપી જતો એકવાર એના પાઉં ઉપરના મુરબ્બામા નાનો વાંદો આવ્યો. પાસે બેઠેલી આઠ વરસની બાળકી એ જોઈ ગઈ અને દાદાને ના કહેવા ગઈ પણ દાદા ખિજાઈ ગયો. બાળકી મૂગી રહી ભોજન પછી દાદાએ પૂછ્યુ કે જમતી વખતે તુ કેમ વચ્ચે બોલવા જતી હતી ? બાળકીએ વાત કરી કે મુરબ્બામાં વાંદો હતો તે તમે ન ખાઓ એમ મારે કહેવુ હતુ, પણ હવે તો વાંદો તમારા પેટમા ચાલ્યો ગયો છે એટલે એની વાત શી કરવી ! દાદા પસ્તાયા એને ભૂલ સમજાઈ

જીવનનાં બધા કાર્યો પાછળ ઉપયોગની દૃષ્ટિ જરૂરી છે જેની પાસે ઉપયોગની દૃષ્ટિ નથી, એ કદી દયાળુ બની શકે નહિ. આપણી ચાલ્યા આપણી પ્રવૃત્તિ, દરેક બાબતમાં જયણા રાખીએ તો ફાયદો થાય ઉપયોગની શૂન્યતા માણસને બેચેન કરે છે જે માણસ ઉપયોગ રાખીને જીવે છે તેને પશ્ચાત્તાપના પ્રસગો બહુ ઓછા આવે છે દયાનો

ખુબ જીવનમાં આ રીતે અત્યંત ઉપયોગી છે

એક શેઠ હતા. એને પુત્રની ખૂબ ઝંખના. કોઈએ કહ્યું કે તમે દેવીને બોકડો ચઢાવો તો તમારે ત્યાં પુત્રનો જન્મ થશે. શેઠ કહે કે મારાથી કંઈ એવું કામ થાય! એક બીજો ઉપાય બતાવ્યો કે તમે એવું કામ જાતે ન કરતા. મને રૂ ૫ આપો અને હું એ કામ કરીશ. સંસારની આસક્તિ કેવી છે! શેઠે એમ કર્યું અને દૈવયોગે શેઠને ત્યાં બાળક જન્મ્યો.

પુત્ર એક વરસનો થયો ત્યાં શેઠ ગુજરી ગયા. મરીને એ બોકડો થયા. આ છોકરાએ દર વર્ષે ચાલ્યા આવતા ક્રમ પ્રમાણે દેવીને બોકડો ચઢાવવાનું કરાવ્યું. ગામમાંથી બોકડો મંગાવ્યો. બોકડો જ્યાં દુકાન પાસે આવ્યો ત્યાં તો એને જાતિસ્મરણ થયું આ મારી દુકાન; આ મારો દીકરો! બોકડો ત્યાં થંભી ગયો. એ ચાલતો નથી એટલે છોકરાએ કહ્યું કે એને મારીને લઈ જાઓ.

આટલી વારમાં એક સાધુ ત્યાં આવી ચડ્યા. એમના ચિત્તમાં કરુણા ઊભરાતી હતી. છોકરાના સાંભળતાં પેલા બોકડાને સાધુએ કહ્યું કે "દીકરા માટે તેં બોકડો મરાવ્યો તો આજે તારે બોકડો થઈ બેસવું પડ્યું છે આસક્તિ વખતે ઉપયોગ ન રાખ્યો તો હવે શા માટે બે બતાવ્યું કરે છે?" પછી તો ગુરુએ એને ઉગાર્યો. પણ એક નાની મમતા ખાતર જીવને કેટલું ભોગવવું પડે છે એ આમાંથી તારવવાનું છે

માટે કહેવામા આવ્યુ છે કે આત્માની અધોગતિ કરી કોઈ કામ કરશો નહિ. એના હૃદયમા દયાનુ ઝરણુ વહેતુ હોય તેનાથી, એમા હિંસાને ઉત્તેજન મળે એવુ કામ થાય જ કેમ ?

ધર્મી માણસ સાચો દયાળુ હોવો જોઈએ ને એણે મનસા વાચા કર્મણા અહિંસક ભાવનાથી જીવવા પ્રયત્નશીલ રહેવુ જોઈએ.

તા. ૨૮-૭-૬

દયાના બે સ્રોત

જે ધર્મી આત્મા ધર્મની અંદર આગળ વધવા માગતો હોય, તે પોતાની હૃદયભૂમિકામાં દયાનું વૃક્ષ વાવે. જ્યાં આ દયાનું વૃક્ષ નથી, ત્યાં શાંતિની છાયા નથી હોતી, અને તો પછી બીજા દુઃખી જીવ એને ત્યાં આવીને શાંતિ પામે ક્યાંથી? એટલા માટે ધર્મી માટે આ ગુણ અનિવાર્ય છે.

આ દયા સ્વ અને પર, બન્ને પરત્વે સમજવાની છે. કોઈને વાગ્યું હોય, કોઈ ગરીબ હોય, કોઈ આંધળો હોય અને મદદ માગે તો આપણે સહાય કરીએ છીએ. આ દ્રવ્ય-દયા સાથે, ભાવ-દયાની પણ જરૂર છે. જેની પાસે આત્માનું ધન, ધર્મ નથી તે વધારે દરિદ્ર છે, અને તેવાને દયા બતાવનાર જગતમાં આજે બહુ ઓછા હોય છે. ધન નથી તે નિર્ધન, તેમ જ જેને ધર્મ નથી તે નિર્ધર્મ છે અને તે વધુ સહાયને પાત્ર છે.

નિર્ધનને પૈસા નહિ મળે તો એ કદાચ ઓછાં પાપ કરશે, પણ જે માણસ નિર્ધર્મી હશે ને એને જીવનની દૃષ્ટિ નહિ મળે તો તે વધુ પાપ કરશે. માણસ ઘણીવાર

સમૃદ્ધિના સાધનોથી નીચે જાય છે એનાં સાધનો એનાં પાપને સગવડ કરી આપે છે પૈસાદાર જે અન્યાય અને અનીતિનાં કાર્યો કરશે તો પણ એને રોકનાર કોઈ નથી જ્યારે મધ્યમ વર્ગનો માણસ આજુબાજુના લોકોની ટીકાઓને લીધે, એની બીકે પણ મર્યાદામાં રહે છે કરોડાધિપતિ દારૂ પીએ, સિનેમામાં રખડે, નટનટીઓનો સંગ રાખે છતાં એને કહેવાની કોઈ હિંમત નહિ કરે કારણ લોકોને એનો વૈભવ આંજી દે છે આમ પૈસાને પાપની છૂટ મળી રહે છે

એટલા જ માટે દુઃખિયા કરતા સુખિયા લોકોની, જ્ઞાનીઓને વધારે દયા આવે છે કારણ એવા લોકોને ડૂબવાની વધુ શક્યતા હોય છે અને કારણે જ જ્ઞાનીઓમાં આવા માટે વધુ ભાવદયા જાગે છે

દયાના અનેક પ્રકારો છે તમે ભૂખ્યા-તરસ્યાની દયા ખાઓ છો એના કરતા જેનાં જીવન પાપથી, કલુષિતતાથી ભરેલાં છે તેને છોડાવવા માટે વધુ દયા બતાવો દુઃખમાંથી માણસ ઊંચે જઈ શકે છે પણ સુખીનું સુખ એને નીચું પાડે છે દાદર ચડવામાં કંઈ નથી પડાતું પણ ઊતરતાં ક્યારેક લપસી પડાય છે મુસીબત દુઃખ માણસને સારો બનાવે છે જ્યારે પૈસો અને પ્રતિષ્ઠા આવે ત્યારે લપસવાનો ભય વધુ જાગે છે પછી તો એના મિત્રો નોકરો સૌ એનાં વખાણ જ માત્ર કરે છે એના દોષ એને કોઈ ચીંધતુ નથી અને એની કોઈ દયા પણ ખાતું નથી.

પણ દુઃખ તો માણસને સ્વર્ગ સુધી લઈ જઈ શકે છે. દેવલોકમાં વધુ સંખ્યા કયા વર્ગમાંથી આવે છે ખબર છે? પશુઓમાંથી. માનવોમાંથી જેટલા દેવો બને છે તેના કરતાં પશુઓમાંથી દેવ બનીને આવનારા વધુ સંખ્યામાં હોય છે. દેવલોકના બારણાને ભરનાર આમ પશુઓ વધારે છે, માનવી ઓછા.

ગાડું ખેંચતો બળદ માર ખાતો ખાતો દુઃખો વચ્ચે અકામ નિર્જરા કરીને દેવ બને છે. પણ માનવી તો આને માટે પુણ્ય પૂરું કરીને આવે, નીચે ને નીચે જઈ રહ્યો છે. માનવીમાં નથી, તે અકામ નિર્જરાની શક્તિ પશુઓમાં રહી છે. માટે હું એમ કહું છું કે ભલે તમે દેવ ન બનો, પણ માનવી તો રહો! દૂધપાક ને પૂરી ભલે ન પામો, પણ મળે છે તે ખીચડીય શું કામ ચૂકો છો!

જેનામાં ક્રોધ, માન, માયા, લોભ વગેરે પાતળાં હોય તે મરીને ફરીથી મનુષ્યજન્મમાં આવી શકે છે. વળી દાનની બુદ્ધિ એ પણ માનવીને માનવજન્મ અપાવવામાં સહાયક બને છે. કોઈ લઈને રાજી થાય છે તો કોઈ દઈને રાજી થાય છે. જ્ઞાનીઓ કહે છે કે જગતમાં બીજાનું ખાઈને આનંદ માનનારા ઘણા છે, પણ ખવરાવીને આનંદ લેનારા ઓછા છે. પ્રેમાળ પત્ની જેમ પતિની વાટ જુએ છે તેમ ભાવિકનું હૃદય દાનના પ્રસંગ માટે પ્રથમ વાટ જુએ છે. ભગવાન આવે કે ન આવે, પણ ભાવને તલખવું પડે છે. પ્રભુને વહોરાવવાની આવી ધૂન પેદા કરવું જોઈને લાગેલી

આહા! એનુ દિલ ભક્તિ અને દાનભાવથી કેવુ ઊભરાતું હતુ! ભાવના ને ભાવના એણે બાર દેવલોક સુધી ઊર્ધ્વ ગમન કર્યું; આનુ નામ ખરી ભક્તિ.

આવો ધર્મ બહારની વસ્તુ કરતા આતર વસ્તુ સામે વધુ સબધ ધરાવે છે દાન વિના દેવ મળે નહિ, પણ એમાં દાન એ તો ગૌણ છે; ભાવના એ જ મુખ્ય વસ્તુ છે ભાવના જાગ્યા પછી દાન આપ્યા વિના રહેવાય જ નહિ. આવુ દાન દેવા માટે અતરમાં વખના જોઈએ; ઉલ્લાસ જોઈએ.

છરણ શેઠને આવુ થયેલુ એને થાય છે કે ચોરીએ ચોરીએ જળ છટાવું એ એની ભાવના બતાવે છે આજે તો સાધુના ત્યાગ પ્રત્યે જે રાગ જોઈએ તેને બદલે લોકમાં ત્યાગ પ્રત્યે વૈરાગ્ય વધુ જાગ્યો છે! આજના લોકો ત્યાગને ત્યજતા શીખ્યા છે અને રાગને ભ ત્વા લાગ્યા છે ત્યાગની ભાવના આ? જૂના વખતનાં જેમ માનવીમાં પૂજ્યભાવ નથી જગાવતી.

આપણા હૃદયમા પણ આજે તો રાગ આવીને બેઠો છે કોઈ સગો આવે કે જમાઈ આવે તો લેવા ને મૂકવા જઈએ છિ પણ સાધુને માટે એટલોય ભાવ આજે જણાતો નથી. છરણ શેઠમા આ ભાવ હતો તો એને લીધે એ બાર દેવલોક સુધી પહોચી ગયા

દાન આપતા પહેલા દાનની રુચિ જાગવી જોઈએ. એ એનામા જાગી ગઈ હતી. એવી રુચિ હોય ત્યારે દાન

દેવામાં કાંઈક તુચ્છ જ મજા આવે છે. સમાજમાં નામ થશે, પ્રતિષ્ઠા વધશે માટે તમે ફાળામાં પૈસા લખો એવા દાનની કાંઈ જ કિંમત નથી. ખરી રુચિ હોય તો અંતરથી દાનનો ઉલ્લાસ ઊભરાતો લાગે. આ રુચિ હોય તો મનુષ્ય સાચો મનુષ્ય બની શકે. સાચું દાન મનુષ્યને બીજે જન્મે પણ મનુષ્ય બનાવે છે.

આ તો દાનની વાત થઈ. પણ આગળ વધો તો દયાની વાત આવે છે. ગરીબો પ્રત્યે દયા આણવી તે દ્રવ્ય-દયા; ધર્મ વગરના ધનિકો પ્રત્યે કરુણા આણવી તે ભાવ-દયા; પણ પોતે જ્યારે ક્રોધ, માન, માયા, લોભમાં સપડાઈને અવળે માર્ગે જતો હોય ત્યારે વિચારીને પોતાની ઉપર દયા આણવી, તે સ્વ-દયા. તમે ભિખારીની દયા ખાઓ છો, પણ તમે તમારી દયા ખાઓ છો ખરા? શું તમારામાં ક્રોધ નથી? છે. તો પછી તે માટે કદી વિચાર કર્યો છે કે મારા આ માનું શું થશે? આની દયા આવે છે ખરી?

તમે ક્રોધ કરો ત્યારે તમારી દયા ખાઓ. એ શીખશો પછી બીજાને માટેની સાચી દયા પર-દયા તમારામાં જાગશે. ભગવાનને ડંખવા જ્યારે પેલો ચંડકોશી બન્યો ત્યારે ભગવાને એના ક્રોધની દયા ખાધી. આનું નામ પર-દયા.

આજે તો માણસ પોતાની આસપાસ પાપની જાળ નાખીને જાતે જ અંદર પુરાઈ રહ્યો છે. એ આ સ્વ-દયા બરાબર સમજશે તો ભાવ-દયા સમજતાં વાર નહિ લાગે.

ભાવ-દયા આવતાં મા-બાપપણું આવશે. પોતાના જ દીકરાને મરણે મા દુઃખી હોય છતાં પરોણી પૂછવા આવે ત્યારે એ પુત્રનું ઉપરાણું લે છે એમ આપણે બીજાના દોષો, ખાનગી વાતો જાણતા હોઈએ છતા અન્યને કહીએ નહિ, એને બદનામ ન કરીએ.

ગુનેગારને સુધારવો હોય તો એની વાતો સાંભળીને ચારે બાજુ ચર્ચવો ન જોઈએ; એથી તો તમે જ નીચા ઊતરો છો. બીજાને સુધારવા માટે મા જેવા બનો; પોલીસ જેવા નહિ. બીજાને સુધારવા માટે માતાની આવી ઉદારતા અત્યંત આવશ્યક છે

આજે લોકો જ્ઞાની અને ધર્મી બનવા ડોળ કરે છે પણ ખરી રીતે જેમ મરજીવો સાગરને તળિયે ડૂબકી મારી મોતી શોધી લાવે છે, તેમ ધર્મી આત્માએ જિંદગીના ઊંડા સમુદ્રમાં ઊતરીને દર્શન, જ્ઞાન, ચારિત્ર્યરૂપ ધર્મની શોધ કરવાની છે આ મુશ્કેલ છે અને અનેક જન્મો પછી એ પ્રાપ્ય બને છે આપણે તો આજે વગર સાધનાએ જરાક તપ કરીને મોક્ષની ચિઠ્ઠી ફાડવાની ઇચ્છા રાખીએ છીએ પણ કુદરતનો તો કાનૂન છે જેવી કરણી તેવી પાર ઊતરણી. કુદરતને ત્યાં કોઈ લાંચરુશ્વત ચાલતા નથી. ત્યા તો અખંડ ને અમર એવો કાયદો જ કામ કરે છે

આ દર્શન આપણને એમ સમજાવે છે કે મુનિવરો જ્યારે ધ્યાનમાં ઊંડા ઊતરે છે ત્યારે દુનિયા પ્રત્યેની બાહ્ય દયા એ તો સામાન્ય દયા છે પણ આપણું હિત

તો આ અને કુછ એવું લેઈએ. આપણે કોઈની નિંદા ન કરીએ. આને સોમાંથી પંચાણું જણ પાળવાથી બીજાનો ટીકા કરનારા હોય છે પણ વાત્સલ્યથી, ભાવથી ભૂલ કહી સુધાર કરનાર માણસ નથી દેખાતા જ્યાં સુધી આ સમજવું નહિ આવે ત્યાં સુધી આપણામાં ભાવ-દયા નહિ આવે.

બીજાને સહાયક થવા માટે આપણામાં સમ્યગ્ દર્શન, પવિત્ર સમજણ લાવવાની જરૂર છે આ ન આવે ત્યાં સુધીની દયા તે બાહ્ય દયા છે ભાવ-દયા નહિ.

આપણે જીવનમાં દયાનાં બેઉ પાસાં જોવાનાં છે સ્વ-દયા અને પર-દયા પર આત્માની અપીઅતિ ઉપર તમે દયા લાવો છો પણ આજના તમે કરોડાધિપતિ કાલે ક્યાં કે ભીખ જ્યો ભૈની, તમારી પોતાની દયા આવો છો ખરા? જે મનુષ્યની અંદર આ સ્વ-દયા અને ભાવ-દયા બેઉની સમજ છે તે જ ધર્મનો સાચો અધિકારી છે

આવી દયા આપણામાં આવી છે? ન આવી હોય તો વિચારો કે શાથી નથી આવી? દરરોજ થોડુંક ફરી વિચારી જુઓ સદ્ગુણનો વિચાર કરો અને દુઃખિયા અને ભાવદયાની ભાવના કેળવવા પ્રયાસ કરો

તા. ૨૯-૭-૬

વિશ્વ—ઐકાત્મભાવ

આપણે દયા વિષેના બે વિચાર—સ્વદયા અને પરદયા જોયા હવે એક ત્રીજો વિચાર જોવાનો બાકી રહે છે આપણે ઘણી વાર બોલીએ છીએ કે દયા ધર્મકા મૂળ હૈ પણ આનો અર્થ શો? ધર્મના અનેક પ્રકારો અને દૃષ્ટિઓ હશે, પણ એમ છતા બધા ધર્મના મૂળમા દયા રહેલી છે બીજી અનેક બાબતોમા ધર્મોની દૃષ્ટિ કદાચ જુદી પ તી હશે પણ દયાની બાબતમા કોઈ ધર્મ જુદો પડતો નથી.

જગતમા દરેક માણસ દયાથી જીવવા ચાહે છે તમને જેમ મૃત્યુ, હેરાનગતિ, ક્રૂરતા પસંદ નથી, એમ જગતનેય એ ગમતા નથી. જેમ મોતીની માળામાંના મોતી બધા જુદા હોય છે છતાં અંદરનો દોરો એક અને સળંગ હોય છે એમ વિશ્વના બધા ધર્મોમાં દયાનો દોર એક સરખો સમાન પડેલો છે

વિશ્વ માટે ઐકાત્મભાવ એ દયાની નવ્ય દૃષ્ટિ છે માટે આપણે પેલો મંત્ર સાંભળીએ છીએ કે 'આત્મવત્ सर्व भूतेषु सुखदुःखे प्रियाप्रिये બીજાના દુઃખનો પ પો

આપણા હૃદયમાં પડે તો એક વિચારનો ઉદ્ગમ થાય કે મને નથી ગમતું તે બીજાને પણ નથી ગમતું; મને ગમે છે તે જ બીજાને ગમે છે આમાંથી જ વિશ્વ-એકાત્મભાવ ધીમે ધીમે પ્રગટે છે

સ્વદયા અને પરદયાની સાથે આ ત્રીજી ભાવના વિશ્વ-એકાત્મભાવની પણ ખાસ જરૂર છે એનાથી વિશ્વ સાથેનો જિંદગી સાથેનો સંબંધ બને છે પછી તો એ માણસ બધામાં શુભની ભાવના જોતો થાય છે; ને આ બને છે પણ આવું દર્શન માત્ર આંખથી નહિ, વિચાર-આત્મા દ્વારા આવે છે

આપણે તો વિશ્વમાં સંવેદન જગવવાનું છે જેમ એક દિલરુબા કે સિતારના એકાદ તારને પણ તમે સ્પર્શો તો બીજા બધા તાર રણઝણી ઊઠે છે એ રીતે વિશ્વના માનવીઓ સાથે આપણે સહાનુભૂતિ રાખી શકીશું તો આખા વિશ્વ સાથે એવું તાદાત્મ્ય સાધી શકીશું

માટે યાદ રાખો કે મને ગમે છે તે જ બીજાને ગમે છે મને દુઃખકર છે એ બીજાને પણ દુઃખકર બને છે આથી દરેક શબ્દ બોલતી વખતે વિચારો કે આ શબ્દ સામાને ગમશે?

માનો કે તમને કોઈને નાલાયક કહેવાનું મન થયું તો પ્રથમ એ શબ્દ તમને પોતાને લગાડી જુઓ અને તમને ન ગમે તો બીજાને પણ નહિ ગમે એમ માની એ છોડી દો. માણસને મોઢું મળ્યું છે માટે બોલી પડવું

એમ ન ચાલે. અંદરથી શબ્દ આવે કે જરી એને ઊભો રાખો તમે વાપરવા ધારેલ વિશેષણ તમને સારું વહાલું લાગે છે? આમ વિચારો પણ આજ તો કથાની માત્ર વાતો રહી ગઈ છે અને વિશ્વ સંગેની અનુભૂતિ, સંવેદનના તાર તૂટી ગયા છે

એકવાર એક વણજારો થોડુંક સોનું વેચવા માટે એક ચોકસીને ત્યાં ગયો. જઈને કહ્યું કે શા ભાવે સોનું ખરીદશો? ચોકસીએ કહ્યું કે રૂપિયે તોલો. વણજારાને તો આશ્ચર્ય થયું રૂપિયે તોલો! એને થયું કે ત્યારે તો એ જ ભાવે હું જ સોનું ખરીદું તો કેવું! એણે ચોકસીને કહ્યું કે ત્યારે તો હું જ એ ભાવે. થોડું સોનું ખરીદવા માગું છું તો એ ભાવે મને સો તોલા સોનું તોળી આપો. ત્યારે ચોકસી કહે કે મારા સોનાનો ભાવ તો ૧ રૂપિયે તોલો છે' જુઓ! લેવા માટેનો ભાવ રૂપિયે તોલો અને વેચવા માટેનો ભાવ સો રૂપિયે તોલો! આજે આપણા જીવનનાં બધા ક્ષેત્રોમા આમ ચાલે છે મારો માલ મોંઘો —સો રૂપિયે તોલો—પણ બીજાનો માલ રૂપિયે તોલો! હું આજે ઘસાવા તૈયાર નથી ભલે આખી દુનિયા મારે માટે ઘસાય.

આજે આપણી એકની સગવડ ખાતર સુખ માટે આપણે ન કરવાનું કરવા તૈયાર થઈએ છીએ. એક માણસને રોજ પથારીમાં ફૂલ પાથરીને સૂવાનો શોખ હતો માળીને કાયમ માટે એણે આ હુકમ કરી દીધેલો. પોતાને ફૂલની શય્યાનો શોખ. પણ એક રાતની ઊંઘને માટે હજારો ફૂલોનો કેવો નાશ! આમ જ જીવહિંસા કરી, શોખનાં

સાધનો વાપરતાં માણસને આજે આંચકો લાગતો નથી.

ખરી રીતે તો વિશ્વના નાનામાં નાના જંતુ સાથે સમવેદના જાગવી જોઈએ. જ્યાં સુધી આપણે આવી આત્મીયતા નહિ સાધીએ ત્યાં સુધી સાચો દયાભાવ જાગશે નહિ, અને અહિંસાની વાતો માત્ર ઊંચે આકાશમાં જ રહેશે.

આપણે તો સર્વ સાથે આત્મીયતા સાધવાની છે મારા પ્રાણ અને જીવન જેટલાં જ બીજાના પ્રાણ અને જીવન કિંમતી છે એ સમજવાનું છે પણ આજે તો આપણે આપણી જાતને જ મહત્ત્વ આપીએ છીએ. બીજાને માટે તો આજે પ્રકંપ જ રહ્યો નથી. બંગાળનો દુષ્કાળ, જાપાનની ધરતીકંપની ખાનાખરાબી, અનેકનાં મૃત્યુની સરખામણીમાં આજે તો માણસને પોતાનું નાનું ગૂમડું વધારે દુઃખદ લાગે છે એને ખાતર એ રોકકળ કરી મૂકે છે, જગતના ધરતીકંપ કરતાં એનો પોતાનો નાનો દાંતનો દુખાવો એને વધારે પીડા આપે છે

જ્યાં સુધી આ રીતે માણસ બીજાના કરતાં પોતાના પ્રાણને દુઃખને મહત્ત્વ આપે છે ત્યાં સુધી એનામાં અહિંસાની ભાવના આવે ક્યાંથી? તમે ખાદી પહેરો છો અને એ અહિંસાનું પ્રતીક છે એમ બોલો છો પણ તમે વિશ્વ સાથે એવો પ્રભાવ, સમસંવેદન, પ્રકંપ અનુભવો છો ખરા? ખાદી પહેરનાર જો સાચો અહિંસક હોય તો એની વાણીમાંથી મત્સ્ય-ઉદ્યોગની અને પશુઓને મારો એવી વાણી નીકળી શકે ખરી?

અહિંસા અને દયાને ઘણો નિકટનો સંબંધ છે જ્યાં દયાનાં ઝરણાં વહેતાં નથી ત્યાં અહિંસાનો અંશ પણ નહિ મળે. જીવનનો આ સિદ્ધાંત આપણે બરાબર સમજવાનો છે

એક હતા શેઠ. એને ત્યાં એક ઘરઘાટી હતો. શેઠની નાની છોકરીને એણે ઉછેરેલી. પછી એ દેશમાં ગયો. પાછળથી આ છોકરી માંદી પડી અને મરી ગઈ શેઠે ઘાટીને ખબર આપી આઠ મહિને એ પાછો આવ્યો ઘરમાં દાખલ થતાં જ એની આંખમાંથી આંસુ ચાલ્યા. શેઠે પૂછ્યું : કેમ રડે છે? ગદ્ગદ્ કંઠે માંડ માંડ ઘાટીએ જવાબ આપ્યો. મૂલગી બેબી એ વધુ બોલી ન શક્યો

શેઠને એમ કે એ ઘાટીની પુત્રી મરી ગઈ લાગે છે એટલે એણે આશ્વાસન આપતા કહ્યું એ તો હોય જ મે એ તો બને જ ને? એમાં રડવાનુ શુ! રામો વિચારતો હતો કે શેઠ કેટલા જ્ઞાની છે! એટલામા શેઠે પૂછ્યુ કેટલા વર્ષની છોકરી હતી? રામાને લાગ્યુ કે શેઠ ઊંધુ સમજ્યા લાગે છે એટલે તેણે સ્પષ્ટ કહ્યુ કે શેઠ તૂમચી મૂલગી અને પળવારમા શેઠને એ ભુલાયેલી પુત્રી યાદ આવતા જોરથી એ રડવા બેઠા. પારકી દીકરી એટલે કાંઈ નહિ અને પોતાની પુત્રીની વાત આવી ત્યા કેવો મોહ! આવે વખતે જ આપણે વિશ્વ-એકાત્મભાવના દોરનો વિચાર કરવાનો છે આપણા ધર્મોના અંતરમા આવુ દયાનુ ઝરણુ નિત્ય વહેવુ જોઈએ.

એટલે સ્વદયા ને પરદયાની સાથે આપણે ત્રીજી ભાવના વિશ્વ એકાત્મભાવ કેળવવાનો છે જ્યારે મારા જેવો જ

આત્મા સર્વત્ર છે. સૌને સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય છે એમ આપણે સમજતા થઈએ ત્યારે વિચારના અજવાળાથી ભર્યા વગરની, દરેક અણસમજુ પ્રવૃત્તિ આપણે કરતા અટકીશું. પછી એવો વિચારક સહેજે જોશે કે હિંસક સાધનો, હિંસક આમદાનીની વસ્તુઓ એ બધું અયોગ્ય છે. પણ આને માટે સૌથી પ્રથમ તો આપણું મન વિશ્વની સાથે એકાત્મભાવ અનુભવતું થવું જોઈએ; પછી દયા અહિંસા વગેરે સ્વાભાવિક બની જશે.

એક મોટા સાધુ સાથે એક નાનો સાધુ શ્રમણ જગતમાં વિહાર કરી રહ્યો હતો. આમ તો એ એકદમ નાનો હતો છતાં એનો આત્મા જાગૃત થયેલો. છતાં ઉંમરની અસર પણ રહે ને! એણે પાણીનું ભરેલું એક ખાબોચિયું જોયું. એની બાલવૃત્તિને પાણીમાં છબછબિયાં કરવાનું મન થયું. એણે તેમ કર્યું. ખાબોચિયાને સાગર કલ્પી, લાકડાના પાત્રને હોડી માની, એ તરાવી આનંદ માણતો હતો, ત્યાં પેલા સાધુએ આ જોયું. એણે એને કહ્યું કે પાણીમાં જીવ હોય, વનસ્પતિ હોય, ને આપણાથી આવું થાય! બસ સાંભળતાં જ કિશોર જાગૃત થઈ ગયો. આત્મવત્ સર્વ ભૂતેષુ સમજનાર આવું કરે! એવો જ્ઞાની ઉતાવળે કોઈ પ્રવૃત્તિ કરે નહિ અને કદાચ થઈ જાય તો પશ્ચાત્તાપ–અનુતાપ કરે. આને પણ અનુતાપમાંથી, ઝગમગતી વિચારણામાંથી કેવળ જ્ઞાન લાધી ગયું.

એ મુનિનું નામ હતું અતિમુક્ત! પશ્ચાત્તાપ દ્વારા એ કેવો જલદી મુક્ત થઈ ગયો!

એવો પશ્ચાતાપ એ મનોભૂમિકાની વાત છે આપણાં શ્રવણ, વાચન–મનનમાંથી આવું માનસિક પરિવર્તન આવવું જોઈએ. એને બાહ્ય દેખાવ સાથે કશો સંબંધ નથી, એને કોઈ જાતના થર્મોમીટરથી માપી શકાતું નથી. આત્માની અંદર આવી રીતે જે સૂક્ષ્મ સ્પંદનો જાગે છે તેને માપી શકાતા નથી પણ એની અનુભૂતિ જરૂર થઈ શકે છે

આવા માનસિક પરિવર્તનથી ગઈ કાલનો ખરાબમાં ખરાબ ગણાતો માણસ, આજે સારામાં સારો બની શકે છે જેને મનની સમજણ જાગી જાય છે એના મનપરિવર્તન સૂક્ષ્મ હોય છે કયો માણસ ક્યારે મનમાં અનુતાપનાં આંસુ પાડી નિર્મળ બનશે તે આપણે જાણતા નથી.

આ માટે આપણે આ બધી માનસિક ભૂમિકાઓ વિશુદ્ધ બનાવવી જોઈએ આત્મસંવેદના અનુભવતા થવું જોઈએ, તો જ વિશ્વ એકાત્મભાવ આવી શકશે.

દયા અને અહિંસા એક જ સિક્કાના બે પાસા છે એક વિધેયાત્મક છે, બીજો નિષેધાત્મક છે આપણને ન ગમે તે બીજાને માટે ન વિચારીએ, ન બોલીએ, ન કરીએ, તો આવું વિશ્વ–એકાત્મભાવનું સંવેદનમય અને સંવાદમય સંગીત પ્રગટે.

તા. ૨૦–૭–૬

માધ્યસ્થ

આજે આપણે ૧૧મા સદ્ગુણનો વિચાર કરવાના છીએ. ધર્મનો સાચા સ્વરૂપમાં કેવળ વિચાર કરી શકે? જેનામાં માધ્યસ્થ હોય અને સૌમ્યદૃષ્ટિ હોય. આ બે ભાવનાઓને સંયુક્ત રીતે મૂકીને એક સુંદર વિચાર આપવામાં આવ્યો છે. માધ્યસ્થ એટલે? જેના મનનાં દ્વાર સદાય ખુલ્લાં હોય જેને કોઈ પણ ધર્મ પ્રત્યે પૂર્વગ્રહ ન હોય, જેને દુરાગ્રહ ન હોય; નવા સત્યનો સ્વીકાર કરવા જે તૈયાર હોય.

આ માધ્યસ્થ ભાવ સાથે, પ્રકૃતિથી એ સૌમ્ય હોવો જોઈએ. માધ્યસ્થ સાથે સૌમ્યતા ન હોય તો દ્વેષ આવી જાય. બુદ્ધિની અંદર માધ્યસ્થપણું અને પ્રકૃતિમાં સૌમ્યતાનો અંશ હોય તો તે માણસ જીવનના કોયડાઓનો શાંતિથી ઉકેલ આણી શકે છે જેના મનમાં પક્ષપાત છે તે શાંતિથી સામાન્ય વિચાર નહિ કરી શકે તો ધર્મ જેવી અસામાન્ય વાતનો વિચાર તો એ ક્યાંથી કરી શકે?

જીવનમાં જેને ધર્મ આચરવો છે તેનામાં આ બેઉ

ભાવ જોઈએ; માધ્યસ્થ અને સૌમ્યતા. અતિરાગ પણ નહિ અને તિરસ્કાર પણ નહિ. સામાન્ય રીતે માનવીનું મન ચંચળ છે ચંચળ મન શાંતિથી વિચાર કરી શકતું નથી. જીવનની સામાન્ય વાતો માટે મન-બુદ્ધિની આ સ્વસ્થતા અનિવાર્ય છે એ વખતે, દૃષ્ટિ દ્વેષ વગરની અને બુદ્ધિ માધ્યસ્થ ભાવવાળી હોય તો જ તે સત્યનું દર્શન કરી શકશે.

એક ગુરુ પાસે બે શિષ્યો ગયા ઉપદેશમાં ગુરુએ બેઉને એક સરખી ત્રણ વાતો કહી લોકપ્રિય બનવું મીઠું ખાવું અને સુખેથી સૂવું એમાંનો એક શિષ્ય મંદ હતો અને એણે પોતાનો માર્ગ લીધો બીજો માધ્યસ્થ-સૌમ્ય દૃષ્ટિવિહોણો હતો

આ બીજા શિષ્યે તો ગુરુના શબ્દોને જ પકડ્યા. એણે મંત્રતંત્ર શરૂ કર્યાં, વૈદું શરૂ કર્યું અને લોકપ્રિય બનવા માંડ્યું ભિક્ષામાં રોટલી-રોટલાને બદલે પેંડા મૈસુર ગુલાબજાંબુ લેવા માંડ્યા; અને રાતના આઠથી સવારના આઠ સુધી સૂવા માંડ્યું એણે માની લીધું કે પોતે ગુરુના શબ્દોને બરાબર પાળે છે

આ શિષ્યે ગુરુના માત્ર શબ્દો જ સાંભળ્યા. પણ એ શબ્દોનો મર્મ એ પામ્યો નહોતો. આવા લોકો શબ્દોના અર્થનું ભાવનું ખૂન કરે છે આજે લોકો ધર્મગુરુઓના, મહાપુરુષોના શબ્દોને જ માત્ર વળગ્યા છે પણ એનો ઊંચો મર્મ અર્થ ભૂલ્યા છે આથી જે મહાપુરુષો વિશ્વમાં

શાંતિ અને સમાધાન સર્જવા આવ્યા હતા તેમના જ શબ્દોને નામે, એના ભક્તોએ આજે અનેક પ્રકારના કલહ કજિયા, પંથ અને માર્ગો ઊભા કર્યા છે માટે શબ્દને ન વળગો; એની પાછળના અર્થને શોધી સમજો.

ભાષાને શું વળગે ભૂર, જે રણમાં જીતે તે શૂર" એમાં એ જ કહેવા માગે છે કે શબ્દને ન વળગો; ભાષાનો ભાવ લ્યો. આને માટે સતત અભ્યાસની જરૂર છે આ ભાવના માટે શ્રમ અને સાધના બેઉ જોઈએ.

એક મન્ત્રપંક્તિ લો. રામ! તારા રાજ્યમાં દીવા નથી અંધારું છે આ પંક્તિમાંથી એક માણસ એમ સમજે કે દીવાનથી રાજ્યમાં અંધારું છે, તો રામ એને મારી મૂકે; પણ રામ! તારા રાજ્યમાં દીવા નથી (તેથી) અંધારું છે એમ સમજે તો બીજો જ ભાવ સમજાય આપણું તો આમ ભાષાના વિરામ અને વિચારનો આધાર કરતા રહેવાનું છે આ પ્રમાણે માણસ જો અનેકવાર ધર્મસૂત્રોનું વાચન કરી જાય પણ એનો અર્થ ન જાણે તો જીવનમાં એને મજા નહિ આવે

માટે આપણને કહ્યું છે કે શબ્દોને લો ત્યારે એની ઉપાસના કરો એનું રટન ન પામો. એના અર્થમાં જ્યારે તમે એકાકાર થશો ત્યારે એમાંથી મધુરતા જાગશે. પેલા શિષ્યે ગુરુ મંત્રોનો ખોટો ઉપયોગ કર્યો અને પરિણામે એવું ચોરી લોકપ્રિયતા મેળવેલી તે આખરે ગઈને ફજેત થયો. ખાઈને મરિ પડ્યો અને બીજાને પ્રમાદી બનાવ્યો. કારણ! એનામાં

માધ્યસ્થપૂર્ણ સાચુ જ્ઞાન, વિજ્ઞાન, ચેતના નહોતાં જાગ્યા.

એકવાર ફરીથી એને એનો પ્રશ્ન ગુરુજનું મળ્યો. એણે જોયુ કે એણે તો માત્ર ગુરુના શબ્દોને પકડયા છે પણ એના ભાવને એ સમજ્યો નથી. મોઢે શબ્દો કર્યા છે ગોખ્યા છે કડકડાટ બોલી જાય છે પણ એ ભાવને ભૂલ્યો છે

એ પ્રશ્ન શિષ્યે પછી પોતાને બતાવ્યુ કે ગુરુના ત્રણ સંદેશનો ભાવ તો એવો હતો કે મીઠુ ખાવુ એટલે એકાંતરે ખાવુ તપ કરીને ખાવુ; ખરી ભૂખ લાગે ત્યારે ખાવુ તપને પારણે સૂકો રોટલો પણ મીઠો બની જાય છે

ચીનનો એક તત્ત્વચિંતક એકવાર અમેરિકા ગયો ત્યાં એ ડાક્તરોની પરિષદમાં ગયો ડાક્તરોએ એને પૂછ્યુ કે તમારે ત્યાંના ડાક્તરો કેવા છે? કાંઈ જાત અનુભવ છે?

તત્ત્વચિંતકે કહ્યુ કે હા એકવાર હુ માંદો પડયો. મે ડાક્તરને બોલાવ્યો. એણે એકના બે રોગ કર્યા. બીજાને બોલાવ્યા; એણે ત્રીજો રોગ ઊભો કર્યો. પછી મે ત્રીજા ડાક્તરને બોલાવ્યો પણ ત્યારે એ ગામમાં ન હતો એ એક અઠવાડિયે આવ્યો પણ ત્યાં તો દવા વગર જ મારો રોગ મટી ગયેલો. આજના ઘણા રોગો વિષે આ શું સાચુ નથી? કેટલાક રોગો ડોકટરોથી જ નથી વધ્યા? હા કેટલાક જરૂર મટયા હશે પણ વધ્યા છે કેટલા?

આપણા રોગોનુ કારણ એ છે કે આપણું અન્ન

આજે મીઠું નથી રહ્યું આપણે તો ચીજો મસાલેદાર ખાઈએ છીએ. બાકી ખરેખર ભૂખ લાગે ત્યારે તો બધું અન્ન પણ મીઠું લાગે.

પેલા ગુરુએ કહેલું કે મીઠું ખાજો એટલે ત્યારે ખાજો કે જ્યારે અન્ન મીઠું લાગે ભૂખ લાગે ત્યારે; તપ અને તિતિક્ષા પછી જ ખાજો. અને લોકપ્રિયતા એટલે ? નિઃસ્પૃહતા. જે માણસને દુનિયામાંથી કાંઈ પણ લેવાની ઇચ્છા નથી તે લોકપ્રિય થાય છે આવી લોકપ્રિયતા ભાષણોથી, મીઠી વાતો કરવાથી કે જ્યોતિષના મંત્રતંત્રથી નથી આવતી. એ તો જેને લેવાની ઇચ્છા નથી પણ આપવાની સ્પૃહા છે તેને જ વરે છે

જેના અંતરમાં માત્ર અપેક્ષા જ પડેલી હોય એ કેવી રીતે લોકપ્રિય થઈ શકે ! એ તો ગરોળી જેવો કહેવાય. ગરોળી માત્ર લેવાનો જ સદા વિચાર કરે છે કાંઈક મેળવવાની જ એ ઇચ્છા રાખે છે આવી રીતે ઘણા માણસો માત્ર અપેક્ષા જ રાખે છે એ ક્યારેય એમ નથી વિચારતો કે હું શું કરું કે જેથી બીજાને લાભ થાય.

આપણે આપણાં બધાં કામ જાતે જ કરવાં જોઈએ. કોઈની અપેક્ષા ન રાખો. કામ કરશો તો થશે એવું કે નહિ સોંપ્યાં હોય તો હજાર હાથ તમને મદદ કરવા દોડશે. આનું નામ લોકપ્રિયતા નિઃસ્પૃહતા. માટે કહ્યું છે કે —

અનમાંગ મિલા સો દૂધ બરાબર,
માંગ લિયા સો પાની;

મિત્ર કિયા સો ખૂન બરાબર,
મહ ગેરજાઈ વાણી

સહજ ભાવે મળી જાય એ જ સારું; બાકી માગીએ તો આપણું પાણી ઉતરી જાય એટલે જીવનમાં આપણે ઓછામાં ઓછી જરૂરીઆત રાખવી. બધાય વગર ચલાવતાં શીખો. આવો ભાવ જાગે ત્યારે આત્માની અસ્મિતા આવે. આપણે સંપત્તિનાં, સાધનોનાં દાસ થવાનું નથી; આપણે તો દિલ–સંપત્તિની શ્રીમતાઈ બતાવવાની છે અને તો જ જીવનમાં ખરી ખુમારી આવી શકશે.

આપણે ... કરેલી જરૂરિયાતો આપણને પછી એની પાછળ કેવી દોડાવે છે તે જુઓ. જરૂરિયાતો આમ માણસને નીચેમાં નીચે લઈ જાય છે પણ ઊંચે જવા માટે તો માણસે આ જરૂરિયાતો ઓછી કરવાની છે. અન્ન વસ્ત્ર અને રહેઠાણ જરૂરી છે પણ એ સિવાયના બીજા સાધનો આજે તમારી બેડીઓ બની બેઠાં છે. વસ્તુના આવા ગુલામ ન બનો. એમાં ઘેરાઈ ન જાઓ.

જિંદગીમાં પ્રથમ ઈચ્છા કરીએ અને એ ન મળે એટલે આપણને દુઃખ થાય છે. ખરી રીતે દુઃખ છે જ નહિ, પણ ઈચ્છાને લીધે આપણે દુઃખ ઊભું કરીએ છીએ આપણે લાવીએ છીએ. ઈચ્છાને બોલાવો એટલે એનો ભાઈ દુઃખ એની પાછળ ઝટઝ આવશે. ... આવે છે.

આમ લોકપ્રિયતા એટલે નિસ્પૃહતા. આ એક જ રીતે આવે કે સ્પૃહા જ ન કરવી. સંતોષથી જીવવું. આ

વસ્તુ ખૂબ મસ્ત આપશે. મિત્રો કહે કે તો અમને આપો ના કહીએ; એ નિઃસ્પૃહતાથી લોકપ્રિયતા આવે.

ગુરુનો ત્રીજો સંદેશ એટલે સુખે સૂવું. એનો અર્થ એ કે આત્માના વિચારમાં મનને રોકવું. માત્ર દેહ માટે જ્યારે શરીરને ઊંઘવા દેવું. આવો માણસ ઊંઘે, પણ ઊંઘે એટલે સ્વસ્થ. એને ઊંઘમાં સ્વપ્નાં આવવાં, ધમપછાડા મારવાનું રહેતું નથી.

સુખેથી સૂવું એટલે આત્માની વિચારણામાં મસ્ત રહેવું. જીવન એવું બનાવવું કે જેમાં ભય ન હોય અને તેથી એ સુખેથી સૂઈ શકે. જેનું મન અભય છે એવો માણસ ભૂમિ ઉપર બાદશાહી આરામથી સૂવે.

ફૂટપાથ ઉપર થાકીને ઊંઘતા માણસને જે આનંદ હોય છે એ આનંદ, હવેલીમાં સૂતેલાને નથી મળતો; કારણ? એકનું મન ભયમુક્ત અને શ્રમની સાધનાવાળું છે. બીજાનું ભયવાળું અને શ્રમ વગરનું છે.

આ ત્રણે ઉપદેશનો ખરો અર્થ મોટા શિષ્ય જેનામાં માધ્યસ્થભાવ હતો અને જેનામાં સૌમ્યદૃષ્ટિ હતી તે એ સમજી શક્યો. એ શિષ્યને કોઈ પૂર્વગ્રહ ન હતો. સૌમ્ય દૃષ્ટિ હોવાથી એનામાં દ્વેષ ન હતો. આથી એ બીજા શિષ્ય સાથે લડ્યો નહિ, એને તો એની દયા આવી. પરિણામે એના વિચારો બીજા શિષ્યે ઝીલ્યા.

આપણે પણ આમ શબ્દોની પાછળની વાતને સમજી લઈએ. ગામમાં 'ધંધુ' કહીએ એટલે બંધાના

પાણીમાં ગુપ્ત બાંધવાની વાત નથી, પણ સમાને તીરે ગુપ્ત એમ ભાવ-અર્થ છે મહાપુરુષોનાં વાક્યોમાં આવો લક્ષણાભાવ હોય છે; એ અર્થ ગંભીર હોય છે જેનામાં માધ્યસ્થ હોય જેનામાં સૌમ્યતા હોય તેઓ આ સમજી શકે વિકાસ માટે બુદ્ધિમાં માધ્યસ્થ અને હૃદયમાં સૌમ્યતા જોઈએ. આવો માણસ ધર્મવિચારને સાચા સ્વરૂપમાં જાણી શકે છે સમજી શકે છે

તા. ૧ ૮-૬

માધ્યસ્થનું માધુર્ય

ધર્મનો યોગ્ય અધિકારી માણસ બુદ્ધિમાં માધ્યસ્થ અને દૃષ્ટિમાં સૌમ્યતા રાખશે. એનો સ્વભાવ જડ ન હોય. એવા માણસને જ્યાં વાળવો હોય ત્યાં વાળી શકાય. જેનામાં રાગદ્વેષની તીવ્રતા ન હોય તે માણસ સત્યતાની વસ્તુને આપને મેળવ્યુ કરી શકે. આજે લોકોમાં માધ્યસ્થભાવ નથી એટલે પોતાની ખોટી વાતને નકામા ખેંચી રહે છે ને છોડવા તૈયાર હતા નથી. કિંતુ તેઓ એમ માને છે કે પોતે જે કરે છે એ જ સાચું છે અને પોતે ધર્મમાં વિશ્વાસવાળો છે.

પણ આવો માણસ ભૂલે છે કે કોઈ પણ વસ્તુને આકાર આપવો હોય તો એ વસ્તુ નરમ હોવી જોઈએ. માટી સુકી હોય ને આકાર આપો તો તેમાં તરડ પડી જાય. એ માટી નરમ, ભીની, આર્દ્ર, કોમળ હોય તો એને યોગ્ય આકાર આપી શકાય. આ પ્રમાણે જેના જીવનમાં માધ્યસ્થ નથી, તેવો માણસ મિથ્યાત્વમાંથી ઊંચે નથી આવી શકતો; પણ જેના સ્વભાવમાં જે સદ્ગુણો છે તે સારી વાતને ગ્રહણ કરવા તૈયાર હોય છે

જેનામાં માધ્યસ્થભાવ નથી તે એક બાજુ નમી પડે, ઢળી પડે છે ને વાતને એવી રીતે પકડે છે કે પછી એ બીજાને સાંભળવા તત્પર નથી હોતો; એવટે સત્યથી વંચિત રહીને જિંદગી પસાર કરે છે આવા માણસને કદી સત્ય મળી શકતું નથી

તમે જોયું કે આ માધ્યસ્થભાવ સાથે સૌમ્યતા જરૂરી છે માધ્યસ્થ સાથે સૌમ્યતાની દૃષ્ટિ કરી તો એ જરા જરા વાતમાં ઉગ્ર નહિ બને જો માણસ જરાક નિમિત્ત મળતાં ઉગ્ર થઈ જાય તો પછી ધર્મનો અર્થ શો? નાની વાતમાં આવેશમાં આવી જવું અને નિમિત્ત ન મળે ત્યાં સુધી હું ગુસ્સો નથી કરતો' એવો આડંબર કરવો એ તો ખોટું છે એમ જુઓ તો કૂતરુંય નિમિત્ત ન મળે ત્યાં સુધી તો ભસતું જ નથી! એ પણ અજાણ્યાને જુએ છે તો જ ભસે છે નિમિત્ત ન મળે ત્યાં સુધી જ શાંત રહીએ, એ તો કૂતરુંય કરે છે; પછી એનામાં ને માણસમાં ફેર શો?

દરેક પ્રવૃત્તિમાં માધ્યસ્થભાવ અને સૌમ્ય દૃષ્ટિ કેળવો સામો માણસ કદાચ તપી જાય તો પણ તમે ગરમ ન થાઓ તમે જાણો છો કે હમેશાં પોતે જો ઠરો રહે તો જ એ લોખંડને ટીપી શકે એ પોતે ગરમ થઈ જાય તો એ પોતાના હાથાને જ પ્રથમ બાળી નાખશે. યાદ રાખજો કે ઉશ્કેરાટ અને અશાંતિ લાવેની અનેક ક્રિયાઓ કરતાં, એક મિનિટની શાંતિપૂર્ણ ક્રિયા વધુ મહત્ત્વની છે અશાંતિ તો બધી ક્રિયાઓને ભરખી જાય છે

કહેવાય છે કે 'ગીતાં મારે મૂકે અને અસ્વા મારે ઊટે.' એમ આપણે ખૂબ મહેનત કરી ધર્મક્રિયા કરીએ, પ્રવૃત્તિ કરીએ, પૂજા-સેવા કરીએ સમતા કેળવીએ અને જરાક નિમિત્ત મળતાં એ એક જ મિનિટની ગરમીમાં એ શાંતિનો નાશ કરીએ, તો કેટલું નુકશાન થાય! એક નાનો એવો અગ્નિનો તણખો કેટલાં મણ રૂને બાળી નાખે છે એમ આપણી અશાંતિ આપણા ક્રોધની એક જ ચિનગારી, સમતારૂપી રૂને બાળી નાખશે.

આપણી આ સમતા જીવનના પ્રસંગોમાં કેમ ધોવાઈ જાય છે એ જોતા રહો. સારા અને ખરાબ પ્રસંગ વખતે આપણું માનસિક સમતોલપણું જળવાય છે કે તૂટે છે એનું ધ્યાન રાખો.

એક ટેકરી ઉપર એક સાધુ રહેતા હતા. ત્યાં એક દિવસ એક ભક્ત આવ્યો અને સાધુને કહે કે મારે જાત્રાએ જવું છે માટે આ સો સોનામહોર સાચવો. સાધુ કહે ભાઈ! મેં સંસાર છોડ્યો છે તે શું તારી સોનામહોર સાચવવા? એ કંઈ મારું કામ નથી. પણ પેલાએ બહુ જ આગ્રહ કર્યો, ત્યારે સાધુએ કહ્યું કે સારૂં. પેલી બાજુ ખાડો ખોદીને મૂકી જા. ભક્ત તો એમ કરી નિશ્ચિંત થઈને જાત્રાએ ગયો.

બાર મહિને એ પાછો આવ્યો. સાધુ પાસેથી પેલી કોથળી માગી. સાધુએ કીધું કે તે કોથળી જ્યાં મૂકી હશે ત્યાં જ એ હશે. ખોદીને સોનામહોરોની કોથળી એણે કાઢી-

અને પછી એ ચોર સાધુની પ્રશંસા કરવા માંડયો. આટલી સ્તુતિ કરવા છતા પેલા સાધુને એની કાંઈ જ અસર ન થઈ પણ આપણે તો જરાક અનુકૂળતા મળતા ફુલાઈ જઈએ છીએ અને પ્રતિકૂળતા મળતાં સંકોચાઈ જઈએ છીએ. એટલે આપણે યાદ રાખવુ જોઈએ કે જીવનમા તો એક રહેવાના. બધા દહાડા કાંઈ સરખા નથી હોતા જીવનમાં સંયોગ અને વિયોગ આવ્યા જ કરે છે અને આવ્યા જ કરવાના. આપણે એ વખતે સમતા કેળવવાની છે એટલે ધીમે ધીમે મનને શાંત કરવા મથો. મન જ્યારે આવેગમા કે આવેશમા આવી જાય ત્યારે અંદરના આત્માએ એને શાંત કરવા મથવુ જોઈએ પ્રકૃતિની શાંતિ જાળવી રાખવી જોઈએ. આપણે જોયુ કે પેલા સાધુની સ્તુતિ થઈ ત્યારે એ ફુલાયા નહિ, એમ જ પ્રશંસાથી આપણે ફુલાવાનુ નથી, નિંદાથી મૂંઝાવાનુ નથી.

કોથળી લઈને પેલો ભક્ત ઘેર આવ્યો. સ્ત્રીને કહ્યુ કે નાહીને આવુ છુ; પછી જમીએ પેલી સ્ત્રીએ તો ઘર ખર્માં ને હરખમા લાડુ બનાવવાનો વિચાર કર્યો. પેલી કોથળીમાંથી એક સોનામહોર કાઢી ચીજ વસ્તુ લઈ આવી અને ભોજન તયાર કર્યુ પેલો નાહીને આવ્યો અને લક્ષ્મી-વંદન કરવા બેઠો પણ મહોરો ગણી તો એક ઓછી. એને થયુ કે પેલો સાધુ જ ચોર લાગે છે મારા બેટાએ ધીમે રહીને એક કાઢી લીધી લાગે છે અને પાછો સંત થઈને બેઠો છે! હુ જાઉં અને એને ખબર પાડી દઉં આવેશમા ને આવેશમાં એ દોડ્યો. જુઓ! આવેશમાં હવે અસ્થિરતા

આવતાં એ કોઈ ને સાંભળવા તૈયાર નથી. ભૈરી ધૂજતી રહી અને એ તો આવ્યો સાધુ પાસે. આવેશમાં એનું મગજ પણ એના કાબુમાં ન રહ્યું.

સાધુ તો મેવાઓ વચ્ચે શાંતિથી બેઠા છે ત્યાં તો એવું આવીને ચોર પાખંડી! ઢોંગી રે! તારી ખબર લઉં કહેતો જેમ તેમ બોલવા લાગ્યો. આવેશ માણસમાં કેવો ધ્વંસિભ્રમ અને મતિભ્રમ ઊભા કરે છે! એ જેમ તે બોલી નાચે છે ચૂંટી ચૂંટીને હલકામાં હલકા શબ્દો એવું સાધુને સંભળાવ્યા અને કહ્યું કે સોનામહોર ચોરી છે તે આપ, નહિતર આખા ગામમાં બદનામ કરીશ. સાધુ તો શાંત રહ્યા. પેલો થાકીને પાછો ફર્યો. રસ્તામાં એટલા લોકો મળ્યા તે બધાને કહે સાધુનું ખરાબ બોલી એવું એને બદનામ કર્યા.

ઘેર આવીને એવું બીને બધી વાત કરી કે એ સાધુએ સોનામહોર ચોરી પણ હું એને કેવો ફજેત કરી આવ્યો! ત્યારે બીએ કહ્યું: તમે આ શું કર્યું? અને એવું વાપરેલી એક સોનામહોરની વાત કરી. વાત સાંભળતાં જ એ અવાક થઈ ગયો. શરમાઈ ગયો. જમ્યા વગર જ એ સીધો સાધુ પાસે દોડયો અને પગમાં પડી એમની માફી માગી, મે આપની કરેલ નિંદાથી આપને દુઃખ તો નથી થયું ને? સાધુએ જમીન પરથી ધૂળની ચપટી લઈ નીચે નાખતાં કહ્યું કે અમ સાધુઓને મન નિંદા અને સ્તુતિ, બેઉ આ ધૂળ જેવી છે. સાધુ તો મગન

જેવા શીતલ હતા તેઓ એ જ શાંતિ બતાવી શક્યા હતા. એ તો મસલાથી ન ફુલાયા કે ગાળોથી ન દુભાયા. એમણે સમતા રાખી અને તેથી એ જીતી ગયા.

આ દૃષ્ટાંત આપણને શીખવે છે કે ઘરમાં અને બહાર આપણે જીવનમાં શાંતિ અને સમતા રાખવી જોઈએ. કોઈની ભૂલ થઈ જાય તો શાંત વાતાવરણ વખતે એને સમજાવો, વિચારવા આપો, પણ તમે ગરમ ન બનો.

પેલા સાધુને સ્તુતિ કે નિંદા કાંઈ સ્પર્શી શકી નહિ. એનામાં માધ્યસ્થ ભાવ અને સૌમ્ય દૃષ્ટિ, બંને હતાં. જેનામાં આ બે ગુણ હોય તેવો આત્મા જ ધર્મની આરાધના કરી શકે. આવા માધ્યસ્થ ભાવવાળો માણસ સત્યનો સ્વીકાર કરે અને દૃષ્ટિની સૌમ્યતા કેળવે. દુર્ગુણને એ દૂરથી જ છોડી દે છે. આમ જ્યારે માણસને સદ્‌ગુણ સોના જેવો અને દુર્ગુણ પેલા વીજળીના તાર જેવો ભયંકર લાગશે, ત્યારે એ સાચો ધર્મી થઈ શકશે.

એવો માણસ સદ્‌ગુણનો સદા સંગ્રહ કરે છે અને દુર્ગુણનો સદા ત્યાગ કરે છે. આવા માણસમાં જ માધ્યસ્થ અને સૌમ્યતા આવી શકે, ટકી શકે.

તા. ૨-૮-૬

ગુણાનુરાગ

આજે બારમા સદ્ગુણનો આપણે વિચાર કરવાના છીએ. આ ગુણ એટલે ગુણાનુરાગીપણું. આ દુનિયામાં, કાગની દૃષ્ટિ તો સૌને વરેલી હોય છે પણ હંસદૃષ્ટિ આવવી મુશ્કેલ છે. બીજાના દોષ જોવાનું કામ આપણે અનાદિ અનંત કાળથી કરતા આવ્યા છીએ. એ આપણે માટે સરળ બની ગયું છે અને પરિણામે સંસારમાંથી આજ સુધી આપણે માત્ર દોષ જોયા કર્યા છે, ગુણ નથી તારવ્યા.

જેમ ગળણીમાંથી ઘી ગળાઈ જાય અને કચરો ગળણીમાં રહી જાય છે તેમ સંસારને જોવાની આપણી દૃષ્ટિ દોષવાળી હોય તો એ ગળણીમાંથી સારા ગુણો ગળાઈને ચાલ્યા જશે અને માત્ર દુર્ગુણો જ આપણા ભાગમાં રહેવાના.

ગુણાનુરાગી માણસ ગુણવંતનું બહુમાન કરે એ પોતાના કરતાં બીજામાં વિશિષ્ટ તત્ત્વ જોવા મળે છે એની પ્રશંસા કરે છે જેમ ઝવેરી ગમે તેટલાં મોતી અને હીરા માંથી, સાચાં મોતી અને ખરા હીરાને પારખી કાઢે છે

એમ ગુણાનુરાગી આત્મા, બીજાની પાસેથી ગુણ લઈ ગુણનો ભંડાર બને છે કાગડા જેવી દૃષ્ટિ રાખી જીવનને ખરાબ કરવું એના કરતા હંસદૃષ્ટિ રાખવા ક્યારેક છેતરાઈ જવામાં પણ ફાયદો છે

એક વખત ઇન્દ્રસભામાં વાત આવી કે ગુણાનુરાગી હોય તે ગુણવતની કદર કરનારો હોય, અને જગતમાં આવી વ્યક્તિ શ્રીકૃષ્ણ મહારાજા છે આ સાંભળી એક દેવથી ન રહેવાયુ એણે એમની કસોટી કરવા માટે શ્વાનનુ રૂપ લીધુ અને રસ્તામા જઈને એ ઊભા રહેવાઈ ગયેલુ એનુ શરીર, ખસથી ખવાઈ ગયેલુ પૂછડુ લબડી ગયેલા કાન અને દુગંધ મારતી કાયા સૌ એને જોઈ મોં ફેરવી ચાલ્યા જાય છે

શ્રીકૃષ્ણ મહારાજ ત્યાથી નીકળ્યા એ તો ગુણાનુરાગી હતા એમણે જોયુ કે આ આમાય કાંઈક તો સારુ છે જ એમણે નિહાળ્યું : એના દાત કેવા મજાના દાડમની કળી જેવા છે! આ સાભળી શ્વાનના રૂપમા આવેલો દેવ એમને નમી પડ્યો. એણે કહ્યું કે ભગવન! શ્વાનના દુર્ગુણને જોનારા ઘણા હતા પણ દુર્ગુણમા સદ્ગુણને જોનારા ગુણાનુરાગી તો આપ એક જ નીકળ્યા, આપને હું વંદુ છુ

આપણે આ દુનિયામાં થોડાં વર્ષોનુ જીવન જીવવાનુ હોય છે અને એમાંનો થોડો ભાગ ખાવામા અને થોડો ભાગ સૂવામા જાય છે બાકીનો સમય થોડોક ધધો કરવામાં

અને બીજો બધો સમય બીજાના દોષો જોવામાં અને પોતાનાં રોદણાં રોવામાં જાય છે. આમાં આપણા આત્મા માટેનો વિચાર કરવાનો સમય ક્યાં ?

પારકાની વાતો કરવામાં, એની વાતો યાદ રાખવામાં, આપણે એટલી શક્તિ ખરચીએ છીએ કે સારું યાદ રાખવાનું યાદ રહેતું નથી. આમ તમે જો બીજાનું ભૂંડું જ બધું યાદ રાખી બેસી રહો તો તમારા આત્માને ક્યારે યાદ કરવાના ! આજે આપણું મન આવી વાતોથી એટલું બધું ભરેલું છે કે કામની વાત આપણને આજ યાદ રહેતી નથી. નકામી વાતોની યાદથી આપણાં મન આજે ઠસોઠસ ભરેલાં છે અને તેથી નવી, સારી વાતને મનમાં રહેવાનો અવકાશ જ નથી રહ્યો. આ બતાવે છે કે આપણા મગજમાં નકામું પણ ઘણું છે

આ દશામાંથી સુધરવાનો એક માર્ગ એ કે ગુણાનુરાગી બનવું. ગુણવંત પાસેથી જે સારું મળે તે લ્યો. બાકીની બધી વાતો ભૂલી જાઓ. જેમ ભ્રમર ફૂલ ઉપર બેસી, મધ ચૂસી બીજાને પીડા આપ્યા વગર વિચરે છે એમ તમે પણ ગુણની ચોરી કરો. લોકો પાસેથી, ગમે ત્યાંથી શીખો જેથી ખરાબ વાતો મગજમાં ભરાઈ ન જાય અને સારું મળી રહે.

પણ આને માટે આપણે ગુણના એકલા પ્રશંસક જ નહિ, પણ એના રાગી બનવાનું છે. એના પર આપણને રાગ હોય તેને માટે જો

છીએ, તેમ ગુણાનુરાગી બનવા માટે પણ કરો. જેમ પોતાનું બાળક કાળું હોય, પણ મારું છે તેથી મીઠું લાગે છે તેમ. કારણ? એની પાછળ પિતાને બાળક માટેનો રાગ રહ્યો છે.

દુનિયાના રાગી ન બનતાં આપણે હવે ગુણના રાગી બનવાનું છે. જેમ વેપારી માણસ એના વેપાર પ્રત્યેના રાગને કારણે બજારમાં દોડે છે, એમ આપણામાં સદ્ગુણ માટેનો રાગ જાગવો જોઈએ; તો તમે ગુણવંત તરફ દોડી જશો, અને કાંઈક મેળવવાનો પ્રયાસ કરશો. એવા ગુણવાન પાસેથી લૂંટાય એટલું લૂંટો; તમારો જીવનભંડાર સદ્ગુણથી ભરો. આ ગુણ, ગુણીજન વ્યક્તિમાં પોતાનામાં હોય છે. હીરાનો પ્રકાશ હીરાની અંદર રહેલો હોય છે. મોતીનું પાણી મોતીમાં છે, એના ભૂકામાં નહિ. આમ, ગુણીમાં આપણે ગુણ લેવાનો છે. જ્યારે આપણે આવા ગુણાનુરાગી ને ગુણવંત પુરુષોના પૂજક બનીશું ત્યારે જ આપણામાં મહાનતા આવશે. ગુણવંતનું સન્માન કરો તો એ ગુણ તમારામાં આવે; પણ આજે એ માનભાવ રહ્યો નથી; આપણે એ કેળવવાનો છે.

બે બ્રાહ્મણો કાશીમાં સંસ્કૃત ભણીને પાછા આવ્યા અને એક ધર્મશાળામાં ઊતર્યા હતા. ગામના એક શેઠ ત્યાં આવ્યા અને બેઉને પોતાને ત્યાં જમવા નોતર્યા. એમાંનો એક ન્યાય ભણીને પંડિત થયેલો, બીજો વ્યાકરણમાં પંડિત બનેલો. ન્યાયશાસ્ત્રી કહે કે વૈયાકરણીઓ પિશાચ જેવા હોય છે, તો વૈયાકરણી કહે કે ન્યાય ભણનારા રીંછ જેવા

હોય છે. આમ બેઉને, પરસ્પરની વિદ્યા માટે માન નહોતું પણ તિરસ્કાર હતો. બેઉ પંડિત થયેલા પણ એમને એમ ન થયું કે સામાની દૃષ્ટિ પણ સમજવા મથું. જો એમ કરત તો એ બેઉ જણ એક બીજાના પૂરક પ્રશંસક બનત અને પોતે ગુણ મેળવત.

સમાજમાં જુદાં જુદાં ક્ષેત્રમાં જુદા જુદા લોકો કામ કરે છે. હજામ, ધોબી, કાપડિયો—બધાનું સમાજમાં સરખું સ્થાન છે. એમ ન ચાલે તો દરેક જણ બીજાનો વિરોધક અને વિઘાતક બની જાય. ખરી રીતે તો સમાજ આપણને ઉપયોગી છે તેમ આ દરેક ધંધાદારીએ સમાજને ઉપયોગી થવાનું છે.

બીજે દિવસે બેઉ પંડિતો પેલા શેઠને ત્યાં જમવા આવ્યા. બેઉને જુદા ઓરડામાં બેસાડ્યા. બેઉનામાં એક બીજા માટે પૂર્વગ્રહ પડેલો છે. દરેકને એમ લાગે છે કે શેઠને ત્યાં મારા જેટલું માન, બીજાને ન મળવું જોઈએ, કારણ કે મારું જ્ઞાન વધારે ઊંડું છે.

પેલો ન્યાયશાસ્ત્રવાળો શેઠને કહે કે શેઠ! પેલો માણસ વ્યાકરણ ભણેલો છે પણ સાવ ગધેડા જેવો છે. ન્યાયનું તો એને જ્ઞાન જ નથી. આમ કહી એણે એના ન્યાયનું ખંડન કર્યું. પછી શેઠ ત્યાંથી ઊઠીને વૈયાકરણી પાસે ગયા તો એ કહે કે શેઠ! ન્યાયવાળો તો સાવ બળદ છે. એને વ્યાકરણનું જરાય ભાન નથી. ક્યાં ષષ્ઠી અને ક્યાં સપ્તમી વાપરવી

કહી એણે પોતાની ભાષાનું પ્રદર્શન કર્યું

શેઠ સમજી ગયા કે આ બેઉ ન્યાય અને વ્યાકરણ ભણ્યા છે પણ અંદરથી બળેલા છે આ તો બન્ને સરખા પોથી પંડિતો છે પણ એમના જીવનમાં શૂન્યતા છે એને થયું કે પંડિતો આવા! સંસ્કારી માણસ આવો હોય! વિદ્યા શાસ્ત્ર, સાહિત્ય વગેરે જો જીવનમાં પચે નહિ તો એમના શબ્દો કેવા દુર્ગંધ મારતા નીકળે! એણે નક્કી કર્યું કે આપણું કામ એ કે ભૂલેલા પંડિતોને માર્ગ બતાવવો માટે આ કામ કરવું પડશે

શેઠે પછી બેઉને જમવા બેસાડ્યા પાટલા અને થાળી મૂક્યાં. ચાંદીની થાળી અને ચાંદીના લોટા એકને ભૂસું પીરસ્યું; બીજાની થાળીમાં ઘાસ પીરસ્યું પેલા પંડિતોએ તો થાળીમાં આવું જોઈ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું અને ત્રાડ નાખી અમારું આવું ઘોર અપમાન!

શેઠે કહ્યું કે ગરમ ન થાઓ જુઓ! હું તો આપ જેવા પંડિતોનું મહેણું ન પાળું તે કેમ ચાલે! આપે કહ્યું હતું તે પ્રમાણે આપમાંના ગધેડા પાસે મેં ભૂસું મૂક્યું છે અને બળદ પાસે મેં ઘાસ મૂક્યું છે અને તે યોગ્ય છે આ સાંભળી પંડિતો પોતાના શબ્દો યાદ કરીને શરમાઈ ગયા શેઠે એમને શીખવ્યું કે તમે શાસ્ત્રો ભણ્યા છો પણ તમારી દૃષ્ટિ ખુલી નથી. તેથી જ મેં તમને આજે જીવનનું આ જ્ઞાન આપ્યું છે પણ હવે યાદ રાખજો કે બીજાને ઉતારી પાડનાર પોતે ઊંચા નથી રહી શકતો. અને આ સાંભળી

બંનેએ પરસ્પરની માફી માગી. શેઠે એમને આમ સમર્પણ અને સન્માનથી સુધાર્યા.

સંસારમાં ને કુટુંબમાં તમે પણ એક બીજાની નિંદા ન કરો. એક બીજાને પૂરક બનો. તો જ સંસાર મીઠો લાગશે.

ગુણાનુરાગીનું કામ, ગુણગ્રહણ માન કેળવાનું છે. બાકી તો જગતમાં દોષ કોનામાં નથી હોતા! પણ વહુ અને સાસુ દેરાણી અને જેઠાણી સૌમાં ત્રુટી ન જોતાં એના ગુણ જુએ. આજે વિશ્વની મોટામાં મોટી ખામી એ છે કે સૌમાં દોષદૃષ્ટિ વધી રહી છે, ગુણદૃષ્ટિ ઘટી રહી છે

તા. ૪-૮-૬

સદ્ગુણની ઉપાસના

દોષદૃષ્ટિ એ માણસનો અનાદિ કાળનો એક કુસ્વભાવ છે ટેવ છે કોઈ વસ્તુ ભળ તરફ વળી જાય તો એમાં કાંઈ એની મહત્તા નથી. જિંદગીમાં ચઢવું જ મુશ્કેલ હોય છે ઊતરવું તો સાવ સહેલું છે દુનિયામાં માણસને અધમ બનાવનાર તે આ દોષદૃષ્ટિ છે; જ્યારે જીવનને આગળ વધારનાર તો ગુણદૃષ્ટિ છે

તમને ખબર છે કે આખા ગામનો કચરો ભેગો કરનાર માણસ પોતે કચરો સંઘરીને ઘરમાં નથી રાખતો. કચરાને ભેગો કરી એ ઉકરડામાં નાખે છે તો પછી આપણે લોકના દોષની ગાંઠડી આપણી સાથે લઈને શું કરવા ફરવું? આમ કરનાર માણસ તો પેલા કરતાંય વધુ નીચ છે એ તો બધાના દોષો જોઈ પોતાનામાં સંઘરી રાખે છે આવો માણસ જ્યાં ખરાબ વાતો થતી હોય ત્યાં દોડી જાય છે અને પરનું છિદ્ર ખોળી બીજાના દોષ ગોપે છે

માટે સમાજને સ્વચ્છ રાખવા માટે મહાપુરુષો આપણને ગુણાનુરાગી થવાનું કહે છે દોષથી ભરેલી આજની દુનિયામાં ગુણનું ધ્યાન દુર્લભ છે દરેક ઘરમાં બગીચાઓ

નથી હોતા એમ સર્વત્ર સદ્ગુણ પણ નથી હોતા. એક સ્થળે કહેવામાં આવ્યું છે કે—

નિંદા ન કરજે પારકી,
ન રહેવાય તો કરજે આપણી.

જો નિંદા કર્યા સિવાય ન રહી શકો તો માત્ર તમારી પોતાની જ નિંદા કરજો.

પાણી પણ પૈસા લઈને કપડાં ધૂએ છે પણ આપણે તો આપણી ઉલટથી મનુષ્યના ચિત્તને મહત્ત્વ પીઈએ છીએ. માટે નકામી વાતો ઓછી કરો અને કામની વાતો તરફ વધુ ધ્યાન આપો. આમ કરશું તો જ હંમેશાં આપણા મોમાંથી સુવાક્યો નીકળશે.

આજે આપણે સેંકડો સતીઓનાં ચરિત્ર સંભારતાં નથી. આ આપણું સદ્ભાગ્ય છે? આ સ્થિતિમાં આપણે તેમની શી આરાધના કરી શકીએ? એ સમજપૂર્વકની આરાધના હોય તો જ તે અનુકૂળ બની શકે છે.

આજે આપણા જ્ઞાનતંતુઓ શિથિલ થઈ રહ્યા છે કારણ કે એની ઉપર નબળા શબ્દોના ઘા સતત ચાલુ જ છે. શબ્દની અસર જબ્બર થાય છે એ વાત જાણવી જોઈએ. ક્રોધભર્યા એક શબ્દથી આપણી આંખના ખૂણા લાલ થઈ જાય છે અને મમભર્યા એક સારા શબ્દથી આપણે હાસ્યમાં મસ્ત થઈ જઈએ છીએ. શબ્દોની આમ કેવી અસર છે! જેમ એક સુંદર તંબૂરાના તારને રણકતા જ એમાંથી સૂર

અણુઅણુમાંથી ફૂટે છે, એમ જ્ઞાનતંતુઓનું પણ છે

જો કોઈકાળથી ઘા કરવાનો હોય તો કાંટે બાપડું સો કૃમિઓનું ઘણિયાળ કાઢી નાખો છો ને? કારણ કે એને આપણા લાગે. પણ કરોડો કૃમિઓનું મગજ સાચવવા માટે કોઈ ધ્યાન આપતા નથી

માણસે પોતાનું મન શ્વેત વસ્ત્ર જેવું રાખવું જોઈએ કે જેથી એની ઉપર ડાઘ ન પડે; અને કદાચ પડે તો એ તાજો હોય ત્યારે જ વસ્ત્ર ધોઈ નાખો. યાદ રાખજો કે જો એ સુકાઈ ગયો તો પછી નીકળવો ભારે પડશે. કપડાંને સાબુથી સ્વચ્છ કરી શકાય છે તેમ મનને સદ્‌ગુણના સંપર્કથી સાફ કરી શકાય. ધ્યાન રાખો કે તમારા મનની સ્લેટ ઉપર કોઈ પણ નકામી વાત લખાઈ ન જાય. જેમ શાહીના અક્ષરો ભૂંસતાં કાગળ ઘસાઈ જાય છે તેમ મનની ખરાબ વાતોને યાદમાંથી ભૂંસવાનો પ્રયત્ન કરતા મનની મુલાયમતા ઘસાઈ જાય છે, ઓછી થઈ જાય છે.

એટલે પ્રથમથી જ મનને સુંદર, મુલાયમ રાખવા માટે ગુણાનુરાગી બનો. તમારી બેઠક તમારા કરતા અધિકવાળા હોય એવા લોકોની સાથે રાખો. એમની સોબતથી, એમની કોઈક સારી અસર તમારા ઉપર ક્યારેક પણ થવાની.

માણસ અમુક વ્યસનને અધીન કેમ થાય છે? એના વિના કેમ નથી રહી શકતો? એ વ્યસનનો પ્રારંભ તો સોબતના રંગથી જ થાય છે. પણ અંતે એ ટેવ બની જાય છે. વ્યસનીઓની સાથે રહેવાથી વ્યસનોની અભિવૃદ્ધિ થાય

છે અને નિર્વ્યસનીની સાથે રહેવાથી વ્યસન મટી જાય છે. જેમ લસણ સાથે રહેવાથી દુર્ગંધ મળે છે અને સુખડ ચંદન સાથે રહેવાથી સુગંધ મળે છે એમ વ્યસની અને નિર્વ્યસનીનો ક્રમ છે.

આટલા માટે કહ્યું કે એક ઘડી નહિ તો આધી ઘડી પણ કરો અને સાધુનો સંગ કરો. તુલસીદાસજીએ તેથી કહ્યું કે સારા વાતાવરણ વિના, દુનિયાના આપદાઓમાંથી તમને બીજું કોઈ નહીં બચાવી શકે.

સાચો સાધુ તો એ કે જેને એમ થાય કે મને જે આગ મળ્યો છે તે વિશ્વને પણ જણાવું. સારા રસ્તાથી ખાળીમાં પડતો આવે છે. ગટરનાં પાણી પણ જો ગંગામાં વહે છે તો એ પણ ગંગાની સાથે રહેતાં, ગટરજળ મટી ગંગાજળ બની જાય છે.

કેટલાક કહે છે : વસ્તુના ગુણ ગાવા અને ગુરુનાં પણ દોષ હોય તો તે જાહેર કરવા, પણ તે બરાબર નથી. નિર્ગુણી હોય તેની ઉપેક્ષા કરો. એના દોષ ગાશો તો એ કંઈ બંધ નહિ થાય. ગુણવાનની કદર કરો પણ દોષિતની નિંદા કરશો તો તમારું જ્ઞાન અને ચારિત્ર્ય પણ મલિન થશે. આપણું કામ એ છે કે ગુણ દરેકના લેવા પણ દોષ કોઈના ન લેવા.

આપણું બોલવું થોડું પણ મીઠું અને હિતકર તથા સત્ય હોય તે જ. જે માણસ ગુરુની નિંદા કરે તેનામાં ગુરુ પ્રત્યેનો માનભાવ ક્યાંથી આવે! દુનિયામાં બીજાના

દોષોની જાહેરાત કરવી એ ડાહ્યા માણસનું કામ નથી. જે માણસ જ્ઞાન, દર્શન અને ચારિત્ર્યને નિર્મળ રાખવા માગતો હોય તો તેણે માત્ર આટલું જ કરવાનું છે કે

માગ ભૂલેલા જીવનપથિકને માગ ચીંધવા ઊભો રહું
કરે ઉપેક્ષા એ મારગની તોયે સમતા ચિત્ત ધરું

બીજાને તારવાનું કામ આપણું છે; બીજાને મારવાનું નહિ.

ગુણાનુરાગી થવાનો આ સદ્ગુણ અત્યંત સૂક્ષ્મ છે. ગુણવંતની ઉપાસના કરવી અને ગુણનો આદર કેળવવો. એકલવ્યે શ્રી દ્રોણાચાર્યની પ્રતિમા બનાવી ગુરુપદે સ્થાપી, પોતાની શ્રદ્ધા એનામાં રેડી, અને એમાંથી એણે પ્રેરણા મેળવી યુદ્ધ વિદ્યા સાધી.

માટે તમે ગુણાનુરાગી બની ગુણના ઉપાસક બનો. અત્તરના કાગળને કપડું જરાક અડે અને જેમ અત્તરની સુવાસ એને લાગી જાય છે તેમ ગુણવાનનો સંસર્ગ રાખશો તો તમારામાં પણ એવા ગુણો આવશે. આપણું આ બારમું પગથિયું ચડ્યું એટલે તેરમું આવીને ઊભું જ રહેશે.

તા. ૭-૮-૬

સત્કથા

બારમા પગથિયા ઉપર ચડેલ માણસ ગુણાનુરાગી હોય છે. આવો માણસ તેરમા ગુણમાં પ્રવેશ કરી શકે છે. એ ગુણીનો ભક્ત બને છે, એના ચરણમાં બેસે છે. આવો માણસ પછી સહજ ભાવે જ સત્કથા કરે છે. સત્કથા એટલે સારી કથા કહેનારો. તેના મોમાંથી સ્ત્રીકથા, દેશકથા, રાજકથા, ભક્તકથા (ભોજનની કથા) ન આવે, પણ સારી કથા જ આવે.

આજે બધે દેશકથા અને પ્રાંતકથા વધી રહી છે. ભ્રાતૃભાવના દોરથી બંધાયેલી આપણી માનવજાત, આજે પ્રાંતવાદના ટુકડાથી વહેંચાઈ ગઈ છે. ગુજરાત ને મહારાષ્ટ્ર આજે વહેંચાયા છે એટલું જ નહિ પણ પ્રાન્તે પ્રાન્તે આગ્રહની કથા છે. લોકો માત્ર પોતાનું જ હિત જોતા થયા છે. એમાંથી દ્રષ્ટિભેદ, વિચારભેદ, મતભેદ અને મનભેદ શરૂ થયા છે.

દેશકથા અને પ્રાંતકથાની જેમ, આજે સ્ત્રીકથા પણ વધી ગઈ છે. એ કથામાં માણસને બીજું ભાન જ નથી રહેતું. એની એ જ વાતો, ને એનાં એ જ ચિત્રો! માત્ર ફેર

એટલે કે આજે સ્ત્રી-કથા મુખરેલા રૂપમાં આવી છે આજે લોકો સુધારક મવાલી બની રહ્યા છે કંઈ નથી કેવા કપડાં, આભૂષણો પહેરે છે એની વાતો આપણાં ઘરોમાં આવી રહી છે આરામનો સમય આજે આમાં લૂંટાઈ રહ્યો છે

જૂના વખતમા કહેવત હતી કે બાર મળે ચોટલા તો ભાંગે ઘરના ઓટલા પણ આજે જરાક ફેરવીને એમ કહેવુ જોઈએ કે ચાર મળે ચોટલી તો તોડી નાખે રોટલી.

જેમ વારવાર ઓરડામા ધરેલા ધુમા ાની અસર ત્યાં રહી જાય છે એમ આજે લોકોના મગજની અ દર આવી બધી વાતોની અસર રહી જાય છે મગજની દીવાલને એ મળી કરી નાખે છે એ પરમાણુઓ પછી જતાં નથી સારા વિચારને એના ઉપર ઉપસવા દેતા નથી.

માટે આપણે જે ગુણ કેળવવાનો છે તે સત્કથાનો તમે સારી જ વાત કરો તો બીજાને પણ એનો ચેપ લાગશે. માણસ જો એકની એક સારી વાત અનેકવાર સાભળે તો દરેક વખતે તેની ઉપર અમુક અસર થાય પછી એવી વાતોનુ રટણ ચાલશે તો છેવટે જીવનમા એ પલટો લાવશે અને જ્યાં આવા સસ્કારી લોકો હોય ત્યાં તેનાં છોકરા એવાં સસ્કારી જ બને.

શકરાચાર્ય દિગ્વિજય કરવા નીકળેલા છે એ કુમારિલ ભટ્ટને જીતવા માગે છે ગામને પાદર પાણી ભરતી બાઈઓને કુમારિલ ભટ્ટ ક્યાં રહે છે તે પૂછે છે સ્ત્રીઓ જવાબ આપે છે કે જેને બારણે પિંજરા મેના પોપટ

શાસ્ત્રની વાતો કરે, તત્ત્વજ્ઞાનની ચર્ચા કરે, ઉપનિષદની ચર્ચા કરે, એ ઘર જાણજો કે કુમારિલ ભટ્ટનું છે

એના ઘરના વાતાવરણમાં રહેલા મેના પોપટ જ્યાં શાસ્ત્રચર્ચા કરતા હોય તો ત્યાંનાં માનવી તો કેવાં હશે! આવા વાતાવરણની અસર માત્ર આપણાં સંતાનો ઉપર જ નહિ, પણ નોકર ઉપર પણ થાય છે; અરે! પશુ ઉપર પણ થાય છે

એક ગામમાં એક બાઈએ એક વાછરડી પાળેલી. બાઈ ખાય પછી જ એ વાછરડી ખાય. એકવાર આ બાઈએ અઠ્ઠમ કર્યો. એટલે વાછરડીએ પણ ખાવાનું બંધ કર્યું. સ્વામિની ન ખાય તો એ કેમ ખાય! વાછરડીએ પણ અઠ્ઠમ કર્યો. પછી બાઈએ અને વાછરડીએ સાથે પારણાં કર્યાં. આનું નામ વાતાવરણની અસર.

પશુ ઉપર વાતાવરણની કેટલી ઊંડી અસર થાય છે એનો બીજો સુંદર દાખલો તે હિઝ માસ્ટર્સ વોઈસ ના ગ્રામોફોન ઉપર દેખાય છે તે કૂતરો છે. એનો માલિક રોજ વાજું લઈને વગાડવા બેસતો, ત્યારે એનો કૂતરો પણ સામે બેસી રહેતો. શેઠ પોતે જમવા બેસે ત્યારે કૂતરો પણ ટેબલ પાસે બેસે ને આપે તે જ ખાય. એ તો એટલો બધો હેવાઈ થયો કે ન પૂછો વાત. કૂતરું આમ માણસ માટે જેટલું વફાદાર હોય છે એટલું આજે માણસ બીજા માણસ માટે વફાદાર છે ખરો!

થોડા સમય બાદ શેઠનું મૃત્યુ થયું અને એનું પેટ

સંગીત પણ બંધ થયું હવે કૂતરાને ન સંગીત સંભળાય ન માલિક દેખાય! એને આઘાત લાગ્યો. ખાવું પીવું છોડીને એ પરવશ પડયું રહેતું ઘરના માણસોએ ઘણા ઉપાયો કર્યા પણ એણે ખાવાનું ન લીધું છેવટે એક જણને વિચાર આવ્યો કે શેઠના સંગીતનું રેકર્ડિંગ કરેલુ છે, એ એને સંભળાવીએ. એ લોકોએ તેમ કર્યું અને શેઠનો અવાજ સાંભળતાં કૂતરું હરખમાં આવ્યું નાચવા લાગ્યું અને આનંદના અશ્રુ સારવા લાગ્યું પછી તો રોજ એ રેકર્ડ સાંભળે તો જ ખાય જુઓ! ધ્યાનમાં પણ કેવો ભાવ! વાતાવરણને પરિણામે કેવી સમજણ આવી! વાતાવરણની અસર એણે કેવી ઝીલી! હીઝ માસ્ટર્સ વોઈસની રેકર્ડ લેજો કે માલિકના અવાજને એ કૂતરું કેવી એકાગ્રતાથી સાંભળે છે!

માટે હંમેશા સારી કથા કરો આથી આપોઆપ ખરાબ કથા બંધ થઈ જશે. બાકી તો જે લોકો અગાઉ કહી છે તેવી ચાર કથામા પડયા રહે, તો તેમનાં મન કલુષિત થાય છે પછી ધુમાડાને લીધે ચીમની ઉપર મેશ જામતા દીવાનો પ્રકાશ જેમ નથી દેખાતો એમ આ ચાર કથાના કરનારાને, વિવેક રૂપી રત્નનો પ્રકાશ દેખાતો નથી, એનો તેજોમય ઝળહળતો પ્રકાશ એને જણાતો નથી. અને જ્યાં આમ વિવેક નષ્ટ થાય છે ત્યા પછી ચારે બાજુ અંધકાર સિવાય શું રહે?

કોઈ પણ કાર્ય માટે પ્રથમ આ વિવેક જરૂરી છે

માણસને તો આલોક અને પરલોક બેઉનો વિચાર કરવાનો છે જે માણસ સત્ અને અસત્‌નો વિચાર કરી વર્તે છે તેને પશ્ચાત્તાપ કરવાનો પ્રસંગ જ નથી આવતો. પોતાને, પોતાના મનને શરીરને નુકસાન કરે તેવું એ કાંઈ જ નથી કરતો.

ધમ શું છે? ધમ એટલે વિવેકનો સાર. જે પ્રવૃત્તિ કરો તેમાં વિવેક ન હોય તો એ ધર્મકામ નથી ધમમાં વિવેક પ્રથમ જોઈએ. વિવેક વગરનું કામ માણસને નુકસાન કરે છે.

એકવાર એક કાશ્મીરી અને એક મદ્રાસી મુંબઈમાં ભેગા થયા. બન્નેને મૈત્રી થઈ પણ મદ્રાસનો માણસ અમીર હતો જ્યારે કાશ્મીરી, લાગણીવાળો ઉદાર પણ વિવેકહીન હતો. લાગણી સાથે વિવેક પણ જોઈએ; એ એનામાં નહિ. છૂટા પડવી વખતે બેઉએ એકબીજાને સરનામાં આપ્યાં, અને પોતાને ત્યાં આવવા આમંત્રણ આપી સમ્જ્યુ

પછી ઉનાળો આવ્યો ત્યારે કાશ્મીરી મદ્રાસ ગયો. મદ્રાસીએ ભાવથી એનો સત્કાર કર્યો. પૂર તાપના એ દિવસો હતા ત્યારે મદ્રાસીએ ભોજનમાં શીખંડ આપ્યો; નાખવા માટે ઠંડુ પાણી આપ્યું ચીલાં કપડાં આપ્યાં જમવા બેસાડયો અને પાસે બેસીને પોતે પંખો નાખ્યો. આ ભાવથી કાશ્મીરી તો ખુશ ખુશ થઈ ગયો.

પછી શિયાળો આવ્યો અને મદ્રાસી મિત્ર કાશ્મીર ગયો. કાશ્મીરી તો વિવેકહીન હતો એટલે એણે મદ્રાસીની

એમ જ બધુ કર્યું નાહવા ઠંડુ પાણી ભોજનમાં ઠંડો શ્રીખંડ, પહેરવા ઝીણાં વસ્ત્રો અને ઉપર પંખો! પેલો તો મૂંઝાવા લાગ્યો. જમાડતાં જમાડતાં એણે પૂછ્યું કે આપની કોઈ સેવા કરું? ત્યારે પેલો મૂંઝાતા મૂંઝાતાં મનમાં બોલ્યો કે હવે લાકડાં સળગાવવાના જ બાકી રહ્યાં છે! જુઓ! એકની સેવા એકની એક હતી પણ તે કાળ, દેશ, પરિસ્થિતિ ધ્યાનમાં લઈ કરવી જોઈએ; એટલો વિવેક પેલામાં નહોતો.

ધર્મને પણ દેશ, કાળ, અનુસાર વિવેકપૂર્વક સાચવવો જોઈએ નહિતર ધર્મની પણ આવી મશ્કરી થશે. આજે આપણે આ વિવેક ખોઈ બેઠાં છીએ. એક કાળે વરઘોડો એ પ્રભાવનાનું કારણ મનાતું આજે કાળા બજારના પૈસાનું જ એ પ્રદર્શન હોય છે એમ બીજાઓ માને છે પણ ધર્મ એટલે તો વિવેક-સાર. દેશ, કાળની પરિસ્થિતિ મુજબ જ એ આચરવો જોઈએ.

આજે તો વગર વિવેકે એક જૂનું દેરાસર ઊભું હોય છે અને માણસ એની પાસે બીજું નવું ઊભું કરે છે પણ જૂનાનો જીર્ણોદ્ધાર કરવાનું એને નથી સૂઝતું રાજસ્થાનમાં આજે એવા કેટલાય જૂના મંદિરો અપૂજ પડ્યાં છે પાલીતાણાના નીચેનાં દેરાસરોએ અને ધર્મશાળાઓની પેઢીએ, મુખ મંદિરને કેટલું નુકસાન કર્યું છે એની કલ્પના કોને છે?

માટે કાળ-સમયનો વિવેક કરો. વિચાર વગરની પ્રવૃત્તિ થાય તો ધર્મને નામે અધર્મ થઈ જવાનો બહુ ભય રહે છે ધર્મના ભ્રમમાં ન તણાઈ જશો. આપણે આ

ખાસ સમજાવવાનું છે સમગ્ર જીવનનો વિચાર એ ખરો ધર્મ. ધર્મ એટલે વિવેકનો સાર. વિવેકવાળો માણસ સારા અને ખરાબને જુદા પાડી શકે છે. જૂનું છે માટે સારું છે એમ ન માનો; પણ સારું છે તેથી સારું છે એમ સ્વીકારો.

આ રીતે પ્રવૃત્તિ અને જીવનનો વિચાર—એ બેને પરિણામે જે આવે તે ધર્મ. સત્ય માણસ આવો વિવેકવાળો હોય. ભલે તેટલી લાંબી કથા હોય તો પણ એમાંથી સાર તારવનારો હોય છે એ ખોટાને છોડી, સારાને ગ્રહણ કરે છે પણ આજે તો આપણી દોટ ચાલી છે; લોકો વિવેકને ભૂલીને જીવી રહ્યા છે.

એટલે જેણે ધર્મના અર્થી બનવું હોય એણે સારી કથા, સારા વિચારો, સારા ભાવો ને સારા પ્રસંગો જ પોતાની વાણીમાંથી પ્રગટ કરવા એ જરૂરી છે

તા. ૮-૮-૬

અખંડ જીવન

આપણે જોઈ ગયા કે ધર્મી આત્મા સારી કથા કરનાર હોય; માટે એને સત્કથ કહ્યો છે એના મુખમાંથી એવી જ વાત નીકળે કે જેથી સાંભળનારને પ્રેરણા મળે. એની વાતોથી કોઈને નુકશાન ન થાય. આ ટેવ જેને પડે, તે એકાંતમાંય સારી વાતો જ કરે.

આજે લોકોના જીવનમાં, ખાનગી અને જાહેર એવા ખાનાં પડી ગયા છે અંદર કાંઈક અને બહાર કહેવાની વાત કાંઈક જુદી. આથી છેવટે આવા લોકોનું આંતરિક જીવન કહુષિત થઈ જાય છે પછી એને આ બે વિભાગ જીવનમાં કાયમ જાળવી રાખવા પડે છે

ખરી જિંદગીમાં એગોવા પરિસહો વા —એકલા હો કે પરિષદ-સમૂહમાં હો—વિભાગ જેવું કાંઈ નથી જીવન તો સરળ હોવું જોઈએ. તમે એકલા હો કે સભામાં હો જેવું એકાંતમાં રાખો એવું જ સમાજમાં વર્તો, બોલો વિચારો આ વગર તમારો આરો નથી જ્યાં સુધી આવું જીવન આપણે નહિ બનાવીએ ત્યાં સુધી માનવસમાજ ઊંચો નહિ આવે. અને સમાજ જો ખરાબ હશે તો ગરમ

તવા ઉપર પાણીનાં ટીપાં પડતાં જેમ છમ બોલી ઊડી જાય છે એમ ધર્મનાં અમૃતબિન્દુઓ એવા સમાજ ઉપર પડતાં જ તે બળી જશે.

માટે આપણું કામ એ છે કે સમાજને સુંદર બનાવવો સ્વસ્થ બનાવવો—જિંદગીમાં આવી દીવાલોના અંતરાયો બહુ ખરાબ છે એ હંમેશાં માણસને નડે છે એ દીવાલ તૂટી જાય તો જ બધું બરાબર દેખી શકાય ખાનગી અને જાહેર એવા વિભાગો આપણા જીવનમાં આવી આવતી દીવાલો છે એટલા માટે જ્ઞાનીઓએ આપણને કહ્યું કે તમે જીવન એવું બનાવો કે એકાંતમાં કે બહાર, જ્યાં હો ત્યાં કોઈ જાતનો વાંધો જ ન આવે. જ્ઞાનીઓનાં આવાં વાક્યો કેમ હોય છે પણ એમાં ઘણો શ્રમ અને ભય લાગેલો હોય છે એની ઉપર આપણે ચિંતન કરવું જોઈએ.

જો તમે બરાબર જીવન ગાળતા હો તો એકાંતમાં કે જાહેરમાં તમે બોલતા હો ત્યારે બીજાને જોઈ તમારે વાત બદલવી નહિ પડે. પછી તો તમને ભલે કે એકને ભલે બે ચાર જણ તમારી વાતો સાંભળે. આપણે જોઈએ છીએ કે દીવાની એક જ્યોતમાં જ્યારે બીજી જ્યોત ભળી જાય છે ત્યારે એ બે અલગ નથી પણ એક બીજામાં એ મળી જાય છે આ પ્રમાણે જે જ્યોતિ તમારામાં છે એમાં બીજી જ્યોતિ મળે તો તમારી જ્યોતિ પણ વધે છે પણ જો જીવનમાં આવી જ્યોત ન હોય તો તમારે વાત કરતા બીજાને જોઈ પાછા બદલવા પડે છે એમાંથી પછી

મનની એકતાવૃ વધે છે હું પૂછું છું કે તમે ક્યાં સુધી આમ પરાયા લોકોની ટીકાની બીકમાં જીવશો? જીવનના આવા બે કૃત્રિમ વિભાગોને છોડી તમારી જાતને ધ્યાનમાં લ્યો અને બેઉ સ્થળે એક જ રીતે વર્તો, તો જીવનમાં કશી મુશ્કેલી નહિ લાગે.

તમારા આત્મા માટે વધારે વિચાર કરવા માંડો તો જીવનનો તમારો અંધકાર ટળશે અને પ્રકાશ આવશે. જીવનને સમગ્ર રાખો; એના વિભાગ ન પાડો જેમ દોરામાં વચ્ચે ગાંઠ હોય છે તો સોય ત્યાં અટકી જાય છે તેમ જીવનમાં ભ્રમરૂપી સોય છે તે આવા વિભાગોની ગાંઠ આવતાં અટકી જાય છે પણ એવી ગાંઠ છૂટે નહિ ત્યાં સુધી માણસનું જીવન આગળ નહિ વધી શકે

તમારી વાતમાં જાહેર–ખાનગીના આવા બે વિભાગ ન હોય તમે જે એકને કહો તે જ જગતને કહો; જગતને કહો તે એકને કહો આવું થશે તો તમને ખૂબ મજા આવશે અને પછી તમે ગમે ત્યાં અને ગમે ત્યારે બીક વગર બોલી શકશો.

આજે તો છછુંદરના જેવાં માણસોનાં જીવન બની ગયાં છે એવા લોકો તો દરમાં જ પડયા રહે છે પણ યાદ રાખો કે આપણે તો મનુષ્ય છીએ. જો મનુષ્યજીવનમાં આવીને પણ આપણે છછુંદર તરીકે જીવીશું તો માનવ જીવન ક્યારે જીવીશું?

માટે જીવનનો રસ્તો નક્કી કરો. પછી જિંદગી

જીવવામાં ઓર આનંદ આવશે. આજે આપણા જીવનમાં આ આનંદ નથી રહ્યો તેથી જીવન ભાર અને દુઃખદ લાગે છે; પણ જીવનમાં આનંદ નાખી જુઓ તો પછી જિંદગીમાં ક્યારેય ભાર નહિ લાગે.

આપણે વિચારવાનું છે કે માણસ આજે આવો નાનો કેમ થઈ ગયો છે? કયે કારણે થઈ ગયો છે? ખાવાનાં, પહેરવાનાં રહેવાનાં સાધનો આપણને મળ્યાં છે છતાં આપણે જીવનને બગાડીએ છીએ, તો પછી સુધરવાની વાત ક્યાં? માણસને જો જિંદગી જીવવાનો અર્થ ન આવડે તો માનવ-જીવનનો અર્થ શો? આપણે આટલાં બધાં વર્ષો આવી રીતે ગાળ્યાં છે; શું બાકીનાં વર્ષો પણ એ જ આમ જ ગાળવા છે? માટે શાંતિથી વિચારો કે આટલું જીવ્યા એમાં તમે કંઈ સારું મેળવ્યું? કે પ્રપંચ ભેદ વગેરેમાં જ વર્ષો ગાળ્યાં? હવે આંખ મીંચીને બેસો અને વિચારો કે પચાસ વર્ષમાં શો રસ કાઢ્યો? અને હવે બાકીનાં વર્ષોમાં શો રસ કાઢશો?

આપણી સોના જેવી જિંદગી તો ચાલી જાય છે. બાલ્યકાળ ગયો; યૌવન ગયું. વૃદ્ધાવસ્થા પણ જવા બેઠી છે. હવે તો જરાક નચિંત થઈને અંતરનો આનંદ માણો. ઘડપણ એટલે તો આરામ. ભાર ઉતારીને હવે બેસવાનું તો જ ખરો આનંદ આવશે. ઘડપણ એ તો વિસામો છે. જુવાનીમાં હતો તે ભાર મૂકી દઈએ, તો ઘડપણ મજાની વાત લાગે. જો સમજતાં આવડે તો સોના જેવી સુંદર

વસ્તુ બીજી કોઈ નથી.

બૂઢાપો તો સારામાં સારી ચીજ છે. કારણ ત્યારે જીવનની ક્ષુબ્ધતા ચાલી ગઈ હોય છે. ઇન્દ્રિયોનાં તોફાન શમી ગયા હોય છે ને અનુભવોનો એના જીવનને પ્રકાશ મળ્યો હોય છે. બાલ્યકાળમાં રમકડાંમાં, ધૂળમાં રમવામાં જીવ હોય, યૌવનકાળમાં કામમાં, લોભમાં, રાગમાં જીવ હોય, પણ ઘડપણમાં જીવનનાં એ કલોળાં પાણી ઓસરી જાય છે. પછી તો શરદનાં પાણી જેવાં નિર્મળાં નીર વહે છે. આવી સ્થિતિ ઘડપણમાં આવે છે. પછી જીવનમાં એને ઇન્દ્રિયોની કામના ન હોય. ઘડપણમાં આમ, માણસને આવડે તો એ પ્રભુ સાથે મન મેળવે, આત્માનો વિચાર કરે. પાંચ સારા લોકોની વચ્ચે બેસી સત્કર્મ કરે અને કહાણ એમ કરતાં પવનની લહેરી આવે અને આંખો બંધ થઈ જાય તોય એ ફૂલની માફક ખરી પડે. એને પછી સંસારનો કશો વળગાડ ન હોય.

પણ આજે તો સ્થિતિ જુદી છે. માણસને ઘડપણમાં આજે તો વધારે ફફડવા લાગે છે. મારો આ ફફડવા શબ્દ, ઘણાને આકરો લાગે છે. પણ હું એમને પૂછું છું કે તમે શા માટે ઘડપણમાં હાય હાય કરો છો? શાંતિનો વખત આવ્યો છે ત્યારે ઉપાધિઓ કેમ વધારો છો? શાસ્ત્રોનો સાચો સંદેશ એ છે કે હાથમાં વસ્તુ દ્રવ્ય આવી જાય તો ભલે લો. પણ એની પાછળ ન લાગો. જીવન જીવવા માટે જે સહજમાં મળી જાય તેનો ભલે

સ્વીકાર કરો, પણ એની વંચના ન કરો નહિતર અનેક જિંદગીના ફેરામાં ફર્યા કરશો. પછી તમને આરો હાથ નહિ આવે.

આપણે તો જીવનનો આરો-કિનારો શોધવા નીકળ્યા છીએ, અને એ જ જિંદગીનો ખરો હેતુ છે. માનવજીવન કંઈ ઘરમાં પડી રહીને જીવવા જેવું નથી, પણ માનવી તરીકે જીવવા માટે મળ્યું છે. રાફડામાં રહેલ સોરિંગની જેમ અવળસું અને ક્રોધથી ક્રૂર બનેલું જીવન આપણે જીવવાનું નથી પણ સદ્ગુણથી પ્રકાશિત જીવન જીવવાનું છે અને આને માટે ધર્મધનનો ગુણ માણસમાં જોઈએ.

તા. ૯-૮-૬

સુપક્ષ

સત્કથાથી માણસ સુપક્ષવાન બને છે પક્ષના બે અર્થ છે પક્ષ એટલે પડખુ અને પક્ષ એટલે પાંખ. આ પડખુ એટલે એના સ્વજનો સ્નેહીઓ. આવા પક્ષમાં માણસને પડખુ સારુ હોય, એનો પક્ષ સારો હોય પોતે સારી કમાવાળો હોય તો એનો પક્ષ સારો જ હોય ને હલકાનો પક્ષ પણ હલકો: જેમ દારૂડિયાનો પક્ષ દારૂડિયાનો હોય છે તેમ અને એવાનો વિશ્વાસ કોઈ કરે ? દસ દારૂડિયા ભાઈબંધો સાથે બેસી શરાબની પ્યાલીઓ ઉડાવે, પણ એમાંના જ એક મિત્રને મુશ્કેલીમાં મદદ કરવાની વાત આવે ત્યારે તો સૌ એમ જ કહેશે કે દારૂડિયાનો તે કોણ વિશ્વાસ કરે !

ખરાબ પક્ષનો મિત્ર અવસરે કામમાં નથી આવતો સુપક્ષવાળો મિત્ર હોય તો તે તમારી વાત સાંભળે, તમારી મુસીબત જુએ અને એનામાં અનુકંપા જાગે, મુસીબતમાં એ તમને સહાય કરવા તૈયાર થાય. દુર્ગુણીઓ તો માત્ર નુકસાન કરાવવામાં સાથે હશે, પણ ખરે અવસરે એ પડખે ઊભા નહિ રહે. ખરાબનો વિશ્વાસ, ખરાબ માણસ પણ

કરતો નથી; જ્યારે સદ્ગુણીના સૌ સુપક્ષી બને છે, એની પ્રશંસા એના શત્રુઓ પણ મનમાં તો કરે જ સદ્ગુણની આ મહત્તા છે

સુપક્ષવાળો માણસ આમ અનુકૂળ સ્વજનો પામે છે એવા ધર્મી માણસ માટે સૌને માન રહે છે એને સૌ સાથ આપવા તૈયાર રહે છે આવા નિર્વ્યસની માણસને ઘરમાં સૌ અનુકૂળ મળે છે એનું તપ, સામા માણસમાં ભાવના જગવે છે પછી એવા તપમાં એની આસપાસ આવતી પ્રતિકૂળતા પણ એને અનુકૂળતા બની જાય છે જીવનનું આખું વાતાવરણ એવાને અનુકૂળ થઈ જાય છે

એક કુટુંબમાં એક પુરુષ ઘણો જ સજ્જન અને સદાચારી હતો એકવાર પ્રવાસે જતા સ્ટેશન ઉપર એ પાણી ભરવા ગયો અને ટ્રેન આવી લાગતાં એના પગ કપાઈ ગયા એ પંગુ બન્યો તેની સ્ત્રી એના ધર્મ સદ્ગુણને અને એના સદાચારને જાણનારી હતી. એણે પતિને કહ્યું કે તમારું બધું કામ હવે હું કરીશ; તમે કશી ચિંતા ન કરતા

આ બાઈ સવારે ઘરનું કામ કરી રસોઈ કરી એ કામે જાય, ત્યાં ધ્યાન આપે અને સાંજે ઘેર પાછી આવે આ જોઈને પતિને થયું કે મારા પગ નથી ચાલતા તેથી એ બધું કામ કરે છે તો મારે એનું થોડુંક ઘરકામ ઉપાડી લેવું જોઈએ. એણે એક જગ્યાએ બેસી રસોઈ તૈયાર કરી આપવા માંડી. એનું ઘરકામ કરવામાં એને કોઈ શરમ ન નડી.

એણે ગામના લોકોને કહ્યું કે મારા પગ નથી ચાલતા તેથી મારાથી બીજી તો શી સેવા થાય પણ ગામમાં જે કોઈ સાધુ–સંત આવે એને મારે બારણે મોકલવાનું પુણ્ય લેજો પછી ગામમાં જેટલા સાધુ, બાવા જૈન યતિ જે આવે તે પશા પટેલને ત્યાં આવે એણે ઘર મોકળું રાખેલું આવનારની એ ખૂબ ભક્તિ કરે. એ કહેતો કે હું ઘરમાં બેઠા બેઠા ખાઉં એ કરતાં રસોઈ કરી, અભ્યાગતોની સેવા કરી અને મૂઠી દાન દઈને ખાઉં તો શું ખોટું ! આવું દાન દઈને જ હું મારું જીવન ધન્ય બનાવીશ

આવા માણસને કરોડપતિ સાથે જરાક સરખાવી જુઓ અને તમને લાગશે કે કરોડપતિ કરતા આવા માણસ આધ્યાત્મિક દૃષ્ટિએ વધુ સુખી છે કારણ એ શ્રમ કરે છે પસીનો પાડે છે અને સાધુ સંતોની ભક્તિ કરીને ખાય છે અને શ્રમને કારણે આવતી નિદ્રામાં શાન્તિથી રાત પસાર કરે છે

જિંદગી શું છે એનું માપ પૈસા ધન સત્તા અને અધિકારથી ન મપાય. તેથી તો સર્વેનું ખોટું આવરી. પણ આ વાત ક્યારે સમજાય છે ? એ બહુ મોડી સમજાય છે આવી સારી વાતો આ ? તો અહીંથી સાંભળીને હજી તમે દાદરો ઊતરો ત્યાં જ ભુલાઈ જાય છે દુનિયાની અસર આજે માણસની ઉપર એટલી જબરી થઈ રહી છે કે અહીં મીઠી, સારી લાભની વાતો પણ એની સામે લાંબો વખત રહી શકતી નથી. આ ઉપરથી ધ્યાનમાં રાખજો કે પૈસામાં ને ધનમાં મહત્તા, મોટાઈ નથી પણ એને માટે

તો દિલમાં મૃદુતા આણવી જોઈએ.

આપણે જોયું કે પેલા ઘરમાં પતિપત્ની બેઉ પરસ્પરને અનુકૂળ હતા. બેઉ જણા ધર્મની છાયા અને દાનનું રૂપ થઈને બેઠા હતાં તો આખું વાતાવરણ એમને સુપક્ષ-અનુકૂળ બની ગયું હતું

આમ સુપક્ષના કુટુંબમાં દરેક સભ્ય ધર્મશીલ હોય એમાંથી એક ધર્મી અને બીજી વ્યક્તિ અધર્મી હોય તો નુકસાન થાય. દાખલા તરીકે ઘરમાં પતિ માંસાહારી હોય તો છેવટે એની પત્નીને એવા થવું પડે છે આમ દુરાચાર જલદી આવી જાય છે પણ સદાચાર એકદમ નથી આવતો સો પાનના ઢગલામાં એક જ પાન સડેલું હોય તો એ પણ બીજા સોમાં દાવ લગાડે છે આવું દુરાચારનું છે.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે કહ્યું છે તેમ

હીન તણો જે સંગ ન તજે તેનો ગુણ નવિ રહે,
જેમ જલધિજલમાં ભળ્યું ગંગાનીર લુણપણું લહે.

માણસે હીનનો સંગ છોડવો જોઈએ. એને કહી દો કે તારાથી અમે ન શોભીએ. આપણે તો આપણા આત્માને અનુકૂળ અને સહાયક હોય એવું જ વાતાવરણ તૈયાર કરવાનું છે

એક ચિંતકે કહ્યું છે કે રાજરમતવાળા પુરુષો તો ઠીક હોય છે. એ બન્ને બાજુથી વાગે. એવા રાજદ્વારી પુરુષોની વાતોથી આપણ રહો એ તપ તો ખરાબ બાકી ઊભી કરે છે અહમ્ ઊભા કરે છે અને ધર્મનું ખાય અને આહીનું

જાય' એવા એ લોકો બની જાય છે આવી દશા આપણા આત્માની ન થાય તે માટે સાવધાન રહો આ માટે આપણી દૃષ્ટિ વિચાર, સિદ્ધાંત, ધ્યેય વગેરે સ્પષ્ટ હોવાં જોઈએ એ ન હોય તો વ્યક્તિ ધીમે ધીમે નીચે સરકી જાય છે

ધર્મશીલનુ વાતાવરણ સુપક્ષવાળુ જોઈએ આ કરવુ મને ન શોભે એવો વિચાર એ સહાય કરતો રહે છે આ અત્યારથી ધ્યેય નક્કી કરેલુ હોય તો થાય; એટલે વાતાવરણ ધર્મશીલ રાખો કે જેથી એ હવામા સુપક્ષનુ જ સર્જન થાય

સુપક્ષમા આમ અનુકૂળતા ધર્મશીલતા અને એની સંગે સદાચાર આ ત્રણ ગુણો હોય છે

સુપક્ષનો બીજો અર્થ એટલે સારી પાંખવાળો. પાંખ સારી હોય તો ગગનમાં અનંત સુધી એ ઊડી શકે આપણા આત્મપંખીને આમ અનંત સુધી ઊડવાનુ છે માટે એની પાંખો ધર્મથી મજબૂત હોય સદાચારથી પૂર્ણ હોય ખંડિત ન હોય તો તેવો માનવપંખી મોક્ષ તરફ પ્રયાણ કરે અને મોક્ષના માર્ગમા પહોંચી શકે સંજોગો ને સ્વજનો અનુકૂળ હોય મન ધર્મશીલ હોય અને સૌ સદાચારથી પૂર્ણ હોય તો આત્મા અનંત પ્રતિ સુખેથી ઉડ્ડયન કરી શકે

તા. ૧૦-૮-૬

તો દિલમાં મધુતા જાગવી જોઈએ

આપણે જોયું કે પેથડ ઘરમાં પતિપત્ની બેઉ પરસ્પરને અનુકૂળ હતા. બેઉ જણાં ધર્મની છાયા અને દાનનું પુણ્ય કર્યું ને બેઠા હતાં. તો આખું વાતાવરણ એમને સુખદ અનુકૂળ મળી ગયું હતું

આમ સુપક્ષના કુટુંબમાં કોઈ સભ્ય ધર્મશીલ હોય એમાંથી એક ધર્મી અને બીજી વ્યક્તિ અધર્મી હોય તો નુકસાન થાય. દાખલા તરીકે ઘરમાં પતિ માંસાહારી હોય તો છેવટે એની પત્નીને એવા થવું પડે છે આમ દુરાચાર જલદી આવી જાય છે પણ સદાચાર એટલો નથી આવતો. સો પાનના ઢગલામાં એક જ પાન સડેલું હોય તો એ પણ બીજા સોમાં દાગ લગાડે છે આવું દુરાચારનું છે.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે કહ્યું છે તેમ

દીઠા વહેલા ? જેમ ન લાગે તેનો સુખ નહિ રહે,
જેમ જ્યોતિરમાં ઘણું મગાવીએ ઝળહળ વધે.

માણસે દીનનો સંગ છોડવો જોઈએ. એને કહી દો કે તારાથી અમે ન બોલીએ. આપણે તો આપણા આત્માને અનુકૂળ અને સહાયક હોય એવું જ વાતાવરણ તૈયાર કરવાનું છે

એક ચિંતકે કહ્યું છે કે રાજકારણી પુરુષો તો ઢોલ જેવા છે એ બન્ને બાજુથી વાગે. એવા રાજદ્વારી પુરુષોની વાતોથી આઘા રહો એ હય તો ખરાબ ગંદકી ઊભી કરે છે અહમ્ ઊભા કરે છે અને ધર્મીનું પાપ અને અહીંતે

થાય એવા એ લોકો બની જાય છે આવી દશા આપણા આત્માની ન થાય તે માટે સાવધાન રહો આ માટે આપણી દૃષ્ટિ, વિચાર, સિદ્ધાંત, ધ્યેય વગેરે સ્પષ્ટ હોવાં જોઈએ. એ ન હોય તો વ્યક્તિ ધીમે ધીમે નીચે સરકી જાય છે

ધર્મશીલનું વાતાવરણ સુપક્ષવાળું જોઈએ. આ કરવું અને ન રોકે એવો વિચાર એ સદાય કરતો રહે છે આ, અત્યારથી ધ્યેય નક્કી કરેલું હોય તો થાય એટલે વાતાવરણ ધર્મશીલ રાખો કે જેથી એ હવામાં સુપક્ષનું જ સર્જન થાય

સુપક્ષમાં આમ અનુકૂળતા ધર્મશીલતા અને એની સાથે સદાચાર આ ત્રણ ગુણો હોય છે

સુપક્ષનો બીજો અર્થ એટલે સારી પાંખવાળો પાંખ સારી હોય તો ગગનમા અનંત સુધી એ ઊડી શકે આપણા આત્મપંખીને આમ અનંત સુધી ઊડવાનું છે માટે એની પાંખો ધર્મથી મજબૂત હોય સદાચારથી પૂર્ણ હોય ખંડિત ન હોય તો તેવો માનવપંખી મોક્ષ તરફ પ્રયાણ કરે અને મોક્ષના માળામાં પહોંચી શકે સ્વજનો ને સ્વજનો અનુકૂળ હોય મન ધર્મશીલ હોય અને સૌ સદાચારથી પૂર્ણ હોય તો આત્મા અનંત પ્રતિ સુખેથી ઉડ્ડયન કરી શકે

તા. ૧૦-૮-૧

જીવનમાં સુપક્ષતા

ધર્મી આત્માનો પક્ષ જો અનુકૂળ હોય તો ધર્મ આચરવામાં એને ઉત્સાહ મળે છે. પણ એટલે સ્નેહીઓ, સ્વજનો અને આસપાસના લોકો. જીવનના દરેક ક્ષેત્રમાં માણસ પ્રગતિશીલ, પ્રવૃત્તિશીલ હોય તો તેના પ્રોત્સાહનથી એનામાં ઉત્સાહ વધી જાય છે. દુનિયાના દરેક ક્ષેત્રમાં માનવીને પ્રેરણા, ઉત્સાહ જોઈએ છે અને તેને એ મળે પણ છે.

દુનિયામાં સ્નેહીઓ અને કુટુંબીઓ ઘણાં મળે છે પણ ધર્મને માટે ઉત્સાહ આપનારા આજે નથી દેખાતા. પરિણામે સિનેમા અને નાટકના સ્થાન કરતાંય ધર્મસ્થાનને ઘણા લોકો ઓછું મળે છે. પ્રશ્ન થાય છે કે માણસના વિચારો આવા કેમ થયા?

આજે મનનો રાગ એટલો વધી ગયો છે કે માણસ વિરાગને ભૂલી ગયો છે. જ્યાં સુધી ધર્મનાં મૂલ્યાંકનો આપણને બરાબર સમજાય નહીં, ત્યાં સુધી તેની ખરી રુચિ પણ જાગે નહીં. આમ ધર્મની બાબતમાં સતત પ્રેરણા આપવાની આજે જરૂર છે. આવી ધર્મની દૃષ્ટિ

માણસને આફતો દુઃખો અને વ્યસનોમાંથી ઊંચે લાવે છે

પણ ધર્મ સમજવો એ જુદી વાત છે અને એને આચારમાં વણવો એ જુદી વાત છે મેઘકુમારે ભગવાન મહાવીરનું પ્રવચન સાંભળ્યું અને એના અંતરમાં એ ઊતરી ગયું એનો ઉપદેશ પણ એવો અંતરમાં ઉતર્યો, ત્યાં સુધી તો માને વાંધો ન હતો પણ પછી જ્યારે મેઘકુમારે સાંભળેલા ઉપદેશને અમલમાં ઉતારવાની વાત માને કરી ત્યારે માને લાગ્યું કે છોકરો હવે હાથથી જાય છે આનું કારણ એ હતું કે મા એના છોકરાને સાંભળવા દેવા તૈયાર હતી, પણ એ સાંભળીને સાધુ થઈ જાય, એ માટે એ તૈયાર નહોતી આમ ધર્મને ઉપરથી આચરવામાં સૌ સંમત થવાના, પણ આંતરિક ધર્મના દર્શનથી સૌ ગભરાય છે માટે ધર્મનાં મૂલ્યાંકનો સમજી એને આચરવાં એ વધુ જરૂરી છે

જ્યારે પક્ષનું બધું વાતાવરણ નિરુત્સાહી હોય છે ત્યારે માણસની પ્રગતિ રૂંધાઈ જાય છે એ તો જેનું ભાગ્ય સારું હોય જેવો પુરુષનો પ્રકાશ મેળવ્યો હોય તેનું સ્વજન તેને અનુકૂળ થાય છે. એ પોતે ધર્મશીલ હોય છે અને તેથી પ્રગતિની અંદર એકબીજાને તેઓ પૂરક બની શકે છે

ઘણી વાર સ્પર્ધાને લીધે પણ પ્રગતિમાં સહાય મળે છે આવી સારી ધાર્મિક જીવનની સ્પર્ધા માનવીને ઊંચા સોપાને લઈ જાય છે

જ્યારે ઘરના વાતાવરણમાં અનુકૂળતા ન હોય, બધાનો એકરાગ ન હોય ત્યારે મતભેદ જાગે છે. છેવટે એમાંથી મનભેદ થાય છે અને એકતા તૂટી જાય છે

માટે વિચાર કરો કે વસ્તુમાં આનંદ છે કે મનમાં આનંદ છે? મીઠું ખાવાનું કર્યું હોય પણ ઘરમાં ઝઘડો થાય તો કલહના વાતાવરણને કારણે, દૂધપાક પણ મીઠો નહિ લાગે. આની સામે વાતાવરણની પ્રસન્નતા હોય તો રોટલો અને કઢી પણ મીઠાં લાગે છે એટલે આનંદ અશાંતિમાં નથી; આનંદ તો અંતરની તૃપ્તિ ભરી શાંતિમાં રહેલો છે

આજે એવા ઘણા સામાજિક કાર્યકરો દેખાય છે કે જેમના ઘરમાં કલહ બળતા હોય છે અને બીજાને એ જ્ઞાન દેવા નીકળે છે ઘરની આગ હોલવ્યા વિના, દેશનું ભલું કરવા નીકળી પડેલા આવા કાર્યકરો આજ વધી પડ્યા છે

તમે ધર્મી બનવા માગતા હો તો કુટુંબ તૈયાર કરો. એવું જીવો કે જેથી તમે કદાચ ચાલ્યા જશો, પણ તમારા વિચારો તમારાં સંતાનો અને સ્વજનો દ્વારા જગતમાં જીવતા રહે.

બાળક માટે સંસ્કૃતમાં આત્મજ શબ્દ વપરાયો છે જે આત્માના સંસ્કારથી જન્મ્યો છે તે આત્મજ આવતી પ્રજાનું કામ કરનારો. પુત્ર એટલે ઊર્મિઓ અને મનોરથનો વારસો; માણસના હૈયાની અને પ્યારનું સર્જન. એનામાં

લાગણી, ભાવના અને અનુભૂતિ છે

પિતા પુત્રને કહે છે કે અમારી ઊર્મિઓ અમે તારામાં રેડી છે એટલે અમારા અપૂર્ણ રહેલાં કાર્યોને તારે પૂરા કરવાના છે માતાપિતાના હૃદયો એમના બાળકોમાં રેડાયેલા હોય છે આનુ એક સુંદર દૃષ્ટાંત છે એક વૃદ્ધનો દીકરો છાપરાના નળિયાં સમા કરી રહ્યો છે બપોર થઈ ગઈ જમવાનો સમય થઈ ગયો છે બાપા એને નીચે જમવા બોલાવે છે પણ એ આવતો નથી. કામ કર્યે જ જાય છે હવે બાપે એક યુક્તિ કરી એના દીકરાના નાના બાબાને એણે લાવીને તડકામા મૂક્યો પોતાના પુત્રને તડકામા જોતા જ ઉપર બેઠેલા દીકરામાં બાપનો ભાવ જાગ્યો એ કૂદકો મારી નીચે આવ્યો પોતાના બાબાને છાતીએ ચાંપતા એણે પૂછ્યુ : આમ કેમ કર્યું ? બાપે કહ્યુ મને તારા માટે કેવો પ્રેમ છે તે, તને આ રીત વિના કેમ સમજાત ? તું નથી જમ્યો તે માટે મને શું થાય છે તે તું તારા પુત્રના દાખલામાંથી હવે સમજી શકીશ બાપને બાપ સમજે

વિચારોનુ તંત્ર બાપ અધૂરુ મૂકીને જાય છે બાપનાં અધૂરા શુભ કામ પૂરા કરવા એ પુત્રનુ કામ છે આવું ન કરે તે પુત્ર કેમ કહેવાય ? માતાપિતાની શુભેચ્છાઓ પૂરી કરવી એ બાળકોનુ કામ છે માબાપ બાળકો ઉપર એટલી લાગણીઓ વરસાવે છે કે એમનુ ઋણ કદી પૂરુ કરી શકાતું નથી.

તમે કહેશો કે ભાગ્યને લીધે અમને આ બધું મળ્યું છે પણ ભાગ્ય ભલે તમારું હોય, પણ નિમિત્ત તો છે. મા-બાપના ઉપકારનો બદલો વાળવાનો એક ઉપાય છે કે માબાપ ધર્મથી ચલિત થયાં હોય—આધ્યાત્મિક જીવનને જાણતા ન હોય અને તમે એમને સાચા અને સારા માર્ગ તરફ લઈ જાઓ, એ માટે ઉત્તમ સાધનો પૂરાં પાડો, તો તમે તેમનો ઉપકાર કંઈક અંશે પૂરો કર્યો ગણાય.

આવા પ્રકારના પુત્રો-સ્વજનો જેને હોય તે સુખ વાળા કહેવાય તેથી તેમનાં સ્વજનો તેમને અનુકૂળ હોય છે અને તેથી તેઓ સુખથી સારી પાંખો મળતા, ઊંચે ઊડી શકે છે

તા. ૧૦–૮–૬

દીર્ઘદર્શી

ધર્મરત્નના આ સદ્ગુણોને આપણે સોપાન કહીએ તે વધુ યોગ્ય છે ગુણ આગળ વધારે અને સોપાન ઉપર લઈ જાય. આપણે આ પ્રમાણે આવાં ચૌદ સોપાનનો વિચાર કરી ગયા

ત્રઈ કાલે આપણે સુપક્ષ નો વિચાર કર્યો હતો આ શબ્દમાં કેવી કવિતા છે! પક્ષ એટલે કુટુંબ અને પક્ષ એટલે પાંખ. મોરલો હોય ને એની પાંખ કપાઈ જાય પીંછાં ખરી જાય તો એ સુંદર નથી લાગતો પીછાંવાળો પાંખવાળો મોર કળા કરે ત્યારે જ એ સુંદર લાગે છે જીવનમાં પણ આ પ્રમાણે સુંદર પાંખો હોય તો આપણે સારા લાગીએ, શોભીએ, ઊડી શકીએ. આમ, આપણી આસપાસના સ્વજનો સારાં હોય તો જ આપણે સુંદર લાગીએ.

દીકરો સુંદર હોય તો એનાથી બાપ ઓળખાય, પણ દેવતાનો દીકરો કોલસો નીકળે તો એ બાપને લજવે. માટે કહ્યું છે કે ખરાબ પુત્રના માબાપ થવા કરતાં, નિઃસંતાન હોવું વધુ ઠીક છે પુત્ર ન હોય તો અફસોસ

નહિ. વસ્તુપાળ, વગર પુત્રનો બાપ હોવા છતાં સમાજનો પિતા થઈ આબુના શિલ્પસર્જક ભવ્ય મંદિરોનું સર્જન કરી અમર બની ગયો.

બેનામાં બીજાને પોષવાનાં તત્ત્વ હોય તે ખરો પિતા આ અર્થમાં વસ્તુપાળને જુઓ. એણે ઊભાં કરેલાં દેવાલયનાં દહેરાંએ ગૌરવ આપ્યું, સંસ્કૃતિને પોષણ આપ્યું અને એથી આપણે માથું ઊંચું રાખી શકીએ છીએ. થોડા વખત પહેલાં એક અંગ્રેજ દંપતી ત્યાંના છતની સુંદર કારીગરી જોવા માટે આવેલાં તેઓ ઘડીને છતની એ સુંદર શિલ્પકલાનું અવલોકન કરતાં મુગ્ધ થઈ ગયાં. છતની ઝીણી કારીગરી ઊભાં ઊભાં જોયા કરે તો ડોક રહી જાય એટલે એમણે આ રસ્તો લીધો. એ વખતે મને મનમાં થયું કે વસ્તુપાળ કેવો જબરો કે એણે અગ્નિનેત્ર એની કલાના સર્જનમાં લાંબા કરી દીધા! આને લીધે, એ પુત્ર વગરનો છતાં પોષક પિતા બન્યો અને આટલા સૈકા થયાં છતાં આપણે એમને એમનાં સંતાન બનવાનું ગૌરવ લઈ યાદ કરીએ છીએ.

સુપક્ષ શબ્દની આવી કવિતા છે. આપણી પાંખ એટલે આપણાં સ્વજનો, પુત્રો, મિત્રો, વાતાવરણ વગેરે. આવો સુપક્ષવાળો માનવી ધર્મી આત્મા બની શકે છે, એની પાંખો સારી તેથી એ ધારે ત્યાં ઊડી શકે છે.

દીર્ઘદર્શી એટલે શું?

સુપક્ષતાના સોપાન ઉપરથી આપણે હવે પંદરમા

સોપાન 'દીર્ઘદશિતા' ઉપર આવીએ છીએ. દીર્ઘદર્શી માણસ જે કાંઈ પણ કામ કરવાની તૈયારી કરે ત્યારે તે એના પરિણામનોય વિચાર કરીને કરે જેનુ પરિણામ સારુ નહિ, એ કામ પણ સારુ નહિ. આપણી પ્રવૃત્તિમાં અનાસક્તિ અને દીર્ઘદશિતા બેઉ જોઈએ કામ કરો પણ એવુ કે જેનુ પરિણામ સારુ આવે અને એના ફળમા તમારી આસક્તિ ન હોય.

'कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन' આ સાપેક્ષ વાક્ય છે કામ કરવુ એ તારું કામ છે પણ માણસ તો આજે પરિણામની આસક્તિથી પાછળ પડ્યો છે કામ પહેલા પરિણામો માગે એના આજે સોદા થઈ ગયા છે જે માણસ આમ આનો-પાઈ ગણ્યા કરે એ સારુ કામ નહિ કરી શકે માણસનો ધર્મ એટલો કે કામ કરવુ પણ તે સારુ ને વિચારીને કરવુ એની પાછળ દીર્ઘદર્શીપણુ અને પરિણામની અનાસક્તિ જોઈએ. આ વિરોધી વાત નથી. આ બે ગુણો મળે ત્યારે કામ વધારે સુંદર થાય. બેઉનું સંકલન થાય ત્યારે જ વધુ સફળતા મળે.

પચોતેર વરસનો એક ડોસો આંબો વાવતો હતો. એને જોઈને બીજા માણસે પૂછ્યુ કે તમે ઘરડા થયા છો; હવે આ આંબો વાવશો તો ઊગશે ક્યારે ફળશે ક્યારે અને તમે એનાં ફળ ખાશો ક્યારે? ત્યારે એણે પેલા ગીતાના સૂત્રથી જવાબ આપ્યો કે આંબો વાવવાનુ કામ મારું છે ફળ ભલે બીજાને મળે. ખરી રીતે તો

તમે જ્યારે આંબો વાવો છો ત્યારે જ તમને ફળ મળી ગયું છે અથવા મળવાની શરૂઆત થઈ જાય છે તમે બીજાની છાયા માટે, બીજાને સુખ આપવાનો વિચાર કર્યો ત્યારે જ તમને સૂક્ષ્મ ફળ મળી જ ગયું

રોસાએ વિચાર્યું કે બીજાનાં વાવેલાં વૃક્ષોનાં ફળ મેં ખાધાં છે તો બીજાઓને માટે હું વૃક્ષ વાવી જાઉં જેથી બીજા એનાં ફળ ખાઈ આનંદ માણે. એવું આમ, એની કૃતજ્ઞતાનો ભાવ જીવતો રાખવા આ કામ કર્યું આનું નામ દીર્ઘદર્શીપણું એવાનું કામ એને તથા બીજાને, માનવજાતની પેઢીને સમાજને લાભ કરે. માટે કહ્યું છે બહુ લાભ અને અલ્પ ક્લેશ. કામ એવા કરો કે જેનો લાભ સારો હોય અને જેમાં ક્લેશ ઓછો હોય. યાદ રાખજો કે શ્રમ અને ક્લેશ, એ બે શબ્દોના અર્થમાં ફેર છે શ્રમ દેહ સાથે સંબંધ ધરાવે છે, ક્લેશ મન સાથે સંબંધ ધરાવે છે

લાભ વધુ લે અને કામ ઓછું કરે એ માણસ કામનો ચોર બને છે. આ ચોરી ક્લેશાય માટે શ્રમ અને ક્લેશનો અર્થ બરાબર સમજો. ધ્યાન રાખજો કે અલ્પ-ક્લેશ એટલે અલ્પશ્રમ નહિ. શ્રમ તો કરવો જ જોઈએ. મુનિના વર્ણનમાં શ્રમા અને શ્રમણ બે શબ્દો વાપર્યા છે તે આ દૃષ્ટિએ. આત્માની શુદ્ધિ માટે મનની મુક્તિ માટે બધું સહન કરે તે, શ્રમ કરે તે શ્રમા-શ્રમણ ગણાય

આ શ્રમણપણું

શ્રમ નહિ હોય તો તમને જીવનમાં મીઠાશ નહિ આવે. રસોયાની કરેલી રસોઈ કરતાં શ્રમ કરી હાથે રાંધેલા ભોજનમાં કોઈ જુદી જ મીઠાશ રહેલી છે શ્રમ પછી ભૂખ, અને ભૂખ પછી મીઠાશ આવે છે આથી તો તમે ભોજનમાં જમવા બેસો છો ત્યારે બાર માસની ભૂખ હોય એવું અનુભવો છો કારણ? તમે એ માટે પહેલા શ્રમ કરેલો છે પરસેવો પાડયો છે તેમ પૈસા માટે પણ સમજવુ પરસેવો પાડીને જે કમાય છે તે જ પૈસાની ખરી કિંમત સમજે છે

ધરાયેલાને ભૂખ્યાનો ખ્યાલ નહિ આવે. એ ભાષણ કરશે, કથન કરશે પણ એને અનુભૂતિ નથી, તેથી એનુ કથન સુંદર નહિ બને. જેણે શ્રમથી પૈસા પેદા કર્યા છે તે નકામો ખર્ચ નહિ કરે અને સારા કામમાં ખર્ચતા અટકશે નહિ. એ તો પેટ પાટા બાંધીનેય ધર્મમાં વાપરે છે

ગરીબાઈ એ મનની વસ્તુ છે નિર્ધનતા એ દુનિયાની વસ્તુ છે જેનામા નૈતિક હિંમત નથી, એ માણસ મનનો ગરીબ છે માટે નિર્ધનતા ભલે આવે, પણ મનની ગરીબી ન આવવા દેશો જગતમાં ધનનાં સાધનો છતાં, સાધ જનાર બહુ ઓછા હોય છે માટે કવિ માગે છે કે—

સંતોષથી જીવન ગુજરે એટલું તું મને આપજે
ઘર ઘર ગરીબી છે છતાં પણ દિલ અમીરી રાખજે

માણસના જીવનમા આ અમીરી આવે, તો સાધનો ન મળવા છતા એ મનથી ઉન્નત રહી શકે છે આવો માણસ ભલે ધન વગરનો હોય છતા મનથી તવંગર હોય છે

એક ભિખારી હતો. દિવસભરની ભીખ ભેગી કરી એ ચાલ્યો જતો હતો, ત્યાં એને બીજો ભિખારી મળ્યો. એ વધુ ગરીબ ભિખારી હતો. એને પોતાની માટે ભીખ માગવાની કળા નહોતી આવડતી. આનું દુઃખ જોઈ પેલા ભિખારીએ પોતાના ડબલામાંના પૈસા પેલા ગરીબના ખોળામાં ઠાલવી દીધા એવું જોયું કે એ ગરીબને, પૈસાની વધુ જરૂર હતી. એ ભિખારી તો હતો પણ મનનો ગરીબ નહોતો; દિલનો અમીર હતો આ અમીરી અને ગરીબી માણસના દિલમા પડી છે

દીર્ઘદર્શી માણસ જે કોઈ કામ કરે તેની પાછળ વિચાર હોય વિવેક હોય. એ હંમેશાં પરિણામને લક્ષમાં લે. આમ ન કરે તો પ્રવૃત્તિનું પરિણામ શૂન્યમાં જ આવે.

એટલે પ્રબોધકાર કહે છે કે પ્રવૃત્તિ એવી કરો કે બહુ લાભમ્ અલ્પ ક્લેશમ્, આ ક્લેશ એટલે ઉદ્વેગ. વિકલતા આવે એવું કામ ન કરો. પ્રવૃત્તિ માણસના મનને સ્વસ્થ કરવા માટે છે જે મન તૂટી જતું હોય, એને આર્તધ્યાન થતું હોય, એની સમાધિ તૂટી જતી હોય તો પચ્ચખાણ છોડાવી પારણું કરાવવામાં પણ એટલું પાપ નથી; કારણ કહ્યું છે કે સવ્વસમાહિ વત્તિયાગારેણ પચ્ચખાણમાં પણ આ આગાર રાખ્યો છે પચ્ચખાણ એ તો સમાધિને માટે છે માત્ર બાહ્ય પચ્ચખાણ રહે અને અંદરની ચિત્તસમાધિ તૂટી જાય તો એનો અર્થ શો!

પ્રવૃત્તિ કરો તે ક્લેશહીન અને પરિણામે સુંદર

હોય એવી કરો તો તમે તે પ્રવૃત્તિ દ્વારા વિકાસ સાધી શકો. એ કર્યા પછી મન વિચારોમાં, વંટોળમાં, ચઢે તો એ પ્રવૃત્તિ પાછી વખોડવા જેવી પ્રવૃત્તિ બની જાય છે

આપણા જીવનનું પ્રત્યેક કામ ઠીક ચિંતન માગે છે આ ચિંતન વગર થઈ ન આવે. જે માલુમ કરે ઠીક ક્યાં દોષ છે એ આલોક તથા પરલોક બંને ને આવી રીતે સુધારે છે

તા. ૧૧-૮-૧

વસ્તુના હાર્દનું દર્શન

ધર્મી આત્માનું કોઈ પણ પગલું ઉતાવળિયું ન હોય. તેના કામમાં છીછરાપણું અને ક્ષણિક આવેશ ન હોય. એ દીર્ઘ ચિંતન પછી કામ હાથ ધરે છે. આવેશનો જન્મ નર્યા અવકાશ ખરો. પણ ધર્મી માણસ એને વિવેકથી નાથે છે. આવેશને એમ ને એમ અમલમાં મૂકીએ તો પરિણામ ઘણીવાર અસુંદર આવે.

માણસ માત્રને સુંદર જ ગમે છે. મેલું કોઈને ગમતું નથી. ઘર પણ વ્યવસ્થિત અને સ્વચ્છ હોય તો ગમે. અવ્યવસ્થા મનને અને મગજને ખટકે છે. કોઈ માણસ સમજ્યા વગરનું બોલે તો તે સાંભળવું આપણને ગમતું નથી; પણ જો એ રચનાપૂર્વક શબ્દો વાપરે, એની પાછળ વિચારણા હોય તો એનાથી સામા માણસનો પલટો થઈ જાય.

માણસનો સ્વભાવ છે કે તે સારું પસંદ કર્યા વગર રહેવાનો નહિ. દુનિયાને પણ સારું જ ગમે છે. દુનિયાને સારો

માણસ જ ગમે છે A thing of beauty is a joy for ever સારી વસ્તુઓ સદાય આનંદ આપે છે

જગત પાસેથી આપણે જે જાતની અપેક્ષા રાખીએ છીએ એવા આપણે બનતા નથી એ મુશ્કેલી છે આપણે યાદ રાખવુ જોઈએ કે તમને જે પ્રિય છે એ જ જગતને પ્રિય છે તમને જે નથી ગમતુ તે જગતને પણ નથી ગમતુ

સસ્કાર અને સભ્યતાવાળો માણસ દુનિયા આખીને ગમે છે. જગત પણ એવુ બને એમ તમે ઇચ્છતા હો તો પ્રથમ તમે એવા બનો તો તમે જગતને વહાલા લાગશો. પણ એ વહાલ પામતા પહેલાં, એનુ મૂલ્ય આપવું પડે છે થોડોક ત્યાગ કરવો પડે છે સદ્ગુણોને મેળવતાં પહેલા માણસે થોડુક બલિદાન આપવાનુ રહે છે

તમે તો એવુ ઇચ્છો છો કે સાધુઓ સદ્ગુણો કેળવે મહેનત કરે અને તમને એ વગર શ્રમે એમ ને એમ મળી જાય; આ ક્યાથી બને ? કોઈ તમારા વતી ભગવાનનો જાપ કરે અને તે તમને પહોંચે, એવી વાત કેમ બને ? આજે આળસુઓ જાપ કરી ચોટિયાઓ પાસેથી પૈસા મેળવે છે ધમમા પણ આ છતરપીંડી દાખલ થઈ ગઈ છે

As you sow so shall you reap વાવો તેવુ લણો અને કરો તેવુ પામો એવુ ન કરો તો ક્યાંથી પામો ? લોભ, આસક્તિના ત્યાગ વગર સદ્ગુણ એમ ને એમ મળી જતા નથી. એમ ને એમ કાંઈ નથી મળી શકતું, તો શુ

ભગવાન તમને ભક્તનો ભાવ આપી દેવાના છે !

આત્માના વિકાસ માટે, સદ્ગુણ મેળવવા માટે ત્યાગ કરવા તૈયાર થવુ એનુ નામ દીર્ઘદૃષ્ટિ—આત્મા એ કે જે એવાં કાર્યો કરે કે જેનાં પરિણામ સુંદર જ આવે એ માણસ આ લોકનો જ નહિ પણ પરલોકનોય વિચાર કરીને જીવે છે

માનવજીવનમાં જે મળ્યું છે એને ખાઈ પી નાખશો તો ના કોઈ નહિ કહે, પણ એનાથી આવતી કાલ ન બગડે એ જોજો; નહિતર પાછળથી પસ્તાવાનો સમય આવશે. છેવટે જ્યાં જવાનું છે ત્યાંને માટે જીવનમાં કંઈ નહિ રાખો ! બધું મળ્યું છે તે કંઈ સર્વ ભોગ માટે નથી, ત્યાગ માટે છે આજે ત્યાગ કરો અને કાલે તમને તે મળશે. જે પરલોકનું ધ્યાન રાખે છે તેનું આ લોકનું જીવન પણ પછી સુધરી જાય છે

જેને પરલોકનો ભય નથી, જે પરિણામની સુંદરતાનો વિચાર નથી કરતો તે ધર્મ સમાજ અને પોતાની જાતને નુકશાન કરે છે. પરલોકનો વિચાર કરનાર સત્યવાદી, અ પરિગ્રહી હોય છે એટલે પરિગ્રહ રાખનાર માણસ સમાજને ચૂસતો નથી. આ દેહને તો ઉન્દરે ખાઈ નાખવાનો છે એમ સમજી જે માણસ સંયમી જીવન ગાળશે, સમાજને સંયમની સુવાસ આપશે.

જેને પરલોકનો ભય છે એ આત્માને મેલો નહિ થવા દે. બાકી તો જગતની દૃષ્ટિ જુદી છે જગત તો કહે

છે ‘આ લોક મીઠા; પરલોક કોણે દીઠા!’ માટે મેળવાય એટલું મેળવો અને ભોગવાય એટલું ભોગવો. એટલે તમે જોશો કે પરલોકના વિચારકને સંસારનો ત્યાગ છે પોતાને રાગ છે

કાલનો વિચાર સૌ કરે છે અને કરવો જોઈએ. વિદ્યાર્થી કાલના પાઠ તૈયાર કરે છે કુમારાવસ્થામાં યુવાનીનો અને યુવાની જતા બુઢાપાનો વિચાર માણસ કરે છે તેમ દીર્ઘદૃષ્ટિવાળા માણસને આવતા જન્મનો વિચાર કરવાનો છે

રાજગૃહીના ધના શેઠને ચાર દીકરા એ વૃદ્ધ થયા, અને એને વિચાર આવ્યો; કરોડોના સુખસાધન મૂકીને જવાનું છે એણે વિચાર્યું કે સ્ત્રી સારી તો કુટુંબ સારું પુરુષ એટલે તો બહાર બાહ્ય પ્રવૃત્તિમાં મગ્ન; પણ સ્ત્રી એટલે ઘર. માટે જ કહ્યું છે કે ગૃહિણી ગૃહમુચ્યતે ગૃહિણી સંસ્કારી પવિત્ર વ્યવસ્થાવાળી, સૌમ્ય હોય તો આખું ઘર સુંદર બનવાનું શેઠે ધાર્યું કે વહુઓ સારી હશે તો દીકરા ઠેકાણે આવી જશે.

એણે પરીક્ષા કરવાનો વિચાર કર્યો ચારેય વહુઓને બોલાવી કહ્યું કે અમે હવે પાકું પાન થયાં છીએ માટે યાત્રા કરવા જઈએ છીએ. લો, ડાંગરના આ પાંચ દાણા સાચવજો; એને જીવનની મૂડી ગણજો

આમ બોલીને શેઠે દરેક વહુને ડાંગરના આ પાંચ દાણા આપ્યા. પહેલી વહુએ વિચાર્યું કે શેઠની સાઠે બુદ્ધિ નાઠી

લાગે છે આ દાણાને વળી જીવનની મૂડી શું ગણવાની ? એટલે એણે દાણા ઉકરડામાં ફેંકી દીધા. બીજી વહુએ વિચાર્યું કે વડીલોની આ પ્રસાદ દક્ષિણા–પ્રસાદી હશે; એટલે એણે મોંમાં નાખ્યા. ત્રીજીએ વિચાર્યું કે ડોસા છે તો અનુભવી. સાચવવાને કહેલું છે માટે એની પાછળ કંઈક મર્મ હશે; એટલે એણે નાની દાબડીમાં દાણા મૂકી તિજોરીમાં સાચવી રાખ્યા.

પણ ચોથી ભારે બુદ્ધિશાળી હતી. એનો ભાઈ એને મળવા આવેલો એટલે એણે એને દાણા આપી દીધા ને કહ્યું કે આને સારી જમીનમાં વાવજે. એમાંથી એક વરસે ૫ દાણા થયા, તો બીજે વરસે પચાસ હજાર દાણા થયા અને દસ વરસે દાણાથી કોઠાર ભરાઈ ગયો.

યાત્રામાંથી ડોસો પાછો આવ્યો ત્યારે ડોસાએ વહુઓને સાચવવા આપેલા દાણા પાછા માગ્યા. પહેલીએ કહ્યું : "મેં તો ફેંકી દીધા. એમાં રાખવા જેવું શું હતું ? કહો તો કોઠારમાંથી નવા લાવી આપું."

વૃદ્ધે કહ્યું : "તમારું નામ ઉજ્ઝિકા. તમારે ઘરનો કચરો કાઢવો, ઘર સાફસૂફ રાખવું."

બીજીએ કહ્યું : "હું તો પ્રસાદ માનીને ખાઈ ગઈ."

વૃદ્ધે કહ્યું : "તમે ખાઈ ગયાં એટલે તમારું નામ ભક્ષિકા. તમારે રસોડું સાચવવું."

ત્રીજીએ કહ્યું : "મેં તો સાચવીને રાખ્યા છે." એમ કહી

તિજોરી ખોલી ડાબલી ઉઘાડી સસરાને દાણા આપ્યા.

વૃદ્ધે કહ્યું 'તમે આનું રક્ષણ કર્યું છે. તમારું નામ રક્ષિકા. તિજોરીની ચાવીઓ તમારે રાખવી. પરંતુ બધું ઝવેરાત તમારે સાચવવું.'

ચોથીએ કહ્યું: એ તો મારે પિયર મોકલ્યા છે. એ એમ નહિ આવે. ગાડાં મોકલો તો ભરાઈને આવે.'

વૃદ્ધે પ્રસન્ન થઈ કહ્યું: 'તેં વૃદ્ધિ કરી, વધારો કર્યો. તારું નામ રોહિણી. કુટુમ્બનું સર્વ સંચાલન તમારે સંભાળવું.' એમ શુભ પ્રમાણે વ્યવસ્થા ગોઠવાઈ.

શેઠે જોયું કે ચોથી વહુએ દીર્ઘદૃષ્ટિ વાપરેલી હતી. એણે એવું કામ કર્યું કે જેથી પરિણામ સુંદર આવે. કામ તો બધાં કરે પણ એની પાછળ વિચાર જોઈએ. હજામ પણ એટલો તો વિવેક વાપરે જ છે ને! બે જુદા અસ્ત્રા રાખે છે. બાળકને મૂંડવાનો અને પાકા મૂંડવાના. એક જ અસ્ત્રો બેઉ માટે ન વાપરે.

જ્યારે માણસમાં આવો વિવેક આવે છે, સમજણ આવે છે ત્યારે જીવનમાં એનાં મૂલ્યો બદલાય છે. પછી એ એવાં કામો કરે છે કે જેમાં કલેશ ઓછો થાય; લાભ વધુ થાય.

શેઠની ચાર વહુઓ—ઉજ્જિકા, ભક્ષિકા, રક્ષિકા અને છેલ્લી રોહિણી. દરેકની વિશિષ્ટતા જીવનમાં તરી આવી. પણ રોહિણીની પ્રજ્ઞાની તીવ્રતા જુદી જ હતી. એણે પોતાના

કામથી પીવાનું જ નહિ પણ મુક્તમન ગૌરવ વધાર્યું"

એ દીર્ઘદૃષ્ટિવાળી હતી. એને ટાળ્યા આપ્યા હતા કામથી, પણ એણે પાછા વાળ્યા ગાઠાંઓ વાળીને. આમ જીવનમાં થોડું મળે તો પણ એને વિકસાવીને જીવન સારું કામ એવું કરીએ કે જેથી સૌનું સારું જ થાય. આ પાંચ ભવના વિકાસ અને વૃદ્ધિ માટે દીર્ઘ દૃષ્ટિ આપવા ધર્મ જીવનમાં ખૂબ જ આવશ્યક છે

તા. ૧૨-૮-૬

વિશેષજ્ઞ

પંદરમો સદ્ગુણ દીર્ઘદર્શિતાનો આપણે જોયો. દીર્ઘદર્શી માણસ તત્ક્ષણના લાભને નહિ, પણ લાંબી વિચારણા પછીના આખા પરિણામનો વિચાર કરી કામ કરે છે એ આજની ખાતર, આવતી કાલને નહિ બગાડે આજે માણસ શ્રમ કરે તો કાલે એને ફળ મળે. એ આવતી કાલ માટે આજે જરાક સહન પણ કરવું પડે તોય પ્રેમથી સહન કરે. સહન કર્યા વગર કાંઈ મળે નહિ. આજે સહન કરી, આત્માના હિત ખાતર કાલને સુધારે તેનું નામ દીર્ઘદર્શી

હવે સોળમો સદ્ગુણ જોઈએ એ છે વિશેષજ્ઞ' વિશેષજ્ઞ માણસ એની સામે જે વસ્તુ આવે તેના ગુણ અને દોષ તારવી શકે છે આ કામ મુશ્કેલ છે કારણ કે આપણે તો કોઈની એકાદ વાત ન ગમે તો એ આખી વ્યક્તિને જ ફેંકી દઈએ છીએ. વિશેષજ્ઞ કદી સમગ્ર વ્યક્તિનો વિરોધ ન કરે. એ તો વિચારે કે એના એકાદ દુર્ગુણ સાથે બીજા ઘણા સદ્ગુણો એનામાં છે ચોકસી જેમ સોનાનો ટંચ જુએ તેમ એ તો સામાની વિશિષ્ટતા સ્વીકારે. એ વ્યક્તિનો નહિ, પણ એના દુર્ગુણનો વિરોધ કરશે. આ વાત ક્યારે બને ? જ્યારે એનામાં ગુણદોષની સમીક્ષા

કરવાની શક્તિ હોય ત્યારે.

કોઈવાર વિરોધ થાય તો એ વાત પૂરતો જ વિરોધ રહેવા દો; પણ જે માણસ એકને ખાતર સામાન્ય નજીવાશું જુએ સામે, આખી વ્યક્તિ સામે વિરોધ કરે છે તે કદી ઉત્કર્ષ સાધી શકતો નથી. આજે આવા મતભેદોને લીધે મનભેદ વધવા લાગ્યા છે અને અનેક ગચ્છોમાં, સંસ્થાઓમાં મતોના ઝઘડા ચાલ્યા છે. આપણે તો એ જોવાનું છે કે નજીવામાં જો આપણે એકમત થઈએ તો એટલી બાબતોમાં તો સાથે મળી કામ કેમ ન કરીએ!

હંસની પાસે પાણી અને દૂધ ભેગાં કરી મૂકો તો એની વિશિષ્ટ શક્તિથી એ દૂધ પી જાય છે અને પાણી છોડી દે છે. એના આ કાર્યને માટે વિવેક શબ્દ વપરાય છે. આપણી પાસે પણ હંસના જેવી ચાંચ હોવી જોઈએ, જેથી આપણે અશુભમાંથી સારું લઈએ અને અશુભને છોડી દઈએ. વિશ્વમાં જ્યાં ત્યાંથી સારું મળે તો લઈ લો. જે માણસ આમ નહિ કરે તો વિશ્વનું કેટલુંય સારું એની પાસેથી સરકી જવાનું છે. સારું લો અને સારું ન સમજાય તો નમ્રતાપૂર્વક સમજવા પ્રયત્ન કરો.

શ્રી હરિભદ્રભટ્ટ એટલે મેવાડના અત્યંત સમર્થ વિદ્વાન, પણ એમણે એક નિયમ રાખેલો કે સારું જ્યાં ત્યાંથી લેવું અને જ્યારે સારું ન સમજાય ત્યારે સામાને પૂછવું—એના ચેલા થઈ જવું.

એકવાર એમણે એક સાધ્વીને જોઈ જે 'ચક્કી દુ

ચકી એમ ગાથા ગોખી રહી હતી હરિભદ્રને એ સમજાયુ નહિ એટલે એ પાસે ગયા અને અર્થ પૂછ્યો. શિષ્ય બનીને, ગુરુ બનીને નહિ. આજે તો ન આવડે તો લોકો દંભ કરે છે અને ગુરુ બનીને શીખવા માગે છે શિષ્ય થાવે નહિ. ગુરુ બનીને એ વિદ્યા શીખવા જાય છે એને વિદ્યા મળતી નથી, અને કદાચ મળી જાય છે તો એને કામ લાગતી નથી. નમ્ર, શિષ્ય બનીને વિદ્યા લો તો એ સંજીવની બની શકે છે એના જેવી બીજી કોઈ ચીજ નથી. દુનિયાની બધી વસ્તુ માણસને મારનારી છે; માત્ર વિદ્યા એક જ એને તારનારી છે વિદ્યા ખરે વખતે માણસને સદ્ગતિએ લઈ જાય છે વિદ્યા મેળવવા શિષ્ય બનવુ પડે છે; આ વિદ્યારૂપી નૌકાથી આપણે ભવસાગર તરી શકીએ છીએ આ માટે આપણામાં વિનય અને નમ્રતા જોઈએ.

દત્તાત્રેયે જ્ઞાન ખાતર કૂતરાનેય ગુરુ ગણેલો એમના ચોવીસ ગુરુઓમાંનો એક તે કૂતરો એની પાસેથી એ વફાદારીનો ગુણ શીખ્યા હંસ એમનો બીજો ગુરુ એની પાસેથી એ વિવેક શીખ્યા બગલો પણ એમનો ગુરુ એની પાસેથી તેઓ ધ્યાનની એકાગ્રતા શીખ્યા હેતુની પ્રાપ્તિ માટેની સાવધાનતા તેઓ કાગડા પાસેથી શીખ્યા. એમણે વિશ્વના પ્રાણીઓને આમ ગુરુ બનાવ્યા અને શીખ્યા પણ આપણે તો આજે માનવીનેય ગુરુ નથી બનાવી શકતા. આપણે આજે ગુરુઓને પણ ગુરુ નથી રહેવા દીધા તો શુ શીખી શકવાના છીએ! આજે તો આપણે સૌ ન ગુરુ થઈ રહ્યા છીએ.

સર્પને માટે એક ગારુડીમંત્ર આવે છે જેમાં ૧૮ શબ્દો છે. આ મંત્ર ભણવા છતાંય એ એ ઝેર ચૂસે નહિ તો ગારુડી ઉચ્ચરે તેને 'નગુરો' કહે. આ શબ્દ સાંભળી એ પોતાનું માથું શિલા ઉપર પછાડે છે અને મરી જાય છે. એનાથી એ સહન થઈ શકતું નથી. આપણા નગુરાપણા માટે આપણને આજે આવું લાગે ખરું ?

પણ આજે ગુરુ જેવું તત્ત્વ જ ક્યાં રહ્યું છે ! જે માણસ પોતાને પંડિત માને એ બીજા પાસેથી શું લઈ શકવાનો ! આત્માના ઉત્કર્ષ માટે જનારાએ તો બાળક જેવા નિર્દોષ બનીને જવું જોઈએ. હરિભદ્ર બ્રાહ્મણને જ્યારે પેલી સાધ્વી પાસે ગયા અને અર્થ પૂછ્યા સાધ્વીએ આ વિદ્વાનને પોતાના ગુરુ પાસે મોકલ્યા કારણકે એ વ્યાખ્યાનના અધિકાર હતા ગુરુએ હરિભદ્ર ભટ્ટને પ્રતિબોધ કર્યા અને દીક્ષા આપી. પછી તો એ શાસનપ્રભાવક મહાન આચાર્ય શ્રી હરિભદ્ર સૂરીશ્વર થયા. પણ તેઓ પેલાં સાધ્વીનો ઉપકાર ન ભૂલ્યા. કારણકે માર્ગદર્શક એ બન્યાં હતાં તેથી જ એમણે જેટલા ગ્રંથો લખ્યા તેને અંતે પોતાની જાતને યાકિની–સૂનુ સાધ્વીપુત્ર તરીકે એ પોતાને ઓળખાવે છે. આવા સમર્થ આચાર્ય પણ સાધ્વીને ગુરુ માને છે !

કોઈએ આચાર્ય હરિભદ્રને પૂછ્યું કે તમે કપિલના ભક્ત હતા અને મહાવીરના ભક્ત કેમ બન્યા ? ત્યારે તેમણે જવાબ આપ્યો કે મારે મહાવીરનો પક્ષપાત નથી; કપિલ ઉપર દ્વેષ નથી. યુક્તિપૂર્ણ જેનું વચન હોય તેનો મેં સ્વીકાર કર્યો છે. આજે તો માણસને કંઈ ગમે એટલે

માટે રાગ જાગે છે અને ન ગમે તો એનો દ્વેષ કરે છે ખરી રીતે માણસે આ બેની વચ્ચે રહેવાનું છે ખીણ અને પર્વત બેની વચ્ચેથી રસ્તો કાઢવાનો છે રાગ એ ખીણ છે દ્વેષ એ ટેકરો છે ન રાગમાં રહો ન દ્વેષમાં. વચ્ચેનો માધ્યસ્થ ભાવ જ આપણે કેળવવાનો છે

એનાં વચનો શાસ્ત્રો જીવન અને અનુભવ સાથે બંધબેસતાં થાય, જે આપણી બુદ્ધિમાં બેસે અને જે વચનો જ્ઞાનથી સારાં લાગે તેનું કામ સ્વીકારવું દરેક વાત સમજવી જોઈએ; પછી સમજીએ અને સારી લાગે તો જીવનમાં ઉતારી શકીએ છીએ. આજે માણસો સમજવા પ્રયત્ન કરતા નથી અને તેથી જીવનમાં ઉતારતાય નથી.

પૂજા, સામાયિક વગેરે બધાનાં સાચાં મૂલ્યો સમજો. એનો અર્થ સમજો ભાવ સમજો. પછી એ બોલશો તો ઝોકાં નહિ આવે. ભગવાનની વાતો આવી રીતે વિચારશો તો ખૂબ સરળ ને સાદી છે આગમ અત્યંત સરળ છે સુંદર છે પણ આપણે એને સમજવા શ્રમ જ કરતા નથી.

જીવનનું પરમ સત્ય દરેકને મળી શકે એમ છે કારણ કે એ સરળ છે માટે કહ્યું છે કે જે મને સમજાય છે તેનો હું સ્વીકાર કરું છું જેણે વિવેકવાન બનવું છે એણે વસ્તુનો ગુણ-ધર્મ જાણવો જોઈએ. આ કામ પક્ષપાતની ભાવના વિના થવું જોઈએ. અપક્ષપાતભાવે જો તમે ગુણદોષનો વિચાર કરશો તો ધર્મને માટેની લાયકાત આવે. માણસ વિવેકવાન હોય તો આ આવે જ્યાં સુધી એ નહિ આવે,

ત્યાં સુધી ધર્મની યોગ્યતા નહિ આવે. આ યોગ્યતા એટલે પાત્રતા. આ યોગ્યતા ન હોય તો પાત્રમાં મળેલી વસ્તુ ટકી શકે નહિ. એટલે જ્યારે નિષ્પક્ષતા આવે છે ત્યારે માણસના મતાગ્રહ, દુરાગ્રહ, પક્ષપાત રહેતા નથી.

આજે તો એક ગામમાં એક જ ધર્મના બે ગચ્છના લોકો હોય તેની વચ્ચે પણ મતભેદ ને મનભેદ ચાલે છે. ઝઘડાની પરંપરા ચાલી રહી છે. મારો ગચ્છ મારો માર્ગ મારો પંથ ચલાવવાનો મોહ જાગ્યો છે ત્યાં એ લોકો સમાજને શું આપી શકશે?

માટે નિષ્પક્ષ બની આત્માને રુચે, ઉન્નત બનાવે, જે ગુણથી ભરેલ હોય એનો સ્વીકાર કરો. ગુણનો સ્વીકાર કરશો એટલે જીવનમાં ઉલ્લાસ અને પ્રકાશ આવશે. ધર્મને મહાશિખરે પહોંચવાને માટે નિષ્પક્ષતા એક પગથિયું છે એ જીવનમાં આવશે એટલે દૃષ્ટિની વિશાળતા આપોઆપ આવશે.

ઈંડાની અંદરનું પંખી દુનિયાને ઇંડા જેવડી જાણે છે. પછી બહાર નીકળે છે ત્યારે એને દુનિયા માળા જેવડી લાગે છે. જ્યારે પાંખો ને આંખો મળતાં, અનંત આકાશમાં ઊડે છે અને અપાર સાગરને જુએ છે ત્યારે એને લાગે છે કે દુનિયા તો વિશાળ છે. એની ઉપરનું કોચલું તૂટે છે ત્યારે એની દૃષ્ટિ વિશાળ બને છે. આપણાં મગજ બુદ્ધિ અને આપણી આસપાસ આવાં કોચલાં બાંધ્યાં છે. એ તૂટે ત્યારે જ જગતના પદાર્થોની અનંતતા સમજાય.

તા. ૧૩-૮-૬

વૃદ્ધાનુગામી

આપણે જોયું કે ધર્મરૂપી રત્ન મેળવનાર વિશેષજ્ઞ હોય. સુજ્ઞ માણસ વિશેષજ્ઞ ન બને ત્યાં સુધી સારાનરસાનો વિવેક નહિ કરી શકે; અને એ સારાનો સ્વીકાર કરી ખરાબનો ત્યાગ પણ નહિ કરી શકે. વિશેષજ્ઞ હોય તો ભોજ્ય અને અભોજ્ય તથા સાચા અને ખોટા વચ્ચે વિવેક કરી શકશો. તમે વિશેષજ્ઞ હો તો આ વિવેક આવે. આને માટે બુદ્ધિને કસવાની જરૂર છે. આંધળિયા કરી દોટ મૂકવાનો કશો અર્થ નથી.

કોઈ પણ વાતને સાંભળ્યા પછી પ્રજ્ઞાથી વિચારો, આલોચના કરો. દરેક વાતનું શ્રવણ, મનન, નિદિધ્યાસન રાખો. આવો આત્મા વિશેષજ્ઞ હોય. એવા માણસ દુનિયાના વિશિષ્ટ તત્ત્વને ઝટ ત્યાંથી શોધી કાઢશે. સારું હશે તે લઈને અંતરમાં ભરશે. કચરા ભેગી પડેલી આની ફેંકી દેવાની નથી હોતી; આમ ખરાબની વચ્ચે પડેલું પણ સારું હોય તો લઈ લેશે.

જ્યારે આ પ્રજ્ઞા વિશેષજ્ઞતા આવશે ત્યારે સારા ખોટાનો વિવેક સરળ બનશે. ખરું હોય છતાં ખોટું હોય

તો એનો ત્યાગ કરો. સારું પછી એ પ્રાચીન હોય કે અર્વાચીન પણ ગ્રહણ કરો. જે અવિચ્છિન્ન છે તેનો સ્વીકાર કરો.

વૃદ્ધાનુગ હવે પછીનો સદ્ગુણ છે તે વિશેષજ્ઞ હોય તે વૃદ્ધોનો અનુગામી બને. તમને દોરનાર અને પ્રેરણા આપનાર કોણ છે? વૃદ્ધો. જેણે માર્ગ જોયો છે અને તેની ઉપર ચાલેલ છે એ બીજાને માર્ગ બતાવી શકે. એમનું અનુકરણ કરો તો એમનું ડહાપણ, અનુભવ મળે અને માણસ ઠોકરમાંથી બચી શકે. એ માર્ગના એ ભોમિયા હોય છે તેથી, માર્ગમાં આવતા ભય આપણને એ બતાવી શકે છે. ખાડા-ખાબોચિયામાંથી જે પસાર થયેલો હોય તે રસ્તાનો ભોમિયો થઈ બીજાને માર્ગ બતાવી શકે છે.

કેટલાક લોકો કહે છે કે વૃદ્ધનો અનુભવ અમને નથી જોઈતો, અમારે તો જાતે અનુભવ કરવો છે. પણ ઝેર અને અગ્નિના શું અનુભવ અને અખતરા હોય? એના અખતરા કરનાર ઠોકર ખાય છે અને એમાં પોતે પણ પૂરા થઈ જાય છે. આટલા માટે આપણને કહેવામાં આવ્યું છે કે 'महाजनो येन गतः स पन्थाः।' મહાજન એટલે જેનામાં મહત્તા છે, જે વિશિષ્ટ તત્ત્વવાળા છે એવાને પગલે ચાલીએ તો એ આપણને ખાડા ટેકરામાંથી બચાવે.

આ વૃદ્ધ એટલે પાકા વાળવાળો દાંત વગરનો નહિ. આ વૃદ્ધત્વને દેહ સાથે સંબંધ નથી, ઉંમર સાથે સંબંધ નથી.

એક રાજાની સભામાં એક શેઠ આવ્યો. રાજાએ એને પૂછ્યુ કે તમને કેટલાં વરસ થયા છે? તમારે દીકરા કેટલા છે? તમારી સંપત્તિ કેટલી છે? શેઠે કહ્યુ કે મારી ઉંમર દસ વરસની છે. દીકરા કેટલા છે એની મને ખબર નથી; સંપત્તિ ચાલીસેક હજારની છે. લોકો એને જાણતા હતા તેથી એની આ ત્રણેય વાતોથી રાજસભાને આશ્ચર્ય થયુ, કૌતુક થયુ. રાજાએ સ્પષ્ટતા કરવાની આજ્ઞા કરી.

શેઠે જે વર્ષોની વાત કરી એ જુદા અર્થની હતી. એણે જ્યારે વાવણી શરૂ થઈ એટલી શરૂ કરી. જ્યારથી ઇન્દ્રિયોને જીતવાની શરૂઆત કરી, આત્મબુદ્ધિ જાગી, તે કાળથી વયની શરૂઆત. બાકી તો જીવનનાં જે વર્ષો આહાર, નિદ્રા ભય મૈથુન અને પરિગ્રહમાં ગયાં તેને કેવુ ગણવુ છે? જ્યારથી માણસના જીવનમાં ધર્મબીજ વવાય ઊગે, ધર્મને એ સમજે ચિંતન, મનન, ત્યાગ અને સંયમ કેળવે ત્યારે એ ધર્મમાર્ગે વળ્યો ગણાય. પછી આવો ધર્મી માણસ, આહારની મર્યાદામાં કે રસની આસક્તિમાં સમય ન ગાળે. ભયને ચિંતનથી જીતે ભયને સમયે અભય રહે; કામ જાગે ત્યારે વિચારે કે શું હું પશુથીયે અધમ! અને પરિગ્રહ લલચાવે ત્યારે વિચાર કરે કે જીવનભર સંગ્રહ કરવાનુ જ કરુ તો મારામાં વિવેક શો? જેણે આ ચાર ઉપર વિજય મેળવ્યો એવું સમજવુ કે એનામાં ધર્મનુ બીજ વવાયુ છે બહારનો પલટો કરી, તે અસ્થાયી છે બહારનું આસ્તિ તો ઘણા બતાવે પણ તે માત્ર દેખાવનુ

સમ્યક્ત્વ હોય ત્યારે અંદરનો પલટો આવે છે પછી દરેક કામમાં સાવધાનતા આવશે. હું કરું તે કેટલા અંશે છે? એ ભાવના આજે વધુ આવી રહી છે પણ પ્રયત્નની ભાવનાથી સ્વાશ્રય નથી આવતું અને ખરું સ્વાશ્રય કરશો તો બહારના પ્રયત્નની જરૂર પણ નહિ રહે. પણ આ બે દર્શનો સામે ન રહી શકે. કાં તો પ્રયત્ન કરો અને કાં તો સ્વાશ્રય તરફ વળો.

આવો વૃદ્ધ માણસ અંદરના આત્મા તરફ વળેલા હોય છે એટલા માટે એને પરિપક્વ બુદ્ધિ કહ્યો છે. એનો અર્થ એ કે તેવો વૃદ્ધ પરિપક્વ બુદ્ધિવાળો હોય, એની વાતોમાં મીઠાશ હોય; એનામાં કડવાશ ખટાશ અને સડેલાપણું ન હોય. પાકેલી કેરીનો સ્વાદ સૌને મીઠો લાગે છે એમ, જેની વાતો વિચારો સાંભળી આનંદ આવે તે વૃદ્ધ. જેનામાં આવું ન હોય તે માણસ એના દેહવૃદ્ધત્વને લજવે છે.

આજે વૃદ્ધોના વાણી વિચાર વર્તનમાં આ પરિપક્વતા મીઠાશ છે ખરી? એ ન હોય તો જીવનને એકડે એકડો ફરી ઘૂંટો. આજે તો વૃદ્ધાવસ્થા આવતાં માણસમાં કટુતા આવે છે. ખરી રીતે તો આવે વખતે જિંદગીના અનુભવો લીધા પછી, એણે શાંતિના સમુદ્ર અને વાત્સલ્યના સાગર બનવું જોઈએ. એણે તો સારી દવા દેવાની જોઈએ. વડીલે કટુતાથી આકરા ન બનવું, પ્રસન્નતાથી વાતાવરણ હળવું બનાવવું જોઈએ. આને માટે પરિપક્વતા જરૂરી છે.

આવા વૃદ્ધે તપ ઉપવાસ જ નહિ પણ તિતિક્ષા સહનશક્તિ કેળવવાની છે ભક્તિ કરવાની છે અને કાયા પર કષ્ટ આવે તો પણ સહેવાનુ છે સહન કરવા માટેનુ સામુહિક નામ એટલે તપ માણસ જેટલુ તપ કરે તેટલો તે મહાન છે આ તપ ગમે તે અવસ્થામા શક્ય છે

કાચા ઘડામાં પાણી ભરો તો એ ફૂટી જશે અને પાણી પણ ચાલ્યુ જશે. પણ એને ત કો મળે તાપ માથી એ પસાર થાય ત્યારે ટકોરા સહન કરવા એ શક્તિ આવી થાય છે તાપ પછીથી જ યોગ્યતા આવી શકે છે અને ધમનુ જીવન સરળ બને છે

માણસ થોડાક દાનથી પૈસાથી અધિકારથી જ ધમ આચરવા માટે લાયક નથી થઈ શકતા એ બધાનુ ફળ તો સાધના અને તિતિક્ષામા પરિણમવુ જોઈએ. પછી એ ગમે તેવા દુ ખોથી પણ ફૂટશે નહિ કે ફાટશે નહિ જેમા અમૃત ભરી શકે એવુ પાત્ર બનવા માટે આ તપ તિતિક્ષાની ખાસ જરૂર છે એણે તો સહન કરવાનુ છે અને કડવા ઘૂટડા પી જવાના છે માણસ જ્યારે આવી જાતના છ બાહ્ય અને છ આતર તાપમાથી પસાર થાય છે ત્યારે એનામા ખરી પૂણતા આવી શકે છે આતરિક તપ પ્રાયશ્ચિત્ત વિનય વૈયાવચ્ચ, સ્વાધ્યાય ધ્યાન અને કાયોત્સર્ગ તથા બાહ્ય-અનશન ઉણોદરી વૃત્તિસક્ષેપ કાયાક્લેશ રસત્યાગ અને સલિનતા છે

આમ તપની ઉપાસના દ્વારા એ તપોવૃદ્ધ હોય,

જ્ઞાનની ઉપાસના દ્વારા જ્ઞાનવૃદ્ધ સંયમની ઉપાસના દ્વારા ચારિત્ર્યવૃદ્ધ હોય. જનક રાજાને એકવાર ઊંઘમાં સ્વપ્ન આવે છે એમાં એ હારે છે ને ભિખારી બને છે માગી લાવેલા અનાજથી પેટ ભરે છે વધેલું થોડુંક સાંજ માટે રાંધી રાખે છે ત્યાં લડતા લડતા બે આખલા આવે છે અને એની ઠોકરથી પાત્ર ફૂટી જાય છે અન્ન ઢોળાયું જાય છે અનાજ ધૂળમાં મળતાં એનામાં ભય જાગ્યો ને ત્યાં એમની આંખ ઊઘડી ગઈ જુએ તો એ રાજમહેલમાં પલંગમાં સૂતેલા છે અને નોકરો ખમા કરી રહ્યા છે

બીજે દિવસે રાજસભામાં એ બધા વિદ્વાનોને પૂછે છે કે યત્ સત્યં વા તત્ સત્યમ્ ? આ સાચું કે તે સાચું ? કોઈ જવાબ નથી આપી શકતું જે ઉત્તર ન આપી શકે તેને એ કેદમાં નાખે છે ત્યાં મહાવિદ્વાન અષ્ટાવક્ર સભામાં આવે છે એનાં આઠેય અંગો વાંકાં જોઈ સભા હસી પડે છે આમ બધાને હસતા જોઈ અષ્ટાવક્ર પણ હસવા લાગ્યા.

રાજાએ એમને પૂછ્યું કે અમે સૌ તો તમારાં વાંકાં અંગો જોઈને હસ્યા પણ તમે શા માટે હસ્યા ? એમણે જવાબ આપ્યો કે અહીં બધા ચમારો બેઠા છે, તમે એ ચમારોના રાજા હોવા છતાં જનકવિદેહી તરીકે ઓળખાઓ છો એ જાણીને હું હસ્યો.

રાજાએ એમને પૂછ્યું કે અમને ચમાર કહેનાર તમે કોણ ? એમણે જવાબ આપ્યો કે મેં તમને ચમાર કહ્યા કારણ કે તમે સૌએ મારી ચામડી જોઈ મારું ચામડું

માત્ર જોયું અને હસવા લાગ્યા; કોઈએ એની અંદર રહેલ જ્ઞાનજ્યોત, દિવ્ય આત્માને જોવા પ્રયત્ન ન કર્યો. ચામડાને કોણ જુએ ? ચમાર. તમે પણ અહીં બેઠા થઈ એમ ચામડું જ જુઓ છો ને ?

આપણે પણ લોકોના દેહ જોઈએ છીએ; બાહ્ય રૂપને જોઈએ છીએ. આપણી આંખ પાસે માત્ર રૂપરંગનો આકાર જ આવે છે પણ જો આપણે અંદરના આત્માને જોવાની દૃષ્ટિ નહિ કેળવીએ તો આત્મજ્ઞાન આવશે ક્યાંથી ?

નાની એવી કીડીને જ જુઓને ! એનામાંય તમારા જેવી, સુખદુઃખની ભાવના પડી છે. સુખને એ વાંછે છે ગળપણ એનેય ગમે છે. એનેય તડકો નથી ગમતો, એનેય છાંયાની શાંતિ જોઈએ છે. આવી કીડીને જોતાં, આપણા જ જેવા આત્માનું આપણને જ્ઞાન જાગે છે ખરું ? એના જેવા બીજા પ્રાણીમાત્ર પ્રત્યે સમભાવ જાગે છે ખરો ? માટે બાહ્ય રૂપ, રંગ અને દેહના આકારને જોવાનું છોડી, અંદર રહેલા અદ્ભુત આત્માને જોતાં શીખો.

માટે નરનારીના રૂપની પાછળ રહેલા આત્માનું દર્શન કરો. બાકી તો કવિએ ગાયું છે તેમ—

નર નારીના રૂપમાં હાડ, ચામ ને માંસ
શું એને સુંદર કહો, જેમાં દુર્ગંધ વાસ.

આવી કાયાની માયા શી ? એકસરેના ફોટામાં જેમ બાહ્ય રૂપરંગ વગેરે નહિ, પણ અંદરના ભાગનું પ્રતિબિંબ દેખાય છે તેમ આપણે પણ દેહની પાછળ રહેલા પરમ તત્ત્વને

જ્ઞાનની ઉપાસના દ્વારા જ્ઞાનવૃદ્ધ, સંયમની ઉપાસના દ્વારા ચારિત્ર્યવૃદ્ધ હોય. જનક રાજાને એકવાર ઊંઘમાં સ્વપ્ન આવે છે એમાં એ હારે છે ને ભિખારી બને છે માગી લાવેલા અનાજથી પેટ ભરે છે વધેલું થોડુંક સાંજ માટે રાંધી રાખે છે ત્યાં લડતા લડતા બે આખલા આવે છે અને એની ઠોકરથી પાત્ર ફૂટી જાય છે અન્ન આખું જાય છે અનાજ ધૂળમાં મળતાં એનામાં લય લાગ્યો ને ત્યાં એમની આંખ ઊઘડી ગઈ જુએ તો એ રાજમહેલમાં પલંગમાં સૂતેલા છે અને નોકરો ખમા કરી રહ્યા છે

બીજે દિવસે રાજસભામાં એ બધા વિદ્વાનોને પૂછે છે કે इदम् सत्यं वा तत् सत्यम् ? આ સાચું કે તે સાચું ? કોઈ જવાબ નથી આપી શકતું જે ઉત્તર ન આપી શકે તેને એ કેદમાં નાખે છે ત્યાં મહાવિદ્વાન અષ્ટાવક્ર સભામાં આવે છે એનાં આઠેય અંગો વાંકાં જોઈ સભા હસી પડે છે આમ બધાને હસતાં જોઈ અષ્ટાવક્ર પણ હસવા લાગ્યા

રાજાએ એમને પૂછ્યું કે અમે સૌ તો તમારાં વાંકાં અંગો જોઈને હસ્યા પણ તમે શા માટે હસ્યા ? એમણે જવાબ આપ્યો કે અહીં બધા ચમારો બેઠા છે, તમે એ ચમારોના રાજા હોવા છતાં જનમવિદેહી તરીકે ઓળખાઓ છો જાણીને હું હસ્યો.

રાજાએ એમને પૂછ્યું કે અમને ચમાર કહેનાર તમે કોણ ? એમણે જવાબ આપ્યો કે મેં તમને ચમાર કહ્યા કારણ કે તમે સૌએ મારી ચામડી જોઈ મારું આમ,

માત્ર જોવું અને હસવા લાગ્યા; કોઈએ એની અંદર રહેલ જ્ઞાનજ્યોત દિવ્ય આત્માને જોવા પ્રયત્ન ન કર્યો. ચામડાને કોણ જુએ ? ચમાર. તમે પણ અહીં ભેગા થઈ એમ ચામડાં જ જુઓ છો ને ?

આપણે પણ લોકોના દેહ જોઈએ છીએ; બાહ્ય રૂપને જોઈએ છીએ. આપણી આંખ પાસે માત્ર રૂપરંગનો આકાર જ આવે છે પણ જો આપણે અંદરના આત્માને જોવાની દૃષ્ટિ નહિ કેળવીએ તો આત્મજ્ઞાન આવશે ક્યાંથી ?

નાની એવી કીડીને જ જુઓને ! એનામાંય તમારા જેવી, સુખદુઃખની ભાવના પડી છે. સુખને એ ચાહે છે. ગળપણ એનેય ગમે છે. એનેય તડકો નથી ગમતો. એનેય છાયાની શાંતિ જોઈએ છે. આવી કીડીને જોતાં આપણા જ જેવા આત્માનું આપણને જ્ઞાન થાય છે ખરું ? એના જેવાં બીજા પ્રાણીમાત્ર પ્રત્યે સમભાવ જાગે છે ખરો ? માટે બાહ્ય રૂપ, રંગ અને દેહના આકારને જોવાનું છોડી, અંદર રહેલા અદ્‌ભુત આત્માને જોતાં શીખો.

આ રે નરનારીના રૂપની પાછળ રહેલા આત્માનું દર્શન કર્યા બાકી તો કવિએ ગાયું છે તેમ—

નર નારીના રૂપમાં હાડ ચામ ને માંસ
શું એને સુંદર કહે જેમાં દુર્ગંધ ખાસ.

આવી કામાની માયા શી ? એકસરેના ફોટામાં જેમ બાહ્ય રૂપરંગ વગેરે નહિ પણ અંદરના ભાગનું પ્રતિબિમ્બ ઝીલાય છે તેમ આપણે પણ દેહની પાછળ રહેલા પરમ તત્ત્વને

અનુભવની એરણ

વૃદ્ધોને અનુસરીએ તો વિપત્તિમાંથી ઉગરી જઈએ. પણ વૃદ્ધોને અનુસરવા પહેલાં, વૃદ્ધ કોણ એ સમજીએ. વર્ષ કાઢ્યા તેથી જ્ઞાન આવ્યું છે એમ નહિ. એટલા માટે મનીષીઓએ કહેલું કે વર્ષો સાથે જ્ઞાનનો સંબંધ હોય, તો હજારો પથરા પણ જ્ઞાની બનવા જોઈએ. પણ વૃદ્ધનો એ અર્થ નથી.

વૃદ્ધ એટલે શાસ્ત્રમાં એના ચાર પ્રકાર છે. જ્ઞાનવૃદ્ધ, તપોવૃદ્ધ, ચારિત્ર્યવૃદ્ધ, વયોવૃદ્ધ. ઘરડો અથવા તો જુવાન, પણ જેનામાંથી જ્ઞાનની ધારા વહે છે તે જ્ઞાનવૃદ્ધ. તપ કે તિતિક્ષા વડે સુંદર જીવન ગાળે તે તપોવૃદ્ધ. એનો પ્રભાવ સમાજ આખા પર પડે, એ સમાજમાં આવીને બેસે તો સૌનું ધ્યાન જાય. સૌને માન થાય અને શાંતિનું વાતાવરણ પ્રસરે. ચારિત્ર્યવૃદ્ધ : આરાધના, નિષ્પાપ જીવન, સેવામાં તરબોળ, બીજાનું દુઃખ જોઈ એની આંખમાં સમવેદનાનાં આંસુ આવે, પાપ જોઈ એ વ્યથા પામે. પુણ્ય પનોતા ચારિત્ર્યથી દીપે. વયોવૃદ્ધ એટલે જીવનકાળની પરિપક્વતાથી મધુર થયા હોય તે. આવા વૃદ્ધોના નેતૃત્વથી સમાજ સુખી થાય છે

વૃદ્ધની વ્યાખ્યામાં કહેલું છે કે ધોળા વાળવાળો તે જ વૃદ્ધ નહિ, પણ જે તપોવૃદ્ધ અને શ્રુતવૃદ્ધ હોય એવું જૂન સાંભળ્યું હોય તે બહુશ્રુત. Wellread—પુસ્તકપંડિત અને બહુશ્રુતમાં ફેર છે એ બેઉ એકબીજાના પર્યાયવાચક શબ્દો નથી. પુસ્તકપંડિતે ઘણું વાંચેલું હોય છે બહુશ્રુત એટલે જેણે ઘણું સાંભળ્યું છે તે. વાચવા અને સાંભળવામાં ભાવનાનો ફેર છે વાચનારો ખુરશીમાં બેઠો બેઠો ઘણું વાંચી નાખે પણ બહુશ્રુતને તો શ્રવણ કરવા ત્યાગ કરવો પડે છે; શિષ્યભાવે ઉપાસના કરવી પડે છે પોથી પંડિતો જગતમાં ઘણા મળે છે પણ એમની પાસે માત્ર સ્મૃતિનો સંચય હોય છે; શ્રવણ—સાધનાની મૂડી નહિ.

શ્રુત તો શ્રવણ દ્વારા આવે છે આગમો એ શ્રુત છે; એ કાંઈ લખાયેલા ન હતાં. ભગવાન પાસેથી શ્રી ગૌતમે શ્રી સુધર્માએ; સુધર્મા પાસેથી જમ્બૂએ; એમ એ શ્રુતજ્ઞાન શ્રવણ દ્વારા ઝિલાયું છે આ શ્રુતજ્ઞાન ઉપાસના, સંયમ ત્યાગ અને તપ દ્વારા આવે છે જેનામાં એ જ્ઞાન આવે તેનું જીવન પલટાઈ જાય. શ્રુત સાંભળવાથી જીવનમાં ત્યાગનો સૂર્ય ઉદય પામે છે અને અજ્ઞાનનો અંધકાર ચાલ્યો જાય છે

માણસ અહીં સાધુ પાસે સાંભળવા આવે છે અહીં માણસ માથું નમાવે છે ને તેનો અહંકાર ઓછો થાય છે આટલા માટે હરિભદ્રસૂરિ મહારાજે કહ્યું છે કે સાધુની સેવાથી ત્રણ ફાયદા થાય છે સારો ઉપદેશ સાંભળવાનો મળે છે સંતના હૃદયમાંથી નીતરતી માણસના મનને

અસર કરી જાય છે સાધુ વસ્તુને વળગેલા નથી, તેથી તે છોડાવી શકે છે ત્યાગમાંથી જ ત્યાગ જન્મી શકે રાગમાંથી ત્યાગ ન જાગે; આસક્તિમાંથી અનાસક્તિ ન ઊગી શકે સાધુ એમનો ઉપદેશ મનને પહોંચે છે અસર કરે છે ને જીવનમાં પલટો લાવે છે બીજું એવા ધર્માચારી પુરુષોના દર્શનનો લાભ. ધર્મની અસર જ એમનું જીવન, તેમનું વાચન અને મનન હોય છે તેમનાં દર્શનથી પણ પ્રેરણા મળે છે

આજે છાપાવાળા અને પૈસા માટે જ કથા વાંચતા લોકો પણ ધર્મની વાતો કરતા થયા છે પણ એ બધું દલાલ ઝવેરાતની વાત કરે, એના જેવું જ લાગે. અનાધિકારીની વાતો ન શોભે; એ માટે અધિકાર જોઈએ, યોગ્યતા જોઈએ.

ત્રીજો લાભ એ કે સાધુના યોગે, વિનયનો લાભ થાય છે આત્મા જ્યાં નમે નમે એવું સ્થાન માણસને જગતમાં જોઈએ. સાધુ એ જગની અંદર આદર્શ રહે તો એ નક્કી થાય. સાધુ કે સદ્ગુરુને પ્રભુને વડીલને નમવું જોઈએ, આપણામાં એ નમવાનો વિનય આવશે તો પાછળની પ્રજા પણ એમ કરશે.

શ્રુત એટલે શ્રવણ; અને તે પણ ભક્તિ અને વિનય પૂર્વક આમ સાંભળનારા ઉપદેશને સાંભળીને પચાવે છે પોપટિયા દુનિયામાં ઘણા મળશે પણ બહુ ન ઓછા મળશે. એકમાં શબ્દો છે; બીજામાં ચારિત્ર્ય છે છિપાણાની કેડીમાં ભક્તિ વિના સુંદર કાવ્ય વાંચવા મળે તેથી શું

જશે નહિ, પણ તાપસીનો સંપર્ક સાધશો તો ઉષ્મા આવશે. એકલું પોથીવાચન એ તો અગ્નિ વિષેના કાવ્ય વાચન જેવું છે પણ જેનામાં ચારિત્ર્ય છે એની પાસે જાઓ તો તમને એની હૂંફ મળે, તમારા મન ઉપર એની સુંદર અસર થાય એટલે, સતોનાં પુસ્તકો કરતાં તેમનો સંપર્ક પણ ઇચ્છનીય છે

આ માટે જૂના કાળમાં ગુરુકુળ–ગુરુઆશ્રમો હતા. ગુરૂ પાસે બેસી, અંતેવાસી થઈ અભ્યાસ કરતા એમના જ્ઞાનથી જીવનમાં પૂર્ણતા અને પરિપક્વતા આવતી એ કાળના ગુરૂ જોતા કે આપેલું જ્ઞાન એનામા કેટલું ઊતર્યું છે; એની પરીક્ષા લેતા અને આ રીતે વૃદ્ધો પાસેથી વિનયપૂર્વક જીવનનું જ્ઞાન મેળવતા

કારણકે વૃદ્ધ વિવેકવત હોય. એ વિવેકથી કાર્યો કરે જાણવા લાયક જાણે અને છોડવા જેવું લાગે તેને છોડવા તૈયાર હોય.

આવા માણસને યમ હોય; પોતાની ઇંદ્રિયો ઉપર એનો યમ હોય આંખ, નાક કાન–બધાનો સ્વભાવ તણાઈ જવાનો છે પણ એ સયમથી સર્વને કાબૂમાં રાખે છે વળી તેનો સયમ પણ સુંદર હોય છે એનામા ચારિત્ર્ય જીવનની મધુર સુંદરતા હોય છે આ બધુ જ્યારથી આવવા માંડે ત્યારથી એની ઉંમરના સાચા વર્ષો શરૂ થયાં જણાય

પેલા શેઠે એટલા માટે કહેલું કે છેલ્લા દસ વર્ષથી જ

મને આ દૃષ્ટિ આવી છે; બાકીનાં વર્ષો તો નકામાં ગયાં. તપ, ધ્રુવ એકાગ્રતા વિવેક, જ્ઞાન અને ચારિત્ર—આ છમાંથી એકાદનો પણ ઉદય થાય ત્યારથી ઉંમર ગણાવી જોઈએ.

રાજાનો બીજો પ્રશ્ન કેટલી મૂડી છે? એ કહો. લાખોપતિ, છતાં એણે ૪ હજારની મૂડી કહી. કારણ? સાચા રૂપિયા તો એ કે જે સારાં કામોમાં વાપર્યા હોય. સેય કરીને મૂકી જનાર જગતમાં ઘણા હોય છે પણ પ્રેમથી પોતાને હાથે, સ્વેચ્છાથી ખરચી જનારા વિરલ હોય છે. પ્રેમથી વાવેલું જ ઊગી નીકળે છે.

માટે કહ્યું કે પાંચ કોડીનાં ફૂલડાં, પામ્યા દેશ અઢાર. એક વખતનો સામાન્ય માનવી મહાન કુમારપાળ બની જાય છે તે એની જ નિર્મળ ભાવનાથી. હૃદયની શુદ્ધિ અને એકાગ્રતાથી ભક્તિ કરતાં જે કર્મ કરો તે ભાવથી કરો. ફૂલપૂજા એ હૃદયનો ભાવ છે એ કર્મ ઢગલા કરવા જેવી વસ્તુ નથી. ભલે એક ફૂલ ચડાવો પણ તે ભાવથી અપૂર્વતાના આહ્લાદથી ચડાવો. પાંચ કોડીનાં ફૂલ ચડાવતાં પણ પોતાની આંખમાં હર્ષનાં આંસુ આવ્યાં અને તે રાજા કુમારપાળ બન્યો. દીધું પણ પ્રેમથી દીધું તો ઊગી નીકળ્યું.

પૈસો સાચો વાપરેલો એ કે જે વાપર્યા પછી આનંદ આવે. દાણો—બિયારણ સારું હોય તો જ પાક સારો આવે. તમે એવી પ્રસન્નતાથી આપો કે તમારું વાવેલું સુંદર રીતે બહાર આવે. માટે શેઠે જવાબ આપ્યો કે આવા કામમાં

પાંત્રીસ રકમ તે ચાલીસ હજારની. એની પાછળ મારી આવી ભાવના હતી.

આજ સુધીનાં જ મોમાં આપણે કીડીની માફક ફરમાં એવું જ કર્યું છે પાપ કરી કરી દુર્ગતિ પામ્યા છીએ અને એવું કરેલું આવી પડી શકે છે તો શું આટલી સમજણ પછી પણ હજુ પેલી કીડીઓ જેવું જ જીવન રાખવું છે?

ચોકને ત્રીજો પ્રશ્ન પૂછવામાં આવેલો કે દીકરા કેટલા? મા-બાપ મરવા પડે અને એને જે શાંતિ આપે—જે સેવા કરે—છેલ્લી ઘડીએ કાનમાં પ્રભુનું નામ સંભળાવે—જે શાંતિથી વિદાય આપે એ સાચા દીકરા ઘણીયે આત્મકથાનાં આંસુ ઓમાં વાંચશો તો જણાશે કે મૃત્યુકાળે મા-બાપની સેવા કરનાર દીકરા જ પાસે ન મળે.

અંતિમ કાળે પિતાને સમાધિ ન કરાવે તો એ દીકરા શા કામના? છેલ્લી પળે ભગવાનનું નામ સંભળાવે એ જ સાચા દીકરા, બાકી દીપકા તો છે જ ને!

શ્વાન પણ અન્ન અને દૂધ માટે પાછળ પાછળ ભમે છે એમ, પિતાની મૂડી માટે બાપ પાસે ભમનારા એવા મતલબિયા ઘણા હોય છે દીકરાની ખરી મહત્તા તો એ છે કે બાપની પાસે લેવું કાંઈ ન હોય છતાં સમજે કે જીવનભર મા-બાપના એની ઉપર ઉપકાર છે સમાધિપૂર્વક મા-બાપનું મૃત્યુ કરાવે એની અંતિમ ઈચ્છા ને ભાવનાઓ પૂરી કરે એ ખરા દીકરા.

આપવું તેથી એવું કે જેનામાં આ ૭ વિશેષણો હોય તે વૃદ્ધ ગણાય. આવો વૃદ્ધ પાપાચારમાં પ્રવૃત્ત ન હોય. જેઓમાં જીવનનો અનુભવ છે જ્ઞાન, તપ, શિયળ છે તેવું અનુગામિત્વ એ સારું છે આવા વૃદ્ધો જો સમાજના નેતા હોય તો સમાજને સાચે રસ્તે દોરે અને એમનું ક્ષેમ થાય.

તા. ૧૫–૮–૬

વિનય

સત્તરમા સદ્ગુણ વૃદ્ધાનુગામિત્વમા આપણે જોયુ કે જેનામાં પરિપક્વ બુદ્ધિ છે કેવળ બુદ્ધિ છે જે જ્ઞાનવૃદ્ધ ચારિત્ર્યવૃદ્ધ અને તપોવૃદ્ધ છે આવા વૃદ્ધનુ જે અનુકરણ કરે છે તે માણસ અનેક વિપત્તિમાંથી તરી જાય છે આવા માણસમાં વિનય સહજ હોય

એકના સદ્ભાવથી બીજાનો સદ્ભાવ જાગે છે, જ્યાં સદ્ભાવનો અભાવ હોય ત્યા સદ્ભાવ ન આવે. એવા લોકોમા પૂર્વના સદ્ગુણના અભાવને લીધે સદ્ગુણનો સ્વભાવ હોતો નથી.

જેમ બધા ધર્મોનુ મૂળ દયા છે એમ બધાય ગુણોનું મૂળ વિનય છે વિનય ન હોય તો કર્યું-કરાવ્યુ બધુ નકામુ જાય છે આટલા માટે જ આપણે બાળકોને સૌ પ્રથમ વિનય શીખવીએ છીએ. વિનય હશે, તો બીજુ બધુ આવશે. જેનામા ગુણીજન માટે પૂજ્યભાવ નથી એ એમની પાસેથી શુ મેળવી શકે? આ વિનય એટલે સીધુ પાત્ર અવિનય એટલે ઊંધુ પાત્ર. સીધુ પાત્ર હોય તો વસ્તુ એમાં રહી શકે ઊંધુ પાત્ર હોય તો વસ્તુ ઢોળાઈ જાય

આ પ્રમાણે જે વિનયશીલ હોય છે એનામાં કંઈ પણ દોષ હોય તેને તે તરત જ ધોઈ દેશે; જ્યારે અવિનયવાળા માણસમાંથી એ ધોવાઈ જશે. ધૂળમાં ઘી રેડી, ગોળ નાંખી લાડવા વાળીએ, તો ખાવાને માટે નહિ ભાવે. લાડવા લોટના થાય, ધૂળના નહિ. અવિનય હોય તો ધૂળ-ગોળના લાડવા જેવી અવસ્થા થાય માટે વિનય કેળવવો અત્યંત જરૂરી છે જ્યારે આપણામાં વિચાર, વાણી અને વર્તનમાં વિનય આવશે ત્યારે જ આપણે બીજાને, આપણાં બાળકોને એનો વારસો આપી શકીશું

તમે જો તમારાં વડીલોને અને ગુરુજનોને અપમાનની દૃષ્ટિએ, અવિનય અને તિરસ્કારથી જોતાં હશો તો જ્યારે તમે વડીલ થશો ત્યારે તમારાં બાળકો પણ તમારી પ્રત્યે એમ જ વર્તશે. તમે આનો વિચાર કરો છો ખરા? આજે આપણે નાના પાસેથી અપેક્ષા રાખીએ છીએ પણ વડીલોની તો ઉપેક્ષા જ કરીએ છીએ. માટે વડીલો પ્રત્યે આજે તમે વિનય-ભક્તિ બતાવો તો આવતી કાલે તમારાં બાળકો પણ એમ જ વર્તશે.

એક બાઈને એવી ટેવ કે સાસુ જ્યારે ખાવાનું માગે ત્યારે એ પિત્તળ કે કાંસાના વાસણમાં કાઢીને ખાવાનું આપવાને બદલે ઠીકરાનાં વાસણમાં આપે. પછી એ બાઈનો દીકરો પરણ્યો અને ઘરમાં નાની વહુ આવી. એણે જોયું કે એની સાસુ દાદીમાને આમ ઠીકરામાં જમવાનું આપે છે. એણે રોજ એ વાસણો ધોઈ સાફ કરી–

ઉપર માળિયામા મૂકવા માંડયાં

છ એક માસ થયા અને સાસુ એકવાર ઉપલા માળિયામાં નજર નાખે છે ઠાંઠીના વાસણોનો ઢગલો સાસુએ પુત્રવધુને પૂછયુ કે આપણા ઘરમાં તો સુંદર વાસણો છે અને તે આવા ઠીકરાનાં વાસણ કેમ ભેગાં કર્યા ?

વહુનો જવાબ સુંદર હતો એ વિનય અને અવિનય નો સૂચક હતો એણે સાસુજીને કહ્યું કે બા, તમે જેમ તમારી સાસુને આવા ઠોબરાં આપો એ એમ તમે પણ જ્યારે ઘરડા થશો ને માથા પકશો ત્યારે હું કુંભારને ત્યા ઠોબરા ક્યા શોધવા જઈશ ? એટલે, ત્યારે તમને આપવા માટે આ બધા સંઘરી રાખુ છુ

વહુના આ શબ્દો સાંભળી સાસુ સમજી ગઈ આપણે જો બીજાને માન, સન્માન, વિનય ન આપીએ તો એ માગવાનો આપણને શો અધિકાર છે ? ધ્યાનમાં રાખજો કે આજે ઉપેક્ષા કરો એ તેવું સ્થાન કાલે તમારુ ય થશે. આજે આપણે સન્માન માગીએ છીએ, પણ કોઈ ને એ આપવા આપણે તૈયાર નથી

આજે આપણા રાષ્ટ્રમા સો કેળવણીકારોની શિસ્તનો વિચાર કરી રહ્યા છે બધા કહે છે કે કેળવણીમાં ખામી છે, તેથી આમ બને છે પણ કઈ ખામી છે એ કોઈ શોધતુ નથી. ખરી વાત એ છે કે વિદ્યાર્થીઓમા વિનય રહ્યો નથી. વિદ્યાર્થીઓના અંતરમાંનો ગુરુ પ્રત્યેનો પ્રેમ આજે ઘટી ગયો છે ઘરની અંદર જ્યાં મા-બાપો ગુરુ

માટે 'વિદિયો' 'પતુજી' કે 'માસ્તર' શબ્દ વાપરે ત્યાં દીકરામાં વિનય આવે ક્યાંથી ?

એક સમય એવો હતો જ્યારે મા-બાપો ઘરમાંથી જ આ માન, પોતાના બાળકોમાં કેળવવા માંડે એ સહ્યું નથી. જૂના કાળમાં આપણે શીખતા કે માતાને, પિતાને, ગુરુને અને અતિથિને દેવ ગણવા જોઈએ. એ કાળમાં એ ચારેય પ્રત્યે આપણે દેવની દૃષ્ટિએ જોતા હતા, એમને એ મુજબ માન આપતા હતા.

આવા ગુરુઓ પાસેથી એકાદ અક્ષર પણ મંત્રરૂપ મળી જતો તો એમાંથી જીવનનું સુંદર વૃક્ષ ઊગી નીકળતું પણ આજે વિનય રહ્યો નથી એટલે સુંદર વૃક્ષ ઊગી નીકળતું નથી અને જીવનને એ શીળી છાયા આપતું નથી.

એટલે દુનિયાના બધા ગુણોનું મૂળ આ વિનય છે જેમ જેમ વિનય રાખવાશે તેમ તેમ વિદ્યા જીવનમાં નવો રસ લાવે. સફેદ કપડા ઉપર જામે તે રંગ જલ્દી ચઢી જાય છે એમ, જેનું મન વિનયશીલ છે તેના મન ઉપર વિદ્યાનો કોઈ પણ રંગ જલદીથી ચઢી શકે છે

કુલચાળ નામનો એક નાનો છોકરો હતો. પિતાની પાસેથી એણે ત્રણ વાતો શીખી. માન આપવું વિનય રાખવો અને વડીલનું વચન ન ઉથાપવું એણે પોતાના જીવનની અંદર આ ગુણોને ઉતારવાનું મનમાં લીધું

એક વાર એ બાપ સાથે તલાટી પાસે ગયો. તલાટીને એના પિતાએ નમન કર્યું. કુલચાળને લાગ્યું કે મારા પિતા

એને નમે છે એ મારા પિતા કરતાં પણ મહાન્ હોવા જોઈએ એથી એણે પણ જઈને તલાટીને નમન કર્યું અને એમની પાસે રહેવાની ઈચ્છા જણાવી. એ કહે કે મારે પગાર નથી જોઈતો, મને માત્ર સેવાની તક આપો તલાટી ખુશ થઈ ગયો ને એણે છોકરાને પોતાને ત્યાં રાખ્યો એમની પાસે રહીને પેલા ત્રણ મંત્રો પ્રમાણે એ જીવવા લાગ્યો

એમાં એકવાર આ તલાટી રાજ્યના મહામંત્રીને મહેલસુધી મળવા ગયા પેલો કલશાળ સાથે હતો મંત્રીને જોઈ તલાટી એમને નમ્યા કલશાળને થયુ કે તલાટી કરતા તો આ મંત્રી વધુ મહાન્ લાગે છે માટે ગાડને, એમની સેવા માગું? એણે તો જઈને કહ્યુ કે મંત્રીજી મારે આપની પાસે રહી આજ્ઞાંકિત, નમ્ર અને સેવાભાવી થવુ છે; માટે મને આપને ત્યાં રાખો. આપની સેવા કરવાની મને તક આપો

માણસ કરતાય લોકોને તો માણસનુ કામ જ ખરી રીતે વધુ સુંદર લાગે છે ને! ? માણસ કામ ન કરે, સેવા ન કરે અને માત્ર-રૂટા-રૂપાળો હોય તો પણ એને કોણ સ માન આપે! જેઓ દુનિયામા લોકપ્રિય બન્યા છે તેમણે દેશ, ગામ માટે કાંઈક કામ કર્યુ હોય છે; એથી જ એમનુ સ્થાન લોકોના હૃદયમાં જાગે છે જે આમ બીજાને ખાતર જીવે છે તે હમેશા લોકપ્રિય થવાનો જ ચંદન જેમ ઘસાય છે અને તેની સુવાસ વધુ આપે છે તેમ માણસ બીજાની સેવામાં જો ઘસાઈ જાય તો જ સમાજમાં એની સુવાસ પ્રસરે.

આ ઉપરાંત કામને લીધે, વિનયને લીધે, મંત્રીને વહાલો થઈ ગયો. એક વાર મંત્રી રાજા પાસે જતા ત્યારે એ પણ સાથે ગયો. એના જીવનમાં એક જ ધૂન કે પેલી ત્રણ વાતો જીવનમાં ઉતારવી. મંત્રી સાથે આ કુલવાળ પણ શ્રેણિક રાજા પાસે પહોંચ્યો. મંત્રીએ રાજાને નમન કર્યું. એટલે આ સમજ્યો કે મંત્રી કરતાં આ રાજા મહાન લાગે છે. માટે આ રાજાની સેવા કરવી વધુ ઠીક છે.

માણસ એ કુલવાળની માફક આમ એક જ વાતને વળગે તો ક્યાં સુધી એ જઈ શકે છે એ જુઓ. પછી તો એકમાંથી અનંત બનશે. વડલાના એક બીજમાંથી જબરજસ્ત વડલો ઊભો થાય છે ને ! હજારોને આરામ અને શાંતિ આપે છે. એમ જીવનમાં ગુણરૂપી બીજને ભૂમિ, પાણી સારાં મળી જાય તો જ એ ફૂલે-ફાલે છે.

માટે આપણે પણ હજાર વાતને વળગવા કરતાં એક સદ્ગુણને વળગવું જોઈએ. આજે લોકો દરેક વસ્તુ જરા જરા જાણે છે પણ એકમાંય પૂર્ણ નહીં; એકે વાતમાં નિષ્ણાત નહીં. Jack of all and master of none માં મજા નથી. મજા તો એક વિષયમાં પૂર્ણતા મેળવવામાં છે, એના સ્વામી બનવામાં છે, અનેકમાં અંગુપાત કરી જીવન વેડફી ન નાખો. એકાદ વાત, એકાદ સદ્ગુણને જ એવો કેળવો કે એની સાથે તમારું નામ જોડાઈ જાય. જ્યારે એમાં આવી ખરી સંપૂર્ણતા કેળવશો, ત્યારે તમારો એ સદ્ગુણ તમારી સાથે એકાકાર બની જશે. અજવાળાની

બુદ્ધિ, બાહુબલિનું બળ, કેવલ્યાનું સૌભાગ્ય—વગેરે, આજે અઢી હજાર વર્ષ થવાં છતાં તમે તમારા હૃદયમાં યાદ કરીને હરખો છો. આનું કારણ એ કે તેઓ તે તે ગુણોમાં પૂર્ણ હતા.

આપણે પણ એકને વરીને, એમાં પૂર્ણ બનીને જીવવાનું છે; સદ્‌ગુણની વ્યાપકતા જીવનમાં કેમ આવે તે માટે પ્રયત્ન કરવાનો છે. દર વર્ષે એકાદ ગુણના પણ જો તમે સ્વામી બનો તો ૨૫–૩૦ વર્ષમાં કેટલા બધા ગુણ આવી જાય! પણ આજે માણસ આ વાત વિચારે છે જ ક્યાં!

આપણા જીવનના પાણી આમ વેરવિખેર ન થઈ જાય માટે આપણે તો નીક બનવાનું છે. નીક હશે તો એ દ્વારા ક્યારામાં પાણી પહોંચશે. તમારા જીવનમાં આજે આવી કોઈ નીક છે ખરી? આનો વિચાર કર્યો છે ખરો? એવી એક સુંદર નીક બાંધો કે જેથી જીવનનો ક્યારો હર્યોભર્યો અને લીલોછમ બની જાય.

બે બાબતોની સેવા—સન્માન અને વચન ન ઉથાપવું—એ બે જ જીવનમાં લઈને બેઠેલો કઠિયારો, ઉજ્જૈને વિક્રમ પાસે આવ્યો. પછી તો રાજાને એના વગર ચાલે જ નહિ એવું થઈ ગયું. કેવો આશ્રિત! કેવો સન્માન આપનારો! કેવો વચન પાળનારો! એના વિચાર વાણી અને વર્તનમાંથી વિનયભાવ જ નીતરતો દેખાય છે કે:

રાવણ શિરીષ રેન દે હોમા શિરસ મન!
એક વચન કે કારણે જન આપના કર મેન."

કાગડો કોઈનું કાંઈ લઈ લેતો નથી અને કોયલ કોઈને કાંઈ આપી દેતી નથી; છતાં કોયલ એના મુખના વિનય અને મધુરતાભર્યા શબ્દને કારણે જગતને પોતાનું બનાવી દે છે. આમ વચન સાથે જો વતન આવી જાય તો સમજજો કે જગત તમારું છે; જો વિનય હશે તો બધા તમારા છે.

ગુણ કેળવો, પણ વિનયને ન ભૂલો. હળવાળને આથી જ શ્રેણિક પાસે સ્થાન મળ્યું. પછી એકવાર એ જ રાજા શ્રેણિક ભગવાન મહાવીરને વંદન કરવા ગયા. જઈને એમના ચરણમાં પડ્યા. મહારાજ કરતાંય આ ભગવાન મોટા લાગે છે એ હળવાળે જોઈ લીધું અને તે ભગવાન મહાવીર પાસે દોડી ગયો અને હળ તથા તલવાર તેમની પાસે ધરી દીધાં. એણે ભગવાનને જઈને કહ્યું કે મારો નિશ્ચય છે, સંકલ્પ છે કે આપની સેવા કરવી. મારો સ્વીકાર કરો. હું મારી આ હળ-તલવાર સાથે આપના રક્ષક તરીકે ઊભો છું.

ભગવાને એને કહ્યું કે આ તારી તલવાર અને હળ કોઈ ખરે વખતે રક્ષણ નથી કરી શકવાનાં. સાચું રક્ષણ તો આ રજોહરણ કરશે. કારણ કે એમાં દયા ભરેલી છે; એ જ ખરું રક્ષણ કરી શકશે. હળવાળમાં વિનય સાથે સમાનભાવ પણ હતો. વિનય એ બાહ્ય પરિણામ છે; સન્માન એ અંતરનો ભાવ છે; અને આજ્ઞાપાલન એ આગળ વધવાનો, તરવાનો માર્ગ છે. વિનય સાથે આ સમાનભાવના આવશ્યક છે. વિનય હોય પણ સમાનની

ભાવના ન હોય તો ન આવે. જીવનમાં વિનય, સન્માન ને આજ્ઞાપાલન ત્રણેય ગુણો જરૂરી છે આવા વિનયવાન આત્મા જ મેઘને જોઈને જેમ મોર નાચે એમ, ગુણિયલ માણસોને જોઈ નાચી ઊઠે છે

કેશશ્યાળની વિનય-ભાવનામાં ભગવાન માટે સન્માન મળ્યુ તે અમૃત બની ગયુ કેશશ્યાળે એ જ સમયે ભગવાનની આજ્ઞા લીધી રજોહરણ લીધુ અને તે મુનિ થઈ ગયો.

કેશશ્યાળ આપણને શીખવે છે કે તમારા કરતાં ઉંમરમા, ગુણમાં, તપમા, આરાધનામા, જ્ઞાનમાં જે મહાન હોય તેને સન્માન આપો તમે જે આપશો તે જ તમને પાછુ મળશે. મોટો તો એ કહેવાય કે જે નાનાનુંય સન્માન કરે નાના માટે પણ જે તુકારો તોછડાઈ ન વાપરે.

માણસની ભાષામાંથી એનુ અતર દેખાઈ આવે છે. એક જણ ન દેખતાને માટે આંધળો શબ્દ વાપરે, બીજો એને પ્રજ્ઞાચક્ષુ કહે છે વસ્તુ એક છે પણ બીજો શબ્દ કેટલો સુદર છે! આપણે ભાષા સમિતિની વાતો કરીએ છીએ. ભાષાસમિતિ એટલે શુ? શબ્દો પસદ કરીને બોલો. વણીને બોલાયેલો શબ્દ તમારી લાયકાત અને યોગ્યતા બતાવશે. માણસ જો સામાન્ય વસ્તુ માટે પણ પસદગી કરે છે તો જીવનમાં વપરાતા શબ્દો માટે કેમ નહિ કરતો હોય! આ વિચારવા જેવુ છે

કેશશ્યાળની કથામાંથી આપણે જોયુ કે જે માણસ

વિનય શીખવે છે તે આગળ વધી શકે છે વિનય એ તો આમ મોક્ષનું એક સાધન છે વિનયમાંથી જ્ઞાન, જ્ઞાનમાંથી દર્શન, દર્શનમાંથી ચારિત્ર્ય અને ચારિત્ર્યમાંથી મોક્ષ પ્રાપ્ત થાય છે મોક્ષનો એ અધિકારી બને છે

આથી વિનયને અત્યંત ઉપયોગી સદ્ગુણ ગણવામાં આવ્યો છે જેનાથી માણસનો આત્મા નિર્મળ બને છે

તા. ૧૬-૮-૬

કૃતજ્ઞતા

મનુષ્યનું જીવન, સદ્ગુણો પામવાનું એક સુંદર ધામ છે અગાઉ લખેલા સદ્ગુણોનો આપણે વારંવાર વિચાર કરવાનો છે જેમ માણસને પોતાનું સ્થૂળ જીવન ટકાવવા ખાવા પીવાની જરૂર છે તેમ આત્મા અને મનની પુષ્ટિ માટે આવા સદ્ગુણોની જરૂર છે

આપણે જોઈ શકીએ તો જીવનનો પ્રત્યેક દિવસ, એ સુંદર પર્વનો દિવસ છે જીવનની મંગળતાનો દિવસ છે. પણ આ માટે પ્રત્યેક દિવસ પહેલાં આરાધનામય બનવો જોઈએ. મન હરરોજ પવિત્ર, નિર્મળ, શાંત રહે તો જ મળેલી જ્ઞાનની ધારા, દિવસને એક પર્વરૂપ બનાવી દે છે

આપણે સૌએ કૃતઘ્ની નહિ, કૃતજ્ઞી બનવાનું છે કોઈએ આપણા માટે નાનું પણ કામ કર્યું હોય તો આપણે અનેકગણું કરીને પાછું વાળવું જોઈએ. આનો પાઠ ધરતી આપણને શિખવે છે એક દાણામાંથી એ અનંતગણું કરીને પાછું આપે છે જગતમાં માત્ર માણસ

જ એક એવો છે જેને આપો એટલે એ ખાઈ જાય કે જગતમાં આવ્યું કે આજે એ રીત જ થઈ ગઈ છે કે હું આખા આલમનું ખાઉં અને મારું ખાય એનું નખ્ખોદ જાઉં

કુદરતે આપણને પાંચ ઇંદ્રિયો આપી છે એ પંચ ભૂતોના આપણે ઋણી છીએ, પણ આપણે એમને માટે કંઈ કરીએ છીએ ખરા? ખરો કૃતજ્ઞી તો એ છે કે જે સામાએ પોતાની ઉપર શા ઉપકાર કર્યા છે એ ધ્યાનમાં રાખે, અને તેનો બદલો વાળવા ઇંતેજાર રહે છે

આપણી ઉપર ગુરુનો, માતપિતાનો આપણને મોટા કરનારનો, સમાજની સહાય મેળવી આગળ આવ્યા તેનો અને પંચમહાભૂતોનો ઉપકાર રહેલો છે

પ્રથમ ઉપકાર ગુરુનો ગણવામાં આવ્યો છે કારણ સંસારરૂપી ઘોર અંધારા કૂવામાંથી એ આપણને પ્રકાશપૂર્ણ જગતમાં લાવે છે આપણી ઉપર વાત્સલ્ય વહાવે છે સગાંઓનો સ્નેહ સકારણ સહેતુક હોય છે પણ ગુરુનો સ્નેહ અકારણ, નિષ્કામ હોય છે એ તો કંઈ માગ્યા વગર આપણને સદુપદેશ આપી અને ચાલ્યા જાય છે એને બદલાની ઇચ્છા નથી રહેતી

ગુરુનું જીવન વૃક્ષ જેવું છે નદી જેવું છે વૃક્ષ, એને ત્યાં જે આવે તેને છાંયો આપે છે ફળ આપે છે સરિતા કોઈને પૂછતી નથી કે તું ક્યાંનો છે કેવો છે? એ તો કાંઠે આવેલા સર્વને પાણી આપી તૃષા છિપાવે

છે. ગુરુમાં આ બેઉ ગુણો રહેલા છે

આત્માને શાન્તિ આપવાનું કામ જ્ઞાનીઓનું-ગુરુ-ઓનું છે માટે યશોવિજયજી મહારાજે કહ્યું છે કે જેણે તને સમ્યક્ત્વ આપ્યું જેણે તને મિથ્યાત્વના કૂવામાંથી બહાર કાઢ્યો એવા તારા ગુરુના મોટા ઉપકારનો બદલો તું શી રીતે વાળી શકવાનો છે ? ગુરુનો ઉપકાર એવો છે કે અનેક ભવોમાં પણ એ વાળી ન શકાય

જગતમા માણસ એકલો આવ્યો છે અને છેવટે તો એણે એકલા જ જવાનું છે સાથમા એનાં સત્કર્મો અને ભલાઈ સિવાય કોઈ આવવાનું નથી. આપણને આ જ્ઞાન આપનાર ગુરુ છે એ જ્ઞાનના બદલામાં, લૌકિક સર્વ વસ્તુઓ તમે આપો તો પણ એ ઋણ પૂરું થાય તેમ નથી એ ઋણ ચૂકવવા માટે તો રોજ એમનું સ્મરણ કરવું ઘટે દિવ્ય આત્માની વિચારણા કરવી ઘટે

ઘણા પૂછે છે કે આપણાથી ક્રોધ, માન માયા છૂટતાં નથી અને ઉપકારી ગુરુઓ યાદ આવતાં નથી. એનો એક ઉપાય એ છે કે ક્રોધ વગેરે ક્યાંથી શા માટે આવ્યાં એ તમે શોધો અને સદ્ગુણોનું બળ વધારો. ચડતાનાં દૃષ્ટાંત જુઓ, પડતાના નહિ તો ક્રોધ વધુ કાંપે તમે આગળ આવી શકશો.

ગુરુ પાસે પણ શાસ્ત્રના જેવી અત્યંત સૂક્ષ્મ દૃષ્ટિ હોય છે એથી તેઓ આપણી અંદરની વાતોને સ્થિતિને

જોઈ શકે છે એ માત્ર પુરુષો જોઈ શકે કે તમારા હૃદયમાં ક્રોધના કેવા તણખા પડ્યા છે; કેવી માનની ટેકરીઓ ઊભી છે; કેવી માયાની ઝાડીઓ જામી છે; કેવા લોભના ખાડાઓ ખોદાયા છે. આ બધાને લીધે જ માણસ સત્ય ધર્મનું ધ્યાન કરી શકતો નથી, અને સહજસુખમય બની શકતો નથી. માણસ જ્યારે આમ પોતાને બરાબર જુએ છે ત્યારે તેને જણાય છે કે મારા સમ કોણ કુટિલ, ખલ, કામી — મારા જેવો બીજો કોઈ કુટિલ, લોભી અને કામવાસનાથી ભરપૂર માણસ નથી.

એમ ધર્મે આપણને આ એક સુંદર સાધન આપ્યું છે. એ ધ્યાન એટલે આંતરિક સંશોધનની સત્પ્રવૃત્તિ. ધ્યાન પણ આવે તો આપણે છીછરી, નાની વાતોમાં ગુંચાઈ ગયા છીએ. આધ્યાત્મિક આરોહણને બદલે, સંપ્રદાયો અને પ્રસિદ્ધિની ક્રિયામાં પડી ગયા છીએ. આપણો ખરો માર્ગ એટલે આત્માનો માર્ગ. માટે ભગવાને કહ્યું કે જીવ! તે બહારનું બધું કર્યું પણ અંતરને શોધવાનું કામ તેં નથી કર્યું એટલે હેરાન-પરેશાન થાય છે. હવે આપણે એની પાછળ લાગવાનું છે.

હવે તમે વીતરાગી જેવા સાધુ પાસે જાઓ અને તમારી જાતને જુઓ. સામે સામે સરખામણી પણ કરવા લાગો કે પ્રભુ આવા શાંત અને હું આવો ક્રોધી! તમે જ્ઞાનની જ્યોત ને હું આવો અજ્ઞાનપૂર્ણ ક્યાંથી કોણ? તમને જગત પૂજે તોય તમે નિરભિમાની અને મને કોઈ

ન પૂછે હોય કે હું આટલો અભિમાની! આમ શા માટે? ભગવાન તમને કેવળ જ્ઞાન લાધ્યું, તો મને કેમ નહિ! ભગવાનની અને આપણા આત્માની આમ સરખામણી કરો તો અહંનું તત્ત્વ ભાંગે, ગુણ પ્રત્યે આદર પ્રગટે અને કોઈ પાસેથી થોડું પણ કંઈ મળ્યું હોય તો તેના પ્રત્યે ભાવ જાગે, અને આમ કૃતજ્ઞતા પણ વિકસે.

તા. ૩૦-૮-૬

ઉપકાર—ચતુષ્ક

માણસ બીજા બધા ગુણોથી શોભતો હોય છતાં એનામાં આવો કૃતજ્ઞતાનો ગુણ ન હોય તો બીજા બધા ગુણ ઉપર પાણી ફરી વળે. જેણે તમારું નાનું એવું પણ કામ કર્યું હોય વિપત્તિમાં સહાય કરી હોય, એને યાદ ન રાખો તો તમારામાં રહેલા ગુણ ક્યાંઈ જ જવાના ને!

સંસારમાં આજે કૃતજ્ઞતાનો ગુણ ઓછો થઈ ગયો છે. અહંકાર આણીને માણસ ધર્મનો દેખાવ કરી રહ્યો છે પણ પોતાના જીવનમાં ક્યારે કેણે કેવી સહાય કરી હતી એની યાદ રાખતો માણસ બંધ થયો છે. જૂના જમાનામાં એક માણસ બીજાના ઉપર ઉપકાર કરતો તો બીજો માણસ પોતાનું એ ઋણ ફેડવા માટે તત્પર રહેતો. આજે આ ભાન છે ખરું!

આપણી ઉપર ગુરુ ધર્મ માતાપિતા, સમાજ વગેરે અનેક જણના ઉપકાર રહેલા છે. ગુરુને કારણે આપણે આગળ આવતા થયા; હવે બદલામાં કામ કરતાં આપણને શરમ થવા લાગ્યો છે. આપણને માનવતાનું જે જ્ઞાન થઈ રહ્યું છે તે આવા ગુરુને લીધે. આમ છતાં જીવનમાં ક્યારેક પશ્ચાત્તાપનું પ્રાબલ્ય જાગે ત્યારે આવા ઉપદેશના પ્રકાશને

તેથી જ હું આ ઠીક કરતો નથી એમ એને લાગે છે, અને એ ખોટું કરતાં અટકી જાય છે

આમ સદ્ગુરુનો સમાગમ અને શાસ્ત્રોક્ત શ્રવણ, માણસને પાપ કરતાં આંચકો આપે છે એનાથી. પાપ કર્યા બાદ તુરત જ પશ્ચાત્તાપ જાગે છે, સદ્ગુરુના શબ્દો એવી વેળાએ કાનમાં ગુંજી ઊઠે છે; અને તેથી જ આપણે વધી-વાર અપાપ કૃત્ય કરતાં બચી જઈએ છીએ.

ગુરુ પછી આપણા બીજા ઉપકારી તે માતપિતા પોતાના બાળકો માટે એ શુભેચ્છા રાખે છે અને પેટે પાટા બાંધીને પણ એને ઉછેરે છે એઓ પોતાના દીકરા માટે ટાઢ અને તડકો વેઠે છે પોતાના કર્તવ્ય એ દીકરા માટે વધુ જીવે છે એ માત-પિતાનો ઉપકાર કેવો અપૂર્વ છે?

ત્રીજો ઉપકાર તે સમાજનો એના નિમિત્તે તમે આગળ આવ્યા તમારી આવડત ખરી, પણ તમને આગળ વધેલ વમાં સમાજની સહાય રહેલી જ છે બાકી જો તમે તમારા પૈસા માત્ર મોજશોખમાં વાપરો તો સમાજ તમને માન શા માટે આપે? મૂડીવાદની સામે આજનો સામ્યવાદ કાંઈ અમને આવ્યો નથી; આપણે એને લાવ્યા છીએ પહેલાંના શ્રીમંતો સમાજ માટે અર્પણ કરતા તો સમાજ એમને સમાન આપી આગળ બેસાડતો. આજે ધનવાન પોતાના મોજશોખમાં પૈસા ખર્ચે છે તો પછી સમાજને એવા શ્રીમંતોની શી પડી હોય?

જ્યારે આપણે જગતમાં આવીએ છીએ ત્યારે આપણે રડીએ છીએ અને સગાંઓ હસતાં હોય છે. હવે માણસે કરણી–ધર્મ એવો આચરવાનો છે કે જેથી એ હસતો હસતો જાય અને એની પાછળ ગામ આખું રડે. સારી વ્યક્તિની આપણને ગેરહાજરી સાલે છે પણ તે એના દેહને માટે નહિ, પણ તેની ઉદારતા, મહાનુભાવતા વગેરે ગુણોને લીધે.

આ કૃતજ્ઞતા આપણને ચાર વાત શીખવે છે કોઈએ આપણી ઉપર ઉપકાર કર્યો હોય તો તે કદી ભૂલવો નહિ કોઈને માટે તમે ઉપકાર કર્યો હોય તો એને યાદ કરવો નહિ. કોઈએ આપણી ઉપર અપકાર કર્યો હોય તો એને માફી આપવી! અને આપણાથી કોઈનો અપકાર થઈ જાય તો સામાની માફી માગવી.

ધર્મનું બીજ આમાં રહેલું છે મૃત્યુની પથારીએ પણ કૃતજ્ઞતાવાળો માણસ વિચારે કે મારી ઉપર થયેલા ઉપકારનો બદલો હવે હું ક્યાં વાળીશ!

એક ડોશી હતી. એ જાત્રાએ જવા નીકળી. રસ્તામાં એક કૂતરો એનું ભાતું ખાઈ ગયો. ડોશી ભૂખી થઈ છે વિચારે છે ત્યાં એક વણજારો આવ્યો ને ખાવા બેઠો. એણે માજીને પણ ખાવા બોલાવ્યાં. વણજારામાં માનવતા હતી. એણે માજીને બોલાવ્યાં અને બેઉએ સાથે બેસી પ્રીતથી ભોજન કર્યું ઉઠ્યાં ઊઠતાં માજીએ કહ્યું કે આ અન્નનું ઋણ હું ક્યારે

મારુ ગૌરવ નથી, ગૌરવ તો જમવાડવામાં છે પેલો વણજારો કહે કે તમારી સાથે જમવામાં તો મારુ અન્ન સફળ થયું; તમે જમીને મારી ઉપર ઉપકાર કર્યો છે

હું ફલાણા ગામમાં રહુ છુ મારુ નામ લખરા. કામ પડે ને યાદ કરશો તો ઉપકાર થશે. એમ કહીને શેઠીએ વિદાય લીધી. એ વાતને દસ વરસ થઈ ગયાં. પણ શેઠી રોજ વિચાર કરે છે કે પેલા વણજારાને ઉપકાર હું ક્યારે વાળીશ ?

એ આવા વિચાર કરી રહી છે- ઉપકારની વાતોમા જ એનુ મન રોકાયેલુ છે આવે કાળે માણસને જીવનના ઉંડાણમાંથી સરસ ચિંતન મળે છે અને સુંદર ભાવના જાગે છે એ વિચારોમાં જ માણસે આગળ વધવાનુ હોય છે

પણ માણસમા આ શક્યતા છતાં આજ એ કેવો બની ગયો છે! પરદેશનો કોઈ માણસ કરોડપતિ થાય તો એને દુ:ખ નથી પણ એનો ભાઈ કરોડપતિ થઈ જાય તો એને ઈર્ષ્યા જાગે છે આ દશા છે આજે જગતમાં ઘણાને ઈર્ષ્યાનો આ ક્ષય (ટી. બી.) લાગુ પડ્યો છે સર્વત્ર ઈર્ષ્યા જ પ્રગટ થઈ રહી છે અને એ માણસના લોહીને બાળી રહી છે

આવી જ રીતે માણસ કીર્તિ અને પ્રશંસા પાછળ ઘેલો બની રહ્યો છે પણ એ કીર્તિ તો પાણીની ઉપર લખેલા અક્ષર જેવી છે- એ કાંઈ બેસી રહેવાની નથી.

આત્મસમાધિ માટે કરેલાં ઉજ્જ્વળ કર્મો સિવાય અહીં શું રહેવાનું છે? માણસનું જીવન તો પાણીના પરપોટા જેવું છે. કાળજળના પ્રવાહમાં એનું સ્થાન શું?

માણસને આજે એવી ભૂખ લાગી છે કે બીજાનું નામ ભૂંસી, હું ત્યાં મારું નામ લખું; કીર્તિ પામું! એ ભૂલી જાય છે કે એમ તું બીજાનું નામ ભૂંસવા તૈયાર થયો છે એમ, તારા પછી આવનારો, તારું નામ શા માટે નહિ ભૂંસે? સંસારનું આ દર્શન છે! આજે સૌ આમ અભિમાન, ગૌરવ, અહંકારમાં મસ્ત છે. પછી વિચાર કોણ કરે?

પછી તો દસ વરસ ચાલ્યાં ગયાં. એકવાર પેલો વણજારો પકડાયો. એ નિર્દોષ હતો. પણ એને આ ગામમાં કોઈ ઓળખે નહિ. રાજાએ પૂછ્યું : તમે નિર્દોષ છો એનો પુરાવો શો? તમને કોઈ ઓળખે છે? વણજારાને પેલી ડોશી યાદ આવી. એણે પોતાનો સ્મૃતિખજાનો તપાસ્યો. ડોશીનું નામ યાદ કર્યું અને કહ્યું : મહારાજ, મારી પાસે જે માલ છે તે મારો જ છે તે આપ વિશ્વાસથી માનો. હું પરદેશી છું. મારે કોની ઓળખાણ હોય? પણ આ ગામમાં ગજરા નામે એક ડોશીને હું જાણું છું. પણ એ ક્યાં રહે છે તે મને ખબર નથી. રાજાએ તપાસ કરાવી. ડોશી તો વાટ જોઈને બેઠી હતી. એ દોડીને ગઈ; એની જામીન થઈ નિર્દોષ વણજારાને એણે છોડાવ્યો અને પછી પોતાને ત્યાં માનપૂર્વક બોલાવી જમાડ્યો. ડોશીએ

કહ્યું 'આજનો દિવસ ધન્ય છે કે મારા ઉપકારીને સત્કારવાની ધન્ય પળ મને મળી છે'

અન્ન આપેલું તો એને ખાતર આખી આટલું બધું જોખમ ખેડવા પણ તૈયાર થઈ ગઈ એનું નામ કૃતજ્ઞતા. પણ તો આજે લોકો કોઈને મુસીબતમા પડેલા જૂએ છે તો ત્યાંથી એ ફરવી ભાગી જાય છે જીવનની સુધારણા માટે આપણે આ બધી વાતોની આલોચના કરવાની છે

તા. ૩૧-૮-૬

કૃતજ્ઞતાનો સંદેશો

માણસમાં જેમ જેમ સદ્ગુણો જાગે છે તેમ તેમ એની ભૂમિકા બદલાતી જાય છે. બાળકને ધક્કો લાગે તો પડી જાય છે પણ યુવાન એનાથી પડી જતો નથી. આમ જ્યારે માણસને જીવનમાં દુર્ગુણોનો ધક્કો વાગે છે ત્યારે સદ્ગુણોથી યૌવનકાળમાં આવેલો માણસ પડી જતો નથી. સદ્ગુણોની સાથે માણસમાં અંદરથી શક્તિ જાગે છે. આવા કૃતજ્ઞી માણસો જગતમાં બહુ ઓછા છે.

તેલનું એક ટીપું જો પાણીમાં પડે છે તો પાણીની આખી સપાટીને જેમ તેલમય બનાવી દે છે એમ, સદ્ગુણોથી ભરેલા મનમાં એકાદ વધુ સદ્ગુણ પડે છે ત્યારે તે માનવીના આખા જીવનમાં પ્રસરી જાય છે; આ કુદરતનો નિયમ છે.

સજ્જન માણસો આવા પાણી જેવા હોય છે જેઓ સદ્ગુણને વ્યાપક બનાવે છે; દુર્જન લોકો તપેલા તેલ જેવા હોય છે; એમાં સદ્ગુણ નાખ્યો હોય એને બાળીને ભસ્મ કરી દે છે.

એક કલામ હતો. તેણે એવી વિદ્યા મેળવેલી કે જેથી એ કોઈ પણ વસ્તુને હવામાં અધ્ધર રાખી શકતો. એક

સાધુએ આ વાત જાણી, એણે વિનવણી કરીને ગુલામ પાસેથી સિદ્ધિ સાધ્ય કરી, પણ જ્યારે એ સાધુ બીજા પાસે ગયો ત્યારે એણે કહેવા માંડયું કે મે જાતે જ અપૂર્વ સાધના કરી, હિમાલયમાં જઈ આ શક્તિ મેળવી છે. ગુલામને ગુરુ ગણાવતાં એને શરમ લાગી. એ આમ જૂઠું બોલ્યો અને પરિણામે આકાશમાં અધ્ધર રહેલી એની તુંબડી એના માથા ઉપર જ પડી અને એનું માથું ફૂટી ગયું. આમ માણસ આજે કૃતજ્ઞતાહીન થઈ રહ્યો છે.

સદ્ગુણ મેળવ્યા વગરનું મનુષ્યનું જીવન તુચ્છ છે. બ્રહ્માંડના માપથી જુઓ તો મનુષ્યનું સો વર્ષનું આયુષ્ય, એ પૂરા બિંદુ સમાન પણ નથી. આવું આપણું કિંમતી જીવન એને દુર્ગુણોની પંચાતમાં કાઢી નાખીએ, તો કેવું દુઃખદ ગણાય!

સદ્ગુણને અપનાવતાં શીખશો તો તમારી દૃષ્ટિ સદ્ગુણ બની જવાની. આટલો કાળ તો તમે ખરાબ ગોખ્યું હવે બાકી રહેલા થોડા કાળમાં તો સારું ગોખો. જીવનમાં સંચય કરવા જેવું બીજું કંઈ નથી, માત્ર સદ્ગુણ જ છે. કોઈનો નાનો પણ ઉપકાર ન ભૂલવો એનું નામ કૃતજ્ઞતા.

કૃતજ્ઞી બનવા માટે બીજું કામ એ કોઈની ઉપર આપણે કરેલા આપણા ઉપકારને યાદ જ ન કરાવવો. ઉપકારને યાદ કરાવવાથી, કરેલા કામનું મહત્ત્વ મરી જાય છે. એથી તો સામાને હીનતાનો અનુભવ થાય અને આપણા મનમાં અભિમાન જન્મે. કારણ કે કોપ ઉઠવો સહેલ છે

પરહિતનિરત

'પરહિતનિરત' એ વીસમો સદ્ગુણ છે અને તે અત્યંત ઉપયોગી છે. પહેલું સુખ તે જાતે નર્યા, બીજું સુખ તે ધને ભર્યાં. આવું તો પશુઓ પણ માગે છે. એટલે જો મનુષ્ય પણ આટલી જ ઇચ્છા રાખતો હોય તો એ માણસ શાનો?

મનુષ્યના જીવનમાં તો પરોપકારનો પ્રેમ જાગવો જોઈએ; પારકાના હિતમાં મગ્ન થવાની એનામાં તમન્ના જાગવી જોઈએ. એવે ધર્મના વિજ્ઞાનનું દર્શન કર્યું હોય તે જ પરહિતનિરત થઈ શકે.

પરોપકાર કરવામાં જ સ્વઉપકાર માની આનંદ માનો. આત્મભોગ આપી, એનો બદલો મેળવવા વાંછતા લોકોને સમાજ જ્યારે સત્કારતો નથી ત્યારે એમને સમાજ બેકાર લાગે છે. પણ મા જેમ દીકરાની સેવા કરે છે તેમ માણસે સમાજની સેવા કરવાની છે.

ધર્મને અને તેના વિજ્ઞાનને સમજ્યો છે તે જન ત્યાં સુધી બીજાની સેવા લેવા ઇચ્છા રાખતો નથી; એ પોતાનું ભાર બીજા ઉપર નાખવા ઇચ્છતો નથી.

આજનો કહેવાતો ધર્મી માણસ પારકી સેવા લેવામાં મસ્ત છે ઓછાં કષ્ટે એ વધુ ધમ કરવા તત્પર બન્યો છે મે તો ઘણી પૂજા કરી છે અને ઘણો ધમ કર્યો છે' કહીને માણસ આજે સ્વબચાવ કરતો બંધ થયો છે

માણસ પોતાની જવાબદારી બીજા ઉપર લાદી મુક્ત થવા ઇચ્છે છે પોતાનું કામ બીજા ઉપર નાખી નીકળી જવુ એ આજના સમાજમાં એક વ્યાપક બનતો માનસિક રોગ છે

પણ જ્યાં સુધી માણસ વિશ્લેષણ કરતો નથી ત્યાં સુધી વિજ્ઞાન એને હાથ આવતું નથી. અણુનું વિશ્લેષણ થયું તો નવી શક્તિ મળી. આજે હવે એ જ પ્રમાણે આપવાં ધમ અને કમનું વિશ્લેષણ કરવાની જરૂર છે

આ જગતમાં બીજાનું ઋણ ઓછું લો. બધાં વ્યાજ કરતાં કમશાસ્ત્રનું વ્યાજ બહુ જબરું છે આથી ઘણા માણસો, વડેરામાં વહેલી તકે ઋણમુક્ત થવાનો પ્રયાસ કરે છે એનાથી નવી દૃષ્ટિ મળે છે મફત કોઈનું નથી લેવું એ દૃષ્ટિ આપણે રાખવી જોઈએ. યાદ રાખજો કે કોઈ પાસેથી પટાવીને લીધુ હશે તો એ ક્યારેક પણ તમારા હાથમાંથી ચાલી જ જવાનું છે

ધમ વિજ્ઞાન જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે એની દૃષ્ટિમાં ફેર આવે છે એ જાણે છે કે લીધુ હશે તો વ્યાજ સહિત પાછું આપ્યા વગર છૂટકો નથી.

આંકડા ગણવાનું યંત્ર જડ છે પણ આંકડા ગણવામાં ભૂલ નથી કરતું જ્યારે માણસ ભૂલ કરી નાખે છે કમ

પણ આવું જડ છે છતાં એ ગણતરીમાં કોઈ દિવસ ભૂલ નથી કરતું. યોગ્ય પરિણામ એ આપે જ છે. જડની પદ્ધતિમાં આવી વ્યવસ્થાભરી ચોકસાઈ છે.

માણસ પાસે ધન આવે છે ત્યારે ધર્મ આવે કે એનાથી આઘો ચાલ્યો જાય છે. પણ ધર્મ તો અંતરનું સાચું ધન છે. એ નહિ હોય તો આત્મા દીન બની જશે. જગતનાં કંચન, કામ, કુટુંબ અને કાંતા ધર્મને ભૂલાવી દે છે.

સોનું વધતું જાય છે તેમ તેમ એને વધારવાની ભાવના વધે છે. કાયાની તેજમાં માણસ એનો સમય વેડફી નાખે છે. પોતે સૌ સગાંનો વિશાળ સમુદાયનો સભ્ય થાય એ એને ગમે છે, પણ પોતે જન્મકાળે એકલો આવ્યો છે ને મૃત્યુકાળે એકલો જવાનો છે એ વાત જ ભૂલી જાય છે.

માણસને જીવનમાં સૂવા માટે એક ખૂણો, ખાવા માટે મૂઠી અન્ન અને પહેરવા માટે બે જોડી કપડાંની જરૂર છે. આમ છતાં માણસ આજે કપડાં અને અલંકારોની પાછળ કેવો ગાંડો બન્યો છે!

સદ્ગુણી માણસના મનની અંદર આવાં પ્રલોભનો અને માનવતા વચ્ચે યુદ્ધ ચાલે છે, પણ ત્યારે એ પ્રલોભનો ઉપર વિજય મેળવી જીવનને આગળ વધારે છે. એટલે આવો ધર્મનિરત માણસ, આસપાસના બધાનો વિચાર કરે, તેને સુધારે અને સમાજને આગળ લાવવામાં સહાયક થાય.

તા. ૩-૯-૧

સમષ્ટિની ભક્તિમાં મુક્તિ

આગલો પાઠ બરાબર સમજાય એ માટે પાછલા પાઠનુ જ્ઞાન જેમ જરૂરી છે તેમ એક ગુણ બરાબર પચાવ્યા પછી જ નવો ગુણ પીરસાય છે કોઈનુ ભલુ કરેલુ સંભારવુ નહિ અને કોઈએ આપણુ ભલુ કર્યુ હોય તો ભૂલવુ નહિ. આથી કૃતજ્ઞતાનો ગુણ આવી શકશે.

જ્યારે માણસ કૃતજ્ઞી બને છે ત્યારે તે પરહિતમાં મગ્ન બની જાય છે પછી તો પરહિતનિરત નો ગુણ એની પ્રકૃતિરૂપ બની જાય છે ખાવુ પીવુ સૂવુ એ જેમ પ્રકૃતિ ગણાય છે તેમ સદ્ગુણો આપણી પ્રકૃતિ બની જવા જોઈએ. પરહિતમાં નિરત માણસથી ભલુ કર્યા વગર રહી શકાય નહિ જો કોઈનુ ભલુ તેનાથી ન થઈ શકે તો એના મોં પર શૂન્યતા છવાઈ જાય અને એ દિવસ એને નિષ્ફળ લાગે પણ આજે તો સ્થિતિ જુદી છે લોકો કામ કરે થોડુ અને એ થોડુ પણ ઘણુ કેમ દેખાય એની ધમાલ એટલી કરે કે એટલી ધમાલ જો કામ માટે કરે તો કેટલાનું ભલુ થઈ જાય!

પરહિતમાં હકારાત્મક ને નકારાત્મક બેઉ ભાવો

સમાયેલા છે સૌનું ભલું કરવું; એ હકારાત્મક કોઈનો ઉપકાર ન લેવો, એ નકારાત્મક પાસાનું લેતાં માણસને દુઃખ થવું જોઈએ; કારણ કે લીધેલું, વ્યાજ સાથે પણ આપ્યા વગર છુટકો થવાનો નથી.

આજે બધા લોકોમાં એક જ મનોવૃત્તિ દેખાય છે કે વધારેમાં વધારે લેવું અને ઓછામાં ઓછું આપવું પણ ખરો ધર્મ તો એ છે કે આપીને રાજી થવાને બદલે અપાવીને, લેવાને બદલે દઈને રાજી થાઓ. લૂંટેલું કે પચાવેલું ક્યાં સુધી ટકશે?

જે કામ કરવાથી માણસને નીચું જોવું પડે એ એવું શા માટે કરવું જોઈએ? આત્મા ના પાડે, પછી કોઈ પણ વસ્તુ શા માટે સ્વીકારો છો? અને બદલે આત્માનું એવું તેજ કેળવો કે જેથી તમે શરમજનક એવું કાંઈ જ ન કરો.

મહાપુરુષો આથી આપણને સમજણ આપે છે કે જીવનમાં જરૂરિયાત ઓછામાં ઓછી રાખો, તો આવી સ્થિતિ નહિ આવે. જરૂરિયાતો જ માણસને મુશ્કેલીમાં મૂકી દે છે ને છેવટે માણસને વસ્તુઓનો ગુલામ બનાવે છે જરૂરિયાતો ઓછી, તો દુઃખ પણ ઓછું આવશે. સ્વતંત્ર માનવી તરીકે જીવો. કોઈ માટે તિરસ્કાર ન રાખો અને કોઈની ગુલામી ન સ્વીકારો. તો તમે ધરતીની શય્યા ઉપર પણ પૂરી શાંતિ અનુભવી શકશો.

શિયાળામાં ગરમી ગમે છે પણ ઉનાળાના દિવસોમાં એ જ ગરમી દુઃખદ લાગે છે. એમ જ આજની વસ્તુ જે

સુખ આપી રહી છે તે કાલે દુઃખદ બનશે માટે વસ્તુ પ્રત્યેનું મમત્વ છોડો.

જિંદગીમાં એવી કરણી કરો કે શાંતિની પળોમાં એ તમને શાંત રાખે, કારણ કે નાની સરખી અશાંતિ નૌકામાં પડેલા કાણા જેવી છે એ કાણું નાનું છતાં આખી નૌકાને ડુબાડવા પૂરતું થાય છે

'પરહિત કરો', એમ કહેવું સુલભ છે પણ એ પ્રમાણે કરવામાં ત્યાગની આવશ્યકતા રહે છે એ ત્યાગ કરી કાયરત બનો તો તમે અમર થઈ જાઓ છો

ત્યાગની વાસળી વાગે છે અને સત્યવ્રત પિતાની અભિલાષા પૂર્ણ કરવા મહાત્યાગ કરી ચાલી નીકળે છે જે લોકો ઈંટ કે ખાતર બનીને પાયામાં પુરાય છે તે જ દુનિયાનાં ફળના પોષક બની શકે છે માટે ઉપકાર કરો પણ તે લોકો ખાતર નહિ, તમારા આત્માના આનંદ ખાતર.

મુક્તિ તો ભક્તિની દાસી છે ભક્તિ કેળવો તો મુક્તિ પાછળ દોડતી આવશે. વ્યક્તિ કરતાં સમષ્ટિના હિત માટે જીવવું એમાં જ જીવનની કૃતજ્ઞતા સાર્થકતા રહેલી છે

લક્ષ્યલક્ષ

અંતરનાં તિમિરનાં થર તોડવા માટે મહાતેજની જરૂર પડે છે આ તેજની વાંછી કરવી એ જ માનવજીવનનો મુખ્ય હેતુ છે આનુ નામ લક્ષ્યલક્ષ. માણસને જીવનમા અનેક વસ્તુ મેળવવા અભિલાષા જાગે છે પણ જીવનનું પૂર્ણ ધ્યેય શુ છે તેની એને ખબર નથી.

જે મહાતેજથી આપણે દૂર આવી પડયા છીએ એ વિયોગનુ પણ આજ આપણને દુઃખ થતુ નથી. આજે સ્થિતિ એવી છે કે જે છોડીને ચાલ્યા જવાનુ છે એની પાછળ માણસ મગ્ન બન્યો છે અને જે સાથે આવવાનુ છે એનુ લક્ષ એને સહેજ નથી

દુનિયા આખીમાં આજે એવુ ગાંડપણ વ્યાપ્યુ છે કે માનવી સાધનોને જ સાધ્ય માની બેઠો છે. પરિણામ સાધનો સાધનો નથી રહ્યાં પણ સાધ્ય બની બેઠાં છે માણસ સવારથી સાંજ સુધી સાધનની પાછળ પડયો છે પણ એ ભૂલી જાય છે કે એ આપણુ જીવનલક્ષ નથી.

નિરર્થક વાતો પાછળ સમય ગુમાવવાનુ એને પોસાય

છે પણ 'આગમ વાંચવા બેસતાં એને આળસ આવે છે
મનુષ્યનું જીવન આજે અર્થહીન બન્યું છે જીવવા ખાતર
એ જીવી લે છે અને આયુષ્ય પૂરું થવા આવે ત્યારે
ડાક્તર પાસે દોડે છે એ આપણું જીવન આવું યંત્રમય
ને જડ હોય તો એવું યાંત્રિક જીવન જીવવા કરતાં હંમેશ
માટે થઈ જવું એ વધારે સારું નથી?

કોઈ બીજાની નકામી વાતો સાંભળવા પાછળ જિંદગી
વિતાવી નાખે છે એક એક માણસની એક એક વાત,
એક એક મિનિટ પણ સાંભળવામાં સમય ખરચો તો
જીવન એમાં જ ખતમ થઈ જવાનું દુનિયામાં કેટલા
અબજ માણસ છે તે જાણો છો? એની વાતો સાંભળશો
તો ક્યારે એનો પાર આવશે?

માટે ભગવાન મહાવીરે કહ્યું છે કે બીજાને જાણવા
પહેલાં તું તારા આત્માને ઓળખવા મથ. એ તું તને
જાણીશ તો જ તું બીજાને જાણી શકીશ. જે માટીને જાણે
છે તે માટીનાં દરેક જાતનાં વાસણોને જાણી શકશે, જે
લોટને જાણે છે તે રોટલીને અને લોટની બીજી વાનગી
ઓને જાણી શકશે. દ્રવ્યના રૂપ બદલાય છે નામ બદલાય
છે પણ વસ્તુ તો એની એ જ રહે છે

જે આજે એકને સમજે છે એ કાલે વિશ્વને સમજી
શકશે; જે પોતાના આત્માને ઓળખે છે તે સૌના
આત્માને ઓળખી શકશે. વિચારસરણી બદલાય છે પણ
સત્ય બદલાતું નથી; આપણે તો માત્ર જૂના અને નવાનો

સમન્વય કરવાનો છે તો જ્યાંથી કે કાળનો પ્રવાહ વહેતો છતાં મૂળ સત્ય ઝાંખું પડતું નથી, એને કાળનો કાટ લાગી શકતો નથી, કોઈ દિવસ લાગી શક્યો નથી

જગતની સર્વ ચીજો પરિવર્તનશીલ છે આકારનાં પડ ચઢ્યા કરે છે પણ એની અંદર રહેલો આત્મા તો એનો એ જ છે આપણે એનું દર્શન કરવું એ આપણું લક્ષ છે

તા. ૫–૯–૬

ધ્યેયદૃષ્ટિ

આ ધર્મરૂપી રત્નને મેળવવા માટે આ એકવીસ ગુણ કેળવવા પડે છે અનધિકારી પાસે એ વસ્તુ આવે તો તે વસ્તુ અને તેને મેળવનાર-બેઉ નિંદાય છે ધર્મરત્નને પામનાર ધર્મી ગુણશીલ હોવો જરૂરી છે યોગ્યતા વગરનો માણસ પોતાને ધર્મી કહેવડાવે તો એ ધર્મ શાસનને લજવે છે

લબ્ધલક્ષ-યોગ્યતાની પરાકાષ્ઠા એટલે ધર્મી આત્મા. લાયકાત હોય તો ધર્મી બની શકાય પ્રથમ ધર્મી કહેવાવી, પછી લાયકાત કેળવવી મુશ્કેલ છે પ્રથમ માણસ આવશ્યક ગુણોથી સંપન્ન હોવો જોઈએ. જે આત્મા આગળના વીસ ગુણો સમજી ગયો છે એને જીવનમાં આચરે છે એ લબ્ધલક્ષ છે

માનવજીવનનો હેતુ શો ? આપણું જીવનલક્ષ શું ? હેય જ્ઞેય અને ઉપાદેય છોડવા લાયક વિચારવા લાયક અને આચરવા લાયક હોય તે. સમજુ હોય છતાં જે છોડવા લાયક હોય તે છોડતા શીખવું જોઈએ. આ સમજે છે કે શરીરનું સ્થાન એને આસરે છ એટલે ચાલવા

છતાં એને વિદાય આપે છે

માણસના આત્માને એક દિવસ આવી કહે, અચાનક આવ્યા જવાનું છે ત્યારે માણસ લક્ષ્મીવાન ન હોય ત્યારે એ દુન્યવી વસ્તુઓમાં મગ્ન થઈને ફરે છે પણ હું પૂછું છું કે જ્યારે પાપનો ઉદય થશે ત્યારે શું જગતમાં એ ધર્મ તમને સહાય કરશે ?

કુટુંબને પોષવા અર્થદંડ કરવો પડે પણ આજનો માનવી તો અનર્થદંડ પણ આચરે છે અર્થદંડ એટલે નીતિની મર્યાદામાં રહી, કુટુંબના પોષણ માટે અર્થપ્રાપ્તિ કરવી તે જ્યારે અનર્થદંડ એટલે ન્યાયનીતિને બાજુ પર મૂકી, જેમ તેમ કરી પૈસા ભેગા કરવા અને કેવળ અર્થ પાછળ જ જીવનને વીતાવવું તે છે આજના જમાનામાં પાપભીરુતાની વૃત્તિ જ રહી નથી, અદૃશ્ય થઈ ગઈ છે કસાઈખાનામાં રોજ જનારો જેમ ટેવાઈ જાય છે તેમ, માનવી આજે એનાં પાપોથી ટેવાઈ ગયો છે આત્માથી ધર્મ અને નીતિનો નાશ થાય એવો વ્યવસાય ન કરાય, એ વાત જ માનવી આજે ભૂલી ગયો છે

લોભ આજે પૈસા આગળ ભગવાનને પણ નાનો ગણે છે કારણ એને જીવનનું સાચું લક્ષ્ય બતાવનાર કોઈ રહ્યું નથી. ધર્મ અર્થ કામ અને મોક્ષ-આમાંથી માણસ આજે અર્થ અને કામ પાછળ પડ્યો છે એમાં એટલો બધો એ રચાયેલો છે કે એનું કરેલું ભોગવવાનોય એને સમય નથી. આજે મનુષ્ય ભોગ નથી ભોગવતો, પણ ભોગ

મનુષ્યને શોધની રહી છે

દિવસ પછી દિવસ કરતાં આખું આયુષ્ય ખાલી થાય છે અને છતાં માણસ એની વર્ષગાંઠ ઉજવવા બેસે છે એ શું આનંદનો દિવસ છે કે માણસ મહોત્સવ માણે છે! મળેલા વરસો ચાલ્યા જાય અને અંતરમાં જેવી ફાળ પડે એમ આ મર્યાદિત જતા આયુષ્ય માટે માણસને લાગવુ જોઈએ.

રૂપિયાનુ પરચુરણ આખડું પૂરી શકાય છે પણ આયુષ્યનુ આખડું ફરી પૂરી શકાતું નથી. આ યાદ રહે છે ખરું? તેલ ખૂટશે એટલે દીવો બૂઝાઈ જવાનો. અંતિમ પળે દીપ નિર્વાણ પામે છે તેમ, આયુષ્ય પૂરું થતાં માનવીએ ચાલ્યા જવાનુ છે

આયુષ્યના આખડા તો ૫ વાનાં જ પણ સત્કાર્ય કરતાં પડે તો આખરે સફળ થઈ જાય છે જતી જિંદગીને કોઈ અટકાવી શકતું નથી. પણ જે પાણી રણભૂમિમા ભસ્મ થાય છે એ જ પાણીને ફળદ્રુપ જમીન ઉપર વાળવામાં આવે તો એ મોતને હીરાછમ કરી થઈ શકે છે આપણા આયુષ્યનુ પણ આવુ છે આપણા મહાપુરુષો કહેતા. એમ કહેતા થવા જોઈએ કે કામ કરતા જે મર્યા અને એવુ મોતને સફળ બનાવ્યુ તો જ માનવજીવનનો ખરો અર્થ છે

બ્રહ્મચર્ય એટલે પવિત્રતા જ દૃષ્ટિ જીવનમા આવું લક્ષ એ મજબૂત નિશ્ચિત ન હોય તો બીજા બધા ગુણો નકામા બને છે જીવનમાં બ્રહ્મચર્યનુ આવુ ઉત્તમ સ્થાન છે

તા. ૧-૯-૧

ધ્યેયયાત્રા

આપણે જાણીએ છીએ કે જેટલા માણસો રત્નો પહેરે છે તે દરેક કંઈ સાગરને તળિયે જઈ ડૂબકી મારીને લઈ આવેલા હોતા નથી, પણ કોઈક ડૂબકી મારીને લઈ આવે છે ત્યારે એનો લાભ કોઈક બીજાને મળી જાય છે

આ પ્રમાણે આ ધર્મરત્નો મહાપુરુષોએ શ્રુતસાગરમાં ડૂબકી મારી, શ્રમ વેઠીને આપણે માટે મેળવી આપ્યાં છે માખણ તૈયાર કરનારને શ્રમ વેઠવો પડે છે. પણ ખાનારને સરળતા જ રહે છે આમ, આપણી ઉપર, આવાં રત્નો મેળવીને મહાપુરુષોએ કેવો અસીમ ઉપકાર કર્યો છે એ વિચારો.

જે શ્રમ આપણાં મા-બાપ પણ આપણને નથી કરી આપી શકતાં, તે મહાપુરુષોએ આપણે માટે કરેલ છે તેઓએ શાસ્ત્રોનો અભ્યાસ કરી આપણે માટે આ સુંદર રત્નો સોંપી આપ્યાં છે સંસારનાં સગાંઓ કદાચ તમને પૈસાનો વારસો આપી જશે પણ મહાપુરુષો તો તમારું શ્રેય ઇચ્છી, તમારા આત્માના ઉદ્ધાર માટે અમૂલ્ય એવું દાન આપી જાય છે

માટે જ્ઞાનીઓ કહી ગયા છે કે આપણને સાધન આપે છે માટે માતપિતાનો ઉપકાર છે અને તેથી એમને નમસ્કાર ઘટે છે પણ સદ્‌ગુરુ તો આ ભવ માટે જ નહિ ભવોભવને માટે આપણી આંખોમાં જીવનનુ અમૃત અંજન-સુરમો એ આંજી આપે છે અને આપણને નવું દર્શન કરાવે છે આથી, વિશ્વના આપણા સર્વ સ્નેહીજનો અને સ્વજનો કરતા આ ગુરુઓ આપણા વધુ ઉપકારી છે

પચ્ચીસસો વર્ષ પહેલા શ્રમણ ભગવાન મહાવીર આપણને આ બધુ શા માટે આપી ગયા હશે, એનો વિચાર કરો એમને અંતરે તો એક જ હિત હતુ કે માનવજાતનુ કલ્યાણ કરવું આ નિર્મળ ભાવનાથી એમણે આ સર્જન કર્યુ એટલે તમે જોયો કે આપણા સાચા સ્નેહીઓ તો આવા સત્પુરુષો જ છે જેઓ આપણને સંસારના કીચડમાંથી બહાર કાઢવા મથે છે

બાળક નાનુ હોય અને એ સાચા સર્પને રમકડુ માની ઝાલવા માટે હાથ લંબાવે તો મા એના બાળકને પાછો ખેંચી લે છે અને તેમ કરતા કદાચ અણસમજુ બાળક માને હાથે બચકુ ભરી લે છે તોય મા એને છોડતી નથી. બાળકને ત્યારે તો આકરુ લાગે છે પણ એમાં જ એનુ હિત છે એ મા જાણે છે

આ પ્રમાણે આપણા ગુરુઓ પણ મા જેવા હોય છે વિષયો રૂપી સર્પ સામે આપણે જ્યારે રમવા માટે લલચાઈએ ઊઠીએ ત્યારે ગુરુઓ આપણને અટકાવે છે એ

ત્યારે તો આકરા લાગે છે પણ છતાં એ જ આપણા જીવનું હિત કરે છે.

શ્રોતાઓમાં પણ જુદા જુદા વર્ગો હોય છે. કેટલાક કાન્તાસમિત હોય છે. એમને નાની નાની વાતો કહીને બાળક અને સ્ત્રીની જેમ સમજાવવું આપવાની હોય છે. બીજા મિત્રસમિત. એમની સામે દલીલો, તર્ક વગેરેથી ચર્ચા થાય; અને ત્રીજો વર્ગ તે પ્રભુસમિત. આવો આયુષ પ્રથમની બે ભૂમિકા ઓળગી ગયો હોય છે અને તેથી એના દિલમાં ગુરુઆજ્ઞા માટે શંકા જ જન્મતી નથી. એ તો ગુરુઆજ્ઞા મુજબ જ જીવે છે. અને જે શિષ્ય આમ ગુરુની આજ્ઞામાં રહે છે તેનો વિચાર ગુરુને કરવો પડે છે. પણ આ સ્થિતિ એકદમ નથી આવતી. એ માટે તો [illegible] થઈ અનેક જન્મો સુધી સાધના કરવી પડે છે.

આ જ્ઞાન એ માત્ર ચર્ચાનો વિષય નથી; એ તો આચરણની વાત છે. એટલા માટે જ્ઞાનીઓએ કહ્યું કે ગળપણ વિષે સો કવિતા વાંચવા કરતાં, સાકરનો એક ગાંગડો મોમાં નાખી અનુભવ કરશો તો એમાં વધુ જ્ઞાન અને આનંદ મળશે.

આપણે એ સમજવાનું છે કે કાયા કૃશ કરી તો વાળી શકશો પણ આત્માને કૃશ કરશો તો નહિ ચાલે. તેજસ્વી પુરુષોની કાયા કેટલીકવાર કૃશ હોય છે પણ અંદરનો એમનો આત્મા ઝગમગતો હોય છે.

આજ સુધી આપણે કાયાને પુષ્ટ કરવામાં જીવતર

વિદ્વાન છો, હવે આત્માને પુષ્ટ કરવા મથો. આ માટે જ્ઞાનની વાતો સાંભળો, લક્ષ્યલક્ષ બનો.

એક વખત એક માણસને બે ફુલ આપવામાં આવ્યા. એને કહેવામા આવેલું કે ડાબા હાથમાં સંપત્તિનો ફુલ રાખજે અને જમણા હાથમાં શાંતિનો ફુલ. એને આશા આપવામાં આવેલી કે જગતમાં તુ સંપત્તિ વહેંચજે અને શાન્તિને સાચવજે; તો તુ પૂર્ણ સુખી થઈશ.

ફુલ લઈને એ માણસ રસ્તે ચાલ્યો જાય છે ત્યાં એને પગમાં કાંટો વાગ્યો. કાંટો કાઢવા માટે એણે હાથમાંના બેઉ ફુલ નીચે મૂક્યા પણ ડાબા-જમણી બદલાઈ ગયા. એ લક્ષ્ય ચૂક્યો. હવે એ બે ફુલ લઈને સંસારમાં ગયો અને સમજણ વગર શાંતિ વહેંચવા માંડી અને સંપત્તિ સાચવવા માંડી. બસ ત્યારથી આખો માનવસમાજ ભૂલભૂલામણીમાં પડ્યો છે શાન્તિ વેચીને એ સંપત્તિ મેળવવા ફાંફાં મારે છે

આ ભૂલભૂલામણીમાંથી બહાર નીકળવા માટે આપણા જીવનમાં લક્ષ્યબિંદુ આવવું જોઈએ. આપણે લક્ષ્યલક્ષ થવુ જોઈએ.

તા. ૮-૪-૧

કે આ બધુ શા માટે કરો છો ? જીવનનો હેતુ શો ? શા માટે જીવવા માગો છો ? ક્યાં પહોંચવુ છે ? ક્યાંથી આવ્યા છો ? તેની કોઈને કલ્પના નથી આજે આ દશા છે

પેલા રસ્તા પર જનારને આપણે પાગલ માનીએ છીએ પણ આપણે કેવા છીએ ! જ્ઞાનીઓ આપણી સામે જોઈને વિચાર કરે છે કે આ બધાને કાંઈ જ ખબર નથી અને છતાં ધમાલનો પાર નથી. ચોવીસેય કલાક પરસેવો પાડીને પ્રવૃત્તિઓ કર્યે જાય છે પણ અંદરનો વિચાર જ નથી.

માટે તેઓ આપણને જણાવે છે કે શાંત પળોમાં આનો વિચાર કરો આપણે મકાન ચણવા, ઘર લેવા વસ્તુ ફેરવવા બધાનો વિચાર કરીએ છીએ પણ જીવન શા માટે છે એક એનો જ વિચાર કરતા નથી જગત છોડીને જવાની વાત કોઈને ગમતી નથી. એવી વાત અપશુકનિયાળ લાગે છે

પણ આપણે ભૂલી જઈએ કે એ આવ્યા વગર રહેવાનું નથી એક દિવસ ગયા વગર છૂટકો નથી. આપણને એ ન ગમે તોય, ક્યા સુધી મૃત્યુને આપણે ઠેલી શકવાના છીએ ! દૂર રાખી શકવાના છીએ ! અંતે એકવાર એ સામેસામ આવીને ઊભુ રહેવાનુ જ છે

શિકારી પાછળ હોય ત્યારે સસલુ જોરથી નાસી જવા દોડે છે પણ પછી થાકી જાય છે ત્યારે આંખ બંધ કરીને રસ્તામાં બેસી જાય છે ને એમ માને છે કે મારી આંખો બંધ છે તેથી હું કાંઈ નથી જોઈ શકતું એમ શિકારીનેય કાંઈ નહિ દેખાતુ હોય. પણ આ એની

લક્ષ્યબિંદુ

જીવનમાં દરેક કાર્ય લક્ષ્યલક્ષવાળો માણસ લક્ષ રાખીને જ કરે, વ્યવસ્થિત ને વિચારણાપૂર્વક જ કરે. વહાણ જ્યારે એનું લંગર ઉઠાવે છે ત્યારે એનું પહોંચવાનું બંદર નક્કી થઈ ગયું હોય છે

જીવનના કોઈપણ ક્ષેત્ર માટે લક્ષ્ય નક્કી કરવું જરૂરી છે આ પ્રમાણે, આપણે શા માટે જન્મ્યા છીએ, શા માટે જીવવું છે એનો વિચાર કરવો જોઈએ. જેના જીવનમાં લક્ષ્ય નથી તેની દશા બંદર વગરના નાવિક જેવી થાય છે એવાને કોઈ કિનારો, કોઈ બંદર હાથ આવવાનું નથી.

મુંબઈમાં બહારગામથી કોઈ આવી ચડે અને રસ્તે આવ્યો જતો હોય એને તમે પૂછો કે ક્યાં આવ્યા? તો કહેશે: ખબર નથી. ક્યાંથી આવ્યા? તો કહેશે: ખબર નથી. ક્યાં જવું છે? તો કહેશે ખબર નથી. આવાને તમે શાણો કહો ખરા?

આપણી બધાની દશા પણ આવી જ નથી? બધા ઉતાવળમાં જીવે છે કોઈને સમય નથી; બધા ધમાલમાં પ્રવૃત્ત છે; કામના ભારથી લદાયેલા છે એ બધાને પૂછીએ

ઝૂમતા છે

મનુષ્યજાતની પાછળ પણ આવો કાળનો શિકાર આવી રહ્યો છે અને છતાં મરવાનો વિચાર જ આપણે નથી કરતા; નથી કરવા માગતા. ઘણા મર્યા અને ઘણાને બળતા છતાં આપણને હજી જ્ઞાન થતું નથી.

માટે જ પૂ. વિનયવિજયજી મહારાજે કહ્યું કે જેની સાથે તમે બાળ ગોઠિયા થઈને રમેલા, એ ગયા; જેને મુરબ્બી ગણી માથું નમાવતા તે ગયા; જેની સાથે પ્રીત લગાડેલી જેની પાસે બેસી પ્રેમભીની વાતો કરતા જે પ્રેમ અનંત યુગ સુધી ચાલશે એમ માની પ્રેમગોષ્ઠીમાં મગ્ન હતા એ સ્વજનોય ભસ્મીભૂત થઈ રાખની ઢગલી બની ગયા અને છતાં આપણા માટેનો વિચાર નથી આવતો. આ કેવો પ્રમાદ !

યાદ રાખો કે સૌને જવાના એમ તમારેય એક દિવસ જવાનું છે ફુગ્ગામાં ભરેલો પવન નીકળી જતાં જેમ ચીમળાઈ જાય છે તેમ, આત્મા નીકળી જતા આ દેહ એમ જ ખાલી થઈને પડી રહેવાનો છે ચેતન જતાં એટલે ચોવીસ કલાકમાં એ દેહ દુર્ગંધ મારતો થઈ જશે. જે દેહને આખી જિંદગી તમે પંપાળ્યો છે એને પળવારમાં બાળી દેવામાં આવશે. આ જ્ઞાન માટે, વૈરાગ્ય આવશ્યક બને છે

પર્વતમાંથી નીકળતી નદીને પોતાનું લક્ષ્ય સૂઝી છે

આથી વચ્ચેના ખડકો, પથ્થરો જ ખલાબાડીમાંથી રસ્તો કરીને એ સાગર તરફ ધસતી જાય છે; ક્યાંય અટકતી નથી. ગમે ત્યાંથી એ એનો માર્ગ કરી લે છે ને આગળ વધે છે આમ, જે માણસ શરૂઆતથી જીવનનું લક્ષ્ય નક્કી કરે છે એ જીવનમાં પ્રવૃત્તિ કરે છે છતાં ક્યાંય ક્યાંય બંધાતો નથી, અટકતો નથી.

બિલાડી એકવાર એના બચ્ચાને મોંમા લે છે અને બીજી વાર ઉંદરને મોંમાં લે છે બિલાડી તો એકની એક હોય છે છતાં એકને પકડવામાં ક્રૂર છે ઉંદરને એના દાંત ભોંકાઈ જાય છે પણ એના બચ્ચાને એનાથી કાંઈ થતુ નથી. આનુ કારણ એ છે કે એકની પાછળ દૃષ્ટિબિંદુ જુદું જુદું છે એકમાં રક્ષણનો ભાવ છે; બીજામાં ભક્ષણનો ભાવ છે

આ પ્રમાણે માણસ જ્યારે સંસારમાં પોતાનું લક્ષ્ય નક્કી કરે છે ત્યારે એ બધા કામ કરતો રહે છે છતાં એમાં એના દાંત ક્યાંય બેસતા નથી ખૂંપતા નથી. માટે દરેક પ્રવૃત્તિ કરતા વિચારો કે લક્ષ્ય તો બરાબર છે ને ? આમ વિચારનારો માણસ, પાપ કરતા અટકી જાય છે એ અસત્ય કરતો નથી અનાચાર કરતો નથી.

માણસે આ દૃષ્ટિ કેળવવાની છે અને સમય આવ્યે, અવસર આવ્યે સવ છોડવા માટેની તૈયારી રાખવાની છે જ્ઞાનીઓ જીવનમાં આ લક્ષ્યબિંદુ કદી ભૂલતા નથી અને તેથી અલિપ્ત રહી શકે છે

સાકર અને મધ બેઉમાં ગળપણ છે, પણ સાકર ઉપર જો કોઈ માખી, ગળપણ ચૂસીને ઈચ્છા હોય ત્યારે ઊડી જઈ શકે છે જ્યારે મધની માખી, મધની અંદર જ એની પાંખો ચૂંટી જતાં મરી જાય છે માણસનું જીવન આજે મધમાખી જેવું થઈ રહ્યું છે વસ્તુમાત્રમાં એ ચૂંટતો જાય છે

એટલે જીવનમાં હંમેશ અનાસક્ત જરૂરી છે એ નક્કી કરી ત્યારે સંસારમાં રહેવા છતાં સંસારની વસ્તુઓ તમને બાંધી શકશે નહિ. અન્ન, વસ્ત્ર ન હોય તો પણ આપણે જીવી શકીશું

આ માટે અરૂપી આત્માનું અરૂપી સ્વરૂપ સમજવાની જરૂર છે એ મળે તો જીવનના માર્ગ ઉપર માણસ સીધો જઈ શકે; એનો સંસારીપણું જલ્દી કપાઈ જાય. આ બધું જ આવશ્યક છે અંગ્રેજીમાં કહેવત છે કે No man can hit the mark, if his eye mo es from it જે નિશાનબાજની આંખ નિશાન ઉપર ન હોય ત્યાંથી ખસી જાય એ કદી નિશાનને વીંધી શકે નહિ. આપણે જીવનમાં આ નિશાન પર નજર સ્થિર કરવાની છે તો પ્રવૃત્તિમાં રહેતા છતાં આપણે આગળ વધી શકીશું ક્રોધ, માન, લોભ, બધાને પાતળા કરીશું એમાંથી મુક્ત થઈ શકીશું

માણસને આજે જન્મનો ભય રહ્યો નથી. એ હોય તો જ મમત્વના ફેરા ફરતા અટકતાં એને રાગદ્વેષ છતાં સાધના કરવામાં આનંદ આવે આપ સૌ એકબીજા વડે

સંસારી લોકો કરતાં સાધુની સામે વધારે પ્રલોભનો આવે છે મુંબઈમાં લોકોને નાની ઓરડીય મળતી નથી; અમને ત્રણ માળ મળે છે! તમે સાદી રસોઈ જમો છો; સાધુને મિષ્ટાન્ન મળે છે! તમે કદાચ ફાટેલાં કપડાંથી ચલાવતા હશો, સાધુને કદી ફાટેલું પહેરવા મળતું નથી! આમ સાધુ છતાં એ લક્ષ્ય ભૂલે તો એ પણ આહાર, કપડ, વસ્તુ મકાન અને બીજા સંગ્રહમાં ખોટી જાય.

એટલે સાધુ કે સંસારી, દરેકને આવશ્યક છે કે જીવનનું લક્ષ્યબિંદુ એકવાર આ નક્કી થયે એટલે લાગશે કે કરવાનું ઘણું છે અને સમય ઓછો છે પછી એક પળ પણ તમારી પ્રમાદમાં નહીં જાય.

ઘણા જણ આવીને કહે છે કે પ્રયત્ન છતાંય ક્રોધ આવી જાય છે જતો નથી, શું કરવું? હું એમને પૂછું છું કે તમારી દુકાને બેઠા હો, કોઈ ઘરાક આવે અને હજાર બે હજારનો નફો કરાવે તેમ હોય તો તમે એની સાથે કેમ વર્તો છો? એ કદાચ તમને 'પાગલ' જેવા શબ્દો કહે તોય તમે કેવા નરમ બની જાઓ છો! ત્યાં તમારે સ્વાર્થનું લક્ષ્ય છે કે એનું ખીસું ખાલી કરાવી, તમારો લાભ તમારે લેવો છે

પણ આવું લક્ષ આપણને આત્મા માટે રહે છે ખરું? જો આત્મા વિશે આમ વિચારીએ તો સંયમ સ્વાભાવિક બની જાય પછી જીવનમાં નવો વેગ આવશે. લક્ષ્યબિંદુ નજર સામે હોય તો બધું બની જાય છે. લક્ષ્યબિંદુ હોય તો જ

માણસ શિખર પર ચઢી શકે પણ નીતિ વગેરે જીવનમાં એવાં વણાઈ જાય કે એના વગર તમે જીવી શકો જ નહિ.

સમય નથી છતાં, ગુણો માણસને આગળ લઈ જાય છે પણ ક્યાં જવાનું છે એનો જવાબ તમારો આત્મા જ તમને આપશે.

શું બનવું છે એનો પ્રથમ વિચાર કરો. આ મનુષ્ય જન્મ બહુ કિંમતી છે પણ એનાથી તમે પશુ બની શકો, સ્વર્ગમાંય જઈ શકો અને નરકમાં પણ જઈ શકો. મોક્ષ દ્વાર માણસ માટે ખુલ્લાં છે

આપણી પાસે મૂળ પ્રશ્ન છે: હે આત્મા-વણજારા! તું કયું નગર શોધીશ? નરકનગર શોકામણું છે, મુંબઈ નગરી જેવું એમાં પતનાનીય તક છે, ઉત્થાનીય તક છે. માટે જ્ઞાનીઓ કહે છે કે આત્માને સાધક કામ કરજે

આપણી સામે ત્રણ પ્રશ્નો છે: તું ક્યાંથી આવ્યો છે? શું સાથે લાવ્યો છે?' તું ક્યાં જવાનો છે? આ પ્રશ્નો તમારા આત્માને અંતરને પૂછો. એના પર વિચાર કરો તો ધીરે ધીરે તમારું ધ્યેય સ્પષ્ટ થશે. મોક્ષ એ આપણું લક્ષ્ય છે. દર્શન, જ્ઞાન અને ચારિત્ર્ય એ એનાં સાધનો છે. એ સાધનો મેળવવા માટે આપણે સાધક બનવાનું છે એ સાધકત્વ આ ચોવીસ ગુણથી પ્રાપ્ત થાય છે માટે આપણે આપણા જીવનમાં આ ગુણોને કેળવી, સાધકત્વ મેળવી મોક્ષ માર્ગમાં પ્રગતિપૂર્વક પ્રયાણ કરીએ.

તા. [illegible]